

# હું આત્મા છું ૨

વ્યાખ્યાતા: ડૉ. તરુલતાબાઈ મહાસતીજી M.A.Ph.D.

# હું આત્મા છું

## ભાગ ૨

શ્રીમદ્ રાજચંદ્ર રચિત
'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' પર પ્રવચનો


: વ્યાખ્યાતા :
બા.બ્ર.પૂ. ડૉ. તરૂલતાબાઈ મહાસતીજી
M.A.Ph.D.



શ્રી ગુજરાતી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન એસોસીએશન
૭૮/૭૯ રીથર્ડન રોડ, પુરુષવાકમ
મદ્રાસ-૬૦૦૦ ૦૭

વિમોચન : તા. ૧૬–૮–૧૯૮૭

પ્રકાશકો—

૧, શ્રી સુરેન્દ્રભાઈ મણીલાલ મહેતા મદ્રાસ.
૨, શ્રી તીરુપુર જૈન સંઘ તીરૂપુર
૩, શ્રી બળવંતભાઈ એચ. માવાણી (જતીન) મદ્રાસ.
૪, શ્રીમતી મણીબેન કીર્તિલાલ મહેતા કોઈમ્બતુર.
૫, શ્રીમતી નર્મદાબેન મોહનલાલ પારેખ (ભીવંડી) મુંબઈ.
૬, શ્રી ભાનુભાઈ ભણશાલી મુંબઈ.
૭, શ્રમતી વિદુલાબેન કિશોરભાઇ મહેતા મુંબઈ.
૮, શ્રી સુરેશભાઇ ઉત્તમચંદ ચિતલીયા અમેરિકા.

સંપર્ક સૂત્ર—

શ્રી સુરેન્દ્રભાઈ મણીલાલ મહેતા

C/o શ્રી ગુજરાતી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન એસોસીએશન

[ વ્યાખ્યાનમાળા ]

સી. યુ. શાહ ભવન, ૭૮/૭૯ રીથર્ડનરોડ, પુરુષવાકમ, મદ્રાસ–૬૦૦ ૦૦૭

પ્રત–૨૦૦૦ મુલ્ય : રૂ. ૩૩–૦૦

મુદ્રક ઓફિસ—નીતિન જે. બદાણી

અરિહંત પ્રીન્ટીંગ પ્રેસ

૪૦૧, ખજુરવાળા ચેમ્બર્સ,

૩૧૩/૩૧૫, નરશીનાથા સ્ટ્રીટ,

મુંબઈ–૪૦૦ ૦૦૯ ફોન : ઓ.૩૩૨૭૫૪

ઘર : ૫૧૩૯૧૫૨

: પ્રકાશન સમિતિ :

૧, શ્રી સુરેન્દ્રભાઇ મણીલાલ મહેતા
૨, શ્રી જયંતિભાઈ કે. શાહ
૩, શ્રી બળવંતભાઈ માવાણી
૪, શ્રી ગાંગજીભાઇ વોરા
૫, શ્રી નૌતમભાઈ શેઠ
૬, શ્રી ચુનિભાઇ ઉદાણી
૭, શ્રી શાંતિભાઇ દેસાઈ
૮, શ્રી નાથુભાઇ બદાણી
૯, શ્રી પ્રફૂલભાઇ શાહ.
૧૦, શ્રી મનહરભાઇ દોશી.
૧૧, શ્રી રસિકભાઈ બદાણી
૧૨, શ્રી મહેન્દ્રભાઈ રૂપાણી

પરમ શ્રધ્ધેય, વાત્સલ્ય મૂર્તિ પરમ પૂજ્ય બા. બ્ર. લલિતાબાઈ મહાસતીજી (બાપજી) નાં શ્રી ચરણોમાં સવિનય........

## આ પુસ્તકમાં....

યુગ પુરુષ શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું વિવેચન કરતાં પરમ શ્રદ્ધેય બા. બ્ર. ડૉ. તરૂલત્તાબાઈ મહાસતીજીના આ બીજા પુસ્તકમાં આત્માના છ પદોનું નિરૂપણ કરતી ગાથા ૪૩—

આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;
છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ.

થી શરૂ કરી–આ છ પદોની યથાર્થતા બાબત શિષ્યની શંકા તથા સદ્ગુરૂ દ્વારા તેના હૃદયંગમ સમાધાનની આખરી ગાથા—૧૧૮

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહુજ સમાધિ માંય.

લેવામાં આવ્યાં છે. ષટ્દર્શનોથી પ્રભાવિત જિજ્ઞાસુ સુશિષ્ય, એકાંતવાદી દર્શનોના જ્ઞાનથી દોરાતાં, આત્માનાં છ પદો વિશે તર્કશુદ્ધ દલિલોથી પોતાને ઉદ્ભવતી શંકાઓનું, વિવેક સાથે પ્રતિપાદન કરે છે. તો સદ્ગુરુ પણ સુપાત્ર શિષ્યોની દલીલોનું એટલા જ તર્કશુદ્ધ વિકલ્પોથી સ્યાદ્વાદની રૂએ સમાધાન કરે છે. શ્રીમદ્‌ની શૈલી હૃદયંગમ છે તો પરમ શ્રદ્ધેય મહાસતીજીનું વિવેચન પણ એટલું જ તલસ્પર્શી તથા અંતરસ્પર્શી છે. આશા છે કે સર્વે જિજ્ઞાસુઓને આ પુસ્તક કંઇક આપી ગયું તેવી અનુભૂતિ કરાવશે.

ત્રીજા અને અંતિમ ચરણમાં ૧૧૯ થી ૧૪૨ ગાથાઓનું વિવેચન કરવામાં આવશે.

પ્રફુલ્લ શાહ

## 卐 પ્રકાશક દાતા. 卐 રૂા. ૧૧,૦૦૦-૦૦

(૧) શ્રી સુરેન્દ્રભાઈ મણીલાલ મ્હેતા — મદ્રાસ
(૨) શ્રી જૈન સંઘ તીરૂપુર — તીરૂપુર
(૩) શ્રી બળવંતભાઈ એચ. માવાણી — મદ્રાસ
(૪) શ્રીમતી મણીબેન કીર્તીલાલભાઇ મ્હેતા — કોઈમ્બતુર
(૫) સ્વ. શ્રી ચમનલાલભાઈ મંછાચંદભાઈ મહેતા પરિવાર... બોમ્બે
(૬) શ્રી ભાનુચંદ્ર કેશવલાલભાઇ ભણસાલી — બોમ્બે
(૭) શ્રીમતી નર્મદાબેન મોહનલાલ પારેખ
હ. હીંમતભાઈ પારેખ — ભીવંડી /મુંબઈ
(૮) શ્રી સુરેશભાઈ ઉત્તમચંદભાઈ ચીત્તલીયા — અમેરિકા

## 卐 મુખ્ય સહાયક દાતા રૂ. ૫૦૦૦-૦૦ 卐

(૧) શ્રીસુરેન્દ્રભાઈ મણીલાલભાઈ મહેતા — મદ્રાસ
(૨) શ્રીમતી સુશીલાબેન સુરેન્દ્રભાઈ ,, — ,,
(૩) શ્રી શાન્તીભાઈ એમ. દેસાઈ ( New Era Eng.) — ,,
(૪) શ્રીમતી ઈન્દુબેન શાન્તીભાઈ દેસાઈ — ,,
(૫) શ્રી રસીકભાઈ તથા ચંદ્રકાન્તભાઈ બદાણી — ,,
(૬) શ્રી પ્રભુદાસ એન. કામદાર (Rashmi Ele. Co.) — ,,
(૭) શ્રી જયન્તીભાઈ કે. શાહ. (N. J. Shah.) — ,,
(૮) શ્રી ફુલચંદભાઈ મહેતા. (Mehta Gems.) — ,,
(૯) શ્રી નગીનભાઈ તથા નીતીનભાઈ બાવીસી. — ,,
( Taj Leather Crafts )
(૧૦) શ્રી વૃજલાલ વેલજી દોશી. — ,,
(૧૧) શ્રી ગુણવંતભાઇ નાગરદાસભાઈ દામાણી. — મદ્રાસ
(૧૨) શ્રી શીવલાલ સાકરચંદભાઈ શાહ. — બોમ્બે
૧૩ (એક સદ્‌ગૃહસ્થ) — બેંગ્લોર
૧૪ શ્રી સુરેશભાઇ બાપાલાલભાઈ મ્હેતા — મદ્રાસ
૧૫ શ્રી કુમારપાલ મણીલાલભાઇ મ્હેતા — બોમ્બે
૧૬. શ્રી નવનીતભાઈ પારેખ M/s Lunar Diamonds — બોમ્બે
૧૭. શ્રીમતી શાન્તાબેન વનમાળીદાસ ડોસાણી — બોમ્બે

| | | |
|---|---|---|
| ૧૮. | શ્રી કરશનભાઈ લધુભાઈ નીસાર | મુંબઇ |
| ૧૯. | એક બહેન તરફથી | મદ્રાસ |
| ૨૦. | શ્રી નંદલાલભાઈ નાનચંદભાઇ કામદાર (Rashmi Ele. Co.) | ,, |
| ૨૧. | શ્રી ભાણજી ભગવાનજી મહેતા હ. શ્રીમતી લીલાવંતી બેન | મદ્રાસ |
| ૨૨. | શ્રી મનસુખભાઇ વી. દોશી (Doshi Bros.) | હૈદ્રાબાદ |
| ૨૩. | શ્રી વૃજલાલભાઈ રાયચંદ ભીમાણી (બોરીવલીજી) | બોમ્બે |
| ૨૪. | શ્રી નાનજીભાઈ વેલજીભાઈ ઠોસાણી | ,, |
| ૨૫. | ડૉ. શ્રી. આર. એચ. મહેતા (ગામદેવી) | ,, |
| ૨૬,. | શ્રી હરીભાઈ મહેતા હ. શ્રી મનુભાઇ H. મહેતા | સેલમ |
| ૨૭. | ડૉ. શ્રી તારાચંદ લાલચંદ કોઠારી | હુબલી |
| ૨૮. | સ્વ. જાસુદબ્હેન સુરજમલભાઈ મહેતાની સુપુત્રીઓ | બોમ્બે |
| ૨૯. | શ્રી પી.ડી. કોઠારી | ,, |
| ૩૦. | ,, કાળીદાસભાઈ એ. લાખાણી | મદ્રાસ |
| ૩૧. | ,, શ્રીમતી પુષ્પાબેન કેશવલાલભાઈ મોદી | મુંબઈ |
| ૩૨. | મે. રૂપાણી ટ્રેડીંગ કંપની હ. નરેશભાઈ રૂપાણી | ,, |
| ૩૩. | સ્વ. શામળજીભાઈ બેચરભાઈ માલાણી | કલકત્તા |
| ૩૪. | સ્વ શ્રી પ્રાણલાલભાઇ વલ્લભદાસભાઈ ઘાટલીયા | મુંબઇ |
| ૩૫. | શ્રી મનહરભાઈ રતીલાલભાઇ ભણસાલી | ,, |
| ૩૬. | શ્રી કેશવલાલભાઇ મોહનલાલભાઈ જોગાણી પરિવાર | ,, |
| ૩૭. | ,, પ્રાણલાલભાઈ મહેતા | ચાસ-ધનબાદ |
| ૩૮. | ,, કાંતિભાઇ બાવીસી તરફથી પ્લાસ્ટીકના કવર્સ | મદ્રાસ |
| ૩૯. | ,, ભાઇચંદભાઇ ઝાટકીયા | બગસરા (સૌરાષ્ટ્ર) |

## 卐 ઉપસહાયક દાતા. રૂા. ૧૦૦૦–૦૦ 卐

| | | |
|---|---|---|
| ૧. | એક સદ્‌ગૃહસ્થ | મદ્રાસ |
| ૨. | ,, ,, | ,, |
| ૩. | ચંદુભાઈ પતીરા (જયહિન્દ લેધર) | ,, |
| ૪. | શ્રી હર્ષકાન્તભાઈ સુરજમલભાઈ મ્હેતા | ,, |
| ૫. | શ્રી જગજીવનભાઈ તુરખીયા | ,, |
| ૬. | ,, દલીચંદભાઈ દુર્લભ શેઠ એન્ડ બ્રધર્સ | મુંબઈ |

| | | |
|---|---|---|
| ૭. | સ્વ. રેવાકુંવર બ્હેન ઓત્તમચંદભાઈ ઘેલાણી<br>તેમના સુપુત્રો તરફથી | મદ્રાસ |
| ૮. | ,, રજનીકાંતભાઈ કાળીદાસભાઇ મહેતા | મુંબઈ |
| ૯. | શ્રીમતી સુરજબેન વીરચંદભાઈ શાહ | અમદાવાદ |
| ૧૦. | મે. કલ્પના ટીંબર ડીપો | મદ્રાસ |
| ૧૧. | બાબુભાઈ ખીમચંદ શાહ | મદ્રાસ |
| ૧૨. | ,, બાબુભાઈ ,, | ,, |
| ૧૩. | સ્વ. શ્રી વલ્લભભાઈ અંદરજી પારેખ [માટુંગા] | મુંબઈ |
| ૧૪. | શ્રીમતી શારદાબેન નાથાલાલભાઈ બદાણી | મદ્રાસ |
| ૧૫. | ,, અમૃતબેન ઉમેદલાલ શેઠ | ,, |
| ૧૬. | શ્રી પ્રવિણભાઈ શાન્તીલાલભાઇ શાહ | ,, |
| ૧૭. | શ્રીમતી જયાબેન રમણીકભાઈ શાહ | ,, |
| ૧૮. | શ્રી છગનલાલભાઈ લીલાધર દોશી | ,, |
| ૧૯. | શ્રીમતી કાંતાબેન છગનલાલ દોશી | ,, |
| ૨૦. | ,, નીલાબેન વિનયચંદ દેસાઈ | મુંબઈ |
| ૨૧. | ,, શાન્તાબેન છગનલાલ દોશી (કુંડલાવાળા) | મદ્રાસ |
| ૨૨. | શ્રી ચંદુલાલ છગનલાલ શાહ | સીકન્દરાબાદ |
| ૨૩. | ,, અનંતરાય સી. અજમેરા | બેંગ્લોર |
| ૨૪. | ,, મહેન્દ્રકુમાર હરીલાલભાઈ મોદી | મદ્રાસ |
| ૨૫. | મેં. એમ. બી. મહેતા ટ્રસ્ટ | કુનુર |
| ૨૬. | શ્રી અમુલખ એમ. શેઠ | સાંગલી |
| ૨૭. | ,, કીરણ પી. શાહ | મદ્રાસ |
| ૨૮. | લીલમ અવલાની (મલેશીયા) | કોલાલુંમ્બપુર |
| ૨૯. | શ્રીમતી સુશીલાબહેન ચંદ્રકાંતભાઇ મહેતા પાલનપુરવાળા | મુંબઇ |
| 30. | ,, લલીતાબહેન હરીલાલભાઈ મોદી પાલનપુરવાળા | ,, |
| 3૧. | શ્રી સુબોધભાઇ વલ્લભદાસ ઘાટલીયા | ,, |
| ૩૨. | કુ. તરલીંકા લાભુભાઈ કે. તુરખીયા | મુંબઈ |

## સહાયક દાતા રૂા. ૫૦૦—

| | | |
|---|---|---|
| ૧. | એક સદ્ગૃહસ્થ. | મદ્રાસ |
| ૨. | શ્રીમતી સુભદ્રાબહેન તુરખીયા | ,, |

| | | |
|---|---|---|
| ૩. | શ્રીમતી વિમળાબહેન મણીલાલભાઇ રૂપાણી | બેંગ્લોર |
| ૪. | શ્રી હર્ષદભાઈ શાહ | મદ્રાસ |
| ૫. | ,, કેશુભાઈ દામાણી | બેંગ્લોર |
| ૬. | શ્રીમતી પુષ્પાબહેન નગીનદાસ દેસાઇ | કલકત્તા |
| ૭, | ,, જયાબહેન | મુંબઇ |
| ૮. | શ્રી અશ્વિનકુમાર કાન્તીલાલ કામદાર | મદ્રાસ |
| ૯. | ,, નલીનીબેન હરીભાઈ સંઘવી | ,, |
| ૧૦. | ,, ધીરજલાલભાઈ લક્ષ્મીચંદભાઈ અજમેરા | મુંબઇ |
| ૧૧. | ગં. સ્વ. તનસુખબેન હીંમતભાઈ ખંધાર | મદ્રાસ |
| ૧૨. | શ્રીમતી પુષ્પાબેન ઉદાણી– | ,, |
| ૧૩. | શ્રી નવનીતભાઈ વી. કોઠારી | ,, |
| ૧૪. | શ્રીમતી ઇન્દુબેન મનહરલાલ વોરા | હૈદ્રાબાદ |
| ૧૫. | શ્રી સતીશકુમાર પ્રાણજીવન રતાણી | ,, |
| ૧૬. | શ્રીમતી કલ્પનાબેન હીરાલાલ બાવીસી | તીરૂપુર |
| ૧૭. | શ્રી મનીષકુમાર શાન્તીલાલ શાહ | મદ્રાસ |
| ૧૮. | શ્રી મણીલાલ ગાંધી (પાલનપુરવાળા) | ,, |
| ૧૯. | શ્રીમતી અરૂણાબેન ગોરધનદાસ કામાણી | મુંબઈ |
| ૨૦. | શ્રી ચંપાલાલ ગીરધરલાલ મ્હેતા | બેંગ્લોર |
| ૨૧. | ,, ગોથામ ચંદુલાલ વસનજી | મુંબઇ |
| ૨૨. | શ્રીમતી જયાબેન શંકરલાલ ગાંધી | મલાડ– |
| ૨૩. | ,, વનલત્તાબેન દિલીપકુમાર | અમેરીકા |

# મંગલાચરણ

अनन्तविज्ञानमतीतदोषम्
अबाध्य सिद्धान्तममर्त्य पूज्यम् ।
श्री वर्द्धमानं जिनमाप्तमुख्यं
स्वयंभुवं स्तोतुमहं यतिष्ये ॥

અનંતવિજ્ઞાની, સર્વ દોષ રહિત, પૂર્વાપર વિરોધ રહિત વાણીના સ્વામી, દેવો દ્વારા પૂજનીય, વીતરાગ, આપ્ત શ્રેષ્ઠ તથા સ્વયંભૂ શ્રી વર્ધમાન સ્વામીની સ્તુતિ કરવાનો હું (હેમચંદ્રાચાર્ય) પ્રયત્ન કરૂં છું.

# ક્રમ-પર્યાય


| નંબર | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | આત્મા છે | ૧ |
| ૨ | ષડ્ દર્શન પણ તેહ | ૮ |
| ૩ | નહીં જુદું એંધાણ | ૧૮ |
| ૪ | માટે છે નહીં આત્મા | ૨૩ |
| ૫ | ભાસ્યો દેહાધ્યાસથી | ૨૮ |
| ૬ | અબાધ્ય અનુભવ જે રહે | ૩૪ |
| ૭ | પણ આત્માને ભાન | ૪૧ |
| ૮ | આત્મ-ચિંતન | ૪૫ |
| ૯ | પ્રગટ રૂપ ચૈતન્યમય | ૪૭ |
| ૧૦ | જાણનારને માન નહીં | ૫૪ |
| ૧૧ | આત્માની શંકા કરે | ૬૩ |
| ૧૨ | અંતર કર્યે વિચાર | ૬૯ |
| ૧૩ | દેહ માત્ર સંયોગ છે | ૭૬ |
| ૧૪ | તેથી નિત્ય સદાય | ૮૩ |
| ૧૫ | પૂર્વ જન્મ સંસ્કાર તે | ૯૦ |
| ૧૬ | આત્મ-ચિંતન | ૯૭ |
| ૧૭ | આત્મા દ્રવ્યે નિત્ય છે | ૯૯ |
| ૧૮ | વદનારો તે ક્ષણિક નહીં | ૧૦૪ |
| ૧૯ | કેમાં ભળે તપાસ | ૧૦૯ |
| ૨૦ | તેથી જીવ અબંધ | ૧૧૮ |
| ૨૧ | હોય ન ચેતન પ્રેરણા | ૧૨૨ |
| ૨૨ | અસંગ છે પરમાર્થથી | ૧૨૮ |
| ૨૩ | ચેતન જો નિજ ભાનમાં | ૧૩૪ |
| ૨૪ | આત્મ-ચિંતન | ૧૩૯ |
| ૨૫ | ભોગ્ય સ્થાન નહીં કોય | ૧૪૦ |
| ૨૬ | ભાવ કર્મ નિજ કલ્પના | ૧૪૭ |
| ૨૭ | ઝેર સુધા સમજે નહીં | ૧૫૧ |
| ૨૮ | કારણ વિના ન કાર્ય તે | ૧૫૯ |

૨૯ કર્મ સ્વભાવે પરિણમે ૧૬૬
૩૦ પણ તેનો નહીં મોક્ષ ૧૭૯
૩૧ ઉપજે મોક્ષ સ્વભાવ ૧૮૨
૩૨ આત્મ-ચિંતન ૧૮૮
૩૩ આંત્યાંતિક વિયોગ ૧૯૧
૩૪ હોય કદાપિ મોક્ષપદ ૧૯૯
૩૫ ઉદય-ઉદય સદ્દભાગ્ય ૨૦૩
૩૬ મોક્ષ ભાવ નિજવાસ ૨૧૦
૩૭ તે કારણ છેદક દશા ૨૧૮
૩૮ મુખ્ય કર્મની ગ્રંથ ૨૨૭
૩૯ સર્વાભાસ રહિત ૨૩૩
૪૦ આત્મ-ચિંતન ૨૩૭
૪૧ કર્મ અનંત પ્રકારના ૨૩૮
૪૨ હણે બોધ વિતરાગતા ૨૪૫
૪૩ હણે ક્ષમાદિક તેહ ૨૫૧
૪૪ તે પદની સર્વાંગતા ૨૫૭
૪૫ જાતિ વેષનો ભેદ નહિ ૨૬૨
૪૬ વર્તે અંતર શોધ ૨૬૮
૪૭ લહે શુદ્ધ સમકિત તે ૨૭૨
૪૮ આત્મ-ચિંતન ૨૮૦
૪૯ અનુભવ, લક્ષ પ્રતીત ૨૯૧
૫૦ ઉદય થાય ચારિત્રનો ૨૮૭
૫૧ કેવળ નિજ સ્વભાવનું ૨૯૪
૫૨ કોટી વર્ષનું સ્વપ્ન પણ ૨૯૯
૫૩ અવ્યાબાધ સ્વરૂપ ૩૦૫
૫૪ કર વિચાર તો પામ ૩૧૦
૫૫ સહજ સમાધિ માંય ૩૧૭
૫૬ આત્મ-ચિંતન ૩૨૫



જન્મ
વૈશાખ સંવત ૧૯૫૪

# મુનિશ્રી પ્રાણલાલજી સ્વામી

નિર્વાણ

પૂ. લલિતાબાઈ મહાસતીજી-સંસારી અવસ્થા



અધ્યાત્મ યોગિની, કૃપાદાયી
પૂજ્ય બા. બ્ર. લલિતાબાઇ મહાસતીજી (બાપજી)
આપને સત સત વંદન

હાર્દિક શ્રદ્ધાંજલી



# સ્વ. શ્રી ચુનિલાલ દેવચંદ બાવીસી (ચરેલવાલા)

## સ્વર્ગવાસ સંવત ૨૦૦૦ આસો સુદ ૨

આપનાં સદ્દગુણો સાદુજીવન આત્મબલ,
અને ધર્મભાવના અમારા માટે પ્રેરણા રૂપ બની
રહે અને તે પવિત્ર જયોત સદાય પ્રગટતી રહે
તે ભાવના સાથે આપનાં દિવ્ય આત્માને પરમશાંતિ મળો.

શ્રદ્ધાંજલી આપતા અમો છીએ.

ગં. સ્વરૂપ ઝુમખબેન ચુનિલાલ બાવીસી.

કાન્તિલાલ ચુનિલાલ બાવીસી

અ. સૌ. જયશ્રીબેન કાન્તિલાલ બાવીસી

નિતા કે. બાવીસી

સમીર કે. બાવીસી

વિપુલ કે. બાવીસી

પાલનપુર નિવાસી.



સ્વ. શ્રી ચમનલાલભાઇ મંછાચંદભાઈ મહેતા

"કર વિચાર તો પામ"

આપનો પરિવાર.

## સ્વ. નાગરદાસભાઈ વલ્લભજી દામાણી



આપના ધાર્મિક ભાવના, સરળતા, નિર્મળતા અને કોઈપણ દુઃખી પ્રત્યેની કરૂણા તથા હમદર્દીના સંસ્કારો અમારામાં વિકસિત બને તેવી ભાવના સાથે.

પરિવાર

દામાણી પરિવાર

પાલનપુર નિવાસી



પુ. માતુશ્રી
ગંગાબાઈ કકલદાસ મોદી



પુ. પિતાશ્રી
કકલભાઈ ચેલજીભાઈ મોદી

ધન ખરચતાં મળશે બધું પણ માતપિતા મળશે નહીં,
એના પુનિત ચરણો તણી કદી ચાહના ભૂલીશું નહીં,

આપની સાદાઈ અને નિરાભિમાની સેવાપ્રીય પ્રકૃતિ તે આપના જીવનની મુખ્ય વિશેષતા હતી. ધર્મ પ્રત્યે આપનો સંપૂર્ણ અનુરાગ હતો અને તે સંસ્કારને આપે આપના સંતાનોમાં રેડયા છે. તે માટે અમો આપના અત્યંત ઋણી અને ઉપકારી છીએ.

આપનો વિનિત પરિવાર.

નાનજીભાઈ વેલજીભાઈ ઠોસાણી ગં. સ્વ દેવકુંવરબેન નાનજીમાઈ ઠોસાણી





આપ કાઠીયાવાડની પવિત્ર ધરા પર શેત્રુંજય નદીના કાંઠે વસેલ ધરી ગામમાં જન્મી પરિશ્રમી જીવન જીવી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી બહોળા કુટુંબના મોભી રહ્યા સર્વનો સ્નેહ સંપાદન કરી ૪૨ વર્ષની નાની ઉંમરે નિધન પામ્યા.

આપ પૂ. તરૂલત્તાબાઈ મ.સ.ના સંસારપક્ષે બાપુજી જેઓના સદ્‌ગુણોના સ્મરણથી પુષ્પની જેમ મરકે છે.

તરૂલતાબાઇ મહાસતીજીના સંસારી પક્ષે ભાભુ ધર્મપારાયણ પ્રેમાળ-વત્સલ્ય સભર સરળ સ્વભાવી અન્યના સુખે સુખી, દુઃખે દુખી, જેવા સમભાવી નાની ઉંમર વૈધવ્ય લાધવા છતાં હિંમતથી સંતાનોનો ધૈર્યપૂર્વક ઉછેર કરનાર ધર્મવાન કુટુંબ પ્રત્યે અત્યંત માયાળુ સ્નેહલ અને ઉદારતા ભર્યો વહેવાર તેમના જીવનના સર્વ પાસા મેઘધનુષ્ય જેમ સપ્તરંગી મનોહર છે. કુટુંબનો ઉત્કર્ષમાં તેમની પ્રેરણાના પિયુષ અમૃત સિંચાણના એવા દેવકુંવરબા સર્વે માટે પ્રેરણાનું બળ છે.



## સ્વ. શ્રી ચીમનલાલ ચુનીલાલ બાવીસી (ચરેલવાળા)

જન્મ. તા. ૪-૧૨-૧૯૩૫

સ્વર્ગવાસઃ તા. ૫-૨-૧૯૭૮

અમારા પૂજ્ય વડીલશ્રીની સ્નેહભરી સ્મૃતિમાં અમો સૌ વિનમ્રભાવે આપને વંદન કરી હાર્દિક શ્રદ્ધાંજલી અર્પીએ છીએ. પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ અર્પો એવી અહર્નિશ પ્રાર્થના.

લી. સમસ્ત બાવીસી પરિવાર.
(તાજ લેધર ક્રાફટસ)

પાલનપુર નિવાસી ( હાલ મુંબઇ )

 

પૂ. પિતાશ્રી
સ્વ. શ્રી ગીરધરભાઈ કે. ઝવેરી.

પૂ. માતુશ્રી
લીલાબાઈ ગીરધરલાલ ઝવેરી

આપ માત પિતા પાસેથી સુસંસ્કારોનો અમૂલ્ય વારસો મળ્યો, આપે અમારામાં દયા-દાન-ધર્મના સંસ્કારોનું ચિંચન કર્યું. ધર્મ પ્રત્યેની અખુટ શ્રદ્ધા અમારા આત્મામાં જાગૃત કરી, તેવા આપને અમારા લાખ લાખ વંદન.

આપની સુપુત્રીઓ-
સુશીલા- પ્રવિણા-હર્ષિલા

## અ. સૌ. સ્વ. સ્મિતાબેન સી. પારેખ



જન્મ તા. ૨૭-૧૧-૬૮ સ્વર્ગવાસ તા. ૪-૧૧-૮૬
મદ્રાસ. સંવત-૨૦૪૩ ભાઇબીજ બેંગ્લોર.

સદાય સ્મિતવેરતી અને માત્ર ૧૮ વર્ષની નાની ઉંમરે ભાઈબીજના પવિત્ર દિવસે અચાનક અમોને છોડીને ચાલી ગઈ. આપના સર્વ પ્રત્યેનો પ્રેમ સદાય યાદ રહેશે.

ફુલડું ગયું કરમાઇને સુવાસ તેની રહી ગઇ.
અરમાન સૌ તુટી પડયા. આશા નીરાશા બની ગઈ.

પિતા : નંદલાલ નાનચંદ કામદાર માતાઃ અ.સૌ. વસુમતિ નંદલાલ કામદાર
ભાઇઓ : મયુર તથા ઇલેશ. ભાભી : અ.સૌ. હીના મયુર કામદાર
બહેનઃ અ.સૌ. છાયા હર્ષદભાઈ મહેતા બનેવીઃ હર્ષદભાઈ ફુલચંદભાઇ મહેતા
(જુના સાવરવાળા હાલ મદ્રાસ.)

## પાલણપુર નિવાસી

સ્વ. પૂજ્ય પિતાશ્રી    ગં. સ્વ. પૂજ્ય માતુશ્રી

 

હીરાલાલભાઈ હેમરાજભાઇ મહેતા    હીરાબાઇ હીરાલાલભાઇ મહેતા

નાની ઉંમરે ફૂલ જેવાં અમને માની છાયામાં મૂકી આપે ચીર વિદાય લીધી. આપના સદ્‌ગુણો અને ધર્મનો અમર વારસો પૂજ્ય માતુશ્રીએ અમારામાં રેડયો. આપ ઉભયના મહાન ઉપકારનું ઋણ અમે કદી ચૂકવી શકીએ તેમ નથી. આપને અમારા અંતઃકરણના અહોભાવથી વંદન કરીએ છીએ. આપની શુભાશિષો સદાકાળ ટકી રહે એજ અભ્યર્થના!

**આપના બાળકો**

પુત્રો. —સ્વ. રસીકલાલ, સ્વ. રતીલાલ, રમણીક, સ્વ. રમેશ.

પુત્રી. —સવિતા. જમાઈ સ્વ. પન્નાલાલભાઇ

પુત્રવધુઓ—ઇન્દીરા, મંજુલા, સત્યવતી, સરિતા—સમસ્ત પરિવાર

| પૂજ્ય પિતાશ્રી | પૂજ્ય માતુશ્રી |
| --- | --- |
| ડૉ. વલ્લભજી ટોકરશી દોશી | શ્રીમતિ દિવાળીબેન વલ્લભજી દોશી |
|  |  |
| જન્મ નવેમ્બર ૧૮૬૯ | જન્મ નવેમ્બર ૧૮૯૯ |
| સ્વર્ગવાસ મે ૧૯૫૭ | સ્વર્ગવાસ ડીસેમ્બર ૧૯૬૯ |

આપે અમારા સૌમાં જન્મથી ધર્મભાવના અને સંસ્કારનું બીજ રોપ્યું અને પ્રેમ અને વાત્સલ્યથી જળ સિંચન કર્યું જેના પ્રતાપે આજે અમે સૌ ભાઇઓ અને આપનો સકળ પરિવાર સુખી છીએ.

અમને ધર્મ પ્રત્યે શ્રદ્ધા અને સેવાના કાર્યો તથા દાન કરવાની પ્રેરણા આપના પ્રતાપી જીવનમાંથી કાયમ મળતી રહી છે તેને અમારૂં સૌભાગ્ય સમજીએ છીએ.

આપના સદા ઋણી પુત્રો અને સકળ પરિવાર પ્રેરિત :-
શ્રી મનસુખભાઇ વ. દોશી અને શ્રીમતિ સુશીલા દોશી.

સ્વ. શ્રીમતી જાસુદબેન સુરજમલભાઈ મહેતા



"સર્વ જીવનું ઇચ્છો સુખ"

તેમની સુપુત્રીઓ-મુંબઈ

પાલનપુર નિવાસી



સ્વ. શ્રી શાંતીલાલ નાનચંદ કોઠારી

તેમની સ્મૃતીમાં તેમના
પરિવાર તરફથી

# આત્મા છે... !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની–અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના મુક્તિને પામવા માટે છે. એ આરાધના કરનાર જીવ સંસારના સર્વ બંધનોથી સર્વથા મૂકાય છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં એ જ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ભૂમિકામાં સદ્ગુરુનું માહાત્મ્ય અને સ્વચ્છંદને ટાળવાની અનિવાર્યતા બતાવ્યા પછી, મતાર્થ ત્યજવા માટે મતાર્થીનાં લક્ષણો અને આત્માર્થ પામવા માટે આત્માર્થીનાં લક્ષણો બતાવ્યાં. હવે મુખ્ય તત્ત્વ પર આવે છે. આ શાસ્ત્રની રચના જે પદોને સમજાવવા માટે થઈ છે તે માત્ર એક ગાથામાં જ કહે છે—

**આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;**
**છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ......૪૩....**

પ્રથમ પદ ' આત્મા છે.' શા માટે એને પ્રથમ લીધું ? આત્માના અસ્તિત્વને સ્વીકાર્યા વિના સાધનાનું કોઈ મૂલ્ય નથી. આત્મા છે તો તેના માટે આરાધના ! આત્મા જ ન હોય તો કોના માટે સાધના કરવાની રહે ? માટે પ્રથમ તો એ વિશ્વાસ હોવો ઘટે કે આત્મા છે.

મોટા ભાગના માણસો આત્માના સ્વીકાર માટે તૈયાર નથી. તેમાં ય જડ જગતની શક્તિઓને સર્વસ્વ માનનાર વિજ્ઞાનના પ્રભાવથી અંજાયેલો માનવ આત્માના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખતો નથી. જયાં અસ્તિત્વની જ શ્રદ્ધા નથી ત્યાં આત્મા વિષયક સર્વ પ્રશ્નો નિરર્થક બની જાય છે.

શાસ્ત્રોમાં રાજા પરદેશીની વાત આવે છે. આત્માનું હોવાપણું છે જ,

નહીં, એમ દૃઢતાપૂર્વક માનતો હોવાના કારણે પાપ કરવામાં પાછું વાળી જોતો ન હતો. આત્મા ન હોય તેથી પાપ–પુણ્ય પણ ન હોય અને પાપ-પુણ્યના અભાવે સ્વર્ગ–નરકની પણ સિદ્ધિ થાય જ નહીં, આમ સર્વથા નાસ્તિકવાદી હોવાના કારણે પાપ–પ્રપંચમાં જ એ પડયો હતો વળી એ હતો જિજ્ઞાસુ, એટલે પોતે જે માને છે તે સત્ય જ છે એ સાબિત કરવા માનવના દેહમાં, આત્માને શોધવાના પ્રયાસ પણ એણે જુદી–જુદી રીતે કર્યા હતા. મૃત્યુદંડની સજા પામેલા ગુનેગારને કોઠીમાં પૂરી, તેનો જીવ કોઠીનાં કયા ભાગમાંથી નીકળે છે, તે જોવાનો પ્રયાસ કર્યો પણ કોઠીમાં ક્યાંય તડ પડી નહીં અને પેલો ગુનેગાર તો મરણ પામેલો જ કોઠીમાં દેખાયો. તે જ રીતે બીજા એક ગુનેગારના શરીરને પહેલાં તોળ્યું, અને ફાંસી દીધા પછી ફરી વજન કર્યું. બન્ને વજન સરખા જ થયા. તેથી ત્યાં પણ સિદ્ધ થયું કે આત્મા નથી. જો આત્મા હોય તો દેહમાંથી નીકળી ગયા પછી દેહનું વજન એટલું ઓછું થવું જોઇએ પણ વજન ઓછું થયું નહીં. ત્રીજા ગુનેગારના શરીરના ટુકડે–ટુકડા કર્યા. અસંખ્ય ટુકડા કર્યા અને દરેક ટુકડામાં જીવને જોવાનો પ્રયાસ કર્યો પણ એકે ય ટુકડામાં જીવ દેખાયો નહીં.

આમ તેણે કરેલા સર્વ પ્રયાસો વડે દેહમાં આત્મા નામનું કોઈ તત્ત્વ નથી એવું સાબિત કર્યું. તેથી તેનો વિશ્વાસ દૃઢ થયો. પાપ અને પાપના ફળને ન માનવાના કારણે જીવન પાપમય પ્રવૃત્તિમાં જ વ્યતીત થવા માંડયું. જો કે પાછળથી તે બુઝયો અને આત્માના અસ્તિત્વને સ્વીકારતો થયો. જીવન સુધર્યું અને સાધનાની રાહે ચડી ગયો. સમતા યોગને સાધી એણે સફળતા મેળવી લીધી. અહીં રાજા પરદેશીએ આચરેલા પ્રયાસો સ્પૃહણીય નથી પણ આત્મ–તત્વને જાણવાની તેની જિજ્ઞાસા ઉલ્લેખનીય છે, પ્રશંસનીય છે.

ભારતમાં એક ચાર્વાક સંપ્રદાય હતો. આજે તેનું સંપ્રદાયના રૂપમાં અસ્તિત્વ નથી. આ મતવાદીઓ આત્માના અસ્તિત્વમાં વિશ્વાસ ધરાવતા નથી. આ જન્મ પહેલો અને છેલ્લો છે. પુનર્જન્મ નથી. પાપ–પુણ્ય નથી, સ્વર્ગ–નરક નથી. કર્મ નથી, કર્મફળ નથી. કશું જ નથી. અને તેથી

આત્માના નામે થતી ધર્મ–આરાધના કરવાનો કોઈ અર્થ નથી. બસ, જેટલાં વર્ષ જીવો, સુખેથી જીવો. કરજ કરીને પણ મોજ–મજા કરી લો. જીવનનો ભૌતિક આનંદ માણવા માટે ધનની જરુર હોય. તમારી પાસે ધન હોય તો ભલે, ન હોય તો કોઈ પાસેથી કરજ કરીને લ્યો, તેમ ન મળે તો લૂંટીને પણ લઈ લો અને ભોગો ભોગવી લ્યો. જીવન પૂર્ણ થયા બાદ કશું જ નહીં રહે, તો પછી કયાં ભોગવશો ?

આત્માના અસ્તિત્વને નહીં માનનાર માનવોનો દષ્ટિકોણ ભૌતિકવાદી જ થઈ જાય છે. આરાધનાના નામે કશું યે રહેતું જ નથી. માટે જ શ્રીમદ્જીએ આત્મા છે કહી આત્માના અસ્તિત્વ વિષે શ્રદ્ધા જાહેર કરી છે. વળી આત્મા છે એટલે જગતમાં ક્યાંક આત્મા છે કે હશે તેમ નહીં પણ 'હું આત્મા જ છું", મારું અસ્તિત્વ આત્મ–રૂપ છે, દેહ રૂપ નથી, દેહથી તદ્દન જુદો 'હું માત્ર આત્મા છું', આવી દઢ શ્રદ્ધા જાગે, શક્તિ રૂપે છે તે વ્યક્તિત્વ રૂપે સાકાર થાય, અને સત્ય તત્વની સંપૂર્ણ વ્યક્તિગત શ્રદ્ધા જાગે, તેથી જ આ પ્રથમ પદ છે.

બીજું પદ–'તે નિત્ય છે.' આત્માનું અસ્તિત્વ છે અને તે નિત્ય અસ્તિત્વવાન પદાર્થ છે. એ શાશ્વત તત્વ છે, નાશવંત નહીં. દેહને જ આત્મા માનનાર દેહના નાશથી આત્માનો નાશ માને તેને અનાત્મવાદી કહ્યા છે અને આત્માને સર્વતંત્ર સ્વતંત્ર દ્રવ્ય માનનાર આત્મવાદી છે.

આત્મવાદી તથા અનાત્મવાદી બન્ને ચેતનના અસ્તિત્વને તો સ્વીકારે છે. પણ આત્મવાદી ચેતનના ત્રૈકાલિક અસ્તિત્વનો સ્વીકાર કરે છે, જયારે અનાત્મવાદી માત્ર અસ્તિત્વનો જ સ્વીકાર કરે છે.

ચૈતન્ય આત્મા કદી મરે નહીં. તેનો નાશ ન થાય. દેહ જડ છે તેનો નાશ થાય છે. દેહ છે તે જડનો એક પર્યાય છે અને પર્યાય કદી સ્થિર રહે નહીં. જે પરિણમે છે અર્થાત્ ક્ષણે–ક્ષણે બદલાય છે તે પર્યાય છે. દેહ પણ પર્યાય છે માટે તેનો નાશ થાય. પણ આત્મા સ્વતંત્ર દ્રવ્ય છે અને દ્રવ્યના દ્રવ્યત્વનો કદી નાશ થાય નહીં માટે આત્મા નિત્ય છે. વળી આત્મા એક શકિત રૂપ છે. શક્તિનો કદી નાશ થતો નથી તેમ વિજ્ઞાને પણ સિદ્ધ કર્યું છે.

આત્મામાં નિત્યત્વ છે માટે જ મોક્ષની સંભવિતતા છે. અનંતકાળ સુધી શાશ્વત સ્થિતિમાં સદાનંદમય સ્થિતિમાં રહેવું તે તો મોક્ષ છે. આત્મા નાશવંત હોય તો શાશ્વત આનંદમય સ્થિતિ તેના માટે હોઇ શકે જ નહીં. આમ આત્મા નિત્ય છે એ શ્રદ્ધા જાગે તો જ મોક્ષ આરાધના સાર્થક છે.

ત્રીજું–ચોથું પદ આત્મા કર્તા છે, અને કર્મ ફળનો ભોક્તા પણ છે. કર્મનો કર્તા છે. નિજ કર્મનો કર્તા છે. પોતે જ કર્મ કરે છે અને પોતે જ એ કર્મનાં ફળ ભોગવે છે. એકનાં કરેલાં કર્મો બીજાને ભોગવવાં પડતાં નથી. વળી કર્મ કોઇ કરાવતું નથી. પોતે જ રાગ–દ્વેષ–અજ્ઞાનના કારણોનું સેવન કરી કર્મ કરે છે.

અહીં માત્ર સ્થૂલ દૃષ્ટિથી, વ્યવહારનયને લક્ષ્યમાં રાખી વાત કરી છે. આત્માનું કર્તાપણું અને ભોકતાપણું વાસ્તવમાં શું છે એ આગળ વિચારશું.

પાંચમા પદમાં કહે છે 'આત્માનો મોક્ષ છે.' તે કર્મનો કર્તા બન્યો, ભોક્તા પણ બન્યો. પણ એ પછી આત્મા સર્વથી મુક્ત થવાની લાયકાત ધરાવે છે. જો આત્મા પુરુષાર્થ કરે તો બંધનોને છેદી મોક્ષ પામી શકે છે. અન્ય માન્યતા એવી પણ છે કે વિશ્વમાં સર્વોચ્ચ શકિતરૂપ એક જ બ્રહ્મ તત્ત્વ છે. અને તે સદા એક જ રહેશે. કોઈ પણ જીવ પોતે બ્રહ્મ બની શકે નહીં. પરમ બ્રહ્મ પરમાત્માના પદ સુધી જીવ કદી પહોંચી શકે જ નહીં. પણ જૈન આરાધનાની ચરમ પરિણુતિ પરમાત્મ તત્ત્વમાં થાય છે.

ગમે તેવો પાપી, અધમ જીવ પણ જાગે અને સમ્યગ્ પુરુષાર્થ તેને લાધી જાય તો તે પણ સંસારથી સર્વથા મુક્ત થઈ સિદ્ધ સ્વરૂપી બની શકે છે. જૈન પરંપરાની આ જ વિશેષતા છે. તેથી આ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં સહુથી મહત્ત્વપૂર્ણ આ પાંચમું પદ જ છે. આત્માનો મોક્ષ છે એ શ્રદ્ધા સહિત સમજાય તો જીવ એ તરફ પુરુષાર્થ કરી શકે.

વળી અહીં એક વાર મોક્ષ પ્રાપ્ત થયા પછી ફરી પાછો જન્મ લેવાનો નથી. ચિરકાળ સુધી એ શાશ્વત સ્થિતિમાં જ પોતાના શુદ્ધ–વાસ્તવિક

સ્વરૂપનો આનંદ લેતાં ત્યાં જ રહેવાનું છે. જ્યારે કેટલાક ધર્મ–સંપ્રદાયોની માન્યતા એમ પણ છે કે એક વાર મોક્ષ તો થઇ જાય, પણ ફરી જન્મ લઇ આ સંસારનાં દુઃખ ભોગવવા આવવું પડે. આ માન્યતા જીવને પુરુષાર્થ કરવામાંથી પાછો પાડે છે. જો પ્રબળ પુરુષાર્થ કર્યા પછી, અનેક કષ્ટો વેઠયા પછી મળતી મુક્તિ, શાશ્વત ન હોય, ફરી એનું એ પરિભ્રમણ હોય તો એવી મુક્તિથી શું ? એના કરતાં તો જ્યાં છીએ ત્યાં સારા છીએ! મોજ કર્યા કરીએ અને જન્મ-મરણ કર્યા કરીએ !

બંધુઓ ! જૈન પરંપરાની મુક્તિ વિષયક માન્યતા સર્વજ્ઞ–સર્વદર્શી, વીતરાગ પરમાત્માએ આપેલ, બતાવેલ માર્ગને અનુસરીને છે. તેથી તેમાં મીનમેખ ન હોવાથી આ જ સાધના આરાધવા યોગ્ય છે. અહીં આત્મા વિષે કરેલો પુરુષાર્થ કદી વ્યર્થ નથી જતો. જેમ-જેમ પુરુષાર્થ થાય તેમ-તેમ મોક્ષની નજીક એ પહોંચાડે છે. આ શ્રદ્ધા જ જીવમાં જાગૃતિ આણે છે. પુરુષાર્થની પ્રેરણા આપે છે અને અંતે જીવ મોક્ષને પામી જાય છે.

અને છેલ્લું પદ– ‘મોક્ષ ઉપાય સુધર્મ.’ જ્યારે પાંચે પદની શ્રદ્ધા આત્મામાં જાગૃત થાય ત્યારે હવે અંતિમ પદ કહે છે. ‘મોક્ષ છે’ જીવ મુક્ત થઇ શકે છે તો તેના ઉપાયો હોવા જ જોઇએ. જીવ કેવા પુરુષાર્થ વડે મોક્ષને પામી શકે ? તો તેનો સાદો સીધો ઉપાય એટલો જ કે બંધાયેલો છે એને જ મોક્ષ છે. તો મોક્ષ પામવા બંધનને કાપવાં, બંધનને કાપવાની રીત એ જ છે મોક્ષનો ઉપાય. મોક્ષનો માર્ગ. ગાથામાં મોક્ષનો ઉપાય ‘સુધર્મ’ બતાવ્યો. ‘સુધર્મ’ એટલે સ્વનો ધર્મ. આત્માના શુદ્ધ સ્વભાવ રૂપ જ્ઞાતા–દૃષ્ટા ભાવ તે જ છે સ્વ–ધર્મ. સ્વધર્મને છોડી પર–ધર્મરૂપ રાગ–દ્વેષ સેવ્યાં એટલે જ બંધાયો છે. તેનાથી વિરુદ્ધ વર્તે તો છૂટી જાય. મુકત થાય.

પંચતંત્રમાં આપેલ બોધકથાઓમાં એક કથા છે. એક મોટા જંગલમાં કેટલાક રાની પશુઓ રહે છે. તેમાં વનનો રાજા વનરાજ પણ છે. આખાયે જંગલને ધ્રુજાવતો રાજ કરી રહ્યો છે. એકવાર ખોરાકની શોધમાં નીકળ્યો. ઘણું ઘુમ્યો, પણ શિકાર મળતો નથી. ભૂખની પીડા પેટમાં વધી રહી છે.

વ્યાકૂળ થઇ ગયો છે. એટલામાં એક જંગલી ઉંદર દેખાયો. સિંહ જેવું પ્રાણી આવા નાના જંતુઓનો શિકાર ન કરે. તેનામાં પણ એક ખુમારી હોય. પોતે બળવાન હોય એટલે બળિયા સાથે જ બાથ ભીડે. પણ શું કરે ? પેટની ભૂખ સતાવી રહી છે.

એણે ઉંદરને મારવા પંજો ઉઠાવ્યો પણ નાનો એવો ઉંદર બુદ્ધિમાન્ હતો. એણે વિનંતિના સ્વરમાં કહ્યું; વનરાજ ! મને મારીને તમારૂં શું વળશે ? મારા આવડા શરીરથી તમારી ભૂખ ભાંગશે નહીં. મને છોડી દો. સિંહથી રહેવાતું નથી. ભૂખ સહેવાતી નથી. એ કહે ના, હું તો તને મારીશ જ. પણ ઉંદરે ખૂબ કાલાવાલા કર્યા. વનરાજ ! મને છોડી દો, હું કયારેક તમને કામ લાગીશ ! વનરાજ વિચારે છે, આવડો એવો મને શું કામ લાગશે ? છતાં ક્રૂર ગણાતા સિંહના દિલમાં દયા આવી અને એને છોડી દીધો.

ઉંદર તો સિંહનો મિત્ર બની ગયો. રોજ આવે, સિંહ સાથે થોડી વાર રમે ને ચાલ્યો જાય. એમ એક દિવસ ઉંદર આવ્યો ને જોયું તો સિંહ કોઈની બિછાવેલી જાળમાં સપડાઇ ગયો છે, ગરીબડો થઇને બેઠો છે, નીકળવાના પ્રયાસ કરે તેમ વધુ ફસાતો જાય છે. ઉંદર કહે આ શું ? આવી દશા કોણે કરી આપની ? ઓહો ! આ તો આપ જાળમાં ફસાયા છો ! કંઇ વાંધો નહીં, આપને મુકત કરવા તે મારૂં કામ ! અને ઉંદરે દાંત વડે ધીરે-ધીરે આખી જાળને કાપી નાખી. સિંહને મુકત કર્યો ! નાના એવા ઉંદરે, વનરાજ જેવા મહા-પ્રાણીને મુકત કર્યો !

બંધુઓ ! વિચારો ! જાળ કોણે કાપી ? ઉંદરના દાંતની તીક્ષ્ણતાએ ! એ જ રીતે સંસારમાં ફસાયેલા આત્માને બંધનમાંથી છોડાવવાનું કામ કરે છે, સુધર્મ, સ્વધર્મ ! સ્વધર્મ જેવું તીક્ષ્ણ સાધન બીજું કોઈ નથી.

અને બીજી વાત, ઉંદરને સિંહ પર પ્રેમ હતો. તેના પ્રેમ ભાવે જ તેની પાસે આવું મોટું કામ કરાવ્યું. બંધુઓ ! આપણે આપણા આત્માને જ મુક્ત કરવો છે માટે આત્મા પર પ્રેમ કરીએ. જગતના જીવો પર ઘણો પ્રેમ કર્યો પણ પોતે પોતાને જ પ્રેમ નથી કર્યો. જો

પોતાને પ્રેમ કરતો થઈ જાય તો મુકત થવામાં વાર કેટલી ? આચારાંગ સૂત્રમાં કહ્યું છે–

**पुरिसा तुममेव तुमं मित्तं, किं बाहिया मित्त मिच्छसि.?**

હે આત્મા! તું જ તારો મિત્ર છે. શા માટે બહારના મિત્રને ઇચ્છે છે? આત્મા સુ-માર્ગે ચાલે, પોતે પોતાને જાગૃત કરે, પોતે પોતાનું ભાન કરે, નિજાનંદને અનુભવે તો તે પોતાનો મિત્ર છે. સત્પથ પર ચાલી આત્માને મોક્ષ-મંઝિલે પહોંચાડે છે.

તો બંધુઓ! આત્મા પર, પોતા પર પ્રેમ કરી આપણે આપણાં બંધન કાપી નાખીએ.

અહીં સંક્ષેપમાં છ પદો બતાવ્યાં ! હવે પછી સુપાત્ર શિષ્ય એક-એક પદ વિષે પ્રશ્ન ઉઠાવશે અને સમર્થ સદ્દ્ગુરુ, ખૂબ જ પ્રેમ ભાવથી, અનુભવ રસથી રસાયેલી વાણી દ્વારા પ્રશ્નોનાં સમાધાન કરશે.

તે પહેલાં ભારતના અન્ય દર્શનો સાથેનો આ છ પદનો સમન્વય કેવી રીતે થાય છે તે હવે પછીની ગાથામાં કહેવામાં આવશે.

---

## ...ષટ્ દર્શન પણ તેહ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આત્માને શુદ્ધ-બુદ્ધ બનાવે છે. અનંતકાળથી મલિન થયેલો આત્મા નિર્મળ બને છે. અને એ જ સિદ્ધિ છે. અધ્યાત્મ માર્ગે સિદ્ધિ પામીને કોઈ ચમત્કારિક લબ્ધિઓ પ્રાપ્ત કરવાની નથી. પણ આત્માનું જે મૂળભૂત સ્વરૂપ છે તે પામી જવાનું છે.

અત્યારે આપણે જે કંઈ છીએ તે વાસ્તવિકતા નથી, અયથાર્થ રૂપ ધારણ કરેલ છે. ગમે તેવા સાધન-સંપન્ન હો, શક્તિ ધરાવતા હો, શેઠ-શ્રીમંતનું બિરૂદ ધરાવતા હો, સમાજમાં પ્રતિષ્ઠા પામી ચુકયા હો, એ બધું જ અયથાર્થ. એ તમારૂં સ્વરૂપ નથી, વાસ્તવિક સ્થિતિ નથી. આવું બધું તો કંઈ કેટલીયેવાર મેળવી ચૂકયા છો. કશુંય નવું નથી. તમે જે મેળવ્યું તે વિશ્વના અનેક જીવો મેળવે છે. જે કંઈ સુખ મળ્યું, દુઃખ મળ્યું, આગળ વધ્યા કે પાછા પડયા. બધું જ જગતના ક્રમમાં ઘટિત થયા જ કરે છે ને થયું. પણ આજ સુધી આત્મદશામાં જે ઘટિત નથી કરી શક્યા, તે કરવું તેનુ નામ છે આરાધના.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આ આરાધનાની યથાર્થતાને સમજાવવા માટે જ છ પદનું વિવેચન થયું છે. જે ભારતનાં અન્ય દર્શનોના સિદ્ધાંતો સાથે પણ કંઈક સમ્મત છે. શ્રીમદ્જી કહે છે—

**ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ,**
**સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ........૪૪...**

ભારતનાં છ દર્શનોએ તાત્વિક વિચારણા જેટલી કરી છે તે આ છ પદની અંદર સમાઈ જાય છે. આત્માને કેન્દ્રમાં રાખી તેના વિષે જે

કંઈ વિચારવામાં આવે તે છ પદ સિવાય બીજું કશું હોઈ ન શકે. તેથી જ શ્રીમદ્જી કહે છે કે આ છ પદનો વિચાર કરતાં ષટ્દર્શનનું જ્ઞાન થઈ શકે છે.

ભારતમાં મુખ્યરૂપે છ દર્શન છે. ૧, વેદાંત ૨, જૈન ૩, સાંખ્ય ૪, યોગ ૫. નૈયાયિક અને ૬. બૌદ્ધ.

જૈન દર્શન સિવાયનાં અન્ય દર્શનો એકાંતવાદી છે ત્યારે જૈન દર્શન અનેકાંતવાદી છે. તત્ત્વને એક દૃષ્ટિથી જ જોવું તે એકાંત અને જુદી-જુદી અનેક દૃષ્ટિથી જોવું તે અનેકાંત. પ્રત્યેક પદાર્થમાં અનંત સંભાવનાઓ હોય છે. સર્વ સંભાવનાઓને દૃષ્ટિમાં રાખીને પદાર્થને કહેવો તે અનેકાંત. કોઈ પણ પદાર્થ ભિન્ન-ભિન્ન અનેક પ્રકારની યોગ્યતા ધરાવતો હોય તેને એમ કહી દેવું કે તે આવો જ છે તો તેને પૂરો ન્યાય આપી શકાતો નથી. પણ તે એક અપેક્ષાએ આવો છે, સાથે બીજી અપેક્ષાએ આવો પણ છે એમ કહેવાથી પદાર્થનું પુરૂં સ્વરૂપ સામે આવે છે. પદાર્થનાં જેટલા Angles છે એટલા Angles થી તેને જોવો જોઈએ. જૈન દાર્શનિકોની એ વિશેષતા છે, કે તેઓ પ્રત્યેક પદાર્થ-ને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની દૃષ્ટિથી જુએ છે અને સાથે-સાથે અસ્તિ નાસ્તિ નો વિવેક કરે છે.

આ અનેકાન્તવાદ માત્ર શાસ્ત્રચર્ચા પૂરતો જ સીમિત નથી પણ જીવનમાં પ્રાયોગિક ક્ષેત્રે પણ એટલો જ ખરો ઉતરે છે. જેમકે નાના-મોટાની વ્યાખ્યા, ઊંચા-નીચાની વ્યાખ્યા, સારા-ખરાબની વ્યાખ્યા પણ સાપેક્ષ જ હોય છે. બે ટેબલ હોય એક ત્રણફૂટ ઉંચું અને બીજું પાંચ ફૂટ ઊંચું. પહેલાં કરતાં બીજું ઊંચું છે પણ તેની બાજુમાં ત્રીજુ આઠ ફૂટ ઊંચું ટેબલ મૂકો તો જેને ઊંચું કહ્યું તેને નીચું કહેવું પડશે. તો એ વચલા ટેબલમાં ઉંચાપણું છે તેમ નીચાપણું પણ છે. એક જ ટેબલમાં પરસ્પર બે વિરોધી બાબત દેખાય છે. સામાન્ય રીતે એમ લાગે છે કે જે ઊંચું છે તે ઊંચું જ હોય. નીચું છે તે નીચું જ હોય ! પણ એકી સાથે બંને કેમ હોય ? પણ વ્યવહારમાં આમ પ્રયોગ થાય છે. જેને સહુ સારી રીતે જાણે છે, અને આમાં

ક્યાંય વિરોધ ઉભો થતો નથી. અનેકાંત દૃષ્ટિ જ એ છે કે પરસ્પર વિરોધી લાગતા બે ધર્મોને એક જ પદાર્થમાં બતાવતા છતાં વિરોધ ન થાય.

આ દૃષ્ટિને ખ્યાલમાં રાખી જૈનદર્શન જ્યારે અન્ય દર્શનોની માન્યતાને વિચારે છે ત્યારે તે જૈન દૃષ્ટિએ પણ સ્વીકાર્ય બને છે. મહામનીષી શ્રી હરિભદ્રસૂરિશ્વરજીએ ષડ્દર્શન સમુચ્ચય નામના ગ્રંથમાં તટસ્થ ભાવે છ યે દર્શનોની ચર્ચા કરતાં, તે–તે દર્શનોની માન્યતાઓને બતાવી છે.

વેદાંત અને કેટલાક સાંખ્યમતવાદીઓ આત્માને અબંધ માને છે, નિર્લેપ માને છે, આત્મા કદી બંધાતો નથી. તેનામાં બંધની સંભાવના નથી. બ્રહ્મ શુદ્ધ છે. આ મત તેઓનો એકાંત દૃષ્ટિએ છે. જૈનદર્શન આત્માને નિશ્ચયનયથી શુદ્ધ, બુદ્ધ, અને નિર્લેપ માને છે. તેના વાસ્તવિક નિર્મળરૂપમાં ક્યાંય લેપ નથી, બંધાવાપણું નથી. વેદાંત અને સાંખ્યની આ માન્યતા જૈન દર્શનને નિશ્ચયથી માન્ય છે. તે ઉપરાંત જૈનદર્શનની વ્યવહાર દૃષ્ટિ આત્માને કર્મના કર્તા અને ભોકતારૂપે માને છે. તેથી આત્મા બંધાય છે ને લેપાય પણ છે.

યોગ–મીમાંસકો અનેક આત્માને માનતા નથી, પણ આખાયે વિશ્વમાં એક જ આત્મા છે. જેમ આકાશમાં રહેલા ચંદ્રનાં પ્રતિબિંબ અનેક વાસણમાં રહેલા પાણીમાં અનેક પડે છે છતાં ચંદ્ર એકજ છે. તેમ અનેક શરીરમાં જુદા–જુદા લાગતાં આત્મા તે એક વિશ્વાત્માનાં પ્રતિબિંબ જ છે. આ એકાંત માન્યતા, આત્મસ્વરૂપની અપેક્ષાએ જૈનદર્શન માન્ય કરી શકે. શાસ્ત્રમાં કહ્યું 'આત્મા એક છે'. જૈનદર્શન લોકમાં અનંત–અનંત આત્માઓમાં વિશ્વાસ ધરાવે છે. છતાં આત્મા એક છે એમ કહેવા પાછળની દૃષ્ટિ આત્માનાં મૌલિક સ્વરૂપની છે. આત્મા સિદ્ધનો હોય કે સંસારમાં ફરતા નાના–મોટા પ્રાણીઓનો હોય. પણ બધા જ આત્માનું મૂળભૂત સ્વરૂપ એક સરખું જ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, નિત્યત્વ પ્રમેયત્વ, અગુરૂલઘુત્વ આદિ ગુણો સર્વ જીવોમાં છે જ. માટે જીવ સ્વરૂપે બધાં જ આત્મા એક છે આ પણ નિશ્ચયદૃષ્ટિ છે. તે ઉપરાંત સર્વ

આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે માટે જૈન દર્શન અનંત આત્માના હોવાપણામાં પણ શ્રદ્ધા ધરાવે છે.

યોગ–નૈયાયિકો ઈશ્વરને જગતનો કર્તા માને છે. જૈન પરંપરા કોઈ એક ઇશ્વરે આ સૃષ્ટિની રચના કરી છે તેવું માનતી નથી પણ આત્માને જ પરમાત્મા માને છે. સહુ જીવે પોતાનો આંતર–બાહ્ય સંસાર પોતે જ ઉભો કર્યો છે. પોતે જે કંઈ છે, જેવો છે, જે કંઈ ભોગવે છે, જે કંઇ મળ્યું છે, તે બધું જ પોતાની અંદર પડેલા આત્મતત્ત્વની બહિર્મુખ પરિણતિના કારણે છે એ સ્વીકારે છે તેથી આ જગતનાં અનંત આત્માઓએ, અનંત સંસાર રચ્યો અને તે સર્વ આત્માઓ પરમાત્મ સ્વરૂપી જ છે તેને જ ઇશ્વર કહી શકીએ. આ દૃષ્ટિ નૈયાયિકો સાથે સંમત થાય છે. વળી જડ જગત અનાદિ–અનંત છે તે કોઇનું બનાવ્યું બને નહીં. જૈનદર્શન જગતને સ્વયંભૂ માને છે.

બૌદ્ધો આત્માનું નિત્યત્વ ન સ્વીકારતાં આત્માને ક્ષણિક માને છે. તેઓ કહે છે જગતનાં સર્વ પદાર્થો ક્ષણ સ્થાયી છે. એક ક્ષણથી વધારે સમય કોઈપણ પદાર્થ ટકી શકતો નથી. પ્રત્યેક ક્ષણે પદાર્થનો નાશ થાય છે, અને પ્રત્યેક ક્ષણે ઉત્પત્તિ થાય છે. આમ સર્વ પદાર્થની સાથે આત્મા પણ અનિત્ય છે. જૈનદર્શન આત્માને એક દૃષ્ટિએ અનિત્ય પણ માને છે. આ તેની અનેકાન્ત દૃષ્ટિની બલિહારી છે. આત્મા પોતાના મૂળ રૂપમાં દ્રવ્યની દૃષ્ટિએ નિત્ય છે પણ જેટલા દ્રવ્યો છે. તે સર્વ પરિણમનશીલ છે. ક્ષણ–ક્ષણ પર્યાયનું પરિણમન થયા કરે છે વળી પર્યાય તો ક્ષણિક જ હોય તેથી નાશવંત છે. જે ટકીને સ્થિર ન રહે તે જ પર્યાય. તો આત્મા દ્રવ્ય છે. તેનામાં પણ પર્યાયો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. એ દૃષ્ટિએ આત્મા અનિત્ય છે. આમ પર્યાયાત્મક દૃષ્ટિએ બૌદ્ધોની માન્યતા જૈનદર્શન સ્વીકારે છે. દ્રવ્યાત્મક દૃષ્ટિથી આત્મા નિત્ય છે એ પણ જૈનદર્શનને માન્ય છે.

નૈયાયિકો આત્માને કૂટસ્થ નિત્ય માને છે, એટલે કે જેમાં કંઇ જ પરિવર્તન ક્યારેય ન આવે. જેવો છે તેવો સદાકાળ રહે–પણ જૈનદર્શન

નિશ્ચયનયે નિત્યતાનો સ્વીકાર કર્યા પછી પણ તેમાં વ્યવહારનયે અનિત્યતા માને છે. દ્રવ્ય દૃષ્ટિએ નિત્ય આત્મા પર્યાયે અનિત્ય છે, પરિવર્તનશીલ છે. તે પર્યાય પણ સ્વાભાવિક અને વૈભાવિક બંને છે.

એક બહુ જ મહત્વપૂર્ણ પ્રશ્ન ખૂબ ઉંડાણથી વિચારો ! આપણે મનુષ્ય છીએ તે શું છે ? અનેક વખત સાંભળી ચુકયા કે મનુષ્યનો જન્મ એટલે ઉત્તમ માં ઉત્તમ અને દુર્લભ છે. માનવ બનવું તે શ્રેષ્ઠ છે. આ માન્યતા આપણા સહુના મનમાં દૃઢપણે છે પણ હું કહું છું કે મનુષ્યપણું તે આત્માની વિકૃત દશાનું પરિણામ છે. માટે મનુષ્ય થવું તે ઉત્તમ નથી ! સ્વીકારશો આ વાત ? બંધુઓ ! સાંભળીને જરા બુદ્ધિને ધકકો લાગશે ! આ શું ? સર્વ શાસ્ત્રોએ મનુષ્યપણાને ઉત્તમ કહ્યું અને આપ કેમ આમ કહો છો ? હા, દેવ, નારક કે તિર્યંચ ગતિની અપેક્ષાએ ભલે મનુષ્યપણું ઉત્તમ હોય પણ આત્માની શુદ્ધ દશા જ્યારે કર્મના લેપથી લેપાણી અને વિકૃત થઈ ત્યારે જ તેને ગતિનું પરિભ્રમણ છે, અને એ ભ્રમણમાં મનુષ્ય ગતિપણ છે તેથી તે વિકૃતિ છે, આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં મનુષ્ય નથી, દેવ નથી, નારક કે પશુ નથી. તે તો માત્ર શુદ્ધ ચિદ્રુપ આત્મા જ છે, તો વિકૃતિ તો ઉત્તમ કઇ રીતે હોઈ શકે ? માટે જ એક અપેક્ષાએ શ્રેષ્ઠ ગણાતો મનુષ્ય–ભવ બીજી દૃષ્ટિએ વિકૃત છે. હા, તો આ આત્માની વૈભાવિક પર્યાયની વાત થઇ છતાં વ્યવહારિક દૃષ્ટિથી મનુષ્યપણું શ્રેષ્ઠ છે તે પણ હકિકત જ છે.

નૈયાયિકોએ આત્માને નિત્ય માન્યો તેને પરમ શુદ્ધ નિશ્ચયનયથી સ્વીકારી શકાય.

તો જૈનદર્શન અન્ય દર્શનોને એક–એક દૃષ્ટિકોણથી અપનાવે છે. અને ત્યાં જ જૈનદર્શનનાં અનેકાંતવાદની સિદ્ધિ છે. તેની યથાર્થતાની સાબિતિ છે. અને તેથી જ ભારતનાં અન્ય દર્શનો જૈનદર્શનની આ વિશાળ દૃષ્ટિમાં સમાઈ જાય છે. અન્ય દર્શનોને માન્ય તત્વોને પોતાની આગવી શૈલીથી સ્વીકાર કરવાનું સામર્થ્ય જૈનદર્શનની સ્યાદ્વાદ શૈલી ધરાવે છે. તેમજ તે દર્શનોની માન્યતા ઉપરાંત પણ જૈનદર્શન તત્વોના

ઘણાં જ ઉંડાણમાં જઇ તત્વનાં અન્ય સત્યોને બહાર લાવી શક્યું છે. તેથી જ જૈનદર્શન સર્વ દર્શનોનાં તત્ત્વજ્ઞાનનાં ઉંડાણમાં પ્રવેશ પામેલા ઉદારચેતા મહાયોગી આનંદઘનજી મહારાજ, ષડ્દર્શનોનો વીતરાગ પ્રરૂપિત તત્ત્વજ્ઞાન સાથે એક અલૌકિક દૃષ્ટિથી સમન્વય કરે છે.—

**ષડ્દર્શન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે**
**નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્ દર્શન આરાધે રે...૨**

સાંખ્ય, યોગ, બૌદ્ધ, મીમાંસક, ચાર્વાક અને જૈન આદિ છ દર્શન વીતરાગ પરમાત્માના છ અંગ છે. આ છ અંગની સ્થાપના સમજ પૂર્વક કરવી જોઈએ. જેઓ વીતરાગ પ્રભુનાં ચરણનાં ઉપાસક છે તે જ યથાર્થ રીતે ષડ્દર્શનનાં આરાધક છે. તેમાં પ્રથમ કહે છે—

**જિન સુર પાદપ પાય બખાણો, સાંખ્યયોગ દોય ભેદે રે**
**આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે...૨**

જિનેશ્વર ભગવાનરૂપી જૈનદર્શન અથવા કલ્પતરુના બે પગ કે બે મૂળ રૂપ સાંખ્ય અને યોગ દર્શન છે. તે બંને દર્શનો આત્માની સત્તાને સ્વીકારે છે માટે ખેદ રહિત થઈ, બંને દર્શનોનો સ્વીકાર કરવો જોઈએ.

આપણે પહેલાં કહ્યું તેમ સાંખ્ય દર્શન અને યોગદર્શન બંને આત્માના અસ્તિત્વમાં વિશ્વાસ કરે છે. વળી અનંત આત્માઓને પૃથક્-પૃથક્ માને છે. તેમજ આત્માને શુદ્ધ માની અકર્તા તથા અભોક્તા માને છે. જૈનદર્શન આત્માની ત્રૈકાલિક સત્તા ને માનવાની સાથે અનંત આત્માઓની પૃથકતાને માને છે. નિશ્ચયનયથી આત્માને અકર્તા અને અભોક્તા પણ માને છે. આમ સાંખ્ય તથા યોગ જૈનદર્શનની માન્યતાને મજબૂત કરે છે. શરીરનો આધાર પગ ઉપર છે. શરીરરૂપી વૃક્ષ પગ રૂપ મૂળ પર ઉભું છે. પગ મજબૂત હોય તો જ વૃક્ષરૂપી શરીર ટકી રહે. આ બંને દર્શન નિશ્ચયનયથી જૈનદર્શનથી અતિ નિકટ છે માટે બન્નેને જૈનદર્શનના પગ કહ્યાં.

**ભેદ-અભેદ-સુગત-મીમાંસક, જિનવર દોય કર ભારી રે**
**લોકાલોક આલમ્બન ભજિયે, ગુરુમુખથી અવધારી રે...૩**

સર્વ આત્માઓને ભેદરૂપ માનનાર સુગત અર્થાત્ બૌદ્ધ અને સર્વ આત્માઓને અભેદ રૂપ માનનાર મીમાંસક જિનેશ્વરના બે હાથ છે. જે લોક અને અલોકના આધારરૂપ છે. જેને ગુરુગમથી જ સમજી શકાય.

જૈનદર્શન દ્રવ્યાસ્તિક નયથી સર્વ આત્માને એક માને છે, અર્થાત્ સ્વરૂપની દૃષ્ટિથી સર્વ આત્મા સમાન છે. અને પર્યાયાસ્તિક નયથી સર્વ આત્માઓને ભિન્ન માને છે. સર્વની પર્યાયો ભિન્ન-ભિન્ન સમયે અલગ-અલગ હોય છે. જૈન દર્શનની દૃષ્ટિથી મીમાંસક દર્શન દ્રવ્યાસ્તિક નયવાદી છે અને બૌદ્ધ દર્શન પર્યાયાસ્તિક નયવાદી છે !

લોકા-લોકમાં રહેલા સર્વ પદાર્થો આ બે નય દ્વારા સંપૂર્ણપણે સમજી શકાય છે. શરીરમાં રહેલા બે હાથ વધુ ક્રિયાશીલ છે, વધુ પુરુષાર્થી છે. આખા શરીર પર ફરે છે, અને આખા શરીરની ક્રિયાઓને કરે છે. બીજાં પણ અનેક કાર્યો હાથ દ્વારા થાય છે. તે જ રીતે ઉપર બતાવેલ બન્ને નયો સર્વ પદાર્થોનું સર્વાંગિણ જ્ઞાન કરાવે છે. વળી આ બન્ને દર્શનો જૈનદર્શનને એક-એક નયથી સ્વીકૃત છે.

**લોકાયતિક કૂખ, જિનવરની, અંશવિચાર જો કીજે રે,**
**તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરુગમ-વિણુ કિમ પીજે રે...૪**

નાસ્તિક એવું ચાર્વાક દર્શન જિનેશ્વર દેવનું ઉદર છે, પણ માત્ર એક અંશથી જ. તત્ત્વ વિચારરૂપ સુધારસને ગુરુગમ વિના પી શકાય નહીં.

ચાર્વાક દર્શન આત્માદિનો સ્વીકાર નથી કરતું તે આપણે આગળ જોઈ ગયા છીએ. આવા નાસ્તિક દર્શનને જીનેશ્વરના ઉદરની ઉપમા કેમ અપાય ? તેનો ઉત્તર એ છે કે જૈનદર્શન પાંચ પ્રમાણોને માને છે. કોઈ તત્વનો નિર્ણય કરવા જુદી-જુદી રીતો અપનાવાય છે તેમાં ૧, પ્રત્યક્ષ ૨, પરોક્ષ, ૩, આગમ, ૪, અનુમાન ૫, ઉપમાન, આ પાંચ પ્રમાણોથી તત્ત્વનિર્ણય જૈન દાર્શનિકો કરે છે. ચાર્વાકવાદી આમાંથી માત્ર એક, ઈન્દ્રિય પ્રત્યક્ષ પ્રમાણને માને છે, અર્થાત્ જૈન માન્યતાના

એક નાના એવા અંશનો સ્વીકાર કરે છે. એ દષ્ટિએ જૈનદર્શન સાથે તેનું સામ્ય છે.

પેટમાં ગમે તેટલું નાખો પણ તે પોતા પાસે કંઇ ન રાખી આખા શરીરને આપી દે છે. તેમ ચાર્વાકવાદીઓએ તત્ત્વજ્ઞાનના એક જ અંશને રાખી બાકી બધું છોડી દીધું છે. માટે જ તેને જિનેશ્વરનાં શરીરના પેટના એક અંશ રૂપે સ્વીકાર કર્યો છે. અને છેલ્લે

**જૈન જિનેશ્વર ઉત્તમ અંગ, અન્તરંગ–બહિરંગે રે**
**અક્ષર–ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે ....૫**

જૈન દર્શનને જિનેશ્વરનાં ઉત્તમાંગ, મસ્તકરૂપ કહ્યું છે. અન્તરંગ-બહિરંગ બન્ને પ્રકારે. આરાધક જીવ એના અક્ષરનું મનમાં સ્થાપન કરીને ગુરુની સાથે રહીને આરાધના કરે.

શ્રી આનંદઘનજી મહારાજ જૈન હતાં માટે જૈનદર્શનને ઉત્તમાંગ કહ્યું છે તેમ નથી. પણ જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે. સર્વ વસ્તુઓનો સર્વાંગે વિચાર કરે છે. દરેક દષ્ટિબિન્દુઓને લક્ષ્યમાં રાખી, અન્ય વિચારધારાઓને પણ પોતાનામાં સમાવે છે. સત્યગ્રાહી દર્શન છે.

શરીરમાં મસ્તકનું સ્થાન સર્વોપરિ છે, ઉત્તમ છે. મસ્તક જ આખા ય શરીરના સર્વ અવયવોનું સંચાલન કરે છે, શરીરને કંટ્રોલમાં રાખે છે. માથું બગડે તો બધું જ બગડે. એ જ રીતે જૈનદર્શન એકાંગી નથી, પણ અનેકાન્તવાદી છે. સાપેક્ષ દષ્ટિકોણથી સર્વ દર્શનોનો સમન્વય કરી તેનો સ્વીકાર કરે છે. અમે કહીએ તે જ સાચું એવો કદાગ્રહ જૈન દર્શનમાં નથી. પણ સર્વ સંભાવનાઓનો સ્વીકાર અહીં છે. માટે જ તેને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત થયું છે. કોઈપણ દર્શનનું ખંડન કરવું તે આ દષ્ટિથી જિનેશ્વરનાં અંગોનું ખંડન કરવા જેવું છે. એટલે જ મુમુક્ષુ આત્મા કદી કોઇ દર્શનનું ખંડન કરે નહીં.

અહીં આપણે છ દર્શનોનો સમાવેશ જૈનદર્શનમાં કેમ થાય તે વિચાર ખૂબ સંક્ષેપથી કર્યો છે. કારણ આ દાર્શનિક વિષય છે. ઘણું જ વિસ્તૃત વિવેચન માગી લે તેમ છે. પણ અહીં એ કહેવાનું પ્રયોજન નથી. માત્ર

જૈનદર્શનમાં અન્ય દર્શનોને સ્વીકારવાની કેવી ઉદારતા છે, કેવી વિશાળતા છે તે જ બતાવવું છે અને છેલ્લે આનંદઘનજી મહારાજ પણ કહે છે.

**જિનવરમાં સઘળા દર્શન છે, દર્શને જિનવર ભજના રે.**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે....૬**

જિનેશ્વરમાં એટલે કે જિનદર્શનમાં બધાં જ દર્શનોનો સમાવેશ થઈ જાય છે. અન્ય–અન્ય દર્શનોમાં જિનદર્શનનો સમાવેશ થાય કે ન પણ થાય. જેમ સાગરમાં બધી જ નદીઓ સમાઈ જાય પણ નદીમાં સાગર હોય કે ન પણ હોય.

નદીઓ સાગરમાં એકરૂપ થઈ મળી જાય છે. તેમાં અંતર્ભૂત થઈ જાય છે. જયારે સાગર તો કયારેક બહુ ભરતીના સમયે જ કોઈક નદીના મુખમાં પ્રવેશે, અન્યથા નહીં.

આમ આનંદઘનજી મહારાજે ષડ્દર્શનોને જિનેશ્વરના દર્શનમાં સમાવી લઈ, જૈન દર્શનની ઉદારતાનો પરિચય આપ્યો છે.

વિક્રમના ચોથા-પાંચમા સૈકામાં થયેલા આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરે તેમનાં સન્મતિ પ્રકરણ નામનાં ગ્રન્થમાં કહ્યું છે કે આત્મા છે, આદિ છ પદોની શ્રદ્ધા ધરાવે છે તે સમકિતી અને ન શ્રદ્ધા ધરાવે તે મિથ્યાત્વી, આમ આ છ પદ વિષેની માન્યતા પરાપૂર્વથી ચાલી આવે છે. આચાર્ય હરિભદ્રસૂરિશ્વરજીએ પણ આ પદોની વિવેચના કરી છે તે આપણે પ્રારંભમાં જ કહી ગયા હતા.

અહીં કેટલાકને એ પ્રશ્ન થાય છે કે શ્રીમદ્ રાજચંદ્રજી તો ગૃહસ્થી હતા અને તેમના રચેલ શાસ્ત્રને શા માટે માન્યતા આપવી ? પણ આગળ બતાવ્યું તેમ શ્રી સિદ્ધસેન દિવાકર તથા શ્રી હરિભદ્રસૂરિશ્વરજી જેવા સમર્થ સાધક મહાપુરુષો જીનેશ્વરના માર્ગને જે રીતે કહી ગયા તે જ *શ્રીમદ્જીએ સરળતાથી સમજાવ્યું છે. તેઓએ પોતાના તરફથી* કંઈ કહ્યું નથી. તેથી આ શાસ્ત્રને ન માનવાનું કોઈ કારણ નથી. વળી આ છ પદોને, પોતાની સાધના દ્વારા તેઓએ સિદ્ધ કરી બતાવ્યાં તેથી તો તેઓ પ્રયોગવીર કહેવાયા.

વળી આ છ પદો પરમાર્થને સમજવા ઇચ્છુક વ્યક્તિ માટે છે. જેને અંદરથી પરમાર્થની ભૂખ જાગી છે તેને માટે જ્ઞાનીઓએ કહ્યાં છે અને તે સાપેક્ષ દૃષ્ટિએ સમજવાનાં છે. બંધુઓ! આપણે પણ આપણી અંદર પરમાર્થનાં ઇચ્છુક થઈએ. અંતર એવી તીવ્ર ઉત્કંઠાથી ઉભરાઇ ઉઠે કે જીવે આજ સુધી સંસારનાં સ્વાર્થને જ સેવ્યો છે પણ તેમાંથી પર થઇ પરમાર્થ તરફ પ્રેરાયો નથી. માટે હવે જ્યારે આવો સત્સંગ અને સત્શ્રવણનો યોગ મળ્યો છે ત્યારે સ્વાર્થના સંકુચિત કોચલામાંથી બહાર નીકળી, પરમાર્થની વિશાળ દુનિયા તરફ પ્રયાણ કરીએ.

આટલી ભૂમિકા બાંધ્યા પછી શ્રીમદ્જી આત્માદિ છ પદોનું વિવેચન કરશે. જેને સાંભળી શ્રદ્ધામાં ઉતારીશું તો મોક્ષપદને પામવાનો પુરુષાર્થ કરી શકીશું

……………બાકી અવસરે…………

## ...નહીં જુદું એંધાણ !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની–અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના જેઓએ કરી, તેઓ સિદ્ધિ પામી ગયા. સાધના વિના સિદ્ધિ નથી. સાધનામાં એટલું બળ છે કે આત્મા પર રહેલા અનંત–અનંત કર્મોને ભસ્મ કરી, આત્માને સર્વથા શુદ્ધ બનાવે છે.

આરાધક જીવને આત્માના અસ્તિત્વની પૂર્ણ શ્રદ્ધા હોય છે. અહીં આત્માર્થી શિષ્યને આત્માના અસ્તિત્વમાં કેટલાક સંદેહ છે. તે સત્પાત્ર અને જિજ્ઞાસુ છે. સત્ય સમજવાની તાલાવેલી લાગી છે તેથી વિનમ્ર ભાવે, સરળતાપૂર્વક ગુરુદેવના શ્રીચરણોમાં જઈ પોતાની શંકા નિવેદિત કરે છે. અને એ શંકાનું સમાધાન આપવા માટે ગુરુદેવને વિનવી રહ્યો છે. એ પૂછે છે–

**નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;**
**બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવ સ્વરૂપ ....૪૫....**

શિષ્ય કહે છેઃ ગુરુદેવ ! આપ હંમેશાં આત્માના વિષયમાં સમજાવતા હો છો. પણ આત્માને કેવી રીતે સ્વીકારી શકાય ? કારણ આત્મા નેત્રો વડે જોઈ શકાતો નથી. તેનું કોઈ રૂપ, આકૃતિ વર્ણ દેખાતાં નથી. તેમજ બીજી કોઈ ઇન્દ્રિયોથી પણ આત્મા અનુભવમાં આવતો નથી.

આ શંકાનું થવું સહજ છે. આજ સુધી આપણે આંખથી દેખાય તેવા જ પદાર્થોને જાણ્યા છે, જોયા છે. આપણી આસપાસ પથરાયેલું આખું યે જગત આંખથી જોઇ શકાય છે. આંખ વગર કોઈ પદાર્થને જોઈ શકાતો હોય તે ખબર જ નથી, તેથી જે આંખથી દેખાય તેને જ

માની શકાય, અન્યને નહીં. વળી કેટલાક પદાર્થોના કેટલાક ધર્મોનું જાણ-પણું અન્ય ઇન્દ્રિયોથી થાય છે.

શબ્દ આંખે દેખાય નહીં, તેને કાનથી સાંભળી શકાય. હા, લખેલો શબ્દ હોય તો વાંચીને તેને જાણી શકાય. પણ ક્યાંય પણ બોલાતો શબ્દ કાન વડે જ સાંભળવો પડે. તો શબ્દનું જ્ઞાન કાનથી થાય છે. સુગંધ કે દુર્ગંધ, જોવા કે સાંભળવાથી ન જાણી શકાય, પણ નાક વડે ગ્રહણ થાય તો જ જાણી શકાય. તો ગંધનું જ્ઞાન નાકથી થાય. કોઇપણ પદાર્થ સામે પડયો હોય, આંખથી જોઇએ કે નાકથી સુંઘીએ પણ તેમાં રહેલ રસને જીભથી જ જાણી શકાય. જ્યાં સુધી જીભ પર ન મૂકીએ ત્યાં સુધી તેના આસ્વાદની ખબર ન પડે. તો રસનું જ્ઞાન જીભથી થાય. અને સ્પર્શ હલકો, ભારે, ગરમ, શીત વગેરે બીજી કોઈ ઇન્દ્રિયોથી અનુભવી ન શકાય. ત્વચા સાથે એ પદાર્થનો સંપર્ક થાય ત્યારે જ જાણી શકાય. હવા હોય, પણ તે જોવાય કે સંભળાય નહીં, આપણા શરીરને સ્પર્શે તો જ ખબર પડે કે ગરમ લૂ આવી રહી છે કે શીતલ-સમીર વાઈ રહ્યો છે.

આમ જગતમાં પ્રાપ્ત થતાં પદાર્થો પાંચ ઇન્દ્રિયોથી જાણી શકાય છે. કેટલીક વાતો મનથી સમજાય છે અને સર્વ સંસારને આપણી આ શક્તિઓ વડે જાણી લઈએ છીએ. પણ આત્માનું કોઈ રૂપ દેખાતું નથી. આત્મા સંભળાતો નથી, તેની કોઈ ગંધ નથી, જીભ પર મૂકી તેનો રસ લેવાય તેવો નથી અને સ્પર્શ વડે પણ તે જાણી શકાતો નથી તેમજ મનથી ગમે તેટલો વિચાર કરીએ તો પણ મનની પક્કડમાંય આત્મા આવતો નથી આમ કોઇપણ ઇન્દ્રિયો કે મન દ્વારા આત્મા ગ્રહણ થવા યોગ્ય નથી. આજ સુધી એ, સાધનો વડે જણાયો નથી. તેથી એમ લાગે છે કે આત્મા નામના કોઇ તત્વનું અલગ અસ્તિત્વ નહીં હોય. માટે જ

**બીજા પણ અનુભવ નહીં, તેથી ન જીવ સ્વરૂપ**

પરંતુ શિષ્ય વિનયવાન છે. ગુરુદેવનાં વચનોમાં શ્રદ્ધા છે. તેથી ફરી ગુરુદેવને કહે છે. મને તો આત્મા ક્યાંય જણાતો નથી પણ આપ ફરમાવો છો કે આત્મા છે તો પછી કોને આત્મા માનવો ? એ પણ શંકા મારા મનમાં છે :—

**અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ;**
**મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ....૪૬....**

ગુરુદેવ ! આ દેહને જ આત્મા માની લઈએ તો શું વાંધો છે ? દેહથી અલગ કોઈ આત્માને માનવાની જરૂર પણ ક્યાં રહે છે ? કારણ કે જીવન જીવાતું હોય તો આ દેહથી જ જીવાય છે. જેટલી ક્રિયાઓ થાય છે, સુખ-દુઃખનાં સંવેદનો થાય છે તે દેહમાં જ થતાં અનુભવાય છે. બોલે-ચાલે, હરે–ફરે, ખાય–પીએ, વગેરે ક્રિયાઓ દેહ જ કરે છે. શિષ્યને અતીન્દ્રિય કે સૂક્ષ્મ સંવેદનાઓનો અનુભવ નથી. સર્વ સામાન્ય માનવોની જેમ ઇન્દ્રિયો અને મનથી થતી સ્થૂલ સંવેદનાના અનુભવોમાં જ એ જીવી રહ્યો છે તેથી ઇન્દ્રિયાદિને આત્મા માનવા પ્રેરાઈને પ્રશ્નો ઉપસ્થિત કરે છે. છતાં એ અતીન્દ્રિય જ્ઞાનનો અભિલાષી છે એ તેની જિજ્ઞાસા પરથી જણાયા વગર રહેતું નથી.

વળી, આપણે ક્યાં કોઇનો આત્મા જોયો છે ? જેને આપણે જીવ કે આત્મા કહીએ છીએ તે પણ તેના દેહને સંબોધીને કહીએ છીએ.. કોઈ માનવ, પશુ, પંખી, જંતુ વગેરેને હાલતાં–ચાલતાં જોઇને આપણે કહેતા હોઇએ છીએ કે આ જીવ છે. એતો માત્ર શ્રદ્ધાથી કહીએ છીએ. પણ દેહને જ જોયો છે આત્માને નહીં, માટે દેહને જ આત્મા માની લઇએ.

એમ નહીં તો ઇન્દ્રિયોને જ આત્મા માની લઇએ. આપ કહો છો આત્માનો ગુણ જ્ઞાન છે તો જગતના સર્વ પદાર્થોનું જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા જ થાય છે ને ? જે ઇન્દ્રિય અટકી જાય છે તેના વિષયનું જ્ઞાન પણ થતું નથી. કોઈ માણસ આંખ ગુમાવી બેસે છે તો આંખથી દેખાતા પદાર્થોનું જ્ઞાન પણ અટકી જાય છે. કાનથી સાંભળવાનું બંધ થાય છે તો શબ્દજ્ઞાન નથી થતું, એમ જે ઇન્દ્રિયો કામ કરતી બંધ થઈ જાય તે વિષયનું જ્ઞાન થતું નથી, અને જ્ઞાન આત્માનો ગુણ છે માટે ઇન્દ્રિયો જ આત્મા છે.

વળી દેહ કે ઇન્દ્રિયોને આત્મા ન માનો તો શ્વાસોચ્છવાસને તો આત્મા માની જ શકાય. કારણ કોઈ બિમાર માણસની બધી જ ઇન્દ્રિયો

ખોટી થઈ જાય. કદાચ એ ભાન–સાન ગુમાવી બેસે તો પણ જયાં સુધી તેનો શ્વાસોચ્છ્વાસ ચાલતો હોય ત્યાં સુધી એ જીવતો છે એમ આપણે માનતા હોઇએ છીએ. અર્થાત્ શ્વાસોચ્છવાસ એ જ જીવ હોવાની નિશાની છે. માટે શ્વાસોચ્છ્વાસ જ આત્મા છે. એમ માની લઈએ તો કંઈ ખોટું નથી.

આ ત્રણથી જુદો માનવો તે આપણી ખોટી જીદ છે કારણ આ દેહ, ઈન્દ્રિય અને પ્રાણ આ ત્રણ વિકલ્પો છે આત્માનાં, આનાથી જુદી કોઇ નિશાની, કોઇ ચિન્હ આત્માના હોવાપણાનું દેખાતું નથી. તેથી જ આ ત્રણમાંથી કોઈ એકને જ આત્મા માની લેવો. એ જ બુદ્ધિમત્તા છે.

બંધુઓ ! અહીં શિષ્યે શંકાઓ રજુ કરી છે. સમાધાન તો ગુરુદેવ પછી આપશે. પણ વિચારો ! કે શિષ્ય કેટલો જિજ્ઞાસુ હશે ? આત્માના વિષયમાં તે કેટલો ઊંડો ઉતર્યો હશે ! તેણે કેટલું ચિંતન કર્યું હશે ! આપણે કેટલીવાર સાંભળ્યું પણ કયારેય ચિંતન કર્યું ? આગમોમાં કહ્યું છે અને ગુરુદેવના મુખેથી સાંભળ્યું એટલે આપણે માની લીધું કે આત્મા છે. પણ આપણે કદી એ વિષયમાં ઊંડા ઉતરીને વિચાર્યું છે ? આગમ અને સંતો તો કહે છે, તે સાચું છે. પણ હું તેના પર ચિંતન કરી મારી બુદ્ધિને કસીને માન્યતાની દઢતા કરૂં એવો વિચાર કયારેય આવે છે ? આ સાચું હોવા પછી પણ જો ચિંતનપૂર્વક તત્ત્વને પચાવ્યું હશે તો એ શ્રદ્ધામાંથી ખસશે નહીં. ઉંડાણમાં શ્રદ્ધા જામી જશે ને અંતે એનો સાક્ષાત્ અનુભવ થશે.

પણ આપણી સ્થિતિ કેવી છે ? સંતો જે ફરમાવે તે બધું જ સત્ વચન ગુરુદેવ ! પછી એ શું કહે છે તે વિચારવા ઊભા રહેતા નથી. સંતોએ કહ્યું એટલે સાચું જ હોય ! એમાં વળી આપણે શું વિચારવાનું ? ના, આવું ન રાખશો. સંતોને કહેવા પાછળનો હેતુ, લક્ષ્ય તથા ભાવાર્થ સમજવા માટે પણ એમના ઇંગિતને જાણવા જેટલી તો આપણી માનસિક ભૂમિકા આવશ્યક છે. નહીં તો અન્ધાનુકરણ થશે. હું તમને પૂછું કે કોઈ એવા વક્તા તમારી સામે આવે કે જે આત્માના અસ્તિત્વને માનતા નથી. અને તેઓ તર્ક સહિત તમને એ સમજાવે કે આત્મા

નામનું કોઈ તત્ત્વ જ જગતમાં નથી. એના તર્કો બધા અકાટય હોય. એ એવી જોરદાર Araguments આપે કે તમારા ગળે ઉતારી જ દે, તો માની લ્યો ને કે આત્મા નથી ? તર્કમાં બહુ તાકાત છે. એ તો ગમે તેવી સાચી વસ્તુને ક્ષણમાં ખોટી સાબિત કરી દે અને ખોટી વસ્તુને સાચી સાબિત કરી દે.

માટે જ બંધુઓ ! આ જિજ્ઞાસુ શિષ્યની જેમ આપણે પણ ઉંડાણમાં જઈ કહેલા તત્ત્વો પર ચિંતન કરીએ. તો જ સત્ ને સત્‌રૂપે સમજી શકીશું.

અહીં જિજ્ઞાસુ શિષ્યે આત્મા ઇન્દ્રિયો અને મનથી અનુભવમાં નથી આવતો માટે તે નથી એમ કહ્યું અને જો આત્મા છે તો દેહ, ઇન્દ્રિય કે પ્રાણને જ આત્મા માની લેવો જોઈએ. આ ત્રણથી જુદી જેની કાંઈ એંધાણી નથી. તેને જુદો શું માનવો ? આટલી શંકા રજુ કર્યા પછી હજી તેનાં મનમાં આ વિષયમાં શંકા છે તે ગુરુદેવ સામે રજુ કેમ કરશે તે અવસરે........

# માટે છે નહીં આત્મા...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરનાર જીવ જિજ્ઞાસુ હોય. સ્વને જાણવાની તેની અભિલાષા ઉત્કટ હોય અને એ માર્ગે તે પુરુષાર્થ પણ કરતો હોય.

જેટલો પુરુષાર્થ સંસારમાં ભૌતિકતાની ઉપલબ્ધિ માટે કર્યો એથી વિશેષ પુરુષાર્થ આત્માની ઉપલબ્ધિ માટે થાય તો જ આત્મા પમાય. ભૌતિક જગતમાં તો બહુ પુરુષાર્થ કર્યો, હવે ત્યાંથી પાછા વળવું છે. એ જ માર્ગે જો ગતિ કર્યા કરીશું તો કાગડા-કૂતરાના ભવોમાં ભટકવા સિવાય બીજું કંઇ જ હાથમાં નહીં આવે.

ભૌતિક ઉપલબ્ધિઓ ગમે તેટલી પામ્યા પણ તે મળ્યા પછી કાયમ રહેવાની નથી. ભલે પછી ચક્રવર્તિનું સામ્રાજ્ય મળ્યું કે ઈન્દ્રની રિદ્ધિ મળી પણ હજારો કે લાખો વર્ષ ભોગવ્યા પછી પણ એક સમય એવો જરૂર આવશે કે તે હાથમાંથી ચાલી જશે. સંસારની ગમે તેવી ઉપલબ્ધિઓ હશે પણ તે વિનશ્વર સ્વભાવવાળી છે, કદી કોઇની થઈ નથી અને થશે નહીં.

જ્યારે આધ્યાત્મિક ઉપલબ્ધિઓ જો યથાર્થ રૂપે થઈ હોય તો તે એક વાર પામ્યા પછી જતી નથી. પણ બંધુઓ ! આધ્યાત્મિકતાની ભૂખ લાગવી જોઇએ. પેટની ભૂખથી કે ધન-પ્રતિષ્ઠાની ભૂખથી દુઃખી થયા હશો! ઇંદ્રિય અને મનના વિષયોની ભૂખથી વ્યાકૂળતા અનુભવી હશે ! પણ આધ્યાત્મિકતાની ભૂખની વ્યાકૂળતા કેવી હોય તેનો અનુભવ કયારેય કર્યો છે ખરો ? કયારેય આધ્યાત્મિકતાની અપ્રાપ્તિનો ખેદ થયો છે ? એની પ્રાપ્તિ વિના જીવન કર્તવ્યશૂન્ય લાગ્યું છે ? ઊણપ અનુભવી છે ? જો અનુભવી હોય તો સમજી લે જો કે જીવ આત્માને પામવાની યોગ્યતા તરફ આવતો જાય છે.

જેને નિજાનુભૂતિની લગની લાગી છે એવા જીવને જ શ્રીમદ્‌જી આત્માર્થી કહે છે. તે ગુરુદેવના સાનિધ્યમાં જઈ પહેલાં નિજને જાણવાનો પ્રયાસ કરે છે. અહીં જિજ્ઞાસુ શિષ્ય આત્મા–વિષયક શંકા ઉઠાવે છે. શિષ્ય શ્રદ્ધાળુ છે. આત્મા વિષેની પોતાની માન્યતાને વધુ દૃઢ કરવાના ભાવથી જ શંકા કરે છે.

એ કહે છે– ઇંદ્રિયગોચર ન હોવાના કારણે આત્મા છે જ નહીં અને હોય તો દેહ, ઇંદ્રિય કે પ્રાણ આ ત્રણમાંથી એકને આત્મા માની લેવો જોઇએ. જુદી નિશાની ન હોવાથી આત્માનું અલગ અસ્તિત્વ નથી. હવે ફરી એ જ વિષયમાં બીજી રીતે શંકા રજુ કરે છે—

**વળી જો આત્મા હોય તો, જણાય તે નહીં કેમ,**
**જણાય જો તે હોય તો, ઘટ-પટ આદિ જેમ....૪૭....**

ગુરુદેવ ! આત્મા હોય તો તે દેખાવો જોઇએ. જે ચીજોનું અસ્તિત્વ છે તે બધા જ પદાર્થો જણાય છે. તેનું જ્ઞાન થાય છે. એમ જો આત્મા હોય તો તેનું જ્ઞાન પણ થવું જોઇએ. જેમકે ઘટ એટલે ઘડો અને પટ એટલે વસ્ત્ર. એ બન્ને દેખાય છે. અહીં ઘટ–પટ કહી જગતના સર્વ જડ પદાર્થો તરફ સંકેત કર્યો છે. એટલે કે જગતના તમામ જડ પદાર્થોનું જ્ઞાન થાય છે. કારણ કે તેનું અસ્તિત્વ છે. તે રૂપી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણોવાળું છે.

આપણા તર્કશાસ્ત્રમાં પણ આ જ વાત કહેલ છે. અસ્તિત્વ અને નાસ્તિત્વની ચર્ચામાં જે પદાર્થનું જગતમાં ક્યાંય પણ અસ્તિત્વ નથી તે ન જ દેખાય. તે સમજાવવા ત્યાં આકાશકુસુમની ઉપમા અપાય. જેમકે આકાશકુસુમ નથી માટે તે દેખાતું નથી. આકાશકુસુમ એટલે આકાશનું ફૂલ. ફૂલ ઝાડમાં હોય, છોડમાં હોય, લતામાં હોય પણ જ્યાં આ કંઈ ન હોય ત્યાં માત્ર આકાશમાં એકલું ફૂલ કેમ ઉગે ? તે નથી એટલે તે જણાતું પણ નથી.

અહીં શિષ્ય પણ એ જ કહે છે કે જેમ ઘટ–પટ આદિ પદાર્થો દેખાય છે, કારણ તે છે, તેમ જો આત્મા હોય તો તે દેખાવો જોઇએ. આજના

વૈજ્ઞાનિક યુગમાં મોટા ભાગના માણસો આવી જ ધારણાવાળા હોય છે. તેઓ કહે છે કે અમારી દૃષ્ટિમાં આવે તેને જ અમે માનીએ. જે અમે ન જોઇ શકીએ તેને ન માનીએ. પણ તેઓને ખબર નથી કે ઘણી ચીજો એવી હોય છે કે જે નજરે ન દેખાતી હોય છતાં શ્રદ્ધાથી અથવા તેના પરિણામ પરથી પણ તેને માનવી પડે છે.

એક વારની વાત છે. આપણા માજી રાષ્ટ્રપતિ સર્વપલ્લી ડૉ. રાધા-કૃષ્ણન્ કે જેઓ મહાન ફિલોસોફર હતા, માત્ર વેદ વેદાંત, કે ભારતના દર્શનના જ અભ્યાસી હતા તેમ નહીં પણ વિશ્વની ફિલોસોફીના જાણકાર હતા.

એક વાર કેટલાક વિદ્યાર્થીઓ તેમને મળવા આવ્યા અને તત્ત્વજ્ઞાન વિષે તેમની સાથે ચર્ચા કરવા લાગ્યા. ભારતીય તત્ત્વજ્ઞાનમાં આત્મા તો હોય જ. કોઈપણ વિષયની દાર્શનિક ચર્ચા કરો એટલે તેમાં આત્મા તો રહેવાનો જ. આત્મા-વિષયક ચર્ચા ચાલી. તો પેલા વિદ્યાર્થીઓ કહે : "ડૉ. સાહેબ! અમે આત્માને માનતા જ નથી! આપ આટલી આત્મા વિષે વાત કરો છો, પણ હાથમાં લઈને આત્મા બતાવો તો જ અમે માનીએ!"

"ભાઈઓ! આત્મા છે અને તે સનાતન સત્ય છે. તમે માનો ન માનો તેથી આત્માનું અસ્તિત્વ મટી જતું નથી. એ તો ત્રણે કાળે રહેનાર શાશ્વત તત્વ છે."

"નહીં, ડૉ. સાહેબ! અમે તમારી પ્રતિભાથી અંજાઈ જઈ, તમારી વાત માની નહીં લઈએ. અમને તો હાથમાં આત્મા બતાવો તો જ માનીએ!"

"ઠીક, એ બતાવો! તમારામાં કોઈ બુદ્ધિશાળી વિદ્યાર્થી છે?"

"હા, કેમ?"

"જુઓ! આત્મા એક એવું તત્વ છે કે જે ખૂબ જ બુદ્ધિશાળી હોય તે જ એને જાણી શકે!"

"અમારામાંનો આ વિદ્યાર્થી બહુ જ બુદ્ધિમાન છે. તેને કોઇ પણ તત્ત્વ તરત સમજાઈ જાય છે. આજ સુધી Study માં હંમેશાં તે First Class First જ રહ્યો છે."

"જુઓ ભાઈઓ ! હું નથી ઓળખતો તમારા એ મિત્રને ! પણ તમે કહો છો એટલે માની લઉં છું. તો હવે એક કામ કરો. એની બુદ્ધિ કાઢીને આ ટેબલ પર મૂકો, એટલે હું મારો આત્મા કાઢીને બીજી બાજુ ટેબલ પર મૂકું !"

"અરે! ડૉ. સાહેબ! કેવી વાત કરો છો ! બુદ્ધિ કંઈ મગજમાંથી કાઢીને મૂકવાની ચીજ છે? કે આંખેથી જોવાની ચીજ છે?"

"તો શું છે? કેવી રીતે બુદ્ધિને જાણી શકાય ?"

"સાહેબ! એ તો માત્ર અનુભવવાની ચીજ છે. અમારો આ મિત્ર તેને અનુભવતો હશે અને બુદ્ધિના પરિણામરૂપ તેની શક્તિને આપણે જોઈ શકીએ, પણ બુદ્ધિ કઢાય નહીં અને જોવાય નહીં !"

"બસ, તો પ્યારા બાળકો ! હું પણ એજ કહું છું કે આત્મા અનુભવવાની ચીજ છે. પોતે તેને અનુભવી શકે. અને દેહમાં આત્મા હોવાથી તેના પરિણામ સ્વરૂપ દેહમાં થતી ક્રિયાને આપણે જોઈ શકીએ ! બોલવું, ચાલવું, ખાવું, પીવું, હરવું – ફરવું અને આપણું આખું યે જીવન, દેહમાં આત્મા છે તેનું પરિણામ છે. સમજ્યા? આત્મા કાઢીને હાથમાં લઈ જોવાની ચીજ નથી."

અને બંધુઓ ! વિદ્યાર્થીઓ સમજી ગયા ! ચાલ્યા ગયા ! તો કહેવાનું એ કે બધી જ વસ્તુઓ ઇંદ્રિયગોચર નથી હોતી. પણ શિષ્યના મનમાં શંકા છે તેથી એ કહે છે કે ઘટ–પટની જેમ આત્મા દેખાય તો તેને માનું. અને મેં કહ્યાં તેટલા બધા જ વિકલ્પોથી આત્મા સિદ્ધ થતો નથી, તો હવે આ વિષયમાં માત્ર એક જ વાત કહેવાની રહે છે તે એ કે –

**માટે છે નહીં આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય,**
**એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય...૪૮...**

હે ગુરુદેવ ! આ બધા તર્કોથી એમ માનું છું કે આત્મા નથી. જો આત્મા જ નથી તો બંધ કોનો અને મોક્ષ કોનો ? તો પછી પુરુષાર્થ પણ શાના માટે? આત્મા હોય તો તેને બંધ પણ હોય અને બંધ હોય તો

તેના મોક્ષનો ઉપાય પણ આચરવો પડે. પણ જો આત્મા જ નથી તો હવે કશું યે કરવાપણું રહેતું નથી.

હે કૃપાળુ ગુરુદેવ ! મારા અંતરની આ શંકાનું સમાધાન આપ વિના કોણ કરે ? માટે જ શ્રી ચરણોમાં વિનંતિ લાવ્યો છું કે સમાધાન આપો ! સુયોગ્ય શિષ્યને ગુરુદેવ પ્રતિ અત્યંત શ્રદ્ધા છે. ગુરુદેવની સમર્થતા પર વિશ્વાસ છે, કે મારા ગુરુદેવ મારી શંકાને શંકારૂપ નહીં રહેવા દે.

શિષ્ય પણ કદાગ્રહી નથી કે હું માનું છું તે જ સાચું ! ભાઇઓ ! કેટલાક લોકો શંકા લઇને તો આવે પણ સાથે પોતાનો આગ્રહ તો લઇને જ આવે કે પ્રશ્ન તો પૂછીશ, પણ તેમનું આપેલું સમાધાન નહીં સ્વીકારૂં. હું જે માનું છું તે જ બરાબર છે. આ તો જરા પૂછવા માટે પૂછું છું. જેની પાસે પોતાના પ્રશ્ન સાથે જ જવાબ તૈયાર હોય તેને સમજાવવો મુશ્કેલ છે. ખરેખર તો એ સમજવા નહીં પણ પરીક્ષા કરવા આવ્યો હોય છે. જિજ્ઞાસા વૃત્તિવાળો નહીં પણ નિંદક હોય છે. તો આ તો કદાગ્રહ છે. આવી માન્યતાવાળાને કદી તત્વની જાણકારી થાય નહીં.

અહીં શિષ્ય તો જિજ્ઞાસુ છે. પોતાની જિજ્ઞાસાની તૃપ્તિ માટે શંકા કરી છે. આગ્રહ લઈને નથી આવ્યો. ગુરુદેવના ચરણોમાં વિનય સમર્પિત કરતો, પોતાની શ્રદ્ધા સમર્પિત કરીને શંકાનો સદુપાય તેને જાણવો છે.

શિષ્યને ગુરુદેવ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા છે કે મારા ગુરુદેવ સમર્થ છે. સાધક છે. આત્માના ગવેષક જ નહીં પણ નિજની અનુભવદશા તેઓને વર્તી રહી છે. માટે ગુરુદેવ જરૂર મારી શંકાનું સમાધાન આપશે એવો તેને દૃઢ વિશ્વાસ છે.

હવે ગુરુદેવ આત્માના અસ્તિત્વની સિદ્ધિ કઈ રીતે કરશે અને તે શિષ્યના અંતરમાં કેટલી ઉતરશે તે અવસરે.

---

# ભાસ્યો દેહાધ્યાસથી.... !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, જેણે મોક્ષ માર્ગને યથાર્થ જાણ્યો છે તે જ કરી શકે છે. ભૂલેલો જીવ, ભ્રમમાં ભટકયા કરે છે તેથી આરાધના તેને સૂઝે જ નહીં.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં વિચારવાન તથા દશાવાન શિષ્યની શંકાઓ વિષે ચર્ચા ચાલી રહી છે. પોતે કોણ છે? તે જાણવાની અદમ્ય અભિલાષા ગુરુદેવના સમીપે શિષ્યને મુખરિત કરે છે. શિષ્યના મુખે એક પછી એક શંકા નીકળી રહી છે. એક આત્મતત્ત્વને સમજવા શિષ્યે જુદી-જુદી કેટલી રીતે સંદેહ મૂકયાને ગુરુદેવ પણ એવી જ ઉત્કૃષ્ટ હિતવૃત્તિથી શિષ્યની શંકાઓનું સમાધાન કરવાના ઇચ્છુક છે.

તેઓના અંતઃકરણમાં, શિષ્યની શંકા સાંભળી આનંદ થાય છે. શિષ્ય પર પ્રસન્ન થઈ ઉઠે છે. શંકાનો કરનાર શિષ્ય કૃપાપાત્ર બની ગયો! કેમ? શંકા કરનાર તો અજ્ઞાની હોવો જોઇએ! તેના પ્રત્યે વત્સલતા કે કંટાળો? ગુરુદેવ વિચારે છે- મેં સુયોગ્ય શિષ્યને જ્ઞાનનો અધિકારી માન્યો છે. આત્મા જેવા મૂળભૂત તત્વ પર શિષ્યે કેટલી વિચારણા કરી હશે; આત્મચિંતનના કેટલા ઊંડાણમાં એ ગયો હશે કે તેને આવી તર્ક-યુક્ત શંકાઓ જાગી છે! તેથી ગુરુદેવ સમાધાન આપવા તત્પર થાય છે.

આવી શંકા થવા પાછળ શિષ્યની વિચારદશા હોવા પછી પણ, શિષ્યની કયાંક ભૂલ છે. એ ભ્રમમાં છે, એ પણ એક કારણ છે. તેથી માનવમનના ઊંડાણને પામી કઈ યુક્તિ કારગત નીવડશે તે સમજી પહેલો જ પ્રહાર શિષ્યના અંતરમાં રહેલી ભૂલ પર કરે છે. તેઓ કહે છે —

**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન ;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન....૪૯....**

શ્રીમદ્જી ગુરુમુખથી ફરમાવે છે કે જીવની અનાદિ ભૂલ છે, ભૂલને લીધે જ એ સંસારમાં ભમ્યો છે. જો ભૂલ નીકળી ગઈ હોત તો જીવનું પરિભ્રમણ ન હોત, પણ ભૂલને ભૂલી શકયો નથી માટે જ રઝળી રહ્યો છે. એ ભૂલ એટલે જ અનાદિનો દેહાધ્યાસ.

દેહાધ્યાસ એટલે શું ? દેહ અને અધ્યાસ એવા બે શબ્દો છે અહીં. તેમાં ય અધ્યાસ = અધિ + આસ. અધિ ઉપસર્ગ છે. તેના બે અર્થ થાય એક અંદર અને બીજો ઉપર અને સ્થા–તિષ્ઠ ધાતુથી બનેલો શબ્દ તે આસ. તેનો અર્થ છે બેસવું. એટલે કે અધ્યાસ શબ્દનો અર્થ થયો અંદર બેસવું. ઉપર બેસવું. અહીં દેહ સાથે અધ્યાસ શબ્દ જોડાઇને અર્થ કરે છે, દેહમાં બેસવું. અર્થાત્ દેહમાં મારાપણું. દેહ તે જ હું, એવો ભ્રમ તે દેહાધ્યાસ.

પહેલાં અભ્યાસ પછી અધ્યાસ. જે ચીજનો ઉંડો અભ્યાસ થાય છે એટલે કે વારંવાર રટણ થાય છે, વારંવાર પરિચય થાય છે, તે છે અભ્યાસ અને આ અભ્યાસની નિરંતરતા, એક પળની પણ વિસ્મૃતિ ન થવી તે છે અધ્યાસ.

જીવને મોટામાં મોટો અભ્યાસ હોય તો તે દેહનો જ છે. એ બીજું ઘણું વિસ્મૃત કરી શકે છે. પણ પોતે દેહ છે એ ક્દી યે વિસર્યો નથી. આનું કારણ શું ? આજ સુધી આ જીવે અનંત જન્મ ધારણ કર્યા. દરેક જન્મમાં દેહ તો મળ્યો જ. આંખ, કાન, નાક, જીભ મળ્યા કે ન પણ મળ્યા. કયારેક બે, ત્રણ, ચાર, પાંચ જુદી–જુદી ઇન્દ્રિયો મળી પણ એકે ય ભવ એવો નથી થયો કે જ્યાં તેને દેહ વગર રહેવું પડયું હોય. તેથી જીવને દેહનો અભ્યાસ રહ્યો જ છે. અનંતકાળથી જીવ દેહ સાથે જ જીવી રહ્યો છે. એક ક્ષણ પણ એ દેહને વિસરતો નથી. આ સ્મરણ નિદ્રામાં પણ તેને રહ્યાં કર્યું છે.

રાતની ગાઢ નિદ્રામાં મચ્છર કરડે તો પણ ખબર પડતી હોય છે. દેહને પીડા થઈ તેનું ભાન આત્માને હોય છે. દેહ સુષુપ્ત પડયો હોય પણ આત્મા દેહની પીડાનું જ્ઞાન કરી લે છે. એટલે એ અવસ્થામાં પણ

દેહાત્મ બુદ્ધિ જતી નથી. આમ દેહનો પરિચય અનંતકાળનો હોવાથી દેહ તે જ હું, એ અભ્યાસ થઈ ગયો છે.

પ્રશ્ન થાય કે શું આ આત્મા અનંતકાળમાં દેહ વગર કયારે ય નથી રહ્યો ? ઉત્તરમાં શાસ્ત્રો કહે છે કે આત્મા મૃત્યુ પછી એક શરીરમાંથી નીકળે અને બીજું શરીર ધારણ કરે તે વચ્ચેનો સમય બહુ જ અલ્પતમ હોય છે. જો આત્મા ઋજુગતિથી જાય તો તે એક સમયમાં જ અર્થાત્ પેલે સમયે આ શરીરથી નીકળે અને બીજે સમયે બીજું સ્થૂલ શરીર ધારણ કરી લે છે. તેથી માત્ર એક જ સમય દેહ રહિત રહે છે પણ વક્રગતિથી જાય એટલે કે બે–ત્રણ વળાંક લઇને જાય તો ત્રણ કે ચાર સમય સ્થૂલ દેહ રહિત રહે છે અને પછી બીજું શરીર ધારણ કરી લે છે. આમ વધુમાં વધુ માત્ર ચાર સમય દેહ રહિત જીવ રહે છે. જો કે તૈજસકાર્મણ રૂપ સૂક્ષ્મ શરીર તો સાથે હોય જ છે. અનંતકાળના પ્રવાહમાં ચાર સમય અત્યંત તુચ્છ છે. તેથી આત્માને દેહનો અધ્યાસ થઇ ગયો છે. દેહ તે જ હું, એવી નિરંતરની સ્મરણદશાના કારણે દેહના ધર્મોને પોતાના ધર્મો માની લીધા. દેહના સંબંધીઓને પોતાના સંબંધી માનીને ભાન ભૂલ્યો.

પણ દેહ તે આત્મા નથી. દેહથી જુદો હું આત્મા છું એનું ભાન નથી. હે શિષ્ય ! દેહ તે આત્મા કેમ હોઈ શકે ? દેહ અને આત્માનાં લક્ષણો પ્રગટ રૂપે ભિન્ન ભિન્ન દેખાય છે. શ્રીમદ્જીના જ શબ્દોમાં–

**દેહ જીવ એક રૂપે ભાસે છે અજ્ઞાન વડે,**
**ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે.**
**જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુ:ખ, મૃત્યુ,**
**દેહનાં સ્વભાવ જીવ પદમાં જણાય છે.**
**એવો જે અનાદિ એક રૂપનો મિથ્યાત્વ ભાવ**
**જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે.**
**ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,**
**બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.**

અજ્ઞાનના કારણે જ દેહ અને આત્મા એક ભાસે છે ને તેથી જ સર્વ પ્રવૃત્તિઓ જેવી કે રોગ, શોક, દુ:ખ વગેરે દેહના ધર્મો હોવા છતાં

આત્માના માની લીધા છે. પરંતુ ખરેખર એમ નથી. બન્ને દ્રવ્યોનાં લક્ષણો તદ્દન જુદાં છે અને જુદાં જ રહે છે.

આત્માનું લક્ષણ છે ચેતન. જ્ઞાતા–દૃષ્ટા ભાવ. જોવું અને જાણવું. અને દેહ પુદ્ગલ છે, જડ છે. તેનું લક્ષણ છે સડન, પડન, વિધ્વંસન, નાશ પામવું. આત્માનું લક્ષણ જડમાં ન હોય. જડનું લક્ષણ આત્મામાં ન હોય. બન્ને દ્રવ્યો સર્વથા સ્વતંત્ર છે. આત્માની સામે જેટલા પદાર્થો આવે, બધાનું જ્ઞાન તેને થાય છે. જ્યારે જડની સામે હજારો વર્ષ સુધી પદાર્થો પડ્યા રહે તો પણ તેને જ્ઞાન થાય જ નહીં કારણ કે જાણવું તે જડનો સ્વભાવ નથી.

આ શરીર પરમાણુના સમૂહથી બનેલું છે. અનંત–અનંત પરમાણુઓના સ્કંધરૂપ આ શરીર સડે, ગળે, જીર્ણ થાય, નષ્ટ થાય. ગમે તેવા મજબૂત અને પહેલવાન શરીરને ગળતાં ને જીર્ણ થતાં આપણે જોયું છે કારણ તે તેનો સ્વભાવ છે. જ્યારે દેહ ગળ્યા પછી પણ, જીર્ણ થયા પછી પણ તેમાં રહેલ આત્મા ગળતો નથી, સડતો નથી. તે જેવો છે તેવો જ રહે છે. તેમાં કશો જ ફેર પડતો નથી.

વળી દેહ જડરૂપી છે. આત્મા અરૂપી છે. જડ પદાર્થો ઇંદ્રિયગોચર છે. પણ આત્મા ઈન્દ્રિયો વડે જાણી શકાય નહીં. આપણે દેહને જ જોયો છે. આત્માને જોયો નથી. તેથી જ શ્રીમદ્જી શિષ્યને કહે છે ભાઇ ! તેં અનાદિથી દેહનો પરિચય કરી તેનો અધ્યાસ થતાં દેહ તે જ હું એમ માની લીધું છે. તેથી આત્મા દેહથી ભિન્ન છે તે માનવાની તારી તૈયારી નથી. પણ બન્નેનાં લક્ષણો ભિન્ન છે અને જેનાં લક્ષણો જુદાં હોય તે એક કેવી રીતે હોઈ શકે ? આ જ વાતને વધુ સ્પષ્ટ કરવા ગુરુદેવ દેહ-આત્માની ભિન્નતાને બીજી રીતે સમજાવે છે—

**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,**
**પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન...૫૦...**

હે શિષ્ય ! દેહાધ્યાસના કારણે, અજ્ઞાનના પરિણામે તને દેહ અને આત્મા એક ભાસ્યા પણ તે બન્ને અત્યંત જુદાં છે. પુરૂષની કમરમાં લટકતી તલવાર, માત્ર મ્યાનરૂપ જ દેખાય છે પણ મ્યાનમાં તલવાર

છે અને તે બન્ને જુદાં છે. મ્યાનમાં સમાઈ જવાના કારણે બન્ને એક દેખાય છે, એટલું જ નહીં, પણ સોનાની હોય તેમ ભાસે છે. નાટક સમયસારમાં કવિવર બનારસીદાસ કહે છે—

ખાંડો કહિયે કનકકૌ
કનક-મ્યાન સંયોગ
ન્યારૌ નિરખત મ્યાન સૌં
લોહ કહૈં સબ લોગ...!

સુવર્ણમ્યાનના સંયોગે, તલવાર પણ સોનાની કહેવાય. પણ જ્યારે મ્યાનથી અલગ કરીને જોઈએ તો તે લોહની જ હોય. તે સોનાના, રત્ન-જડિત મ્યાનમાં રહેવા છતાં પણ સોનાની થઈ જતી નથી. તે પોતામાં જ રહે છે. ભલે બહારથી સોનાના નામે ઓળખાતી હોય પણ તે પોતાનું સ્વરૂપ છોડી મ્યાનરૂપ થઈ જતી નથી. વળી બનારસીદાસ કહે છે—

જ્યોં ઘટ કહિયે ઘીવકૌ,
ઘટકો રૂપ ન ઘીવ
ત્યૌં વરનાદિક નામ સૌં
જડતા લહૈ ન જીવ...

જેમ ઘી નો ઘડો કહેવાય છે. વાસ્તવમાં ઘડો માટીનો કે અન્ય ધાતુનો હોય પણ તેમાં ઘી રહેવાથી એ ઘીનો ઘડો કહેવાયો. તેમ જીવ પણ જેવા શરીરમાં રહે તેના નામે, વર્ણે કે જાતિએ ઓળખાય. પણ જડના એ ધર્મો પોતામાં આવે નહીં. તે જડથી સદા ભિન્ન રહે છે. કારણકે આત્મા દેહથી સર્વથા ભિન્ન જ છે.

માટે જ સદ્ગુરુ કહે છે અનાદિના અધ્યાસના કારણે તું દેહને આત્મા માની લેવાની વાત કરે છે. જેમ વનમાં ભમતા મૃગને, અંદરની પ્યાસ તડપાવી રહી હોય અને તે જળની શોધમાં આથડતો હોય, ગ્રીષ્મની ઋતુના ભયંકર તાપમાં જ્યાં સૂર્ય અગ્નિ વરસાવી રહ્યો હોય, પૃથ્વી પર પડતાં સૂર્યનાં તપ્ત કિરણો, રેતાળ પ્રદેશમાં હવાના કંપનો વચ્ચેથી પસાર થાય, ત્યારે સૂર્યકિરણમાં સ્પંદાયમાન હવા વહેતા પાણીનો ભાસ ઉભો કરે. તૃષાતુર મૃગ જળ સમજી દોડે પણ પાણી દૂર ને દૂર સરકતું જાય. હાથમાં આવે જ નહીં. આ છે મૃગજળ .

દેહની પ્રવૃત્તિને, આત્માની પ્રવૃત્તિ માની લઇને, દેહ તે જ આત્મા એવો ભાસ ઉભો કર્યો છે. પણ જેમ મૃગજળ તે માત્ર ઝાંઝવાં છે પણ પાણી નથી તેમ દેહ તે આત્મા નથી. પણ દેહ જડ, આત્મા ચેતન એ બન્નેનાં લક્ષણો અત્યંત ભિન્ન છે. જડમાં ચેતનનો એક અંશ નથી અને ચેતનમાં જડનો એક અંશ નથી. લક્ષણની ભિન્નતાના કારણે બન્ને ભિન્ન છે. તે કર્મ સહિત આત્મા, દેહ વિના રહી શકતો નથી. માટે બન્નેનો આધાર આધેય ભાવ છે. જેમ આકાશનો સ્વભાવ છે–જડ–ચેતન સર્વ પદાર્થોને આધાર આપવો. જગતના સર્વ પદાર્થોને આકાશ સાથે આધાર–આધેય ભાવ છે. આકાશ આધાર છે અને તેમાં રહેલા પદાર્થો આધેય છે. તેવી જ રીતે દેહ અને દેહીનો સંબંધ છે. દેહીને દેહે આધાર આપ્યો છે માટે દેહ આધાર છે અને દેહી એટલે આત્મા આધેય છે. આકાશમાં રહેલ પદાર્થો આકાશ રૂપ નથી પણ તેનાથી સર્વથા ભિન્ન છે તેમ દેહમાં રહેલો આત્મા દેહ રૂપ નથી પણ દેહથી સર્વથા ભિન્ન છે.

શિષ્યની શંકા હતી– અથવા દેહ જ આતમા– તેનું સમાધાન ગુરુદેવે આપ્યું. અને દેહ–આત્મા ભિન્ન છે તથા દેહ તે આત્મા નથી પણ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે તે સમજાવ્યું.

આત્માના અસ્તિત્વના વિષયમાં શિષ્યે કરેલી અન્ય શંકાઓનું સમાધાન, ગુરુદેવ હવે કહેશે.

# અબાધ્ય અનુભવ જે રહે......!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ, અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્માની અનંત શાશ્વત શક્તિઓને જાગૃત કરે છે. આત્માની અનંત શાશ્વત શક્તિ એટલે જ આત્માના અનંત ગુણ. આ સર્વ ગુણો, સંપૂર્ણ નિર્મળતા સહિત જ્યારે પ્રગટ થઈ જાય ત્યારે જીવ અનંત સુખને પામે છે. અનંત શક્તિઓનો અનુભવ કરે છે.

આ અનંત શકિતઓના અનુભવ માટે અજોડ પુરુષાર્થ આવશ્યક છે. સર્વ પ્રથમ 'હું આત્મા છું.' એ જાણે, એ અનુભવે અને પછી એ માણે. એ જ છે સત્ય પુરુષાર્થ.

અહીં આવા જિજ્ઞાસુ સાધક શિષ્યને પોતાના હોવાપણાનો ભાવ અંતરમાંથી જાગતો હોવા પછી પણ મન સંશયોથી વિચલિત થઈ જાય છે. તેને પોતાની શ્રદ્ધામાં સ્થિર થવું છે. પરભાવોથી વિરકત થઈ સ્વભાવ દશામાં રમવાની ભાવનાવાળો એ જિજ્ઞાસુ છે. તેથી જ તે સદ્ગુરુના શરણમાં આવ્યો છે. એટલું જ નહીં, સમર્પિત થઈ ગયો છે.

શિષ્યનું ત્રિ-યોગે સમર્પણ ગુરુદેવના હૃદયને પ્રફુલ્લિત કરે છે. અને ગુરુદેવ અંદરમાં રહેલા જ્ઞાન-ભંડારને ખોલી નાખે છે.

શિષ્યને પ્રથમ તેની ભૂલ સમજાવે છે કે જે ભૂલ સર્વ સાધારણ જીવો પણ કરી જ રહ્યા છે, સામાન્ય રીતે સહુ માનવો દેહને જ આત્મા માનતા હોય છે. દેહથી જુદો આત્મા હોય તેવું ભાન જ નથી હોતું. પણ અહીં તો ગુરુદેવ શિષ્યની આ ભૂલનું કારણ સમજાવવાની સાથે, એ ભૂલને સુધારવાની રીતો પણ બતાવે છે.

આત્મા અને દેહ, ચૈતન્ય અને જડ લક્ષણ વડે જુદા જ છે બન્નેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. બન્નેની સ્વતંત્ર શક્તિઓ છે. મ્યાન અને તલવારના દ્દષ્ટાંતે દેહ અને આત્મા ભિન્ન છે. તલવાર મ્યાનમાં એક–બે નહીં પણ સેંકડો, હજારો વર્ષ સુધી પડી રહે તો પણ તે મ્યાનરૂપ ન થાય. તેવી જ રીતે અનંતકાળથી આત્મા શરીરમાં જ રહેતો આવ્યો છે. છતાં શરીરરૂપ ન થાય, આત્મા–રૂપ જ રહે.

આ રીતે શિષ્યને તેની ભૂલનું ભાન કરાવ્યા પછી હવે શિષ્યની શંકાનો ઉત્તર આપે છે. શિષ્યે કહ્યું હતું— **'નથી દ્દષ્ટિમાં આવતો નથી જણાતું રૂપ'** અહીં નથી 'નથી દ્દષ્ટિમાં આવતો' કહીને શિષ્યેપ ંચે ઇંદ્રિયોમાં આંખને મહત્ત્વ આપ્યું છે તે વિચારણીય છે. વ્યવહારિક દ્દષ્ટિથી વિચાર કરીએ તો પણ માનવ શરીરમાં આંખ સિવાયની બીજી ઇંદ્રિય ન હોય તો એટલી મુશ્કેલી ઊભી નથી થતી. પણ આંખ ન હોય તો જીવન સૂનું–સૂનું લાગે છે. અપૂર્ણ લાગે છે. આંખ વગર માનવ પરવશ થઈ જાય છે. તેથી શિષ્યે પણ આંખને જ સર્વસ્વ માની તેને લક્ષ્યમાં રાખી શંકા ઉઠાવી છે.

પણ અધ્યાત્મશાસ્ત્રમાં એથી કંઈક જુદું બતાવવામાં આવ્યું છે. ચિંતન કરતાં એમ લાગે છે કે બીજી ઇંદ્રિયો પર વિશ્વાસ કરી શકાય પણ આંખ પર વિશ્વાસ ન કરી શકાય. આંખ તો છેતરે છે. ભય ઊભો કરે છે, પદાર્થમાં જે નથી તે બતાવે છે. આત્મવૃત્તિને બહિર્મુખ કરવામાં આંખ મોટો ભાગ ભજવે છે.

નિષેધાત્મક દ્દષ્ટિકોણથી વિચાર કરીએ તો એક અંધ વ્યક્તિ જેટલો પવિત્ર અને સરળ હોય એટલો બહેરો કે મૂંગો વ્યકિત નથી હોતો. કારણ એ છે કે આંખ બીજી ઇંદ્રિયોને પણ ભોગો માટે પ્રેરિત કરે છે જેથી દ્રષ્ટા પાપી થઈ વિકારી થઈ. જીવનભર પાતકી રહી દુર્ગતિને નોતરે અને અંતે સત્યાનાશ. તેથી જ વાણીમૌન કરતાં પણ દ્દષ્ટિમૌનની વિશેષ આવશ્યકતા છે.

આમ આંખ જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે તેથી જ શિષ્ય આત્માને પણ આંખો વડે જ જાણવા પ્રેરાયો છે. તે કહે છે-આંખોથી આત્મા દેખાતો નથી, કે આત્માનું કોઈ રૂપ પણ દેખાતું નથી. માટે આત્મા નથી. આનું સમાધાન કરતાં ગુરુદેવ ફરમાવે છે—

**જે દષ્ટા છે દષ્ટિનો, જે જાણે છે રૂપ**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.......૫૧**

ગુરુદેવના મુખ પર સ્મિત ફરકી રહ્યું છે. તેઓ ફરમાવે છે, હે શિષ્ય ! જે પોતે જ સર્વને જોનાર છે, જાણનાર છે તેને કોણ જાણી શકે ? કોણ જોઈ શકે ? આપણે જગતના પદાર્થોને આંખ વડે જોઈએ છીએ. પણ આંખને જાણનાર તથા જોનાર બીજું એક તત્ત્વ આ દેહમાં છે. અને તે છે આત્મા.

આત્મા સ્વ-પર પ્રકાશક છે. તે પોતે પોતાને જાણે છે, જુએ છે અને સાથે સંસારના સર્વ જ્ઞેયને પણ જાણે છે. તેથી જે આંખો વડે જગત જોવાય તે આંખો અને જગત બન્ને આત્મા વડે જોવાય. કહ્યું પણ છે કે—

**જ્યાં દશ્ય છે ત્યાં શ્ય-દષ્ટિ ઉભયનો દષ્ટા ય છે**
**નિજ-પર પ્રકાશક આત્મની ચૈતન્ય સત્તા પ્રગટ છે....**

જ્ઞાન એ આત્માનો ગુણ છે. જડનો નહીં. સ્થૂલ બુદ્ધિથી વિચારવા ટેવાયેલા આપણે એમ માનતા હોઇએ છીએ કે મેં આંખથી જોયું--જાણ્યું. પણ આંખ તો જડ છે. માત્ર સાધન છે. તેનામાં જ્ઞાન-શક્તિ નથી. આંખ પણ ત્યારે જ જોઈ શકે છે કે જ્યારે દેહમાં આત્મા હોય અને એ આત્માનો જ્ઞાનોપયોગ આંખ સાથે જોડાય ત્યારે તે પદાર્થોને જોઈ શકે છે. આંખે જોયું પણ તે જાણ્યું તો આત્માએ જ. આંખ તો મકાનમાં રહેલ બારી જેવી છે બારીમાં ઉભેલો મનુષ્ય બહારનાં દશ્યોને જુએ તેમાં બારીએ શું કર્યું ? જોનાર તો માનવ છે, પણ બારી માધ્યમ માત્ર છે. તેમ આંખ વડે જ્યારે પદાર્થો જોઇએ છીએ ત્યારે 'મેં આંખ વડે અમુક પદાર્થ જોયો' આવો અનુભવ કરનાર કર્તા આત્મા

છે અને આંખ કરણ છે. આત્મા પદાર્થને જુએ તેમ દેહમાં રહેલી આંખને પણ જુએ. માનવ શરીરની સર્વ ઇંદ્રિયોમાં આંખ વિશેષ શક્તિ ધરાવનાર માધ્યમ છે. પર્વતના શિખર પર ઉભેલો માનવ દૂર–સુદૂર ક્ષિતિજ સુધી દૃષ્ટિ દ્વારા અવલોકન કરે. વચમાં આવતાં નદી અને ઝરણાં, પહાડ અને વન, સાગર અને વૃક્ષ, પંખી અને માનવ સહુને એકી સાથે પોતાની નાની એવી કીકીમાં સમાવી લે. તેથી જ દશ્યો કરતાં દૃષ્ટિ વિશાળ. પણ વૈજ્ઞાનિક નિયમ કહે છે સૂર્ય–પ્રકાશ પદાર્થ પર પડે ત્યારે જ એ પદાર્થ માનવની આંખમાં પ્રતિબિંબિત થાય છે. અને આંખ એ પદાર્થને જોઈ શકે છે. માનો કે સૂર્યકિરણો એક સુંદર પદાર્થ પર પડયાં અને તે પદાર્થ તમારી આંખમાં પ્રતિબિંબિત થયો. પણ તમે જ ન હો, તો તેનું જ્ઞાન કોને થાય? બંધુઓ! તેનો અર્થ એ થયો કે દૃષ્ટિને જોવાવાળો દૃષ્ટા અંદર બેઠો છે. જેની ઉપસ્થિતિ વિના આંખ, આંખ નહીં પણ માત્ર ગોખલા જ. એટલે જ દૃષ્ટા સ્વયમેવ છે. દૃષ્ટિ તેની શક્તિ છે, આંખો તેનું માધ્યમ છે અને બાકી બધું દશ્ય છે.

આત્માની સ્વ–પર પ્રકાશક ચૈતન્ય સત્તા સદા તેમાં વિદ્યમાન છે. આત્મા અંતર્મુખ થાય તો પોતે પોતાને જાણે છે અને બહિર્મુખ થાય તો ઇંદ્રિય અને મનના સાધનથી પદાર્થોને જુએ તેમજ ઇંદ્રિય–મનના સાધન વગર પણ અવધિ કે મનઃપર્યવ જ્ઞાન વડે પણ જગતના પદાર્થોને જુએ. એ જ રીતે કેવળજ્ઞાન થાય ત્યારે આત્મા તો અંતર્મુખ જ હોય પણ આખા યે વિશ્વના સર્વ પદાર્થોનાં પ્રતિબિંબ તેમાં પડે. એટલે આત્માને સ્વને જાણવા કે પરને જાણવા ઇંદ્રિયાદિકની આવશ્યકતા છે જ એમ નથી. તેથી જ કહ્યું કે આત્મા દૃષ્ટિ તથા દશ્ય બન્નેનો દૃષ્ટા છે. માટે તે પોતે આંખો વડે જોઈ શકાય નહીં.

પોતે પોતામાં આત્માને અનુભવવો કઇ રીતે? આજ સુધીના આપણા અનુભવો પરભાવોના આશ્રયે, પર પદાર્થના આશ્રયે જ થયા છે. આપણું આખું યે જીવન પરાનુભવથી જ ભર્યું છે; આજ સુધી જે જે અનુભવો કર્યા તે એક–એક કરીને જોઈ જઇએ અને પછી ધીમેથી સરકતા જઇએ અને જોઇએ કે કંઈ બાકી રહે છે કે નહીં?

પાંચે ઇંદ્રિયના ૨૩ વિષયો સાથે નિત્ય ખેલીએ છીએ. હું સાંભળું છું, જોઉં છું, સૂંઘું છું, રસાસ્વાદ લઉં છું, સ્પર્શું છું, આ છે પાંચે ઇંદ્રિયોનો અનુભવ. સાથે હું વિચારૂં છું એ છે મનનો અનુભવ. આપણે વિચારીએ !હું સાંભળું નહીં, કાનની શક્તિ સમાપ્ત થઇ જાય તો હું રહું કે નહીં ? એ જ રીતે આંખોને અંધાપો આવે. કંઈ જ ન જોઈ શકાય. ગંધ લેવાની શક્તિ નષ્ટ થઇ જાય, રસાસ્વાદને જાણી ન શકાય અને અન્તે માનો કે Paralysis થઈ જાય. આખું યે શરીર ખોટું થઈ જાય. શારીરિક સંવેદનાનો અનુભવ ન થાય. ત્યારે પણ 'હું છું' એવો ખ્યાલ રહ્યા કરે છે કે નહીં ? 'હું કોણ છું' એ ભલે ખબર ન રહે. જાણી પણ ન શકીએ પણ હું જીવું છું, મારૂં અસ્તિત્વ છે તો હું કાન, આંખ, નાક, જીભ કે સ્પર્શ નથી પણ એથી જુદો છું, એ ખ્યાલ તો રહે છે.

એમ મનથી વિચારતા હોઇએ ત્યારે શબ્દપ્રયોગ કરીએ છીએ. મારા મનમાં થયું કે....હવે 'મારૂ'–'મન' તો બે પદાર્થ જુદા થયા. મન જુદું છે. મારૂં મન કહેનાર તે મનથી જુદો છે. માટે મન તે પણ હું નથી. મનથી કોઇ જુદું તત્ત્વ તે હું છું.

વળી આગળ વિચારતાં હું આ જગતમાં, બાહ્ય રૂપે જે રીતે ઓળખાઉં છું તે હું છું ? મને લોકો મનુષ્ય કહે છે તો હું મનુષ્ય છું ? જો મનુષ્ય જ હોઉં તો સદા મનુષ્ય જ રહું, પણ એમ નથી. જન્મ્યો મનુષ્ય રૂપે અને મરીશ એટલે જેને લોકો મનુષ્ય કહે છે તે તો અહીં જ રહેશે. પણ તેમાંનો 'હુ' તો ચાલ્યો જશે. મરણ થાય ત્યારે મનુષ્ય શરીર નથી જતું. તે અહીં છે છતાં લોકો કહે છે કે એ તો ચાલ્યો ગયો. તો ચાલ્યો જનાર મનુષ્ય નથી, એ એથી જુદો કોઈક છે. માટે હું મનુષ્ય નથી.

અને જો મનુષ્ય નથી તો મનુષ્ય હોવાના નાતે સંબંધીઓ સાથેના સંબંધરૂપ પણ નથી. મા–બાપ, ભાઇ–બહેન વગેરે સ્વજનોએ જે સંબંધ મારામાં માન્યો છે તે પણ હું નથી. સ્ત્રીરૂપ કે પુરૂષરૂપ એ પણ મારૂં રૂપ નથી. એ પણ અહીં જ રહે છે. અને તેમાંનો હું, અલગ થઇ ચાલતી પકડે છે.

આમ મેં, મને જે જે બાહ્ય અનુભવોથી અનુભવ્યો તે બધા જ અનુભવોને મારામાંથી દૂર કરીને જોઉં તો એ બધાથી પર એક અનુભવ તો રહે જ છે કે 'હું છું'. વળી આ અનુભવ સર્વ જીવોને રહે છે. તે જ્ઞાની હોય કે અજ્ઞાની 'હું છું' તે બધાને ખબર છે. જ્ઞાની 'હું છું' થી 'હું આત્મા છું' એમ અનુભવતો હોય. અજ્ઞાનીને જાણ નથી. વળી બાળકને પણ પોતાના હોવાપણાનો ખ્યાલ છે. કારણ આ અનુભવ બાધા રહિતનો અનુભવ છે. આ અનુભવ કરવામાં કોઈ જ વિઘ્નકર્તા બની ન શકે. જીવ પોતે ક્યાંય કોઇને બાધા કરતો નથી. અને પોતે પણ કોઇથી બાધ્ય થતો નથી. માટે જ શ્રીમદ્‌જીએ કહ્યું કે અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ. ષડ્ દ્રવ્યો એક પ્રદેશાવગાહી છે, જેમાં માત્ર આપણે જ એક ચૈતન્ય, બાકી પાંચ જડ તેથી જ આત્મા દૃષ્ટા છે. જડમાં દૃષ્ટિ નથી અને તે દૃષ્ટા પણ નથી. છતાં જડદ્રવ્ય વર્ણાદિ સહિત હોવાના કારણે રૂપી છે તેથી જ જીવને ભ્રમ થયો છે, તેમાં પ્રીતિ થઇ છે. બાકીનાં દ્રવ્યો શક્તિ રૂપે છે. અરૂપી છે તેના પર જીવને પ્રીતિ થતી નથી.

રૂપી દ્રવ્યને જીવ જાણે. જીવ પોતે અરૂપી એટલે દૃષ્ટા અરૂપી અને દૃશ્ય રૂપી. બન્નેના એકપણાનો ભાસ તે સંસાર. પણ ગહનતામાં જઇ વિચાર કરીએ તો જડ–ચેતન બન્નેનાં લક્ષણો અને ગુણો ભિન્ન છે. એટલે સંસાર તે માત્ર દૃષ્ટિ અને દૃશ્ય વચ્ચેનો એક અવિકલ ભ્રમ છે. માટે જ શ્રી સહજાનંદ સ્વામીએ કહ્યુ છે–

**દૃશ્ય તો ઝેર છે જીવ વ્યાકૂળ કરે,**
**દૃશ્યમાં દૃષ્ટિ જોડે ન મહાત્મા......**

જીવ દૃશ્યમાં લોભાઈ જાય તો તે ઝેરરૂપ પરિણમે છે વ્યાકૂળતા ઊભી કરે છે. એટલે જ સાધના–રત સાધક દૃશ્યથી દૃષ્ટિને હટાવીને દૃષ્ટામાં જોડે છે.

શ્રીમદ્‌જી પણ નીચેના દોહામાં આ જ ભાવો વ્યક્ત કરે છે કે જીવ અરૂપી છે. જડરૂપી છે, બેયના ગુણો અને પર્યાયો તદ્દન ભિન્ન છે. છતાં અરૂપી એવા ચેતન દૃષ્ટાને, જે રૂપીનો ભાસ થયો, ગ્રહવાપણાનું

ગાંડપણ થયું, તે મોટું આશ્ચર્ય છે જે અકથ્ય છે. પોતે આત્મા અરૂપી હોવા છતાં રૂપી પર્યાયોમાં અનંતકાળ ગુલામ થઈ વર્ત્યો છતાં તેને તે બંધન રૂપ લાગ્યું જ નહીં, એ કેવી વાત છે ?

**ગ્રહે અરૂપી રૂપીને એહ અચરજની વાત**
**જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત........**

ગુરુદેવ શિષ્ય ને સમાધાન આપે છે. વત્સ ! આંખેથી નહીં દેખાતો આત્મા જ સર્વને જોનાર અને જાણનાર છે, તથા સર્વ બાહ્ય ભાવોને બાદ કરતાં-કરતાં અંતે જે બાકી રહે છે અને 'હું છુ'' નું જે સતત ભાન રહે છે. ઇંદ્રિયોની સંવેદના કયારેક ન પણ હોય, પણ આત્માનું સંવેદન નિરંતર હોય જ છે. તે જ જીવનું સ્વરૂપ છે. અને તે મન, બુદ્ધિ, ઇંદ્રિય વડે જાણ્યા પછી પણ આનો એક માત્ર ઉકેલ છે નિજ અનુભવ. માટે તારા મનમાં જાગેલ શંકા-' તેથી ન જીવ સ્વરૂપ', તે યથાર્થ નથી.

શિષ્યને સમાધાન થયું. ગુરુદેવના ચરણે મસ્તક નમાવી, મૂકેલા બીજા તર્કોનું સમાધાન પણ ચાહી રહ્યો છે તે અવસરે.......

## ......પણ આત્માને ભાન !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્-દર્શન, સમ્યગ્-જ્ઞાન અને સમ્યગ્-ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સંસારમાર્ગનો છેદ કરી મોક્ષમાર્ગે જીવને મૂકી દે છે. આ માર્ગે પહોંચવા માટે, જે રસ્તો પાર કરવાનો છે તે લાંબો છે, કંટક ભરેલો છે. ઘણાં વિઘ્નો અને બાધાઓથી ભરેલો છે. તેમાં જો સ્થિર રહેવાય અને ગુરુદેવની કૃપા મળી જાય તો-તો પાર પામી જવાય. એટલે જ પથિક સહારો માગે છે-

મેરી ધીરી હૈ ચાલ, ઔર પથ હૈ વિશાલ
હર કદમ પર મુશીબત હૈ અબ તો સમ્હાલ
પૈર મેરે થકે એ ચલે ના ચલે
મુઝકો તેરા ઇશારા સદા ચાહિયે...
આશરા ઇસ જહાંકા મિલે ના મિલે
મુઝકો તેરા સહારા સદા ચાહિયે...

ગુરુદેવના માર્ગદર્શનથી જ સાધક, સાધનામાર્ગે સ્થિર રહી આગળ વધી શકે છે. આવા સાધકને અધ્યાત્મ પામવાની તાલાવેલી છે. તેથી જ તેણે ગુરુદેવ સમક્ષ બાલભાવે, વિનય સહિત, પ્રશ્નો રાખ્યા છે. ઇન્દ્રિયો પર જ જાણે આખા જીવનનો આધાર હોય, અને ઇન્દ્રિયોનું જ સામ્રાજ્ય હોય તેમ સમજી શિષ્ય ઇન્દ્રિયોને આત્મા માનવા પ્રેરાયો છે. ઇન્દ્રિયોની જડતા તેનાં લક્ષ્યમાં નથી. પણ જ્ઞાની ગુરુદેવ ઇન્દ્રિયોની વાસ્તવિક સ્થિતિ શું છે? ઇન્દ્રિયો ક્યાં સુધી ઉપયોગી છે તથા આત્મા અને ઇન્દ્રિયોનો સંબંધ શું છે. આ બતાવી શિષ્યનાં મનમાં રહેલી શંકાને નિર્મૂળ કરે છે. તેઓ કહે છે.

**છે ઇન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;**
**પાંચ ઇન્દ્રિયના વિષયનું, પણ આત્માને ભાન....પર...**

પ્રત્યેક ઇન્દ્રિય પોત–પોતાના વિષયને ગ્રહણ કરે છે. સહુના વિષય જુદા–જુદા છે. કાન શબ્દને સાંભળે છે. આંખ રૂપને જુએ છે. ઘ્રાણ ગંધને અનુભવે છે. જીભ રસને ઓળખે છે અને ત્વચા–સ્પર્શનું સંવેદન કરે છે. આમ વ્યવહારમાં આપણે કહીએ છીએ, અને વ્યવહાર આમ જ ચાલે છે.

અહીં એક–એક ઇન્દ્રિયનો વિષય સીમિત બતાવ્યો. પ્રત્યેક ઈન્દ્રિય પોતાના વિષયને છોડી, અન્ય વિષયને ગ્રહણ કરી શકે નહીં. જેમકે આંખોનું કામ છે જોવાનું, રૂપને નિરખવાનું. આંખ આ કાર્ય ખૂબ સારી રીતે કરી શકે છે. બહુ પાવરફુલ આંખો હોય તો તે દૂર–દૂર સુધી જોઇ શકે. ગગનમાં ઉડતું ગરૂડ, દૂર પૃથ્વી પર પડેલ પદાર્થને જોઈ લે. એવી શક્તિ તેની આંખોમાં હોય. કેટલાક મનુષ્યોની આંખો પણ ઝીણામાં ઝીણી વસ્તુને જોઈ શકે, એટલો પાવર ધરાવતી હોય, પણ આ શક્તિ માત્ર જોવામાં જ ઉપયોગી! ગમે તેવી શકિતદાયક આંખો, શબ્દને ગ્રહણ ન કરી શકે. આંખો સતેજ હોય પણ કાન ન હોય તો નજીકનાં શબ્દો પણ સંભળાય નહીં. પુસ્તકને આંખ વડે વાંચી શકે, પણ કાનથી ગ્રહણ કરવા યોગ્ય શબ્દોને આંખ સાંભળી ન શકે.

એ જ રીતે આંખો નથી એવો માણસ, મધુર બંસરીના સૂરને સાંભળે અને વાહ, વાહ, પુકારી ઉઠે પણ તેને પૂછીએ બંસરી કેવી હોય ? જેણે કદી જોઈ નથી તે શું કહે ? આપણે કદાચ તેને આકાર–પ્રકાર સમજાવીએ છતાં તે કેટલું સમજ્યો હશે ? કોને ખબર ? એ જ રીતે બીજી બધી જ ઇન્દ્રિયોનાં વિષયને સારી રીતે એ ગ્રહણ કરી શકતો હોય. અરે ! ક્યારેક તો એવું જોવા મળે કે જેને આંખો નથી. તેની બીજી ઇન્દ્રિયો વધુ સતેજ હોય અને તે પગરવ માત્રથી માણસને ઓળખી કાઢે. છતાં આંખ રૂપ–રંગને ઓળખવાનું જે કાર્ય છે તે આંખ વિનાનો માણસ ન જ કરી શકે.

જન્માંધ માણસને કદાચ ઘણું જ્ઞાન થઈ શકે, પણ તેને રંગ તો ઓળખાવી જ ન શકાય. રંગ ઓળખવાનું કામ આંખનું જ છે, તે બીજી ઇન્દ્રિય વડે ન થઈ શકે. આમ ગંધ, રસ અને સ્પર્શના જ્ઞાનનું પણ આવુ

જ છે. પ્રત્યેક ઇન્દ્રિય પોતાના વિષય-ગ્રહણમાં ઘણી સતેજ હોવા પછી પણ બીજી ઇન્દ્રિયના વિષયોને ગ્રહણ ન જ કરી શકે.

આ પરથી એમ સમજાય છે કે ઇન્દ્રિયોની વિષય ગ્રહણશક્તિ ઘણી જ સીમિત છે. હવે જો ઇન્દ્રિયોને આત્મા માની લઈએ તો બહુ મોટી અસંગતિ ઉભી થઈ જશે. કારણ જ્ઞાનશકિત તો વ્યાપક છે. અત્યંત વિશાળ છે. તેની કોઇ સીમા જ નથી. અસીમ છે. આત્મામાં અનંતજ્ઞાન છે અને સાથે-સાથે અનંત જ્ઞેયો ને જાણવાની અનંત શક્તિ છે. હવે જો ઇન્દ્રિય આત્મા હોય તો તો તેને જાણવાની શક્તિ મર્યાદિત થઇ ગઈ. તો જ્ઞાન ગુણ પણ મર્યાદિત થઇ ગયો. એટલું જ નહીં જ્ઞાન ગુણ એક અને અખંડ છે. જ્યારે ઇન્દ્રિયો તો પોતાના જ વિષયને જાણે. બીજી ઇન્દ્રિયના વિષયને ન જાણે. એક ઇન્દ્રિયનો વિષય બીજી ઇન્દ્રિય ને ખબર નથી. તેથી જ્ઞાન તો ખંડ-ખંડ અને અનેક થઇ ગયું. આમ બધી જ દૃષ્ટિએ ઇન્દ્રિયો તે આત્મા નથી. જો પાંચે ઇન્દ્રિયો જ આત્મા હોય તો મન, બુદ્ધિથી ચાલતી પ્રવૃત્તિનું શું ? શરીરમાં ચાલતી કાર્ય વ્યવસ્થાનું શું ? તેમજ તે સર્વ કાર્યની વ્યવસ્થાનું સંચાલન કરનાર ચેતનનું શું ? આ પ્રશ્નો નિરુત્તર રહે છે.

વળી વિચારણીય બાબત તો એ છે કે ઇન્દ્રિયો વડે થતા જ્ઞાનની જાણકારી કોને રહે છે ? આંખ વડે જોયેલા રૂપ ને જાણનાર તો અંદર રહેલો આત્મા છે. એ જ અંદરથી બોલે છે કે મેં આ રૂપ જોયું. મેં આ રૂપ જાણ્યું. એમ બધી જ ઇન્દ્રિયોથી જે-જે વિષય ગ્રહણ કરાયા તે સહુને જાણનાર અંદરમાં રહેલ જ્ઞાન-સ્વરૂપ ચૈતન્ય તત્ત્વ જ છે. જો એમ ન હોય તો આંખ સામેથી પદાર્થ દૂર ખસી જાય પછી એ ભાન ન રહે કે મેં અમુક પદાર્થને જોયો. આંખ તો જોવા માત્રથી જ જ્ઞાન કરે છે. જો પદાર્થને આ ક્ષણે આંખ જોતી નથી તો કઈ રીતે જ્ઞાન કરે ? પણ એમ નથી. આંખે એક વખત જોઇ લીધેલા પદાર્થને આત્માની જ્ઞાનશકિત યાદ રાખી લે છે. તેથી પદાર્થને જોયા પછી અંધ થયેલી આંખો, ભલે એ પદાર્થને જોઇ ન શકે. પણ આત્મા યાદ રાખે છે.

વર્ષો પહેલાં સાંભળેલ શબ્દો આજે યાદ છે. એ શબ્દો સંભળાવનાર સામે નથી છતાં, આજે અક્ષરશઃ યાદ છે. એમ ગંધ, રસ કે સ્પર્શ પણ યાદ છે. તેથી એ સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયો તો માત્ર સાધન છે, માધ્યમ છે. એને જ્ઞાન કરવાની કે યાદ રાખવાની ખબર નથી, પણ બધીજ ઇન્દ્રિયોએ ગ્રહણ કરેલા વિષયોને આત્મા યાદ રાખે છે. ઇન્દ્રિયો જ્ઞાન કરવામાં પણ ત્યાં સુધી જ માધ્યમ રૂપ છે કે જ્યાં સુધી આત્માને અવધિ, મનઃપર્યવ કે કેવળજ્ઞાન નથી થયું. એ જ્ઞાન થતાં, આત્માને ઇન્દ્રિયોની સહાયતાની જરૂર નથી. વગર ઇન્દ્રિયે આત્મા પદાર્થોનું, મનનું અને લોકાલોકનું જ્ઞાન કરી લે છે.

વળી ગાથામાં કહ્યું છે કે 'છે ઇન્દ્રિય પ્રત્યેકને નિજ–નિજ વિષયનું જ્ઞાન'. એ પણ માત્ર ઉપચારથી જ કહ્યું છે. વાસ્તવમાં તો ઇન્દ્રિયો જડ છે. એ પોતે પોતાની સ્વતંત્રતાથી કોઇ વિષયને ગ્રહણ કરી શકતી નથી.

આપણો સહુનો અનુભવ છે કે રસ્તે 'ચાલ્યા જતા હોઇએ અને અનેક પદાર્થો આંખની સામે આવે, પણ તે બધાં જ પદાર્થોને આપણે જોતા નથી. અરે ! તમારો કોઇ મિત્ર તમારી આંખ પાસેથી પસાર થઈ જાય તો પણ તમને ખબર રહેતી નથી, આમ કેમ થાય છે ? આંખો તો કદાચ ત્યાં જ હતી પણ તમારા શબ્દોમાં કહું તો ધ્યાન બીજે હતું. યા તો બીજું કંઈ જોવામાં, સાંભળવામાં કે કંઇક વિચારમાં મશગુલ હતા કે પાસેથી પસાર થઇ જનાર પણ દેખાય નહીં. અર્થાત્ આપણો જ્ઞાનો–પયોગ તે વખતે આંખ સાથે જોડાયેલો ન હતો. મન સાથે હતો, તેથી દેખાયું નહીં.

આમ આત્માનો જ્ઞાન ઉપયોગ જે ઈન્દ્રિય સાથે જોડાયો હોય, તે ઈન્દ્રિય જ વિષયને ગ્રહણ કરી શકે. બીજી નહીં. તેથી જ્ઞાન કરનાર તો જીવનો જ્ઞાનોપયોગ જ છે. ઇન્દ્રિયો તો માત્ર ખાલી ખોખાં છે, સાધન છે. તે પોતે જ્ઞાન કરવામાં સમર્થ નથી. વળી તેને પોતાને પણ એ ખબર નથી કે તેણે જ્ઞાન કર્યું છે કે નથી કર્યું. કારણ ઇંદ્રિયો જડ છે. અને જ્ઞાન એ જડનો ગુણ નથી પણ આત્માનો ગુણ છે.

આમ ઇન્દ્રિયોને આત્મા માની શકાય નહીં અને ઇંદ્રિયો વડે આત્મા ગ્રહણ પણ થાય નહીં. જ્યાં ઇંદ્રિયો જડ છે અને જડ પદાર્થોનાં જ્ઞાન માટે પણ અસમર્થ છે. ત્યાં એ ચેતનને તો કેમ ગ્રહણ કરી શકે ?

માટે ઇન્દ્રિયાતીત આત્મા, ઇન્દ્રિયોથી ગ્રાહ્ય પણ નથી, પોતે ઇન્દ્રિય રૂપ પણ નથી.

ગુરુદેવ શિષ્યની એક–એક શંકાનું નિર્મૂલન કરતાં–કરતાં આગળ વધી રહ્યાં છે. અને શિષ્યનું મન સંતોષ અનુભવી રહ્યું છે.

હવે વિશેષ વાત અવસરે—

---

## આત્મ—ચિંતન....

હું....આત્મા....છું....હું....આત્મા...છું.

સત્....ચિત્....આનંદ એ મારૂં સ્વરૂપ....સત્...

સત્ યાને અસ્તિત્વ....હું અસ્તિત્વવાન પદાર્થ છું....મારો....કદી નાશ થાય નહીં....અવિનાશી....,ધ્રુવ....,નિત્ય....પદાર્થ એવો હું....આત્મા...., હું....ચૈતન્ય....ચૈતન્ય....એ શાશ્વત પદાર્થ છે ...જડ....એ નાશવંત પદાર્થ છે....સદા–સર્વદા રહે તે....શાશ્વત....નાશ પામે તે....નાશવંત....ચૈતન્ય શાશ્વત....જડ નાશવંત....હું....ચૈતન્ય છું....શરીર જડ છે....મારો કદી નાશ થાય નહીં....ત્રણે કાળમાં....મારૂં અસ્તિત્વ છે....ભૂતકાળમાં હતો...., વર્તમાનમાં છું...., ભવિષ્યમાં હોઈશ...ભૂતકાળમાં જેટલા જન્મો ધારણ કર્યા.... તેમાં આ જ આત્મા હતો....વર્તમાને પણ આ જ આત્મા....ભવિષ્યમાં જેટલા જન્મો ધારણ કરીશ....તેમાં પણ આ આત્મા....

સર્વ કર્મથી મુક્ત થઈ....સિદ્ધ થશે....તેમાં પણ આ જ આત્મા.... ....આત્મા ચૈતન્ય...., નિત્ય...., શાશ્વત...., શરીર જડ...., નાશવંત....,અનિત્ય....હું....ચૈતન્ય....,મારો જન્મ નથી....મારૂં....મૃત્યુ નથી....જન્મે છે તે શરીર છે,...મરે છે તે પણ શરીર છે....જન્મ–મરણ

થી રહિત....હું આત્મા....શરીરથી જુદો....સર્વ સંગથી અસંગી....એવો હું આત્મા....શરીર મારૂં નથી....હું શરીરનો નથી....હું કોઇનો નથી...કોઈ મારૂં નથી...જગતનો કોઇપિણ પરમાણુ...,કોઈપિણ પદાર્થ...,કોઇપણ વ્યક્તિ ....મારી થઇ શકે નહીં...હું...કોઇનો થઈ શકું નહીં....સર્વ સંસારથી જુદો...,એક...,અખંડ...,અસંગી....એવો હું ચૈતન્ય આત્મા....

ચિત્....એટલે ચૈતન્ય....ચિત્...એટલે જ્ઞાન....હું ચૈતન્ય છું...માટે જ જ્ઞાનવાન છું....ચૈતન્ય...મારો ગુણ છે....જ્ઞાન પણ....મારો ગુણ છે.... આત્માના એક–એક પ્રદેશે....જ્ઞાન છે....મારો જ્ઞાનગુણ....મને પોતાને.... જાણવામાં સમર્થ છે....જગતના પદાર્થોને એ જાણે છે....એથી પણ વધુ નિકટતાથી એ મને....જાણી શકે છે....જગતના પદાર્થોને જાણવા માટે..., ઇંદ્રિય અને મનના માધ્યમથી....જ્ઞાન પરિણમે છે....પણ નિજને જાણવા માટે...કોઇપણ માધ્યમની જરૂર નથી....આત્મામાં એ ઠરી જાય....,આત્મામાં એ સ્થિર થઈ જાય....તો મારૂં જ્ઞાન મને જાણી શકે છે....મારે....જગતમાં ભટકતા જ્ઞાનગુણને....ત્યાંથી પાછો વાળી....મારામાં સ્થિર કરવો છે...., મને જાણવો છે...., મને માણવો છે...

સત્....ચિત્ત...આનંદ એ મારો સ્વભાવ....આત્માના એક–એક પ્રદેશે ...અનંત સુખ....ભર્યું પડયું છે....જગતના પદાર્થો સાથે....,વ્યક્તિઓ સાથે....,વાતાવરણ સાથે....સંબંધિત છું....એટલે જ દુઃખી થાઉં છું....એ બધા સંબંધોને છોડી દઇ....મારામાં સ્થિર થાઉં....,તો આત્મામાં એક– એક પ્રદેશે રહેલા સુખને....માણી શકું....સુખ....એ મારો સ્વભાવ....દુઃખી થવું....એ મારા સ્વભાવમાં નથી .. ....મારૂં અજ્ઞાન...., મારી ભ્રમણા....છું. ,મારી મિથ્યા માન્યતા...મને દુઃખી કરે છે....એ બધાને છોડી...મારામાં સ્થિર થાઉં....મારામાં ઠરી જાઉં...તો મારા સુખને પામી શકું....છું

સત્ચિદાનંદ...સ્વરૂપને પામવા....વધુ....એકાગ્ર....થઈ..., થોડી ક્ષણો ...વધુ ઊંડાણમાં જઇ....આત્માનું ચિંતન કરીએ....

"હું...આત્મા....છું" "હું ..આત્મા...છું"

ૐ..........."શાંતિ....."શાંતિ"......"શાંતિ".

# પ્રગટ રૂપ ચૈતન્યમય...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના વડે જીવને વિવેક–ખ્યાતિ થાય છે. તે ચેતનને ચેતનરૂપ અને જડને જડરૂપ જાણે છે. આવો વિવેક થાય એટલે સહજ રૂપે જ જીવ પોતાના સ્વભાવ તરફ ઢળે છે.

જેમ ચૂલા પર ઉકળતું પાણી, નીચે ઉતારી લેવામાં આવે અથવા નીચેથી અગ્નિ કાઢી લેવામાં આવે કે તરત જ એ પોતાના સહજ સ્વભાવરૂપ શીતળતા તરફ ઢળવા માંડે. અગ્નિના સંગે રહી ઉષ્ણ થઇ ગયું હતું, પણ એ સંગ છૂટી જાય એટલે પાણી ઠરવા માંડે. તેમ જીવ વિભાવ સંગે રહી, વૈભાવિક પરિણમનથી પરિણમતો હોય પણ જેવો વિભાવ છૂટે, રાગ અને દ્વેષ મંદ થવા માંડે કે જીવ પોતાના સ્વભાવમાં સ્થિર થતો જાય, જે પોતાનું સહજ સ્વરૂપ છે.

સહજ સ્વરૂપની પ્રતીતિ થવા માટે જ શિષ્ય, ગુરુદેવ સમીપે મનની મુંઝવણો રાખે છે. દેહ, ઇંદ્રિય અને પ્રાણ ચેતન નથી પણ જડ છે. એ સમજાવતાં ગુરુદેવ કહે છે—

**દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિય પ્રાણ**
**આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ....૫૩....**

આત્મા ચૈતન્ય છે. દેહ, ઇન્દ્રિય અને પ્રાણ જડ છે. તો તેઓ આત્માને શી રીતે જાણી શકે ? જાણવું એ આત્માનો ગુણ છે. વળી સર્વથી સ્વતંત્ર છે. આત્મા સિવાય અન્ય કોઇ પણ પદાર્થ જ્ઞાન કરવા સમર્થ નથી.

**મૈં સ્વતંત્ર નિશ્ચલ નિષ્કામ**
**જ્ઞાતા દ્રષ્ટા આતમ રામ...**

જાણવું અને જોવું તે આત્માનું કામ. પછી એ આત્મા ગમે તેવા નાના શરીરમાં હોય તો પણ ત્યાં રહીને એ જાણી લે ખરો. આપણા હાથ પર એક મચ્છર બેઠો હોય. આપણે તેને પકડવા હાથ લંબાવીએ કે એ તરત ઊડી જાય. પકડમાં આવે નહીં, કેમ ? તેનામાં આત્મા છે. વળી તે ત્રસ યોનિમાં છે તેથી તેને ત્રાસ થાય તેની ખબર પડે છે. એ જાણે છે કે લંબાયેલો હાથ તેને મારી પણ નાખે. માટે તે હાથમાં ન આવે. ઊડી જાય. એવી જ રીતે નાના-મોટા જેટલા જીવ-જંતુઓ પશુ-પંખી જોઈએ છીએ તે સહુને પોતા પૂરતું જ્ઞાન છે. અને તે સ્વબચાવ કરી લે છે. જ્ઞાન વડે જીવન-ઉપયોગી પદાર્થ, સ્થાન વગેરે પણ શોધી લે છે. આ બધું જ તેનામાં રહેલા ચેતનને આભારી છે.

જડ પદાર્થ ગમે તેવો શક્તિશાળી હોય, અરે ! જેમાં જ્ઞાન લખેલું છે તેવો ગ્રન્થ હોય પણ તેને કોઈ ફાડી નાખે, બાળી નાખે તો પણ તે કંઈ જ જાણી શકે નહીં. એટલે જ મોગલ કાળમાં આપણા કિંમતી ગ્રન્થો ભસ્મીભૂત થઈ ગયા. એક નાનું બાળક પણ તેને ઉઠાવીને ફેંકી દઈ શકે. કારણ તે જડ છે. *જ્ઞાન થવાની શક્તિવાળો નથી. એમ જગતમાં જેટલા* જડ પદાર્થો છે તે સહુ જ્ઞાનશક્તિ રહિત છે.

દેહ જડ છે. તે પરમાણુઓનો બનેલો સ્કંધ છે તેથી તેનામાં ચૈતન્યના ગુણ રૂપ જ્ઞાન ન હોય ઈંદ્રિયો જડ છે તે પણ આપણે જોઈ ગયા. તે આત્માની સહાયતા વગર જ્ઞાન કરવા સમર્થ નથી. અને પ્રાણ એટલે કે શ્વાસોચ્છવાસ એ પણ પુદ્ગલ જ છે. વાતાવરણમાં પડેલા શ્વાસોચ્છવાસ વર્ગણાના પુદ્ગલોને ઓક્સિજન સાથે આપણે ગ્રહણ કરીએ છીએ. ને તે પુદ્ગલોને જ છોડીએ છીએ. પુદ્ગલ જડ છે માટે શ્વાસોચ્છવાસ પણ જડ છે. તો દેહ, ઈંદ્રિય, પ્રાણ આત્માનો અનુભવ કરી શકે નહીં.

વળી એ ત્રણે ય પણ એક બીજાને જાણતા નથી. દેહને ખબર નથી કે મારે કેટલી ઈંદ્રિયો છે. ઈંદ્રિયોને જાણ નથી કે એ દેહના કયા ભાગમાં છે. યોગ્ય છે કે અયોગ્ય? બરાબર કામ આપે છે કે નહીં ? વળી દેહને એ પણ ખબર નથી કે પોતે શ્વાસ લે છે કે નહીં ? કેટલા શ્વાસ લીધા

અને કેટલા લેવા જોઇએ ? એ કશી જ ખબર નથી. શ્વાસને ખબર નથી કે એ દેહના કયા ભાગમાં કામ કરી રહ્યો છે. આમ ત્રણે ય પદાર્થો જડ અને ત્રણે ય પોતાથી પણ અજાણ અને ત્રણે ય એક-બીજાથી પણ અજાણ. કોઈ-કોઇને જાણતા નથી. પહેલાં કહ્યું તેમ જડમાં જાણવાની શકિત નથી.

એટલું જ નહીં પણ દેહ, ઇંદ્રિય અને પ્રાણ સ્વતંત્ર શકિત ધરાવતા નથી નિર્માલ્ય છે, નિષ્ક્રિય છે. આત્માનું અસ્તિત્વ દેહમાં હોય ત્યાં સુધી જ તેની પ્રવૃત્તિ છે. દેહમાંથી આત્મા નીકળી ગયો કે એ જ ક્ષણે દેહનું હલન-ચલન, ઇંદ્રિયોની ક્રિયા તથા શ્વાસની ક્રિયા બધી જ બંધ. સામાન્ય રીતે આપણે એમ માનતા હોઇએ છીએ કે ચાલતો શ્વાસ બંધ થઈ ગયો એટલે માણસનું મૃત્યુ થઇ ગયું, પણ એમ નથી. શરીરમાંથી આત્મા ચાલ્યો ગયો એટલે શ્વાસ બંધ થઇ ગયો. શરીરમાંથી આત્માનું નીકળવું અને શ્વાસનું બંધ થવું આ બન્ને ક્રિયા એક સાથે જ થાય છે તેથી આપણે જાણી શકતા નથી. શ્વાસ તો દેહમાં આત્માના હોવાની નિશાની માત્ર છે, પણ શ્વાસ આત્માને દેહમાં ટકાવી રાખી શકે નહીં. જો એમ જ હોય તો ઓકિસજનના બાટલાઓના આધારે માણસ સેંકડો વર્ષ જીવી શકત પણ જયાં સુધી દેહમાં આત્મા છે ત્યાં સુધી જ ઉપરના ઉપચારોની સાર્થકતા છે પછી નહીં. તો શ્વાસ પણ જડ, આત્મા છે ત્યાં સુધી જ છે. પછી નિષ્ક્રિય.

આમ આત્મા એક જ ચૈતન્ય છે. બાકીનું સર્વ જડ. આત્મા સિવાય બીજા કોઇની કશી જ કિંમત નહીં. એક પદમાં આ ભાવો સુંદર રીતે વણાયેલા છે—

હું તો આત્મા છું જડ શરીર નથી (૨)
શરીર મસાણની રાખનો ઢગલો, પલમાં બિખરે ઠોકરથી...
મુઝવણ એ શવ પૂજો બાલો, જ્ઞાયકતા નહીં સુખદુ:ખથી...
હું તો...
સ્પર્શ ગંધ રસ રૂપ શબ્દ અને જાતિ વર્ણ લિંગ મુઝમાં નથી
ફિલ્મ બેટરી પ્રેરક જુદા તેમ દેહાદિક ભિન્ન મુઝથી...હું તો...
સૂર્ય ચંદ્ર મણિ દીપ કાન્તિની, મુઝ પ્રકાશ વણ કિમ્મત શી...
પ્રતિ દેહ જે શોભનિકતા છે તે મારી જુઓ વિધ વિધ મથો...
હું તો...

કવિ કહે છે–હું આત્મા છું. જડ શરીર તે હું નથી. આ શરીરની અંતિમ પરિણતિ તો રાખનો ઢગલો છે. સ્મશાને જઈ લાકડા સાથે લાકડું થઈ બળી જશે અને રાખ થઇ જશે. તેને પળ માત્ર વિખરતાં વાર નહીં. એક ઠોકર વાગી ને રાખ વાતાવરણમાં વેરાઈ જશે.

અરે ! આ સુંદર શરીરનાં સુખ દુઃખ કયાં સુધી ? જયાં સુધી હું એટલે આત્મા તેમાં છે ત્યાં સુધી જ. હું દેહમાંથી નીકળી જાઉં પછી તેને પૂજો કે બાળો. બે ક્રિયામાં તેને સુખ કે દુઃખ કશું જ નથી. પછી તો એ શબ છે. તેનામાં જ્ઞાયક સ્વભાવ નથી. વળી મોટો માણસ હોય. જ્યાં સુધી તેનામાં આત્મા છે ત્યાં સુધી તેને બહુ આદર માનથી બોલાવાતો હોય પણ મરે એટલે એ પણ શબ જ થઇ જાય.

આત્મા કહે છે મારામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ કશું જ નથી. તેમજ હું કોઈપણ વર્ણનો નથી. મારી કોઈ જાતિ નથી. મેં કોઇ લિંગને ધારણ નથી કર્યું. હું તો એ સર્વથી જુદો છું. જીવનરૂપી જે ફિલ્મ ચાલી રહી છે તેની બેટરી તો અલગ જ છે. જેમ બેટરી હોય તો જ મશીન ચાલે પણ બેટરી મશીનથી જુદી છે. બેટરી તે મશીન નથી, મશીન તે બેટરી નથી. પણ બેટરી મશીનમાં રહીને જ કામ આપે છે તેમ આ દેહને ચલાવનાર બેટરી તે અંદરમાં જુદો છે. એ જ રીતે હું આત્મા અને દેહાદિક સર્વ મારાથી જુદાં છે.

વળી આત્માનું મૂલ્ય શું છે ? સંસારના જેટલા પદાર્થો છે, જે પદાર્થોની ઉપયોગિતા આપણે ખૂબ માનીએ છીએ, અરે, ! કેટલાક પદાર્થોની કિંમત તો લાખો–કરોડોમાં આંકીએ છીએ પણ તે પદાર્થોનું આટલું મૂલ્ય કોના માટે ? માત્ર આત્મા છે તે માટે જ. બંધુઓ ! ક્ષણભર કલ્પના કરી લ્યો કે આખા યે વિશ્વમાં કોઈ ચૈતન્ય આત્મા છે જ નહીં માત્ર જડ જગતનો પસારો જ છે. તો એ જડ પદાર્થની કેટલી કિંમત ? કંઈ જ નહીં. માત્ર બધું ધૂળ જ. દેહમાં આત્મા છે તેથી બુદ્ધિ સક્રિય છે. તે જડ પદાર્થનું મૂલ્ય કરે છે. દેહ તથા ઇન્દ્રિયો, આત્માની સ્ફુરણાથી પ્રવર્તી રહ્યાં માટે જ પદાર્થોને ભોગવી શકે છે. તો આખાયે વિશ્વના સર્વ પદાર્થોની કિંમત માત્ર એક આત્માના હોવા પર જ છે.

નાના–મોટા સર્વ શરીરોની જે શોભા છે તે પણ તેમાં આત્મા છે ત્યાં સુધી જ. ખીલેલા પુષ્પમાં આત્મા છે તેથી સર્વત્ર શોભા પામે છે. પણ આત્મા વિહોણું પુષ્પ, કરમાઇને અશોભનીય બની જાય છે. અરે ! પછી તે પુષ્પ નહીં કચરો કહેવાય. આ શરીર પર શૃંગાર કરીને શોભા વધારવા પ્રયત્ન કરીએ છીએ પણ આત્મા છે ત્યાં સુધી શૃંગાર પણ શોભા આપે. જો આત્મા નીકળી જાય અને પછી શબને શણગારવામાં આવે તો તે શોભતું નથી. તે તો માત્ર તમારા સંસારની વ્યાવહારિકતા છે તેથી શબને શણગારો છો. એ જ રીતે વિશ્વના સહુ પ્રાણીની શોભા ચેતનના કારણે જ છે. આત્મા નીકળી ગયા પછી તો દેહ સડવા માંડે, દુર્ગંધ આવે, વિકૃત થઈ જાય. પ્રિયમાં પ્રિય વ્યકિત પણ આત્મા વિહોણો થઈ જાય પછી એનું સ્થાન ઘરમાં નહીં, સ્મશાનમાં.

આમ દેહની શોભા આત્મા છે, અને આત્મા દેહમાં રહે તો જ દેહાદિની પ્રવૃત્તિ છે. તેથી દેહાદિથી આત્મા ભિન્ન છે. પણ દેહરૂપ નથી, એ નિશ્ચય થાય છે.

હવે શિષ્યે શંકા કરતાં કહ્યું હતું કે 'મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ' તેના ઉત્તરમાં ગુરુદેવ ફરમાવે છે—

**સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય**
**પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય....૫૪...**

વત્સ ! તને આત્માનું કોઈ અલગ ચિહ્ન નથી દેખાતું પણ બિલકુલ પ્રગટ એવું, અને સર્વથી ભિન્ન એવું ચૈતન્યત્વ એ આત્માનું લક્ષણ છે.

દેહધારી જીવ, દેહની સર્વ અવસ્થાને અનુભવે છે. જન્મ્યા ત્યારે બાળક પર્યાય હતી પછી કિશોર, પછી યુવાની, પછી પ્રૌઢતા અને પછી વૃદ્ધાવસ્થા. આ બધી જ પર્યાયો એક શરીરમાં થાય છે. પર્યાયો થઈ થઇને તેનો નાશ પણ થઈ જાય છે. બાલ્યાવસ્થા વીતી ત્યારે જ કિશોરાવસ્થા આવી અને એમ એક અવસ્થા ધીરે–ધીરે નષ્ટ થતી જાય છે અને બીજી અવસ્થાનો અનુભવ વધતો જાય છે.

આ બધી જ પર્યાયોમાં રહેનાર એક જ આત્મા. વળી એ ચિદ્રુપ એટલે કે જ્ઞાન સ્વભાવવાન્ તેથી પ્રત્યેક અવસ્થાને તેણે અનુભવી. બંધુઓ !

આજે પણ આપણે બાળપણ કે યુવાનીને યાદ કરીએ છીએ. ત્યારે બનેલા પ્રસંગો અને એ અવસ્થામાં માણેલા જીવનને પણ યાદ કરીએ છીએ. તો એ સર્વ અવસ્થા નાશવંત અને આત્મા શાશ્વત. અવસ્થામાં પરિવર્તન આવ્યું પણ આત્મા તો એનો એ જ રહ્યો, કારણ આત્મા દેહરૂપ ન હતો. સર્વથી જુદો છે. જો દેહરૂપ જ હોય તો દેહની એ–એ અવસ્થાનો નાશ થવાની સાથે–સાથે આત્માનો પણ નાશ થઇ ગયો હોત. પણ એમ બન્યું નથી. અવસ્થાઓ જડની થઈ, ચેતનની નહીં. જડ વિનાશી છે અને ચેતન અવિનાશી છે. માટે જ જીવે જડનો સંગ છોડવાનો છે—

**વપુ વિનાશી તું અવિનાશી;**
**અબ હૈ કિનકો વિલાસી,**
**વપુ સંગ જબ દૂર નિકાસી**
**તબ તુમ શીવકા વાસી.......આપ સ્વભાવમેં...**

વપુ એટલે શરીર વિનાશી સ્વભાવવાળું છે. અને આત્મા અવિનાશી છે. શરીરનો સંગ જ્યારે જીવ છોડશે ત્યારે તે શિવ બનશે. આમ તે દેહથી સર્વથા ન્યારો છે.

જેમ શરીરની અવસ્થાઓથી એ ન્યારો છે તેમ સુષુપ્ત અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને જાગૃત અવસ્થા. આ ત્રણ અવસ્થામાં પણ એ ત્રણેય ભાવથી જુદો જ રહે છે.

ગાઢ નિદ્રામાં શરીર સૂઈ ગયું હોય પણ ત્યારે ય આત્માને ખબર છે કે ઊંઘ લઇ રહ્યો છે. એટલે જ જાગ્યા પછી આપણે કહેતા હોઇએ છીએ કે આજે તો બહુ સારી ઊંઘ આવી ગઈ. સવાર કયાં થયું તે ખબર ન પડી. Sound Sleep આવી. આત્માએ ઊંઘમાં એવી ગાઢ નિંદ્રા અનુભવી છે, માટે જ જાગ્યા પછી યાદ છે.

વળી ઊંઘમાં સ્વપ્ન આવે, તે પણ જાગ્યા પછી કહીએ છીએ. એટલે સ્વપ્ન જોનાર અને તેને યાદ રાખનાર યાદ છે. સ્વપ્ન જુદી અવસ્થા છે અને તેને જાણનાર પણ જુદો છે, અને જાગૃત અવસ્થામાં પણ પળ–પળની પ્રવૃત્તિનો સાક્ષી આત્મા જ છે. આમ ત્રણેય અવસ્થામાં એ, અવસ્થાઓથી જુદો જ છે.

માટે જ અહીં ગુરુદેવ કહે છે હે શિષ્ય ! આ સર્વ અવસ્થાઓમાં તેનાથી જુદો રહીને જાણે છે તે ચૈતન્ય લક્ષણવાન્ આત્મા છે. વળી તેની આ ચૈતન્ય નિશાની, જ્ઞાન સ્વભાવ રૂપ નિશાની સદૈવ તેની સાથે જ રહે છે. જડનાં ચિન્હો તો બદલાઈ પણ જાય, નાશ પણ પામી જાય, ખોવાઈ પણ જાય પણ ચૈતન્યની નિશાની સદા સર્વદા અખંડિત રહે છે. નિગોદમાં ગયેલા જીવનું પણ ચૈતન્ય લોપાતું નથી,

તો બંધુઓ ! આપણે ચૈતન્ય છીએ અને તે ચૈતન્ય સદા શરીરમાં વિલસી રહ્યું છે, તે આપણે ન ભૂલીએ. અહીં શ્રીમદ્જીએ ગાથામાં જે રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે એ એટલો સરલ છે કે સર્વ સામાન્ય માણસ પણ સમજી શકે. આપણે સહુએ આપણા જીવનની સર્વ અવસ્થાઓનો અનુભવ કર્યો છે, અને સાથે સાથે એ પણ અનુભવ્યું છે કે આપણે એટલે કે તેને જાણનારો સદા જુદો જ રહ્યો છે, એ પણ અનુભવીએ છીએ. કોઈપણ પ્રકારની વિશેષ સાધના વગર જ આ દેહમાં રહેલ આત્માના અસ્તિત્વનો અનુભવ આપણે કર્યો છે. જેનાથી આત્માના હોવાપણાની શ્રદ્ધા દૃઢ થાય છે.

સદ્ગુરુદેવે શિષ્યને આત્માને દેહ, ઈંદ્રિય, પ્રાણથી પોતાના વિશેષ એંધાણની સાથે ઓળખાવી દીધો. જેથી શિષ્યની શ્રદ્ધા મજબૂત બની છે.

આત્મા સૂક્ષ્મ છે તેથી તે ચર્મ–ચક્ષુઓથી પ્રત્યક્ષ નથી. પરોક્ષ તત્ત્વને જાણવાનાં બે સાધન છે. ૧. સ્વયંનું અતિશાયી જ્ઞાન. અર્થાત્ પોતે જ વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરે જેથી આત્મા જેવા પરોક્ષ તત્ત્વને જાણી શકાય.

૨. અતિશાયી જ્ઞાનનાં વચન સાધકને સાધનામાં સ્થિર કરવા માટે તેને કોઈ એક પરોક્ષ વિષયનો સાક્ષાત્કાર કરાવી દેવો જરૂરી છે. તીર્થંકર પરમાત્મા શિષ્યોને જાતિ–સ્મરણ જ્ઞાન કરાવી દેતા તેનાથી તેને આત્માના ત્રૈકાલિક અસ્તિત્વનું જ્ઞાન થઈ જતું અને તેઓ આત્માના વિશુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે સાધનારત થઈ જતા જેમકે મેઘકુમાર.

આ લક્ષ્યે જ શિષ્યનું સમાધાન થઇ રહ્યું છે. હજુ આ જ વિષયમાં શિષ્યે કરેલી અન્ય શંકાઓનું સમાધાન અવસરે....

---

# જાણનારને માન નહીં ...!

**વી**તરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, પરમ તત્ત્વની જિજ્ઞાસાવાળો સાધક જ કરી શકે છે. જેને પરમ તત્ત્વની જિજ્ઞાસા છે તેને સ્વને જાણવાની જિજ્ઞાસા તો હોય જ.

**'कोऽहम्' હું કોણ છું. અને 'सोहम' હું તે છું. આ બે પદ આત્મવાદી દર્શનનાં બે ચક્ષુ છે. પહેલા પદમાં પોતાના અસ્તિત્વની જિજ્ઞાસા છે. અને બીજામાં પોતાના અસ્તિત્વનો પ્રત્યક્ષ બોધ છે. 'સોહમ્' આ તર્કશાસ્ત્રનું પ્રત્યભિજ્ઞા પ્રમાણ-અતીત અને વર્તમાનનું સંકલનાત્મક જ્ઞાન છે.**

**શિષ્યે પૂછયું: 'આત્માનું લક્ષણ શું ?'**

**આચાર્યે ઉત્તર આપ્યો: 'સોહમ્' શરીર અહંકાર શૂન્ય છે. જેમકે: હું કરૂં છું, મેં કર્યું, હું કરીશ. તે જ આત્મા (ચેતન)નું લક્ષણ છે.**

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માને જાણવાની જિજ્ઞાસાવાળો શિષ્ય, કોઇ પણ ઉપાયે આત્માને જાણવા માગે છે. તેથી જ અનેક પ્રકારની શંકાઓ ગુરુદેવ :પાસે રાખી છે. એ કહે છે સંસારના સર્વ પદાર્થોને આંખ વડે જોઇ શકાય છે. જે રૂપી પદાર્થોનું અસ્તિત્વ છે, તે પદાર્થોને પ્રત્યક્ષ રૂપે અથવા આજના યુગમાં અનેક પ્રકારનાં સાધનો વડે પણ પ્રત્યક્ષ કરી લઇએ છીએ.

એ પદાર્થો ગમે તેટલા દૂર હોય તો પણ તેને જાણી લઈએ છીએ તો આત્મા તો સહુથી વધારે નજીક છે, તો તે કેમ ન જણાય ? જો તેનું અસ્તિત્વ હોય તો તે આટલો નજીક હોઈને ન જણાય એવું બને નહીં.

પણ કદાચ શિષ્યને એ જાણ નથી કે આ આંખો દૂરના પદાર્થોને જાણી શકે પણ અત્યંત નિકટ હોય તે પદાર્થને જાણવો મુશ્કેલ. જેમકે આંખમાં આંજેલું કાજળ. તે આંખથી અત્યંત નિકટ છે. આંખમાં જ સમાઈ ગયું છે. પણ આંખ તેને જોઇ શકતી નથી. આંખમાં આંજેલા કાજળને જોવા માટે આયનાની જરૂર પડે. તેમ આ આત્મા એક તો ચર્મચક્ષુથી જોઇ શકાતો નથી અને બીજું તે આ શરીરના અણુએ અણુમાં વ્યાપ્ત છે માટે તેને જોવા માટે ચર્મચક્ષુ કામ ન કરે. અંદરનું જ કોઈ સાધન હોવું જોઈએ. અર્થાત્ આત્મા પોતે જ પોતાને જોઈ શકે.

ચર્મચક્ષુથી પ્રત્યક્ષ થનાર પદાર્થોનું અસ્તિત્વ અને ચર્મચક્ષુથી પ્રત્યક્ષ ન થાય તેનું નાસ્તિત્વ આમ માનનાર શિષ્યને ગુરુદેવ કહે છે.—

**ઘટ-પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર ને માન નહિ, કહિયે કેવું જ્ઞાન...૫૫....**

દેવાનુપ્રિય! આંખ તથા અન્ય ઈન્દ્રિયોથી તેં જગતના પદાર્થને જોયા છે, જાણ્યા છે અનુભવ્યા છે તેથી તેને માને છે કે એ પદાર્થોનું અસ્તિત્વ છે. પણ હું તને પૂછું છું કે જે એમ કહી રહ્યો છે કે મેં આ પદાર્થને જોયો જાણ્યો. હું આ પદાર્થને જોઉં છું, જાણું છું. હું આ પદાર્થને જોઈશ, જાણીશ. આ ત્રણે ય કાળ આ પ્રતીતિ અંદરમાં વર્ત્યા કરે છે. તે 'હું' કોણ છે? જાણનારો છે કે બીજો કોઈ? દેહમાં તો એ 'હું' બુદ્ધિ જ નથી. જ્યારે જીભ વડે 'હું' નો ઉચ્ચાર કરીએ છીએ ત્યારે આપણું લક્ષ્ય 'હું' કહેવાથી દેહ નથી હોતો પણ દેહથી ભિન્ન બીજી કોઈ શક્તિ હોય છે. તે જ જાણનાર છે.

જાણનાર આત્મા જ છે. અગાઉ કહી ગયા મુજબ આત્મા સિવાય બીજું કોઇ પણ જ્ઞાન શક્તિ ધરાવતું નથી, તેથી જાણનાર આત્મા જ છે. હે શિષ્ય! જેણે જાણ્યું તેને તું માને નહીં અને એના વડે જે જણાયા તેવા પદાર્થોને માને આ કેવી જાતનું જ્ઞાન? જો જાણનારને માને નહીં તો પદાર્થો જણાશે જ નહીં. પણ પદાર્થો જણાય છે માટે જ જાણનાર આત્મા છે તે સિદ્ધ થાય છે.

બંધુઓ ! દેહ તો જાણી શકતો નથી છતાં અનાદિ અધ્યાસના કારણે આપણે એમ જ માનતા આવ્યા છીએ. દેહને જ સર્વસ્વ માની આજ સુધી પ્રવૃત્તિ કરી અને તેથી જ પાપ પ્રવૃત્તિ વધારે થઈ, માટે દેહાત્મ બુદ્ધિ ટાળવી આવશ્યક છે.

આખા વિશ્વ પર વિજય પ્રાપ્ત કરવાની અદમ્ય મહત્ત્વાકાંક્ષા લઈ ગ્રીસનો બાદશાહ સિકંદર ભારત આવવા માટે પ્રયાણ કરી રહ્યો છે. તેના ગુરુ એરિસ્ટોટલ ફિલોસોફર છે. સિકંદરની સર્વ વિનાશી અભિલાષાઓનું એને દુઃખ છે. સિકંદર સમજાવ્યો સમજે તેમ નથી. તેથી તેઓ સિકંદરને કહે છે : સિકંદર ! તું ભારત જાય છે. મારા માટે એક ચીજ લેતો આવજે.' સિકંદરને થાય છે મારા દેશમાં શું નથી કે હું ભારતથી કંઈ લાવું ?

"ગુરુદેવ! એવું તે શું છે? જે ભારતમાં છે ને અહીં નથી?"

"સિકંદર ! ભારતની સંસ્કૃતિ એક સંતોની સંસ્કૃતિ છે. બહુ જ પ્રાચીન સંસ્કૃતિ છે. ત્યાંથી મારા માટે એક સંતને લાવજે."

"ગુરુદેવ! આપની વાત સાંભળી હસવું આવે છે. ભારતના સંતો તો નિર્વસ્ત્ર હોય. ઉઘાડા શરીરે ફરતા હોય. જેની પાસે એક કોડી પણ ન હોય. એવા સંતને શું કરશો ?"

"તું લાવજે ને !"

સિંકંદર નીકળી પડયો. બંધુઓ ! ગૌરવની વાત છે કે આપણે આ દેશમાં જન્મ્યા. આ દેશે જેટલા સંતો પકવ્યા એટલા કોઈ દેશે પકવ્યા નથી. અહીંની સંસ્કૃતિ જ એવી છે કે અહીં જ મહાન સંતો પેદા થઈ શકે. અરે ! સત્યુગની વાત નથી પણ આ કાળમાં ય ભારતના ખૂણે–ખૂણે સમર્થ સંતો સાધનારત છે. હું કે તમે તો બે-ચાર–પાંચને જ ઓળખતા હોઈશું પણ આ દેશના કણ-કણમાં સંત પાકયા છે. હિમાલયથી લઈને કન્યાકુમારી સુધી આપાદ મસ્તક, સંતો ઠેર–ઠેર આજે પણ વિહરી રહ્યા છે. **'બહુરત્ના વસુંધરા'** સૂત્ર અહીં આ દેશમાં સાકાર થતું જણાય છે.

એરિસ્ટોટલ જાણતા હતા કે આત્માની ખુમારી લઇને નંગે બદન ઘુમવાવાળા સંતો ભારતની પાવન ભૂમિમાં જ પેદા થાય છે. અન્ય ભૂમિમાં એ શક્તિ નથી, એ તેજ નથી, એ પવિત્રતા નથી કે જ્યાં સંતોને જન્મ લેવાનું મન થાય. મારૂં કહેવાનું એ નથી કે બીજા દેશોમાં ક્યાંય સંતો થયા જ નથી, બધા શેતાન જ છે. પણ અહીં આ દેશમાં આજે આટલો ભ્રષ્ટાચાર અને દુરાચાર હોવા પછી પણ આત્મસાધક સંતો થાય છે.

સિકંદર ભારત આવ્યો. યુદ્ધ થયું અને પાછો ફરી રહ્યો છે ત્યાં યાદ આવ્યું કે ગુરુદેવે એક સંતને લઇ જવા કહ્યું છે. અને માણસોને હુકમ કર્યો. માણસો ચારે બાજુ દોડયા અને એક એકાંત નીરવ સ્થાનમાં એક મસ્ત યોગી મળી ગયા. શરીર પર વસ્ત્ર નથી, રહેવા છાપરૂં નથી. એક વૃક્ષ નીચે ધ્યાનમાં રત બેઠા છે. સિકંદરના માણસો શું જાણે ધ્યાન શું છે ? તેમણે તો મોટા બાદશાહના નોકરો હોવાના કારણે અભિમાન ભર્યા સ્વરમાં કહ્યું :

" એ સાંઇ ! ચાલ, તને સિકંદર બોલાવે છે."

પણ સંત તો ધ્યાનમાં હતા. કંઇજ સાંભળતા નથી. એક, બે, ત્રણ વાર કહ્યું પણ સાંઇ શાના સાંભળે ? એ તો આત્મમસ્તીમાં લીન છે. સંતને લીધા વિના તો પાછું જવાય નહીં તેથી માણસો ત્યાં બેઠા. થોડીવારે ધ્યાન પૂરૂં થયું. આંખો ખોલી. એ જોઇને ફરી માણસો કહે છે :

"ચાલ, અમારી સાથે ચાલ ! "

" કોણ છો તમે ? ક્યાં લઈ જવા આવ્યા છો ? "

" અરે ! સિકંદર તને બોલાવે છે. ચાલ ! "

" સિકંદર ! કયા પ્રાણીનું નામ છે સિકંદર ? "

" અરે ! નથી જાણતો ? વિશ્વવિજયી સિકંદર ! જેના ચરણોમાં મોટા-મોટા રાજા–મહારાજાઓના મુગટ આળોટે છે તે મહાન સિકંદર !"

" જાવ ! કહી દેજો તમારા સિકંદરને ! હું ક્યાંય નથી જતો ! હું તો મારામાં છું. હું શા માટે ક્યાંય જાઉં ?"

"અરે, ચાલ ! નહીં આવે તો શું થશે, જાણે છે ?"

"જે થાય તે થાય. હું નહીં આવું !"

સિકંદરના માણસો પાછા આવ્યા. તેમને થાય છે આ તે કોઈ માણસ છે ? છે કોઈની પરવાહ ? સિકંદર જેને યાદ કરે તેનાં નસીબ ઉઘડી જાય. અને આ કહે છે જે થવું હોય તે થાય !

બંધુઓ ! આ ભારતના સંત હતા. જેમણે ખરેખર ફકીરી સાધી હતી. 'ફિકરકી ફાકી કરે ઉસકા નામ ફકીર' એ ન ગયા. પણ માણસોએ જઈ સિંકદરને કહયું, જહાંપનાહ ! આપનું નામ લઈને કહ્યું તો પણ સંત ન આવ્યા. સાંભળીને સિકંદરને ધક્કો લાગ્યો. અરે ! આજ સુધી આવું બન્યું છે કદી કે મારૂં નામ સાંભળે ને ન આવે ? સિકંદરના અહં પર ઘા લાગ્યો, ઊભો થઇ ગયો અને માંડયો ચાલવા. પહોંચ્યો સંત પાસે. સુકલકડી શરીર, પણ મુખ પર તેજ. આંખોમાં સૌમ્યતાની સાથે નિસ્પૃહતા ! અભિમાની સિકંદરની આંખો આ ન જોઇ શકી. એ તો ઘમંડથી ઉન્મત્ત થઇને બોલ્યો :

" સાંઇ ચાલો ! મારા દેશમાં. હું તમને લઈ જઇશ !"

" કેમ ? શું કરશો, ત્યાં લઈ જઇને ?"

" અરે ! મારી રિદ્ધિ–સિદ્ધિ તો જુઓ ! અહીં તો ઉઘાડા શરીરે પડયા છો, કશું ય નથી તમારી પાસે ! મારી સાથે આવો, રાજાશાહી ઠાઠથી રાખીશ. ચાલો, તમને સુખી કરીશ."

" ઓહો ! એવી રિદ્ધિ તો બહુ જોઈ. તેની તુચ્છતા મને લોભાવી નથી શકી. રહેવા દે ! મારે નથી આવવું. તું તારે જા !

સાંભળી સિકંદરને ક્રોધ વ્યાપી ગયો. મારી સામે બોલવાની હિંમત ! એક નાચીજ વ્યક્તિ આટલી દલીલો કરે ? કેમ સહન થાય ? આવા છે આ સંત ? અને ક્રોધથી બોલ્યો :

" સંત ! હું કંઈ જ સાંભળવા નથી માગતો ! ચાલો મારી સાથે !"

" ન આવું તો ?"

" તો પછી જોઈ લેજો. પરિણામ સારૂં નહીં આવે ! જોઈ છે મારી આ કટાર ? એ કોઇની ય શરમ નહીં રાખે !"

અને સંત ખડખડાટ હસી પડયા ! હસતા જ રહ્યા. સિકંદર તો આભો બની ગયો ! અરે ! આની સામે મૃત્યુ છે અને આ હસે છે. એક અજાણ વ્યક્તિ કટાર લઇ સામે ઊભી છે. પણ તેને ભય નથી ! શૂરવીર યોદ્ધાઓ પણ મૃત્યુને સામે જોઈ વિહ્વળ થઈ જાય. અનેકને મારનાર, પોતાની સામે મૃત્યુ આવે તે જોઈ નરમ ઘેંશ જેવો થઈ જાય. અને આ જીર્ણ શરીરી સંત– ધક્કો મારૂં તો પડી જાય તેવો–હસી રહ્યો છે. અને સિકંદર જરાક નરમ પડયો. પૂછે છે :

"કેમ હસો છો ? મૃત્યુનો ડર નથી તમને ?"

"ના ! તું કોઈ પણ હોય, તારી કટાર ગમે તેવી હોય, મને મારી ન શકે !"

"કેમ ! કઈ માટીના બનેલા છો તમે ? કે મારી કટાર મારી ન શકે ?"

"હું કોઈ જુદી માટીનો નથી બન્યો ! પણ મારૂં જે 'હુ' છે તેને કોઈ મારી શકે નહીં. હા, આ દેહને મારો, દેહના કટકા કરો પણ તેમાં મારે શું ? દેહ મરે તેથી હું કાંઇ ન મરૂં !"

સિકંદરે આવી ભાષા કયારે ય સાંભળી નથી. દેહ અને દેહની અંદર રહેનાર હું બન્ને અલગ હોય એવી તેને સ્વપ્ને પણ ખબર નથી. એ પણ મહાન ફિલોસોફર એરિસ્ટોટલનો શિષ્ય હતો. પણ આવી વાતો એણે કયારે ય સાંભળી ન હતી.

બંધુઓ ! મેં એક વાર પહેલાં પણ તમને કહ્યું હતું કે ભારતનાં દર્શનોએ આત્મા વિષે જેટલા ઊંડાણમાં જઈ વિચાર્યું છે, જેટલું સંશોધન કર્યું છે એટલું વિશ્વના કોઇ દર્શને કર્યું નથી. એટલે જ સિકંદરને દેહ અને આત્માની ભિન્નતાની વાતો કદી કાનમાં પડી નથી. એ સમજી શકતો નથી કે સંત શું કહી રહ્યા છે ! તે પૂછે છે :

"સાંઈ ! આપ શું કહી રહ્યા છો ? હું નથી સમજી શકતો આપની ભાષા !"

"ભાઈ ! કોઈ નવી ભાષા નથી. તને જે અટપટું લાગે છે એ તો ભારતનો એકએક બાળક પણ જાણે છે. દેહ અને આત્મા જુદા છે !"

"આત્મા ? આત્મા શું છે ?"

સકંદર ! તારી અંદર જે ચૈતન્ય શકિત છે, તું જે બોલી રહ્યો છે કે હું તમને મારીશ એ તારો હું જ આત્મા છે !"

સિકંદર મહા બુદ્ધિમાન છે. કદી નથી સાંભળ્યું પણ વિચાર કરવા માંડયો કે ન સમજાય એવું હોવા છતાં પણ મારામાં 'હું' અનુભવતો હોઉં એવું લાગે છે. મારામાં પણ મારો હું બોલી રહ્યો છે. અને સિકંદરના ભાવ અને ભાષા ફરી ગયાં. સંતના ચરણમાં ઝુકી પડયો. આપોઆપ હાથ જોડાઈ ગયા. વિનમ્ર ભાવો વ્યકત થવા માંડયા. કહે છે :

"મહારાજ ! આપ બોલો છો તે સમજતો નથી પણ સાંભળવું બહુ ગમે છે. માટે હજુ કંઈક કહો !" સંતે જોયું, સિકંદર પીગળી રહયો છે. સમજવાની ભાવના લઇને બેઠો છે, અને સમજશે, તેથી સંત કહે છે—

"ભાઈ ! તું કહે છે હું તમને મારી નાખીશ. તો તું આ શરીરને મારી શકે છે. મને નહીં !"

"તો શું તમે શરીર નથી ?"

"ના ! હું તો શરીરથી જુદો આત્મા છું. શરીરને જાણનારો. શરીરમાં જે કંઈ થાય તે જાણી શકું છું પણ જાણ્યા પછી શરીરની વેદનાને અનુભવવી કે નહીં, એ મારા હાથની વાત છે."

"એમ ? મહારાજ ! એ કઈ રીતે બને ?"

"બને રાજન્ બને ! આત્મા શરીરને પોતાનું ન માને. એ જડ છે અને જડનો ધર્મ જડ બજાવે. શરીર શરીરમાં અને હું ચેતન મારામાં. આવો ભાવ આવી જાય તો શરીરમાં જે કંઈ થાય તેનું દુઃખ ન વેદવું પડે ! આત્મા તો અમર છે. તે મરતો નથી."

"તો શું મેં આજ સુધી લાખો માણસોને માર્યા તો તેઓના આત્મા મર્યા નથી ?"

"હા, સિકંદર ! તેં અનેકને માર્યા. પણ તેઓ તો અમર આત્મા જ છે. તેથી મર્યા નથી પણ વિશ્વ વિજયી થવાની તારી ઉન્મત્ત અભિ-

લોભના કારણે, તે બધાને મારતાં, તને જે ક્રૂર ભાવ આવ્યા તેનાથી થોકનાં થોક પાપ બંધાયાં !"

"પ્રભુ ! તેનું પરિણામ શું ?"

"બસ, એ બધું અહીં જ મૂકીને મરી જવાનું અને મરીને નરકનાં દુઃખોની ઘોર યાતના !"

"તો શું મારે દુઃખ ભોગવવું પડશે ?"

"હા, તેમાં શંકાને સ્થાન નથી. અમર આત્મા પુણ્ય-પાપ સાથે લઈને જાય અને તેનાં ફળ તેને ભોગવવાં જ પડે. ભાઈ! તેં ઘોર પાપો કર્યાં છે. એ તારે ભોગવવાં જ પડશે !"

અને બંધુઓ ! સિકંદર સમજી ગયો. તેના ગુરુ એરિસ્ટોટલ, સંતને ગ્રીસમાં લઈ જઈ જે કરાવવા માગતા હતા, તે સંતના સમાગમે અહીં જ થઈ ગયું. સિકંદરે સંતનાં ચરણોમાં પોતાની કટાર મૂકી દીધી અને ત્યાં જ પ્રતિજ્ઞા કરી, કે હવે એક પણ જીવને નહીં મારું.

ભારતના સંત પાસેથી ભવોભવનું ભાથું લઈને, હળવો ફૂલ જેવો થઈ એ પાછો ફર્યો.

બંધુઓ ! સંતે સિકંદરને જે સમજાવ્યું તે જ શ્રીમદ્જી આપણને સમજાવી રહ્યા છે, કે જાણનારો દેહની અંદર બેઠો છે તે દેહથી અલગ છે. જાણેલા પદાર્થનું અસ્તિત્વ જેટલું સત્ય છે એટલું જ જાણનારનું અસ્તિત્વ પણ સાચું જ છે.

વળી પણ દેહ શા માટે આત્મા નથી તે કહે છે—

**પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;**
**દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ....૫૬...**

જો દેહને આત્મા માનીએ તો એ વિકલ્પ કોઈ રીતે ઘટિત થતો નથી. કારણ જ્ઞાન એ આત્માનો ગુણ છે. તે કદી આત્માથી અલગ ન થાય. અલગ કરી પણ ન શકાય. અગ્નિમાંથી ઉષ્ણતા કે સાકરમાંથી મીઠાશ કાઢી શકાય જ નહીં. અને કાઢી નાખો તો અગ્નિ અગ્નિ ન

રહે, રાખ થઇ જાય. સાકર–સાકર ન રહે. એમ આત્મામાંથી પણ જ્ઞાન કાઢી ન શકાય.

હવે દેહને આત્મા માનવાથી સ્થૂલ દેહ હોય તેનામાં જ્ઞાન વધુ હોવું જોઇએ અને કૃશ દેહમાં ઓછું જ્ઞાન હોવું જોઇએ. જેવડું શરીર એટલું જ્ઞાન. હાથી–ગેંડામાં માણસ કરતાં પણ વધુ જ્ઞાન હોવું જોઇએ પણ એમ નથી થતું. ૩૦૦ કીલો વજન ધરાવનાર માણસમાં એટલું જ્ઞાન હોય જ એમ નથી દેખાતું. બલ્કે કયારેક તો ખૂબ મોટા દેહવાળો માણસ સાવ બુદ્ધુ હોય અને દુબળું પાતળું શરીર હોવા પછી પણ અમાપ જ્ઞાન હોય.

આત્મસિદ્ધિ શાસ્ત્ર જેવું રૂડું શાસ્ત્ર દેનાર શ્રીમદ્ રાજચંદ્રજીનો દેહ કેટલો દુર્બળ હતો છતાં જ્ઞાન તો અગાધ હતું. પૂર્વ ભવોનું જ્ઞાન પણ સાથે લઇને આવ્યા હતા. એવી જ રીતે ઘણા–ઘણા મહાન જ્ઞાની પુરુષોને આપણે જોયા છે કે શરીરે કૃશ હોવા પછી પણ તેમની જ્ઞાન ગરિમા અદ્ભુત હોય.

તેથી સિદ્ધ થાય છે કે શરીર તે આત્મા નથી. શરીરમાં જ્ઞાન ગુણ નથી. પણ જોવા–જાણવાવાળો આત્મા દેહથી ભિન્ન છે અને સર્વ શક્તિમાન છે.

આમ ગુરુદેવે શિષ્યની આત્મા વિષયક શંકાઓનું સમાધાન કરી દીધું. છતાં વધુ સ્પષ્ટીકરણ અવસરે........

## આત્માની શંકા કરે……!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એ જ જીવ કરી શકે છે, કે જેને તે પોતે ચૈતન્ય છે, એ ભાન છે. આરાધનાના ભાવ ચૈતન્યમાં જ જાગી શકે, જડમાં નહીં, જડ અને ચૈતન્ય બન્ને સર્વથા ભિન્ન છે. જે ધર્મ ચૈતન્યમાં હોય તે જડમાં ન હોય અને જડમાં હોય તે ચૈતન્યમાં ન હોય.

દ્રવ્ય દૃષ્ટિથી ભલે કેટલાક ગુણોની સમાનતા હોય પણ પોતાના હોવાપણાની જે વિશિષ્ટ શક્તિ છે તે બન્નેની જુદી જ હોય. નાટક. સમયસારમાં કવિવર બનારસીદાસે જીવ અને અજીવનાં લક્ષણ બહુજ સ્પષ્ટ રૂપે બતાવ્યાં છે.

**સમતા રમતા ઉરધતા**
**જ્ઞાયકતા સુખભાસ**
**વેદકતા ચૈતન્યતા**
**એ સબ જીવ વિલાસ……**

સમભાવ, આત્મસ્વરૂપમાં રમણતા, સ્વભાવથી ઊર્ધ્વગામિતા, જ્ઞાતા, અનંત સુખનો અનુભવ કર્તા, સુખ દુઃખનો વેદક સદા ચૈતન્યતા આ બધાં જ જીવનાં લક્ષણો છે.

**તનતા મનતા વચનતા**
**જડતા જડસમ્મેલ**
**લઘુતા ગુરુતા ગમનતા**
**યે અજીવકે ખેલ....**

મનરૂપ, વચનરૂપ કાયરૂપને ધારણ કરનારું, જડતા, જેનું પરિણમન પણ જડમાં, હળવાપણું, ભારેપણું, ગતિ કરવાપણું આ બધાં જ અજીવનાં લક્ષણો છે.

આજ વાત શ્રીમદ્જી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહે છે. શિષ્યને રહેલી દેહાત્મ બુદ્ધિ, આત્માના હોવાપણા વિષે તથા આત્માના સ્વતંત્ર અસ્તિત્વ વિષે શંકા જન્માવે છે. જીવની એ જ મોટી ભૂલ છે. જ્યાં સુધી દેહાદિથી આત્માનું ભિન્નત્વ ન સમજાય ત્યાં સુધી સત્ શ્રદ્ધા જાગૃત થતી નથી. દર્શનમોહના ઉદયે આત્માના સાચા સ્વરૂપની પ્રતીતિ થતી નથી. માટે જ ઉપકારી ગુરુદેવ વારંવાર એક જ વાતને ફેરવી ફેરવીને જુદી–જુદી રીતે શિષ્યને સમજાવે છે. તેઓએ કહ્યું :

**જડ–ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ**
**એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વય ભાવ......૫૭......**

વત્સ ! આગળ બતાવવામાં આવ્યું તેમ જડ અને ચેતન બન્નેનો સ્વભાવ પ્રગટ રુપે જ જુદો સમજાય છે. અને જ્યાં સ્વભાવ જુદા ત્યાં પદાર્થ પણ જુદા. સ્વભાવનો અર્થ જ છે પોતાનું હોવાપણું. જેનું અસ્તિત્વ જુદા–જુદા સ્વભાવથી ઓળખાતું હોય તે બન્ને જુદાં જ હોય. અગ્નિ ઉષ્ણતાથી ઓળખાય અને પાણી શીતળતાથી. બન્નેના સ્વભાવ તદ્દન ભિન્ન માટે બન્નેનાં અસ્તિત્વ પણ ભિન્ન.

વળી બન્ને વિરોધી પદાર્થો ચિરકાળ સુધી સાથે રહેવા છતાં પણ એક થઈ જતા નથી. સ્થૂલ પદાર્થોમાં પણ એમ છે અને સૂક્ષ્મ પદાર્થોમાં પણ એમ જ છે. જેમકે એક મોટા વાસણમાં નાનાં–મોટાં ફળ નાખવામાં આવે. પહેલાં નાળિયેર, પછી એપલ, પછી લીંબુ, પછી સોપારી, પછી બોર, પછી, મરી, પછી રાઈ, પછી ખસખસ, આમ આખું યે વાસણ ભરી દેવામાં આવે અને તેને ઘણા સમય સુધી રાખી મૂકવામાં આવે, તો મોટા ફળ તો જલદી અલગ પડી જશે. નાનાં ફળોને જુદાં પાડવામાં થોડી મહેનત થશે પણ જુદાં થાય ખરાં. અરે ! રાઈ અને ખસખસ જુદાં પાડતાં દમ નીકળી જાય. છતાં જુદા પડી શકે. એક ન થઇ જાય.

તેમ આ આત્મા જડ એવા દેહ અને જડ એવાં કર્મો સાથે એક ક્ષેત્રાવગાહી અનાદિથી રહ્યો છે. પણ પોતે જડ થઈ ગયો નથી અને જડ કર્મો કે જડ દેહ પણ ચેતન થઈ ગયા નથી. શ્રીમદ્જીના જ શબ્દોમાં—

**જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ**
**જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ**
**પ્રગટ અનુભવ રૂપ છે, સંશય તેમાં કેમ ? ........**

આ જ વાત શ્રી સહજાનંદ સ્વામીએ પણ કહી છે—

**ક્ષીર-જલ ન્યાય અનાદિથી, તુજ સંબંધ જડ સાથ**
**પણ તું-તું જડ-જડ સદા, સૌ-સૌ નિજ-નિજ નાથ....**

આમ ગુરુદેવે શિષ્યની સર્વ શંકાઓનું યથોચિત સમાધાન કરી તેની શ્રદ્ધામાં બેસાડયું કે જડ અને ચૈતન્ય બન્નેના સ્વભાવ તદ્દન ભિન્ન છે. બન્ને દ્રવ્યોનું અસ્તિત્વ પણ ભિન્ન છે. અને સદા કાળ ભિન્ન રહેવા જ સર્જાયેલા છે. માટે ચૈતન્ય તે આત્મા અને બાકીના સર્વ પદાર્થો જડ. તું ચૈતન્ય આત્મા છે. તારું અસ્તિત્વ સહુથી નિરાળું છે.

આટલું સમજાવ્યા પછી શિષ્યના અંતઃકરણમાં આત્માના હોવાપણા વિષે કયાંય પણ શંકા રહી ગઈ હોય તો માર્મિક વચનો દ્વારા ગુરુદેવ કહે છે–

**આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,**
**શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ...૫૮....**

શિષ્યે કહ્યું હતું : 'માટે છે નહીં આતમા' પોતા તરફથી સર્વ શંકાઓ રજુ કરી, અંતે આત્મા નથી એમ શિષ્ય સમજયો હતો. ગુરુ-દેવે શિષ્યની એક-એક શંકાનું સમાધાન દીર્ઘ દૃષ્ટિથી, માર્મિક દલી-લોથી અને પ્રભાવશાળી વાણીથી કર્યું. ગુરુદેવ તત્ત્વજ્ઞાનની ઊંડામાં ઊંડી-ગૂઢ વાતોનો ઉકેલ ખૂબ સરળતાથી કરે છે. શ્રીમદ્ રાજચંદ્રજીની વાણીની એ જ ખૂબી છે કે તેઓ કઠિનમાં કઠિન અને રહસ્યમય તત્ત્વોને સરળ અને સાદી ભાષામાં સમજાવી શકે છે. તેઓશ્રીના આખા યે સાહિત્યમાં આ ગુણ સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.

ગુરુદેવ શિષ્યને કહી રહ્યા છે ભાઈ! મને બહુ મોટું આશ્ચર્ય થાય છે. તું કહે છે. 'માટે છે નહીં આતમા' તો આવો નિર્ણય દેનાર કોણ છે ? વળી આત્મા વિષે સંદેહ કરનાર કોણ છે ? હું અને મારું આવી પ્રતીતિ કોને થઈ રહી છે ? વિચારતાં જરૂર જણાશે કે આત્મા સિવાય બીજા કોઇને આવું સંવેદન થઈ શકે જ નહીં.

વળી નિયમ એ છે કે વિશ્વમાં જે પદાર્થનું અસ્તિત્વ હોય તેના વિષે જ તેના અસ્તિત્વ કે નાસ્તિત્વનો વિકલ્પ ઉઠે છે. જો આત્મા નામનું કોઈ તત્ત્વ સૃષ્ટિમાં હોત જ નહીં તો તેના નાસ્તિત્વનો વિકલ્પ ઉઠત જ નહીં માટે આત્મા છે એ સિદ્ધ થાય છે. પોતે જ પોતાની શંકા કરી રહ્યો છે. આ વાત તો કેવી હાસ્યાસ્પદ છે ! ક્યારેક ક્યાંય જોયું કે સાંભળ્યું છે કે કોઈ માણસ એમ કહે કે : ભાઈ ! અહીં આવો તો ! જરા જુઓ તો—હું છું કે નહીં ? પદાર્થ કે બીજી કોઈ વ્યક્તિ માટે માણસ એમ પૂછતો હોય તો તે બરાબર જ છે. પણ પોતે પોતા માટે પૂછે એવા માણસને લોકો પાગલ જ કહે. એ મૂર્ખાની પંક્તિમાં જ બેસે. એ જ રીતે હે શિષ્ય ! આ જીવ પુદ્ગલાનંદી થઈ, પુદ્ગલ સાથે એટલો ઓતપ્રોત થઇ ગયો છે કે તે પોતે પોતાને ભૂલી ગયો છે. પોતાનું ખરૂં રૂપ શું છે તેની તેને ખબર નથી. તેથી 'હું છું કે નહીં' એવી શંકા કરી હાંસીપાત્ર બને છે.

આ તો એવી વાત થઇ કે અરિસામાં પડતા પ્રતિબિંબને માનીએ અને અરીસાને ન માનીએ. અરીસામાં પડતા પ્રતિબિંબને સ્વીકારતા હો, પછી એ પોતાના દેહનું અથવા કોઇપણ પદાર્થનું, પણ જ્યાં પ્રતિબિંબનો સ્વીકાર થાય ત્યાં એ જેમાં પ્રતિબિંબિત થઇ રહ્યું છે તેનો પણ સ્વીકાર થઈ જ જાય છે. કારણ પ્રતિબિંબ અવકાશમાં પડતું નથી. કોઇ પણ ચમકતી વસ્તુ જોઇએ. એ અરીસો હોય, ધાતુ હોય કે પાણી હોય પણ એવી વસ્તુ વિના પ્રતિબિંબ હોઈ ન શકે. પ્રતિબિંબ સાથે એ પદાર્થનો સ્વીકાર થઇ જાય છે.

હે શિષ્ય ! તને શંકા થાય છે. એ 'તું' તારી અંદર જ બેઠો છે. એનામાં રહેલો જ્ઞાનગુણ જ શંકા કરી રહ્યો છે. આત્મામાં જો જ્ઞાનગુણ

ન હોત તો એ કોઇ પણ પ્રકારની શંકા પણ ન કરત અને જિજ્ઞાસા પણ ન સેવત. ગમે તેવો જડ પદાર્થ કદી કોઈ શંકા કે પ્રશ્ન ઉઠાવી શકતો નથી. જડમાં જ્ઞાનશક્તિ જ નથી. માટે જ જેણે શંકા કરી છે એ જ આત્મા છે. જ્ઞાન ગુણે કરી સહિત ચૈતન્ય દ્રવ્ય છે એ તું સમજી લે.

આ તો ભૂલેલો માણસ, પોતે પોતા વિષે શંકા કરે અથવા પોતાને જ ભૂલી જાય એવું થયું. પેલી વાત આપણે સાંભળી છે. દશ મિત્રો ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં ઘણા દૂર નીકળી ગયા. વચમાં એક વિશાળ નદી આવી. બે કાંઠે પાણી ભર્યું છે. વરસાદની ઋતુ છે. અને ઉપરથી પૂર આવવાની સંભાવના છે. નદીમાં પાણી વધી રહ્યું છે. પણ યુવાની છે, સાહસ છે, દશે ય મિત્રો સામે કાંઠે જવા પાણીમાં પડયા, ઝપાટાભેર સામા કાંઠે નીકળી ગયા. વિચાર કરે છે કે આવતા પૂરની નદીમાંથી ઉતર્યા તો કોઈ એકાદો રહી નથી ગયો ને ? ગણી લઇએ.

એક યુવાન ગણવા માંડયો. એક, બે, ત્રણ અને નવ સુધી ગણાયા. દશમો નથી. બીજો કહે છે તને ગણતા નથી આવડતું. હું ગણું અને એણે ય નવ ગણ્યા. આમ બધાય ગણે છે પણ નવ જ થાય છે. સહુ એક-બીજાનાં મોઢા સામું જુએ છે. અરે ! કોણ ખોવાણો આપણામાંથી ? સમજણ પડતી નથી. દશ થતા નથી અને કોણ ખોવાયો તે ખબર પડતી નથી. પાણીમાં તણાતાં પણ જોયો નથી. હવે કરવું શું ? ચિંતામાં પડયા. એટ-લામાં ત્યાંથી એક વૃદ્ધ પુરુષ નીકળ્યા. એણે જોયું યુવાનો ઊભા છે પણ મુખ પર મુંઝવણના ભાવો છે. પૂછયું : 'ભાઇઓ ! શું છે ?' 'અરે ! કાકા અમે દશ મિત્રો નદીમાં ઉતર્યા. એમાંથી એક તણાઇ ગયો.' કાકા કહે : 'બરાબર ખબર છે ? તણાતાં જોયો ?' 'ના, એ જ પંચાત છે ને ! સમજણ પડતી નથી. નીકળ્યા'તા દશ અને રહ્યા નવ. એક કોણ ખોવાયો તે જ ખબર પડતી નથી.' વૃદ્ધ અનુભવી હતા. તે કહે–ઉભા રહો હું ગણું અને તેમણે ગણ્યા તો દશ થયા. કાકા કહે.

"અરે ! ભાઈઓ ! તમે તો દશ છો."

"દશ છીએ ? કાકા, અમે ગણ્યા તો નવ થયા !"

"ગણો જોઈએ ફરીથી !"

ફરીથી ગણ્યા તો પણ નવ થયા. કાકા બોલ્યા:

"અરે ! મૂર્ખા ! તું તને જ ગણતો નથી. તું થઈને દશ હતા કે તારા સિવાય ?"

"ના, ના, હું થઈને દશ."

"ત્યારે તારી જાતને સામેલ કરી દે એમાં ! સહુને ગણે છે, તું તને જ ભૂલી જાય છે !"

બંધુઓ ! આત્માના અસ્તિત્વનો અસ્વીકાર કરતા અજ્ઞાની જીવનું પણ આમ જ છે. એ માત્ર દૃષ્ટિગોચર થતા પદાર્થોને જ માને છે. ગુરુદેવે પણ એ જ કહ્યું હતું કે ઘટ, પટ આદિને માને છે અને તેના જાણનારને તું નથી માનતો ?

શિષ્યને પોતાની ભૂલનું ભાન થાય છે. અને ગુરુદેવે કહેલાં તત્ત્વની વિચારણામાં ઊંડો ઉતરી જાય છે. એ વિચારમાંથી બહાર આવીને એ ગુરુદેવ સમક્ષ શું કહેશે તે અવસરે....

## ...અંતર કર્યે વિચાર!

વીતરાગ પરમાત્મા-અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરતો જીવ આત્માને પામી જાય છે. બીજું બધું પામેલો જીવ, આત્માને ન પામે ત્યાં સુધી સ્થિર થતો નથી. બીજું પામે એ તો ગતિના કારણ રૂપ બને છે. પરંતુ આત્માનું પામવું સ્થિરતાના હેતુભૂત બને છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માને સ્વીકારી તેને પામવાના ઉપાયો બતાવ્યા છે. જિજ્ઞાસુ શિષ્યે ગુરુદેવની સમક્ષ આત્માના અસ્તિત્વ વિષયક શંકાઓ રાખી અને ગુરુદેવ તર્કયુક્ત, પ્રમાણયુક્ત દલીલો વડે આત્માના અસ્તિત્વની સિદ્ધિ કરી આપે છે. સમાધાન થતાં શિષ્યનું અંતઃકરણ પ્રસન્ન થઇ ઉઠે છે. તે આત્મા વિષયક ઊંડી વિચારણા કરે છે. વિચારણાના અંતે શું થાય છે તે શિષ્યના શબ્દોમાં-

**આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર**
**સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર....૫૯....**

હે ગુરુદેવ ! આપે આત્માના અસ્તિત્વની સિદ્ધિ અનેક પ્રકારે કરી. આપે કહ્યા પછી એ બધા જ તર્કોને મારા અંતરના ઊંડાણમાં જઈ મેં વિચાર્યા. ખૂબ વિચાર્યા. વારંવાર વિચાર્યા. અને વિચારતાં મને લાગ્યું કે આપે ફરમાવ્યું તેમ જ છે.

બંધુઓ ! સર્વજ્ઞ, સર્વદર્શી પરમાત્મા પણ આપણને એ જ કહે છે કે જે તત્ત્વ સાંભળો કે વાંચો તેનો ખૂબ ઊંડાણથી વિચાર કરજો. તત્ત્વને સાંભળવામાં રુચિ છે, ગમે છે, એ સારૂં જ છે. પણ તે પછી તેના પર ઊંડી વિચારણા થાય તો જ એ શ્રદ્ધામાં ઉતરે. આ બહુ જ

મહત્ત્વપૂર્ણ વાત છે કે જે તત્ત્વની અંતરના ઊંડાણમાંથી વિચારણા થઈ હોય. ઊંડું ચિંતન થયું હોય. એ જ આત્મામાં શ્રદ્ધા રૂપે જામે છે અને ટકી રહી શકે છે. કારણ જેમ-જેમ વિચારણા થાય તેમ-તેમ આત્મા પર સંસ્કાર પડતા જાય છે. અને સંસ્કાર દૃઢ થતા જાય ત્યારે જ શ્રદ્ધા રૂપે આત્મામાં સદાકાળ માટે સ્થાપિત થઈ જાય છે. આનું કારણ એ પણ છે કે જેના વિષે ઊંડું ચિંતન કરીએ, તે વિષયમાં અત્યંત એકાગ્ર થવું પડે છે. આજુબાજુના બધા જ વિકલ્પો છૂટતા જાય છે. મન, બુદ્ધિ ચિંતનમાં જ જોડાઈ જાય છે એટલે પડેલા સંસ્કાર મજબૂત બને છે.

બંધુઓ ! આ જીવે જે વિષયના ખૂબ વિચારો કર્યા છે, ખૂબ મંથન કર્યું છે તે સંસ્કારો આપણામાં આજે પણ જામેલા દેખાય છે. આપણા રાગ-દ્વેષ કષાયના ભાવો કેટલા મજબૂત છે કે તેને તોડવાના પ્રયાસ પછી પણ તૂટતા નથી. અને ગમે ત્યારે એ આત્મામાં પડેલા જ છે. એને જાગૃત કરવા પડતા નથી. એ સંસ્કાર એવા મજબૂત છે કે '**હીરની ગાંઠ અને તેલનું ટીપું**' બારીક મજબૂત રેશમની ગાંઠ પડે અને તેના પર તેલનું ટીપું પડે પછી એ ગાંઠ કદી યે છૂટે નહીં. આપણે પણ કષાયોની ચીકાશ વડે વિભાવના સંસ્કારો એવા જ આત્મામાં જમાવ્યા છે. વારંવાર વિભાવને સેવ્યા છે.

રાગ-દ્વેષ કરીએ તો છીએ જ પણ વધુને વધુ કેમ કરતા રહેવું એના ઉપાયો શોધતા હોઈએ છીએ. અંતરમાં રાગભાવના પડી છે, તો એ રાગને પોષવાના હજાર ઉપાયો, એ જ વિચારણા, મન, વચન, કાયાની એ જ પ્રવૃત્તિ. એ જ રીતે દ્વેષભાવનાને પોષવાના પણ એટલા જ પ્રયત્નો. આમ જીવ આવી આવી અહમ્-મમની ભાવનાઓને અનાદિથી પોષતો આવ્યો છે. તેના જ વિચારો કરતો રહ્યો છે. તેથી એ સંસ્કાર નાની-મોટી કોઈપણ યોનિઓમાં ગયો ત્યાં સાથે જ લઈ ગયો છે.

એક વારની વાત કહું. અમે ૧૯૬૯માં ઝરિયા, બિહાર, કોલ્ડ ફિલ્ડમાં ચોમાસું હતાં. નાની સાંકડી ગલીમાં ઉપાશ્રય અને ૮-૧૦ ફૂટ સામે જ એક દેશી નળિયાવાળું મકાન. એક દિવસ ઉપાશ્રયની ગેલેરીમાંથી જોયું તો એક કાગડો ચાંચમાં રોટલી લઈને આવ્યો. ચારે બાજુ જોયું,

કોઈ નથી જોતું એમ ખાતરી કરી, પગ નીચે રોટલી દબાવી, ચાંચથી નળિયું ઊંચું કર્યું. તેની નીચે ચત્તા નળિયામાં રોટલી મૂકી દીધી. ઉપર પેલું નળિયું ઢાંકી દીધું, અને ફરી ખાતરી કરી કે કોઈ જોતું નથી અને તે પશ્ચિમ તરફ ઊડી ગયો. અને તરત જ પૂર્વમાં બેઠેલો બીજો કાગડો આ જોતો હશે, તે આવ્યો, નળિયું ઊંચું કરી રોટલી કાઢી, લઈને ઊડી ગયો. મૂકનાર કાગડો ફરી આવ્યો પણ રોટલી ન હતી.

બંધુઓ ! આ આંખે દેખ્યા અહેવાલ છે. જોઈને એમ થયું અહીં તેને કોણે આ શીખવ્યું ? એક છૂપાવે અને બીજો ચોરી કરે, આ છે ભવ ભવના સંસ્કાર ! તમારા બાળકોને આવું શીખવો છો ને ? વધારે ભાગ આપી કહો, જા, ખીસામાં નાખી દે, બહાર જઈને ખાઇ લેજે. કોઈને કહેતો નહીં કે મને બે ચોકલેટ આપી. બીજાને એક જ આપી છે. આ સમયે બાળક ખુશ થાય અને તમે પણ હરખાવ. પણ આ સંસ્કાર જીવમાં વધુ ને વધુ ઊંડા ઉતરતા જાય. આત્મા પર તેની અમીટ છાપ છોડતા જાય. એટલે જ આવા સંસ્કારો વગર શીખ્યે કે શીખવ્યે બધી જ યોનિમાં જોવા મળે છે.

આપણે આવા સંસ્કારોથી તો પરિચિત છીએ જ પણ હવે આત્માની શ્રદ્ધા, જિનવચનોની શ્રદ્ધાના અમીટ સંસ્કારો પાડવા છે. આવા સંસ્કારો, વિચારણાપૂર્વકના ન હોવાના કારણે જ આપણી શ્રદ્ધાને ડગતાં વાર નથી લાગતી. શ્રદ્ધાનાં મૂળ ઊંડાં ઉતરતાં નથી. માત્ર ગતાનુગતિકથી ચાલી આવતી બાહ્ય રૂઢિઓ પરની શ્રદ્ધા જ હોય છે આપણામાં. પણ સમજ સહિતની શ્રદ્ધા જો હોય તો તે કોઇપણ વિપરીત સંયોગોમાં પણ ડગે નહીં.

શિષ્યને આત્માના અસ્તિત્વ વિષયક સમાધાન થતાં તે પર ઊંડું ચિંતન કર્યું અને તે ગુરુદેવને કહી રહ્યો છે કે હે ગુરુદેવ ! મેં વિચાર્યું, મને સમાધાન થયું. હવે હું આત્માના અસ્તિત્વ વિષે શ્રદ્ધાવાન થયો છું. આપની અમૂલ્ય વાણી અને અપાર અનુગ્રહે મારી દિવ્ય દૃષ્ટિ જાગૃત થઇ રહી છે.

આમ કહી એ ગુરુદેવના ચરણમાં મસ્તક મૂકી ધન્યતા અનુભવતો, ગદ્ગદ્ કંઠે બોલી ઉઠે છે—

**છ છ પદોની મારી અંતર આરાધના**
**શાશ્વત સિદ્ધિને પમાય......મારી અંતર આરાધના**
**પહેલું પદ તે મારો આત્મદેવ સત્ છે**
**સત્, ચિત્, આનંદ સ્વરૂપ...... (૨)**
**ચેતનના ચમકારે ચોમેર વ્યાપતો**
**જડમાં મળે ના એનું રૂપ...મારી અંતર આરાધના...**

ગુરુદેવ પ્રત્યે જાગેલી અસીમ શ્રદ્ધા એ શિષ્યના હૃદયનાં દ્વાર ખોલી નાખ્યાં. તેના મનમાં આત્મા વિષયે બીજી શંકાઓ પણ પડી છે. તે હવે રજુ કરે છે—

**બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;**
**દેહયોગથી ઉપજે, દેહ વિયોગે નાશ.... ૬૦....**

શિષ્ય અભ્યાસી છે. અન્ય દર્શનોની તાત્ત્વિક માન્યતાને એ જાણે છે. અને તેથી જ તેના મનમાં બીજી શંકા ઉત્પન્ન થઇ છે. બીજું પદ બતાવ્યું–'આત્મા નિત્ય છે' પણ શિષ્ય કહે છે ગુરુદેવ ! આત્મા અવિનાશી હોય તેમ મને માન્યામાં આવતું નથી. આત્મા છે તે સ્વીકારી લીધું પણ દેહના ઉત્પન્ન થયા પછી આત્મા દેહમાં ઉત્પન્ન થાય અને દેહના નાશ સાથે નાશ થઇ જાય.

આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ દ્વારા રચાયેલા 'વિશેષાવશ્યક મહાભાષ્ય' નામના ઉત્તમ ગ્રન્થનું એક પ્રકરણ છે. ગણધરવાદ. તેમાં ભગવાન મહાવીરના ૧૧ ગણધરોએ દીક્ષા લીધા પહેલાં વેદને નહીં સમજવાના કારણે જે શંકાઓ કરી હતી તે અને પ્રભુએ કરેલ શંકાનાં નિવારણો આપ્યાં છે. તેમાં ત્રીજા વાયુભૂતિ નામના ગણધરે જીવ અને શરીર એક છે, એવો સંશય કર્યો છે અને પ્રભુએ તેનું નિરાકરણ કર્યું છે, તેની વિસ્તારથી ચર્ચા છે.

સંશય એ છે કે પૃથ્વી, પાણી, તેજ અને વાયુ આ ચાર ભૂતોના ભેગા થવાથી આ શરીર બને છે અને તેમાં આત્મા નામનું એક તત્ત્વ ઉત્પન્ન થાય છે. જેમકે ધતુરાનાં ફૂલ, ગોળ, પાણી વગેરેમાં અલગ–અલગ નશાનો ગુણ ન હોવા છતાં પણ જ્યારે એ બધા પદાર્થોને ભેગા કરવામાં આવે તો નશાની શક્તિ ઉત્પન્ન થઇ જાય છે. તેમ પૃથ્વી આદિ ચાર

ભૂતોમાં ચૈતન્ય શકિત નથી છતાં જ્યારે તેનો સમુદાય થાય છે ત્યારે તેમાં ચૈતન્ય શકિત પ્રગટ થઈ જાય છે.

વળી દારૂ બનાવનાર જુદા-જુદા પદાર્થોમાં નશાની શકિત ન દેખાતી હોવા છતાં, પદાર્થોના ભેગા થવાથી નશાનો ગુણ તેમાં ઉત્પન્ન થાય અને અમુક સમય સુધી એ ગુણ રૂપે રહી પછી એ શકિતનો નાશ થઇ જાય છે. તેમ ચાર ભૂતોમાં ચૈતન્ય નથી છતાં એ ભેગા થવાથી ચૈતન્યની ઉત્પત્તિ થાય અને અમુક કાળ પછી એ ચૈતન્યનો નાશ થઈ જાય.

આમ ચાર્વાકવાદીઓની આ માન્યતા છે. તેઓ પૃથ્વી આદિમાં ચૈતન્ય નથી માનતા. જો તેમાં ચૈતન્ય માને તો તો સ્વતંત્ર આત્માનો સ્વીકાર થઈ જાય. માટે પૃથ્વી આદિ તત્ત્વોના સંયોગથી આત્મા ઉત્પન્ન થાય અને નાશ પણ પામે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પણ શિષ્ય એ જ શંકા ઉઠાવે છે, કે દેહનો યોગ થતાં અર્થાત્ દેહ બને પછી એમાં જીવ ઉત્પન્ન થાય અને દેહના નાશથી નાશ પામી જાય.

પણ વાસ્તવમાં એમ નથી. વાયુભૂતિ ગણધરની શંકાનું નિરાકરણ કરતાં પણ પ્રભુએ કહ્યું છે કે તમે પૃથ્વી આદિમાં ચૈતન્ય નથી માનતા, તો તે ભેગા થવાથી પણ તેમાં ચૈતન્ય ઉત્પન્ન થાય નહીં ધતુરાનાં ફૂલ-ગોળ આદિથી દારૂ બને અને તેમાં નશો ઉત્પન્ન થાય છે તેનું કારણ એ છે કે દારૂ જેમાંથી બને છે તે પદાર્થમાં પણ નશાનું તત્ત્વ છે. આપણે ભારે પદાર્થ જમીને ઉઠીએ કે તરત ઊંઘ આવવા માંડે છે, તે શું છે ? તે પદાર્થમાં અમુક પ્રકારનો નશો છે. તેથી તેની અસર થાય છે. જેમ તલમાંથી તેલ નીકળે છે કારણ તલના પ્રત્યેક દાણામાં તેલ છે. જો એમ ન હોય તો તલના સમૂહમાંથી પણ તેલ ન નીકળે. રેતીના કણમાં તેલ નથી તો ગમે તેટલી રેતીને પીસો તેલ ન નીકળે. તેમ પૃથ્વી આદિ ભૂતોમાં ચૈતન્ય નથી માટે તેના સમૂહથી પણ ચૈતન્ય ઉત્પન્ન થાય નહીં માટે ચૈતન્ય એ સ્વતંત્ર દ્રવ્ય છે. પ્રભુ મહાવીરે વાયુભૂતિ ગણધરને આ પ્રમાણે સમાધાન આપ્યું છે.

આવી ચાર્વાકની માન્યતાને કારણે આજે પણ કેટલાક લોકો એમ માનતા હોય છે કે માતાના પેટમાં રહેલા ગર્ભમાં ત્રણ મહિના સુધી જીવ નથી હોતો, પછી જ જીવ આવે છે. આ બહુ ભૂલભરેલી માન્યતા છે. જો ગર્ભમાં જીવ ન હોય તો તેનો વિકાસ જ ન થાય. જ્યાં વિકાસ છે ત્યાં જીવ છે. સહુથી પ્રથમ જીવ આવે છે અને પછી જ શરીરરચના શરૂ થાય છે. જીવ જે ક્ષણે માના ગર્ભમાં આવ્યો એ ક્ષણથી જ શરીરને બનાવવા માટે પરમાણુઓને ખેંચી કાર્યરત બની જાય છે. માટે ત્રણ મહિનાના ગર્ભમાં પણ જીવ હોય જ છે.

તો પહેલાં જીવ અને પછી શરીરની ઉત્પત્તિ થાય છે. શિષ્યના મનમાં ચાર્વાકદર્શનની વાતો રમે છે. તેથી તે આ માનવા તૈયાર નથી માટે જ કહે છે કે દેહની સાથે આત્મા ઉત્પન્ન થાય છે અને દેહ સાથે આત્માનો નાશ થાય છે.

આત્માની નિત્યતાના વિષયમાં એક બીજી શંકા પણ છે. તે એ છે.

**અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;**
**એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય....૬૧....**

બૌદ્ધ મતના પ્રભાવથી શિષ્ય સર્વ પદાર્થની સાથે આત્માને પણ ક્ષણિક માનવા તૈયાર થયો છે. તે કહે છે-સંસારના સર્વ પદાર્થો ક્ષણિક છે. અને તે ક્ષણે ક્ષણે પલટાતા આપણે જોઇએ છીએ. એમ આત્મા પણ ક્ષણે-ક્ષણે નાશ પામતો હોવો જોઇએ. અને તેથી જ આત્મા નિત્ય ન હોય,

પ્રત્યેક પદાર્થમાં પરિવર્તન થઇ રહ્યું છે જેને અવસ્થા કહો કે પર્યાય કહો. પર્યાય પણ બે પ્રકારની એક સ્થૂલ પર્યાય અને બીજી સૂક્ષ્મ પર્યાય. આત્માની વૈભાવિક પર્યાય રૂપ આ મનુષ્યનો દેહ, તે સ્થૂલ પર્યાય છે, કે જે અમુક વર્ષો સુધી મનુષ્ય રૂપે રહે છે. અને શરીરમાં ક્ષણે-ક્ષણે થતું પરિવર્તન કે જેના કારણે શરીર બાળક, યુવાન, વૃદ્ધ વગેરે અવસ્થાઓમાં પલટાય છે તે છે સૂક્ષ્મ પર્યાય.

દરેક પદાર્થમાં પળે-પળે પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. જેના કારણે જ નવો પદાર્થ જુનો થાય અને અંતે જીર્ણ થઇ, નાશ

પામે છે. આજે એક મકાન ખૂબ મજબૂત બનાવ્યું, પછી તે સમયે-સમયે જુનું થતું જાય અર્થાત્ તેમાં પર્યાયો પલટાયા કરે અને તે ૫૦-૧૦૦-૨૦૦ વર્ષે નાશ પામી જશે. આમ જગતના સર્વ પદાર્થોમાં ક્ષણે ક્ષણે વિનાશ થઈ રહ્યો છે. ઘણા પદાર્થોને નાશ થતાં આપણે જોયા અને હજુ જોઈ રહ્યા છીએ.

શિષ્ય કહે છે, આત્મા પણ એક પદાર્થ છે. તેમાં પણ પર્યાયો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તો આત્મા પણ એક વાર નાશ પામી જશે માટે તે નિત્ય નથી.

આમ શિષ્યના અંતઃકરણમાં આત્માની નિત્યતા વિષે શંકા છે. તે એક તો દેહની સાથે જ આત્માની ઉત્પત્તિ અને નાશ માને છે. બીજું સર્વ પદાર્થની ક્ષણભંગુરતાની જેમ આત્મા પણ ક્ષણભંગુર છે, તેમ માનવા પ્રેરાયો છે. હવે ગુરુદેવ પાસે સમાધાન ચાહે છે. ગુરુદેવ આનું સમાધાન કઈ રીતે આપશે તે અવસરે...

# દેહ માત્ર સંયોગ છે...

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના અધિકારી જીવ જ કરી શકે છે. અધિકાર વિના ભૌતિક ક્ષેત્રે પણ કંઇ મળતું નથી તો આધ્યાત્મિક ક્ષેત્રે તો કશું મળવાની સંભાવના જ નથી.

અધિકારી બનવા માટે પુરુષાર્થ જોઇએ. પુરુષાર્થ નહીં કરનારને આત્મિક સિદ્ધિ મળતી નથી. હા, ભૌતિક ક્ષેત્રે તો પૂર્વના પુણ્યરૂપ પુરુષાર્થથી ઘણું યે મળી જાય. કરોડપતિ બાપને ત્યાં જન્મેલો બેટો કશું યે ના કરે તો યે મેવા-મિઠાઇ મળતા હોય, એ એના પૂર્વ પુણ્યનું પરિણામ છે. પણ આધ્યાત્મિક સિદ્ધિ એ પુણ્યનું પરિણામ નથી. આ ક્ષેત્રે પૂર્વનાં પુણ્યો યોગ્યતા આપી દે. સાધના માટેના અનુકૂળ સંયોગો ઉભા કરી દે, પણ એ મળ્યા પછી જીવને બારમા ગુણસ્થાને પહોંચે ત્યાં સુધી પુરુષાર્થ આવશ્યક છે, માટે આધ્યાત્મિક ક્ષેત્રે જીવ સુષુપ્ત પડ્યો રહે એ ન ચાલે. સંસ્કૃતમાં એક સુભાષિત છે-

**उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः ।**
**न हि सुप्तस्य सिंहस्य, प्रविशन्ति मुखे मृगाः ॥**

પ્રત્યેક કાર્ય પુરુષાર્થથી જ સિદ્ધ થાય છે. માત્ર મનોરથો સેવવાથી કોઇ કાર્ય પાર પડે નહીં મૃગરાજ સિંહ સૂતેલો હોય તો તેના મુખમાં કોઈ પશુ જઈને પ્રવેશ કરે નહીં. અર્થાત્ સિંહને પણ પેટ ભરવા માટે મહેનત કરવી પડે છે. પુરુષાર્થથી જ કાર્ય સફળ થાય છે; કાર્ય જેટલું મહાન, પુરુષાર્થ એટલો જ પ્રબળ. કબીરે પણ કહ્યું છે—

## જિન ખોજા તિન પાઇયા, ગહરે પાની પૈઠ....

જેણે જેણે સત્‌નો આવિષ્કાર કર્યો તેઓ ઊંડાણમાં ઉતર્યા. અર્થાત્ આત્માના ઊંડાણમાં જઇ સંશોધન કર્યું ત્યારે જ પામી શકયા. બંધુઓ ! છીછરામાં છબછબીયાં કરવાથી કાંઇ ન વળે, માત્ર છીપલા અને શંખલા જ હાથમાં આવે. માનવને એ ખબર હોવી જોઇએ કે મોતી પામવા માટે મરજીવા થઇને સમુદ્રના ગહન તલને સ્પર્શવું જોઈએ. મોતને મુઠ્ઠીમાં રાખી, જે જળ સાથે ખેલે તે જ મૂલ્યવાન મોતી પામે.

**સાગર કિનારે ઊભી વિચારૂં;**
**મોતી હશે કયાં જળના ઉદરમાં,**
**ક્ષણ એક દોડી મૂઠી ભરાણી;**
**મોતી નહીં હા ! રંગીન છીપલાં,**
**હા ! વ્યર્થ દોડી પામી ન મોતી;**
**સાગર જળે ન કદી હોય મોતી,**
**પૂરો વચન ત્યાં આવ્યા સ્મરણમાં;**
**ઊંડે જો ઉતરીશ પામીશ મોતી.**

આત્માને પામવા માટે પણ પરમ કોટીનો પુરુષાર્થ જોઇએ, માત્ર બાહ્ય ભાવે થોડા તપ–ત્યાગ કરી લીધા તે ન ચાલે. એ તો છીછરામાં છબછબીયાં છે, પોતાના અંતરના ઊંડાણમાં ઉતરવું પડે, અંતરતમને ખૂબ જ ખોળવું પડે, સતત વિચારણા જ તત્ત્વને આત્મસાત્ કરાવે.

અહીં શિષ્યે ઊંડી વિચારણા કરી છે. તત્ત્વને પામવાની પ્રચંડ જિજ્ઞાસા તેનામાં છે, તેથી તેણે અંતરથી પુરુષાર્થ ઉપાડયો છે. તેમાં પ્રથમ તો સદ્‌ગુરુના ચરણમાં સમર્પણતા. વિનય અને નમ્રતા તથા જિજ્ઞાસાથી પૂછાતા પ્રશ્નની સત્યતા ! એ ગમે તેમ પ્રશ્ન નથી પૂછતો, પણ તર્કયુક્ત, પ્રમાણ સહિતની તેની શંકાઓ છે. તેથી જ એ કહી રહ્યો છે કે દેહ અને આત્મા એક જ છે. આત્મા નામના તત્ત્વ તો સ્વીકાર્યું પણ તે દેહથી જુદું છે એવું નથી. કારણ દેહના એક– એક અણુમાં તેની ચેતના વ્યાપ્ત છે, દેહના કોઈ પણ ભાગમાં કાંઈ પણ થાય કે તરત સંવેદન તો થાય છે, કોઈ ભાગ સંવેદન રહિત નથી, તેથી દેહથી આત્મા અલગ નથી.

વળી દેહની ઉત્પત્તિ અને નાશ છે, માટે આત્માની પણ ઉત્પત્તિ અને નાશ છે. જગતના સર્વ પદાર્થો ક્ષણિક છે માટે આત્મા પણ ક્ષણિક છે. શિષ્ય કહે છે આત્માને માનું તો ખરો પણ નિત્ય માની શકતો નથી. ગુરુદેવ પણ એક શંકાનું પૂર્ણ નિરાકરણ થયા પછી અને શિષ્યના અંતરની શ્રદ્ધા દૃઢ થયા પછી જ બીજા પદની જિજ્ઞાસા માટે શિષ્યને મૂક પ્રેરણા આપે છે પાયાને સુદૃઢ કરી પછી આગળના ચણતરને ગતિ આપે છે. ગુરુદેવ આ ભાવો સાથે શંકાનું સમાધાન કરે છે—

**દેહ માત્ર સંયોગ છે વળી જડરૂપી દૃશ્ય;**
**ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય....૬૨....**

હે શિષ્ય ! તું કહે છે દેહની ઉત્પત્તિ સાથે આત્મા ઉત્પન્ન થાય છે અને દેહના નાશથી આત્માનો નાશ થાય છે. પણ પહેલાં તો એ જાણી લેવું જરૂરી છે કે દેહ એ શું છે ?

દેહ, પરમાણુઓના સંયોગથી ઉત્પન્ન થયેલો પદાર્થ છે. માનવદેહનો વિચાર કરીએ તો, માતાના ઉદરમાં આવેલો જીવ રૂધિર અને વીર્યનો પ્રથમ આહાર કરે છે, જે પૌદ્ગલિક છે. અને તે પછી પોતાની શક્તિ વડે એ આહારનાં પુદ્ગલ, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છવાસ, ભાષા અને મન, આમ જુદી–જુદી શક્તિ રૂપે પરિણમાવે છે. જેને પર્યાપ્તિ કહેવાય છે. જીવ પૂર્વ કર્મોને સાથે લઇને આવ્યો છે. તેમાં એક પર્યાપ્તિ નામકર્મ પણ હોય છે. એ કર્મની શક્તિ એ છે કે જીવ જે યોનિમાં ગયો ત્યાં તેને આ છ માંહેની જેટલી શક્તિ પામવાની યોગ્યતા છે એટલી ઉત્પત્તિ સમયથી જ ભેગી થવા માંડે છે. એક માનવદેહને આ બધી જ શક્તિઓ મળે છે. આત્મા તો આત્મા રૂપે જ માના ઉદરમાં આવ્યો હોય. તે પછી માના શરીરમાંથી એ–એ જાતના પરમાણુઓને નિરંતર ખેંચતો જ રહે અને પોતાના શરીરરૂપ પરિણમાવતો રહે. નવ મહિના ત્યાં રહી કેટલું મોટું શરીર એ બનાવી લે.

જન્મ્યા પછી પણ વાતાવરણમાં પડેલા પરમાણુઓના નાના—મોટા સ્કંધોને ગ્રહણ કરે. આહાર–પાણી રૂપે જે પદાર્થોને ગ્રહણ કરે એ પણ

પુદ્ગલના જ સ્કંધો. આમ આત્મા પોતાનું શરીર પુદ્ગલોના સંયોગે કરી બનાવે છે

પરમાણુઓનું પરિણમન પણ સંયોગે કરીને થાય છે. પરમાણુ પોતે, પોતા રૂપે સત્ છે એટલે અસ્તિત્વવાન પદાર્થ છે. તેથી તેનામાં નિરંતર પરિણમન થયા જ કરે છે. તત્વાર્થ સૂત્રમાં કહ્યું છે–

उत्पादव्ययध्रौव्ययुक्तं सत्

જે સત્ છે તે નિત્ય છે અને તેમાં ઉત્પત્તિ અને વિનાશ રૂપ પર્યાયો થયા કરે છે. પરમાણુઓમાં રહેલ સ્નિગ્ધતા અને રૂક્ષતાના કારણે બે પરમાણુ મળી દ્વયણુક અને ત્રણ પરમાણુ મળી ત્ર્યણુક બને છે. એમ સંખ્યાત, અસંખ્યાત અને અનંત પરમાણુઓ આપસ–આપસમાં જોડાય છે. અને ફરી વિખરે છે. આ પરિણમન ચાલુ છે.

આમ જીવે ધારણ કરેલો દેહ તે પરમાણુઓનો સંયોગ છે.

બીજી રીતે સંયોગનો અર્થ એવો થાય છે કે આત્મા દેહ સાથે સંયોગ સંબંધે રહેલો છે. સંબંધ બે પ્રકારના, એક તાદાત્મ્ય સંબંધ અને બીજો સંયોગ સંબંધ.

તાદાત્મ્ય સંબંધ એટલે એકના વિના બીજાનું ન હોવું તે, જેમકે ધૂમાડો. અગ્નિ હોય તો જ ધૂમાડો હોય. જ્યાં અગ્નિ નથી ત્યાં ધૂમાડો પણ નથી. ધૂમાડો અગ્નિ વગર સંભવી જ ન શકે. માટે ધૂમાડાનો અગ્નિ સાથેનો સંબંધ અવિનાભાવ સંબંધ છે એટલે કે તાદાત્મ્ય સંબંધ છે.

પણ આત્મા અને દેહનો સંબંધ એવો નથી. આત્મા હોય તો જ દેહ હોય એવું નથી. આત્મા વગરના દેહ એટલે કે મૃત કલેવર આપણે જોય છે. ત્યાં દેહ તો હોય પણ આત્મા નથી હોતો. એ જ રીતે આત્મા હોય પણ દેહ ન હોય, એ પણ સિદ્ધ દશામાં સંભવે છે. માટે દેહ અને આત્માનો અવિનાભાવ સંબંધ નથી પણ સંયોગ સંબંધ છે. આયાસથી કે અનાયાસે ભેગા થઇ જવું તે સંયોગ સંબંધ છે. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ પણ છે. આમ ગુરુદેવ, શિષ્યને દેહનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે એક તો દેહ છે તે સંયોગ છે.

વળી દેહ જડ છે. એટલે કે ચેતન રહિત છે. બીજું જડનાં જે લક્ષણો, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ આ બધાં દેહમાં જોવા મળે છે. એકેન્દ્રિયથી લઇ પંચેન્દ્રિયં સુધીનાં સર્વ શરીરોમાં વર્ણાદિ હોય જ છે. પુદ્ગલ પરમાણુઓ જડ છે તેથી તેનાથી બનેલો દેહ પણ જડ છે.

દેહ રૂપી છે. તેનું કોઇને કોઇ રૂપ છે. દેખી શકાય એવો છે. આપણે જે કંઈ જોઇએ છીએ તે બધા દેહને જોઇએ છીએ. જીવ તો દેખ।તો નથી. કીડીમકોડી વગેરેને જોઈ, આ જીવ છે એમ જ્યાં કહીએ છીએ, ત્યાં પણ તેના દેહને સંબોધીને કહીએ છીએ.

દેહ દૃશ્ય છે. અર્થાત્ બીજા વડે જોઇ શકાય છે. આત્મા દેહને જુએ છે. કારણ જાણવું અને જોવું તે આત્માનો સ્વભાવ છે. તેથી આત્મા સર્વને જુએ છે. પણ આત્માને કોઇ જોઈ શકતું નથી. આમ દેહ તો ચક્ષુનો વિષય છે. આત્મા જ્ઞાતા છે તો દેહ જ્ઞેય છે.

ગુરુદેવ શિષ્યને ફરમાવે છે : દેહ સંયોગ સંબંધે છે. જડ છે. સ્થૂલ સ્વભાવવાળો છે. તેનું રૂપ છે અને તે ચક્ષુથી જોઈ શકાય છે. હવે આવા દેહની ઉત્પત્તિ સાથે, તેનાથી સર્વથા જુદા લક્ષણવાળો આત્મા, તેમાં ઉત્પન્ન થતો હોય અને દેહના નાશથી નાશ પામતો હોય તો હે શિષ્ય ! હું તને પૂછું છું કે **"ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ ?"**

દેહની ઉત્પત્તિ અને નાશ તો જાણી શકાય છે. પણ દેહમાં ઉત્પન્ન થયેલા આત્માને કોણ જાણી શકે ? આ આત્મા ઉત્પન્ન થયો એમ દેહ તો કહી શકતો નથી. કારણ એ જડ છે. જ્ઞાનગુણ તેનામાં નથી. વળી જે પોતાની ઉત્પત્તિ પણ જાણતો નથી તો આત્માની ઉત્પત્તિ કેમ જાણી શકે ? જો તું એમ કહેતો હોય કે આત્માએ જ આત્માની ઉત્પત્તિ જાણી લીધી તો એ પણ યોગ્ય નથી. તારા મતે આત્મા નિત્ય નથી. અને જો આત્મા ચેતનની ઉત્પત્તિને જાણે તો એ નિત્ય સિદ્ધ થઈ જાય. જેમ ઉત્પત્તિના વિષયમાં તેમ જ નાશના વિષયમાં. ચેતન દેહના નાશને જાણી શકે પણ આત્માના નાશને દેહ જાણી શકતો નથી, એટલે જ આત્માની ઉત્પત્તિ અને લયને જાણનાર કોઈ નથી. માટે હે શિષ્ય ! દેહની ઉત્પત્તિ સાથે આત્મા

ઉત્પન્ન થતો હોય એવું અને દેહના નાશ સાથે આત્મા નાશ પામતો હોય એવું કોઈએ જોયું નથી. આનું કારણ આપતાં શ્રી સદ્‌ગુરુ ફરમાવે છે —

**જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;**
**તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન....૬૩..**

દેહ જડ હોવાના કારણે આત્માની ઉત્પત્તિ અને આત્માનો નાશ જાણી ન શકે. હવે હે શિષ્ય! જો તું એમ કહે કે આત્મા જ્ઞાન સ્વભાવી છે એમ આપ કહો છો, માટે તેણે પોતે જ પોતાની ઉત્પત્તિ અને નાશ જાણી લીધો. પણ આ ય સંભવિત નથી.

ઉત્પત્તિ થયા પહેલાં તો આત્મા હતો નહીં. હવે જ્યારે એ ઉત્પન્ન થઇ રહ્યો છે ત્યારે શું જાણતો – જાણતો ઉત્પન્ન થાય? એવું તો ન બને! અને છતાં માની લઇએ તો પણ નાશને જાણનારો કોણ? જાણનારનો નાશ થઈ ગયો. એ તો હવે રહ્યો નથી તો મારો નાશ થઇ ગયો એમ કોણ કહે? માટે આત્માએ જ પોતાની ઉત્પત્તિ અને નાશ જાણ્યો તેમ કહેવું તે યુક્તિ સંગત નથી.

માટે હે શિષ્ય! જે જાણનાર છે તે જ્ઞેય એવા પદાર્થથી જુદો જ હોય તો જ જાણી શકે. માટે ચેતન તે જ્ઞાતા અને તેથી પર તે સર્વ જ્ઞેય. માટે જડ એવા દેહને જાણનાર, દેહથી જુદો જ હોવો જોઈએ, અને તે એમ જ છે. શ્રીમદ્‌જીના શબ્દોમાં –

**"દેહની ઉત્પત્તિ અને દેહના લયનું જ્ઞાન જેના અનુભવમાં વર્તે છે તે; તે દેહથી જુદો ન હોય તો કોઈપણ પ્રકારે દેહની ઉત્પત્તિ અને લયનું જ્ઞાન થાય નહીં. અથવા જેની ઉત્પત્તિ અને લય, જે જાણે છે, તે તેથી જુદો જ હોય, કેમકે તે ઉત્પત્તિ-લયરૂપ ન ઠર્યો. પણ તેનો જાણનાર ઠર્યો. માટે તે બેની એકતા કેમ થાય?"**

અરે! ક્યારેક મૃત્યુશય્યા પર સૂતેલ વ્યક્તિને આભાસ થઈ જાય કે હવે પોતે જઈ રહ્યો છે. એ કહે પણ ખરો કે હું જાઉં છું, બસ, આટલા વાગ્યા પછી નહીં હોઉં. અમારા પ્રાતઃ સ્મરણીય પૂજ્ય દાદી ગુરુણિજી મોતીબાઈ મહાસતીજીને આ ખ્યાલ આવી ગયો હતો. તેઓએ અગાઉ

જ કહી દીધું હતું. જે રાત્રે તેમણે દેહ છોડયો તે અગાઉ જ કહી દીધું કે રાત્રે બે ને વીશે હું જઈશ. સાંજે સંથારો પણ કરી લીધો. ને બે ઉપર પાંચ – સાત – દશ મિનિટ થઈ ત્યાં સુધી બોલતાં પણ હતાં. છેવટે પૂછયું પણ ખરૂં, કે બે ને વીશ થઈ ગઈ? થોડી મિનિટો બાકી હતી, અને બે – વીશે તેમણે સમાધિપૂર્વક દેહ છોડયો.

આવી જાગૃતિ બહુ ઓછા જીવોને હોય. પણ દેહ છોડયા પછી એ કહેતા નથી કે મારો નાશ થયો. હા, જાતિસ્મરણ અથવા અવધિજ્ઞાન થયું હોય તો પોતાના પૂર્વ ભવોના શરીરને કયારે ગ્રહણ કર્યાં અને કયારે છોડયાં કે ભવિષ્યમાં કયારે, કયું શરીર ગ્રહણ કરશે અને છોડશે તે જાણી શકે. પણ તે શરીરથી પોતે ભિન્ન છે માટે જ જાણી શકે.

અહીં ગુરુદેવ શિષ્યને એ જ સમજાવી રહ્યા છે કે હે શિષ્ય! જેની ઉત્પત્તિ અને લય જાણવો છે. તેનાથી જાણનાર જુદો હોય તો જ જણાય, અને આત્માના ઉત્પત્તિ – લય કોઈ જાણી શકતું નથી માટે આત્મા ઉત્પન્ન થતો નથી તેમ નાશ પણ પામતો નથી. તેથી તે નિત્ય છે.

આમ ગુરુદેવે શિષ્યની, આત્માની નિત્યતા વિષે, જે શંકા હતી તેને સમજાવી છે. હજુ આ શંકા તદ્દન નિર્મૂળ થઈ જાય તે માટે વધુ ચોટ તર્કો દ્વારા ગુરુદેવ સમજાવશે.

## ...તેથી નિત્ય સદાય !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના ચૈતન્ય એવા આત્માને જડથી જુદો જણાવી નિજાનંદની અનુભૂતિ કરાવે છે. જ્ઞાન એ ચેતન્યનો અસાધારણ ગુણ છે. અને તેથી જ ચૈતન્ય, ચૈતન્ય છે.

આત્માની અનુભૂતિ પોતાના જ્ઞાન વડે જ આત્માએ કરવાની છે. આ જ્ઞાન એટલે કોઈ ગ્રન્થોનું જ્ઞાન નહીં, શબ્દાત્મક જ્ઞાન નહીં, વાંચેલું કે સાંભળેલું જ્ઞાન નહીં, પણ આત્મામાં રહેલ વેદક શકિત દ્વારા જ ચૈતન્યને અનુભવવાનો છે.

સમ્યગ્દર્શન પામેલો જીવ નિજ આત્માને અનુભવતો હોય, પણ એ અનુભૂતિ ખંડ ખંડ હોય. કયારેક થાય, કયારેક ન થાય. આત્મ–વિકાસની વધતી દશામાં, કેવળજ્ઞાન સુધી પહોંચે ત્યારે આજ સુધી થયેલો ખંડ–ખંડ અનુભવ અખંડ રૂપે થાય છે. અને પછી તેમાં નિરંતર જીવ ટકી રહે છે.

આ અખંડ અનુભૂતિ તો જ સંભવે, જો આત્મા નિત્ય હોય. આત્મા ક્ષણિક હોય. નાશવંત હોય તો તેની અખંડ અનુભૂતિ થઈ શકે જ નહીં. અરિહંત પરમાત્માએ આવી અખંડ અનુભૂતિને માણી અને પછી શાસ્ત્ર પ્રરૂપ્યાં. તેઓ કહે છે કે અમે તથા જેટલા જીવો સિદ્ધિને પામી ગયા તે સહુએ આત્માનો અખંડ અનુભવ કર્યો છે. અને અત્યારે પણ કરી રહ્યા છીએ. એ જ આત્માની નિત્યતાનું પ્રમાણ છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં, શિષ્યે આત્માની નિત્યતા વિષે સંદેહ ઊભો કર્યો છે. અને ઉપકારી ગુરુદેવ શિષ્યને સમજાવી રહ્યા છે. અનેક પ્રમાણયુકત

દલીલોથી આત્માનું નિત્યત્વ સિદ્ધ કરી રહ્યા છે. આગળની ગાથામાં એ જ મર્મને સમજાવાશે. અહીં આપણને આ વિષય રીપીટેશન થતો લાગે છે. પ્રશ્ન થાય કે શ્રીમદ્જી જેવા આત્મજ્ઞાની મહાપુરુષ શા માટે ફરી-ફરીને એ જ વાત કહી રહ્યા છે ?

તેઓ જાણતા હતા કે જનસમાજને આત્માની નિત્યતા વિષે શંકા સંભવે છે. કેટલાક લોકો કહેતા હોય છે કે કોને ખબર છે પરભવ છે કે નહીં? મરીને ક્યાંય જન્મ લેવાનો છે કે નહીં ? લોકો કહેતા હોય છે કે સ્વર્ગ-નરક જેવું કંઈ નથી. આ તો સ્વર્ગની લાલચે માણસ સારાં કર્મો કરે, બીજાની ભલાઈ કરે, સદાચારી જીવન જીવે. અને નરકનાં અસહ્ય દુઃખોનું વર્ણન કર્યું હોય તો નરકના ભયે પાપ-પ્રપંચ ન કરે, કોઈને ત્રાસરૂપ ન બને, દુરાચારને છોડી દે માટે જ ડાહ્યા માણસોએ સ્વર્ગ-નરકની કલ્પના ઉભી કરી છે, બાકી સ્વર્ગ અને નરક બધું અહીં જ છે.

કોઈ માણસ બધી રીતે દુઃખી હોય, શરીરમાં ભયંકર બિમારીઓ હોય, માનસિક ત્રાસ હોય, કૌટુંબિકજનોનો અસહકાર હોય, આર્થિક ભીંસમાં આવી ગયો હોય, સમાજમાં કિંમત ન હોય, આમ ચારે બાજુથી ઘેરાયેલો હોય ત્યારે આપણે કહેતા હોઈએ છીએ કે જીવતાં નરક ભોગવે છે. જુઓ, નરક અહીં જ છે.

પણ આમ માનનારાઓએ વિચારવું ઘટે કે કેટલાક માણસો ખૂબ અધમ, પાપી, દુરાચારી, વ્યસની બધી જ વાતે પૂરા હોય, તેના એકના કારણે કેટલાય જીવો દુઃખી હોય છતાં એવો માણસ બધી જાતનાં ભૌતિક સુખ ભોગવતો હોય. તેનાં કરેલાં આ પાપો ભોગવવાં તો પડે જ ને ? તો એ ભોગવવા માટેની વ્યવસ્થા થઈ ચૂકી હોય છે.

બંધુઓ ! જીવ જ્યારે, જે ભાવે જેટલાં કર્મો કરે છે ત્યારે જ તેનું ફળ ક્યાં-ક્યારે -કેવું અને કેટલું ભોગવવાનું છે તે સાથે-સાથે નક્કી થઈ જાય છે. પહેલાં બધાં કર્મો ભેગાં થાય અને પછી કયામતનો એક દિવસ આવે ત્યારે જીવે ક્યાં જવાનું છે અને શું ભોગવવાનું છે તે ભગવાન નક્કી

ફરીને કહે છે એવું નથી બનતું. અહીં તો ક્ષણ-ક્ષણ કયામતની જ છે, ક્ષણે-ક્ષણે કર્મ બંધાય અને ક્ષણે-ક્ષણે તેનું ફળ નક્કી થઈ જાય.

તો કર્મ અનુસાર સ્વર્ગ અને નરક પણ નક્કી થઈ જાય છે. કદાચ તમે નરક કે સ્વર્ગને કોઈ સ્થાન ન માનતા હો, પણ એ તો જાણો છો ને કે અહીં કોઈ માણસ મોટો ગુન્હો કરે તો તેના ગુન્હાની શિક્ષા માટે કેટલી બધી વ્યવસ્થા તમે જ ઊભી કરી છે ! પોલીસ, જેલ, કોર્ટ, વકીલ, જજ, ચુકાદો અને સજા ! કહો, તમારી ઊભી કરેલી આ વ્યવસ્થાને અનુસરવું પડે છે કે નહીં ? અને સજા ભોગવવા જેલમાં ગુનેગારને લઈ જવાય કે તેને ઘરમાં રાખીને જ સજા આપે ? એમ નથી થતું ! સમાજની નજરે ગુનેગાર ઠરેલ વ્યક્તિને કાળ-કોટડીમાં પૂરાવું પડે અને ફાંસી સુધીની સજા મળે તો તે પણ ભોગવવી જ પડે, તેમાં ચાલે નહીં. બંધુઓ ! આત્માએ કરેલાં કર્મોનું પણ એમ જ છે. તેને ભોગવવા નરક, નિગોદ અને તિર્યંચ જેવી ગતિરૂપ સ્થાનો છે. અને ત્યાં જીવને જવું પડે છે. એ જ રીતે પુણ્યકર્મ કરવાવાળાને પણ સ્વર્ગ કે મનુષ્ય જેવી ગતિ મળે જ્યાં સુખ ભોગવે છે.

આ બધું ત્યારે જ ઘટી શકે, જો આત્મા નિત્ય હોય. શ્રીમદ્જી વારંવાર આ ભાવોનું રીપીટેશન ગાથાઓમાં કરે છે તેની પાછળનું કારણ એ જ છે કે માણસો આત્માની નિત્યતા સ્વીકારતા નથી. તેઓની સમક્ષ આત્માનું નિત્યત્વ સિદ્ધ કરી, પોતે જ નિત્ય એવો આત્મા છે એ શ્રદ્ધાને જાગૃત કરવી છે.

આત્માની નિત્યતા ફરી સિદ્ધ કરવા માટે શ્રીમદ્જી કહે છે—

**જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય;**
**ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ...૬૪....**

જગતમાં જેટલા દેહાદિ સંયોગો છે તે દૃશ્ય છે. અર્થાત્ જોઈ શકાય તેવા છે અને તે અનુભવ સ્વરૂપ આત્માના જ્ઞેય પદાર્થો છે. પણ આત્મા કોઈ સંયોગથી ઉત્પન્ન થવા યોગ્ય નથી. આત્મા છે ત્યાં વિકાસ છે. એક નાનું એવું બીજ જમીનમાંથી તત્ત્વને ગ્રહણ કરી, અંકુરિત થઈ

વૃક્ષ રૂપે વિકસિત થાય છે. બીજમાં ચૈતન્ય છે તેથી તે આસપાસના સંયોગે શરીરની રચના કરી લે છે. પણ જડ પદાર્થો ગમે તેટલા મળ્યા પછી પણ તેમાંથી જીવની ઉત્પત્તિ થઈ શકે નહીં. વિજ્ઞાનની પ્રયોગ-શાળામાં અનેક રસાયણો ભેગાં કરી એકમાંથી અન્ય પદાર્થ બની શકે અર્થાત્ પદાર્થનું રૂપાંતર થાય. પણ કદી ક્યાંય સાંભળ્યું નથી કે વિજ્ઞાને અમુક પદાર્થો ભેગા કરી, તેમાંથી જીવની ઉત્પત્તિ કરી હોય.

અરે ! ટયુબબેબીને વિષે વિચારો તો પણ માના ઉદરમાં જીવને આવીને ઉત્પન્ન થવા માટે જે સ્થિતિ આવશ્યક છે તે જ સ્થિતિનું નિર્માણ એ જ વીર્ય અને રુધિર વડે બહાર કરવામાં આવે ત્યારે જ તેમાં જીવ આવીને સ્થાન ગ્રહણ કરે છે.

જીવ કોઈનો બનાવ્યો બનાવાતો નથી. નાનું બીજ ઊગીને વટવૃક્ષ થઈ શકે. પણ વિજ્ઞાને શોધેલા સાધનોને જમીનમાં હજારો વર્ષ સુધી દાટી રાખો તે ધૂળ થઈ જશે પણ એક તસુભારનો અંકુર તેનામાં નહીં ફૂટે ! આમ સંયોગોથી જીવની ઉત્પત્તિ થઈ શકે નહીં.

હા, આત્માને આવીને ઉત્પન્ન થવા યોગ્ય યોનિ તૈયાર થઈ શકે. જેમાં આત્મા જન્મ ધારણ કરે. જેમકે માનવના શરીરમાંથી નીકળતા મળ મૂત્ર આદિ શરીરથી નીકળે પછી ૪૮ મિનિટમાં તેમાં જીવો ઉત્પન્ન થાય. અર્થાત્ ૧૪ પ્રકારના સંમૂર્ચ્છિમ જીવને જન્મ લેવા લાયક પરિસ્થિતિ છે તેથી તે સંયોગ મળતાં એ જીવો તેમાં જન્મે અને તેમાં જ મરે. પણ આવા સંયોગથી કોઈ નવો જ આત્મા તેમાં ઉત્પન્ન થાય એવું ન બને.

વળી આ બધા સંયોગોને જીવ જાણી શકે છે. તેના નાશને પણ જાણી શકે છે. પણ પોતે કોઈપણ પ્રકારના સંયોગથી ઉત્પન્ન થતે નથી. એ જ એના નિત્યત્વની સાબિતિ છે. વળી આ વિષયમાં કહે છે—

**જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય;**
**એવો અનુભવ કોઇને, ક્યારે કદી ન થાય.......૬૫.......**

આજ સુધીના અનુભવમાં કોઈએ કયારેય એ જોયું નથી કે કેટલાક જડ પદાર્થો મેળવવામાં આવે અથવા કોઈ એક જડ પદાર્થમાંથી ચેતનની

ઉત્પત્તિ થઈ હોય અને એ જ રીતે ચેતનમાંથી જડની ઉત્પત્તિ થઈ હોય.

પહેલાં કહ્યું તેમ આત્મા આવીને જન્મ ધારણ કરી શકે એવી સામગ્રી મળી શકે. મનુષ્યરૂપે જન્મવું હોય તો માતાનું ઉદર અને વીર્ય–રુધિર રૂપ સામગ્રી જોઈએ, તેમાં જીવ જન્મ લે. પણ જડ પદાર્થથી ચેતનનું નવું ઉત્પાદન ન બની શકે. આજે વિજ્ઞાને 'રોબોટ' બનાવ્યો. જેમાં માનવ શરીરનાં સર્વ અંગ–ઉપાંગો મૂકયાં. તેને હાલતો ચાલતો કર્યો. તેની પાસેથી માનવશરીર કરતાં પણ વધુ કામ લીધું, પણ એક ખામી રહી ગઈ કે તેમાં જીવત્વ ન મૂકી શકાયું ! જડ પરમાણુ રૂપે નિત્ય હોવા પછી પણ વિજ્ઞાન તેનાં રૂપાંતરો કરી શકે પણ જીવને ઉત્પન્ન તો નથી કરી શકતું પણ તેમાં રૂપાંતર પણ કરવા વિજ્ઞાન સમર્થ નથી.

બંધુઓ ! વિચાર કરો. તમારા ઘરમાં નાના–મોટા અસંખ્ય જડ પદાર્થો છે, કયારેય તમે જોયું કે એ જડ પદાર્થમાં જીવ આવ્યો અને તે તમારી જેમ હાલવા–ચાલવા–બોલવા માંડયો. હા, અમુક પદાર્થમાં જીવ–જંતુ થઈ જાય, પણ એ તો પહેલાં બતાવ્યું તેમ તેને જન્મવા યોગ્ય યોનિ મળી. પણ વર્ષોથી ઘરમાં રહેલ તમારૂં કબાટ પોતે કોઈ માનવરૂપ કે જીવરૂપ બન્યું હોય તેવું કયાંય સાંભળ્યું નથી.

એવી જ રીતે ચેતન પોતે ચેતન મટીને જડ થઈ જાય એવું પણ જોયું નથી. હા, એમ લાગે કે માનવ કે કોઈ પશુ, પંખી, જંતુ મરી જાય અને તેનું શરીર પડયું રહે તો આપણે એમ માનીએ કે થોડી વાર પહેલાં આ હાલતું–ચાલતું હતું ને હવે જડ થઈ ગયું. પણ એમ નહીં. એ જડ થઈ નથી ગયું. જડ રહી ગયું. ચેતન એમાં હતું એ ચાલ્યું ગયું, એટલે જડ શરીર પડી રહ્યું. ચેતન અને જડ જુદાં થઈ ગયાં.

જડ પદાર્થ સ્થૂલ દૃષ્ટિથી પરમાણુઓના પ્રચયથી બનાવી શકાય. પણ જડનું મૂળભૂત રૂપ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુ છે. વિજ્ઞાને ઘણી શોધ કરી, જડની શક્તિઓને માપી તેનો ઉપયોગ કર્યો પણ એકેય પરમાણુને વિજ્ઞાન બનાવી શકયું નથી. બનાવી શકે જ નહીં. વિજ્ઞાન પણ

સ્વીકારે છે કે વિશ્વમાં શક્તિનો કદી નાશ થતો નથી. ચેતન અને જડ બન્ને શક્તિરૂપે છે. નિસર્ગમાં તેનું અસ્તિત્વ સ્વતઃ છે, સહજ છે. તે બન્ને શક્તિઓનું પરિણમન થયા કરે પણ તેનો સર્વથા નાશ ન થાય.

જડની પર્યાયોનું પરિવર્તન થવામાં આપણે નિમિત્ત બની શકીએ પણ મૂળ જડ દ્રવ્યને બનાવી ન શકાય. જેમકે કોટનવસ્ત્ર એ પ્રથમ વનસ્પતિરૂપ હતું. કપાસના કાલામાંથી રૂ બન્યું, તેમાંથી સૂતર અને તેમાંથી વસ્ત્ર, આપણાં વસ્ત્રને કોઇ કહે કે આ તો વનસ્પતિનો છોડ છે તો આપણને સાંભળવામાં અટપટું લાગશે. પણ ખરેખર પહેલાં એની વનસ્પતિ રૂપ પર્યાય હતી. હવે વસ્ત્ર રૂપ પર્યાય બની તો આપણે તેની પર્યાય તો બદલી શકીએ પણ પરમાણુઓને ઉત્પન્ન કરી શકીએ નહીં.

માટે જ જડથી ચેતન અને ચેતનથી જડ બની શકે નહીં. બન્ને દ્રવ્યોનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને તે કાયમ રહેવા સર્જાયેલું છે. હવે ફરી અસંયોગી જીવની નિત્યતાને વધુ તર્ક સહિત સિદ્ધ કરતાં ગુરુદેવ ફરમાવે છે—

**કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;**
**નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય....૬૬...**

દેહ, સંયોગી પદાર્થોથી ઉત્પન્ન થાય છે. પરમાણુઓના અનંત પ્રદેશી સ્કંધોને ગ્રહણ કરી, જીવ દેહની રચના કરે છે. અને પછી પણ આ દેહને ટકાવી રાખવા માટે આહાર દ્વારા અને રોમ દ્વારા પરમાણુઓને ગ્રહણ કર્યા કરે છે. આમ દેહાદિ પદાર્થો સંયોગોથી ઉત્પન્ન થયેલા છે. પણ ચૈતન્ય એવો આત્મા કોઈ સંયોગોથી ઉત્પન્ન થવા યોગ્ય નથી, એ આગળની ગાથાઓમાં બતાવી દીધું.

નિયમ એ છે કે જેની ઉત્પત્તિ, તેનો નાશ. ઉત્પન્ન ન થાય તે નાશ પણ ન પામે. આપણી નજરે દેખાતા પદાર્થોની ઉત્પત્તિ આપણે જોઈ છે અને નાશ પણ જોયો છે. ગમે તેવા મજબૂત પદાર્થો હોય તેને બનતા જોયા અને કેટલાક કાળ પછી તે નાશ પણ પામે છે. મજબૂત

હોય તો તેને રહેવાની સમય મર્યાદા વધુ હોય, છતાં તેની મર્યાદા હોય. આજે દુનિયાની અજાયબીઓમાં એવાં વૃક્ષ હશે તે ૨૦૦–૫૦૦ વર્ષ જુનાં હશે. અરે પિરામિડો પણ લાંબા સમયના હશે. ભગવાન બાહુ-બલિની ભવ્ય પ્રતિમા પણ ૧૦૦૦ વર્ષથી ઊભી છે, પણ તમારી પાસે કોઈ એવો રેકોર્ડ છે કે કોઇ વસ્તુ લાખ વર્ષની કે કરોડ વર્ષની જુની આજે પણ હોય ! હા, માનવશરીર કે પશુશરીરના અવશેષો મળી આવે છે તો પણ તેની ટાઇમ લિમિટ હોય. તેનો સમય પણ નક્કી થઈ શકે છે. આમ જગતના પદાર્થો સંયોગોથી ઉત્પન્ન થાય છે માટે તેનો નાશ પણ છે.

પણ કોઈ વૈજ્ઞાનિકે અથવા મહાપુરુષે ક્યાંયથી આત્માના અવશેષો શોધ્યા છે ખરા ? મળ્યા છે કોઇને ? નહીં. !

તો આત્માનો નાશ થઈ તે કોઈ અવશેષરૂપમાં કે અન્ય કોઈ પદાર્થરૂપમાં પરિણમતો નથી, તે જ તેની નિત્યતા છે.

અહીં સુધી ગુરુદેવે ઉત્પત્તિ અને વિનાશની વાત કહી, આત્માની નિત્યતા સિદ્ધ કરી. હવે પછી દેહ ધારણ કરેલ આત્માની નિત્યતા કઇ રીતે સિદ્ધ થાય છે તેનું વિવેચન આગળ કરશે.

# પૂર્વ જન્મ સંસ્કાર તે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના, આત્માની નિત્યતાના કારણે થતી સિદ્ધિનું સહાયક સાધન છે. આત્મા નિત્ય છે માટે જ મોક્ષનું મૂલ્ય છે, આરાધ-નાનું મૂલ્ય છે.

આગમોમાં આરાધનાની આટલી મહત્તા બતાવી, આરાધક જીવોની મહા-નતા બતાવી અને આરાધનાના અંતે થતી સિદ્ધિને સર્વોચ્ચ ધ્યેય રૂપે બતાવી. આ બધાની પાછળ આત્માની નિત્યતાનો ધ્વનિ સમાયેલો છે. આત્મા નિત્ય છે એટલે જ શાશ્વત અને અનંતકાળનાં સુખ પ્રાપ્તિનો ધર્મ પુરુષાર્થ છે અન્યથા ધર્મક્ષેત્ર અને આરાધનાનો માર્ગ શા માટે અસ્તિત્વમાં આવે ?

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્મા વિષયક શંકાઓ અને તેનાં સમાધાન કરવા પાછળનો ધ્યેય એ છે કે જૈન પરંપરા, આત્માની અંતિમ અવસ્થા રૂપ પરમાત્મ દશાને માને છે. તે દશાની પ્રાપ્તિ સર્વ જીવો કરી શકે છે. વળી આ માન્યતા માત્ર મૌખિક, બૌદ્ધિક કે કાલ્પનિક નથી પણ અનંત જીવો પરમાત્મ દશાને પ્રાપ્ત કરી ગયા, તેઓ આજે પણ નિત્ય એવી સ્વભાવ દશાનો અનુભવ કરી રહ્યા છે.

જીવની બે દશા–વિભાવ દશા અને સ્વભાવ દશા. જીવને વૈભાવિક પરિણમનો થયા કરે તે સ્થૂલ પર્યાય હોય તો પણ લાંબા કાળ સુધી ટકે નહીં. તેનો નાશ થઈ જ જાય. જ્યારે આત્માના સ્વાભાવિક પર્યાયે પરિ-ણમતો આત્મા, વિકાસક્રમમાં આગળ વધે ત્યારે જ્યાં સુધી પરિપૂર્ણ વિકાસ

દશા સુધી નથી પહોંચ્યો, ત્યાં સુધી હીયમાન અને વર્ધમાન બન્ને પરિણામો થયા કરે. તે છેક અગ્યારમા ગુણસ્થાન સુધી, પણ જો આગળ વધી ગયો અને સંપૂર્ણ સ્વાભાવિક દશારૂપ વીતરાગતાને પામી ગયો, તો પછી અસ્થિરતા નહીં, હીયમાન પરિણામ નહીં. બસ, પછી તો સદા તેમાં જ સ્થિર. આમ સ્વાભાવિક દશા પણ નિત્ય છે.

બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો આત્માનું સ્વરૂપ જ્ઞાનમય છે. એ જ્ઞાનગુણ પણ નિત્ય છે. જ્ઞાનગુણના પરિણામ સ્વરૂપ જાણવાની શક્તિ તથા વેદકતાની શક્તિ સર્વ જીવ ધરાવે છે. એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધી સર્વ જીવનો જ્ઞાનગુણ કાર્યરત જ હોય છે. આપણે કીડી–માખી–મચ્છર વગેરે જીવોને પીડાથી તરફડતા જોયા છે. તે પરથી સમજી શકાય છે કે તેઓને દુઃખનું સંવેદન થઇ રહ્યું છે. આ સંવેદન જડ પદાર્થોને નથી થતું, કારણ તેનામાં જ્ઞાનગુણ નથી.

જ્ઞાનગુણના કારણે થતું સંવેદન શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક ત્રણે ય સ્તરે થાય છે. આપણો સહુનો અનુભવ છે કે આપણે શારીરિક અને માનસિક બન્ને સુખ–દુઃખના અનુભવો કર્યા છે. પણ આધ્યાત્મિક વેદન શું છે તેની ખબર નથી.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તો જીવ શરીર અને મનના સુખ–દુઃખના સંવેદનોને જ જાણી શકતો હોય, પણ એક વાર ભેદ-વિજ્ઞાન થયા પછી આત્મસ્વરૂપના આનંદને માણે, નિજાનંદની મસ્તીને અનુભવે. એ આધ્યાત્મિક સુખનું વેદન છે. એ જ રીતે આધ્યાત્મિક દુઃખનું પણ વેદન હોય ! એ કઈ રીતે ? આત્માનો સ્વભાવ તો માત્ર સુખ ને સુખ જ છે તો તેમાં દુઃખનું વેદન કેમ ?

જુઓ ! એક જીવ સમકિત દશાને પામી, આત્માનો આનંદ લૂંટતો હોય. સાધના દ્વારા આત્મિક વિકાસક્રમમાં પ્રગતિના પંથે પણ હોય, પણ એવા જીવને ય વધુ વિકાસ કરવાની તાલાવેલી છે. તેમાં પુરુષાર્થ પછી પણ વિકાસ ન સાધી શકે તો તેનો ખેદ વર્તતો હોય. ચોથા ગુણસ્થાન પ્રાપ્ત જીવને છઠ્ઠુ–સાતમું મું ગુણસ્થાન પ્રાપ્ત ન થાય તો આત્મામાં ખેદ

ત્યાંસુધી પહોંચેલાને બારમે ન પહોંચવા માટેનો ખેદ હોય. આ ખેદદશા વર્તે તે આધ્યાત્મિક દુઃખનું સંવેદન છે.

પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીએ આવો ખેદ અનુભવ્યો છે. તેમનાથી નાના, પ્રભુના નવ ગણધરો તથા પોતાનાથી જ બોધ પામેલા, પોતાના અનેક શિષ્યો કેવળ પામી મોક્ષ પધારી ગયા. અને પોતે હજુ છદ્મસ્થ દશામાં છે. એ દુઃખ એમણે કંઈ કેટલીયે વાર પ્રગટ કર્યું છે. પ્રભુને પૂછ્યું છે. 'પ્રભુ, મને કેવળ કેમ નહીં" આ છે સર્વોચ્ચ કક્ષાનું આધ્યાત્મિક દુઃખનું સંવેદન.

આત્માની વેદકશકિત, શરીર, મન અને આત્મા ત્રણેય ભૂમિકા પર કામ કરે છે.

જીવ પદાર્થ રૂપે નિત્ય છે, તેની સ્વરૂપદશા રૂપે **નિત્ય છે**, જ્ઞાન ગુણ રૂપે નિત્ય છે. પોતે નિત્ય છે, સાથે તેના ગુણો પણ નિત્ય છે.

ગુરુદેવે, જીવની નિત્યતાની સિદ્ધિ કરી બતાવી છે. હવે જીવ વારંવાર જન્મ - મરણ કરે છે, અને ત્યાં વિવિધતાઓ દેખાય છે તે પણ નિત્યતાની જ સાબિતી છે, એ બતાવતાં ગુરુદેવ કહે છે -

**ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;**

**પૂર્વ જન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય...૬૭....**

વિશ્વ ફલક પર વિહરતા નાના મોટા જીવોમાં અનેક પ્રકારની વિવિધતાઓ નજરે પડે છે. આ જીવોની ગતિ જુદી – જુદી, કોઈ તિર્યંચ તો કોઈ મનુષ્ય, દેવ અને નારકી તો અહીં દેખાતા નથી. જાતિ જુદી, કોઈ એકેન્દ્રિય, કોઈ બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય તો કોઈ પંચેન્દ્રિય, સ્થિતિ પણ જુદી. કોઈનું આયુષ્ય લાંબું તો કોઈનું ટૂંકું. સહુનાં રૂપ – રંગ, આકાર-પ્રકાર જુદા જુદા. આ બધી બાહ્ય–ભિન્નતા, શરીરની દૃષ્ટિએ ભિન્નતા દેખાય છે.

એ જ રીતે મનનો – સ્વભાવનો – સંસ્કારનો વિચાર કરીએ તો એ પણ વિવિધ. કોઈનું મન વિશાળ તો કોઇનું સંકુચિત. કોઈનું મન સાત્વિક, કોઈનું રાજસી તો કોઇનું તામસી. કોઈનું ચિત્ત સરળ તો કોઈનું પ્રપંચી

આવી મનની વિવિધ ભિન્નતાઓ જોવા મળે. એ જ રીતે કોઇનો સ્વભાવ અતિ ઉગ્ર, કોઇનો થોડો ઉગ્ર, કોઈનો મૃદુ. કોઇ લોભી, કોઈ માયાવી, કોઈ પાખંડી તો કોઈ શુદ્ધ અને મંદ કષાયી. કોઈના સંસ્કારો હલકા તો કોઈના સભ્ય. આ બધું એક એક માણસનું, પ્રાણીનું, પક્ષીનું કે જીવ-જંતુનું નિરીક્ષણ કરતાં જોવા મળે છે.

ત્યારે સહેજે એ પ્રશ્ન ઉદ્ભવે કે આમ કેમ? મનુષ્ય તરીકે, સર્વ મનુષ્ય હોવા છતાં પણ, તેમજ પ્રાણી તરીકે બધાં જ પ્રાણી હોવા પછી પણ આ ભિન્નતા શા માટે? સર્પ ઝેરી, વાઘ ક્રૂર, ચિત્તો હિંસક, કબૂતર ભયભીત, ગાય ગભરૂ, આવું કેમ? તથા એક જ મા-બાપનાં ચાર સંતાનોમાં પણ વિશેષ પ્રકારની તારતમ્યતા કેમ?

વિજ્ઞાન આનો જવાબ શોધે. અને બાળકના માતા-પિતાના સ્વભાવ પ્રકૃતિ, રૂપ-રંગ વગેરે બાળકમાં હોય. પણ એ તો મા-બાપ સાથે સામ્યતા હોય ત્યાં સુધી જ. પણ મા-બાપમાં ન હોય તે બાળકમાં હોય તેનું કારણ શું? ત્યારે વિજ્ઞાન જવાબ આપી શકે નહીં. ડોકટરો પણ એમ કહે કે કુદરતી છે આ બધું! પણ કુદરત શું? અને એણે આમ કેમ કર્યું? એ સગા ભાઇઓમાં આટલી વિભિન્નતાનું સર્જન કરવા પાછળ કુદરતનો શો હેતુ હતો? તો વિજ્ઞાન ચૂપ! પણ જૈન-દર્શનની કર્મ-ફિલોસોફી આનો જવાબ આપે છે.

કોઈ પણ બે જીવનાં કર્મો સરખાં નથી હોતાં. જ્યાં-જ્યાં જીવને જેવું વાતાવરણ જેવા સંયોગ મળ્યા એ-એ પ્રકારે એ વર્ત્યો છે. અને એવાં કર્મો જીવે બાંધ્યાં છે. એક સરખા વાતાવરણમાં પણ જીવ પોતાની યોગ્યતા પ્રમાણે કર્મ-બંધન કરતો રહે છે. એક જ માના પેટે જન્મેલ બે બાળકના સ્વભાવ-પ્રકૃતિ જુદાં છે. તે બન્નેએ પૂર્વ ભવે મા-બાપ સાથે તથા એક-બીજા સાથે કોઈ વિશિષ્ટ ઋણાનુબંધના સંબંધો બાંધ્યા છે. પણ કર્મ તો જુદાં-જુદાં જ કર્યાં. અને એ કર્મો સંસ્કાર બનીને જીવ સાથે જોડાઈ જાય છે. તેથી જીવ તેને પોતાની સાથે લઈને જાય

છે. ત્યાં એ સંસ્કાર જાગૃત થતાં તેવા-તેવા પ્રકારના તેના સ્વભાવ-પ્રકૃતિ દેખાય છે.

આ જન્મે જે સંસ્કાર આપણામાં દેખાય છે તે મોટા ભાગના પૂર્વ ભવોથી સાથે લઈને જ આવ્યા છીએ. થોડા સંસ્કારો અહીંના વાતાવરણમાં મળે છે. પણ એવું વાતાવરણ મળવામાં પણ ગત-જન્મોનાં કર્મો જ કારણભૂત છે. જેવાં કર્મો કર્યાં છે તેવું વાતાવરણ અહીં મળે અને તેથી એવા જ સંસ્કાર અહીં પણ પડે.

વળી બીજી વાત. એક તંદુરસ્ત માતા, રોગી બાળકને જન્મ આપે. વિજ્ઞાન તેનું કારણ શોધે. માતામાં ન મળે ત્યારે ઇશ્વર પર છોડે. પણ આપણે વિચારીએ એ વાતને કે આમ કેમ થયું ? કયારેક તો બાળક જન્મથી ભયંકર બિમારી લઇને આવે. ત્રણ દિવસના બાળક પર ઓપરેશન કરવું પડે. ત્યારે બંધુઓ ! આપણને એમ થાય. અરેરે ! બિચારું બાળક ! હજી તો જન્મ્યું જ છે. એણે એવાં શું પાપ કર્યાં ? કે આ ભોગવવું પડે છે ! અને ખરેખર ! એ બાળકે અહીં આવીને કંઈ જ કર્યું નથી. એનાં મન, વચન અને કાયા ત્રણે ય એવાં અવિકસિત છે કે તે કંઇ પાપ કરી શકે નહીં. તો પછી થયું શું ?

આનો ઉકેલ બુદ્ધિ ન આપી શકે ! આમાં બે વાત છે. કાં તો એ જીવ પૂર્વ-જન્મમાં જ્યાં હતો ત્યાં આવા પ્રકારની બિમારી ભોગવતો હતો. કર્મ પૂરાં થયાં નહીં અને આયુષ્ય પૂરૂં થઇ ગયું. ત્યાં તેનું મૃત્યુ થઇ ગયું અને બિમારી સાથે લઇને આવ્યો તેથી જન્મવાની સાથે જ રોગીષ્ઠ દેખાયો. અથવા તેનાં કર્મો સાથે લઇને આવ્યો છે. તે કર્મો જન્મતાંની સાથે જ ઉદયમાં આવ્યાં, જે ભોગવ્યા વિના છૂટકો નથી. જીવ જે કંઈ કરે છે તે સંસ્કાર આત્મા પર અંકિત થઇ જ જાય છે.

અંકિત થયેલા સંસ્કાર આ ભવમાં જાગી ઉઠે છે. આપણે વિચારીએ ! જન્મ્યા પછી આપણને કેટલું શીખવવું પડયું અને કેટલું શીખ્યા વિના જ કરવા માંડયા ? મોટે ભાગે શરીરની ક્રિયા-બેસતાં ઊભા રહેતાં-ચાલતાં-બોલતાં આ બધું તો શીખવ્યું ત્યારે શીખ્યા. પણ

ગુસ્સો કરતાં, જીદ્દ કરતાં, રસાસ્વાદ લેતાં, આહાર લેવો છે એવું ભાન કોણે શિખવ્યું ? માએ કહ્યું હતું કે બેટા ! ભૂખ લાગે એટલે રડવા માંડજે, તો જ ખાવા મળશે ! ના, એ તો આપણે માને સમજતાં શિખવ્યું કે હું રડું ત્યારે તારે સમજી લેવું કે કાં તો મને ભૂખ લાગી છે અને કાં તો મારા શરીરમાં પીડા છે ! આવા સંસ્કારો સાથે લઇને આપણે આવ્યા.

અરે ! કૂતરાનાં નાના-નાના ગલુડિયાં જોયાં છે. ? એ પણ અજાણ્યાને જોઇને ભસવા માંડે. કોણે શિખવ્યું ? સર્પને ફૂંફાડો મારતાં કોણે શિખવ્યું ? આમ પ્રાણી માત્રમાં જે-જે વિશિષ્ટતાઓ દેખાય છે તે પોતામાં રહેલા સંસ્કારોને જ કારણે !

જમીનમાં ધરબાયેલું બીજ, જેવું જમીનમાં દટાય કે બીજી જ ક્ષણથી જમીનનો રસ ખેંચવા માંડે, નિરન્તર આ પ્રક્રિયા ચાલુ જ હોય. પરિણામ આપણે સહુ જાણીએ છીએ કે વડનું એક બીજ વિશાળ વટવૃક્ષ ઊભું કરી દે છે. અરે ! એક જ નહીં અનેક વડનું સર્જન કરે છે કે મૂળ વૃક્ષ કયું હશે તે શોધવું ભારે પડે ! આ શાનાથી થયું ? બીજમાં રહેલી પ્રચંડ આહારસંજ્ઞાએ વિકસિત થઈ આ સર્જ્યું.

આમ આખા યે સંસારની જીવંત સૃષ્ટિમાં એ જ જોવા મળે છે કે જે કંઈ સાથે લઇને જીવ આવ્યો છે તથા તેના કારણે અહીં તેનામાં જે કંઈ તારતમ્યતા દેખાય છે તે પૂર્વભવોના સંસ્કાર જ છે.

આ ગાથા દ્વારા ગુરુદેવ શિષ્યને એ જ સમજાવવા માગે છે કે હે વત્સ ! સહુ જીવોમાં દેખાતી વિભિન્નતા તેના ગત જન્મોના સંસ્કાર છે. તેનાથી એ ફલિત થાય છે કે આ તેનો પહેલો જન્મ નથી. પૂર્વે પણ વિવિધ યોનિઓમાં જન્મ ધારણ કરીને આવ્યો છે. હવે પૂર્વે જન્મ ધારણ કર્યો અને તેના સંસ્કાર અહીં લઇને આવ્યો, તેનો અર્થ જ એ છે કે જે આત્મા આ શરીરમાં છે, તે જ આત્મા ગત જન્મોના શરીરમાં પણ હતો, જો બન્ને જન્મોનો આત્મા એક ન હોય તો સંસ્કારો કોની સાથે આવ્યા ? કારણ એક આત્માએ કરેલાં કર્મો અન્ય આત્મા ભોગવતો નથી. જે કરે તેની સાથે જ જાય અને તે જ ભોગવે.

પૂર્વ જન્મનું શરીર સાથે નથી આવ્યું. તેનો તો નાશ થઈ ગયો. પણ શરીરના નાશ પછી પણ આત્મા કાયમ રહ્યો. તેથી જ તેણે સંસ્કાર સાથે લઈને આ જન્મ ધારણ કર્યો.

આથી સિદ્ધ થાય કે આત્મા નિત્ય છે, અવિનાશી છે. આત્માની નિત્યતા સિવાય આ બધું સંભવી શકતું જ નથી.

હવે આત્માની નિત્યતાને સિદ્ધ કરતાં વધુ તર્ક ગુરુદેવ કેવી રીતે આપશે તે અવસરે........

## આત્મ - ચિંતન

"હું....આત્મા....છું....હું....આત્મા....છું...."

શુદ્ધતા.... એ મારો સ્વભાવ....

હું.... ચૈતન્ય...., ચેતના.... એ મારૂં સ્વરૂપ.... એ ચૈતન્યમાં... અશુદ્ધતા હોય નહીં.... મારૂં.... વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ છે.... વર્તમાનમાં દેખાતું...., અનુભવાતું,....રાગ - દ્વેષના મેલથી મલિન થયેલું.... અશુદ્ધ સ્વરૂપ... એ મારૂં નથી....

રાગ - દ્વેષ.... એ મારા નથી.... રાગ - દ્વેષના કારણે થતા ભાવો... એ પણ મારા નથી .. રાગ-દ્વેષના કારણે થતી પ્રવૃત્તિ.... એ પણ મારી નથી.... એ સર્વથી ભિન્ન...., સર્વથી અલગ...., સ્ફટિક જેવી નિર્મળ દશા.... તે મારી દશા.... કર્મના કારણે થયેલી અશુદ્ધ દશા... તે મારે માટે ત્યાજ્ય છે....

મારે....મારા શુદ્ધ સ્વરૂપની....પ્રાપ્તિ કરવી છે....મારે...મારી શુદ્ધતા-નો....અનુભવ કરવો છે....એ અનુભવ કરવા માટે...મારા....અસલી સ્વરૂપને ઓળખી... તેમાં સ્થિર થવાનો પ્રયાસ કરૂં....

આ આત્મા.... સર્વકાળે.... સર્વત્ર... સ્વતંત્ર છે... રાગ-દ્વેષનાં બંધનો.. તેને જકડી શકે નહીં....રાગ-દ્વેષના મેલથી એ મલિન... બની શકે નહીં... પુદ્‌ગલના સંગે... એ પુદ્‌ગલ થાય નહીં... વિભાવના પરિણમને....એ વિકૃત બને નહીં....વિકૃતિથી રહિત... નિત્ય સ્વભાવ દશામાં રહેવા ટેવાયેલો આત્મા... સર્વથા શુદ્ધ છે....

મારે... મારા શુદ્ધ સ્વરૂપનો... અનુભવ કરવો છે... શુદ્ધ સ્વરૂપને... માણવું છે... આજ સુધીના અનુભવો વિકૃતિમાંથી નીકળેલા છે... અશુદ્ધિમાં-થી આવેલા છે... આત્માની સ્વાભાવિક દશાનો અનુભવ... જીવે કર્યો નથી...

મારે... મારી સ્વાભાવિક શુદ્ધ દશા...., નિર્મલ દશા..., સ્ફટિક જેવી સ્વચ્છ દશાનો અનુભવ કરવો છે......

એ માટે હું... મને જાણી લઉં...., મને ઓળખી લઉં..., મારામાં ઠરી જાઉં..., મારામાં સ્થિર થઇ જાઉં..., મારામાં સમાઈ જાઉં... આત્મામાં સ્થિર થવા માટે... શુધ્ધ દશાનો અનુભવ કરવા માટે...આત્માનું ચિંતન...થોડી ક્ષણો...વધુ...એકાગ્ર...થઇ...વધુ ઉંડાણમાં જઈ...કેવલ આત્માનું ચિંતન કરીએ...

"હું...આત્મા...છું, હું...આત્મા....છું."

ૐ..............."શાંતિ".........."શાંતિ".........."શાંતિ"

## આત્મા દ્રવ્યે નિત્ય છે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આત્માના નિત્ય સ્વરૂપની અનુભૂતિ કરાવી તે જ નિત્ય સ્વભાવમાં સ્થિર કરે છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માની નિત્યતાને સિદ્ધ કરતી અનેક દલીલો આપી, ગુરુદેવે શિષ્યની શંકાઓનું સમાધાન કર્યું. હજુ શિષ્યના મનમાં સંદેહ છે. જો સર્વ વસ્તુ ક્ષણિક હોય તો આત્મા પણ ક્ષણિક હોવો જોઈએ. કારણ આત્મા વસ્તુ છે. આત્માને વસ્તુ કહો, દ્રવ્ય, પદાર્થ કે તત્ત્વ કહો બધા પર્યાયવાચક શબ્દો છે. તેથી જ અહીં આત્માને વસ્તુ માની ક્ષણિક કહ્યો છે.

આ શંકાનું જૈનદર્શનની દાર્શનિક વિચારધારાને લક્ષ્યમાં રાખી, ગુરુદેવ સમાધાન આપે છે—

**આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;**
**બાળાદિ વય ત્રણ્યનું જ્ઞાન એકને થાય...૬૮...**

આત્મા દ્રવ્ય છે. દ્રવ્યનું લક્ષણ સત્ છે. વળી દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત છે. આત્મામાં પર્યાયનું ઉત્પન્ન થવું તે ઉત્પાદ, તે પર્યાયનો નાશ થવો તે વ્યય, અને એ બન્ને અવસ્થાઓ વખતે આત્માનું પોતાના સ્વરૂપરૂપે તેમાં રહેવું તે ધ્રૌવ્ય. ધ્રુવતા એટલે કે સ્થિરતા. દ્રવ્યનું પોતામાં, પોતારૂપે રહેવાપણું તે સ્થિરતા. આત્મામાં ગમે તેટલી પર્યાયો ઉત્પન્ન થાય અને નાશ પામે પણ આત્મા બદલાતો નથી. એ જેવો છે તેવો જ રહે છે. અનંતકાળથી જે દ્રવતો રહ્યો છે, ભવિષ્યમાં

અનંતકાળ સુધી દ્રવ્યા કરશે અને વર્તમાનમાં દ્રવી રહ્યો છે છતાં એટલો ને એટલો જ રહે તે દ્રવ્ય.

સુવર્ણના દૃષ્ટાંતથી આને સમજીએ. સુવર્ણના ઘડાતા જુદા જુદા ઘાટમાં સુવર્ણ તે મૂળ દ્રવ્ય છે અને જુદા જુદા ઘાટ તે પર્યાય છે. સુવર્ણનું એક આભૂષણ બનાવ્યું. તે આભૂષણ રૂપ પર્યાયની ઉત્પત્તિ થઇ, ફરી એ આભૂષણને ગાળી નાખીને બીજો ઘાટ આપવામાં આવ્યો તો પૂર્વે આપેલા ઘાટનો નાશ થયો અને નવા ઘાટની ઉત્પત્તિ થઇ. પણ બન્નેમાં સુવર્ણ તો એનું એ જ રહ્યું. આભૂષણોમાં પરિવર્તન થયું પણ તેમાં રહેલ સુવર્ણ બદલાયું નહીં. એ જ એની ધ્રુવતા.

બીજી રીતે દ્રવ્યની વ્યાખ્યા કરતાં કહ્યું—

**गुण पर्यायवत् द्रव्यम्**

ગુણ અને પર્યાયના આશ્રયરૂપ છે તે દ્રવ્ય છે. દ્રવ્યની સાથે સદા રહેનાર, અવિનાશી ધર્મ તેને ગુણ કહે છે અને દ્રવ્યમાં સમયે-સમયે અવસ્થારૂપ પરિણમન થાય છે; તે પર્યાય છે. પર્યાય દ્રવ્યની પણ હોય અને ગુણની પણ હોય. તે પર્યાયોનું પરિણમન થયા કરે પણ દ્રવ્ય કે ગુણ, ના બદલાય.

જેમકે ઉદધિ. પાણી દ્રવ્ય છે. તેમાં સમયે-સમયે તરંગો ઉઠે છે તે તેની પર્યાય છે. તરંગો ઉઠે ને શમી જાય. પણ તેથી પાણીમાં કંઇ પરિવર્તન આવતું નથી. તે જેમ છે તેમ જ, જેટલું છે એટલું જ રહે છે. તેમજ પાણીમાં રહેલી શીતલતા પણ તરંગોના આવવાથી બદલાઇ જતી નથી. પાણી એ દ્રવ્ય છે. શીતલતા એનો ગુણ છે, અને તરંગો એ પર્યાય છે. પાણીરૂપ દ્રવ્ય એમ ને એમ રહ્યું. શીતલતારૂપ ગુણ પણ એમ ને એમ રહ્યો. પણ પર્યાયરૂપ તરંગો આવે છે અને જાય છે, તે બદલાયા કરે છે.

તરંગો પાણીમાં આવે છે માટે તે પાણીની પર્યાયો થયી. શીતલતામાં હાનિ-વૃદ્ધિ થવી, હવામાનના કારણે પાણી ક્યારેક ઉષ્ણ થઈ જાય તો ક્યારેક વધુ શીતળ થઈ જાય, એ છે ગુણની પર્યાય. પાણી ઉષ્ણ થવા પાછળનું કારણ અન્ય દ્રવ્યનો સંયોગ હોય. સૂર્યનો તાપ હોય કે કોઈ

પણ પ્રકારનો અગ્નિ હોય, પણ એ સંયોગના દૂર થવાથી પાણી ફરી પોતાની મૂળ શીતળતાને પ્રાપ્ત કરી લે. પાણીમાંથી શીતળતાનો ગુણ ક્યારેય નાશ ન પામે.

આમ દ્રવ્યની પર્યાય તથા ગુણની પર્યાય, થયા જ કરે. એક ક્ષણ પણ અટકે નહીં. પર્યાય રહિત દ્રવ્ય ન હોય અને દ્રવ્ય રહિત પર્યાય ન હોય. એ જ રીતે ગુણ રહિત દ્રવ્ય ન હોય અને દ્રવ્ય રહિત ગુણ ન હોય. વળી એ જ ન્યાયે ગુણમાં પણ પર્યાય હોય.

આ સ્થિતિ જડ–ચેતન બન્ને દ્રવ્યોમાં રહે જ છે. સ્થૂલ પર્યાયો દૃષ્ટિ–ગોચર થાય પણ સૂક્ષ્મ પર્યાયો ઘણા લાંબા સમય પછી, દ્રવ્યમાં થતા પર્યાયાત્મક ફેરફારના કારણે જ જાણી શકાય. અન્યથા દેખાય નહીં.

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યને આત્મદ્રવ્યમાં સમજીએ. આત્મા દ્રવ્ય છે દ્રવ્ય છે ત્યાં પર્યાય છે. તેથી આત્મામાં પણ ઉત્પાદ – વ્યય થયા કરે છે. ગતિરૂપ શરીરને ધારણ કરવા તે આત્માનો વૈભાવિક પર્યાય છે. આત્મા પોતે મનુષ્યાદિ નથી. આત્માના શુદ્ધ સ્વરૂપમાં દેહાદિ ધારણ કરવાપણું નથી, પણ શરીરને ધારણ કરવું તે કર્મોના કારણે છે. જ્યાં સુધી કર્મ સહિત આત્મા છે ત્યાં સુધી એ અનેક દેહ ધારણ કરે છે. જેટલા દેહ ભૂતકાળે ધારણ કર્યા, વર્તમાને જે દેહમાં છે અને ભવિષ્યમાં જેટલાં શરીરો ધારણ કરશે તે બધાં જ આત્મદ્રવ્યની વૈભાવિક પર્યાયો છે. એક દેહનો નાશ થાય છે, અને બીજો દેહ ધારણ કરે છે. મૃત્યુ થાય એટલે એક દેહ છૂટી જાય અને બીજે જન્મ લે એટલે નવો દેહ ઉત્પન્ન થાય. આ દશામાં આત્મા તો બન્ને દેહમાં એનો એ જ રહે. જેમ સુવર્ણનાં આભૂષણોના બદલાતા ઘાટમાં સુવર્ણ એનું એ જ રહે, તેમ આત્મા બદલાતા શરીરમાં એ નો એ જ રહે. અર્થાત્ આત્મા દ્રવ્ય અને બદલાતા દેહ તે તેની પર્યાયો.

વળી એક જ શરીરમાં અવસ્થાઓ બદલાય. સર્વ પ્રથમ બાળક હોય, પછી યુવાન થાય, પછી વૃદ્ધ થાય. શરીરની આ અવસ્થાઓમાં આત્મા એ નો એ જ રહે. આત્માની અવસ્થાઓ થઈ નથી. જેણે બાળપણને જાણ્યું ને માણ્યું એ જ યુવાનીને જાણે છે ને ભોગવે છે અને એ જ વૃદ્ધાવસ્થાને જાણે છે ને વેઠે છે. આ ત્રણેય અવસ્થાનો અનુભવ એ જ

આત્માએ કર્યો. તેને બધું જ યાદ છે. શરીરની અવસ્થાઓ બદલાઈ પણ પોતે બદલાયો નથી. એ જ સાબિતી છે કે આત્મા ધ્રૌવ્ય છે અર્થાત્ નિત્ય છે અને અવસ્થાઓ ઉત્પાદ–વ્યય સ્વભાવવાળી એટલે અનિત્ય છે.

આત્મા દ્રવ્ય છે અને જ્ઞાનાદિ તેના ગુણો છે. ગુણો પણ પરિણમનશીલ છે અર્થાત્ તેમાં પણ પર્યાયોનો ઉત્પાદ – વ્યય થયા કરે છે.

જ્ઞાન એ જાણનાર શક્તિ છે. આત્માનું જ્ઞાન આત્માને જ જાણે, આત્માને અનુભવે તે તેની સ્વાભાવિક પર્યાય છે. જ્ઞાન અંતર્મુખ થાય ત્યારે આત્માને જાણે, પણ બહિર્મુખ થાય ત્યારે ઇંદ્રિયોના વિષયોને ગ્રહણ કરે. ઇન્દ્રિયો પદાર્થોનું જ્ઞાન કરવામાં સાધનભૂત છે. બહિર્મુખ પ્રવર્તતું જ્ઞાન, જગતના પદાર્થોને ઇન્દ્રિયો દ્વારા જાણે, એ જ્ઞાનની વૈભાવિક પર્યાય છે. જગતને જાણવું તે આત્માના સ્વભાવરૂપ જ્ઞાનનો હેતુ નથી. પણ કર્મોના ઉદયનું નિમિત્ત પામીને જ્ઞાનનો બહિર્મુખ વ્યાપાર થાય છે ત્યારે તે જગત સાથે જોડાય છે. જગત સાથે જોડાયેલું જ્ઞાન જડ પદાર્થોને જાણે, છતાં પોતે જડરૂપ થઈ જતું નથી. સમયે – સમયે, અન્ય – અન્ય પદાર્થોને જાણે તે તેના સમયે – સમયે બદલાતી પર્યાય છે. આ પર્યાયો ઉત્પન્ન થાય અને નાશ પામી જાય, પણ જ્ઞાન ગુણ કદી ઉત્પન્ન થાય નહીં, અને નાશ પામે નહીં. કયારેક સ્મૃતિદોષના કારણે મેળવેલું જ્ઞાન વિસરાઈ જાય. અને ત્યારે એમ લાગે કે જ્ઞાન નાશ પામી ગયું, પણ એમ થતું નથી. જીવના ગુણરૂપ જ્ઞાન છે તે પાણી અને પાણીની શીતલતાના સંબંધે, જીવ સાથે રહ્યું છે. જેમ પાણીની શીતલતા, કરોડો ઉપાયે પણ સર્વથા નાશ પામતી નથી તેમ આ જીવ નિગોદ જેવા અતિ સૂક્ષ્મ શરીરને ધારણ કરે છતાં આત્મામાં રહેલો જ્ઞાનગુણ સર્વથા આવરિત થતો નથી.

સૂક્ષ્મ શરીરમાં જ્ઞાનને વ્યક્ત થવાનાં બાહ્ય સાધનો નથી. તેથી જ્ઞાન અવ્યક્ત જ રહે છે. છતાં જ્ઞાન નથી. એમ કહી શકાય નહીં. જીવનું જીવત્વ જ જ્ઞાનના હોવાની સાબિતી છે.

કર્મ સંયોગે જીવ જ્ઞાનાદિ ગુણના વિકાર રૂપ પરિણમે છે, છતાં તે વિકાર રૂપ બની જતો નથી. આ છે ગુણની ધ્રૌવ્યતા અને ગુણમાં પરિણત

થતી પર્યાયોનો ઉત્પાદ અને વ્યય. તેથી જ જેમ આત્મા સત્ છે તેમ તેના ગુણો પણ સદા અસ્તિત્વવાન છે.

આટલું વિવેચન કરવા પાછળનો હેતુ, આત્મા ક્ષણિક નહીં પણ નિત્ય પદાર્થ છે; એ બતાવવાનો છે. ગાથામાં ગુરુદેવ એ જ કહે છે કે આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે અને પર્યાયોરૂપે પલટાતો હોવાથી અનિત્ય છે. શરીરની બાલ્યાવસ્થારૂપ પર્યાયો બદલાયા પછી પણ આત્મા બદલાતો નથી. એ બધી જ અવસ્થાઓનું જ્ઞાન એક જ આત્માને રહે છે.

જો આત્મા ક્ષણિક હોય તો તેને વર્તમાન પર્યાય સિવાય બીજું કશું જ જ્ઞાન હોય નહીં. ભૂત-ભવિષ્યને જાણનારો જ નષ્ટ થઈ ગયો તો કોણ જાણે? માટે આત્મા ક્ષણિક નથી પણ નિત્ય છે. આ વિષયની વધુ સ્પષ્ટતા અવસરે....

## વદનારો તે ક્ષણિક નહીં...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની, પ્રભુ વીર, જગતનાં, ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્માના મૌલિક સ્વરૂપને પ્રગટ કરે છે કૃત્રિમ રૂપોને સહારે ભવમાં ભટકનાર આત્માએ એ રૂપોને જ પોતાનાં માની લીધાં. પોતાના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ એને થઈ નથી, તેથી જ આત્મ-વિષયક ભ્રાંતિ પણ ગઈ નથી.

શંકા કરનાર શિષ્ય પણ કોઈ ભ્રમનાં કારણે જ આત્માના સ્વરૂપને નિત્ય ન સ્વીકારતાં, ક્ષણિક માનવા પ્રેરાયો છે. સંસારના દેખાતા સર્વ પદાર્થ ક્ષણિકતાની અનુભૂતિ કરાવે છે. એ જોઈને એણે ગુરુદેવને કહ્યું હતું કે આત્મા નિત્ય હોય એમ લાગતું નથી. શરીરની સર્વ અવસ્થાઓમાં આત્મા બદલાયા વગર એનો એ જ રહે છે એ સિદ્ધ કર્યા પછી, એ જ બાબતને વધુ સ્પષ્ટ કરે છે.

**અથવા જ્ઞાન ક્ષણિકનું જે જાણી વદનાર;**
**વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર....૬૯....**

હે શિષ્ય! તેં તારા દેહમાં આત્મા છે એ તો સ્વીકાર્યું જ છે. તું કહે છે આત્મા ક્ષણિક છે. તો હું તને પૂછું છું કે આત્મા ક્ષણિક છે એમ બોલનારો, તારો આત્મા છે કે બીજો કોઈ? અંદરથી કોણ બોલે છે? જો તારો આત્મા જ બોલતો હોય તો એણે ક્યારે જાણ્યું કે આત્મા ક્ષણિક છે? તારા મતે એ ક્ષણિક છે તો જાણનાર આત્મા તો નાશ પામી ગયો. કહેનાર બીજો કોઈ છે કે જેણે જાણ્યું નથી. તો એની કહેલી વાત કેવી રીતે માનવી? જાણ્યા વિના કહેતો હોય તેની વાત માનવા લાયક

જ ન હોય, અને જો એ જાણીને પછી કહેતો હોય તો તે ક્ષણિક ન હોય. કારણ કે જાણવામાં ઓછામાં ઓછી એક ક્ષણ તો લાગે જ. કહેવામાં પણ એક ક્ષણ લાગે. જેણે જાણ્યું છે તે જ કહે છે તો તેવી સ્થિતિ બે ક્ષણની થઈ ગઈ. તો સર્વ વસ્તુ ક્ષણિક છે માટે આત્મા પણ ક્ષણિક છે તે સિદ્ધાંત ઉભો રહી શકતો નથી.

આપણા સહુનો અનુભવ છે કે આપણે જે કંઈ બોલીએ છીએ એ પહેલાં વિચારીએ છીએ. પછી બોલીએ છીએ. જે ક્ષણે વિચારીએ એ જ ક્ષણે કહી શકતા નથી, વિચારવાની ક્ષણ જુદી અને કહેવાની ક્ષણ જુદી. પહેલી ક્ષણે જેણે વિચાર્યું છે તે જ બીજી ક્ષણે કહી શકે. બંને જુદા હોય તો કોઈ કદી વિચારોને વ્યક્ત કરી શકે નહીં. વિચાર પણ નાશ પામી ગયા અને વિચારનાર પણ નાશ પામી ગયો. કોણ કહે ? શું કહે ?

એ જ રીતે આપણા આત્મામાં જાગતા ક્રોધાદિના ભાવો પણ એક ક્ષણે જાગે અને બીજી ક્ષણે તેને વ્યક્ત કરીએ છીએ. અરે ! એટલું જ નહીં ક્રોધ – ક્ષમા, ગમો – અણગમો, હાસ્ય – શોક આદિ ભાવો પણ, કેટલાક દિવસો, મહિનાઓ કે વર્ષો પહેલાના આપણે કોઈને કહેતા હોઈએ છીએ. અમુક સમયે, અમુક પદાર્થ મને બહુ ગમ્યો હતો, આજે પણ ગમે છે. આ કયારે કહી શકાય ? જ્યારે એ ગમ્યો ત્યારથી આજ સુધી જેને ગમ્યો છે તેનું અસ્તિત્વ હોય તો ! અન્યથા નહીં.

આમ દરેક દૃષ્ટિથી વિચારતાં, સર્વ પદાર્થોની ક્ષણિકતાનું જ્ઞાન કરીને, કહેનાર પોતે ક્ષણિક હોય એમ જણાતું નથી. આપણા જીવનવ્યવહારમાં પણ એ અનુભવ થતો હોય છે. તેથી આત્મા ક્ષણિક નહીં પણ દેહમાં હોવા પછી પણ દેહથી જુદો અને સદા નિત્ય છે.

આત્માને ક્ષણિક માનવા જતાં કર્મ ફિલોસોફી નો સિદ્ધાંત પણ ઉડી જશે. કર્મ કરનાર અને ભોગવનાર બંને એક જ હોય જુદા નહીં. કર્મ જયારે બંધાય ત્યારે ને ત્યારે ફળ આપે અને ન પણ આપે. મોટા ભાગનાં કર્મો લાંબા સમય પછી ભોગવવાનાં હોય છે. જેણે બાંધ્યા છે એ લાંબા સમય સુધી અસ્તિત્વમાં હોય તો જ એ ભોગવે. નહીં તો કોણ

ભોગવે ? એકે કરેલા કર્મોનો ભોગ અન્ય કેવી રીતે કરે ? જો એમ થાય તો જગતના તંત્રમાં વ્યવસ્થા જ ન રહે. અપરાધ કોઈનો અને સજા કોઇ ભોગવે ? વ્યાવહારિક જગતમાં પણ આમ નથી હોતું તો આત્મિક જગતમાં તો ન જ હોય, કારણ વ્યાવહારિક જગતના મૂળભૂત સિદ્ધાંતરૂપી નીતિ – નિયમો, આ આત્મ-સાધના માટેની ભૂમિકા જ છે. આત્મિક જગત સ્વયંસંચાલિત છે, તેમા મીનમેખ નથી. આ દૃષ્ટિએ પણ આત્મા નિત્ય છે.

આત્માની નિત્યતાની સિદ્ધિ એ આપણા માટે અત્યંત ઉપકારી સાધન છે. જે વ્યક્તિના અંતરમાં આ શ્રદ્ધા દૃઢ થઇ જાય તેને મૃત્યુનો ભય ટળી જાય. મરવાનો તો ખરો, પણ તેનામાં એ સમજણ દૃઢ હોય કે મરે છે તે દેહ છે, હું મરતો નથી. હું તો અજરામર છું. એ તો મસ્ત થઈને ગાતો હોય :–

**સહજાનંદી શુદ્ધ સ્વરૂપી, અવિનાશી હું આત્મ સ્વરૂપ.**
**દેહ મરે છે હું નથી મરતો, અજર અમર પદ મા...રૂ....**

આવો દૃઢ વિશ્વાસ જેના અંતઃકરણમાં હોય તેણે ભયને જીતી લીધો હોય. દેહ અને આત્મા અલગ થાય તો થાય એમાં મારે શું ? આત્માનો દેહમાં રહેવાનો સમય પૂરો થાય એટલે એ દેહ છોડીને ચાલતો થાય. તેમાં ખોટું શું ? જ્યાં જેને જેટલું રહેવાનું હોય એટલું જ રહે, રહી શકે. સમય થતાં જવાનું જ હોય ! આવી સમજણ શ્રદ્ધાવાન જીવને ઉપકારક નીવડે. સહજાનંદ સ્વામીએ આ ભાવો એક પદમાં સુંદર રીતે ફરમાવ્યા છે–

**નિત્ય છું નિત્ય છું આતમા નિત્ય છું,**
**તો પછી મરણ ભય કેમ મ્હારે—?**
**ભલે મરે શત્રુઓ, રાગ દ્વેષાદિઓ,**
**અમર પરમાણુ જીવ મરે ન ક્યારે...૧...**

**વીર્ય રજથી બન્યું. માટીનું ઢેકું આ,**
**જાય શમશાનમાં જડ-સ્વભાવે;**
**ક્ષણે-ક્ષણે મલી-બિખરી દશા પલટે પણ,**
**નિત્ય પરમાણુ નિજ ધર્મ દાવે......૨**

હું આત્મા છું અને નિત્ય છું હવે મરણનો ભય રાખવાની જરૂર જ શી છે ? રાગ-દ્વેષાદિના ભાવો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે એ મારા શત્રુ છે. એ મરતા હોય તો ભલે મરે. મારે રાગનો ય ખપ નથી અને દ્વેષનો ય ખપ નથી. હું એટલે આત્મા અને જડ પુદ્ગલનું મૌલિક સ્વરૂપ પરમાણુ. આ બંને કદી મરતા નથી. બન્ને અમર જ છે.

મરે છે તે દેહ છે કારણ તે જડ પુદ્ગલોના સમૂહથી બન્યો છે તેથી તેને નષ્ટ થવું જ પડે. દેહ મરે અને તેને બાળવામાં આવે છે. જો દેહ ચેતન હોત તો તેને મરવું ન પડત, બળવું ન પડત. પણ સમયે-સમયે મળતા-અને-વિખરતા પરમાણુઓનાં સ્કંધથી બનેલા શરીરની દશા બદલાય છે. તેનામાં અનેક પરિવર્તનો આવે અને અંતે તેને રાખ થવું પડે પણ પરમાણુનો કદી નાશ થાય નહીં.

આમ જેને અનુભવ-મુલક આત્માની નિત્યતાનો સચોટ વિશ્વાસ છે તે આત્મા દેહના મરણનો ભય ન સેવે. પણ મરવું છે તે નિશ્ચિત છે તો તેની તૈયારી કરી લે, ખરેખર તો માનવ જન્મે ત્યારથી તેને મરણની તૈયારી કરવાની છે. જરુર આ વાત થોડી અટપટી લાગશે. પણ જન્મ પછી ક્યારે મરણ આવશે તેની ખબર નથી. તેથી પ્રત્યેક પળે સાવધાન રહેવું આવશ્યક છે. જ્યારે મૃત્યુ આવે ત્યારે હસતો-હસતો જઈ શકે. કોઈ મોહ કે મમત્વ તેને સતાવતું ન હોય. મરણ વખતે ભલામણો કરવાની બાકી ન હોય. પણ મરણ આવી કહ્યું છે એવો સંકેત મળતાં, બધું જ છોડી પોતામાં સ્થિર થઈ જાય. આત્મ-પ્રભુ સિવાય બીજું કંઈ યાદ ન આવે.

આવી તૈયારી કરવા માટે જીવની નિમિત્તાધીન વૃત્તિ છે તેને બદલવી પડશે. નાનાં-મોટાં કોઈપણ નિમિત્તો જીવને વ્યાકૂળ ન કરી મૂકે એ માટે પોતે પોતાને કેળવણી આપવી પડશે. જેમ-જેમ જીવ કેળવાતો જાય તેમ-તેમ પોતામાં સ્થિર થતો જાય. મોહ-મમત્વનાં નિમિત્તોને આધિન થવાનું છોડી દે, રાગ-દ્વેષનાં નિમિત્તોમાં ભળવાનું છોડી દે. બસ આ બે કામ માટે રોજની પ્રેક્ટિસ, રોજનો અભ્યાસ થશે તો મરણ આવશે

ત્યારે એ સાજ સજી તૈયાર જ હશે. બંધુઓ ! આ છે મરણની તૈયારી, પોતે પોતામાં તૈયાર થઈ જાય. બસ, પછી બીજું કશું કરવાનું રહેતું નથી !

અહીં ગુરુદેવે શિષ્યને આત્માની નિત્યતા વિષે સચોટ તર્કો આપી તેના માથામાં એ બેસાડયું કે આત્મા દેહથી જુદો છે, સ્વતંત્ર છે, નિત્ય છે. અને શિષ્યની શ્રદ્ધા પણ આ સ્વીકારે છે. ઉપકારી ગુરુદેવના ચરણમાં મસ્તક ઝુકાવી ઊભો છે. ત્યાં જ ગુરુદેવ હવે શિષ્યના આત્માની નિત્યતા વિષયક એક પ્રશ્ન પૂછી, તેના જ મુખે કહેવડાવવા માગે છે કે ગુરુદેવ ! આત્મા નિત્ય છે, નિત્ય છે, નિત્ય છે, અને તે સ્વીકારું છું.

હવે એ પ્રશ્ન અવસરે...

## ...કેમો ભળે તપાસ !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની–અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના જીવમાં રહેલા અમરત્વ ગુણને પ્રગટાવે છે. જન્મ–જરા–મરણ શરીર સાથે સંકળાયેલી ચીજો છે. અસંગી એવા આત્માને શરીર નથી, જન્મ નથી, જરા નથી, મરણ નથી. આત્માનાં મૌલિક સ્વરૂપમાં આવી પરિસ્થિતિઓનો સંભવ નથી.

કર્મને વશ થઈ, કર્મે જેવા ખેલ ખેલાવ્યા એવા તે ખેલતો રહ્યો. પરિણામે આત્માના સ્વભાવમાં જે નથી એમાં જ એને રહેવું પડયું. એ જ કરવું પડયું. આપણા આખાયે ભૂતકાળને તપાસી લઈએ તો જીવે બીજું કાંઈ કર્યું કે ના કર્યું, પણ જન્મ–મરણ તો કર્યાં જ છે. જ્યાં જન્મો લીધા, ત્યાં જે ફરજો હતી તે બજાવી કે નહીં, જવાબદારીઓ નિભાવી કે નહીં, કોઈ સારાં–માઠાં કાર્યો કર્યાં કે નહીં, પણ જન્મ અને મરણ તો કર્યાં જ છે. કર્મોને સહારે ઉદય અને અસ્ત પામ્યો જ છે.

જીવની પશુયોનિમાં પણ કંઈક ફરજ હોય છે. આંગણે બાંધેલી ગાયનું સારી રીતે પાલન–પોષણ કરો તો એ ગાય પાસેથી દૂધની અપેક્ષા રહે જ અને દુધ આપવું એ ગાયની ફરજ થાય. કૂતરાને પાળ્યો હોય તો ઘરની રક્ષા કરવી તે તેની ફરજ થાય. નોકરને પગાર આપો તો જવાબદારી પૂર્વક કામ કરવું તે તેની ફરજ થાય. આમ જુદા–જુદા જન્મમાં જુદી–જુદી ફરજો હોય જ છે. પણ બધી જ વાર જીવ આ ફરજો બજાવતો હોય એવું નથી હોતું. કદાચ ચૂકી પણ ગયો હોય. પરંતુ જન્મ લેવાનું અને મરણ પામવાનું તો તે ચૂકયો જ નહીં.

જન્મ-મરણ પણ કેટલા ? અનંત. જેની કોઇ ગણતરી થઈ શકે તેમ નથી. જાણો છો બંધુઓ ! સાધારણ વનસ્પતિ એટલે કે કંદમૂળના જીવો કાચી બે ઘડીમાં ૬૫,૫૩૬ ભવ કરે છે. એટલી વાર જન્મે અને મરે ! વિચાર કરો, ૪૮ મિનિટથી પણ ઓછા સમયમાં આટલીવાર જન્મે, મરે તો તેનો જીવન કાળ કેટલો ? આપણે એક-બે-ત્રણ ગણવા માંડીએ તો પણ કદાચ એટલી વારમાં ૬૫,૫૩૬ ગણી ન શકીએ. વળી આટલા નાના જીવન-કાળમાં એ શું કરતો હશે ? આપણી સ્થૂલ બુદ્ધિ તો એમ કહે કે કાંઈ ન કરે ! કાંઈ કરવાનો સમય જ ક્યાં હોય ? પણ જ્ઞાનીઓ કાળને સમયની દૃષ્ટિએ માપે છે. તેમના સૂક્ષ્મતમ જ્ઞાનમાં જીવની સમય-સમયની પ્રવત્તિની ગણતરી છે. તેથી તેઓ તો કહે કે એ જીવ, તેના એક જન્મમાં અનંત કર્મો ભોગવે, અનંતની નિર્જરા કરે અને અનંત કર્મો બાંધે ! આ વાત આપણા મગજમાં બેસે નહીં. કેમ થઈ શકે? ક્યાં જીવનનો અતિ અલ્પ સમય અને ક્યાં ભોગવાતાં, નિર્જરા થતાં અને બંધાતાં અનંત કર્મ !

પણ બંધુઓ ! નિગોદના આ જીવને આગળ પ્રવાસ કરવો છે. ઊંચું આવવું છે. અનંતકાળથી એમાં પડ્યો છે પણ ઉપર ઉઠવાનો કામી છે. એ ત્યારે જ બને કે એના અનંત-અનંત પાપ કર્મોની નિર્જરા થઈ જાય. નિર્જરાના બળે જ એ આગળ વધે, ભલે સમજણપૂર્વકની નિર્જરા ન કરતો હોય પણ છેદન-ભેદન આદિ દુઃખો પરાધીનપણે સહન કરે તેથી કર્મની નિર્જરા થતી જાય અને છે ત્યાંથી આગળ વધવા લાયક બને. તો આમ અનંત કર્મ ભોગવે અને અનંતની નિર્જરા કરે. આ જ છે તેના વિકાસનું સાધન. સહુ જીવોને જ્યાં ઉપર ચડવું છે ત્યાં સાધન તો જોઈએ જ. નીચે ઉતરવા માટે તો કદાચ ભૂસકો મારીને પણ માણસ નીચે આવી જાય. તેમાં બહુ શ્રમ ન કરવો પડે. પણ ઉપર ચડવા માટે તો મજબૂત આધાર જોઇએ. આ જીવો પણ નિર્જરાના બળેજ ઉપર ચડે છે.

જીવનનાં આટલાં અલ્પકાળમાં એ કેટલાં અને ક્યાં-ક્યાં કર્મો બાંધે એ પણ વિચારણીય છે. પ્રત્યેક જીવ સમયે-સમયે સાત કર્મ બાંધે જ

છે. આ જીવો પણ એ સાતેય કર્મો બાંધે. એનાં જીવનકાળનું માપ નીકળી તો ન શકે. પણ સ્થૂલ દષ્ટિથી વિચારીએ તો એક સેકન્ડમાં લગભગ ૨૨ થી ૨૩ ભવ કરે. હવે કર્મ ફિલોસોફીનો એક એવો નિયમ છે કે કોઈ પણ જીવ તેના બીજા જન્મનું આયુષ્ય બાંધ્યા પછી જ મરે. એ પહેલાં મરે નહીં. આ જીવોનું પણ એમ જ થાય, એટલે એ તેના જીવનના અતિ ટૂંકા કાળમાં બીજા જન્મનું આયુષ્ય બાંધે પછી મરે. તેથી તેણે આઠે ય કર્મ બાંધ્યાં, સમયની ગણતરીથી તો એનું આયુષ્ય અસંખ્ય સમયનું હોય.

આ વિષય બહુ જ સ્પષ્ટતાથી સમજવા જેવો છે. એક પ્રશ્ન હજુ થાય કે-નિગોદનો જીવ તેની કેટલી કેપેસિટિ ? એ કર્મ બાંધે શાનાથી? હા, બંધુઓ ! આપણે ત્યાં કર્મબંધનાં મુખ્ય પાંચ કારણો કહ્યાં, મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એ જીવમાં આ પાંચે ય કારણ મોજુદ છે. એ સમકિતી હોય નહીં. વ્રત-પ્રત્યાખ્યાન કરી શકતો ન હોય, પ્રમાદમાં તો પડયો છે. ક્રોધાદિ કષાયો પણ બધાં જ એનામાં અને યોગ માત્ર એક છે કાયાનો. તો કર્મ બંધનાં બધાં જ કારણો હાજર છે. હા, એ વાત ખરી કે તેનો વિકાસ બહુ જ અલ્પ છે તેથી આ બધાં કારણો પણ એટલા પ્રબળ ન હોય. આવા કારણોથી આપણે જેટલાં ને જેવાં નિકાચિત કર્મો બાંધી શકીએ એવાં એ ન બાંધી શકે છતાં કારણો પડયા છે વળી રાગ દ્વેષ-પણ અવ્યક્ત રૂપે છે તેથી કર્મો બાંધી શકવાની યોગ્યતાવાળો એ જીવ છે.

બંધુઓ ! આ તો માત્ર નિગોદના જીવોની વાત કરી પણ એ સિવાય ચારે ય ગતિમાં રહેલા જીવો કર્મો સાથેની આ રમત રમ્યા જ કરે છે. તેમાંથી ઊંચા આવતા જ નથી, કહેવાનું એ હતું કે જીવે અનેક જન્મ ધારણ કર્યા તેમાં એ કોઈ પ્રગતિ કરી શકયો કે નહી ! પોતાની ફરજોને બજાવી શકયો કે નહીં ! સામાજિક દષ્ટિએ સેવા આપી શકયો કે નહીં ! આધ્યાત્મિક દષ્ટિ એ આત્મ-વિકાસ સાધી શકયો કે નહીં ! આ બધું કર્યું કે ન કર્યું પણ જન્મ અને મરણ તો કર્યાં જ છે. ક્યારેય રોકાયો નથી.

તેમાંથી છૂટવા માટે, જન્મ-મરણના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવા માટે જ આપણા અનંત કરુણા-નિધાન પ્રભુએ માર્ગ બતાવ્યો છે. આધ્યાત્મિકતાનાં અતિ ગહન તત્ત્વોને આપણી સામે મૂક્યાં છે. તેઓ પ્રકાશે છે કે આત્મા અમર છે એને જન્મ-મરણ નથી એ સમજો, એને શ્રદ્ધો, એને આરાધો અને જન્મ-મરણની સાંકળને તોડી નાખો અને આત્મા સદા-સર્વદાને માટે અમર થઈ જશે.

આ તથ્યને સમજાવવા માટે જ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં છ પદોની ચર્ચા કરી છે. બધાં જ પદો અતિ મહત્વપૂર્ણ છે. તેમાં આત્માની નિત્યતાની સિદ્ધિ કરી, આપણા પરમાત્મભાવને પ્રગટ કરવાની પ્રેરણા આપે છે. જો આત્મા નિત્ય છે તો જ તેનું પરમાત્મત્વ પ્રગટ થઈ શકે. કારણ એકવાર આત્મા-પરમાત્મા બની ગયો, પછી એ અનંત કાળ સુધી એ જ સ્વરૂપમાં રહે છે. આનંદઘનજી મહારાજે ગાયું છે કે—

**રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે**
**ભાંગે સાદિ અનંત**
**ઋષભ જીનેશ્વર પ્રીતમ માહરો રે....**

સાહિબ અર્થાત્ આત્મામાં રહેલ પરમાત્મ શક્તિ, એકવાર જીવ એ શક્તિને રીઝવી પોતાની કરી લે તો પછી અનંતકાળ સુધી એ આત્માની જ થઈને રહે. એ સંગ ન છોડે. આવી અમાપ તાકાત છે આ નિત્ય આત્મામાં. જો એક વાર એ સર્વથા સ્વભાવે પરિણમવા માંડે તો પછી કદી વિભાવ તેને સ્પર્શી શકે નહીં. જન્મ-મરણના ફેરા સમાપ્ત થઈ જાય.

શિષ્યની શંકાનું નિરાકરણ થઇ ગયું છે. આત્મા નિત્ય છે એ શ્રદ્ધામાં બેસવા માંડયું છે. સંતોષનું સ્મિત તેના ચહેરા પર ફરકી રહ્યું છે. ત્યારે ગુરુદેવ જડ અને ચેતનના અંતિમ પરિણમન વિષે પ્રશ્ન ઉપસ્થિત કરે છે. તેઓ શિષ્યને પૂછે છે—

**કયારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;**
**ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ....૭૦....**

વિશ્વનો એક 'સનાતન સિદ્ધાંત છે કે જે વસ્તુ છે તેનો કદી નાશ થતો નથી અને જે નથી તેની કદી ઉત્પતિ થતી નથી. ઉત્પત્તિ અને વિનાશ દેખાય છે તે માત્ર તે-તે પદાર્થની અવસ્થાઓનો. પદાર્થમાં એક અવસ્થા ઉભી થાય છે અને સમયનું નિમિત્ત પામી તે અવસ્થાનું રૂપાંતર થાય છે. જેમકે માટીનો ઘડો.

ઘડો એ કોઈ પોતામાં સ્વતંત્ર પદાર્થ નથી. કાલે કાંઇ જ ન હતું અને આજે ઘડો ઉત્પન્ન થઈ ગયો તેમ નથી થયું. ઘડો બનવા પહેલાં માટી હતી. માટીને કોઇએ બનાવી નથી પણ તે પરમાણુરૂપે છે જ. માટીના પિંડમાંથી ઘડો બન્યો. અર્થાત્ પરમાણુઓની માટીરૂપ પર્યાય હતી તે ઘડારૂપ થઇ. એ જ ઘડો ફૂટી જાય ત્યારે તેના ઠીકરા થઇ જાય. તેમાંથી ભૂકો થઇ જાય. તેમાંથી પણ બારીક પાવડર થઇ જાય. અંતે વાતાવરણમાં ફેલાઈ જાય. ઘડાના નાશની જુદી-જુદી અવસ્થાઓ થયા પછી છેલ્લે એ પરમાણુરૂપે તો રહી જ જાય. પરમાણુઓનો નાશ થાય નહીં. પુદ્ગલોના મોટામાં મોટા સ્કંધોનું નાશરૂપ અંતિમ પરિણમન એટલે જ પરમાણુ. પરમાણુઓ પછી કોઇ આગળ અવસ્થા નથી. પરમાણુઓનો નાશ ન થાય, તેમ તેની ઉત્પત્તિ પણ થાય નહીં.

દુનિયાની કોઇપણ શક્તિ પરમાણુને ઉત્પન્ન ન કરી શકે કે નાશ પણ ન કરી શકે. વળી જડ શક્તિ પરમાણુને જોઇ પણ ન શકે. બંધુઓ! તમે જાણતા હશો કે વિજ્ઞાને ચેલેન્જ કરી હતી કે ધર્મશાસ્ત્રો જે પરમાણુને *નથી જોઈ શકયા તે અમે Microscope વડે જોઈ લીધો.* તેથી શાસ્ત્રો જુઠાં છે. પણ વિજ્ઞાને શોધેલો પરમાણુ તૂટી ગયો તેનાં ભાગ થઈ ગયા. પરમાણુ તે એનું જ નામ કે જેના બે ટૂકડા થઇ શકે નહીં. એ પુદ્ગલનો અંતિમ હિસ્સો છે. વિજ્ઞાને જે જોયો હતો એ તો અનેક પરમાણુઓ *મળીને બનેલા સ્કંધને જોયો હતો, પરમાણુને નહીં.*

વૈજ્ઞાનિકોની લેબોરેટરીમાં ઘણાં શક્તિશાળી સાધનો હોવા પછી પણ એ બધાં જ સાધનો જડ. જડની શક્તિ સિમિત હોય અને ચેતનની અસીમ. તેથી જ આપણાં કેવળજ્ઞાની ભગવંતોએ પુદ્ગલનાં અંતિમ

ભાગ રૂપ અણુને જોઈ લીધો ! વિચાર તો કરો બંધુઓ ! કેવળી પરમાત્માની શક્તિ કેવી જબરદસ્ત હશે કે જે વસ્તુને જોવા–જાણવા માટે વિજ્ઞાન કરોડો નહીં અરબો રૂપિયાનું પાણી કરે છે. આખી ને આખી જીંદગી ખર્ચી નાખે છે. સર્વસ્વનો ભોગ આપે છે છતાં નથી જોઇ શકાતી. તે વસ્તુને, અરે ! માત્ર વસ્તુ જ નહીં, વસ્તુનાં ગુણ અને તેમાં થતી સમય–સમયની પર્યાયોને સમય માત્રમાં જોઇ લે ! કેવળજ્ઞાનમાં એક સાથે આખું વિશ્વતંત્ર એક સમયમાં ઝળકે ! તે કેવળી પરમાત્માની લેબોરેટરી કેવડી ? પ્રયોગો કેવા ! શક્તિ કેટલી ?

બંધુઓ ! અનંતના આરાધક આત્માઓ અનંતને પામી ગયા. કેવળીએ પ્રગટ કરેલી બધી જ શક્તિઓ અનંત ! જ્ઞાન અનંત, દર્શન અનંત, વીર્ય અનંત અને સુખ અનંત ! અનંતને પામવાવાળા જ અનંત દ્રવ્યોને જાણી શકે. અરે ! દ્રવ્યની અનંતતાને જાણી શકે ! દ્રવ્યની અનંત શક્તિઓને માપી શકે !

કેવળી પરમાત્માએ જોયેલા પરમાણુને સીમિત વૈજ્ઞાનિક શક્તિઓ શું માપી શકે ? તેથી જ કેવળી પરમાત્માએ કહ્યું કે પરમાણુ કોઇથી ઉત્પન્ન નથી થતો અને નાશ પણ પામતો નથી. દેખાતા વિનાશકારી પદાર્થો એ બધાં જ પરમાણુઓનાં સ્કંધો છે. સ્કંધો તૂટે છે, નાશ પામે છે અને તેની અંતિમ અવસ્થારૂપ પરમાણુરૂપે અનાદિકાળથી આ વિશ્વમાં રહ્યાં છે અને અનંતકાળ સુધી રહેશે.

ગુરુદેવ શિષ્યને કહી રહ્યા છે. હે વત્સ ! જડનું સૂક્ષ્મતમ સ્વરૂપ મેં તને બતાવ્યું. હવે હું તને પૂછું છું કે તારી માન્યતા મુજબ જો ચેતન–આત્માનો નાશ થતો હોય તો તેનું અંતિમ પરિણામ શું ? તે તું મને બતાવ !

શિષ્ય વિચારમાં પડયો. ગુરુદેવનાં પ્રશ્નનો શો જવાબ હોઈ શકે ! તેને ગણધર ગૌતમે, પ્રભુ વીરને પૂછેલો પ્રશ્ન યાદ આવ્યો. ગૌતમે પ્રભુને પૂછયું હતું કે–આ જીવની ઉત્પત્તિ કયારે થઈ ? શેમાંથી થઈ ?

કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકર મહાવીરે ભૂતકાળના એક પછી એક પડ ઉખેળવા માંડયા. અનંતકાળ સુધી પાછળ દૃષ્ટિ કરી પણ શેમાંથી ય જીવ ઉત્પન્ન થયો દેખાયો નહીં. આત્માનું સ્વતઃ અને સહજ હોવાપણું જ એમના જ્ઞાનમાં દેખાયું. શ્રી પ્રભુએ ગૌતમને ફરમાવ્યું : ગૌતમ મારા જ્ઞાનમાં જીવની ઉત્પત્તિ દેખાતી જ નથી ! માટે તે અનાદિ છે ! જેની આદિ નથી તે અનાદિ ! અને જેનો અંત નથી તે અનંત.

સાથે જ ગૌતમનો બીજો પ્રશ્ન હતો, પ્રભુ ? તો જીવનો અંત ક્યારે ? અને અનંતજ્ઞાન સંપન્ન વિભુએ ભવિષ્યકાળનાં પરદાઓને વિંધીને પોતાની દિવ્ય દૃષ્ટિ દૂર–સુદૂર અનંત ભવિષ્ય સુધી દોડાવી. પણ જીવનાં અનેક જન્મ–મરણ જોયા પછી, સ્વાભાવિક પરિણતિમાં પરિણમતો ભવ્ય જીવ જોયો, અંતે મુક્ત થતો જોયો અને મુક્ત થયા પછી અનંતકાળ સુધી એ જ પરમોચ્ચ અવસ્થામાં વિરાજતો જોયો અને પ્રભુનો ધીર–ગંભીર ઘોષ ગૌતમે સાંભળ્યો. ગોયમા ! જીવ અન્–અંત છે ! તેનો કદી નાશ થતો નથી.

આમ જીવ અનાદિ અનંત ! શિષ્યનાં સ્મરણપટ પરથી આ આખું ય ચિત્ર પસાર થયું. શિષ્ય સ્તબ્ધ થઈ ગયો. ગુરુદેવનાં પ્રશ્નનો ઉત્તર તેની પાસે નથી. તેથી નત–મસ્તકે, ગુરુચરણમાં, વિનયાનવત થઈ ઢળી પડયો.

ગુરુદેવનું અંતઃકરણ પ્રસન્ન થઈ ઉઠયું. શિષ્યની શ્રદ્ધામાં ચેતનનું નિત્યત્વ કોતરાઈ ગયું. સ્વાભાવિક નિત્યતાને વધુ દૃઢ કરવા એક સાધક કવિ કહે છે.—

અગ્નિ કાષ્ઠ–આકારે રહે પણ, થાય ન કાષ્ઠ એ વાત નક્કી...હાં.
શાકે લૂણ દેખાય નહીં પણ, અનુભવાય તે સ્વાદ થકી...હું...
શરીરાકાર રહી શરીર ન થાઉં, લવણ જેમ જણાઉં સહી...હાં...
રત્નદીપ જેમ સ્વ–પર પ્રકાશક, સ્વયં–જ્યોતિ છું પ્રગટ અહીં...હું...
અગ્નિ જેમ ઉપયોગ ચીપીએ, પકડાઉં કોઈ સજ્જ નથી...હાં...
પ્રયોગથી વિજળી માખણ જેમ, સહજાનંદ ઘન અનુભવથી...હું...

અરણીના લાકડામાં રહેલ અગ્નિ, વર્ષો સુધી લાકડામાં રહે, પણ તે શક્તિ મટી લાકડું ન બની જાય. આખાયે લાકડાના અણુ–અણુમાં

વ્યાપ્ત થઇને રહેલ હોય તેને લાકડાથી જુદો પાડવા માગો તો, ન પડી શકે. એ શક્તિ રૂપે એમાં હોય જ, છતાં કાષ્ઠનાં આકારનો ન થઇ જાય. કાષ્ઠના ગુણ–ધર્મોને ન સ્વીકારી લે. વળી શાકમાં નાંખેલું મીઠું દેખાતું નથી. એ સિવાયનાં હળદર, મરચું, ધાણાજીરૂં, તેલ વગેરે પદાર્થો જોઇ શકાય. પણ મીઠું છે કે નહીં તે જોવા માટે શાક ચાખવું પડે. સ્વાદથી જ ખબર પડે. આંખે ન દેખાતું મીઠું શાકમાં છે તે સ્વાદના અનુભવથી જાણી શકાય છે.

એ જ રીતે આત્મા કહે છે. હું અનાદિથી શરીર સાથે રહું છું. જેવા આકારનું શરીર હોય તેવા આકારમાં રહું. હાથીના શરીરમાં હોઉં તો એવો આકાર અને કંથવાના શરીરમાં હોઉં તો એવો આકાર. જેટલા શરીર બદલાય એટલા આકાર બદલાય, પણ તેથી હું શરીર બની જાઉં નહીં. આજ સુધી શરીરરૂપ બન્યો નથી અને કદીયે બનીશ નહીં.

વળી શાકમાં મીઠું દેખાય નહીં છતાં સ્વાદથી અનુભવાય છે, તેમ હું શરીરમાં છું તે આંખથી દેખાઉં નહીં, અન્ય ઇન્દ્રિયોથી જણાઉં નહીં, પણ હું સ્વ–પર પ્રકાશક છું. મને જોવા બીજા કોઈ પ્રકાશની જરૂર નહીં. રત્નને જોવા કે દીપકને જોવા બીજા પ્રકાશની જરૂર નથી, તેમ હું સ્વયં–જ્યોતિ સ્વરૂપ છું. આવા મારા પ્રગટ ચૈતન્ય લક્ષણથી જ મને જાણી શકાય. મને પકડવાની–જાણવાની પણ પદ્ધતિ છે. એમ ને એમ ના પકડાઉં.

જેવી રીતે કોલસાના અંગારા હાથમાં નથી લેવાતા પણ તેને પકડવા ચીપિયાની જરૂર પડે છે. તેમ 'હું' પણ આત્માના જ્ઞાનોપયોગ વડે જ પકડમાં આવું છું અને તે પણ કોઈ 'સજ્જન' પુરુષ જ પકડી શકે. સત્ + જન = સજ્જન. જે મનુષ્યને સત્‌ને જાણવાની પ્રબળ તાલાવેલી લાગી છે તે જ સજ્જન. એવા સજ્જન પુરુષનો ઉપયોગ જ જાગૃત હોય તેથી તે જ મને પકડી શકે.

પાણીમાં રહેલ વીજળી અને દૂધમાં રહેલ માખણ, પ્રયોગ દ્વારા જ મેળવી શકાય છે. મહેનત ન થાય તો તત્ત્વ હાથમાં આવે નહીં. પાણી-

માંથી વિજળી મેળવવા કેટલા મોટા અને કેટલી સંખ્યામાં મશીનો ! કેટલો સમય, શક્તિ અને સંપત્તિનો ખર્ચ ! એ બધું યોગ્ય રીતે કરવામાં આવે તો જ પાણીમાંથી વિજળી મળી શકે, અન્યથા કરોડો વર્ષો સુધી પાણી એમ જ પડયું રહે. કંઇ જ ન પામી શકાય. દૂધમાંથી માખણ મેળવવા માટે પણ એટલો જ પુરુષાર્થ, તો જ મળે ! એ જ રીતે દેહમાં રહેલા આત્માને પણ પામી શકાય છે. સહજ આનંદના પિંડ રૂપ આત્માને અનુભવ પ્રયોગ દ્વારા જ પામી શકાય.

આમ મહાપુરુષો સમજાવે છે તે આત્મા અનુભવગમ્ય છે. ઇન્દ્રિય કે મનની પકડમાં આવે નહીં એવો ઈન્દ્રિયાતીત પદાર્થ છે. ગુરુદેવે આપેલ સર્વ સમાધાનો શિષ્યને રુચ્યાં, તેના પર શ્રદ્ધા થઈ અને તેને આત્મસાત્ કર્યાં તેથી શિષ્યનાં મુખેથી ઉદ્ગાર સરે છે.

**બીજું પદ તે મારો આત્મા અવિનાશી છે**
**ધ્રૂવ ને શાશ્વત સ્વરૂપ...૨**
**દેહ-દેહીની અભેદ ભિન્નતા...(૨)**
**મ્યાનમાં સમશેર રૂપ....મારી...**

આત્માની નિત્યતાને શ્રદ્ધતો શિષ્ય આગળ શું શંકા કરે છે તે અવસરે....

## ......તેથી જીવ અબંધ !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કર્મ-કલંકનો નાશ કરનારી છે. વિશુદ્ધ આત્માને કર્મ, એ કલંક છે. અને કર્મ છે ત્યાં જ સંસાર છે. કર્મનો નાશ થતાં સંસારનો નાશ થઇ જાય છે.

જિજ્ઞાસુ શિષ્યના અંતરમાં ઉદ્ભવેલી બે શંકાઓનું સમાધાન થઈ ચૂક્યું છે. 'આત્મા છે અને તે નિત્ય છે.' આ શ્રદ્ધા અંતઃકરણમાં ઊંડી ઉતરી ગઇ છે. વિચારક શિષ્ય આ બંને પદો પર વધુ વિચારણા કરે છે. દ્રવ્યાત્મક અને પર્યાયાત્મક દૃષ્ટિની વિચારણા એના મનમાં બીજી શંકાઓ જન્માવે છે.

દ્રવ્યથી આત્મા નિત્ય છે છતાં વિવિધ પર્યાયોરૂપ પરિણમે છે. જે જગતના સર્વ જીવોને જોતાં પ્રતિભાસે છે. વળી સર્વ જીવોમાં વિભિન્નતાનો પાર નથી. આ વિભિન્નતાનું કંઇક મજબૂત કારણ હોવું જ જોઇએ. કારણ વિના કોઈ કાર્ય સંભવી શકે જ નહીં. આવો વિચાર કરતાં શિષ્યના મનમાં એ સત્ય જાગૃત થયું કે જીવોની ભિન્ન-ભિન્ન પર્યાયોનું કારણ કર્મ જ હોવું જોઇએ.

જો કારણમાં કર્મ હોય તો કર્મ કોણ કરે ? શું આત્મા જ કર્મ કરતો હશે ? કે કોઈ અન્ય ? આ શંકામાં નિમિત્તભૂત છે સાંખ્યાદિ દર્શન. કારણ સાંખ્ય દર્શન, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ ભૂત, પાંચ તન્માત્રા, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચોવીશ તત્ત્વો અને પચ્ચીશમાં પુરુષને તત્ત્વરૂપ માને છે. તેમાં પુરુષ અર્થાત્ આત્માને

અકર્તા અને અભોક્તા માને છે. તેથી શિષ્યને એ શંકા છે કે આત્મા કર્મનો કર્તા હોય કે નહીં ? તે વિષે વિચારતાં જે-જે પ્રશ્નો ઉઠ્યા તે ગુરુદેવની સમક્ષ રાખે છે.

**કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ,**
**અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ**....૭૧....

હે ગુરુદેવ ! જીવ કર્મનો કર્તા હોય એમ જણાતું નથી. પણ કર્મ જ કર્મનો કર્તા હોય. જીવ પર કર્મો સત્તામાં પડયાં છે તે કર્મો જ પોતાની પરિસ્પંદના વડે બીજા કર્મોને ખેંચતા હોય. માટે કર્મથી, કર્મ સાથે કર્મ બંધાય. કારણ આત્મા ચૈતન્ય છે અને કર્મ જડ છે, વળી કર્મ જેનાથી થાય છે તે મન-વચન કાયાના યોગ પણ જડ છે. જડ દ્વારા થયેલી પ્રવૃત્તિ જડ કર્મોને ગ્રહણ કરે છે. તો જડ કર્મો, જડ સાથે જ બંધાય. જડ-ચેતન સાથે કઇ રીતે બંધાય ? એક દોરી વડે કોઇ પણ વસ્તુને બાંધો, તો દોરીની ગાંઠ દોરી સાથે જ પડે, એ વસ્તુ સાથે ન પડે. કૂતરાનાં ગળામાં સાંકળ નાખો તો સાંકળનું ગઠબંધન સાંકળ સાથે થાય કૂતરાનાં ગળા સાથે ન થાય. એ જ રીતે જડ કર્મો, ચેતન આત્મા સાથે ન બંધાય પણ જડ કર્મો સાથે જ બંધાય.

વળી આત્મા અરૂપી અને જ્ઞાનીની દૃષ્ટિએ કર્મરૂપી. તો અરૂપી સાથે રૂપીનું બંધન ન થાય. રૂપીથી રૂપી બંધાય. કર્મો સાથે જ કર્મો બંધાય એ તર્ક યુક્તિયુક્ત લાગે છે.

જો આમ નથી, તો કર્મનું આત્મામાં આવવું એની મેળે થયા કરે છે. કર્મનો એ સ્વભાવ હોવો જોઈએ કે અનાયાસે, આત્માનાં કોઈપણ પ્રકારનાં પ્રયત્ન વિના જ આત્મામાં આવ્યા કરે. પણ આમ માનતા, આત્માનું કર્તૃત્વ સિદ્ધ થતું નથી. એમ પણ નહીં તો જીવનો જ સ્વભાવ હશે કે એ કર્મ કર્યા જ કરે. પણ આ વાત માનવા જતાં જીવનાં મોક્ષની સંભાવના નથી લાગતી. કારણ સ્વભાવ તે એનું નામ જે દ્રવ્યથી કદી અલગ ન થાય. તેથી જીવ હંમેશાં કર્મ કર્યા જ કરે તો મુક્તિ થઈ શકે નહીં.

જો આ બધા વિકલ્પો યોગ્ય ન હોય તો—

**આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ**
**અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ...૭૨....**

આત્મા અસંગ સ્વભાવી છે. શુદ્ધ–બુદ્ધ–નિર્મળ છે. રાગ–દ્વેષ તે તેનો સ્વભાવ નથી. આવો શુદ્ધ સ્વરૂપી આત્મા કર્મ કઈ રીતે કરે? માટે સત્વ, રજસ્ અને તમસ્ આવી ત્રિગુણાત્મક પ્રકૃતિ છે તે જ કર્મ કર્યા કરતી હોય, તેમાં આત્માને કંઇ લેવા દેવા નહીં. તેથી બંધ તો પ્રકૃતિને થયો, આત્મા અબંધ છે.

આ માન્યતા પણ સાંખ્ય વેદાંત દર્શનોની છે. શિષ્ય એ માન્યતાના આધારે જ આવી શંકા ઉઠાવે છે. તથા યોગ–નૈયાયિક દર્શનવાદીઓ આત્માના અસ્તિત્વને સ્વીકારતા હોવા છતાં સૃષ્ટિકર્તા રૂપ ઇશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે. તેથી જગતમાં જે કંઈ થઇ રહ્યું છે તે ઇશ્વરની પ્રેરણાથી જ થઈ રહ્યું છે. તેમાં જીવ જે કર્મ કરે છે તે પણ ઇશ્વરની પ્રેરણાથી જ કરે છે. આવી માન્યતા પણ છે. આ વાત શિષ્યના મનમાં બેઠી છે તેથી એ કહે છે, કે જીવ કશુંય કરતો નથી પણ ઇશ્વર તેની પાસે કરાવે છે. તેથી આત્મા તો અબંધ જ ઠરે છે. કોઈપણ તર્ક વડે આત્મા કર્મનો કર્તા સાબિત થતો નથી અને એમ જ હોય તો મોક્ષ ઉપાયનો પણ કોઈ હેતુ નથી—

**માટે મોક્ષ ઉપાયનો, કોઇ ન હેતુ જણાય;**
**કર્મતણું કર્તાપણું, કાં નહીં, કાં નહી જાય....૭૩....**

શિષ્ય કહે છે ગુરુદેવ! ઘણું વિચાર્યા પછી એમ લાગે છે કે (૧) કાંતો જીવ કર્મનો કર્તા નથી અથવા (૨) કર્મનો કર્તા છે તો એ કર્તાપણું તેનું કાયમનું છે.

પ્રથમ વિકલ્પ વિચારતાં કર્મનું કર્તાપણું જીવમાં ઘટિત ન થતાં અન્ય–અન્યમાં ઘટે છે. ૧, કર્મ–કર્મનો કર્તા છે. ૨, કર્મનો સહજ સ્વભાવ છે કે તે આત્મા પર આવ્યા કરે છે. ૩, પ્રકૃતિ જ કર્મ બંધ કરે છે અને ૪, ઇશ્વર પ્રેરિત કર્મ બંધાય છે.

આ ચારેય કારણોને જોતાં એમ લાગે છે કે જો જીવ કર્મ કરતો નથી, તે અકર્તા છે. તો તે બંધાયેલો પણ નથી. જે બંધાયેલો છે તેને મુક્ત થવાની ઇચ્છા હોય. પણ બંધન નથી તેને મુક્તિ પણ શાની? તેથી તે મોક્ષનો પુરુષાર્થ શા માટે કરે? વળી જે કંઈ કરી શકતો જ ન હોય તે મોક્ષનો પુરુષાર્થ પણ કેમ કરી શકે? તેનામાં કંઈ પણ કરવાનું સામર્થ્ય જ નથી.

બીજો વિકલ્પ આત્મા કર્મનો કર્તા છે. તો તે તેનો સ્વભાવ ઠરે છે. જે સ્વભાવ છે તે જીવથી જુદો ન પડે. તો કર્મનું કરવાપણું જીવમાં હંમેશાં રહે જ, તે જીવથી દૂર ન થાય અને એમ જ છે તો પણ જીવનો મોક્ષ ન સંભવે.

માટે હે ગુરુદેવ! આપ મોક્ષના પુરુષાર્થની પ્રેરણા આપો છો તે પણ વ્યર્થ ઠરે છે. મારા મનની આ બધી જ શંકાઓ મને મુંઝવી રહી છે માટે આપ કૃપા કરી મને સમાધાન આપો.

અહીં શિષ્યોના પ્રશ્નોથી, એની તત્ત્વ વિચારણાથી એ સ્પષ્ટ પ્રતિત થાય છે કે શિષ્ય દર્શનનો અભ્યાસી છે. પણ દાર્શનિકોની પરસ્પર વિરોધી માન્યતાઓથી તે મુંઝાઇ ગયો છે. ગુરુદેવ તત્ત્વાનુભવી છે. ધર્મનાં ઊંડાં રહસ્યોના જાણકાર છે. તેઓ સમજે છે કે દર્શનની ચરમ પરિણતિ ધર્મ છે. જ્યાં દર્શન વિરોધી મતોના કારણે અસમંજસ ઉભી કરે છે ત્યાં ધર્મ પરસ્પર સામંજસ્ય સ્થાપી તત્ત્વનાં રહસ્યો સરલતાપૂર્વક સમજાવે છે, એટલે જ ધર્મમય તત્ત્વને જાણવા માટે શિષ્ય ગુરુદેવને વિનવી રહ્યો છે.

શિષ્યની વિનંતિનો સ્વીકાર કરી ગુરુદેવ શું ફરમાવશે તે અવસરે.

---

# હોય ન ચેતન પ્રેરણા...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરનાર જીવ ક્રમશઃ અકર્તા ભાવને પ્રાપ્ત થતો જાય છે. આત્મ-વિશુદ્ધિ વધતી જાય, તેમ-તેમ વધતી આત્મસ્થિરતા નિષ્કામતામાં પરિણમે અને કર્મબંધ ઓછા થાય. જીવના સત્ પુરુષાર્થ વડે જ આ સાધી શકાય છે. જીવ વિરાધક માર્ગે પુરુષાર્થ કરે તો કર્મોના થોક વધતા જાય પણ આરાધક માર્ગમાં પુરુષાર્થી બને તો કર્મનો નાશ થવા સાથે નવા કર્મબંધ પણ ઓછા થાય.

જિજ્ઞાસુ શિષ્યના મનમાં એ જ શંકા છે કે શું કર્મબંધનો પુરુષાર્થ જીવ વડે જ થાય છે કે અન્ય કોઈ કારણ છે? અર્થાત્ જીવ કર્મનો કર્તા છે કે નહી? આ પ્રશ્ન ગુરુદેવ સમક્ષ રાખ્યો છે. ગુરુદેવ ઉત્તર આપે તે પહેલાં આપણે આ વિષયમાં થોડો વિચાર કરીએ – જીવના કર્તાપણા વિષે જુદી-જુદી દૃષ્ટિથી વિચારવું આવશ્યક છે. જૈન પરંપરાનો સ્યાદ્વાદ સિદ્ધાંત નયાત્મક છે. પ્રત્યેક વસ્તુને જુદા-જુદા નયોથી અભ્યાસીને જ નિર્ણય આપે છે. તેમાં મુખ્ય નય બે, વ્યવહાર નય અને નિશ્ચય નય. વળી તેના વિવિધ પ્રકાર. વ્યવહાર નયથી બે પ્રકારે વિચારાય.

૧, વ્યવહાર નયે આત્મા, જડ કર્મનો કર્તા છે. કર્મ સહિત આત્મા રાગ-દ્વેષ કરે છે. કર્મના ઉદયે જીવને રાગ પણ થાય અને દ્વેષ પણ થાય. રાગ-દ્વેષમાં જીવ ભળી જઇ પોતે રાગરૂપે પરિણમવા માંડે. તેથી આત્મ-પ્રદેશમાં સ્પંદન થાય અને એ સ્પંદન, શરીરે તેલ લગાવેલ માણસ ધૂળની રજને ગ્રહણ કરી લે છે તેમ – વાતાવરણમાં રહેલ કર્મ

યોગ્ય પરમાણુઓને ગ્રહણ કરે છે, અને તે આત્મા સાથે ક્ષીર-નીરની જેમ બંધાઇ જાય છે. આમ એ જડ કર્મનો કર્તા થયો.

૨, વ્યવહાર નયે આત્મા ગ્રામ, નગર, ઘટ-પટ આદિ પદાર્થોનો કર્તા છે. વ્યવહારમાં જેટલા પદાર્થો બને છે તે કોઇકના, દ્વારા બનતા આપણે જોઇએ છીએ. વળી એ જાતનો શબ્દ પ્રયોગ પણ થાય છે કે આ ઘડો કુંભારે બનાવ્યો. આ મકાન કડિયાઓએ બનાવ્યું. આ કામ મેં કર્યું, એમ ઉપચારથી, આમ જ વ્યવહાર થાય છે. વાસ્તવમાં જોઈએ તો જે કાર્ય જે પરમાણુઓથી બન્યું તે પરમાણુઓ તે – તે રૂપે પરિણમવાની યોગ્યતાવાળા હતા અને વ્યક્તિનું નિમિત્ત પામીને પરિણમ્યા. જેમકે માટીનો ઘડો બન્યો. માટીમાં ઘડો બનવાની યોગ્યતા હતી અને કુંભાર તેનું નિમિત્ત બન્યો અને વ્યવહારથી એમ જ કહેવાય કે ઘડો કુંભારે બનાવ્યો. તો વ્યવહારનયે આત્મા પદાર્થોનો કર્તા છે.

૩, અશુદ્ધ નિશ્ચયનયે આત્મા ચેતન કર્મોનો કર્તા છે. વાસ્તવમાં કર્મો તો જડ છે. પણ જડ કર્મોનું નિમિત્ત પામી આત્મામાં રાગાદિ ભાવો થાય છે, આત્મા તે ભાવોને કરે છે. તેથી રાગાદિને ચેતન કર્મ કહ્યાં. આ રાગાદિ એ જીવનો પોતાનો સ્વભાવ નથી, પણ જીવનો વિકાર છે. તેથી અશુદ્ધ નિશ્ચયનયે આત્મા રાગાદિનો કર્તા છે.

૪, શુદ્ધ નિશ્ચયનયે આત્મા નિજ સ્વભાવરૂપ અનંત જ્ઞાનાદિનો કર્તા છે. અનંતજ્ઞાન આત્માનો ગુણ છે. ગુણમાં પર્યાયો થયા કરે છે. જીવ જ્ઞાનની પર્યાયોને કરે છે તેથી શુદ્ધ નિશ્ચયનયે એ જ્ઞાનાદિનો કર્તા છે.

૫, પરમ શુદ્ધ નિશ્ચયનયે આત્મા અકર્તા છે. આત્મા તેના સહજ સ્વરૂપમાં અખંડ અને અવિકારી છે. સ્વભાવ છે તે ત્રિકાળી સત્ય છે. તેને કરવો પડે નહીં. પાણીમાં રહેલી શીતળતા પાણીમાં હોય જ. શીતળતા માટે પાણીને કંઈ કરવું પડતું નથી. તેમ આત્મામાં રહેલ ત્રિકાળી સ્વભાવ પરમ પારિણામિક ભાવ છે તે માટે તેને કંઈ કરવાપણું નથી. તેથી પરમ શુદ્ધ નિશ્ચયનયે આત્મા અકર્તા છે.

આ રીતે જીવ સાથે કર્તાપણું કેટલીક દૃષ્ટિથી ઘટી શકે છે અને કેટલીક દૃષ્ટિથી જીવ અકર્તા છે. સ્યાદ્વાદ સિદ્ધાંત જીવને કર્તા અને અકર્તા બંને માને છે. નાટક સમયસારમાં બનારસીદાસ આ તત્ત્વ સમજાવે છે–

**ગ્યાન સરૂપી આતમા**
**કરે ગ્યાન નહિ ઔર**
**દરબ કરમ ચેતન કરૈ,**
**યહ વિવહારી દૌર......**

જ્ઞાન સ્વરૂપી આત્મા જ્ઞાન સિવાય બીજું કંઈ કરતો નથી પણ જે એમ કહેવાય છે કે દ્રવ્યકર્મ ચેતન કરે છે તે વ્યવહાર નયથી છે. બનારસીદાસ પણ નિશ્ચયથી આત્માને જ્ઞાનનો કર્તા કહે છે અને વ્યવહારથી કર્મનો કર્તા કહે છે.

આ બધી જ માન્યતાઓને લક્ષ્યમાં રાખી ગુરુદેવ પોતા તરફથી શિષ્યને સમાધાન આપે છે.

**હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?**
**જડ સ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ...૭૪...**

શિષ્યે શંકા કરતાં કહ્યું હતું કે 'કર્તા જીવ ન કર્મ નો' તેના ઉત્તરમાં ગુરૂદેવ ફરમાવે છે કે અવકાશમાં રહેલ કર્મવર્ણનાં પુદ્ગલોને આત્મા તરફ ખેંચાઈને આવવામાં કોણ પ્રેરિત કરે છે ? આત્મામાં જ્યારે રાગ–દ્વેષનાં સ્પંદન થાય, આત્મા કંઈક ભાવ કરે ત્યારે એ ભાવોનાં તરંગો બહાર આવે છે, અને અવકાશમાં વિહરતાં કર્મવર્ગણાનાં પુદ્ગલોમાં ખળભળાટ પેદા કરે છે. તો તે બિચારા પોતાની સહજ સ્થિતિથી વાતાવરણમાં વિહરતાં હોય, બહારથી શરીરને સ્પર્શી–સ્પર્શીને ચાલ્યાં જતાં હોય, શરીર–મન કે આત્માને કંઇ અસર કરતાં ન હોય, પણ આત્માના રાગાદિભાવોના તરંગો શરીરથી બહાર આવી કર્મવર્ગણાનાં પુદ્ગલોને આત્મા સાથે જોડવા પ્રેરિત કરે છે. તેથી કર્મ પુદ્ગલો ખેંચાઇને આત્મા સાથે લાગી જાય છે. આત્માની પ્રેરણા વગર આ થતું નથી.

આત્મામાં પડેલાં કર્મો પણ જડ છે. એ આત્માને ઉદયમાં આવે પણ જીવ જો રાગાદિ ભાવો ન કરે તો માત્ર જડ કર્મોના ઉદયથી અન્ય કર્મો નો આશ્રવ થતો નથી. આત્મા પર પડેલ અનંત-અનંત કર્મો ગમે તેટલાં શકિતમાન હોય પણ તેના પોતામાં પ્રેરક શકિત નથી કે તે બહારનાં કર્મ પુદ્ગલોને પ્રેરિત કરે અને પોતા તરફ ખેંચે. આ દૃષ્ટિથી જીવ કર્મનો પ્રેરક ગણાયો પણ કર્તા નહીં.

જડ પદાર્થોમાં આ શકિત નથી. એ કોઇને પણ, કોઈ રીતે પ્રેરિત કરી શકે નહીં. તમારી પાસે શાસ્ત્રનો ઉત્તમ ગ્રન્થ છે. તે વર્ષો સુધી ઘરનાં કબાટમાં પડયો રહે પણ અંદરથી તમને સ્વાધ્યાય કરવાના ભાવ ન જાગે અને ગ્રન્થ હાથમાં ન લ્યો તો ગ્રંથ તમને પ્રેરણા આપે નહીં કે ભાઈ! મને લે અને વાંચ. એ જ રીતે તમને ક્રોધ આવ્યો છે પાસે લાકડી પડી છે, તો એ ઉછળીને તમારા શત્રુને વાગતી નથી પણ તમે હાથેથી ઉપાડી ને ફેંકો તો જ એ કાર્ય કરે છે. અરે! કોઈ માણસ, શસ્ત્રોનું ગોડાઉન ભર્યું છે તેમાં જઈ, કોઈ માણસનું ખૂન કરી નાખે તો એક પણ શસ્ત્ર, પોતાની જગ્યાએથી ઉપડી તેને સજા આપે નહીં. કાયદાનાં હજાર પુસ્તકો પડયાં છે, તેની વચ્ચે જઈ ભયંકર અપરાધ કરનારની સાક્ષી, એ પુસ્તકો બની શકતાં નથી. આમ જડ પદાર્થમાં કોઇને પ્રેરિત કરવાની શકિત નથી.

જો એમ હોત તો ઘટ-પટ આદિ પદાર્થોમાં પણ રાગાદિ આવત અને તે પણ કર્મ બાંધવા માંડત, પણ આપણે કદી કોઈ જડ પદાર્થમાં ક્રોધ થતો જોયો નથી કે નથી એવા બીજા કોઈ ભાવો જોયા.

આમ કર્મબંધ આત્માની પ્રેરણાશકિતથી જ થાય છે. એ શકિત જડમાં નથી. માટે જીવ કર્મનો કર્તા છે, અને સાથે બીજી વાત શિષ્યે કહી હતી કે 'કર્મ જ કર્તા કર્મ' એ પણ યોગ્ય ઠરતી નથી. ઉપર કહ્યું તેમ તેનામાં પ્રેરકશકિત નથી.

હવે શંકા કરનાર શિષ્યે ગાથાના ત્રીજા-ચોથા પદમાં જે કહ્યું હતું કે 'અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ.' આ બંને વિકલ્પોનું ગુરુદેવ નિરાકરણ કરે છે.

**જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;**
**તેથી સહજ સ્વભાવ નહીં, તેમજ નહીં જીવ ધર્મ....૭૫...**

કર્મ પોતાના સહજ સ્વભાવથી જ આત્મા સાથે બંધાય છે. એ વિકલ્પ કોઇપણ રીતે ઘટિત થતો નથી. પહેલાં કહ્યું તેમ આત્મા રાગાદિ ભાવો કરે તો જ કર્મ ખેંચાય છે. રાગાદિ ભાવરૂપ ભાવકર્મ આત્મા કરે છે અને કર્મ પુદ્ગલરૂપ દ્રવ્યકર્મો જ્ઞાનાવરણીયાદિરૂપે પરિણત થાય છે. ભાવકર્મ કારણ છે. અને દ્રવ્યકર્મો તેનું કાર્ય છે. કારણ વિના કાર્ય સંભવે નહીં. તેથી કર્મો અનાયાસે આત્માને વળગી શકે નહીં. જો ચેતન રાગાદિ ન કરે તો કર્મો થાય નહીં. જે જીવો મોક્ષે પધાર્યા તે જીવો પણ જયાં સુધી રાગાદિ ભાવો કરતાં હતાં ત્યાં સુધી કર્મોના બંધનથી બંધાયેલા હતા અને નવા કર્મો ઉપાર્જન કરતા જ હતાં પણ જયારથી ચેતનના રાગાદિ ભાવરૂપ પ્રેરણા બંધ થઈ કે કર્મો રોકાઈ ગયાં.

આપણા શાસ્ત્રોમાં એવા અનેક જીવોનાં દ્રષ્ટાંતો છે. મુનિ ગજસુકુમારને Instant મુકિત જોઈતી હતી અને તેઓએ પ્રભુ પાસે ભાવો પ્રગટ કર્યા. પ્રભુ લાંબા સમય સુધી પુરૂષાર્થ કરૂં અને પછી મુકિત મળે એવું મારે નથી જોઈતું પણ મને તો Instant મુકિત જોઇએ છે. પ્રભુએ ફરમાવ્યું:- 'જા સ્મશાનમાં જઈ, સર્વ પરભાવોને છોડી આત્મ-સ્વરૂપની રમણતામાં મગ્ન થઈ જા અને મુકિત લઇ લે.'

ગજસુકુમાર સ્મશાનમાં પધાર્યા. ચેતનાને પોતામાં જ વાળી દીધી, તેને મનાઈ કરી દીધી કે 'તારી પ્રેરણાશકિત ને સંકેલી લે અને કંઇ પણ થાય રાગાદિ નહીં કરવાના' બસ, ચેતન સમજી ગયો અને તેણે પોતાનો વ્યાપાર સંકેલી લીધો. પણ આત્મા પર પડેલાં કર્મો ચૂપ કેમ બેસે ! એમણે તો પોતાનો પ્રભાવ બતાડવા માંડયો. આત્મા-શરીર પર રાગ કરે અને નિમિત્ત પર દ્વેષ કરે, એવો ઉદય આવ્યો. પણ ચેતન પોતાનામાંથી એક તસુ ભાર ખસી શકે તેમ ન હતો. મનાઇ હુકમ હતો. અને તેણે ઉદય ને ગણકાર્યો નહીં. તે તરફ જોયું જ નહીં. પોતે કંઈ કર્યું જ નહીં. માત્ર પોતે પોતામાં જ રહ્યા અને ગજસુકુમારને Instant મોક્ષ મળી ગયો.

બધાં જ નિમિત્તો, કર્મ બંધ કરાવે તેવાં હતાં પણ 'જો ચેતન કરતું નથી, થતાં નથી તો કર્મ' આ ઉક્તિ ને તેમણે સાર્થક કરી બતાવી.

ગુરુદેવ પણ એ જ ફરમાવે છે કે આમ હોવાથી કર્મ પોતાની મેળે અનાયાસ આત્મા સાથે બંધાય તેવો તેનો સહજ સ્વભાવ ઠરતો નથી.

બીજી વાત જો તું એમ કહે છે કર્મ કર્યા કરવાં તે જીવનો ધર્મ છે તો તે વાત પણ યુક્તિ–સંગત નથી. ધર્મ તે એનું નામ કે જે દ્રવ્યથી જુદો ન પડે. સાકરની મીઠાશ તેનાથી કદી અલગ થતી નથી. કોટી ઉપાયે પણ તેમ થઇ શકે નહીં. એ જ રીતે કર્મ કરવાં એ જો જીવનો ધર્મ જ હોય તો કર્મબંધ કરતો આત્મા કદી અટકે નહીં અને કદી કોઈ જીવનો મોક્ષ સંભવે નહીં. એ કરેલાં કર્મોથી અકળાય નહીં, કારણ સ્વભાવ સહજ હોય.

વળી આત્મા કર્મને ગ્રહણ કરનાર કર્તા છે અને કર્મ ગ્રાહ્ય પદાર્થ છે. તો ગ્રાહક અને ગ્રાહ્ય પદાર્થ ક્યારેય એક થઈ જતાં નથી. બંનેનો અવિનાભાવ સંબંધ નથી પણ સંયોગ સંબંધ છે. તેથી હંમેશાં સાથે રહેનાર નથી. વળી આત્માનાં શુદ્ધ સ્વરૂપમાં કર્મનું કર્તાપણું નથી. આ તો અજ્ઞાને કરી જીવ એ પરિણમને પરિણમે છે. તો અજ્ઞાન એ મોટામાં મોટો ભ્રમ છે. ભ્રમ કદી કાયમ ટકી શકે નહીં અને એ સર્વથા ત્યાજ્ય જ છે.

આમ કર્મનું કર્તાપણું એ જીવનો ધર્મ નથી. અહીં શિષ્યે કરેલી બે શંકાઓનું નિરાકરણ ગુરુદેવે કર્યું. એક કર્મને સહજ સ્વભાવે આત્મામાં આવવાપણું તેણે માન્યું હતુ તે અને બીજો કર્મ કરવાં એ જીવનો ધર્મ છે.

હજુ આ વિષયમાં શિષ્યે ઉભા કરેલ બીજા પ્રશ્નો છે. તેનું સમાધાન સદ્ગુરુદેવ કેમ આપશે તે અવસરે....

---

# અસંગ છે પરમાર્થથી......!

**વી**તરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ, અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, ચૈતન્યની અનુભૂતિ કરાવે છે. ચૈતન્ય નું અર્થક્રિયાકારિત્વ શું છે તે સમજાવે છે. દરેક દ્રવ્યને પોતાની સહજ સ્થિતિમાં જે પરિણમન છે તે તેનું અર્થક્રિયાકારિત્વ છે અર્થાત્ દ્રવ્યમાં સાર્થક ક્રિયા થઈ રહી છે.

શિષ્યનાં મનમાં ઉદ્ભવેલી શંકા પાછળ આ રહસ્ય છે કે આત્મા કંઈપણ કરવા સમર્થ છે કે નહીં ? આત્માનું ચેતનત્વ ક્યાં સુધી કાર્યકારી છે ? આજ સુધી જીવે જડની ક્રિયાઓને જ જાણી છે. આત્માની ક્રિયા વિશે અજાણ છે માટે જ આ શંકા થવી સ્વાભાવિક છે.

ગઈકાલે જ એ વાત આપણે વ્યવહાર નય અને નિશ્ચય નય થી વિચારી. આત્માનું ભિન્ન-ભિન્ન પ્રકારે કર્તૃત્વ અને અંતે અકર્તૃત્વ છે. તેમજ શિષ્યની શંકાઓનું સમાધાન પણ ગુરુદેવે આપ્યું. ચેતન પ્રેરણા કરે તો જ કર્મ થાય અને જો કંઈ ન કરે તો જ કર્મ થાય નહીં. બહુ સીધો હિસાબ છે. રાગ-દ્વેષ જીવનો સ્વભાવ નથી છતાં વિભાવમાં જઈ એ કર્યા જ કરે છે અને તેથી કર્મો આવ્યા જ કરે છે. રાગાદિ ભાવો કરવાનું જીવ છોડી દે પછી કર્મ નહીં આવે.

આજ વિષયમાં શિષ્યે કહ્યું હતું કે 'આત્મા સદા અસંગ' છે. અસંગી આત્મા, સર્વ સંગથી રહિત હોય પછી એ કર્મ કઈ રીતે ઉપાર્જન કરે ? ગુરુદેવ ઉત્તર આપે છે.

**કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?**
**અસંગ છે પરમાર્થથી પણ નિજ ભાને તેમ...૭૬....**

અસંગભાવ એટલે સર્વ–સંગ પરિત્યાગ. જેને બીજા શબ્દોમાં નિર્ગ્રંથ દશા કહેવાય છે. બાહ્ય–આભ્યંતર ગ્રંથીનું છૂટી જવું તે છે નિર્ગ્રંથતા. શ્રીમદ્‌જીએ પણ નિર્ગ્રંથ દશા એટલે સર્વ સંબંધોનાં તીક્ષ્ણ બંધનનો ત્યાગ એમ કહ્યું છે.

ગ્રન્થ એટલે ગાંઠ. બાહ્ય અને આભ્યંતર ગાંઠોનો ઊંડો સંબંધ છે. જીવ જ્યાં જન્મ ધારણ કરે, તેમાં ય મનુષ્યભવમાં આવે ત્યાં તેના કેટલાક સંબંધો અનાયાસે હોય છે કે જે આ જન્મમાં બાંધવા પડતા નથી. પૂર્વજન્મના ઋણાનુબંધના કારણે જ મા–બાપ, ભાઈ–બહેન અને અન્ય કુટુંબીજનો સાથેના સંબંધો જન્મતાંની સાથે જ બંધાઈ જાય છે. સ્નેહી-મિત્રો વગેરેના સંબંધો સમજપૂર્વક બાંધતો હોય છે. અર્થાત્ કંઈક ગાંઠ વાળી, શાની ગાંઠ વાળી ? જેની સાથે સંબંધ બાંધ્યો તેના રાગ ભાગ સાથે પોતાના રાગની ગાંઠ વળે ત્યારે જ સંબંધ બંધાય છે. એ જ રીતે શત્રુતાના સંબંધો પણ છે. ત્યાં જીવ દ્વેષની ગાંઠ વાળે છે. આ છે ગ્રન્થિ. જીવને નિર્ગ્રંથ દશાની પ્રાપ્તિમાં આ ગાંઠો નડે છે.

આત્માના ધ્યાનમાં પરોવાઈ જવું હોય તો પરોવાઈ શકતો નથી. સોયમાં પરોવવાના દોરામાં ગાંઠ હોય તો દોરો સોયમાં આવે નહીં. અરે ! પરોવ્યા પછી દોરામાં ગાંઠ પડી તો કપડું સીવો તેમાં એ દોરો પસાર થઈ શકે નહીં ! બંધુઓ ! જ્યાં-જ્યાં ગાંઠો છે ત્યાં–ત્યાં આમ જ છે. ગાંઠ વિકાસને રૂંધી નાંખે છે. આગળ વધવા દે નહીં. પણ આપણી અવળાઈ તો જુઓ ! જીવને રાગ–અને દ્વેષ બંનેની ગાંઠો વધારવી ગમે છે. રાગના જેટલા સંબંધો વધે તે વધારવાની ઇચ્છાવાળો છે, અને દ્વેષના સંબંધો ને વધુ મજબૂત કરવાની ભાવનાવાળો છે આ જીવ.

આ રાગ–દ્વેષની ગાંઠોને ઢીલી પાડી છોડી નાખવાનો કે કાપી નાખવાનો પુરુષાર્થ એ જ નિર્ગ્રંથ–દશા પામવાનો પુરુષાર્થ છે. સાથે–સાથે આંતરિક નિર્ગ્રંથતા પણ પ્રાપ્ત કરવાની છે. તે વિભાવોનો ત્યાગ એટલે કે રાગ–દ્વેષના ત્યાગથી જ પ્રાપ્ત થાય છે. આમ રાગ–દ્વેષની

મંદતા તે જ નિર્ગ્રંથ દશા. એ છે સર્વ સંગ પરિત્યાગ. બહારથી સ્નેહી સ્વજનો, પરિગ્રહ આદિનો ત્યાગ અને અંતરથી રાગાદિ મમત્વનો ત્યાગ. આવી અસંગ દશા જીવમાં આવે ત્યારે જ તેને સ્વનો અનુભવ થાય.

સર્વોચ્ચ અસંગ દશામાં તો એક કર્મ પરમાણુની પણ સ્પર્શના રહેતી નથી, શ્રીમદ્જીના જ શબ્દોમાં—

**એક પરમાણુ માત્રની ન મળે સ્પર્શતા**
**પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો......**

જ્યાં જીવને સર્વ પરમાણુઓનો સંગ છૂટી જાય છે–એ છે અસંગ દશા. કર્મ પરમાણુઓથી ઘેરાયેલો જીવ જ સંસારમાં ભમે પણ આત્મ વિકાસની સર્વોચ્ચ સ્થિતિમાં કર્મ સહિત, સર્વ પરમાણુઓ છૂટી જાય. મન–વચન–કાયા અને કર્મ જે સર્વ પુદ્ગલ રૂપ છે તે ચૈતન્ય આત્માથી સર્વથા અલગ થઈ જાય છે ત્યાં આત્મા સંપૂર્ણ કલંક રહિત થાય છે અને અખંડ, નિશ્ચલ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આનું નામ છે સર્વથા નિગ્રંથ દશા, અને એ છે અસંગ દશા.

ગુરુદેવ ફરમાવી રહ્યાં છે કે જો જીવની આ દશા હોત તો તેને એ દશાનો અનુભવ જરૂર થયો હોત. પણ આજ સુધીનો અનુભવ શું છે? આત્માને કોઈ રંગ કે સંગ ન લાગ્યો હોય એવો અનુભવ કર્યો છે ખરો?

બંધુઓ ! આપણે આપણા જીવન કાળના અનુભવનો વિચાર કરીએ. તો સર્વ અનુભવો વ્યક્તિ કે વસ્તુના સંગથી જ જન્મેલા છે. પરપદાર્થની પ્રીતિ અને તેની સાથેનો ગાઢ સંયોગ જ આવા અનુભવોનું કારણ બન્યાં છે. વિશ્વમંચ પર આ સિવાય કયા અનુભવો છે? વધુ ઉંમરવાળો વ્યક્તિ એમ કહે કે હું ઘણો અનુભવી છું. મે ઘણી લીલી–સૂકી જોઈ નાખી. તે બધું શું છે? ધન મેળવ્યું કે ગુમાવ્યું ! સંસારના સંબંધોમાં સુખ મળ્યું કે દુ:ખ મળ્યું. જગતનાં પદાર્થોને જોયા, જાણ્યા અને માણ્યા. બસ, આ જ છે જીવનનો અનુભવ. આ બધા જ અનુભવો પરના સંગે જ પામ્યો. પણ આત્માની અસંગ દશાનો અનુભવ થયો નથી.

વાસ્તવમાં આત્મા અસંગ જ છે પણ જીવ સ્વ-સ્વરૂપમાં ઠરે તો જ એ દશાનો અનુભવ કરી શકે. કવિવર બનારસીદાસ આત્માની અસંગ દશાનું વર્ણન કરતાં કહે છે.

જબહી તૈં ચેતન વિભાવસૌં ઉલટિ આપુ,
સમૈ પાઇ અપનૌ સુભાઉ ગહિ લીનૌ હૈ.
તબહી તૈં જો જો લેને જોગ સો સો સબ લીનૌ,
જો જો ત્યાગ જોગ સો સો સબ છાંડિ દીનૌ હૈ.
લેબેકૌ ન રહી ઠૌર ત્યાગિવેકૌં નાંહિ ઔર,
બાકી કહા ઉબરયો જુ કારજુ નવીનૌ હૈ.
સંગ ત્યાગિ અંગ ત્યાગિ વચન તરંગ ત્યાગિ,
મન ત્યાગિ બુધ્ધિ ત્યાગિ આયા સુધ્ધ કિનૌ હૈ.

જ્યારથી આત્માએ વિભાવ પરિણતિને છોડી, નિજ સ્વભાવને ગ્રહણ કરી લીધો છે, ત્યારથી ગ્રહણ કરવા યોગ્ય ગ્રહણ કરી લીધું અને છોડવા યોગ્ય છોડી દીધું છે. હવે ગ્રહણ કરવાનું કંઈ બાકી નથી રહ્યું અને છોડવાનું પણ નથી રહ્યું, તેમજ કોઈ નવું કાર્ય કરવા જેવું પણ નથી રહ્યું. સર્વ પરિગ્રહ, શરીર, અને વચનના તરંગોનો ત્યાગ કરી દીધો, વિકલ્પો તજી દીધાં, બુદ્ધિને છોડી દીધી અને આત્માને શુદ્ધ કરી લીધો. આ છે અસંગ દશા. આત્માનું મૌલિક સ્વરૂપ આજ છે. જીવ અંતર્મુખ થાય તો આ સ્વરૂપની અનુભૂતિ કરી શકે છે.

ગુરુદેવ કહે છે, હે શિષ્ય ! આમ આત્મા અસંગ સ્વરૂપ હોવા છતાં અત્યારે તારા અનુભવમાં આવતો નથી તેથી એ નિશ્ચિત થાય છે, કે એ અશુદ્ધ છે, સમલ છે, સંગી છે અને તેથી જ કર્મનો કર્તા પણ છે.

શિષ્યનો એક વિકલ્પ હજુ બાકી છે 'અથવા ઈશ્વર પ્રેરણા' એમ કહી કર્મનો કર્તા જીવ નહીં પણ ઈશ્વર છે એમ કહેવા માગે છે. ગુરુ–દેવ તેનું સમાધાન આપે છે :—

**કર્તા ઈશ્વર કોઈ નહીં, ઇશ્વર શુદ્ધ સ્વભાવ;**
**અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ....૭૭...**

પ્રથમ તો એ વિચારવું ઘટે કે ઈશ્વર કોને કહીએ ? જે દર્શનો ઈશ્વરમાં વિશ્વાસ કરે છે તેઓ આ વિશ્વની સર્વોચ્ચ તથા એક, અદ્વિતીય શકિત તે ઇશ્વર, એમ માને છે. વળી જેમણે અમાપ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે તે ઈશ્વર. ઐશ્વર્ય અર્થાત્ ભૌતિક ધન–સંપત્તિ નહીં પણ આત્માની જે અલૌકિક, અપરિમિત, આનંદમય દશા એ જ છે ઈશ્વરનું ઐશ્વર્ય. આવી દશા જે પામી ગયા તે પોતાના શુદ્ધ, પરમશુદ્ધ સ્વભાવને પામી ગયા. આવી શકિતનાં ધારક ઈશ્વર, પરભાવમાં એક ક્ષણ માટે પણ ન જાય. તેઓ માત્ર પોતાના અખૂટ ઐશ્વર્યનો આનંદ હંમેશાં માણતા હોય.

બંધુઓ ! પરમ શુદ્ધદશા જેઓ પામ્યા છે તેઓ નિરંતર અદ્ભુત પરમાનંદની મસ્તીમાં જ હોય. તેને માણવામાં એટલા તન્મય હોય કે તેમાંથી બહાર નીકળે જ નહીં. સંસારની ભૌત્તિક સંપત્તિ ધારક Multimillionaire જે સુખને ન માણી શકે તે સુખને ઇશ્વર માણતા હોય. કારણ એ છે કે ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય પણ માનવ બધી સંપત્તિને ભોગવી શકતો નથી. તેની પાસે જેટલું છે તેમાંથી પોતાને ભોગવવાની એક સીમા હોય છે. અંદર બધું જ ભોગવી લેવાની તૃષ્ણા પડી હોવા છતાં સમય, શકિત તેને ઓછા પડે કે એ બધો જ ભોગ ન કરી શકે. પણ આત્માનાં ઐશ્વર્યને પામનાર વિશુદ્ધ આત્મા બધી જ આત્મરિદ્ધિનો ભોગવટો કરતો હોય, અર્થાત્ તે સમયે – સમયે પોતાના અનંતજ્ઞાનાદિ ગુણોને અનુભવતો હોય. વળી આ અનુભવ એટલો ગહન હોય કે તેમાંથી એ આત્મા બહાર નીકળે જ નહીં.

જયારે ઇશ્વરનું સ્વરૂપ આવું છે તો તેઓ પોતાના નિજાનંદની મોજ મૂકીને શા માટે જગતના જીવોના કર્મોના કર્તા થવા જાય ? વળી એક ક્ષણ માની લઇએ કે એ આત્મભાવની રમણતામાંથી બહાર નીકળી જીવોને કર્મ કરવાની પ્રેરણા આપે તો પ્રશ્ન એ થાય છે કે તેનામાં આવું કંઈ કરવાની ઇચ્છા કેમ થઈ? એ ત્યાં થાકી ગયો, કંટાળી ગયો અને તેને કંઈ કરવાનું મન થયું એમ કહીએ તો ઇશ્વર પર કેવો મોટો દોષ આવે ?

એક સાધક આત્મા, આત્મસાધનાના પુરુષાર્થમાં છે તે પણ અદમ્ય ઉત્સાહથી વર્ષો સુધી પુરુષાર્થ કર્યા જ કરે છે, થાકતો નથી, કંટાળતો

નથી તો જેણે સંપૂર્ણતા પ્રાપ્ત કરી લીધી તે જો પોતાની સ્થિતિથી થાકે કે કંટાળે તો તે સામાન્ય માણસની કક્ષામાં મૂકાઈ જાય વળી જે કૃતકૃત્ય થઈ ગયો હોય તે જ ઇશ્વર ! જેને કંઈ કરવાપણું બાકી છે તે ઇશ્વર નહીં ! ઈશ્વર તો નિષ્કામ હોય.

એક બીજો પ્રશ્ન ! ઇશ્વર જીવને કર્મ કરવાની પ્રેરણા આપે તો એકને સારા કર્મની અને બીજાને ખરાબ કર્મની, એક ને પુણ્યની અને બીજાને પાપની, આવી પ્રેરણા શા માટે આપે ? જો આમ કરે તો તે પક્ષપાતી ન કહેવાય ? સામાન્ય સમજદાર પુરુષ પણ કોઈ પ્રત્યે પક્ષપાત ન કરે, તો અદ્ભુત સામર્થ્ય ધરાવનારો ઇશ્વર, જીવો પ્રત્યે પક્ષપાત કરે ? વળી પાપ કરનારો દુઃખી થાય, તેમાં ઈશ્વરને શું મજા આવતી હશે ? ઇશ્વર એવું ઇચ્છે કે પોતાનાથી પ્રેરાઇને કોઈ કર્મ કરે અને દુઃખી થાય ?

વળી ઇશ્વરમાં જગતનું કર્તૃત્વ માનીએ કે આ સૃષ્ટિ ઇશ્વરે બનાવી છે, કારણ કોઇપણ ચીજ બનાવ્યા વગર બનતી નથી. ત્યાં પણ પ્રશ્ન થશે કે ઇશ્વરને કોણે બનાવ્યો ? જો એને બનાવનાર કોઈ બીજો ઇશ્વર હોય તો વળી પાછો એ જ પ્રશ્ન ! આમ પ્રશ્નનો અંત નહીં આવે ! અને ઇશ્વર સ્વયં-ભૂ અર્થાત્ પોતાની મેળે ઉત્પન્ન થયો તેમ માનીએ, તો સૃષ્ટિ પણ પોતાની મેળે બને તેમાં શું વાંધો ? આમ અનેક શંકાઓ જન્મવા માંડશે.

સમગ્ર રીતે જોતાં ઇશ્વરનું કર્તૃત્વ કોઈ પણ દૃષ્ટિએ ઘટી શકતું નથી. ઇશ્વરને કર્મનો કર્તા માનવા જતા તે ઇશ્વર ન રહેતાં, સામાન્ય માનવ બની જાય છે તથા સામાન્ય માનવની એ તાકાત નથી કે કોઇને કર્મની પ્રેરણા આપી શકે.

ગુરુદેવે શિષ્યના મનમાં રહેલ ઇશ્વર કર્તૃત્વની માન્યતાનું નિરાકરણ કરી એ સમજાવ્યું કે ઇશ્વર કર્મનો કર્તા નથી. આ વિષયના સર્વ વિકલ્પોનું સમાધાન આપ્યા પછી આત્માની વાસ્તવિક સ્થિતિ શું છે ? આત્મા ક્યાં સુધી કર્તા છે અને પછી ક્યારે એ અકર્તા છે, કેમ પોતે જ સામાન્ય માનવી અને પોતે જ ઇશ્વર બને તે અવસરે.

## ચેતન જો નિજ ભાનમાં...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ–ત્રિરત્નની આરાધના ક્રમશઃ જીવને સ્વભાવદશામાં સ્થિર કરે છે. એ સ્વભાવદશા વધતાં-વધતાં એક સમયે એવી સ્થિતિ આવે છે કે જ્યાં જીવનું કર્તૃત્વ સમાપ્ત થઈ જાય છે.

આત્મા કર્મનો કર્તા છે કે નહીં ? આ પ્રશ્ને શિષ્યના મનમાં અનેક વિકલ્પો ઉભા થયાં અને ગુરુદેવે બહુ સચોટ શબ્દોમાં, સરળતાથી એ સર્વ વિકલ્પોનું સમાધાન કર્યું. શિષ્યના પ્રશ્નો વ્યવહાર નયને આશ્રિત હતા, તેથી ગુરુદેવે પણ તેના ઉત્તરો વ્યવહાર નયથી જ આપ્યાં. જીવ સ્વતંત્ર છે. તેનું પરિણમન પણ સ્વતંત્ર છે. આ વાસ્તવિકતાને લક્ષ્યમાં રાખી હવે ગુરુદેવ નિશ્ચયનયથી આત્માનું અકર્તાપણું બતાવવા માગે છે.

**ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ....૭૮....**

હે તત્ત્વજીજ્ઞાસુ શિષ્ય ! ચેતનની પ્રેરણાથી કર્મ થાય છે એવું મેં કહ્યું હતું પણ તે જ્યાં સુધી ચેતનની બહિર્મુખ વર્તના છે ત્યાં સુધી જ. જો ચેતન પોતાના ભાવમાં, પોતાના ભાનમાં વર્તતો હોય અર્થાત્ નિજનાં જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ આદિ ગુણોમાં રાચતો હોય તો એ પોતાના સ્વભાવનો જ કર્તા છે. સ્વભાવદશામાં સ્થિર હોય તો તેને કર્મબંધ નથી. આરાધક ભાવમાં રહેલ જીવ રાગાદિથી મુકત હોય, રાગાદિ છે ત્યાં કર્મ-બંધ છે, માટે આરાધક જીવને કર્મબંધ ન સંભવે !

આરાધના શું છે ? જેને સ્થૂલ દૃષ્ટિએ, ધર્મના રાહે ચાલવુ તે આરા-ધના, એમ કહીએ. તો ધર્મ શું ? ક્રિયા–અનુષ્ઠાનો કે વ્રતપ્રત્યાખ્યાનો-

ને આપણે ધર્મ કહેતા હોઇએ છીએ. જે વ્યક્તિ એ બધું કરતી હોય તેને ધર્મિષ્ટ કહેતા હોઇએ. પોતે પણ પોતાને ધર્મિષ્ટ તરીકે ઓળખાવતો હોય અને અન્ય એમ માને તેમ પણ ઇચ્છતો હોય. પણ ધર્મિષ્ટ એટલે કોણ ? ધર્મ+ઇષ્ટ. જેને ધર્મ સિવાય બીજું કશું જ પ્રિય નથી તે ધર્મિષ્ટ. ધર્મ એટલે ઉપરના આચારો નહીં. પણ પોતાનો ધર્મ. પોતે એટલે આત્મા. આત્માનો ધર્મ, આત્માનો સ્વભાવ એ જેને પ્રિય છે તે ધર્મિષ્ટ. ગીતામાં કહ્યું છેઃ–

**'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः '**

આ અત્યંત માર્મિક સૂત્ર છે. આનો સ્થૂલ અર્થ તો માત્ર એટલો જ થાય, કે પોતાના ધર્મમાં મૃત્યુ પણ ભલું, પારકો ધર્મ ભયનું કારણ છે.

સંપ્રદાયવાદી માનસ આનો અર્થ એવો કરશે કે આપણો કૂળ–પરંપરાનો જે ધર્મ છે, તે ધર્મ ખાતર મરી ફીટવાની તૈયારી જોઇએ અને બીજાનાં ધર્મો તરફ દૃષ્ટિ કરીએ તો પણ ભય ઉત્પન્ન કરે. બંધુઓ! આ અર્થ તો સંપ્રદાયોમાં પરસ્પર વિદ્વેષ જગાડે. એક જૈન કહેશે મારો ધર્મ જ સાચો અને અન્ય સર્વ ધર્મો ખોટા. એમ અન્ય સંપ્રદાયને માનનારો પણ એ જ કહેશે. અન્યના ધર્મને ખોટા કહેનારો કલેશ વહોરી લેશે. તો ગીતાના આ સૂત્રે તો વેર–ઝેર ઉભા કર્યાં.

પણ બંધુઓ ! સૂત્રને નહીં સમજનાર, ધર્મની વાસ્તવિક વ્યાખ્યા નહીં જાણનાર તથા સંપ્રદાયને ધર્મ માનનાર, અજ્ઞાની જીવ જ આવો અર્થ કરે, એ અંતર્મુખ સૂત્રનો ! શ્રીકૃષ્ણ એમ નથી કહેતા. સંપ્રદાય એ ધર્મ નથી. કૂળ–પરંપરાની માન્યતા એ ધર્મ નથી. આપણા બાપ–દાદા એ જે સંપ્રદાયને માન્યો તે સંપ્રદાય ધર્મ નથી. પણ અહીં સ્વનો અર્થ છે આત્મા. આત્માનો શુદ્ધ સ્વભાવ તે સ્વધર્મ. આ સ્વધર્મમાં જ ઠરવાનું છે, મરવાનું છે, સ્વધર્મમાં મરી ગયા તો નિર્વાણ મળી જશે. તેથી તે શ્રેયસ્કર છે. અર્થાત્ શ્રી કૃષ્ણ કહે છે કે મર્યા પહેલાં સ્વધર્મને પામી લે, પછી મરજે તો ભવોભવની ભ્રમણા મટી જશે.

પરધર્મ અર્થાત્ આત્માથી અતિરિક્ત જે કંઇ છે તે બધું પર અને તેનો સ્વભાવ તે ધર્મ. પર પદાર્થોમાં રાચ્યા રહેવું તે પરધર્મ. પર પદાર્થોમાંથી સુખની આશા રાખવી તે પરધર્મ. જડ પદાર્થોની પ્રીતિ અને ઈન્દ્રિયોની આસક્તિ, આ છે પરધર્મ. તેમજ રાગાદિ ભાવો પણ જડ છે. રાગાદિ કરીએ તો છીએ જ પણ રાગ અને દ્વેષની પ્રીતિ પણ એટલી જ છે. રાગાદિ એ પોતાનો સ્વભાવ હોય તેમ માની તે કરવા જેવા છે. એવી જે માન્યતા છે તે જ ભયાવહ છે. એટલે જ શ્રીકૃષ્ણ કહે છે કે પરધર્મને પોતાના માનીને એ જ કરતો રહ્યો તો તે મહા–અનર્થની ખાણ છે.

આજ સુધી જીવ રખડયો. કર્મ કરતો રહ્યો અને ભોગવતો રહ્યો તેનું કારણ પણ એ જ છે કે જીવને જડના ધર્મો એવા રાગાદિ ભાવો બહુ પ્રિય લાગ્યા છે. તેનાથી પર થઈ જીવે કદી વિચાર્યું જ નથી કે મારો ધર્મ આ નથી પણ આનાથી ભિન્ન 'હું આત્મા છું' તો આત્માના ગુણો તે મારો ધર્મ અને તેને પ્રગટ કરવાનો પુરુષાર્થ એ જ ધર્મક્રિયા. આવા સ્વધર્મને સમજનાર નિજભાનમાં સ્થિત થાય છે.

શ્રીમદ્જીએ કહ્યું કે 'ચેતન જો નિજભાનમાં, કર્તા આપ સ્વભાવ'. આત્મા રાગાદિ ભાવોમાં ન રહેતા પોતાનામાં જ હોય તો તેનામાં સ્થિરતા હોય. જ્યાં રાગાદિભાવોનું કરવાપણું છે ત્યાં અસ્થિરતા છે, ચંચળતા છે. એ ચંચળતા જ આત્મા–પ્રદેશોમાં કંપન પેદા કરે અને કંપનના કારણે જ કર્મ પરમાણુઓ ગ્રહિત થાય, તે જ કર્મબંધ. જો આત્મામાં સ્થિરતા હોય તો બહારના આકાશ–પ્રદેશોમાં ગમે તેટલા કર્મ પરમાણુઓ હોય તે આત્મા પર આવી શકતા નથી. કર્મ બંધ થતો નથી.એવી સ્થિતિમાં આત્મા માત્ર પોતાના સ્વભાવ એટલે કે જ્ઞાનાદિભાવોના પર્યાયોમાં જ પરિણત થયા કરતો હોય. નિજ–સ્વભાવની અનુભૂતિમાં જ રત હોય. તેથી તે નિજ સ્વભાવનો કર્તા છે તેમ કહીએ.

વળી 'વર્તે નહીં નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ' એમ કહીને વ્યવહાર નયે આત્મા કર્મનો કર્તા પણ છે એ સિધ્ધ કરે છે. આત્મા જેવો પોતાના સ્વભાવથી બહાર નીકળ્યો કે તરત તેને કર્મ લાગ્યાં જ છે. સ્વભા-

વથી બહાર નીકળવું એટલે પરભાવમાં જવું. આત્માની જ્ઞાન પરિણતિ ક્યાંક ને ક્યાંક પરિણત થયા કરે છે. જો એ સ્વભાવમાં હોય તો અતિ ઉત્તમ, પણ સ્વભાવમાં ન રહી તો એ પરભાવમાં–જડભાવમાં તો થશે જ. પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનનો સંગ કરી સમસ્ત જગતમાં ભટકશે.

વાસ્તવમાં જડ મન તો બિચારૂં ગમે ત્યાં ભટકે. એ કંઈ કરી શકતું નથી. જડ ને ક્યાં સંવેદન છે ? એને ક્યાંય જઈને કંઇ ભોગવી લેવું નથી. મનની સામે ગમે તેટલા પદાર્થો આવે તે ભોગવી શકવાનું નથી. પણ જેને સંવેદન છે એ તો આત્માના જ્ઞાનમાં છે. જ્ઞાન મનને માધ્યમ બનાવીને ચૌદ રાજલોકમાં ભટકે છે, અને પછી બિચારા મનને તિરસ્કાર ખમવો પડે છે. આનંદઘનજી મહારાજે પણ મનને ઠપકાર્યું છે. તેઓ કહે છે—

**રજની, વાસર, વસતિ, ઉજજડ, ગયણ, પાયાલે જાય,**
**સાપ ખાયે ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય–હો કુંથુજિન**

આ મન રાત કે દિવસ જોયા વિના, વસ્તી કે નિર્જન પ્રદેશની પરવા કર્યા વિના, ગગન કે પાતાલની પરિસીમાનો ભય સેવ્યા વિના, સર્વત્ર ભટકતું જ રહે છે. ભટકતા આ મનને પોતાને તો કાંઇ મળતું નથી. સાપ કોઇને ડંખ દે તો તેનું મુખ તો ખાલી ને ખાલી જ રહે છે. તેને કાંઇ સ્વાદ મળતો નથી.

બંધુઓ ! આનંદઘનજી મહારાજે પણ એ જ વાત કરી. જડ મનને શું મળે ? જ્ઞાન પરિણતિ અવળી પરિણમે છે, અને મનની સાથે જ્યાં–ત્યાં આથડે. તેથી એને તો વિભાવનું પોષક કોઈ સંવેદન પણ મળે. રાગાદિ-ભાવોનું પોષણ થાય. તેમાં વિભાવે પરિણમેલો જીવ સુખ માને પણ જડ મનમાં સંવેદન શક્તિ નથી. તેથી તે ગમે તેટલું ભટકે છતાં તેને કંઇ જ મળતું નથી.

હું તો કહીશ કે જડ મન સમજી જાય અને એ જ્યાં–ત્યાં ભટકતી જ્ઞાન–પરિણતિનો સંગ છોડી દે તો તેને તો જગતનો ઉપાલંભ ના સહેવો પડે ! વાસ્તવમાં જડ મન જ્ઞાન પરિણતિને ખેંચીને ક્યાંય લઇ જઇ શકે નહીં. પણ જ્ઞાન જ આત્મામાં ન રહેતાં બહાર નીકળે છે ત્યારે માધ્યમ

વિના તો કયાંય કોઇ વિષયોને ગ્રહણ કરી શકતું નથી. તેથી તે ઇંદ્રિયો અને મનને હાથા બનાવી પોતે સ્વચ્છંદે વિહરણ કરે છે.

જયારે આવું સ્વચ્છંદે વિહરણ થાય ત્યારે તે કર્મોનો કર્તા બને છે. જે દોષો પોતામાં નથી એ પેદા કરે છે. તેથી ગુરુદેવે કહ્યું કે નિજભાન ગુમાવી, આત્મા કર્મના દોષોથી દુષિત થાય છે.

આમ કર્મનાં કર્તૃત્વ પદની સિધ્ધિ વ્યવહાર નયથી કરી. સાથે-સાથે અન્ય દર્શનોની માન્યતા-આત્મા સર્વથા અબદ્ધ છે અને પ્રકૃતિ બંધ કરે છે, *કર્મ અનાયાસે આવ્યા કરે છે, કર્મ કરવાં એ જીવનો સ્વભાવ છે*, ઇશ્વર પ્રેરિત કર્મો બંધાય છે, વગેરે-વગેરેનું નિરાકરણ પણ સચોટ તર્ક દ્વારા આપ્યું. તેમજ નિશ્ચયનયે આત્મા જગતમાં કંઇ જ ન કરી શકે, કરવા સમર્થ પણ નથી. જગત જડ, આત્મા ચેતન એક-બીજાનું કશું જ ન કરી શકે. પણ આત્મા ભાનભૂલી જડ સાથે જડરૂપ પરિણમવા માંડે તો તે કર્મનો કર્તા થાય છે. પણ નિશ્ચય નયે નિજ-સ્વરૂપમાં લીન હોય તો એ સ્વભાવનો જ કર્તા છે બાકી કોઈનો ય નહીં.

ગુરુદેવે આપેલા આટલા નિરાકરણથી શિષ્યની શંકાઓ નિર્મૂળ થઇ ગઇ. મનનું સમાધાન થઇ ગયું. આત્માનું કર્તૃત્વ કયાં સુધી છે તે શ્રધ્ધામાં ઉતરી ગયું તેથી ગુરુદેવ સમક્ષ પોતાની સમજણને સુંદર રીતે રજુ કરે છે.

**ત્રીજું પદ તે મારો આત્મા જ કર્તા**
**વ્યવહાર નયને આધીન...**
**વ્યવહારે કર્તા કર્મનો જણાય પણ**
**નિશ્ચયે સ્વરૂપાધીન....મારો....**

ત્રણ પદની શ્રધ્ધા સંપૂર્ણપણે અંતરમાં જાગૃત થઇ ચૂકી છે. હવે ચોથા પદ વિષેની શંકાઓ અવસરે....

# આત્મ-ચિંતન

"હું....આત્મા...છું"....."હું... આત્મા...છું"

સમતા....એ મારો સ્વભાવ....

મારામાં રાગ નથી....દ્વેષ નથી...માટે વિષમતા પણ નથી...રાગ-દ્વેષ રહિત...મારૂં શુદ્ધ સ્વરૂપ સમતામય છે....જ્યાં રાગ છે....ત્યાં વિષમતા છે...જ્યાં દ્વેષ છે....ત્યાં પણ વિષમતા છે....રાગ-દ્વેષથી પર થઇ....મારામાં સ્થિર થાઉં....તો સમતાને ધારણ કરી શકું છું....નિજ સ્વરૂપના લક્ષે... નિજાનંદના લક્ષે....મારા સમતા ગુણને પ્રગટ કરૂં....

ગમે તેવી પરિસ્થિતિમાં....સમતાને ગુમાવું નહીં....પ્રયત્નપૂર્વક સાધેલી સમતા....મારા ગુણને પ્રગટ કરે છે....હું વિષમતા અનુભવું છું....એ મારૂં અજ્ઞાન છે....જગતનો કોઇપણ પદાર્થ...કોઇપણ વ્યક્તિ....કોઈપણ પરિસ્થિતિ ....મને વિષમ બનાવી શકે નહીં...જગતના પદાર્થમાંથી વ્યક્તિમાંથી.... ઇંદ્રિયના વિષયોમાંથી...રાગ-દ્વેષ ઉઠાવી લઉં. રાગ-દ્વેષથી પર થઈ જાઉં.... એ જ મારી સમતા છે...

કર્મક્ષેત્રે કર્મ કરૂં તો પણ સમતા....ધર્મક્ષેત્રે ધર્મ કરૂં તો પણ સમતા ....સર્વ પરિસ્થિતિમાં સમતા રાખી શકું....એ જ મારી સમતાની સાધના ...અનુકુળ પરિસ્થિતિમાં ફુલાઇ ન જાઉં....પ્રતિકૂળ પરિસ્થિતિમાં કરમાઇ ન જાઉં....પરિસ્થિતિ નિમિત્ત છે...આ આત્મા ઉપાદાન છે...ગમે તેવું નિમિત્ત ઉપાદાનને કાંઇ ન કરી શકે ....આ સમજણ મારી સમતાને... જાગૃત કરી શકે છે...સમત્વને પામવા.... સદૈવ સમતામાં... રહેવા મારૂં ચિંતન કરૂં....સ્વના ચિંતન વડે....સ્વને જાણવાની લગની વડે...સ્વને ઓળખવાના પુરુષાર્થ વડે....એ પામી શકાય છે....

તો થોડી ક્ષણો માટે....વધુ એકાગ્ર થઇ....ઊંડાણમાં જઇ...સ્વનું ચિંતન કરીએ....

"હું... આત્મા.... છું" "હું.... આત્મા.... છું"

ૐ .... .... ....

"શાંતિ" "શાંતિ" 'શાંતિ"

## ભોગ્ય સ્થાન નહીં કોયે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્મિક સિદ્ધિ આપે છે. કોઈપણ કાર્ય પરિણામ રહિત હોતું નથી. કાર્યનું ફળ તો હોય જ છે. આધ્યાત્મિક ક્ષેત્રે આરાધનાનું ફળ સિદ્ધિ છે.

સિદ્ધિ એટલે સિદ્ધ દશા. સિદ્ધિ નો બીજો અર્થ ચમત્કારિક લબ્ધિ પણ થાય છે. વિશેષ પ્રકારની યોગ-સાધના વડે યોગીઓ એ શક્તિ પામી શકે છે. જોકે સર્વ જીવોમાં આ શક્તિ પડી હોય છે. અનાયાસે એ પ્રગટ થતી નથી. વળી સહુને એ જાણ નથી હોતી કે પોતામાં આવી શક્તિઓ હોઈ શકે ! તેથી કોઈ પુરૂષમાં આ લબ્ધિ જોતાં માણસ આશ્ચર્ય પામે છે. પણ ગમે તે માનવ પ્રયાસ વડે લબ્ધિ પામી શકે છે. ચમત્કારિક લબ્ધિઓનું મૂલ્ય ભૌતિક જગત સુધી જ છે, તેનાથી કોઈ આત્મિક ઉન્નતિ થતી નથી. આત્મવિશુદ્ધિ થતી નથી, બલ્કે લબ્ધિઓનો ઉપયોગ ભૌતિક ઉપલબ્ધિઓ માટે કરવામાં આવે તો આત્મા વિરાધક બને છે. માટે જ સાચા સાધક પુરૂષો લબ્ધિઓનો પ્રયોગ કરે નહીં.

મહાયોગી આનંદઘનજીના જીવન સાથે એક ઘટના જોડાયેલી છે. તેઓ નિર્જન વનમાં, આત્મ-મસ્તીમાં વિચરતા હતા. જગતની એમને પડી ન હતી. એક દિવસ એક વૃક્ષ તળે નિજાનંદમાં ઝૂલી રહ્યાં હતાં. તે સમયે એક સંન્યાસી હાથમાં કંઈક કૂપો લઈને આવ્યો, અને કહ્યું.

"મહારાજ ! મારા ગુરુદેવે આપના માટે સુવર્ણસિદ્ધિનું રસાયણ મોકલ્યું છે, જે વનસ્પતિના રસનાં મિશ્રણથી બનાવેલું છે."

"કોણ તારા ગુરુદેવ ?"

"મહારાજ ! આપનાં પૂર્વાશ્રમના મિત્ર ! જેઓ સંન્યસ્ત અવસ્થામાં છે.'

" શા માટે મોકલ્યું છે ?"

"મહાન ચમત્કારિક છે આ રસ. આપને ઉપયોગી થશે !"

"મને ? મને શો ઉપયોગ એનો ?"

" મહારાજ ! આ રસને પથ્થર પર નાખતાં પથ્થર સોનું થઈ જશે !"

" પણ હું શું કરૂં એને ?

"અરે ! મહારાજ ! સમજ્યા નહીં ? આ રસાયણ આપની પાસે હશે તો હજારો લોકો આપના ચરણ ચૂમતા આવશે !"

'ભક્તોને તો છોડીને આવ્યો ! જે સમાજ, ભક્ત થઈને મારી પાછળ ફરતો હતો, તેમાંથી છૂટી, અલખની આરાધના કરવા અહીં આવ્યો છું અને એ કરી રહ્યો છું. મારે હવે ભક્તો અને સેવકો નથી જોઇતા !"

અને આવેલા સંન્યાસીને થયું આ અઘોરી સમજતો નથી. એ શું જાણે કે આની કિંમત કેટલી હોય ? 'ખાખરાની ખીસકોલી, સાકરનો સ્વાદ શું જાણે ?" અને તે ફરીથી વિનવવા માંડયો. પણ આનંદઘનજી જેનું નામ. એ તો પોતાના આત્મનંદમાં રસબોળ હતા તેમને આવાં રસાયણો સાથે શું મતલબ ? અને જ્યારે પેલો આગન્તુક માનતો નથી, ત્યારે એ રસનો કૂપો ઉપાડીને દૂર ફેંકી દીધો. પેલો જોઈ રહ્યો. અરે ! મારા ગુરુની વર્ષોની મહેનત આણે ધૂળમાં મેળવી દીધી. અફસોસ કરવા માંડયો.

આનંદઘનજી ઉઠયા અને પેલાને સમજાવવા માટે કે આવી સિદ્ધિઓ અમારી ચારે બાજુ ઘૂમે છે પણ અમે એની દરકાર નથી કરતા. અમારે મન તેનું મૂલ્ય ધૂળ જેટલું પણ નથી, તેઓ થોડે દૂરની એક શિલા પર ગયા અને ત્યાં જઈ મૂત્ર વિસર્જન કર્યું અને એ જ ક્ષણે પથ્થરની

શીલા, સુવર્ણમાં પરિવર્તિત થઈ ગઈ. પેલો આભો બની જોતો જ રહ્યો. આનંદઘનજી તેને કહે છે—

"ઉપાડ આ પથ્થર ! લઈ જા તારા ગુરુ પાસે ! એને કહેજે તમે તો રસાયણ મોકલ્યું. પણ હું તો તૈયાર સુવર્ણ જ આપું છું, જા મારા તરફથી ભેટ આપજે".

પેલો સંન્યાસી વિલે મોઢે પાછો ફર્યો.

બંધુઓ ! સાધનામાં એ શક્તિ છે કે, મહાપુરુષો જ્યારે સાધના કરે ત્યારે એક બાજુ તો અમાપ કર્મ-નિર્જરા થતી જાય. તેથી આત્મ-વિશુદ્ધિ વધતી જાય અને બીજી બાજુ શુભ ભાવોના થોકબંધ પુણ્ય બંધાય, અને પરિણામે આવી શકિતઓ પેદા થાય. યોગીપુરૂષોના શરીરમાં એવી શુદ્ધિ થઈ જાય કે તેમના શરીરમાંથી મળ-મૂત્રનો ત્યાગ કરે તે પણ લબ્ધિયુક્ત હોય. સનત્કુમાર ચક્રવર્તીને થૂંકમાં લબ્ધિ પેદા થઈ હતી કે થૂંકવાળી એક આંગળી શરીરના થોડા ભાગ પર લગાડી તો રક્તપિત્ત વાળો એ ભાગ કંચન જેવો નિર્મળ થઈ ગયો.

બંધુઓ ! સાધના કરનાર સાધકને આવી સિદ્ધિઓ તો ઘણી મળે પણ એ તરફ એનું લક્ષ્ય ન હોય. વળી આવી સિદ્ધિ માટે સાધના ન કરે. અનાયાસે લબ્ધિ થાય તો ભલે થાય. તેનાથી તેઓ લોભાય નહીં. સાચા ગુરુ પણ કદી શિષ્યને આવી પ્રલોભનકારી સાધના માટેનાં સૂત્રો ન આપે. શિષ્ય કદાચ જીદ કરીને એ સૂત્રો ગુરુ પાસેથી જાણી લે તો પણ ગુરુને તેનો ખેદ હોય.

એક શિષ્યે બાર વર્ષની સાધના, પાણી પર ચાલવાની સિધ્ધિ પામવા માટે કરી. એ પ્રાપ્ત કરીને, ઉછળતાં હૈયે ગુરુ પાસે આવીને પોતાની સિદ્ધિ પ્રાપ્તિની વાત ગર્વભર્યા સૂરમાં રજૂ કરી. ગુરુએ માત્ર એટલું જ કહ્યું. બેટા ! જે કાર્ય માત્ર બે પૈસામાં નાવિક કરી આપે તેની પાછળ તેં જીંદગીનાં અમૂલ્ય બાર વર્ષ ગાળી નાખ્યાં ? બંધુઓ ! આ છે ભારતીય સાધકોનું માનસ !

અહીં સાધનાની પરંપરા માત્ર આત્માની સિદ્ધિ કરવા માટે જ છે જિજ્ઞાસુ સાધકના અંતઃકરણમાં આત્માને જાણવા, સમજવાની, અનુભવવાની

જ લગની હોય છે. તેથી જ આત્મસિદ્ધિશાસ્ત્રમાં શ્રીમદ્દ્જીએ છ પદોને શંકા સમાધાનરૂપે રજુ કર્યાં છે. અહીં એક પ્રશ્ન તેના ઉત્તર સાથે જ ઉદ્દ્ભવે છે.

શિષ્યનાં પ્રશ્નમાં કેટલું ઊંડું ચિંતન ભર્યું છે! ગહન ચિંતન વગર આવા પ્રશ્નો થવાનો સંભવ જ ન.થી આપણે જાણીએ છીએ કે શ્રીમદ્દ્જીએ પોતે જ આ પ્રશ્નો ઉભા કર્યાં છે અને પોતે જ જવાબ આપ્યા છે. આવા ઊંડા પ્રશ્નો એ સૂચવે છે કે શ્રીમદ્દ્જીનું તત્ત્વ વિષયક ચિંતન કેટલું વિશાળ અને ગહન હશે. તત્વજ્ઞાન એક વાર વાંચી કે સાંભળી લેવાથી આત્મ-સાત્ થતું નથી, પણ તેને ખૂબ વાગોળવું પડે છે. ત્યારે જ આત્માની અનંત જ્ઞાનશકિત જાગૃત થાય છે. શ્રીમદ્દ્જી પૂર્વનાં સંસ્કારો સાથે લઈને આવ્યા હતાં એ જ બતાવે છે કે પૂર્વ જન્મોમાં તેઓએ જે જ્ઞાન મેળવ્યું હશે તે ઊંડા ચિંતન દ્વારા વાગોળીને પચાવ્યું હશે. તેથી જ આત્મા સાથે સંસ્કાર બનીને રહ્યું. અને આ જન્મે અનાયાસે જાગૃત થઈ ગયું.

સામાન્ય માણસ કોઈ એક તત્વ વિષે વિચારવા બેસે તો તેના વિચારો બે-પાંચ પળ ચાલે અને અટકી જાય, તેમાં ય link ન હોય. આગળ શું વિચારવું તેની સમજણ જ ના પડે. જ્યારે ચિંતનશીલ વ્યક્તિ જ્ઞાનાદિનાં વિચારો ને નિરંતર પોતામાં ઘોળ્યા કરતો હોય. શ્રીમદ્દ્જી પણ ઊંડા તત્વજ્ઞાનના સંસ્કારને સાથે લઈને અવતર્યા તેથી જ આવી ઉત્કૃષ્ટ રચના તેમનાં દ્વારા થઈ.

બંધુઓ! આપણે પણ વિતરાગની વાણીને સાંભળી તેનાં પર ચિંતન કરી આત્મા પર સંસ્કાર પાડીએ. આજે આપણામાં એ સંસ્કાર નથી દેખાતાં તેનું કારણ એ છે કે ગત જન્મોમાં જે કરવું જોઈએ તે કરીને આવ્યા નથી. ત્યાં માત્ર વિષયોનાં ભોગની મઝા જ માણી છે. તેથી એ સંસ્કારો ગાઢ છે, અને જ્ઞાન-દર્શનાદિનાં સંસ્કારો દેખાતાં જ નથી. આ નાના જીવનમાં ઘણું કરવાનું છે તે કરી લઈએ, આત્માને જ્ઞાન-દર્શનનાં ભાવોથી સંસ્કારિત બનાવી લઈએ!

અહીં શિષ્ય આવો સંસ્કારી છે તેથી જ તેના હૈયામાં જિજ્ઞાસા છે. તેણે ત્રણ પદોને જાણી લીધા પછી મનમાં સંશય જાગ્યો કે આત્મા કર્તા છે. કર્મો કરે છે તો ભોગવતો પણ હશે જ ને ? કરેલા કર્મોનું ફળ તો જ હોય જ ને ! પણ ભોગવવા પાછળ કયું તંત્ર કામ કરતું હશે ? ખૂબ વિચારતાં પણ મગજમાં બેસતું નથી. તેથી ઉપકારી ગુરુદેવની સામે હૃદય ખોલી નાંખ્યું—

**જીવ કર્મ કર્તા કહે, પણ ભોક્તા નહિ સોય,**
**શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય ?....૭૯....**

ભન્તે ! જીવ કર્મનો કર્તા છે એ તો મેં સ્વીકારી લીધું. શુભ ભાવ વડે જીવ પુણ્ય કર્મ કરે અને અશુભ ભાવ વડે પાપ કર્મ કરે. પણ પુણ્ય અને પાપ બન્ને કર્મો તો જડ છે. તેનામાં જ્ઞાનશક્તિ નથી. તેઓને પોતાને એ ખબર નથી કે પોતે પુણ્યરૂપ છે કે પાપરૂપ છે. વળી સમય થતાં જીવને સારૂં ને માઠું ફળ આપવું એ પણ એને ખબર નથી. જીવે આવા કર્મો કર્યાં છે માટે જીવને એ–એ પ્રકારનાં ફળ આપવા જોઈએ એવું જડ કર્મો કઈ રીતે જાણે ? અને જીવને ફળ તો કર્મોનું જ મળે છે ને ? જો જડ કર્મો ફળ આપવા સમર્થ નથી તો જીવ કર્મ ફળનો ભોક્તા છે એમ કઈ રીતે કહી શકાય ?

વ્યવહારમાં પણ જડ પદાર્થો નો ઉપયોગ અને તેનું મળતું ફળ એ આપણા પ્રયત્નથી મળે છે. જડ એમ ને એમ ફળ નથી આપી દેતું. આપણે જમવા બેઠા, સામે થાળી પિરસેલી છે, રોજ એ જ થાળીમાંથી એ ભોજનનાં પદાર્થો ખાઇએ છીએ. પણ આપણે હાથમાં લઈ મુખમાં મૂકવું પડે છે. ભોજન એમ ને એમ મુખમાં પડી ને ભૂખની શાન્તિ રૂપ ફળ આપતું નથી. માટે જીવને જડ કર્મો ફળ આપી શકે નહીં તો તે ભોકતા કેમ કહેવાય ?

પણ આપ જો જીવ ને ભોક્તા કહો જ છો તો વળી એક પ્રશ્ન ઉભો થાય છે.

**ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;**
**એમ કહ્યે ઈશ્વર તણું, ઈશ્વર પણું જ જાય....૮૦....**

એમ માની લઈએ કે ઈશ્વર તો સર્વનાં કર્મો ને જાણતો જ હોય તેથી જેમ ન્યાયાધીશ ગુન્હેગારોને ગુનાની સજા આપે છે તેમ ઈશ્વર જીવોને તેનાં કર્મો ભોગવાવે તો જ જીવનું ભોક્તાપણું સિદ્ધ થાય. આટલું કહ્યા પછી વળી શિષ્યને જ એમ થાય છે કે ઈશ્વરને ફળદાતા માનીએ તો ઈશ્વરનાં સ્વરૂપને ખંડિત થવું પડે.

આ વિશ્વનાં અનંતાનંત જીવો, માત્ર સિદ્ધોને છોડીને, સર્વ કર્મ સહિત છે. સમયે-સમયે દરેક જીવને કર્મફળ તો ભોગવવાનું જ છે. ઈશ્વરે સમયે-સમયે દરેક જીવને ફળ આપવા જ પડે. હવે જો ઈશ્વર આ પ્રપંચમાં પડે તો એ પરભાવોમાં જ રહે. ઈશ્વર એટલે તો મુક્ત આત્મા. તે માત્ર નિજ સ્વભાવનો જ કર્તા હોય. સ્વ-સ્વરૂપમાં જ નિમગ્ન હોય. પણ જો તેને જીવોને ફળ આપવા રૂપ કાર્ય કરવું પડતું હોય તો તેનામાં પરભાવોનું કર્તાપણું આવ્યું. આટલા જીવોનાં કર્મોનો હિસાબ રાખતાં રાખતાં તે પોતે જ કર્મથી લેપાય જાય તો તેનું ઈશ્વરપણું ટકી શકે નહીં.

ઈશ્વરત્વ તેનામાં ન રહે તો તે સામાન્ય ચેતન પ્રાણી જેવો થઈ જાય. તો પછી તેને પણ કર્મ હોય અને તેનાં કર્મોનું ફળ તેને કોણ ભોગવાવે ? આમ ઘણી જ અવ્યવસ્થા ઉભી થઈ જાય. માટે ઈશ્વર પણ જીવોને ફળ દેવામાં સમર્થ નથી. તે તેનાં ઈશ્વરત્વમાંથી બહાર આવે નહીં અને ફળ આપે નહીં. હવે જો આમ જ છે તો પછી ભોક્તાપણું સિદ્ધ થઈ શકે નહીં. તેથી શિષ્ય કહે છે—

**ઈશ્વર સિદ્ધ થયાં વિના, જગત નિયમ નહીં હોય;**
**પછી શુભાશુભ કર્મનાં, ભોગ્ય સ્થાન નહીં કોય....૮૧....**

હે ગુરુદેવ ! ઈશ્વર અર્થાત્ સંપૂર્ણ પુરુષ. વીતરાગી અને શુદ્ધ સ્વભાવી પરમાત્મા. આવા ઈશ્વર જીવોને ફળ દેનાર સિદ્ધ થતાં નથી.

તેઓ જગતનાં પ્રપંચમાં પડતા નથી. એમ કહી તો દઈએ પણ તો જગતનું તંત્ર જે વ્યવસ્થિત રીતે ચાલે છે તે કોણ ચલાવે છે ? આપણે જોઈએ છીએ કે વિશ્વ-નિસર્ગનાં સર્વ કાર્યો નિયમથી જ થઈ રહ્યાં છે. સૂર્યનો ઉદય અને અસ્ત, ઋતુઓનું પરિવર્તન, દિવસ અને રાત્રિ, ગ્રહોનું ફરવું, વૃક્ષનું ઉગવું, ઝરણાનું વહેવું વગેરે ક્રિયાઓ નિયમિત પણે થયા જ કરે છે. એ બધું પણ થશે નહીં.

એ જ ન્યાયે જીવનાં શુભા-શુભ કર્મનાં ભોગવવા માટેનાં સ્થાનો સ્વર્ગ-નર્ક આદિ મનાયા છે તે વ્યવસ્થા પણ નહીં રહે. જીવને કર્મો ભોગવવાનાં સ્થાનો જ ન હોય તો ભોકતાપણું પણ કેમ હોય ?

શિષ્યનાં મનમાં એ વાતનો બહુ ઊંડો પ્રભાવ છે કે વિશ્વનું તંત્ર ઈશ્વર વિના ચાલી જ ન શકે. તેમજ કર્મોનો ભોગવટો પણ કોઈ મધ્યસ્થ શકિત કરાવે તો જ થઈ શકે. અન્યથા એ શકય નથી.

કર્મફળનાં ભોકતૃત્વ વિષે શિષ્યનાં મનમાં આવી આશંકાઓ જન્મી છે. તે ગુરુદેવને કહે છે. હે ગુરુદેવ ! મારા પર કૃપા કરો ! આપ તો ઉપ-કારી છો. તો મારા જેવા અજ્ઞાની ને અજ્ઞાન ભાવમાંથી બહાર કાઢવા મારો કર ગ્રહો. આધાર આપો. !

શિષ્યની નમ્ર વિનંતિને સ્વીકારી ગુરુદેવ તેની શંકાઓનું સમાધાન કરવા તત્પર થયા છે. સમાધાન શું છે તે અવસરે.

---

## ભાવ કર્મ નિજ કલ્પના...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જીવને શુદ્ધ સ્વાભાવિક દશાના આનંદની અનુભૂતિ કરાવે છે. અનાદિથી અશુદ્ધ દશામાં પરિણત થઈ વિકૃત આનંદને જ જીવે માણ્યો છે. સ્વ-સન્મુખ થયો નહીં તેથી નિર્મળ આનંદને માણી શકયો નહીં.

સાધનાને રાહે ચડતો જીવ સ્વ-સન્મુખ થઈ, સ્વમાં પરિણત થવા માંડે છે. જેથી પરિણામે સર્વ બાહ્ય ભાવો છૂટી જાય છે. પોતે પોતામાં ઠરવા માંડે છે શાંત થઈ જાય છે.

આવી દશાને ઝંખતો શિષ્ય ગુરુદેવ સમક્ષ અનેક શંકાઓ રજુ કરે છે. જીવ કર્મ-ફળનો ભોકતા છે કે નહીં ? એ સંદેહ શિષ્યનાં અંતરમાં ઉઠયો છે. ગુરુદેવ સમક્ષ મૂકયો છે. તેને સમજાવતા પહેલાં આત્મામાં ભોકતૃત્વ કઈ-કઈ દષ્ટિથી ઘટી શકે તેનો વિચાર કરી લઈશું.

જેમ વ્યવહાર અને નિશ્ચય બન્ને દષ્ટિથી આત્માનું કર્તૃત્વ વિચાર્યું એ જ રીતે ભોકતૃત્વ પણ બન્ને દષ્ટિથી આત્મામાં ઘટિત થઈ શકે છે.

૧, વ્યવહારનયથી, એક રીતે જીવ ઈન્દ્રિયોનો વિષયભૂત પદાર્થોથી ઉત્પન્ન સુખ દુઃખનો ભોકતા છે, તથા પદાર્થોનો ભોકતા છે. ઇન્દ્રિયો દ્વારા પદાર્થોને ગ્રહણ કરવાથી સુખ અથવા દુઃખનો અનુભવ સહુને છે. જેમકે :—અમુક સંગીત સાંભળ્યું બહુ મઝા આવી, અમુક દૃશ્ય જોયું જરાય ન ગમ્યું. મઝા આવી તે સુખ અને ન ગમ્યુ તે દુઃખ. આવો ભોગ નિરંતર ચાલતો જ હોય છે. વળી પદાર્થ મેળવીને પણ સુખ-દુઃખ ભોગવવાના હોય છે.

૨, એ જ વ્યવહાર નય થી, બીજી રીતે જીવ કર્મનાં ઉદયે કરી જે સુ–ફળ કે કુ–ફળ મળે તેનાં સુખ–દુઃખનો ભોકતા છે. પુણ્યનાં ઉદયે અનુકુળતા અને પાપનાં ઉદયે પ્રતિકુળતા વેઠવી જ પડે છે. કર્માધીન જીવ કર્મનાં ઉદયમાં વહી જતો હોય તેથી ઉદય જન્ય સુખ–દુઃખનો ભોકતા છે.

૩, અશુદ્ધ નિશ્ચય નયથી, ચેતન ભાવરૂપ રાગ–દ્વેષનો ભોકતા છે. રાગ–દ્વેષ વિભાવ છે, પણ ચેતનનાં આશ્રયે ઉત્પન્ન થતાં હોય છે. તેથી તે ચેતનરૂપ છે. તેનો ભોકતા જીવ છે. જીવ રાગ અનુભવે છે તો દ્વેષ પણ અનુભવે છે.

૪, શુદ્ધ નિશ્ચય નયથી જીવના મૌલિક ગુણો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીર્ય અને અનંત સુખનો ભોકતા છે. ગુણોનું પરિણમન સહજ રૂપે સમયે–સમયે થયા કરતું હોય છે. જીવ તેનો અનુભવ લેતો રહે છે માટે તે ભાવોનો ભોકતા છે.

૫, પરમ શુદ્ધ નિશ્ચય નયથી જીવ અભોકતા છે. આ નય ભોગ્ય અને ભોકતામાં ભેદ નથી સ્વીકારતો એ કેવળ શુદ્ધ નિરપેક્ષ સ્વભાવને જ ગ્રહણ કરે છે. જીવ પોતાનાં શુદ્ધ સ્વભાવરૂપે નિરંતર રહ્યા જ કરે છે તેથી તે અભોકતા છે.

આમ વ્યવહાર અને નિશ્ચય નયથી આત્માનું ભોકતાપણું અભોકતાપણું બતાવ્યા પછી હવે શ્રી ગુરુ શિષ્યની શંકાનું સમાધાન આપે છે.

**ભાવ કર્મ નિજ કલ્પના, માટે ચેતન રૂપ;**
**જીવ વીર્યની સ્ફૂરણા, ગ્રહણ કરે જડધૂપ....૮૨....**

કર્મ ત્રણ પ્રકારનાં ૧, ભાવકર્મ, ૨, દ્રવ્યકર્મ, ૩, નોકર્મ.

આત્માનાં રાગ–દ્વેષ રૂપ પરિણામ તે ભાવકર્મ છે. રાગ–દ્વેષ વિકાર રૂપ હોવા છતાં ચેતન આત્મામાં જ ઉત્પન્ન થાય છે માટે તેને ભાવ કર્મ કહ્યાં છે. આ ભાવકર્મનું નિમિત્ત પામીને કર્મ વર્ગણાનાં પુદ્ગલો ખેંચાઈ આત્મા પર આવે છે તે દ્રવ્યરૂપ છે, માટે તેને દ્રવ્યકર્મ કહ્યાં. અને બંનેનાં પરિણામ સ્વરૂપ શરીર તે નો–કર્મ છે.

રાગ-દ્વેષ એ આત્માનાં વિકારી ભાવો છે. આપણે પણ રાગ-દ્વેષનો અનુભવ કરીએ છીએ તે ભાવાત્મક રીતે જ કરીએ છીએ કોઈ વ્યક્તિ કે વસ્તુનો રાગ-પ્રીતિ આપણાં અંતરમાં છે, તે માત્ર અંતરથી જ અનુભવી શકાય. બહાર કોઈ પદાર્થરૂપે દેખાડી ન શકાય. હા, રાગનાં પોષણ માટે થતા કાર્યોથી રાગને જાણી શકાય કે માપી શકાય. પણ રાગ જોઈ ન શકાય. એવું જ દ્વેષનું. એ પણ અંદરમાં અનુભવાય પણ બતાવી ન શકાય. દ્વેષનાં કાર્યને જાણી શકાય, જોઈ શકાય પણ એ કાર્યનાં કારણરૂપ દ્વેષને જાણી ન શકાય. આમ રાગ અને દ્વેષ ભાવાત્મક છે અને આત્માનાં વિકારી ભાવ છે માટે ભાવકર્મ છે.

વળી એ આત્માનાં અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. જ્ઞાનદશામાં રાગાદિ નથી. આત્મા જ્ઞાન સ્વભાવથી ચ્યૂત થાય છે ત્યારે કર્મોનાં ઉદયરૂપ પ્રવર્તતું અજ્ઞાન કેટલીયે વિકૃતિ પેદા કરે છે, તેમાં તે રાગ-દ્વેષને પણ પેદા કરે છે. જીવનાં અજ્ઞાનથી પેદા થતાં હોવાથી રાગ-દ્વેષને ચેતન માન્યા છે.

આત્મા પોતે શાંતરસમય હોવા છતાં જ્ઞાન સ્વભાવમાં ન રહે ત્યારે તેનું આત્મવીર્ય સ્ફૂરાયમાન થાય. આ આત્મા અનંતવીર્ય નો ધારક છે. આત્મા જેટલો સ્વભાવથી વધુ દૂર ખસે એટલું વધુ વીર્ય સ્ફૂરે અને જીવનાં મન, વચન, કાયાનાં યોગોને ચંચળ બનાવે. યોગોની ચંચળતા આત્માને પણ સ્થિર ન રહેવા દે. આત્મામાં કંપન પેદા થાય, આ કંપન વાતાવરણમાં પડેલ કર્મ પુદ્ગલોને ખેંચી કર્મરૂપ પરિણત કરે છે. આમ આત્મા જ અજ્ઞાને કરી કર્મનો કર્તા બને છે.

આત્મા જ્ઞાનભાવમાં રમતો હોય, સમ્યગ્દર્શી બની નિજ સ્વરૂપની રમણતામાં ઝૂલતો હોય એ નિમિત્ત પામીને આત્માનાં અસંખ્ય પ્રદેશે રહેલ અનંતવીર્ય ઉલ્લસિત થાય, અંતર્ભૂત થાય ત્યારે એ કોટી કર્મોની નિર્જરા કરી નાખે છે. જીવમાં એક પ્રકારનો ભાવોલ્લાસ પેદા કરે છે. જે જીવને અતિ વેગે સર્વ કર્મ ક્ષય તરફ દોરી જાય છે.

જીવનો સવળો પુરુષાર્થ આત્મવીર્યનો ઉપયોગ, કર્મ નિર્જરા માટે કરે છે અને અવળો પુરુષાર્થ આત્મવીર્યનાં બળે અનંત કર્મોને ઉપાર્જન કરે છે.

અહીં ગુરુદેવ એ જ બતાવવા માગે છે કે રાગ–દ્વેષ રૂપ ભાવકર્મો ચેતનનાં આશ્રયે ઉત્પન્ન થઈ જડ એવા કર્મોનાં કારણરૂપ બને છે. અને તેથી વ્યવહાર નયે આત્મા કર્મનો કર્તા બને છે.

અહીં આ બધું કહેવાનું પ્રયોજન એ જ છે કે જો આમ જીવ કર્મનો કર્તા બનતો હોય તો એ કર્મફળનો ભોક્તા પણ બને જ. ભાવ કર્મથી દ્રવ્ય કર્મો આકર્ષાય છે. દ્રવ્ય કર્મોનાં ઉદયે વળી જીવ એ રૂપ પરિણમે છે. અને બાહ્યમાં પણ દેહાદિની ક્રિયાઓ એ રૂપ થાય છે દેહાદિની ક્રિયાનાં કારણે ફરી રાગ–દ્વેષ અને કર્મબંધ થાય છે. આમ આ આખુંયે ચક્ર ચાલ્યા જ કરે છે. એ સર્વનાં મૂળમાં અજ્ઞાન છે. જ્યાં સુધી અજ્ઞાન પડ્યું છે ત્યાં સુધી જ આત્માને કર્મનું ભોક્તૃત્વ છે. જે સમયે અજ્ઞાન જશે તે જ સમયથી એ નિજ સ્વભાવનો 'કર્તા–ભોક્તા' બની જશે.

જડ કર્મો ચેતનને ફળ કેવી રીતે આપી શકે તે સમજાવવા માટે ગુરુદેવે આટલી ભૂમિકા બાંધી. કર્મો જડ હોવા છતાં પણ જ્યાં સુધી આત્મા સાથે એક ક્ષેત્રાવગાહી રહ્યાં છે. ત્યાં સુધી એને ચેતનનો પાવર મલ્યા કરે છે. એ પાવરથી એ પોતાને કરવા યોગ્ય કાર્ય કરી લે છે. ચેતન આત્માથી પાવર મેળવવા માટે કર્મ ચેતનને ભ્રમિત કરી નાંખે છે. તો જ ચેતન, કર્મને વશ થાય. નહીં તો ન થાય.

આપણા સહુનો અનુભવ છે કે આપણે આત્મભ્રાંતિમાં જીવી રહ્યાં છીએ એટલે જ કર્મોનું જોર આપણાં પર ચાલે છે. અન્યથા અનંત શક્તિ ધારક આત્મા પર જડ કર્મો કેમ સવાર થઈ શકે ?

આત્માને ભૂલાવામાં નાંખી કર્મો ને જે કરવું હોય તે કરી લે છે. તેમ એ જ આત્માને સારાં – માઠાં ફળ દેવા માટે પણ આત્માને ભૂલાવે અને ફળ આપી દે છે.

હવે જડ કર્મો કેવી રીતે આત્માને ફળ આપે છે તે ગુરુદેવ સમજાવશે.

## ઝેર સુધા સમજે નહીં !...

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના પરમાર્થ સાધવાની સાધના છે. જીવે આજ સુધી પરમાર્થ સાધ્યો નથી. માત્ર દેહ અર્થે ભૌતિક ઉપલબ્ધિઓની પ્રાપ્તિમાં જ એ પડયો રહ્યો.

જીવને એ જાણ નથી કે દેહનાં, મનનાં, ઇન્દ્રિયોનાં સુખો કરતાં પણ, વિશેષ સુખ કયાંય મળે છે ! આત્મા-પરમાત્મા જેવા શબ્દો પણ જેના કાને નથી પડયા તેને કયાંથી ખબર હોય કે 'હું આત્મા છું' તેમ 'હું જ પરમાત્મા છું' મારા પરમાત્મભાવને પ્રગટ કરી શકું છું.

બંધુઓ ! જીવનો જે Field માં જેટલો વિકાસ થયો હોય, એટલી જ ઇચ્છાઓ એને થાય. પછી ભલે પોતાના Field ની ઇચ્છાઓ અનેક હોય. જેમકે ભારતનાં તદ્દન નાનાં ગામડાઓ જે શહેરોથી ઘણાં જ દૂર અને અંદરનાં ભાગમાં છે, ત્યાં રહેનારા માણસે કદી ટ્રેઇન પણ જોઈ નથી. અરે ! એ જાણતો પણ ન હોય કે આવું કોઈ વાહન હોય કે જે એક ગામથી બીજે ખૂબ દૂરનાં ગામમાં લઈ જાય ! એને ટ્રેઇનમાં બેસવું છે એવો વિચાર પણ ન આવે તો Air માં બેસવાનો વિકલ્પ જ કયાંથી ઉઠે ? આજનાં વિજ્ઞાને કરેલી શોધોથી પણ એ બિલકુલ અજાણ, એને કોઇપણ જાતનાં વૈજ્ઞાનિક સાધનોથી સગવડતા મેળવી લેવાની ઇચ્છા પણ ન જન્મે !

આપણે પણ એ ગ્રામ્યજનથી કંઇ વિશેષ નથી. માત્ર દેહને ઇન્દ્રિયોનાં પ્રદેશમાં જ વસ્યા છીએ. તેમાંથી બહાર નીકળી અમાપ રિદ્ધિનો

સ્વામી આત્મા એ જ હું છું. તેમજ મારા આત્મામાં જ અવિકલ સુખનાં ખજાના ભર્યા છે એથી તદ્દન અજ્ઞાત એવા આપણાં આત્મિક સુખની પ્રાપ્તિનાં પ્રયત્નો કયાંથી કરીએ ?

પણ, આજે આવા દુષમકાળમાં પણ આપણે સૌભાગ્યશાળી છીએ કે વીતરાગની વાણીરૂપ શાસ્ત્રો તથા સત્સંગ બંને મળ્યા છે પોતાની જ્ઞાન-દશાથી આત્માને પામી શકાય છે એવી સચોટ ખાત્રી ગુરુદેવો કરાવે છે. ત્યારે સાંસારિક વાસનાઓને છોડી દઇ આત્મિક ઉપલબ્ધિ માટે પુરુષાર્થ કરીએ. સંસારસુખો તો બહુ ભોગવ્યા પણ હવે આત્મિક આનંદની અનુભૂતિ કરવી છે. સંસારનાં ભોગો મીઠા લાગતા હશે પણ પરિણામે તે કડવા ઝેર છે. શાસ્ત્રોમાં કહ્યું છે—

जहा किम्पाग फलाणं, परिणामो न सुन्दरो ।
एवं भुत्ताणं भोगाणं, परिणामो न सुन्दरो ॥

તેમજ

खणमित्त सुक्खा बहुकालदुक्खा.........!

સુંદર દેખાતા કિંપાકવૃક્ષનાં ફળો, ખાવાથી ઝેરરૂપ પરિણમે છે. તેમ દેહ-ઈન્દ્રિયનાં ભોગો ભોગવતી વખતે બહુ મીઠા લાગે. ક્ષણ એક જુઠા સુખની અનુભૂતિ કરાવે પણ પરિણામે દીર્ઘકાળ સુધી દુઃખ જ આપે.

તો બંધુઓ ! અજ્ઞાન ભાવે જીવ ઇન્દ્રિયજન્ય વિષયો, વૈષયિક પદાર્થોને ભોગવે છે. પણ એ જ જીવ જ્યારે અજ્ઞાન ટાળી જ્ઞાનદશાને જાગૃત કરે ત્યારે પોતામાં રહેલ સ્વભાવદશાનો ભોકતા બને છે. સંસારનાં સર્વ પદાર્થો હાજર હોય, ઇન્દ્રિયો પણ સંપૂર્ણ હોય. દેહ સશક્ત હોય છતાં અંતરમાં પ્રગટ થયેલી ઉદાસીનતા પદાર્થોનાં ભોગવટામાં નિર્વેદને જ સેવતી હોય. તેથી જ સર્વ રિદ્ધિ-સિદ્ધિના સ્વામી ચક્રવર્તી ભરત, તદ્ભવ મોક્ષે પધારી ગયા. ભોગજન્ય પદાર્થો તો જડ છે એ જીવને આકર્ષી શકે નહીં પણ જીવને રાગ-દ્વેષનો ભોગવટો કરવો પણ ગમે છે. એ રાગાદિમાં ભળી જાય છે તેથી જ પોતે ભોગો તરફ આકર્ષાઇ તેને ભોગવે છે. અનાદિથી જીવને આ જ અભ્યાસ છે.

જિજ્ઞાસુ શિષ્ય, કે જેનું મન સંસારનાં ભોગોથી વિરક્ત થવા માંડ્યું છે તે તત્ત્વની દૃષ્ટિએ જીવનું ભોક્તૃત્વ શું છે તે જાણવા માગે છે. જીવ કર્મનો કર્તા છે એ તેની શ્રદ્ધામાં ઉતર્યું છે પણ સાથે-સાથે એ ય જાણ્યું કે કર્મ તો જડ છે. જડ કર્મો કઇ રીતે ફળ આપવા સમર્થ હોઈ શકે ?

ગુરુદેવે આના સમાધાન અર્થે પ્રથમ ગાથામાં એ સમજાવ્યું કે જીવ કર્મનો કર્તા કઇ રીતે છે. કર્મનાં કર્તૃત્વમાં ચેતનની પ્રેરણા હોય તો ભોક્તૃત્વમાં પણ હોય. આ તર્ક ઉપસ્થિત કરી હવે જડ કર્મો ફળ કઇ રીતે આપે તે સમજાવે છે.

**ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;**
**એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય....૮૩...**

વત્સ ! વ્યવહારમાં જોયું છે કે જડ પદાર્થોની અસર બહુ મોટી હોય છે. સામાન્ય રીતે વિચાર કરીએ તો રોજનાં ભોજનની અસર શરીરમાં દેખાય છે. ભોજનનાં પદાર્થો જડ હોય છે. છતાં શરીરમાં શક્તિ, લોહી, ચરબી વગેરે બધું જ બનાવે છે. આહારનાં બળે માણસ જીવતો હોય છે. કેટલાંક ભોજ્ય પદાર્થ તો નશીલા પણ હોય છે. ભારે ખોરાક ખાઈને ઉઠો, ને ઘેન ચડવા માંડે. આરામ કરવાની ઇચ્છા ન હોય તો પણ સૂઈ જવું પડે. આ છે ભોજનનાં પદાર્થોની શરીર પર અસર.

મદિરા પીધેલા માણસ પર, મદિરાની અસર કેટલી ? તેને ભાન-સાન ભૂલાઈ જાય, ડાહ્યો ગણાતો માણસ વિચિત્ર રીતે વર્તન કરવા માંડે, તેનાં જ્ઞાનતંતુઓ શિથિલ થઈ જાય.

ઓપરેશનનાં ટેબલ પર સૂતેલા માણસને ડૉક્ટર એનેસ્થેસિયા આપે અને તે મૃતવત્ થઈ જાય. શરીરનાં કોઈ પણ ભાગને કાપે. તેને ખબર ન પડે. કેટલી જબરદસ્ત અસર આત્મા પર ? જે આત્માને એક સોયની અણી અડે તેનું પણ સંવેદન છે એ આખું શરીર કપાઈ જાય તો પણ વેદી ન શકે, ક્યાં જાય આત્મા ? આત્મા તો ત્યાં નો ત્યાં હોય પણ

પેલા પદાર્થે, જે વેદે છે એવા જ્ઞાનતંતુઓને અત્યંત સુષુપ્ત અવસ્થામાં મૂકી દીધા તેથી સંવેદન કરી શકે નહીં.

એ જ રીતે કોઈ માણસ ઝેર ખાય તો મરી જાય છે અને ઉત્તમ પદાર્થ જેને અમૃત કહેવાય તે ખાય તો તેનાથી તેની શરીર શક્તિ–જીવન શક્તિ વધે છે.

જેટલા કહ્યાં તે બધાં જ પદાર્થો જડ છે છતાં તેની અસર શરીર પર થતી આપણે અનુભવીએ છીએ. તેમાં પણ પોતાની ઇચ્છાથી ઝેર આદિ લે તો જ અસર થાય અન્યથા ન થાય તેમ પણ નથી. જાણ્યે-અજાણ્યે લઈ લીધું તો પણ તેની અસર થાય જ છે.

જેમ આ બધી અસરો શરીર પર, મન પર, જ્ઞાનતંતુઓ પર, આત્માની સંવેદન શક્તિ પર થાય છે. એ જ રીતે શુભા--શુભ કર્મોની અસર આત્મા પર થાય છે. એ સમજવા માટે કર્મ બંધનની પ્રક્રિયાને વિસ્તારથી સમજીએ.

આત્મા અને કર્મ પરમાણુઓનાં સંબંધ વિશેષને બંધ કહે છે. તેના ચાર ભેદ છે. પ્રકૃતિબન્ધ. સ્થિતિબન્ધ, રસબન્ધ અને પ્રદેશબંધ.

**પ્રકૃતિબંધ :—**પ્રકૃતિ શબ્દનો અર્થ છે સ્વભાવ, તેથી જુદાં–જુદાં કર્મોમાં જ્ઞાનાદિની ઘાત કરવાનો જે સ્વભાવ ઉત્પન્ન થાય છે. તે પ્રકૃતિબંધ કહેવાય છે. જેમકે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આ આઠ સ્વભાવ, કર્મોમાં ઉત્પન્ન થાય છે.

જીવનાં યોગ અને કષાયરૂપ ભાવોનાં નિમિત્તથી જ્યારે કર્મ-વર્ગણાઓ કર્મરૂપ પરિણત થાય છે ત્યારે તેમાં ચાર બાબતો ઉભી થાય છે. ૧ સ્વભાવ, ૨ સ્થિતિ, ૩ ફળ દેવાની શકિત, ૪ પરિમાણ. એમાં સ્વભાવ અને પરિમાણ એટલે કે પ્રકૃતિબન્ધ અને પ્રદેશબન્ધ જીવની યોગ શકિત પર નિર્ભર છે તથા સ્થિતિ અને ફળ દેવાની શક્તિ અર્થાત્ સ્થિતિબન્ધ અને રસબન્ધ જીવનાં કષાય ભાવો પર નિર્ભર છે. યોગશકિત જેવી તીવ્ર કે મંદ હશે, બન્ધને પ્રાપ્ત કર્મ પુદ્ગલોનો સ્વભાવ અને

પરિમાણ પણ એવા જ તીવ્ર કે મંદ હશે. જીવના કષાય જેવા તીવ્ર કે મંદ હશે, બંધને પ્રાપ્ત પરમાણુઓની સ્થિતિ અને ફલદાયક શક્તિ પણ એવી જ તીવ્ર અગર મંદ હશે.

આમ પહેલાં પ્રકૃતિબન્ધમાં કર્મો જ્ઞાનાવરણાદિ રૂપે પરિણમે છે.

**પ્રદેશબંધ** :—પુદ્ગલનાં એક પરમાણુને એક પ્રદેશ કહે છે તેથી જે પુદ્ગલ સ્કંધ કર્મરૂપ પરિણત થાય છે તે પુદ્ગલસ્કન્ધોનું પરિમાણ, પરમાણુ વડે આંકવામાં આવે છે. જેમકે :—અમુક સમયમાં આટલા પરમાણુવાળા પુદ્ગલસ્કન્ધ, અમુક જીવનાં કર્મરૂપ પરિણત થયા છે, તેને પ્રદેશબન્ધ કહે છે.

જે પુદ્ગલસ્કન્ધ કર્મરૂપ પરિણત થાય છે તેને કર્મવર્ગણા સ્કન્ધ કહે છે. આ લોક પુદ્ગલાસ્તિકાયથી ઠસોઠસ ભરેલો છે. તે પુદ્ગલો અનેક વર્ગણાઓમાં વિભાજીત છે. તેમાં એક કર્મવર્ગણાનો વર્ગ પણ છે. આ કર્મ વર્ગણા જ જીવનાં યોગ અને કષાયનું નિમિત્ત પામીને કર્મરૂપ પરિણત થઈ જાય છે પરન્તુ પ્રત્યેક જીવ એવી જ કર્મ વર્ગણાઓને ગ્રહણ કરી શકે છે કે જે તેનાથી અત્યંત નીકટ હોય. જેમ આગમાં તપાવેલા લોહનાં ગોળાને પાણીમાં નાખવાથી, એ જે જગ્યાએ પડશે તે સ્થાનનાં પાણીને જ ગ્રહણ કરશે દૂરનાં પાણીને નહીં. એ જ રીતે જીવ પણ જે આકાશ–પ્રદેશોમાં સ્થિત હોય તે જ આકાશ–પ્રદેશમાં રહેનારી કર્મવર્ણણાઓને ગ્રહણ કરે છે. વળી જેવી રીતે તપાવેલો લોહનો ગોળો પાણીમાં નાખવાથી ચારે તરફથી પાણીને ખેંચે છે તેવી જ રીતે જીવ પણ સર્વ આત્મપ્રદેશોથી કર્મોને ગ્રહણ કરે છે.

ભોજન પેટમાં જવા પછી કાલક્રમથી રસ, રૂધિર આદિ રૂપ થઈ જાય છે તેમ પ્રતિ–સમય જે કર્મવર્ગણાઓને જીવ ગ્રહણ કરે છે. તે કર્મ વર્ગણાઓ પણ, એ સમયે જેટલા કર્મોનો બંધ થવાનો હોય, એટલા ભાગોમાં વહેંચાય જાય છે.

આયુષ્ય કર્મનો બંધ કાયમ નથી થતો. જ્યારે થાય છે ત્યારે એક અંતર્મુહૂર્ત સુધી જ, જીવનમાં એક જ વાર થાય છે. એ સમયે જેટલા કર્મ

પુદ્ગલો ગ્રહણ થાય તેનાં આઠ ભાગ થઈ જાય. આયુષ્ય ન બંધાતુ હોય ત્યારે સાત ભાગ થાય. દશમા ગુણસ્થાને આયુષ્ય અને મોહનીય છોડી શેષ છ ભાગ થાય અને તેરમા ગુણસ્થાને એક કર્મ જ બંધાય છે માટે ગ્રહણ કરાયેલા પુદ્ગલ તે એક રૂપ જ રહે છે.

કર્મ પુદ્ગલોનું વિભાજન કેવી રીતે થાય છે તે જોઈએ. આયુષ્ય કર્મનો ભાગ સર્વથી થોડો છે. કારણ તેની સ્થિતિ સર્વ કર્મોથી ઓછી છે. આયુષ્ય કર્મથી નામ તથા ગોત્ર કર્મનો ભાગ અધિક છે કારણ આયુષ્ય કર્મની સ્થિતિ ૩૩ સાગરોપમની છે અને નામ–ગોત્રની ૨૦ ક્રોડાક્રોડ સાગરની છે. તે બન્નેને સરખો ભાગ મળે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયની સ્થિતિ નામ–ગોત્રથી વધારે એટલે કે ૩૦ ક્રોડાક્રોડ સાગરની છે તેથી નામ, ગોત્રથી તે ત્રણેયને વધારે ભાગ મળે છે. પણ ત્રણેયને એક સરખો મળે છે. આ ત્રણેય કર્મોથી મોહનીય કર્મનો ભાગ અધિક છે કારણ કે તેની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડ સાગરની છે. વેદનીય કર્મનો ભાગ સહુથી અધિક છે. જો કે વેદનીયની સ્થિતિ મોહનીય કર્મથી ઘણી ઓછી છે તો પણ મોહનીયથી વેદનીયનો ભાગ વધારે છે કારણ કર્મ પુદ્ગલનાં ઘણાં દ્રવ્યો વિના વેદનીય કર્મના સુખ–દુઃખાદિનો સ્પષ્ટ અનુભવ થઈ શકતો નથી. વધારે પુદ્ગલ મળે તો જ વેદનીય પોતાનું કાર્ય કરવામાં સમર્થ બની શકે છે. માટે સ્થિતિ થોડી હોવા છતાં પણ સહુથી વધુ ભાગ તેને મળે છે.

**સ્થિતિબંધ**:—બંધ થઈ ગયા પછી જે કર્મ જેટલા કાળ સુધી આત્મા સાથે લાગીને રહે, તે તેનો સ્થિતિકાળ. બંધાવાવાળા કર્મોમાં આ સ્થિતિકાલની મર્યાદાનું નિશ્ચિત થવું તેને જ સ્થિતિબંધ કહેવાય છે. સ્થિતિ બે પ્રકારની. જઘન્ય અને ઉત્કૃષ્ટ. ઓછામાં ઓછી સ્થિતિને જઘન્ય અને વધુમાં વધુ સ્થિતિ, તે ઉત્કૃષ્ટ સ્થિતિ.

બીજી રીતે બે પ્રકારની સ્થિતિ કહી. કર્મ બંધાયા પછી જ્યાં સુધી ઉદયમાં ન આવે પણ આત્મા સાથે રહે તે અબાધાકાળ અને ઉદયમાં આવ્યા પછી જ્યાં સુધી ઉદયમાં રહે તે સ્થિતિ. જે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલા સાગરોપમની હોય એટલા સો વર્ષનો અબાધા કાળ હોય છે.

**રસબંધ** :— બંધ પ્રાપ્ત કર્મ પુદ્ગલોમાં ફળ દેવાની શક્તિ હોય છે તેને રસબંધ કહે છે. જીવોની સાથે બંધાયા પહેલાં કર્મ પરમાણુઓમાં કોઈ વિશિષ્ટ રસ નથી હોતો. તે નિરસ અને એકરૂપ હોય છે. પરન્તુ જ્યારે જીવ દ્વારા કર્મ પરમાણુઓ ગ્રહણ કરવામાં આવે ત્યારે જ જીવનાં કષાયરૂપ પરિણામોમાં નિમિત્તથી તેમાં અનંતગુણ રસ પડે છે. જે જીવનાં ગુણોની ઘાત કરે છે તેને જ રસબન્ધ કહે છે.

જેમ સુકુ ઘાસ નીરસ અને લુખ્ખું હોય છે પણ જુદાં-જુદાં પ્રાણીઓનાં પેટમાં જઈ દૂધ બને, તેની ઘટ્ટતા અને ચીકાશમાં તારતમ્યતા હોય છે વળી ગુણમાં પણ અંતર પડે છે. ભેંસ, ગાય અને બકરીનાં દૂધમાં આ ભેદ જોવા મળે છે. તેમ જુદા-જુદા જીવ જ્યારે કર્મ ગ્રહણ કરે ત્યારે સહુનાં કષાયભાવોમાં તરતમતા હોય છે તેથી કર્મની ફળ દેવાની શક્તિરૂપ રસમાં પણ તરતમતા બને છે. અને ઉદયમાં આવે ત્યારે તીવ્ર કે મંદ રસ ફળ આપે છે.

રસ અથવા અનુભાગ બે પ્રકારનો હોય છે. તીવ્ર અને મંદ. આ બંને પ્રકારનો અનુભાગ શુભ-અશુભ બંને પ્રકૃતિઓમાં હોય છે. શુભ પ્રકૃતિઓનાં રસને શેરડીનાં રસની ઉપમા આપવામાં આવે છે કારણ કે ભોગવવામાં એ મીઠો અને સ્વાદિષ્ટ શેરડીનાં રસ જેવો હોય છે. અશુભ પ્રકૃતિઓનાં રસને લીમડાનાં રસની ઉપમા અપાય છે. લીમડાનો રસ કડવો હોય તેમ અશુભ પ્રકૃતિઓનાં ફળ પણ દુઃખદાયી હોય છે. આ બંને રસોમાં પણ અનેક પ્રકારે વધતા-ઓછાપણું હોય છે જેને તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ તથા મંદ, મંદતર, અને મંદતમ રૂપ ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ કહે છે.

આમ કરેલા કર્મોને અમુક પ્રકૃતિ રૂપે, અમુક પ્રદેશોના પરિમાણ રૂપ, અમુક સ્થિતિ અર્થાત્ કાળ સુધી અને મંદ-તીવ્ર રસ રૂપે જીવ ભોગવે છે. આ ચારેય પ્રકારનાં બંધનાં કારણરૂપ જીવનાં કષાય ભાવો તથા યોગોની પ્રકૃતિનું માધ્યમ મુખ્ય કારણ છે. જીવ જ્યારે વિભાવ પરિણમને પરિણમે છે ત્યારે કષાયો કરે છે અને કષાયનાં આશ્રયે યોગોની તે-તે પ્રકારની પ્રવૃત્તિ થાય છે.

જેમ કર્મ કરવામાં ચેતન આત્માએ ભાગ ભજવ્યો, તો જ જડ પરમાણુઓ કર્મરૂપ પરિણમ્યા તેમ કર્મોનાં ઉદય વખતે પણ આત્મા હાજર છે, આત્મા સાથે લાગેલા કર્મો જ ઉદયરૂપ પરિણમ્યા છે, અન્ય નહીં. તેથી તે કર્મો પણ ફળ આપવા સમર્થ થાય છે.

જડ પદાર્થ પોતે કંઇ ન કરી શકે પણ, માનવ કે પશુ–પક્ષી વગેરે કોઇ જીવ જડને પ્રવર્તાવે તો જડમાં ઘણું સામર્થ્ય છે. જે આજના વૈજ્ઞાનિક યુગમાં સમજવું જરાય મુશ્કેલ નથી. પુદ્ગલનો અંતિમ ભાગ પરમાણુ. પોતે એકલો શું કરી શકે ? તેનામાં અખૂટ શકિત હોવા પછી પણ જડ હોવાનાં કારણે તે કંઈ કરી શકતો નથી પણ એ જ અણુની શકિત માપીને તેને પ્રયોગાત્મક ધોરણે ઉપયોગમાં લીધી તો એ વિશ્વનો વિનાશ કરી શકે તેવી ધ્વંસાત્મક શકિત તેનામાં પેદા થઈ અને ભલ–ભલી બિમારીને દૂર કરી શકે તેવી સર્જનાત્મક શકિત પણ વિકસિત થઈ. એ સિવાય પણ અનેક રીતે જડ-શકિતઓને નાથવામાં આવી છે અને તે માનવ પ્રાણીઓનાં ઉપયોગમાં આવે છે.

તેથી જ ગુરુદેવ કહે છે કે પદાર્થ પોતે ન જાણતો હોવા પછી પણ તેનામાં રહેલ શકિતની અસર થાય છે તેમ શુભા–શુભ કર્મ પણ જીવને ફળ આપવા શકિતમાન છે. આત્મા પર રહેલ કર્મ તેની સ્થિતિ પાકતાં ફળ આપે છે. અને ફળ આપી પોતાની જાતે જ આત્માથી અલગ થઈ જાય છે.

આમ જીવ કર્મનો કર્તા છે તો તે ભોકતા પણ છે.

આત્માનાં ભોકતૃત્વ ને સિદ્ધ કરતાં અન્ય તર્કો અવસરે.

# કારણ વિના ન કાર્ય તે...!

વીતરાગ પરમાત્મા-અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના વિભાવનાં કારણે રહેલી વિચિત્રતાનું ભાન જીવને કરાવી અનેકરૂપતામાંથી બહાર લાવી એકરૂપતા પ્રાપ્ત કરાવે છે. જીવનું સ્વરૂપ એક અને અખંડ હોવા છતાં સંસારમાં રહેલ અનંત પ્રાણીઓમાં વિભિન્નતા દેખાય છે.

મનુષ્યરૂપે, બધાં જ મનુષ્ય સરખાં, શરીરાકૃતિ સરખી, હોવા છતાં પણ એક મનુષ્ય બિલકુલ બીજા જેવો જોવા નથી મળતો. ક્યારેક કંઈક સરખાપણું બે માનવોમાં જોવા મળે તો તે પણ કરોડોમાં કોઈક. કદાચ બેલડાનાં બે બાળકો સમાન દેખાય. છતાં સૂક્ષ્મતાથી જોતાં જરા ફેર તો દેખાશે. હાથ, પગ, આંખ, કાન, નાક, મુખ વગેરે યથાસ્થાને જેટલા હોવા જોઈએ તેટલા જ હોય પણ તેનાં દેખાવમાં ફરક હોય. એ જ રીતે શરીરની દૃષ્ટિએ પશુઓમાં-પક્ષીઓમાં પણ આ અંતર રહે છે. શરીરની દૃષ્ટિએ આવી વિભિન્નતા જગતમાં દેખાય છે.

માનસિક દૃષ્ટિએ પણ મનવાળા જીવોમાં વિભિન્નતા દૃષ્ટિગોચર થાય છે. જડ પુદ્ગલોનું બનેલું મન, મનરૂપે બધાંને એક સરખું મળ્યું પણ મનનાં કાર્યોમાં ખૂબ અંતર. કોઈ માણસને નાનો એવો પ્રસંગ ખૂબ જ ઊંડી અસર કરી જાય. મન અપસેટ થઈ જાય. અરે ! તેનાં કારણે ભયંકર બિમારી નોતરી લે. જ્યારે કેટલાક માણસનાં મન એવા હોય કે અતિ દુઃખદ પ્રસંગ પણ તેનાં મનને ચલિત ન કરી શકે.

બીજી દૃષ્ટિએ માનસિક સ્થિતિ સહુની જુદી-જુદી. રસ અને રૂચિ

પણ જુદાં, એક વ્યક્તિને અમુક ચીજ કે અમુક વ્યક્તિ બહુ જ પ્રિય હોય તો બીજી વ્યક્તિને એ જ ચીજ કે એ જ વ્યકિત અત્યંત અપ્રિય હોય. આવા ગમા-અણગમાનાં ભાવો દરેકનાં મનમાં જુદી-જુદી રીતે પડ્યાં હોય છે.

એથી પણ આગળ વધીએ તો આધ્યાત્મિક ભૂમિકા પર સહુમાં ભિન્નતા હોય, જેમકે સહુ સાથે બેસીને પ્રાર્થના કરતાં હોય. ભગવાન ઋષભદેવની સ્તુતિ રૂપ ભકતામર સ્તોત્રનું સ્મરણ થતું હોય પણ ભગવાન પ્રત્યે સહુને એક સરખા ભક્તિભાવ જાગતા નથી. કોઈ ભકિતરસની ભરતીથી પ્રસન્નતા અનુભવતા હોય તો કોઈ માત્ર બોલી જવા ખાતર બોલી જતાં હોય. હૃદયને એ પ્રાર્થનાનાં ભાવો સ્પર્શે પણ નહીં.

એક સાથે ઘણાં લોકો સામાયિક લઈ બેઠા હોય. સામાયિક એટલે સમતાયોગની સાધના. એક વ્યકિતને સામાયિક કરતાં સમતાભાવ અંતરમાં સધાય પણ ખરો. ભલે થોડી વાર જ સમતા રહે પણ સમતાનો અનુભવ તો કરી લે. બીજી વ્યકિત વધારે સાધી શકે અને પ્રાયોગિક જીવનમાં સમતા ઉતરવા માંડે. એક વ્યકિતને અનેક સામાયિકો કર્યા પછી પણ સમતા શું તે ખબર પણ ન પડે.

એ જ રીતે ધર્મનાં નામે થતાં સર્વ ક્રિયા-અનુષ્ઠાનો તપ-જપ-ભક્તિ-સ્વાધ્યાય વગેરેની સહુને સરખી અસર જોવા નથી મળતી. સહુ જીવોને તેનું પરિણામ જુદું-જુદું.

વળી એક જ નિમિત્ત, કોઇની નાની સરખી ભૂલ, એક વ્યકિતને ભયંકર ગુસ્સો કરાવે, વ્યકિત ખૂબ આવેશમાં આવી જાય, ધ્રુજવા માંડે, અને બીજી વ્યકિત એ જ નિમિત્તમાં તદ્દન શાંત રહે, એને નિમિત્ત જરાય ખળભળાવે નહીં.

એટલું જ નહીં બંધુઓ! આપણાં સહુનો અનુભવ છે કે કોઈ નાનું નિમિત્ત આપણને ખૂબ અસર કરી જાય. ક્રોધથી લાલચોળ થઇ જઇએ. ન બોલવાનું બોલી નાખીએ. વ્યાકૂળ થઇ જઈએ, આખી પરિસ્થિતિને પલટાવી નાખીએ પણ ક્યારેક એ કે એથી મોટું નિમિત્ત આવે તો

પણ આપણે ખામોશ રહી જઇએ. કંઈ ન થાય મનમાં, જતું કરી દઇએ. આ બાબત પર વિચાર કરીએ ત્યારે આપણને જ આપણી જાતની વિચિત્રતાનો ખેદ થાય કે આ તે કેવું ? કોઇની નાની ભૂલે મેં કેવા ઉધામા કર્યા. અને અહીં આટલું મોટું નુકશાન થયું તો પણ મને કંઈ ન થયું. બન્ને વખત ભૂલ કરનાર વ્યક્તિ એ જ અને જોનાર પણ હું જ છતાં બંને પ્રસંગનાં મારા વ્યવહારમાં આટલી ભિન્નતા કેમ ?

આમ સમગ્રપણે વિચાર કરતાં પ્રત્યેક વ્યક્તિની પોતાની જુદાં-જુદાં સમયની સ્થિતિ જુદી, એ જ રીતે અનેક વ્યક્તિઓમાં એક સમયમાં વિભિન્ન વિચિત્રતાઓ ! આ વિચિત્રતાઓ પાછળ કંઈને કંઈ કારણ ચોક્કસ છે. ભલે પ્રત્યક્ષ કારણ હોય કે પરોક્ષ પણ કોઈને કોઈ કારણ તો હોય જ છે. કારણ વિના કાર્ય નથી હોતું.

આ કાર્ય-કારણ ભાવને સમજાવવાની સાથે-સાથે ગુરુદેવ શિષ્યની શંકાનું સમાધાન આપે છે. જીવ કર્મનો કર્તા હોવા પછી પણ ભોકતા કઈ રીતે હોઈ શકે તે શિષ્યની શંકા છે. ગુરુદેવ ફરમાવી રહ્યાં છે—

**એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;**
**કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય....૮૪....**

હે શિષ્ય ! જગતમાં કોઈ નિર્ધન છે તો કોઈ ધનવાન છે, કોઈ પંડિત છે તો કોઈ મૂર્ખ છે, કોઈ ઊંચ છે, કોઈ નીચ છે. અને આગળ કહી તે બધી જ શારીરિક, માનસિક, આધ્યાત્મિક વિચિત્રતાઓ જીવોમાં દેખાય છે. તે સર્વની પાછળ કંઈને કંઈ કારણ છે.

આ કારણ પ્રત્યક્ષમાં ક્યારેક દેખાય છે, ક્યારેક નથી દેખાતું. કોઈ માણસ ખૂબ મહેનત કરે અને ધન કમાય ત્યારે તો આપણે એમ માનીએ કે એણે પરિશ્રમ કર્યો, તેનાં ફળ સ્વરૂપ ધનપ્રાપ્તિ થઈ, પણ ઘણી મહેનત કર્યા પછી પણ સુખ-સાધન-સગવડતાઓ ન પામી શકે ત્યારે શું સમજવું ? વ્યવહારમાં બોલીએ છીએ કે એનાં નશીબ જ એવા છે ! નશીબ એ શું છે ? ભૂતકાળનો વૈભાવિક પુરુષાર્થ તે વર્તમાનનું પ્રારબ્ધ ! શુભ ભાવો સહિત થયેલો પુરુષાર્થ પુણ્યરૂપે પરિણમે છે અને અશુભ ભાવથી થયેલો

પુરુષાર્થ પાપનું નિબંધન કરાવે છે. નશીબ એ કોઈ અદૃશ્ય વિધાતાએ લખેલ જન્મપત્રિકા નથી. પણ જીવ પોતે જ પૂર્વ-જન્મોમાં જે-જે પુણ્ય-પાપ કરીને આવ્યો છે. તે જ ભાથું પ્રારબ્ધ રૂપે સાથે લઈને આવ્યો છે.

આથી નિશ્ચિત થાય છે કે વર્તમાનમાં જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તે સર્વ શુભાશુભ કર્મોનાં કારણ રૂપ છે. પૂર્વે કરેલાં કર્મો ઉદયમાં આવી તે-તે પ્રકારનાં ફળ આપી રહ્યાં છે. સર્વ જીવનાં કર્મો એક સરખાં નથી હોતા. વિભિન્ન યોનિઓમાં ગયેલ જીવે જુદા-જુદા સમયે જુદાં-જુદાં ભાવોનાં કારણે અનેક પ્રકારનાં કર્મો ઉપાર્જન કર્યા છે. તેના ઉદયથી પ્રેરાઈને સર્વ જીવો પણ એ જ રીતે જુદાં-જુદાં પરિણામવાળા હોવાનાં કારણે જુદી-જુદી જાતનાં કર્મો બાંધે છે. તે કર્મોનાં ફળરૂપ સર્વ જીવો જુદાં-જુદાં સંયોગોને પામે છે. માટે જ આટલી બધી વિચિત્રતાઓ દેખાય છે.

કર્મ પરમાણુઓ જડ હોવા પછી પણ જીવનું નિમિત્ત પામી જુદી-જુદી રીતે પરિણમે છે. જ્યાં સુધી આ પરમાણુઓ કર્મરૂપ નથી પરિણમ્યા ત્યાં સુધી તેનામાં કંઇ અંતર નથી હોતું. સર્વ સરખાં જ હોય છે. પણ જીવોનાં રાગાદિ ભાવોની તારતમ્યતા નાં કારણે પરમાણુઓમાં તારતમ્યતા ઉભી થાય છે.

એ જ રીતે આ વિશ્વમાં પરમાણુઓની અનંત-અનંત વર્ગણાઓ પડી છે. જે પોતાનાં સ્વતંત્ર વિચરણમાં કોઈ જીવને લાભ-નુકશાન કંઈ જ કરતી નથી. પણ જીવ એ પરમાણુ સ્કંધોને ગ્રહણ કરે, પછી તેમાં રૂપાંતર થાય છે અને તેનાં પરિણામો જુદાં-જુદાં, દૃષ્ટિમાં આવે છે.

પરમાણુઓ પોતાનાં સ્વભાવથી જ એક-બીજા સાથે મળે છે અને વિખરાય છે. એકલો હોય ત્યાં સુધી એ માત્ર પરમાણુ જ છે. પણ બે અને તેથી અધિક મળી જાય ત્યારે સ્કંધ બને છે. કોઇ જીવનાં, કોઈપણ જાતનાં નિમિત્ત વગર, આવા અનંત-અનંત સ્કંધો વાતાવરણમાં પડેલા જ છે. આ સ્કંધોમાં જુદી-જુદી જાતની યોગ્યતાઓ આપમેળે જ ઉભી થાય છે. જેનાં કારણે એ સ્કંધો જીવનાં ઉપયોગમાં આવે છે. આવા સ્કંધો આઠ પ્રકારનાં છે.

૧, કર્મવર્ગ :–જે સ્કંધોને, જીવ રાગાદિ ભાવો વડે ગ્રહણ કરે છે અને તે ગ્રહાયેલા સ્કંધો કર્મરૂપે પરિણમવાની યોગ્યતાવાળા છે. કર્મરૂપે આત્મા સાથે અમુક કાળ સુધી રહે છે પછી ફળ આપી આત્માથી અલગ થઇ જાય છે. ફરી પાછા એ જ જીવને અથવા બીજા જીવને કર્મ રૂપે જ ઉપયોગમાં આવે છે.

૨, મનોવર્ગ :–મનવાળા જીવો કંઇ ને કંઈ વિચારે છે. વિચારો જડ છે. પરમાણુરૂપ છે. જીવ જયારે વિચારે છે, તે પહેલાં મનોશક્તિ દ્વારા વાતાવરણમાંથી મનોવર્ગ નાં પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરે છે. પછી જ વિચાર કરી શકે છે. એક વિચાર આવીને પસાર થઇ ગયો એટલે એ જ ક્ષણે મનોવર્ગનાં પુદ્ગલ સ્કંધો જીવથી જુદાં પડી જાય છે. ફરી વાતાવરણમાં મળી જાય છે.

૩, ભાષાવર્ગ :-ભાષા પર્યાપ્તિ જે જીવોને છે. તેઓ ભાષા દ્વારા ભાવોને વ્યક્ત કરે છે. શબ્દો દ્વારા બનતી ભાષા જડ છે. જયારે કોઇ પણ માનવ કે પ્રાણી બોલે છે, તે બોલતાં પહેલાં ભાષા વર્ગનાં પુદ્ગલોને, પોતાને મળેલી ભાષા પર્યાપ્તિની શકિત વડે ખેંચે છે. તેને ભાષા રૂપ પરિણમાવે છે. પછી છોડી દે છે. ભાષા વર્ગનાં પરમાણુઓ જીવને બોલવાનાં ઉપયોગમાં આવે છે.

૪, શ્વાસોચ્છવાસ વર્ગ :-એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી સર્વ પ્રાણીઓને જીવન જીવવા શ્વાસોચ્છવાસની મુખ્ય આવશ્યકતા છે. બધાં જ જીવો શ્વાસ લેતા–મુકતા હોય છે પણ આપણે જાણી શકતાં નથી. શ્વાસ લેવાની પદ્ધતિ ભિન્ન-ભિન્ન હોય. વનસ્પતિ એકેન્દ્રિય જીવ છે. તે જીવી ઓકિસજન તથા કાર્બન હવામાંથી લે છે અને છોડે છે. તે વિજ્ઞાને પણ સાબિત કર્યુ છે. હવાની સાથે–સાથે શ્વાસોચ્છવાસ વર્ગનાં પરમાણુ સ્કંધોને પણ જીવ ગ્રહણ કરવો હોય છે. પ્રત્યેક શ્વાસ સાથે આ પુદ્ગલો ગ્રહણ થાય છે અને ઉચ્છવાસ સાથે એ પુદ્ગલો નો ત્યાગ થાય છે.

૫, ઔદારિક વર્ગ :-માનવ તથા પશુ ને ઔદારિક શરીર હોય, સ્થાવર, વિગલેન્દ્રિય તથા પંચેન્દ્રિય પ્રાણીઓનાં જે શરીરો આપણે જોઇ શકીએ

છીએ તે બધાં જ ઔદારિક શરીર. જે શરીર સડન-પડનનાં સ્વભાવવાળુ છે. વળી જે ઉદાર એટલે કે મુખ્ય શરીર છે તેને ઔદારિક કહેવાય છે. આ શરીર ને બનાવવામાં તથા ટકાવી રાખવામાં જે પુદ્‌ગલ સ્કન્ધો ઉપયોગમાં આવે તેને ઔદારિક વર્ગ કહે છે.

આ શરીર જ્યારે બન્યું ત્યારે જીવે ઔદારિક સ્કંધોને ગ્રહણ કરી બનાવ્યું. માના ગર્ભમાં રહેલું બાળક માના શરીરમાંથી પોષણ મેળવીને વૃદ્ધિ પામે છે. એ મળતું પોષણ ઔદારિક વર્ગનાં પુદ્‌ગલો હોય છે. જન્મ્યા પછી આહાર-પાણી રૂપ જે કંઈ પદાર્થો લેવાય છે તે પણ ઔદારિક પુદ્‌ગલો જ અને રોમ વડે જે આહાર થાય છે અર્થાત્ પુદ્‌ગલો ખેંચાય છે તે પણ ઔદારિક પુદ્‌ગલો જ.

દેખાતું આખું યે જડ-જગત ઔદારિક વર્ગનાં પરમાણુઓથી જ બનેલું છે. એ સિવાયનાં બીજા પુદ્‌ગલો આ જગતમાં આપણે નજરે જોઇ શકતાં નથી.

૬, વૈક્રિય વર્ગ :-દેવ અને નારકીનાં શરીર વૈક્રિય પુદ્‌ગલોનાં બનેલાં છે. જે પુદ્‌ગલો લોહી, માંસ, મજ્જા આદિ સપ્ત ધાતુ રૂપમાં પરિણમી ન શકે. માત્ર પુદ્‌ગલો જ હોય. દેવ-નારકનાં શરીરમાં લોહી-માંસ આદિ ન હોય. દેવનું શરીર શુભ વૈક્રિય પુદ્‌ગલોથી નિર્મિત હોય અને નારકનું શરીર અશુભ વૈક્રિય પુદ્‌ગલોથી.

કોઇ માનવ પણ આ લબ્ધિને સાધના દ્વારા મેળવી શકે છે. તો તે માનવ અનેક જાતનાં નાના-મોટા રૂપો બનાવી શકે છે. એ રૂપો બનાવવામાં ઉપયોગી થતાં પુદ્‌ગલો વૈક્રિય પુદ્‌ગલો હોય. દેવો પણ આ પૃથ્વી પર આવે ત્યારે અન્ય રૂપ ધારણ કરે છે તે પણ વૈક્રિય પુદ્‌ગલો દ્વારા જ રચે છે.

વાયુ ને પણ વૈક્રિય શરીર હોય. તે પણ નાનાં-મોટાં રૂપ ધારણ કરે છે. આમ વિવિધ શરીર રચનામાં ઉપયોગી થતાં પુદ્‌ગલો તે વૈક્રિય વર્ગ.

૭, આહારક વર્ગ :-આ પુદ્‌ગલો વિશ્વમાં સહુથી થોડા છે. ચૌદપૂર્વધારી મહાત્મા, સંયમી પુરુષ, મનમાં ગહન તત્ત્વની શંકા થતાં દૂર વિરાજિત કેવળી પરમાત્માને પ્રશ્ન પૂછવા જવા માટે જે શક્તિનો ઉપયોગ કરે, તે

શક્તિને આહારક લબ્ધિ કહે છે. આ લબ્ધિ દ્વારા એક નાનું શુભ પુદ્ગલો-નું પૂતળું બનાવવામાં આવે, જે પૂતળું યોજનો દૂર કેવળી ભગવાન પાસે જઈ શંકાનું સમાધાન કરી પાછું આવે અને પછી વિખેરાઈ જાય. આ પૂતળું બનાવવા માટે જે પુદ્ગલ સ્કંધો ઉપયોગમાં આવે તે છે આહારક વર્ગ.

આ લબ્ધિ માત્ર ચૌદપૂર્વધારી મુનિને જ પ્રાપ્ત થઈ શકે છે. અન્ય કોઈને નહીં.

૮, અવર્ગ-વર્ગ :–બિન ઉપયોગી પુદ્ગલ સ્કન્ધો જે વિશ્વમાં સહુથી વધારે છે. આ વર્ગનાં નાના–મોટા સ્કન્ધો વાતાવરણમાં ફર્યા કરતાં હોય. જે કદી કોઈ જીવને ઉપયોગી થયા નથી અને થવાના પણ નથી. માત્ર પુદ્ગલ રૂપે તેનું અસ્તિત્વ છે. તે મળે અને વિખરાય એમ થયા જ કરે છે.

આમ આ આઠ પ્રકારનાં પરમાણુ–પુદ્ગલ–સ્કંધો વિશ્વમાં ઠસોઠસ ભર્યા છે. પણ જ્યાં સુધી જીવનાં ભાવોનું નિમિત્ત ન પામે ત્યાં સુધી તે, જીવ પર કશી જ અસર કરતા નથી. તે પોતાનાં સ્વતંત્ર વિચરણમાં જ વિચરી રહ્યાં હોય. જડ છે, છતાં જીવનાં નિમિત્તો જીવ સાથે જોડાય ત્યારે, આત્માનાં ચૈતન્યનાં કારણે જાણે તેનામાં પણ ચેતન આવતું હોય તેમ એ પ્રવર્તવા માંડે છે. એવી જ રીતે આત્મા પર રહેલાં કર્મો જડ હોવા છતાં પણ આત્મા સાથે એક ક્ષેત્રાવગાહી રહ્યાં છે. તેથી આત્મા પર તેની અસર થાય છે.

શિષ્યનાં મનની શંકા કે જડ કર્મો કઈ રીતે જીવને ફળ આપે? તેના સમાધાનમાં ગુરુદેવે એ સમજાવ્યું છે કે જડ પરમાણુ પુદ્ગલોનું પરિ-ણમન જીવનાં આશ્રયે કેવું-કેવું થાય છે અને તે કેટલું કાર્ય કરી શકે છે.

વિશ્વની જેટલી જડ–શક્તિઓ આજે આપણે ઉપયોગમાં લઈ રહ્યાં છીએ તે પણ આપણી ચેતનશક્તિનાં સાથથી જ. જો ચેતન ન હોય તો જડ કશું ય કરી શકે નહીં. ચેતનની પ્રેરણા પામી જડ ઘણું કરી શકે છે.

તેની સાબિતિ પ્રથમ કહ્યું તેમ આ જગતની અંદર દેખાતી વિચિત્રતાઓ.

આમ જડ કર્મો ફળ દેવા સમર્થ છે. એ ગુરુદેવે સમજાવ્યું. હવે શિષ્યનાં મનમાં એક બીજી વાત છે કે કદાચ સર્વ શક્તિમાન્ ઇશ્વર જીવને ફળ દેવામાં જજનું કામ કરતો હોય! તે યોગ્ય છે કે નહીં એ શંકા તેણે ઉઠાવી છે. ગુરુદેવ આ જિજ્ઞાસાનું સમાધાન પણ કરશે જે અવસરે....

# કર્મ સ્વભાવે પરિણમે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષ-માર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આત્માથી આત્માને પામવા માટે છે. આજ સુધી જે કંઈ પામવાનો પ્રયાસ કર્યો તે ઇન્દ્રિયોથી, મનથી, બુદ્ધિથી, પણ આત્માથી નથી કર્યો અનુભવી મહાપુરુષોએ સ્વયંથી સ્વયંને નીરખવા માટે જ આરાધના બતાવી છે. એના માટે બાહ્ય-ચક્ષુ બંધ કરવા પડશે અને આંતર-ચક્ષુ ખોલવા પડશે.

જિજ્ઞાસુ શિષ્ય ઇન્દ્રિય, મન અને બુદ્ધિનાં આશ્રયે મેળવેલ જાણકારી-નાં કારણે અતીન્દ્રિય આત્મા વિષયક તત્ત્વોમાં શંકિત થયો છે. આત્માને કર્મનો કર્તા સ્વીકાર્યા પછી, આત્મા કર્મ ફળનો ભોકતા હોઈ શકે તે વિષે એને સંદેહ છે. ગુરુદેવ એ સંશયોને છેદી રહ્યાં છે.

જીવોની વિચિત્રતાઓનું દર્શન કરાવી, એ જ જીવને કર્મનું ભોગવવાપણું છે એ સિદ્ધ કર્યું. ઇશ્વર કર્મનો કર્તા નથી તો તે જીવને કર્મ ફળ દેવામાં પણ સમર્થ નથી. અને જીવનાં કર્મોનો ન્યાય કરવા માંડે, તો ઇશ્વરનું ઇશ્વરત્વ રહેતું નથી. એમ શિષ્ય પણ માને છે. છતાં હજુ મનમાં એમ છે કે ઇશ્વર ફળ ન આપતો હોય તો જગતનો કોઈ નિયમ જ ન રહે. તેથી જીવ શુભા-શુભ કર્મ ફળને ભોગવે પણ નહીં.

શ્રી ગુરુદેવ આ શંકાનું સમાધાન આપે છે.

**ફળદાતા ઇશ્વરતણી, એમાં નથી જરૂર;**

**કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર...૮૫...**

હે શિષ્ય ! તું પોતે જ સમજે છે કે ઇશ્વર ફળ દેવા સમર્થ નથી.

તેથી એ વાત તો ભૂલી જ જવાની કે ઇશ્વર ફળ આપે તો જ જીવ ભોગવે. બીજી વાત સંસારનાં જીવને સારા–નરસા કર્મફળ ભોગવતાં આપણે જોઇએ જ છીએ. કોઇ સુખી અને કોઈ દુઃખી એ જ છે જીવનાં કર્મ ફળ. જો જીવો કર્મ ભોગવે છે, તો તેની પાછળ કોઈ વ્યવસ્થિત તંત્ર પણ હશે.

એ નિયમ છે, કર્મનો પોતાનો સ્વભાવ! સંસારના સર્વે દ્રવ્યો અનંત શકિતમાન છે. આત્મા અચિંત્ય શક્તિમાન છે. તેની સંપૂર્ણ શકિત ખીલી ઉઠે છે ત્યારે તે સર્વથા મોક્ષને પામે છે. શુદ્ધ બુદ્ધ બની જાય છે. એજ રીતે જડ દ્રવ્યમાં પણ અનંતશકિત છે. એ શકિતના આધારે પોતાનું સ્વતંત્ર પરિણમન પણ છે. વળી જડ દ્રવ્યો એક થી બીજા રૂપ પરિણમે, તો પણ તેની ત્રિકાળી અનંતશકિતનો નાશ થતો નથી.

વળી કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલો જીવનાં રાગાદિ રૂપ ભાવકર્મનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મ રૂપે પરિણમે છે. ત્યારે જીવ પર પોતાનો અધિકાર જમાવવાની એક વધુ શક્તિ તેનામાં પેદા થાય છે. જ્યાં સુધી એ પુદ્‌ગલો કર્મરૂપ ન પરિણમ્યા હોય ત્યાં સુધી જીવને કંઈ કરવા સમર્થ નહીં પણ જીવ સાથે તેનો કર્મરૂપ સંબંધ થયો કે તેનામાં કેવા રૂપે, કેટલું, ક્યાં સુધી અને કેવી તીવ્રતાથી ફળ આપવું આવી યોગ્યતાઓ પ્રગટે છે. વળી કર્મ જડ પુદ્‌ગલ છે. પુદ્‌ગલોનું પોતાનું પરિણમન છે, તેથી સમય થતાં એ ઉદયમાં આવી જીવને ફળ આપે છે અને નિવૃત્ત થઈ જાય છે. જેમ–જેમ કર્મ પરમાણુ ઉદય આવલિકામાં પ્રવેશી જીવને ફળ આપે છે તેમ–તેમ તે નિઃસત્ત્વ થઈ–થઈને ખરી જાય છે, આવું સ્વાભાવિક પરિણમન તેનું ચાલુ જ છે.

ઝેર કે અમૃત, શરીરમાં જઇ તેની અસર જેટલી માત્રામાં પહોંચાડવાની હોય, તે પહોંચાડી નિવૃત્ત થઈ જાય છે. તેમ શુભ કર્મ પુણ્યરૂપ ફળ આપી ચાલ્યા જાય છે અને અશુભ કર્મ પાપ રૂપ ફળ આપી ચાલ્યા જાય છે. એક વાર ફળ આપી દીધાં પછી એ દાઢ વગરનાં સાપ જેવા થઈ જાય. કશું જ કરી શકે નહીં. કારણ તેને જીવનો સાથ છૂટી ગયો. જીવની સાથે છે ત્યાં સુધી જ તેનું જોર છે. પછી નિર્માલ્ય! હા, પોતે

પોતામાં, પોતાની રીતે પરિણત થયા કરે, પણ જીવને અસર કરવામાં અસમર્થ !

તો આમ કર્મો જડ હોવા પછી પણ જીવને ફળ આપે છે. તેથી જ જીવને કરેલાં કર્માનુસાર ભિન્ન-ભિન્ન ગતિઓમાં, તે – તે સ્થાને જ જઈ કર્મ ભોગવવા પડે છે. એ પણ હકીકત છે. શિષ્ય એમ માને છે કે, ઇશ્વર હોય તો જ આખાયે જગતનું નિયંત્રણ કરે, વ્યવસ્થા રહે. પણ જ્યાં ઇશ્વર જ સિદ્ધ થતો નથી, ત્યાં વિશ્વનું સંચાલન અશક્ય છે. તેથી જ જીવને શુભાશુભ કર્મોને ભોગવવાનાં સ્થાન પણ ન હોઈ શકે.

આનો ઉત્તર ગુરુદેવ આપે છે.—

**તે-તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;**
**ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ....૮૬....**

જીવ જેવા શુભા-શુભ કર્મો કરે છે. તે તેને ભોગવવા જ પડે છે. આ કર્માનુસાર શુભાશુભ અધ્યવસાયો થાય છે અને આ અધ્યવસાયો જ જીવની ભાવગતિ છે. ભાવગતિને અનુરૂપ એનાં ફળ ભોગવવા માટે દ્રવ્ય-ગતિ પણ છે જ.

દ્રવ્યગતિ ચાર છે. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. તેમાં ઉત્કૃષ્ટ શુભ કર્મોને ભોગવવાનું સ્થાન તે દેવગતિ – સ્વર્ગ, ઉત્કૃષ્ટ અશુભ કર્મો એટલે કે પાપ અધ્યવસાયોને ભોગવવાનું સ્થાન તે નર્ક. શુભાશુભ મિશ્ર અધ્યવસાયને ભોગવવાનું સ્થાન તે મનુષ્ય અને તિર્યંચગતિ.

ગતિ પર થોડો વિચાર કરીએ. એ સ્થાન એવું છે માટે ત્યાં ગયેલા જીવને એવાં ફળ ભોગવવા પડે છે, એમ નથી. પણ એવા કર્મો કર્યા છે માટે તે સ્થાનમાં જવું પડે છે અને કર્મો ભોગવે છે. જેમકે કોઈ માણસ ખૂન કરતાં પકડાયો, તેને જેલમાં લઈ જવાયો અને તેને કોર્ટે ફાંસીની સજા આપી. તો આ સજા જેલમાં જ અપાય. કોઇને તેનાં ઘરમાં ફાંસી અપાતી નથી. વળી એ જેલમાં ગયો માટે તેને ફાંસી થઈ એમ નથી. જો એમ હોત તો જેલમાં રહેનાર કર્મચારીઓ સુપરિન્ટેન્ડટ વગેરે અન્ય માણસોને પણ સજા થવી જોઇએ પણ જે ગુનેગાર છે તેને જ તે સ્થાનમાં

સજા થાય છે, બીજાને નહીં. તેમ જીવે જેવા કર્મો કર્યા હોય તે ભોગવવા માટે તેવા સ્થાનો છે. ત્યાં રહીને એ કર્મો તેને ભોગવવાનાં હોય.

આ સ્થાનો કોઇએ બનાવ્યા છે એમ પણ નહીં. લોકનું પરિણમન એ પ્રકારનું છે. ચૈતન્ય દ્રવ્ય શુભાશુભ અધ્યવસાયમાં પરિણમે અને ચેતનનાં ભાવોનું નિમિત્ત આપી કર્મોમાં શુભાશુભ ફળ આપવાની યોગ્યતા પ્રગટે, તે જીવને ફળ આપે આમ ચૈતન્ય અને જડનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેથી લોકમાં એવા સ્થાનોનું નિર્માણ આપમેળે થયેલું છે.

ગુરુદેવ કહે છે. જીવની શક્તિ અનંત છે. જડની શક્તિ અનંત છે. એ શક્તિને આપણી સ્થૂલબુદ્ધિ વડે માપી શકાય નહીં. તેનાં ગહન રહસ્યો ઉકેલીને કથવા બહુ મુશ્કેલ છે પણ હે શિષ્ય ! આ ઉંડી વાતોને અહીં સંક્ષેપથી કહી છે.

પોતામાં રહેલ અનંતશક્તિને એ પ્રગટ કરવાનો પ્રયત્ન કરે તો સંસાર ભાવથી ઉંચો ઉઠી, સ્વભાવને પામી શકે છે. પોતે પોતામાં ઉંડો ઉતરે તો સ્વ ને ઓળખી શકે છે. તે માટે ચિન્મય ચિંતન અનિવાર્ય છે. બંધુઓ ! માણસો ચિંતા ઘણી કરતાં હોય પણ તેને ચિંતન કરતાં નથી આવડતું. મનને જરાક જ ફેરવી નાખે તો ચિંતાના બદલે ચિંતનમાં તેનો પ્રવેશ થઈ જાય.

યુરોપનો એક અતિ-શ્રીમંત ગૃહસ્થ, આર્થર એનું નામ. સંસારના મનાયેલા સર્વ સુખો, સર્વ સાધનો એને ઉપલબ્ધ હતાં. ભોગોમાં આળોટતો હતો. એના જીવનનું એક માત્ર લક્ષ્ય હતું ધન. એ લક્ષ્યની પૂર્તિ માટે તેણે પારાવાર પુરુષાર્થ કર્યો, પ્રારબ્ધે સાથ આપ્યો અને તેણે લક્ષ્યને સાધી લીધું હતું. ધનની સાથે-સાથે ચિંતાઓ પણ એટલી જ એનાં મન પર હતી. એ નો'તો દિવસે ખાઈ શકતો કે નો'તો રાત્રે ઉંઘી શકતો. અન્ન અને ઉંઘ તેના વેરી થઈ ગયા હતાં. બંનેને ભોગવી શકે તે માટેનાં સર્વ પ્રયત્નો પણ તેનાં નિષ્ફળ ગયા. બસ, માત્ર ચિંતા-ચિંતા ને ચિંતા. તેની પત્ની પણ આર્થરની આ સ્થિતિથી દુઃખી હતી, અનેકવાર, અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યા પછી પણ આર્થર ચિંતા છોડી શકતો ન હતો. મનને શાંતિ મળતી ન હતી.

આર્થરને એક ડૉકટર મિત્ર હતો. જે માનવમનનાં ઉંડાણને પામી શકતો હતો. આર્થરની પત્નીને લાગ્યું કે આને શાંતિ આપી શકે તો તે માત્ર તેનો ડૉકટર મિત્ર જ. તેણે આર્થરને મહા-મહેનતે એ ડૉકટર મિત્ર પાસે મોકલ્યો.

આર્થરે પત્નીનું કહ્યું માન્યું અને મિત્ર પાસે ગયો. ડૉકટરે પ્રેમથી તેને આવકાર્યો, બેસાડયો. સારી રીતે વાતો કરી. કેમ આવવાનું થયું એમ પૂછતા આર્થર કહે છે દોસ્ત! બહુ મુંઝાયો છું મગજ પર ખૂબ ચિંતાઓ છે, વ્યાકૂળતા દિન-પ્રતિદિન વધતી જાય છે. ઉંઘ-આરામ બધું જ હરામ થઈ ગયું છે. હવે તો બહુ મુંઝાયો છું, સમજાતું નથી શું કરવું ? તું ડૉકટર છે, તારી પાસે દવા લેવા આવ્યો છું. હવે તો તું જ મને આ ચિંતાના બોજમાંથી બચાવી :શકીશ. આર્થર ડૉકટર પાસે એકદમ નરમ ઘેંશ જેવો થઈ ગયો. ડૉકટરમાં જાણે એને દેવ દેખાય છે. એ ડૉકટરને વિનવી રહ્યો છે.

ડૉકટર સમજી ગયો. આને શારિરીક કોઇ રોગ નથી પણ ધનની તૃષ્ણા, ભોગની લાલસા, સંસારની આસક્તિ એને ઘેરી વળી છે જેથી સત્યને એ ઓળખી શકયો નથી પરિણામે ચિન્તાઓ તેના પર સવાર થઈ ગઈ છે. તેણે આર્થરને આશ્વાસન આપતાં કહ્યું "બહુ સરસ દવા છે મારી પાસે, ચોક્કસ સારૂં થઈ જશે." એ અંદરની રૂમમાં ગયો, થોડીવારે બહાર આવી, દવાની ચાર પડીકી આર્થરના હાથમાં મૂકી. આવતીકાલ સવારથી આ દવા લેવાની છે. ત્રણ-ત્રણ કલાકે એક-એક પડીકી અને એક જ દિવસમાં ફરક પડી જશે.

આર્થર ખુશ થતો ઉઠ્યો. ચાલ્યો. ડૉકટરે ઉભો રાખ્યો. "અરે ! આર્થર, દવા લેવાની વિધિ તો જાણી લે ! આવતી કાલે સૂર્યોદય પહેલાં દરિયા કિનારે જવાનું. દૂર દૂર એકાંત-નિર્જન સ્થાન પર, સમુદ્ર તટે તારે બાર કલાક રહેવાનું ! ખાવા-પીવાની વસ્તુઓ અને શરીર પર ઢીલા વસ્ત્રો. આ સિવાય કંઈ સાથે નહીં લઈ જવાનું !"

..................આર્થરે તો દવા દીધી પાછી :

"મારે નથી જોઈતી, તારી દવા ! બાર કલાક મારો ધંધો છોડીને દરિયે પડયો રહું. એ કેમ પોસાય ? મારે કેટલી એપોઇન્ટમેન્ટસ હોય ? કેટલા બીજા કામ હોય ? એ બધાનું શું ? મારે નથી જવું !"

"અરે ! ભાઈ, તારે શાન્તિ જોઇતી હોય, તારા મનને ચિન્તાઓથી મુક્ત કરવું હોય તો એકવાર તો જા ! જઈને જોતો ખરો !"

મિત્રનાં પ્રેમભર્યા શબ્દોએ જાદુ કર્યો અને આર્થરે કંઇક વિચાર્યું. "ભલે ! તું બહુ કહે છે તો જઈશ, બાર કલાક ફ્રી હોઇશ. તો ત્યાં પણ મારે ઘણું કામ થઈ જશે. એક ફોન અને બીજો રેડિયો બે લઈને જઈશ. બધા સમાચાર પણ મળશે. ફોનથી વ્યાપારની વાતો પણ થઈ જશે. કંઇ વાંધો નહીં ! તું કહે છે તો હું જઇશ !"

"ના ભાઇ, ના ! કશું ય સાથે નથી લઇ જવાનું. રેડિયો, ફોન નહીં અને કાગળ-પેન પણ નહીં ! ભાઈ ! માત્ર ૧૨ કલાક જ છોડવાનું છે, છોડી દે. પછી જો તને કેટલી પ્રસન્નતાનો અનુભવ થાય છે !"

આર્થર અંદરથી દુઃખી છે. મનથી ખૂબ જ વ્યાકૂળ છે. ચિંતાઓ તેને ફોલીને ખાઈ રહી છે. તેથી મને-કમને પણ ડોકટર મિત્રની વાત માની લીધી. ઘરે ગયો. પત્નીને વાત કરી. પત્ની ખુશ થઈ, સમજુ હતી, સમજી ગઈ. તેણે તો બધી જ તૈયારી કરી આપી. બીજે દિવસે સવારે ખાવા-પીવાનો સામાન, તથા બિછાવવા માટે એકાદ આસન લઇ આર્થર ઉપડી ગયો સમુદ્ર તટે, દૂર-દૂર એકાંત નીરવ સ્થાન શોધી, આસન જમાવ્યું. બેઠો, ચારે બાજુ કોઇ નથી. થોડી વાર તો ગભરાયો. શું કરવું અહીં બેસીને ! મુંઝવણ થવા માંડી. ઉભો થયો. આંટા મારવા માંડ્યો. વળી બેઠો. એટલામાં સૂર્ય ઉદય થવા માંડયો. એ તો જોઈ રહ્યો. જાણે સમુદ્રમાંથી અગ્નિનો દિવ્ય ગોળો બહાર આવતો હોય એવો પ્રતિભાસ થવા માંડયો. કદી આવું દૃશ્ય જોયું નથી, મન પ્રફૂલ્લિત થઈ ગયું. અને ઉપર ઉઠતાં સૂર્યને તથા આકાશનાં બદલાતાં રંગોને જોવામાં તન્મય થઈ ગયો. સૂર્ય કેટલો ઉપર આવી ગયો ત્યાં સુધી એને ખ્યાલ ન રહ્યો. ઓચિંતુ યાદ આવ્યું. અરે ! પડિકી લેવાનો સમય થઈ ગયો છે.

એક નંબરની પડિકી ખીસામાંથી કાઢી, ખોલી. સાવ ખાલી. દવા નથી, ગોળી નથી, કોઈ પાવડર નથી. આ શું ? ગુસ્સો આવ્યો. મિત્રે મારી મશ્કરી કરી છે. ખાલી કાગળને શું કરૂં ? બે–ચાર વાર ફેરવી–ફેરવીને કાગળ જોયો. દવા તો ન જ દેખાણી પણ તેમાં કંઈક લખેલું હોય એમ લાગ્યું. ધ્યાનથી જોયું, વાંચ્યું. તેમાં લખ્યું હતું—Listen Carefully, શાંતિથી સાંભળ.

વાંચીને આર્થર વિચારે છે. શું સાંભળું ? આ લખવાનું પ્રયોજન શું ? આ તે કંઈ દવા છે ! આર્થર બુદ્ધિમાન છે. એ સમજ્યો કે જરૂર મારો મિત્ર મને કંઈક કહેવા માગે છે. જ્યારે મારી પાસે રેડિયો, ટેપ-રેકોર્ડર કે કોઈ માણસો કશું જ નથી ત્યારે હું શું સાંભળું ? સાંભળવાના સાધનો વગર શું સંભળાય ? આમ વિચારે છે ત્યાં તો પ્રાતઃકાલનાં ખુશનુમા વાતાતરણમાં થોડે દૂર ૫–૭ નાનાં નાનાં ભૂલકાઓનો કિલકિલાટ કાને પડયો. બાળકો હસી રહ્યાં છે. આજે પહેલી વાર આર્થરને બાળકોનાં હાસ્યમાં મધુરતા સંભળાણી ! એ વિચારે છે. અહા ! નાનાં બાળકોનું હાસ્ય આટલું મીઠું ?

બંધુઓ ! આર્થરને પણ બાળકો છે. છતાં કદી એ બાળકો સાથે નિર્દોષ રમત માણી શકયો નથી. બાપ તરીકેનું વાત્સલ્ય બાળકોને આપી શકયો નથી. સંતાનોનો પ્રેમ માણી શકયો નથી. ધન કમાવાનું ભૂત તેનાં દિલ–દિમાગ પર એવું તો સવાર થઇ ગયું હતું કે બાળકોમાંથી મળતા આનંદને એ માણી શકયો ન હતો. એટલામાં આકાશમાં ઉડતા પક્ષીઓનો મધુર કલરવ તેનાં કાને પડયો. તેમાં તેને મીઠાશ લાગી. સમુદ્રનાં ઉછળતાં મોજાનો ધ્વનિ તેનાં કાનમાં ગુંજારવ કરવા લાગ્યો. તેમાં સંગીતનાં સૂર તેને સંભળાયા. આ વિશ્વમાં આટલું બધું માણવા જેવું છે એ જાણતો જ ન હતો. આ સ્વરો તેનાં મનને આનંદ આપી રહ્યાં છે. સાંભળવામાં લીન થઈ ગયો છે. પણ આર્થર વિચારક છે. એ વિચારે છે : ના, મારે માત્ર આ અવાજો જ નથી સાંભળવાનાં, બીજું કંઈક સાંભળવાનું પણ છે ! એ શું ? મારો મિત્ર મને કઈ તરફ સંકેત કરી રહ્યો છે ?

વિચારતાં આર્થર બહારથી અંદર વળ્યો. અંતરમાંથી આવતાં અવાજો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. સાંભળવાનો પ્રયત્ન કરે છે. અંતરમાં કોઇક બોલી રહ્યું છે. બંધુઓ ! અંદરના અવાજો સાંભળવાની જીવને આદત નથી. બહારનાં અવાજો સાંભળવા જ જીવને ગમે છે. એટલે જ એ એકાંતે રહી શકતો નથી. એકલો પડતાં જ આત્મા કંઇક કહેવા માંડે છે. અંતઃકરણ કકળવા માંડે છે. તેનો કકળાટ સાંભળી ન શકાય તેવો હોય છે. તેથી જ પોતે પોતાને સાંભળવા નથી માગતો. દુનિયા જાણે ન જાણે પણ પોતે જાણે છે કે અંદરથી કેવો છે. વળી આત્મા પણ એકાંતે જ રજુ થાય છે. એને સાંભળતા માણસ ગભરાય છે, મુંઝાય છે. એ અવાજો ભયાનક લાગે છે. એટલે જ માણસ આસપાસ ઘોંઘાટભર્યું વાતાવરણ રાખે છે, કે આત્મા અંદરથી બોલવા ન માંડે અને બોલે તોય તેના બ્હેરા કાને એ અવાજ અથડાય જ નહીં.

આર્થરની આ જ સ્થિતિ હતી. એ મુંઝાવા માંડયો. અકળામણ વધી રહી છે. અંદરથી કોઇક બોલી રહ્યું છે. સાંભળવાની હિંમત નથી, પણ મિત્રે કહ્યું છે માટે સાંભળવું જ છે, અને અંદરથી અવાજ આવ્યો. આર્થર ! તું કોણ છે ? આજ સુધી તે શું કર્યું ? આર્થર તાજ્જુબ થઇ ગયો ? મને કોણ પૂછે છે ? તું કોણ છે ? હું કોણ છું ? આર્થર ! હું આર્થર છું ! આર્થર કોણ ? આ શરીર ! ના, અંદરથી તો કોઇ બીજો બોલી રહ્યો છે. તે બોલનાર કોણ છે ? આર્થર વિચારે ચડયો. તેને કદી આવો પ્રશ્ન અંદરમાંથી ઉઠયો જ ન્હોતો, આજ સુધી તેને અવકાશ જ ન હતો. અંતરમાંથી અવાજ ઉઠી શકે એનું આર્થરને ભાન જ નો'તું. ત્યાં 'હું આત્મા છું' એવો વિચાર તો કયાંથી જ ઉદ્‌ભવે ? આજે એ આત્માનો અવાજ સાંભળી રહ્યો છે. એ વિચારે ચડી ગયો. હું કોણ ? હું કોણ નું મનમાં રટણ ચાલ્યું. જવાબ તો મળતો નથી. પણ હું કોઇ જુદો છું, સ્વતંત્ર છું એવો એને ભાસ થવા માંડયો. 'હું', એ શું ? તેનો ઉત્તર શું ? એ નથી સમજાતું છતાં આ પ્રશ્ન ઉઠયો એ પણ એને ગમવા માંડયો. અને એ વિચારમાં કેટલો સમય પસાર થઈ ગયો એ ખબર રહી નહીં.

ત્રણ કલાક તો ક્યારના ય વિતી ગયા છે. હવે બીજો ડોઝ લેવાની તાલાવેલી લાગી. અંદરમાં શાંતિનો અનુભવ થઇ રહયો છે. ખબર છે આ દવા નહીં દુવા છે. તેણે બીજી પડકી ખોલી. વાંચ્યું. તેમાં સુંદર સૂત્ર હતું—Try Reaching Back. પાછા ફરવાનો પ્રયત્ન કર. ક્યાંથી પાછો ફરૂં ? વિચારતાં સમજાયું કે, મિત્ર ભૂતકાળ જાણે છે માટે ભૂતકાળમાં જવાનું કહે છે. કેટલાક ભૂતકાળ ભૂલી જવા માટે હોય તો કેટલાક યાદ રાખવા માટે. આર્થરને પણ એમ જ હતું. તેનો ભૂતકાળ બોધ આપે તેવો હતો. તે વિચારે છે.

ગરીબ વિધવા માનો દીકરો. ચાર ભાઈ–બહેન. ખાવા કે પહેરવા પણ પુરૂં નહીં. છતાં નિર્દોષ જીવનનો આનંદ માણતાં હતાં. આખા યે વર્ષમાં સારૂં ખાવાનાં નામે ક્રીસમસમાં માત્ર એક દિવસ કેક ખાવા મળે. તે ય સવારે એક કેક મા એ બનાવી હોય. સાંજે તેનાં ચાર ટૂકડા થઈ એક જ ટૂકડો મળવાનો હોય. પણ એનો આનંદ દિવસભર હોય. આર્થર આ દિવસો યાદ કરે છે. અહા ! એ કેકનાં એક નાના ટૂકડામાં કેટલો આનંદ હતો ! તેમાં કેટલો સ્વાદ હતો ! આજે ભાત ભાતનાં ભોજન મળે છે. સ્વાદ નથી, રૂચિ નથી, ભૂખ નથી, તૃપ્તિ નથી. શું કારણ ? ધન મળ્યા પછી પણ સુખ કેમ નહીં ? નિર્ધન દશામાં જે સુખ અને આનંદ માણ્યા તે આજે નથી મળતાં, તો નક્કી થાય છે કે ધનમાં સુખ નથી. ધન સુખનું કારણ નથી.

આ વિચારે આર્થરની આંખો ખુલી ગઈ. આજ સુધી ધનની પાછળ ખુવાર થઈ ગયો. બધું જ ભૂલી જઈ, ઈશ્વરનો ડર રાખ્યા સિવાય ભયાનક પાપો કર્યા. માત્ર ધન મેળવાની તૃષ્ણાથી જ. આજ સુધી તેની પત્ની અને મિત્રો ધનની તૃષ્ણા ઓછી કરવાનું કહેતાં હતાં પણ તેને સમજાતું નો'તું. ધન જ ચિંતાનું કારણ છે એ માનવા તૈયાર નો'તો. પણ શાંત ચિત્તે અંતરનાં એકાંતમાં વિચારણા કરવાથી, ભૂતકાળને જોવાથી સમજાયું કે આજ સુધી ધન માટે જેટલા ઉધામા કર્યા તે બધાં અનર્થની ખાણ સમા જ પુરવાર થયાં, અંતે આર્થરનાં મનમાં વસી ગયું કે ધન–

સંપત્તિ જ સર્વસ્વ નથી. ધન તો ચાલ્યું જનાર છે. નો'તું ને આવ્યું તેમ આવીને ચાલ્યું જશે માટે તેનું અભિમાન કરવા જેવું પણ નથી.

આર્થરની આંખ આડેનાં પડળો ઉતરવા માંડયા. સત્ય સમજાવા માંડયું. હળવાશનો અનુભવ થવા માંડયો. એ આનંદમાં ત્રણ નહીં ચાર કલાક વીતી ગયા. ત્રીજી પડીકી ખોલી.

ચિત્તશાંત છે. મન પ્રસન્ન છે. સર્વ બોજાથી મુક્ત, રાહત અનુભવે છે. અને એણે ત્રીજી દવા લીધી, દુવા વાંચી—

Re-Examine your motives–તારા હેતુઓને ફરીથી તપાસ. મારો હેતુ ? શાનો હેતુ ? મેં કદી હેતુ વિચાર્યો નથી. જીવું છું બસ, જીવું છું. શાના માટે જીવું છું ? હશે ને કોઈ કારણ ? આર્થર વિચારે છે. હવે હાથમાં ચાવી આવી ગઈ છે. હેતુ શોધવા બહાર જવું પડે તેમ નથી. તે પોતામાં જ ઉતર્યો. અંતર તમને તપાસ્યું, નિરીક્ષણ–પરીક્ષણ કર્યું અને તેને સમજાયું કે મારા જીવનનો ચરમ અને પરમ ધ્યેય માત્ર ધન અને ધનને આશ્રયે નામના, યશ, પ્રતિષ્ઠા ! આ મેળવવા માટેની જ મારી મથામણ છે. તો શું આ હેતું યોગ્ય છે ? નામ કોના રહ્યાં છે ? મારા જેવા તો કેટલાય શ્રીમંતો માટીમાં મળી ગયા. કોણ તેઓને યાદ કરે છે ? તો મને કોણ યાદ રાખશે ? અરેરે ! આર્થર જે નામ માટીમાં મળવાનું છે તેનાં માટે આટલી તીવ્ર વેદના વેઠી રહ્યો હતો ? ઓહો ! આ બધું જ નકામું ? આજ સુધીનું જીવન મેં વ્યર્થ ગુમાવ્યું.

બંધુઓ ! જે આર્થર કાલે એમ કહેતો હતો કે ૧૨ કલાક બીઝનેસ છોડી દઉં તો શું થાય ? મારા વિના કેમ ચાલે ? એ આજે પોતાની બધી જ પ્રવૃત્તિઓને ખોટી ઠરાવી રહ્યો છે. જેમાં એને જીવનનું સર્વસ્વ દેખાતું હતું તેની ક્ષણભંગુરતાનો પ્રતિભાસ થયો. પોતે જાણે કોઈ ઉદાત્ત હેતું વગરનું જીવન જીવ્યો હોય તેમ, આજ સુધી કરેલો પરિશ્રમ અર્થ વગરનો લાગ્યો. આ વિચારમાં ઊંડો ઉતરી ગયો સમય પસાર થઈ રહ્યો છે.

હવે માત્ર એક ડોઝ બાકી છે. જે પડિકીઓમાં કોઇ અજબ જાદુ ભર્યો છે, જે જીવનનું ધરમૂળથી પરિવર્તન કરવા સમર્થ છે, એ દવા લેવાની

લગની લાગી છે. એટલો બધો હળવો થઈ ગયો છે કે વિચાર કરતાં-કરતાં કિનારાની રેતીમાં જ્યાં બેઠો હતો ત્યાં ઉંધો સૂઈ ગયો. ચોથી પડિકી ખોલીને વાંચી. લખ્યું હતું :-Write your worries on the sand. તારી ચિંતા ઓ રેતી પર લખી નાંખ.

વાંચતા જ આર્થર વિચારવા લાગ્યો. ચિંતા? ચિંતાઓનો તો પાર જ ક્યાં છે ? કેટલી યાદ કરૂં ? કેટલી લખું ? પણ ના, મને આ દવાએ તો અમૃત પાયું છે. માટે લખી તો નાખીશ જ. એ એક, બે, ત્રણ નંબર કરી ચિંતાઓ લખવા માંડયો. ઉંધો સૂતો છે. હાથની આંગળીથી રેતીમાં લખી રહ્યો છે. મન એટલું હળવું થઇ ગયું છે, કે જેના માથે ચિંતાઓનાં ગંજ ખડકાયા હતા. એ બધી જ ચિંતાઓ જાણે સમાપ્ત થઇ ગઈ છે. હવે ચિંતા યાદ આવતી નથી. ૪-૫ લખી, યાદ કરી રહયો છે ત્યાં તો પગને કંઇક સ્પર્શ થયો. સફાળો બેઠો થઇ ગયો શું અડયું ? જુએ છે ત્યાં તો સૂર્યાસ્ત થઇ રહયો છે. સમુદ્રમાં ભરતી આવી રહી છે. મોજા ઉછળવા માંડયા છે. મોજાનાં પાણીનો સ્પર્શ થયો હતો. અને સમુદ્રની ભરતીને એ નિહાળી રહયો. ત્યાં તો એક મોટું મોજું આવ્યું અને રેતી પર લખેલી ચિંતાઓને લઈ સમુદ્રમાં વિલીન થઈ ગયું. આર્થર જોઇજ રહયો. એ ચમકયો ! અરે ! જે ચિંતાઓ કાળનાં પ્રવાહ સાથે વહી જનાર છે તેનાં માટે અત્યાર સુધી દુઃખી થતો રહયો ! હું કેવો મૂરખ !

બંધુઓ! માનવ ખોટી ચિંતાઓનાં બોજથી દબાતો જ રહયો છે પણ એ માનતો હોય એવી ૧૦૦ ચિંતાઓમાંથી ૯૬ તો આવતી જ નથી બાકી ચારમાંથી બે નો ઉકેલ સહેલાઇથી થાય એવો હોય છે. શેષ રહી બે. ખરેખર તો માણસને માત્ર બે ચિંતાઓ સામે જ લડવાનું હોય છે. પણ વ્યર્થ સો ચિંતાઓનાં બોજ નીચે પોતાની શક્તિને ખર્ચી નાખી હોય એટલે જેની સામે લડવાનું છે, ત્યાં લડવાની શકિત તેનામાં બચતી જ નથી.

આર્થર વિચારે છે. અહા ! આ કુદરતી સંકેત મને કેવી મોટી શિક્ષા દઇ જાય છે ? શા માટે આટલી ચિંતાઓ મેં સેવી ? કાળનાં પ્રવાહમાં સુખ કે દુઃખ બધું જ સમાપ્ત થનાર છે. 'દુઃખનું ઓસડ દહાડા' બસ,

આવા વિચાર કરતાં તો આર્થર હળવો થઈ ગયો. થર્મોસ-ટિફીનમાં બચેલ ચા-નાસ્તો કરીને નિસર્ગનાં ખોળે મન-મસ્ત થઇને બેઠો છે. પોતે-પોતાની સાથે વાર્તાલાપ કરી રહ્યો છે. ચિત્ત પ્રસન્નતા અનુભવી રહ્યું છે. આકાશમાં ચંદ્રોદય થઇ ગયો છે. શીતલ-મંદ સમીર વહી રહ્યો છે. અને આર્થરની આંખોમાં ઉંઘ ભરાણી, નહીં પલંગ, નહીં ગાદી, નહીં તકિયો, નહીં A.C. અને રેતી પર ઉંઘી ગયો. અનેક મહિનાઓથી નો'તી માણી શકયો તેવી મીઠી ઉંઘમાં સરી પડયો. એક ઉંઘે સવાર થયું. સૂર્યનું પહેલું કિરણ તેના દેહને સ્પર્શ્યું અને આંખ ઉઘડી. ચારે બાજુ જુએ છે. કયાં છે પોતે? ઓહો ! ગઈકાલે સવારે ૧૨ કલાક માટે સમુદ્ર કિનારે આવ્યો હતો ૨૪ કલાક થઈ ગયા. એ ઉઠયો, અંતર પ્રસન્નતાથી ઉભરાઇ રહ્યું છે, ચાલવા માંડ્યો ઘર ભણી.

ઘરનાં આંગણામાં જ પત્ની રાહ જોઇને ઉભી છે. હસતાં-હસતાં સ્વાગત કરે છે. ત્યાંતો સૌથી નાનું બાળક ડેડી-ડેડી કરતું દોડયું અને આર્થરે બાળકને તેડી લીધું. વાત્સલ્ય-ભર્યા ભાવે બાળકને પ્રેમથી ભિંજાવી દીધું. બાળકને પણ નવાઈ લાગી ! આ એજ મારા ડેડી છે ? મને કોઈ દિવસ પ્રેમ ન કરનાર ! આ ડેડીને આજ શું થયું છે ?

બંધુઓ ! આર્થરનું જીવન પલટાઇ ગયું. સંસારની તુચ્છ કામનાઓથી મુક્ત થઈ ગયો. જીવનનાં મૂલ્યો બદલાઈ ચૂકયાં. બાકીનું જીવન પ્રસન્નતાપૂર્વક શાંતિથી જીવ્યો. આર્થર આજ સુધી ચિંતા કરતો હતો. એ ચિંતાને બદલે ચિંતન તરફ વળ્યો. પોતે કોણ છે ? શું કરે છે ? શા માટે કરે છે ? વગેરે વિચાર્યું. પોતામાં જ ઊંડો ઉતર્યો તો એ સુખી થયો કારણ સુખ પોતામાં જ પડયું છે. બહારના સાધનો માનવને સુખી કરી શકે નહીં.

આપણે પણ આત્મામાં પડેલી અનંત શક્તિઓને જાગૃત કરીએ તો ધારીએ તે કરી શકીએ તેમ છીએ.

જિજ્ઞાસુ શિષ્ય શક્તિના જાગરણ માટે જ શંકારૂપ મનનાં મેલને ગુરુદેવની વાણીનાં વારિ વડે ધોઈ રહ્યો છે. જેમ-જેમ શંકાઓ શમતી જાય

છે તેનો આત્મા શુદ્ધ બનતો જાય છે. અહીં ચોથી શંકાનું સમાધાન પણ થઈ ગયું છે. જે કર્મો કરે તે ભોગવે, એ સમજાતાં એ પોતાની શ્રદ્ધા વ્યકત કરે છે.

**ચોથું પદ તે મારો આત્મા જ ભોકતા**
**કીધેલા કર્મોનો ભોગ....હાં....**
**પોતે કરી ને પોતે જ ભોગવે (૨)**
**ઈશ્વરનો માને ના યોગ...મારી....**

પાંચમા પદ વિષેની શંકા અવસરે....

# પણ તેનો નહીં મોક્ષ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની, પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, કર્મનાં ચક્ર-વ્યૂહ ને તોડી નાંખે છે. જેને કર્મોનાં વ્યૂહમાંથી છૂટવું છે તે જ જીવ આરાધનાનાં માર્ગે વળે છે. ક્રમશઃ આરાધનાનાં સોપાનો ચડતો-ચડતો સર્વોચ્ચ સોપાનને પામી જાય છે.

આત્મસિદ્ધિ-શાસ્ત્રમાં આવાં જ જિજ્ઞાસુ શિષ્યને સંસારથી છૂટવાની તડપ જાગી છે. તેથી જ ગુરુદેવનાં ચરણોમાં રહી, મનને સ્વચ્છ કરતો જાય છે. સંસાર કર્માધીન છે અને મોક્ષ સ્વાધીન છે. સ્વાધીન સુખને પામી શકાય કે નહીં તે વિષે સંશય છે. જે ગુરુદેવ પાસે રજુ કરે છે.

**કર્તા ભોકતા જીવ હો, પણ તેનો નહીં મોક્ષ,**
**વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ....૮૭...**

ગુરુદેવ ! જીવ કર્મનો કર્તા છે તથા કર્મફળનો ભોકતા છે. એ મને દૃઢ શ્રદ્ધા જાગી છે. આપની પરમકૃપાથી કર્મનો આ સિદ્ધાંત અંતરથી સમજ્યો છું પણ સંસારના સર્વ જીવો પર દૃષ્ટિપાત કરતાં, જીવની નિત્ય-તાનાં કારણે જન્મ-મરણ નાં ચાલતા ચક્રને જોતાં, એમ લાગે છે કે જીવ કર્મ કરે છે અને ભોગવે છે. ભોગવતાં વળી નવા કર્મો ઉપાર્જન કરે છે આમ કર્મ કરવા અને ભોગવવાની Cycle ચાલે જ છે. એક-એક જીવ અનંતકાળથી આ જ ઘટમાળમાં આવર્તન લઈ રહ્યો છે. વર્તમાનમાં પણ જીવ અને કર્મનો એવો ને એવો સંબંધ દેખાય છે. જો જીવનો મોક્ષ થતો જ હોત તો આજ સુધી થઈ જવો જોઈતો હતો. અનંતકાળમાં જે

નથી થયું તે હવે કેમ થાય? અનંતકાળનાં ભ્રમણમાં આત્મા અને કર્મની જે સ્થિતિ હતી તે આજ પણ છે. જેવા કર્મો કરે તેવા એ ભોગવ્યા કરે છે.

**શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;**
**અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય....૮૮....**

શુભ કર્મો કરે તો તેનું ફળ ભોગવવા દેવ-મનુષ્ય ગતિમાં જીવ જાય છે. ત્યાં પુણ્યનાં સુ-ફળ ભોગવે છે, ભૌતિક સુખોને માણે છે. અશુભ કર્મો કરે તો તેનું ફળ નરક-તિર્યંચ ગતિમાં જઈ ભોગવે છે. પાપનાં કુ-ફળરૂપ દુઃખ ભોગવે છે. આમ ગતિઓનું આવાગમન ચાલુ જ છે, ક્યાંય કર્મરહિત થયો હોય એવું દેખાતું નથી.

અહીં 'શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય' એમ કહી શિષ્યે મહાન ભ્રમને તોડ્યો છે. પોતાની સત્ય સમજણને રજુ કરી છે. સમાજમાં બહુ મોટી ભ્રામક માન્યતા ચાલે છે કે – પુન્ય કરવાથી મોક્ષ મળે છે. જેમ પુન્ય કરવાથી સંસારસુખનાં સાધનો મળી રહે તેમ મોક્ષ પણ કોઈ શ્રેષ્ઠ સ્થાન છે. દેવલોકથી પણ ઉંચુ સ્થાન છે તેથી ઘણાં પુન્ય કરનારો મોક્ષમાં જાય છે અને ત્યાંનાં સુખો ભોગવે છે.

વળી આ માન્યતાનાં અનુસંધાનમાં એક બીજો ભ્રમ પણ સેવાઈ રહ્યો છે તે એ કે પુન્યકરણી, તે જ ધર્મ છે તેનાથી જુદો બીજો કોઈ ધર્મ નથી. દાન વગેરે કરીને માણસો સંતોષ માનતા હોય છે કે આપણે ધર્મ કરી લીધો. આવા ધર્મથી મોક્ષ માને છે.

આ બંને માન્યતાઓ એ નર્યું અજ્ઞાન છે. પ્રથમ વાત તો એ કે પુન્ય એ ધર્મ નથી. પુન્ય એ આશ્રવ છે. આશ્રવ છે ત્યાં કર્મબંધ છે. કર્મ હોય ત્યાં સુધી મોક્ષ નથી કે કર્મનાં ફળ સ્વરૂપ પણ મોક્ષ નથી. માટે પુન્ય એ ધર્મ નથી. આશ્રવ અધર્મ છે. સંવર ધર્મ છે. માટે મોક્ષ સંવરથી થાય પણ આશ્રવથી નહીં.

જેનાથી શુભ કર્મો બંધાય તે પુન્ય-આશ્રવ અને જેનાથી આત્મા પર રહેલાં કર્મોની નિર્જરા થાય તે ધર્મ. મોક્ષ ધર્મથી થાય.

આમ આ માન્યતાનાં ભ્રમને તોડવા શિષ્યે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે શુભ કર્મો એટલે કે પુન્ય ભોગવવા જીવ દેવાદિ ગતિમાં જાય અને પાપ ભોગવવા નરકાદિ ગતિમાં જાય. આ ગતાગતિ ચાલુ જ છે. ત્યાં ફરી કર્મ-બંધન થાય છે. તેથી જીવ કર્મરહિત ક્યાંય થતો નથી. મોક્ષ એટલે સર્વથા કર્મરહિત થવું તે. જીવ કર્મનો કર્તા તથા ભોક્તા હશે, છે, એ માની લીધું પણ તેનાં મોક્ષની સંભાવના નથી.

આમ શિષ્ય જીવનાં મોક્ષ વિષયમાં તર્કયુક્ત શંકા લઈ, શ્રી ગુરુનાં ચરણમાં ઉપસ્થિત થયો છે. વિનય સહિત, નમ્ર મુદ્રામાં ગુરુચરણે પ્રાર્થી રહ્યો છે. ઉપકારી ગુરુદેવ આ શંકાનું સમાધાન યથોક્ત રીતે આપશે જે અવસરે....

# ઉપજે મોક્ષ સ્વભાવ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના અનંતકાળનાં બંધનને છેદી નાંખે છે, જીવ સર્વ પ્રથમ કયારે બંધાયો, તે જાણતો ન હોવા છતાં, બંધનને તોડવામાં એ સમર્થ છે.

અનંતકાળથી નિગોદમાં પડેલો જીવ, કશાયે પુરુષાર્થ વિના, માત્ર અકામ નિર્જરાનાં બળે આગળ વધે છે. એ સ્થાનમાંથી બહાર આવવાનું સામર્થ્ય જીવમાં પડયું છે. વળી નિગોદનાં જીવની ચેતના અતિ અલ્પ માત્રામાં વિકસિત હોય છે. જેનાં કારણે ચિકણાં કર્મો બાંધવાનો ત્યાં અવકાશ નથી. તેથી જ સત્તાગત કર્મોને ભોગવતો-ભોગવતો એ ઉપર ચડે છે. ત્યાં તેણે સહેલાં છેદન-ભેદનનાં દુઃખો કોણે, કયારે આપ્યા, તેની તેને ભાન નથી. તેથી જ તે જીવોમાં ઉગ્ર રાગ-દ્વેષ સંભવતા નથી, અને ઉગ્રભાવે કર્મ બંધાતા નથી. નિગોદનાં જીવોમાં પણ ચારેય કષાયો તથા ચારેય સંજ્ઞાઓ છે પણ એ વિભાવો, ઉગ્રરૂપે પરિણમવાનું સામર્થ્ય ત્યાં ધરાવતા નથી.

એટલું જ નહીં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય કે ચૌરેન્દ્રિય જીવોને કોઈ સામે ઉગ્ર થવું હોય તો કેમ થાય ? આપણે વાત-વાતમાં ઉગ્રતા ધારણ કરી લઇએ છીએ, પણ એ જીવોને કોઈ સતાવે, મારી નાખે તો પણ તેઓ કશું કરી શકતા નથી. અરે ! માનવ થયા પછી પણ કોઈની સત્તા નીચે દબાયેલો માણસ પણ તેનાં ઉપરી અધિકારીનાં વાક્પ્રહારો મુંગા મોઢે સહન કરી લે છે. કષાયોની ઉત્તેજના થવા દઈ શકતો નથી.

તો એકેન્દ્રિય-નિગોદમાં પડેલા જીવની ચેતના સુષુપ્ત છે, જ્ઞાનનો અલ્પ અંશ જ જાગૃત છે. તેથી તેનાં વિભાવ પરિણામો તીવ્રભાવે પરિણમી

શકતા નથી. જેની ચેતના જેટલી વધુ જાગૃત એટલા વિભાવ પરિણામો પણ ઉત્કૃષ્ટભાવે પરિણમી શકે છે. કષાયો તીવ્રતમની કોટીએ પહોંચી શકે છે. જેના કષાયો જેટલા વધુ તીવ્ર તેટલા કર્મબંધન પણ વધુ. જ્યાં નિકાચિત કર્મો બંધાય છે ત્યાં ઉગ્ર કષાયોનો રસ રેડાય તો જ બંધાય. જીવ જેમ જેમ વિકસિત થતો ગયો, તેની ચેતના વધુને વધુ જાગૃત થતી ગઇ, તેમ-તેમ વિભાવ પરિણામો – રાગાદિ પણ તીવ્ર થતાં ગયાં, પરિણામે વિકસિત ચેતનાનાં આશ્રયે, વધુ કર્મનિર્જરા કરી મુક્તિ તરફ આગેકૂચ કરવાની હતી તેનાં બદલે વધુ ગાઢા કર્મો બાંધી દુર્ગતિને નોતરી લીધી.

અલ્પતમ વિકાસવાળો જીવ કર્મબંધન કરે તો તે કાચા-સૂતરનાં બંધન જેવો હોય, કે જરા પ્રયાસથી તૂટી જાય પણ પંચેન્દ્રિયપણા સુધી પહોંચેલો જીવ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને જાગૃત ચેતનાનાં કારણે કાથીનાં દોરડાથી બંધાય, કે પછી છૂટવો મુશ્કેલ ! બંધુઓ ! દોરડાનો વિચાર કરો ! નાળિયેરનાં સૂકા છોતરા, જેનો એક-એક તાંતણો અલગ કરી નાખવામાં, પીંજી નાખવામાં આવે અને પછી તેને વળ દઈ એક-બીજા સાથે JOIN કરી લાંબુ મજબૂત દોરડું બનાવવામાં આવે ત્યારે એ એવું શક્તિશાળી બની જાય કે ગમે તેવી વસ્તુને બાંધી શકે. ચાલીશ હાથ ઊંડા કૂવામાંથી પાણી ખેંચી શકે. પણ તેના તાંતણા જુદા થઈ જાય તો તે નિર્માલ્ય ! અંતરમાં પડેલા કષાયોનાં ભાવને વિખેરી નાખીએ, એક-એક પરમાણુને છૂટો કરી નાખીએ તો તે આત્મા પર પોતાનું જોર જમાવી શકે નહીં.

બંધુઓ ! આ કરી શકવાનું સામર્થ્ય પણ જીવમાં જ છે. જેમ પંચેન્દ્રિય જીવ કર્મ બાંધવામાં શૂરો તેમ, તે કર્મોનાં ભૂક્કા કરવામાં પણ શૂરો ! કર્મ બાંધવાના સમયે જેમ આત્માનું અનંત વીર્ય સ્ફૂરાયમાન થાય અને થોકબંધ કર્મો બાંધે છે. તેમ માનવનાં શરીરમાં રહેલ વિકસિત ચેતનાનું અનંત વીર્ય સ્વભાવનાં પુરુષાર્થમાં સ્ફૂરાયમાન થાય તો તે સર્વ કર્મોનો ક્ષય કરી નાખે છે. રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ કરવા માટે થતી વીર્ય સ્ફૂરણા માત્ર એક માનવ જ કરી શકે. દેવોમાં એ ક્ષમતા નથી.

પ્રવૃત્તિ માર્ગે સ્ફૂરાયમાન વીર્ય સાતમી નરકની તૈયારી કરી લે છે. તો નિવૃત્તિ માર્ગે જાગતો વીર્યોલ્લાસ મોક્ષની મંઝીલે પહોંચાડી દે છે.

રાજર્ષિ પ્રસન્નચંદ્રજીએ માત્ર અંતમુહુર્તમાં આ બન્ને છેડાની શક્તિઓ જગાડી લીધી. પરભાવમાં વહેતી ચેતનાએ આત્માનાં અસંખ્ય પ્રદેશે વિલસતા વીર્યને એવું જબરદસ્ત સ્ફૂરાયમાન કર્યું કે નરકની સોપાન શ્રેણીએ ચડવા માંડયા પણ પરમાંથી વૃત્તિ પાછી ફરી, સ્વનાં લક્ષ્યે પરિણત થવા માંડી કે વીર્યનાં પ્રવાહે રાહ બદલી નાખ્યો. એ જ વીર્યશક્તિએ, વિભાવમાંથી નિવૃત્તિ લીધી અને કર્મોનો નાશ કરવા માંડયો તો સર્વ ઘાતિ કર્મોનો ક્ષય પણ અલ્પ સમયોમાં કરી લીધો.

અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજ પણ આત્માનાં અનંતવીર્યનાં ઉલ્લાસથી થતી યોગશક્તિની નિષ્ફળતા વિષે બતાવે છે—

**ઉત્કૃષ્ટ વીર્ય નિવેશે, યોગક્રિયા નવિ પેસે રે;**
**યોગતણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે ..વીર....**

આત્મામાં જ્યારે ઉત્કૃષ્ટ વીર્ય ઉલ્લસિત થઈ ઉઠે છે ત્યારે મન, વચન, કાયાની યોગશક્તિ તેમાં પ્રવેશ પામી શકતી નથી અર્થાત્ અનંત વીર્યનાં સ્ફૂરાયમાન થવાથી આત્માની પરિણામધારા એટલી વિશુદ્ધ બનતી અતિ ત્વરાએ આત્મા ગુણસ્થાનનાં વિકાસમાં આગળ વધી જાય છે. તેથી યોગોની ક્રિયા મંદ પડવા માંડે છે. કર્મને ગ્રહણ કરવા રૂપ યોગોનો વ્યાપાર બંધ થવા માંડે છે. લેશ્યા પણ નષ્ટ થવા માંડે છે. ઉત્કૃષ્ટ આત્મવીર્યથી આત્મા અયોગી, અક્રિય અને અલેશી બની જાય છે. યોગોનો પ્રભાવ આત્મા પર હવે રહેતો નથી તેથી યોગો સ્થિર થઈ જાય છે. અને યોગો સ્થિર થતાં આત્મા પણ સ્થિર થઈ જાય છે. અર્થાત્ સયોગી આત્મા અયોગી બની જાય છે. સર્વ પુદ્‌ગલોનો સંગ છૂટી જાય છે. આત્મા તથા પુદ્‌ગલ બંને દ્રવ્યો સ્વતંત્ર બની જાય છે. આત્માનો મોક્ષ થઈ જાય છે.

શિષ્યની દૃષ્ટિ માત્ર પ્રવૃત્તિ પર જ છે. તેથી એ ગુરુદેવને કહી રહ્યો છે કે શુભ અને અશુભ ભાવમાં પ્રવૃત્ત થયેલો જીવ, પુણ્ય અને પાપ કર્મ ઉપાર્જન કરતો રહે છે. અને તેનાં ફળ સ્વરૂપ સ્વર્ગ–નર્ક આદિમાં ફર્યા કરે છે. આની આદિ નથી દેખાતી તો અંત પણ નથી

દેખાતો. ગતિનાં પરિભ્રમણનો અંત આવે તો મુક્તિ થાય. માટે મોક્ષ હોય તેવું લાગતું નથી. ગુરુદેવ સમાધાન ફરમાવે છે—

**જેમ શુભાશુભ કર્મપદ; જાણ્યાં સફળ પ્રમાણ;**
**તેમ નિવૃત્તિ સફળતા; માટે મોક્ષ સુજાણ....૮૯....**

વત્સ! તારા ધ્યાનમાં આ સિદ્ધાંત તો આવ્યો જ છે કે શુભભાવનું શુભ ફળ અને અશુભ ભાવનું અશુભ ફળ જીવ પાસે જ છે. શુભાશુભ ભાવમાં પ્રવૃત્ત થયેલ જીવનો પુરુષાર્થ નિષ્ફળ નથી જતો. પ્રમાણ સહિત આ સિદ્ધાંત સાબિત થયો છે. હવે આ સિદ્ધાંતને જ વધુ સ્પષ્ટપણે વિચારીએ.

શુભાશુભ ભાવમાં પ્રવૃત્ત થયેલો આત્મા સુ-ગતિ અને દુર્ગતિ રૂપ, સુખ તથા દુઃખરૂપ, ફળને પામે છે. તેમ જ્યારે જીવ શુભ અને અશુભ બંને ભાવોથી નિવૃત્ત થઈ જાય. ત્યારે તેનામાં પોતાની સ્વ-પરિણતિરૂપ સહજ એવો શુદ્ધ ભાવ પ્રગટ થાય છે. જે શુદ્ધ ભાવ શુભાશુભ ભાવે બાંધેલા કર્મોનો ધ્વંસ કરવામાં સક્ષમ છે. આ શુદ્ધ ભાવ શુભાશુભરૂપ અશુદ્ધ ભાવનો વિરોધી છે. તે વિભાવની નિવૃત્તિરૂપ છે. અને સ્વભાવની પ્રવૃત્તિ રૂપ છે. બંધુઓ! બહુ જ વિચારણીય છે આ વિષય.

શુદ્ધ ભાવ એ આત્માનો ભાવ છે. તે વિભાવની નિવૃત્તિરૂપ છે તો સ્વભાવની પ્રવૃત્તિરૂપ છે. શુદ્ધ ભાવની પ્રવૃત્તિ જ આત્માનું સ્વાભાવિક કર્તૃત્વ છે. જેમ-જેમ જીવની શુદ્ધ સ્વાભાવિક દશા, વધતી જાય છે તેમ-તેમ વિભાવોનું જોર મંદ થતું જાય છે. આત્મા કર્મોથી મૂકાવા માંડે છે. જેટલા અંશે કર્મોનું મૂકાવું થાય છે એટલે અંશે જીવનો મોક્ષ થાય છે. કોઇપણ જીવનો મોક્ષ માત્ર એક સમયમાં, સીધો જ નથી થઇ જતો. હા, ઉપચારથી એમ કહી શકાય કે જીવને બંધનમાંથી છૂટતા માત્ર એક સમય જ લાગે છે. પણ યથાર્થતા એમ છે કે અનાદિનાં મિથ્યાત્વી જીવને જે સમયે સમ્યગ્દર્શન થયું એ જ સમયે એનો મોક્ષ થઈ જાય એવું બનતું નથી. જીવ ક્રમે-ક્રમે જ આગળ વધે છે. પછી ભલે કોઇ હળુકર્મી જીવ શીઘ્ર વિકાસ કરે અને કોઇ જીવને અર્ધપુદ્ગલ પરાવર્તન

જેટલો સમય ચાલ્યો જાય. પણ ક્રમે-ક્રમે કર્મોથી છૂટતો જાય છે, બંધન મુક્ત થતો જાય છે ને અંતે મોક્ષને પામે છે.

આમ શુભાશુભ ભાવોની નિવૃત્તિ થતાં જીવને મોક્ષ પ્રાપ્ત છે તેમ ગુરુદેવ ફરમાવે છે. હે શિષ્ય, તું એ સમજ કે પ્રવૃત્તિ સફળ છે તેમ નિવૃત્તિ પણ સફળ છે. શિષ્યે પૂછ્યું હતું કે અનંતકાળથી કર્મ-સહિત જીવ રખડ્યા કરે છે, હજુ એવો ને એવો જ છે, જીવમાંથી દોષ ગયો નથી. તેના ઉત્તરમાં ગુરુદેવ કહે છે.

**વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ**
**તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ....૯૦....**

અનંતકાળ આમ જ વ્યતિત થઈ ગયો તેનું કારણ એ છે કે જીવ શુભાશુભ ભાવમાં જ રહ્યો છે. તેને દૂર કરવાનો પ્રયાસ જ કર્યો નથી. સર્વ સામાન્ય જીવો સારા-માઠાં ભાવોમાં જ રહેતાં હોય. તે ભાવોથી નિવૃત્ત થવા જેવું છે તેની તેઓને ખબર જ નથી.

માણસ નિવૃત્તિ એટલે બેકારી સમજે છે. જેમાં કંઈ કરવાનું નહીં. હાથ જોડીને બેસી રહેવાનું, આળસુ થઈ પડયું રહેવાનું એ નિવૃત્તિ. પ્રવૃત્તિ કરે તો તેનું કાંઈક પરિણામ હોય ! નિવૃત્તિનું શું ફળ ? કાંઈ જ નહીં ! પણ નિવૃત્તિ એ શું છે ? જીવ એક કાર્યમાં રોકાયેલો હતો તેમાંથી હટી જઈ, તે કાર્યને છોડી દેવું એટલે તેનાથી નિવૃત્તિ થઇ જાય. તે નિવૃત્ત થાય તો જ બીજી જગ્યાએ પ્રવૃત્ત થઈ શકે. નિવૃત્તિનાં સમયનો સદ્ઉપયોગ થઈ શકે.

બસ, આત્માનાં ભાવોમાં પણ આમ જ છે. શુભ અને અશુભ બંને વિકારી ભાવો છે, અશુદ્ધ ભાવો છે. તેનો ત્યાગ કરવાનો છે, બંનેને છેદી નાખવાના છે, તેનાથી નવૃત્ત થવાનું છે, પરિણામે આત્મા નિજ-સ્વભાવમાં સ્થિત થાય અને શુદ્ધ ભાવ પ્રગટ થાય છે. વળી જીવના સ્વભાવમાં સંસાર નથી. સંસાર તો વિભાવ પરિણતિએ પરિણત થયો એટલે ઉત્પન્ન થયો છે. પણ જીવ સંસારભાવથી ખસવા માંડે તો પોતાનાં મૂળ સ્વરૂપના રૂપ મોક્ષ સ્વભાવ દબાયેલો છે તે જાગૃત થઈ જાય.

રાગ અને દ્વેષનાં ભાવો સર્વ યોનિઓમાં જીવ કરતો જ રહ્યો. ચાહે એ માનવ બન્યો, દેવ, નારક કે પશુ બન્યો પણ રાગાદિમાંથી નિવૃત્ત થયો નથી.

બે પશુઓ સાથે બાંધેલા હોય. તેને લીલું ઘાસ નાખવા જાવ. એક ને નાખ્યું ને બીજાને નાખતા જરા વાર લાગી કે, તે પશુ વ્યાકૂળ થઈ ઉઠશે. તમારા પર તેને દ્વેષભાવ આવશે. તેને પણ લીલું ઘાસ નાખશો એટલે તમારા પર તેને પ્રેમ જાગશે. આ તથા અન્ય યોનિઓમાં જીવે રાગ-દ્વેષ કર્યા જ છે. તેમાં પણ માનવ બન્યા પછી તો રાગાદિની માત્રા વધી ગઈ. બંધુઓ ! જાણો છો ? મનુષ્યનો જ એક ભવ એવો છે કે, ત્યાં જ જીવના શુભ-અશુભ અને શુદ્ધ ત્રણેય ભાવો Climax પર પહોંચી શકે છે. શુભ ભવોને આગળ વધારતો જીવ પુણ્યાનુબંધ કરવા માંડે તો સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં મહર્દ્ધિક દેવરૂપે જન્મ લે છે, અશુભ ભાવોથી પાપનાં પોટલા બાંધતો રહે તો સાતમી નરકની ઘોર યાતના સહેવા ચાલ્યો જાય. અને એ જ જીવ શુભ-અશુભ બંને ભાવોને છેદીને શુદ્ધભાવોમાં પરિણત થવા માંડે તો સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષને પામી જાય. આ ત્રણેય Climax પર ચઢવાની શક્તિ માત્ર માનવમાં જ છે.

તેથી જ શ્રીમદ્જી ફરમાવે છે કે શુભ-અશુભ એ તારો સ્વભાવ નથી પણ તે બંનેથી ભિન્ન એવો મોક્ષ સ્વભાવ જ તારો પોતાનો છે. એ ભાવને જાગૃત કરી લે. બંધુઓ ! જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવનો વિકાસ કરવાથી શુદ્ધ ભાવ પ્રગટે છે, વિકાસ પામે છે.

માત્ર જોવું અને જાણવું એ જ તારૂં સ્વરૂપ, એથી આગળ કશું જ નહીં. માટે પુરુષાર્થ તો એ કરવાનો છે કે રાગ-દ્વેષનાં ભાવોથી ખસી જઈ, જ્ઞાતા-દષ્ટા ભાવમાં સ્થિર થતો જા. આ માટે પ્રબળતમ પુરુષાર્થ જોઇશે. જીવના સ્વભાવને ભૂલાવનાર રાગ-દ્વેષ જેટલા પ્રબળ, સામે પુરુષાર્થ પણ એટલો જ પ્રબળ જોઈશે.

પાણીનો સ્વભાવ શીતળતા. પણ પાણીને ચૂલા પરથી ઉતારીએ જ નહીં. એ ઉકળતું જ રહે તો, ઠંડુ થાય શી રીતે ? પાણીને તેનાં મૂળભૂત

સ્વભાવમાં જોવું છે તો, કાં ચૂલા પરથી ઉતારી લો અને કાં ચૂલામાંથી અગ્નિને બુઝાવી દો. પછી કશું જ નહીં કરવું પડે! ગમે તેટલી ડીગ્રી ગરમ થયેલું પાણી હશે. પણ એક વખત અગ્નિનો સંગ છૂટી ગયો તો એ સ્વયં શીતળ થવા માંડશે. ભલે સમય લાગે પણ પાણીને પોતાનાં મૂળ સ્વભાવમાં આવ્યે જ છૂટકો છે.

બંધુઓ! આત્માનાં જ્ઞાતા-દૃષ્ટાભાવ રૂપ મોક્ષ સ્વરૂપ, રાગ-દ્વેષનાં ચૂલે ચડી વિકૃત થઈ ગયું છે. ઉકળી રહ્યું છે. એકવાર માત્ર એટલું કરો કે રાગ પણ નહીં કરૂં અને દ્વેષ પણ નહીં કરૂં. ઇન્દ્રિયો છે ત્યાં સુધી વિષયો તો ગ્રહણ થશે. પણ હું તો માત્ર સાક્ષી જ રહીશ. પછી જુઓ જીવનો નિજ સ્વભાવ પ્રગટ થાય છે કે નહીં? જેમ પાણી નીચેથી અગ્નિને હઠાવ્યા પછી ચાર-છ કલાક તેને શીતળ થતાં લાગશે. તેમ જ્ઞાતા-દ્રષ્ટા ભાવને કેળવવાની શરૂઆત કરીશું પછી તરત જ મોક્ષ થઈ જશે એમ નહીં થાય, સમય લાગશે. પણ એક વાર રાગાદિની મંદતા આવી અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી લીધી પછી અર્દ્ધ પુદ્ગલ પરાવર્તનથી વધુ સમય નહીં લાગે. તેનો મોક્ષ નિશ્ચિત જ છે.

આમ શિષ્યની શંકા હતી કે શુભા-શુભ કર્મો કરવા, તેને ભોગવવા, ફરી કરવા આ ચક્ર ચાલુ જ છે તેથી જીવનો મોક્ષ સંભવી શકે નહીં. તેના ઉત્તરમાં જ શ્રી ગુરુએ ફરમાવ્યું કે શુભા-શુભ ભાવથી નિવૃત્ત થઈ મોક્ષ સ્વભાવ પ્રગટ કરનાર જીવ મોક્ષને પામી શકે છે. શુભાશુભ ભાવ એ જીવનો સ્વભાવ નથી પણ મોક્ષ સ્વભાવ એ જ જીવનું સ્વરૂપ છે.

આ વિષયમાં વધુ એક વાર વિચારણા કરી ગુરુદેવ સમજાવે છે તે અવસરે—

## આત્મ-ચિંતન

"હું....આત્મા...છું"...."હું... આત્મા...છું"

સહજ.... એ મારૂં સ્વરૂપ....

હું.... સહજ સ્વભાવી છું.... કૃત્રિમ નથી.... હું.... ચૈતન્ય.... હું.... આત્મા સ્વયંભૂ છું.... આત્માને કોઈ પેદા કરી શકે નહીં.... કોઈ રચી શકે નહીં.... કોઈ બનાવી શકે નહીં... હું સ્વતઃ.... સહજ સ્વભાવી દ્રવ્ય છું.... સહજતા.... એ મારો સ્વભાવ....

હું.... આત્મા છું.... માટે જ.... આત્મા છું....

તેનું કોઈ કારણ નથી.... તેની કોઈ રચના નથી... સહજ રૂપે હું આત્મા.... ચૈતન્ય.... એ મારો સહજ ગુણ....

જ્ઞાયકતા.... એ મારો સહજ સ્વભાવ.... મારામાં... કોઈએ ચૈતન્યનો આરોપ કર્યો નથી.... જ્ઞાયકતાનો કોઇએ આરોપ કર્યો નથી.... મારૂં ચૈતન્ય.... સહજ છે.... મારી જ્ઞાયકતા.... સહજ છે.... હું આત્મા.... દ્રવ્ય રૂપે સહજ....,જ્ઞાનાદિ ગુણો રૂપે સહજ અને તેથી....સર્વે પદાર્થો રૂપે સહજ.... આ આત્માનું સ્વાભાવિક પરિણમન.... સહજ રૂપે થાય છે....

વૈભાવિક પરિણમનમાં.... કર્મના ઉદયની અપેક્ષા છે.... રાગ-દ્વેષના ભાવોની અપેક્ષા છે.... પણ આત્મા જ્ઞાનાદિ રૂપે....., ચૈતન્યરૂપે પરિણમે છે...., તેમાં કોઈની અપેક્ષા નથી.... સર્વ અપેક્ષાઓથી રહિત.... પોતે.... પોતામાં સહજભાવે પરિણમે છે....

મારામાં જ્ઞાનગુણનું પરિણમન... સહજ છે... જ્ઞાન થવા માટે.... બહારના કોઇપણ પદાર્થની.... આવશ્યકતા નથી...., કોઇના આલંબનની જરૂર નથી....

દર્શનગુણને પરિણમાવવા માટે મારી શ્રદ્ધા.... મારા આત્મભાવમાં.... રહે તે જ આવશ્યક છે....

ચારિત્રભાવને પરિણમાવવા માટે.... બાહ્ય લિંગની આવશ્યકતા નથી.... આત્મા.... આત્મામાં રહે.... નિજાનુભૂતિમાં વાસ કરે... એ ચારિત્રનું પરિણમન છે....

રત્નત્રય રૂપે પરિણમાવવું... એ મારો સહજ સ્વભાવ છે...

રાગ-દ્વેષ રૂપે પરિણમાવવું.... એ કૃત્રિમતા છે... સહજતા નથી... મારા મન.... વચન.... કાયાના યોગે કરી.... જેટલું પરિણમન થાય છે.... તે બધું કૃત્રિમ પરિણમન છે..., કરાયેલું છે....જ્યારે નિજ સ્વાભાવિક દશાનું પરિણમન.... એ સહજ પરિણમન છે....

મારે....વૈભાવિક પરિણમનથી પર થઈ....મારા સ્વાભાવિક પરિણમનમાં.... સ્થિર થવું છે....સહજ દશાને પામવી છે .. સહજ સ્વભાવી આત્માને... નિહાળવો છે....સહજાનંદી આત્માને....અનુભવવો છે... તે માટે માત્ર.... આત્માનું ચિંતન...થોડી ક્ષણો વધુ...એકાગ્ર ..થઈ..આત્માનું ચિંતન...

"હું... આત્મા.... છું"...."હું.... આત્મા.... છું."

ૐ .... .... ....

"શાંતિ" "શાંતિ" "શાંતિ."

## ...આત્યાંતિક વિયોગ !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની–અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના, સંપૂર્ણતામાં પરિણમે છે ત્યારે જ જીવની આત્યાંતિક મુક્તિ થાય છે. આરાધનાનું ફળ મુક્તિ, પણ જેટલે અંશે આરાધના એટલે અંશે મુક્તિ.

કોઈપણ જીવની મુક્તિ એક ક્ષણમાં થઈ જાય તેમ બનતું નથી, પણ ક્રમે – ક્રમે થાય છે. જેવી રીતે સૂર્ય પૂર્વાકાશની ક્ષિતિજમાંથી સંપૂર્ણપણે બહાર આવતાં પહેલાં તે ક્રમે – ક્રમે ઉપર ચઢતો હોય. અત્યારે છ વાગે સૂર્યોદય થતો હોય તો લગભગ પાંચ વાગ્યાથી આકાશનાં રંગોમાં પરિવર્તન થવા માંડે, પો ફાટે, પ્રભાત થાય અને ધીમે ધીમે સૂર્ય ઉપર આવે. સર્વ પ્રથમ ક્ષિતિજમાં માત્ર એક પતલી લાલ કિનાર દેખાય, જે પ્રતિક્ષણે સ્થૂલ થતી જાય અને થોડી ક્ષણોમાં આખો ય સૂર્યનો ગોળો ઉપર આવી જાય. આ પ્રક્રિયા ધીરે – ધીરે થાય છે.

એ જ રીતે કોઈપણ આત્મા, અનાદિનો મિથ્યાત્વી હોય અને જે સમયે પ્રથમ સમકિત પામ્યો, તે જ ક્ષણે મોક્ષ પામી જતો નથી પણ વિભાવોનાં અંધકારમાં ડૂબેલો માનવ ક્રમશઃ આગળ વધે છે. સમ્યક્ત્વ પામ્યા પછી પણ ચોથા ગુણસ્થાનથી સીધો તેરમે ગુણસ્થાને કેવળ અવસ્થાને પામી જાય એવું આજ સુધી બન્યું નથી. શનૈઃ શનૈઃ મોહનીય કર્મને ખપાવતો જીવ આગળ વધે છે.

જીવમાં અનંત શક્તિ પડી છે. પણ કર્મોનાં ગાઢ આવરણોનાં કારણે એ શક્તિનો અનુભવ નથી. તેથી જ આ જીવ કર્મબંધનો દ્વારા આત્માને

વધુને વધુ આવરિત કરતો રહ્યો છે. પણ જો એ એકવાર કૃષ્ણપક્ષી મટી શુકલ-પક્ષી બની જાય તો તેનો ઉદય થવો નિશ્ચિત જ છે.

આ શબ્દ પ્રયોગ સમજવા જેવો છે. કૃષ્ણપક્ષી કોને કહેવાય ? જે પક્ષમાં દિવસે-દિવસે અધંકાર વધતો જાય. પૂનમ જાય અને કૃષ્ણપક્ષ શરૂ થાય. વદ એકમનો ચંદ્ર જોઈએ તો પૂનમનાં ચંદ્ર કરતાં બહુ ફરક ન દેખાય. પણ સૂક્ષ્મતાથી જોતાં તેની તેજસ્વિતા ઓછી થઇ ગઇ હોય. પૂનમનાં ચંદ્ર કરતાં ધૂંધળો થઇ ગયો હોય. વળી એનો ઉદય પણ મોડો થાય. દિન-પ્રતિદિન જેમ-જેમ દિવસો વીતતા જાય તેમ-તેમ ચંદ્ર વધુને વધુ ફિક્કો પડતો જાય, અંધકાર વધતો જાય. અમાસ આવે ત્યાં પૂર્ણ અંધકાર થઈ જાય.

શુકલપક્ષમાં બીજનો ચંદ્ર એક પાતળી દોરી જેવો હોય, તે પ્રકાશ પણ ન આપે. પરંતુ તેનો વિકાસ થતો જાય તેમ-તેમ પ્રકાશ વધતો જાય. સુદ આઠમ-દસમનો ચંદ્ર પણ પ્રકાશ આપે. ચંદ્રનું તેજ વધતું જાય અને પૂર્ણિમાની રાત્રે સોળે કળાએ ખીલેલો ચંદ્ર પૂર્ણ પ્રકાશિત હોય. સારી આંખોવાળો માણસ એ પ્રકાશમાં વાંચી શકે, કાર્ય કરી શકે.

આમ કૃષ્ણપક્ષી જીવ, જ્યાં સુધી છે ત્યાં સુધી આત્મામાં મિથ્યાત્વનો અંધકાર વધતો જાય. અરે ! કયારેક વધ-ઘટ થાય પણ પ્રકાશમાં તો ન જ આવી શકે. દર્શન મોહનીય કર્મ પાતળું પડે. થોડો અંધકાર છેદાય, અને બીજનાં ચંદ્ર જેવી, શુકલપક્ષી દશાનો પ્રારંભ કરે પછી જ આત્મવિકાસનાં માર્ગમાં વધુ ઉજ્જવળ બનતો જાય. પરન્તુ પહેલાં તો જીવને કૃષ્ણપક્ષીમાંથી શુકલપક્ષી થવામાં જ સમય લાગે.

જેમકે આજે વદ એકમ હોય અને આપણે ઇચ્છીએ કે કાલે પૂર્ણિમાનો ચંદ્ર ઉગે તો ન જ થઈ શકે ! કોઈ શકિત પણ આમાં ફેરફાર ન કરી શકે ! આજે વદ એકમ છે તો પૂર્ણિમાનાં ચંદ્રને જોવા તમારે એક મહિના સુધી રાહ જોવી જ પડશે. ગમે તેવી ઉથલ-પાથલ કરી નાંખો. આજનું વિજ્ઞાન ગમે તેટલુ એડવાન્સ હોવા પછી પણ, અને ચંદ્ર પર જઇ આવ્યાનો દાવો કરતું હોય તો પણ એ ચાહે ત્યારે પૂર્ણિમાનાં

ચાંદને ઉગાડી ન શકે. એ તો એના ક્રમથી જ થાય. ભલે કૃષ્ણપક્ષ હોય, પણ તેની ગતિ ચાલુ છે. તેથી મહિના પછી પણ પૂર્ણચંદ્રનાં દર્શન થશે.

એવી જ રીતે જીવ શુકલપક્ષી થયો. દર્શનમોહ પાતળું પાડયું. ગાઢ અંધકારમાંથી એકવાર બહાર આવ્યો પછી તરત જ સર્વ કર્મોનો ક્ષય કરવા જેવી વીર્યશક્તિની સ્ફૂરણા ન કરી શકે. તેને સમયની રાહ જોવી જ રહી. પણ શુકલપક્ષી, આત્માની પૂર્ણતાને પામશે તે નિશ્ચિત.

શિષ્યને મોક્ષનાં હોવાપણા વિષે શંકા છે. ગુરુદેવ એ શંકાનું સમાધાન કરી રહ્યાં છે. જીવ સ્વયં જ મોક્ષ સ્વભાવી છે. એ સ્વભાવ જાગૃત થઈ જાય તો જીવ પુરુષાર્થની દિશામાં ત્વરિત ગતિએ પ્રગતિ કરશે. એ પુરુષાર્થ અજ્ઞાનને છેદી નાંખે, પર-સંયોગોને તોડી નાખે. અને આગળ વધતા મુકત થઈ જાય. એ બતાવતાં ગુરુદેવ ફરમાવે છે—

**દેહાદિક સંયોગનો, આત્યાંતિક વિયોગ;**
**સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ...૯૧....**

હે વત્સ ! મળેલા દેહાદિ સંયોગનો જ્યારે આત્યાંતિક વિયોગ થશે ત્યારે મોક્ષ એ જ ક્ષણે થશે. દેહ, ઈન્દ્રિય, મન બુદ્ધિ વગેરે સંયોગ -સ્વભાવે જીવ સાથે છે. જેનો સંયોગ છે તેનો વિયોગ પણ હોય જ. આ જીવ ભૂતકાળમાં દેહ, ઈન્દ્રિય વગેરે અનેક વાર પામ્યો અને એટલી જ વાર એ સર્વનો વિયોગ પણ થયો. જ્યાં જ્યાં જન્મ ધર્યો ત્યાં-ત્યાં દેહ તો મળ્યો જ સાથે એકથી લઈ પાંચ ઈન્દ્રિયો પણ મળી, ક્યારેક મન મળ્યું, બુદ્ધિ મળી અને તે જન્મનું આયુષ્ય પૂર્ણ થતાં એ બધું જ છોડીને વળી નવો જન્મ ધારણ કર્યો, ત્યાં પણ એ જ મેળવ્યું. આમ અનંતવાર દેહાદિનો સંયોગ થયો અને વિયોગ પણ થયો. છતાં જીવ પાર ન પામ્યો. કારણ એ જ કે એકવાર દેહાદિનો વિયોગ થયા પછી જીવ સાથે કર્મો તો રહ્યાં જ કે જે ફરી-ફરીને દેહાદિનો સંયોગ કરાવે

જેમ દેહાદિનો વિયોગ અલ્પકાળ માટે જ થયો, તેમ આત્મા સાથે લાગેલા કર્મો પણ સર્વથા ક્ષય ન થતાં તેનો પણ સંયોગ અને વિયોગ

થતો જ રહ્યો. ક્યારેક કર્મો વધારે તો ક્યારેક ઓછા પણ અનંતના આંકને તેણે તોડયો નહીં. તેથી ફરી-ફરીને આ સંયોગ-વિયોગમાં જ જીવો અટવાતો રહ્યો.

અહીં જ્ઞાની ગુરુ ફરમાવે છે કે આવા ક્ષણિક વિયોગથી જીવ ઠેકાણે આવે નહીં, પણ આત્યંતિક વિયોગ અર્થાત્ એકવાર વિયોગ થયા પછી ફરી કદી સંયોગ ન થાય એવો પ્રબળ પુરુષાર્થ જીવ કરી લે, કર્મનાં સર્વ સંયોગોનો જ ત્યાગ કરી દે તો પછી ફરી નવો દેહ ધારણ કરવાનો નહીં રહે. દેહ ન મળતાં તેને કારણે પ્રાપ્ત થતાં ઇન્દ્રિય, મન, બુદ્ધિ આદિનો સંયોગ પણ નહીં થાય. આત્મા સર્વથા શુદ્ધ, નિજ સ્વરૂપને પામી જશે. અને તેનું જ નામ સિદ્ધપદ, મોક્ષપદ, શાશ્વત સ્વરૂપ. જ્યાં અનંત-અનંત કાળ સુધી જીવને નિજ સ્વભાવનાં સુખનો જ ભોગ છે.

આ ગાથામાં સિદ્ધપદને શાશ્વત કહ્યું તેનું કારણ એ છે કે જૈન પરંપરા સિદ્ધિને અનંત માને છે. એક વાર એક જીવ મુક્ત થઈ ગયો પછી ફરી એને જન્મ-ધારણ કરવાનો નથી. આ સૃષ્ટિમાં માનવ અવતાર કે અન્ય કોઈ અવતાર લઈને આવવાનું નથી. જો એમ થતું હોય તો મોક્ષનો કોઈ અર્થ જ નથી. ફરી-ફરીને જન્મ લેવા ન પડે માટે તો મુક્તિનો પુરુષાર્થ છે. અને જો મુક્ત થયા પછી પણ જન્મ લેવાનાં બાકી જ રહે તો, સર્યું એ મુક્તિથી ! અહીં તો જે જીવ સિદ્ધ થાય, મોક્ષ પામે તે અનંતકાળ માટે જ. સદા-સર્વદા એ જ શાશ્વત સ્થિતિમાં રહેવા માટે જ. સર્વ સંયોગ-વિયોગથી પર થઈને માત્ર એક જ, અટલ, નિશ્ચલ, શાશ્વત સ્થિતિ એ જ મોક્ષ. તેથી જ મહાયોગી આનંદઘનજી મહારાજે આત્મમસ્તિમાં ગાયું છે.—

**રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે,**
**ભાંગે સાદિ અનંત....ઋષભ.**

આદિ અનંત જેની સ્થિતિ છે, એવા પરમાત્મપદને પામી જવું. એ જ છે સાહિબને રીઝવવાપણું. આ આદિ-અનંતને સમજીએ.

જીવ સાથેનાં ભિન્ન–ભિન્ન સંબંધોને ચાર રીતે જાણી શકાય. ૧, અનાદિ અનંત ૨, અનાદિ અંત ૩, આદિ અનંત ૪, આદિ અંત.

જીવ અનાદિ અનંત છે. તેની કયારેય ઉત્પત્તિ થઈ નથી. અને નાશ પણ કદી થશે નહિ. તેથી જીવની આદિ પણ નથી અને અંત પણ નથી.

જીવ અને કર્મનો સબંધ અનાદિ–અંત છે. આ જીવને સર્વ પ્રથમ કર્મ લાગ્યાનો સમય મળતો નથી. ખાણમાં પડેલા સોનાની જેમ અનાદિકાળથી જ જીવ સાથે કર્મ છે. અનાદિ હોવા છતાં, આ સંબંધનો અંત છે. જીવ પુરુષાર્થ કરે તો, જેમ માટીમાંથી અલગ થઈ જઈ સોનું શુદ્ધ બની જાય છે, તેમ જીવ પણ શુદ્ધ બની જાય છે. અર્થાત્ કર્મનાં સંબંધનો અંત આવી જાય છે. તેથી કર્મનો સંબંધ અનાદિ હોવા છતાં અંતવાળો છે.

આત્માની મોક્ષ સ્થિતિ આદિ અનંત છે. સંસારનાં પરિભ્રમણ–માં જીવ અનાદિકાળથી બંધનમાં હતો. પહેલાં કદી મુકત થયો નથી. પણ જ્યારે સર્વ કર્મોનો ક્ષય થાય ત્યારે સર્વ પ્રથમ મોક્ષદશાની પ્રાપ્તિ થાય છે. અને તે દશા અનંતકાળ સુધી જીવની સાથે રહે છે. તેનો કદી અંત આવતો નથી તેથી મોક્ષદશારૂપ સ્થિતિ જીવને આદિ અનંત છે.

આદિ–અંત વાળી સ્થિતિ તો જીવને અનેક પ્રકારે ઘટિત થઈ શકે છે. જીવ અને કર્મનો સંબંધ અનાદિ હોવા છતાં પ્રત્યેક કર્મની અપેક્ષાએ એ કર્મ જયારે જીવને લાગ્યું તે તેની આદિ થઈ અને તે આત્માથી અલગ થઈ ગયું ત્યારે અંત થયો. બીજી રીતે અનાદિ મિથ્યાત્વી જીવને પ્રથમ સમ્યક્ત્વ થાય ત્યારે જીવની સમકિત દશાની આદિ થઈ અને એ સમકિત ક્ષાયક ન હોય, પણ ઉપશમ કે ક્ષયોપશમ હોય તો થયા પછી ચાલ્યું જાય તો એનો અંત થઈ ગયો. આમ કેટલાક ભાવો જીવની સાથે આદિ–અંતવાળા હોય છે.

આનંદઘનજી મહારાજ, જેની આદિ છે પણ કદી અંત થવાનો નથી એવા અનંત-શાશ્વત પરમાત્મ ભાવને પ્રાપ્ત કરવાની વાત કરે છે. જે પરમાત્મ તત્ત્વ અંતરમાં જ પડયું છે તેને પ્રગટ કરવાનું છે. તેને રીઝવવાનું

છે. અર્થાત્ પોતે પોતાના આત્મદેવને જ રીઝવવાનો છે. મંદિરોમાં જઈ પ્રભુની પ્રતિમાની સન્મુખ પૈસા–ચોખા કે ફળ–ફૂલ ધરવાથી, નહીં આત્મદેવ રીઝે કે નહીં એ પ્રતિમાનો દેવ રીઝે. પણ અંતરઆત્માને રીઝવવા માટે તેનામાં તન્મય થવું પડશે. સર્વ બાહ્ય સંયોગોથી પર થઈ માત્ર તન-મન-માં આત્મદેવને નીરખવો પડશે.

કબીરની દાંપત્ય ભકિત એમ જ પ્રભુને રીઝવે છે. કબીરે પ્રભુની વિરહ વ્યથાનો અનુભવ કર્યો છે. અને પ્રભુને પ્રિયતમ માનીને તેમને રીઝવવાનો પ્રયાસ પણ કર્યો છે. જ્યારે કબીર આત્માનુભૂતિમાં ઉંડા ઉતરી જાય છે ત્યારે પોતામાં જ પ્રભુનાં અસ્તિત્વનો આભાસ તેમને મળે છે પણ એ પ્રભુ પ્રગટ થતો નથી ત્યારે તેને કેમ પામવો એની દુવિધામાં પડે છે તેઓ કહે છે...

**પ્રિતમકો પતિયાં લિખૂં, જો કહું હોત વિદેસ;**
**તનમેં, મનમેં, નૈનમેં, તાકો કા સંદેશ......?**

મારો પ્રિયતમ જો પરદેશ હોત તો પત્ર લખી તેમનાં સમાચાર મેળવત, તેમને બોલાવત, પણ જે મારા તનમાં, મનમાં નયનોમાં સમાયેલો છે. તેને કયાં સંદેશ મોકલું ? તેમને શું સંદેશ મોકલું ? અર્થાત્ કબીર કહે છે મારો પરમાત્મ પ્રભુ, સચ્ચિદાનંદઘન બ્રહ્મ મારા ઘટમાં જ વિરાજે છે. તેને શોધવા કયાંય દૂર જવું પડે તેમ નથી. એકવાર જો એ રીઝી ગયો તો પછી એ કદી મારાથી દૂર કયાંય નહીં જઈ શકે! દામ્પત્ય ભાવનું પ્રતીક બાંધીને વળી કબીર કહે છે. મારા નયનોની ઓરડીમાં આંખની કીકી રૂપ પલંગ પર પિયુને બેસાડી, પલકોનાં પર્દાને નાખી દઈ, પિયુને રીઝાવી લઉં........

**નયનનકી કરી કોઠારી, પુતરી પલંગ બિછાય;**
**પલકનકી ચિક ડારિકૈ, પિયુ કૌ લેઉ રિઝાય...!**

બાહ્ય દૃષ્ટિ બંધ કરી, આંતરચક્ષુને ખોલી આત્મભાવમાં લીન થઈ જવાય તો પરમાત્મા પ્રિયતમ પ્રગટ થયા વિના રહે નહીં. પછી સદા-

શાશ્વત સુખની મોજમાં મસ્ત બની પરમાત્મા સાથે આનંદને માલ્યા કરૂં.

બસ આ છે આદિ–અનંત પરમાત્મ તત્ત્વ, ગાથામાં શ્રીમદ્જી પણ એ જ કહે છે. સર્વ બાહ્ય સંયોગો નો સર્વથા વિયોગ થઈ જતાં શાશ્વત તથા અનંત એવા સિદ્ધપદને પામી શકાય છે. જે સુખનો કદી અંત નથી તેવા અંત રહિત સુખની પ્રાપ્તિ પુરુષાર્થ વડે સર્વ જીવને પ્રાપ્ય છે.

શિષ્યનાં અંતઃકરણમાં થયેલ મોક્ષ છે કે નહીં ? એ વિષયની જે શંકા હતી તેનું સમાધાન ગુરુદેવે આપ્યું છે કે જ્ઞાતા–દૃષ્ટા ભાવરૂપ મોક્ષ સ્વભાવ પ્રગટ થાય તો જીવ મોક્ષને અવશ્ય પામી શકે છે. શિષ્યને જયાં આ સમાધાન થયું કે 'મોક્ષ' છે ત્યાં તેનું અંતઃકરણ પ્રસન્નતાથી ઝૂમી ઉઠયું અને અંતર ગુંજારવ કરવા માંડયું.

**પાંચમુ પદ તે સૌથી સોહામણું**
**મોક્ષની પ્રાપ્તિ પમાય......(૨)**
**પર સંયોગે સંસારે આથડયો**
**સ્વભાવે સ્વમાં સમાય......મારી......**

ઘણાં સમાધાન પછી હવે માત્ર એક જ જિજ્ઞાસા શિષ્યનાં અંતઃ-કરણમાં રહી છે. તેની વિચારશકિત અને ચિંતનશીલતાએ તેને આવી જિજ્ઞાસા માટે પ્રેરિત કર્યો છે. તે જિજ્ઞાસાથી ઉભા થતાં પ્રશ્નો કેવા છે તે અવસરે........

## હોય કદાપિ મોક્ષપદ......!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના, આરાધ્યની પ્રાપ્તિ માટે જ છે. જીવ આરાધક છે, જ્ઞાનાદિ રત્નત્રય આરાધના છે અને પરમાત્મપદની પ્રાપ્તિ તે આરાધ્ય છે. બીજા શબ્દોમાં સાધક, સાધના અને સાધ્ય.

માત્ર આત્મિક દૃષ્ટિથી જ નહીં પણ વ્યાવહારિક જગતમાં પણ આ ત્રણેયનું હોવું જરૂરી છે. માનવનું બૌદ્ધિક સ્તર જેટલું વિકસિત હશે એટલી ઇચ્છાઓ તેને થશે. કંઈક મેળવવું છે, કંઈક પામવું છે. એ છે સાધ્ય. એ મેળવવા માટે થઈ રહેલ પ્રયત્ન તે છે સાધના અને પ્રયત્ન કરનાર પ્રાણી છે સાધક. માનવને અનેક પ્રકારની ઇચ્છાઓ થયા જ કરે છે. એ બધી જ ઇચ્છાઓ પૂર્ણ થાય કે નહીં. સંયોગ હોય, શક્તિ હોય, પ્રારબ્ધ હોય, પુરુષાર્થ હોય, તો જ પૂર્ણ થાય અન્યથા ન પણ થાય. પરન્તુ માનવ તેમજ અન્ય પ્રાણીઓને, સહુને ઇચ્છા તો થયા જ કરે છે.

વળી એ ઇચ્છાઓ પણ જે કંઈ મળવાની શકયતા છે તેના માટે જ થશે. જે વસ્તુનું અસ્તિત્વ નથી. મળી શકે તેમ જ નથી તેવી ઇચ્છા કદી કોઈ જીવને થતી નથી. વળી આ ઇચ્છાઓ સારી પણ હોય, ખરાબ પણ હોય, ઇચ્છાની પૂર્તિનાં પ્રયત્નો પાપકારી નિંદ્ય પ્રવૃત્તિરૂપ પણ હોય અને નિરવદ્ય પ્રવૃત્તિરૂપ પણ હોય. જે હોય તે. અહીં સમજવું છે એ જ કે વ્યાવહારિક જગતની પ્રાપ્તિઓમાં પણ સાધક, સાધના અને સાધ્ય આ ત્રણ યથાર્થ હોવા પછી જ સિદ્ધિ મળી શકે છે.

જીવજંતુઓમાં પણ આ જોવા મળે છે. અહીં એક નાનો ખોરાકનો કણ પડયો હોય, દૂર કીડીનું દર હોય, કીડી ગંધથી પ્રેરાઈ ને અહીં સુધી આવે. પહેલાં તો તેનામાં ઇચ્છા પેદા થઈ પછી અહીં આવવા સુધીનો પુરુષાર્થ કર્યો. સાકર કે અન્નનાં કણને લઇને એ ચાલતી થઇ. આમ કીડી પોતે સાધક, તેનો પુરુષાર્થ તે સાધના, અન્નનો કણ મેળવવો તે સાધ્ય અને મેળવી લીધો તે સિદ્ધિ.

આ કોણે શીખવ્યું કીડીને? નાના એવા પ્રાણીને કેમ ખબર પડી કે જઇને કણ લઇ લઉં? બંધુઓ! આ છે જીવની પોતાની શક્તિ. તેનામાં પડેલી આહારસંજ્ઞા, ભોગવૃત્તિ તેને પ્રેરે છે અને તે કાર્ય કરી લે છે. જીવનો આ જ અનાદિનો અભ્યાસ છે. આ તો નથી શિખવવું પડતું પણ જીવ નિજસ્વભાવને ભૂલી ગયો છે. પોતે જાગે તો સાધી શકે છે. જે કંઇ સાધવાનું છે તે પોતે પોતામાં જ સાધવાનું છે એ ભાન ભૂલી ગયો છે. વાસ્તવમાં વિચારીએ તો જીવ જ સાધક છે, જીવનાં નિજ સ્વભાવ વડે થતો પુરુષાર્થ તે જ સાધના છે. આત્માનાં મોક્ષ સ્વભાવ ને સર્વથા જાગૃત કરવો તે જ સાધ્ય છે અને તેની સાકારતા એ જ સિદ્ધિ છે, મોક્ષ છે.

પાંચમા પદનાં સમાધાનમાં ગુરુદેવે આ જ બતાવ્યું. છેલ્લે અત્યંત મહત્ત્વપૂર્ણ પદની સિદ્ધિ કરવી છે. અહીં એક પ્રશ્ન વિચારણીય છે, કે મોક્ષ ઉપાય એ જ સર્વથી શ્રેષ્ઠ પદ છે. તો તેને છેલ્લું કેમ રાખ્યું? આત્મા છે, તે નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે અને મોક્ષ છે. આ પાંચેય પદોની શ્રદ્ધા જેના અંતઃકરણમાં યથાર્થરૂપે જાગી છે તેવો જીવ જ આત્મ સાધનાનાં માર્ગે પ્રવૃત્ત થઈ શકે છે. પહેલાં આત્મ-સાધનાનો માર્ગ બતાવાય અને જો જીવને આત્માનાં હોવાપણાની જ શ્રદ્ધા ન હોય, મોક્ષનાં અસ્તિત્વની શ્રદ્ધા ન હોય તો સાધના કરે શા માટે? એટલે જ શ્રીમદ્જીએ મુમુક્ષુઓની શ્રદ્ધાને પથ્થરની રેખા સમ દૃઢ કરી પછી જ મોક્ષનો ઉપાય દર્શાવ્યો છે.

જગતમાં પણ એમ જ બને છે. આપણને ખબર છે કે ખાણમાં સોનું, રૂપું કે હીરા છે. તો તેને મેળવવા માટેનો ઉપાય શોધીએ છીએ. ગમે-તેટલું જોખમ ખેડીને પણ મૂલ્યવાન પદાર્થને પામવા કાર્યરત થઇએ છીએ. સમુદ્રનાં તળિયે પડેલી સમૃદ્ધિને પણ મૃત્યુની પરવાહ કર્યા સિવાય માણસ મેળવવાનો પ્રયાસ કરે છે. અરે ! તમે પેટ્રોલ શોધ્યું ! કેમ મળ્યું ? શું તેની નદીઓ વહી જાય છે ? ના, કેટલું ઊંડું સારકામ કર્યા પછી એ મળે છે. એકવાર જાણવું જોઈએ કે અમુક વસ્તુ, અમુક સ્થાને છે તો આકાશ-પાતાળ એક કરીને પણ મેળવ્યે જ છૂટકો. વળી એ મેળવવા માટેની યથાર્થ ટેકનિક પણ જાણવી પડે. ધરતીનાં પેટાળમાં પડેલા પદાર્થોને મેળવવા ૨૫–૫૦ ફીટ ઊંડો ખાડો ખોદવાથી ન મળે. અરે ! ઊંડાણમાંથી પણ તેને જ મળે જે એનો જાણકાર છે. પૂર્ણ જાણકારી પ્રાપ્ત કર્યા સિવાય મૂલ્યવાન પદાર્થ મેળવી શકાતો નથી.

શિષ્યને પાંચ પદોનું સમાધાન થયું છે. અને જ્ઞાની ગુરુદેવ મોક્ષમાર્ગ-નાં યથાર્થ જ્ઞાતા છે. તેઓ પાસેથી એ રાજમાર્ગ મેળવવો છે તેથી શિષ્ય ચિંતનમાં ઉતરે છે. પણ જેમ-જેમ ચિંતનમાં ઊંડો ઉતરતો ગયો તેમ-તેમ ગુંચવણ વધતી ગઈ. આ ગુંચ ગુરુદેવ સિવાય કોઈ ઉકેલી શકે તેમ નથી તેથી, મનની મુંઝવણ રજુ કરતાં ગુરુદેવ સમીપે શિષ્ય કહે છે.

**હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;**
**કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય ? ૯૨....**

હે ગુરુદેવ ! આપે મોક્ષપદની સિદ્ધિ કરી અને વિચારતાં મારી શ્રદ્ધામાં પણ બેસે છે. હવે એ મોક્ષને પામવાનો કોઈ ઉપાય તો જરૂર હોવો જોઇએ. પણ અવિરોધી ઉપાય હોય એમ મને લાગતું નથી. આવી મહાન સિદ્ધિને પામવાનો ઉપાય પણ એવો મહાન જ હોય અને તેનો કોઈ વિરોધ ન કરી શકે. કોઇનો તર્ક એ માર્ગને ઉથલાવી ન શકે તેવો સર્વ સંમત હોવો જોઇએ. અહીં શિષ્યનાં મનમાં આ શંકા શા માટે ઉદ્‌ભવી છે ? અવિરોધ માર્ગ તેને કેમ દેખાતો નથી ? એ બીજી ગાથામાં એ પોતે જ બતાવે છે.

**અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;**
**તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક...૯૩...**

અહીં અનેક ધર્મો અને અનેક દર્શનો છે. સહુ પોતાની માન્યતાથી મોક્ષ માને છે. અને મોક્ષનાં ઉપાયો સહુ ભિન્ન ભિન્ન બતાવે છે. જેમકે કોઈ કહે કે જ્ઞાનમાર્ગ જ સાચો છે ખૂબ ભણો, ખૂબ જ્ઞાન સંપાદન કરો, નિત્ય શાસ્ત્રોનો સ્વાધ્યાય કરો, નિત્ય શાસ્ત્રોની ચર્ચા કરો. જેટલું મેળવાય તેટલું જ્ઞાન મેળવો, મોક્ષ થઈ જશે.

કોઈ તપનો માર્ગ બતાવે છે. તપથી કર્મોની નિર્જરા થાય છે. માટે જેટલું થાય તેટલું ઘોર તપ કરો. શરીરને કષ્ટ આપો. દેહને જેટલું વધુ કષ્ટ આપશો એટલો મોક્ષ જલ્દી થશે. માટે બધું જ છોડીને માત્ર તપ જ કરો.

તો વળી કેટલાંક માત્ર ભક્તિને જ મોક્ષનો માર્ગ સમજી બેઠા છે. જ્ઞાનમાર્ગ અને તપમાર્ગ તો કઠિન છે. ભક્તિમાર્ગ સહુથી સરળ. બસ પ્રભુનાં કીર્તનરૂપ ભકિત કર્યા કરો. અને મોક્ષ મળી જશે.

તો વળી કેટલાંક લોકો હિંસાદિનાં કાર્યોમાં પણ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરે છે. કેટલાક ક્રિયા–અનુષ્ઠાનોમાં ધર્મ સમજી એને જ મોક્ષનો માર્ગ કહેતાં ફરે છે. આમ સર્વ પોત-પોતાની માન્યતાને સાચી ઠરાવી મોક્ષનાં માર્ગરૂપ બતાવે છે. મહાયોગી આનંદઘનજી મહારાજ પણ કહે છે.—

**અભિનન્દન જિન દરિસણ તરસીએ**
**દરિસણ દુર્લભ દેવ;**
**મત–મતભેદે રે જો જઇ પૂછીએ**
**સહુ થાપે અહમેવ...અભિનન્દન....**

ચોથા તીર્થંકર અભિનન્દન પ્રભુની સ્તુતિ કરતાં તેઓ કહે છે હે પ્રભુ! હું આપના દર્શનનો પ્યાસી છું. પણ આપનું દર્શન દુર્લભ છે. વળી મત-પંથ-સંપ્રદાયો પણ અનેક છે. તેઓને જઇને પૂછીએ તો સહુ

એમ કહે છે કે અમારો મત સાચો છે! અમારા મતની માન્યતાથી જ પરમાત્મદર્શન થાય. અન્ય કોઇ પ્રભુનાં દર્શન કરાવવામાં સમર્થ નથી. અહીં પરમાત્મદર્શન અર્થાત્ નિજ આત્માની ઉપલબ્ધિ. બીજા શબ્દોમાં કહીએ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનની પ્રાપ્તિનાં માર્ગ સહુ જુદાં-જુદાં બતાવે છે. તેમાં પણ પોતે માનેલા મત-પંથ-સંપ્રદાયનાં રાહે ચાલવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે તેમ કહે છે.

શિષ્યે બધાંજ દર્શનોનો અભ્યાસ કર્યો છે. અનેકની વાતો સાંભળી છે. તેથી તે મુંઝવણમાં મૂકાઇ ગયો છે કે આટલાં બધાં માર્ગમાંથી કયો માર્ગ સાચો! વળી એકાદ માર્ગને સાચો માની તેનાં પર ચાલવા માંડીએ અને જો એ માર્ગ ખોટી મંઝિલે પહોંચાડે તો ત્યાંથી પાછું ફરવું ભારેજ પડે. માટે હવે કયાં માર્ગને ગ્રહણ કરવો? સાચા અને ખોટા માર્ગનો વિવેક કેમ કરવો? અને જો એ વિવેક ન થતો હોય તો પછી કયાં માર્ગને આરાધવો?

વળી બીજો પ્રશ્ન એ પણ છે કે આત્મા પર કર્મો તો અનાદિ કાળથી જ લાગેલા છે. અનંત ભૂતકાળમાં આ જીવ કર્મો કરતો જ રહ્યો છે. અને આ ભવનું આયુષ્ય તો કેટલું સિમીત? આટલા નાના આયુષ્યમાં અનંતકાળનાં એકઠા કરેલા અનંતાનંત કર્મોનો નાશ શી રીતે થઈ શકે?

શિષ્યના મનમાં એ આશંકા છે કે જેટલો કાળ જીવે કર્મ બાંધવામાં કાઢયો એટલો જ સમય તેનો નાશ કરવામાં પણ જોઇએ ને! માનવ ગમે તેટલો પુરુષાર્થ કરે તો પણ અનંત કર્મોને છેદવા જેટલું સામર્થ્ય તો તેનામાં હોય જ કયાંથી?

આમ શિષ્યનાં મનમાં મોક્ષ ઉપાય વિષે ગડમથલ ચાલી છે. અનેક દર્શનોનાં અનેક મતો તેને મુંઝવી રહ્યાં છે. વળી તેની નજર સામે અનંત ભૂતકાળ ઉભો છે. તેથી મોક્ષનાં ઉપાય માટે કોઈ સ્થિર ઉપાય દેખાતો નથી. આ ઉપરાંત પણ જગતની અન્ય માન્યતાઓ પણ તેને મુંઝવે છે. એ માન્યતાઓ શું છે? તે અવસરે.

# ...ઉદય ઉદય સદ્‌ભાગ્ય !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની, પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન, અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનાનો હેતુ છે મોક્ષ.

મોક્ષ હોય પણ મોક્ષનો ઉપાય ન હોય તો મોક્ષ થાય શી રીતે ? એ શંકા શિષ્યનાં મનમાં ઉદ્‌ભવી છે. એ માટે જેટલાં પ્રશ્નો એનાં મનમાં ઉઠયાં તે સર્વ પ્રશ્નો ગુરુદેવ સમક્ષ રાખી રહ્યો છે. અન્ય પદોનાં વિષયમાં આટલા પ્રશ્નો તેને થયા ન હતાં, કારણ એ છે કે શિષ્યનાં અંતરમાં મોક્ષ પ્રાપ્તિની પ્રબળતમ પિપાસા જાગી છે. નરી મુમુક્ષુતા તેનામાં ભરી પડી છે. તેના અંતરની શ્રદ્ધા એને કહે છે કે હું આત્મા છું, હું જ પરમાત્મા છું. પરમાત્મપદની પ્રાપ્તિ કરી શકું છું. તો શા માટે એ દિવ્ય શક્તિ પ્રગટ ન કરી લેવી ? મારા અંતરમાં જ અનંત સુખનો શાશ્વત નિધિ પડયો છે તો એને કેમ ન મેળવું ?

ભૌતિક સમૃદ્ધિ માટે પણ આવું થતું જોઇએ છીએ. બંધુઓ ! જ્યારે તમને ખ્યાલ આવે કે અહીં મારો આટલો હક્ક છે. આટલો અધિકાર છે તે મેળવવા માટે મહેનત કરો કે નહીં ? જેટલા ઉપાયો કરવા પડે તે કરો ને ? અરે ! અધિકાર મેળવવા લડવું-ઝઘડવું પડે, એથી આગળ વધી કોર્ટે ચડવું પડે તો પણ તૈયાર ને? એટલું જ નહીં, હક્ક મેળવવા જતાં થોડી આબરૂ ગુમાવવી પડે તો એ ગુમાવીને પણ મેળવી લ્યો ને? આમ શા માટે ? એ અધિકાર પ્રત્યેનું આકર્ષણ અને મળ્યા પછી તેનાથી મળતાં સુખની કલ્પના એટલી બધી પ્રબળ હોય કે એ મેળવ્યાનો પ્રયાસ કર્યા વગર રહો જ નહીં.

બંધુઓ ? જાણો છો કે આ ભૌતિક સંસારની મળેલી સમૃદ્ધિ કે અધિકારો કેટલાં સમયનાં ! અલ્પ સમયનાં જ. વળી એ મલ્યા પછી સુખ-શાંતિ મળશે જ એવી ગેરેન્ટી પણ નહીં. કદાચ દુઃખરૂપ પણ નીવડે.

જ્યારે અહીં તો આત્મિક અધિકાર ની પ્રાપ્તિની વાત છે. શિષ્યને પોતામાં પડેલા પરમાત્મતત્વ પરત્વે દૃઢ વિશ્વાસ જાગ્યો છે. તેને પ્રગટ કરવાનાં ઉપાયો જાણવા છે. પણ અનેક મત દર્શનવાદીઓ પોત-પોતાનાં માર્ગને છાતી ઠોકીને સાચો ઠેરાવી રહ્યાં છે. બીજાને ખોટા કહી ભાંડી રહ્યાં છે. તો તેમાં સાચો માર્ગ કયો ? કોને અનુસરવું ? તે વાતને શિષ્ય સમજી શકતો નથી.

વળી શિષ્ય અભ્યાસી છે. અનેક મત-પંથની માન્યતાઓને તે જાણે છે. આરાધના કરનાર વ્યક્તિ જેમ સત્ય માર્ગને જાણે તેમ ખોટા માર્ગને જાણી લેવા પણ તેના માટે જરૂરી છે. કારણ અન્ય માર્ગની માન્યતાઓ તેના માર્ગમાં વિઘ્નરૂપ બનીને આડી ન આવે, પોતાનો માર્ગ સરળ બને. તેથી જ આ વિષયમાં થતી અન્ય શંકાઓ ને ગુરુદેવ સમક્ષ રજુ કરે છે—

**કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;**
**એનો નિશ્ચય ના બને, ઘણાં ભેદ એ દોષ....૯૪....**

હે ગુરુદેવ ! કઈ જાતિમાં જન્મ-લેવાથી મોક્ષ થાય તે કૃપા કરીને સમજાવો.

ભારતમાં પુરાણકાળથી જાતિભેદની વ્યવસ્થા ચાલી આવે છે. ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષુદ્ર આ ચાર વર્ણમાં માનવ સમુદાયનું વિભાજન કરવામાં આવ્યું હતું. જે કાળે આ થયું એ કાળે તેનુ વ્યાવહારિક તથા ધાર્મિક મૂલ્ય હોય. સમયની માંગ સાથે આ વિભાજનની જરૂર પડી હોય તેથી થયું હોય. પણ કાળનાં પરિવર્તન સાથે ઘટિત થતું આવ્યું છે તેમ ધીરે-ધીરે મૂલ્યો ઘસાતા જાય. નવી પેઢીઓનાં નવા મૂલ્યો સ્થાપિત થાય અને જૂનાં મૂલ્યો ભૂલાતાં જાય તેનું પરિણામ હિતકારી પણ હોય અને અહિતકારી પણ હોય. ક્યારેક તો આવી વ્યવસ્થા વિકૃત બની જાય. તે એટલી હદ સુધી કે તેનાં મૂળભૂત સિદ્ધાંતો બિલકુલ વિસરાઇ જાય.

જાતિ-વર્ણની વ્યવસ્થા તેના કાર્યોને અનુરૂપ થઇ હતી. ક્ષત્રિયોને રાજ્યની ધૂરા સંભાળવાની, પ્રજાનું રક્ષણ અને વિકાસ એ બન્ને કાર્યો તેનાં. બ્રાહ્મણોનાં હાથમાં ધર્મ-તંત્ર હતું. સામાન્ય જનસમુહ કુ-માર્ગે ન ચાલ્યો

જાય, નીતિ-સદાચાર માં બંધાઇને રહી સાત્વિક જીવન જીવે એ જોવાનુ કામ બ્રાહ્મણોનું હતું. વૈશ્યોનાં હાથમાં આખું યે અર્થતંત્ર હતું. આર્થિક દૃષ્ટિએ રાજ્યનો વિકાસ કરવો, રાજ્યને સમૃદ્ધ બનાવવું. અન્ય પ્રદેશોમાં પોતાનાં દેશની આબરૂ કેમ વધારવી આ કાર્ય વૈશ્યોનું હતું અને સમાજ જીવનની જરૂરિયાતોને સર્વ રીતે પૂરી પાડવાનું કામ ક્ષુદ્રોનું હતું.

આમ આખીયે મનુષ્ય જાતિ નિર્ભયતા અને સરળતાથી વ્યવસ્થિત જીવન જીવી શકે માટે આ વ્યવસ્થા થઈ હતી. અને જ્યાં સુધી આ મૂલ્યો સચવાયા ત્યાં સુધી સહુ સંપ સંગઠનથી જીવ્યા. પણ મળેલ મોટાઇને પચાવવાની તાકાત ન હોય તો અજીર્ણરૂપે પરિણમે. ક્ષત્રિયો, બ્રાહ્મણો તથા વૈશ્યો મોટાઈનાં ગુમાનમાં ભાન ભૂલ્યા અને ક્ષુદ્રોને હડધૂત કરવા માંડયા. તેઓનો કોઈ જ અધિકાર નહીં. સામાજિક દરજ્જો પણ નહીં અને ધર્મ કરવાનો અધિકાર પણ નહીં ભૂલે-ચૂકે મંદિરનાં આંગણામાં તો નહીં પણ મંદિરનાં પાછળનાં ભાગમાં કોઈ ક્ષુદ્ર આવી ચડયો અને અજાણતાં જ વેદનાં મંત્રો તેનાં કાનમાં પડી ગયા તો એ એનો એટલો મોટો ગુન્હો લેખાતો કે મૃત્યુદંડથી ઓછી સજા એને ન હોય. એટલું જ નહીં તુલસીદાસ જેવાં ભકતકવિ જ્યાં એક બાજુ એમ બતાવે કે રામચંદ્રજી હલકી એવી ભીલ જાતિને પણ ગળે લગાવે. ત્યાં બીજી બાજુ એ કહે કે શુદ્ર તો તાડનનો અધિકારી છે. તેને મારવો જ જોઇએ. વિચારો બંધુઓ ! કેટલી હદ સુધી માનવની માનવતા મરી પરવારતી હશે !

એટલું જ નહીં એક સમય એવો પણ આવ્યો કે ક્ષત્રિયો એમ માનવા લાગ્યા કે ધર્મ તો શૂરવીરો જ કરી શકે. અમારામાં શૂરવીરતા છે. માટે અમે જ ધર્મ કરવાનાં અધિકારી, અન્ય નહીં. વળી અમુક શાસ્ત્રાભ્યાસ બ્રાહ્મણ જ કરી શકે. બીજાને શાસ્ત્રનો સ્પર્શ કરવાનો પણ હક્ક નહીં. આમ સામાજિક ક્ષેત્રે તથા ધાર્મિક ક્ષેત્રે આવી માન્યતાઓનું પ્રચલન વધતું ચાલ્યું. એથી જ શિષ્યનાં મનમાં પ્રશ્ન છે કે કઈ જાતિમાં જન્મ લેવાથી મોક્ષ મળે ?

બીજી વાત-કયા વેશમાં મોક્ષ ? મોટા ભાગનાં જૈનો એમ માનતા હોય છે કે જૈનનો વેષ ધારણ કર્યો હોય તો જ મોક્ષ મળે, એટલું જ નહીં

દિગમ્બરો એમ કહેશે કે દિગમ્બર વેષે જ મોક્ષ મળે. શરીર પર વસ્ત્ર હોય તો પણ મોક્ષ ન મળે. અને તેથી જ પોતાને શાસ્ત્રોનાં અઠંગ અભ્યાસી કહેવડાવતા વાચાળ લોકો દિગમ્બર જૈન ધર્મની જય બોલાવે! કેવી ઘોર અજ્ઞાનતા? કેવી વિડંબના!

ભગવાન મહાવીરનાં ચરણોમાં દિક્ષીત થયેલા સાધુઓમાં કેટલાંક સચેલક અર્થાત્ વસ્ત્રધારી અને કેટલાંક અચેલક એટલે વસ્ત્રવિહૂણાં, નગ્નત્વને ધારણ કરનારા હતાં. છતાં બંને પ્રકારનાં સાધુઓ સાધના દ્વારા મોક્ષ પામી ગયા. કોઇને પણ દિગમ્બરત્વ કે શ્વેતામ્બરત્વનું લેબલ લાગેલું ન હતું છતાં તેમનો મોક્ષ થવામાં કયાંય વાંધો આવ્યો નહીં.

એટલું જ નહીં સ્ત્રીનો મોક્ષ ન થાય. પુરુષનો જ થાય એવી પણ એક જોરદાર માન્યતા પ્રવર્તે છે. માતા મારુદેવી, ચંદનબાળા, મૃગાવતી વગેરે મોક્ષે પધાર્યા છે તેમ તેઓ સ્વીકારે નહીં. સ્ત્રીશરીર મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થ ન કરી શકે. અરે! આ કાળમાં પણ આપણે એવી વિરાંગનાઓ સાંભળી છે. ઝાંસીની રાણી અને લક્ષ્મીબાઈ જેવી શૂરતાથી ભરેલ નારીઓએ મોટા યુદ્ધો આપ્યા છે. કેવી શકિત હશે એમનામાં? છતાં આવી માન્યતાઓ ચાલે છે.

શિષ્ય આવી અનેક માન્યતાઓને જાણે છે તેથી એ પૂછે છે કે કઈ જાતિ, વેષમાં મોક્ષ થાય તે નિર્ણય કરી શકાતું નથી અને જો એનું સમાધાન ન મળે તો પછી બધું જ વ્યર્થ–

**તેથી એમ જણાય છે, મળે ના મોક્ષ ઉપાય;**
**જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ....૯૫....**

ગુરુદેવ! વિચારતાં એમ લાગે છે કે આટલા મતભેદ, આટલી વિભિન્નતા જ્યાં પ્રવર્તતિ હોય ત્યાં મોક્ષનો સચોટ ઉપાય મળે જ શી રીતે? અને જો મોક્ષઉપાય ન હોય તો આપે આત્મા છે કહીને જે પાંચ પદો સમજાવ્યા તેનો અર્થ પણ શું? શા માટે એ જાણવા? એથી લાભ શો?

માત્ર હું જાણું છું એવો અહંકાર વધારવા માટે તો આ જાણવું નથી. જો એ જ્ઞાન મોક્ષપ્રાપ્તિમાં ઉપકારક નીવડતું હોય તો જ જાણવાનો અર્થ છે. હે ગુરુદેવ ! મેં આપને આટલો શ્રમ આપ્યો. કેટલા સમયથી આપને મારી શંકાઓ કહી–કહીને વ્યથિત કરી રહ્યો છું ! અને જો એ જાણવાનું કશું જ ફળ ન હોય તો મેં આપને વ્યર્થ પરિશ્રમ આપ્યો !

શિષ્યનાં અંતઃકરણમાં ગુરુભકિત પડી છે. તેથી ગુરુદેવને શ્રમિત કરવા નથી માગતો, પણ સાથે–સાથે ગુરુદેવ પ્રત્યે અચલ શ્રદ્ધા છે કે તેમનાં ચરણમાં આવ્યો છું તો એમ ને એમ પાછો નહીં જાઉં. મારા અંતરમાં ગમે તેટલાં શંકાના ઝાળા હશે તે સર્વને સાફ કરી અંતરને સ્ફટિક જેવું નિર્મળ બનાવશે જ. માટે જ નિર્ભયતાથી ગુરુદેવ સમક્ષ એક પછી એક પ્રશ્નો રજુ કરી રહ્યો છે. જેમ ચાલતાં શીખી ગયેલું બાળક આમ–તેમ દોડા-દોડી કરતું હોય, તેને ન તો પડવાનો ભય હોય ન લાગવાનો ભય. તે જાણતું હોય કે મારી પાછળ બહુ મોટું રક્ષણ છે મારી મા. એ મને પડવા નહી દે. લાગવા નહીં દે. તેથી નીડરતા પૂર્વક ફરતું હોય. શિષ્યની અડોલ શ્રદ્ધા ગુરુ ચરણમાં સમર્પિત થયેલી છે તેથી તે અનેક તર્કો ચાહે યોગ્ય હોય કે અયોગ્ય તેની પરવાહ કર્યા વગર ગુરુદેવ પાસે મૂકી રહ્યો છે અને તેથી જ હવે છેલ્લે કહી રહ્યો છે—

**પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ**
**સમજુ મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય...૯૬....**

અહો ગુરુદેવ ! આપની અસીમ કૃપા મારા પર છે. આપે અમાપ વાત્સલ્ય મારા પર વહેવડાવ્યું, આપની અખંડ કરૂણાનો ધોધ મારા પર વરસી રહ્યો છે. મારી પાંચેય શંકાઓનું સમાધાન મને સર્વાંશે થઇ ગયું છે. હવે એ વિષે એક અંશમાત્ર પણ શંકા અંતરમાં રહી નથી. હું ખૂબ જ આશ્વસ્ત થયો છું. હવે એક છઠ્ઠી શંકા આપના સમક્ષ રાખુ છું. જો એની યથાર્થ પ્રતીતિ મને થઇ જાય તો હું મારી જાતને મહાન ભાગ્યશાળી માનીશ.

બંધુઓ ! શ્રીમદ્‌જીએ આ ગાથામાં બહુ જ વિચારપૂર્વક સુંદર શબ્દ પ્રયોગ કર્યો છે. તેઓ કહે છે ,'ઉદય ઉદય સદ્‌ભાગ્ય' શિષ્ય કહે છે. આખાયે સંસારની રિદ્ધિ–સિદ્ધિ કે સંપત્તિ મળી જાય. સત્તા કે અધિકાર પ્રાપ્ત થાય તેમાં મારૂં સદ્‌ભાગ્ય નથી. કારણ એ તો જીવે અનેકવાર મેળવ્યું અને અનેકવાર ગુમાવ્યું તેની કોઈ નવાઈ નથી. પણ જો મને મોક્ષનો ઉપાય લાધી જાય, તે વિષે મારા મનમાં શંકા ન રહે, મોક્ષ ઉપાય મારી શ્રદ્ધામાં બેસી જાય, મારા શ્વાસમાં વણાઈ જાય તેને મારી બુદ્ધિ સ્વિકારી લે, મારા આચરણમાં તે ઓતઃપ્રોત થઈ જાય. મારી વૃત્તિઓને તે નિર્મૂળ કરી નાંખે, મારી પ્રગતિને સમ્યગ્‌ રાહે લઈ જાય, જો આટલું થાય તો મારા પુન્યનો ઉદય થયો તેમ માનીશ. તે જ મારા સદ્‌ભાગ્યનો ઉદય–સર્વોદય થયો એમ માનીશ.

અહીં શિષ્ય, સમર્પિત ભાવે ગુરુદેવનાં ચરણે પોતાની સર્વ શ્રદ્ધા સમર્પિત કરતો થકો ગુરુદેવને વિનવી રહ્યો છે. હે ગુરુદેવ ! બધાં સંશયોનું સમાધાન યથાર્થ રીતે થઇ ગયું છે. અંતઃકરણનાં એક ખૂણામાં પણ સંદેહ નથી. હવે માત્ર એક છેલ્લી શંકા છે. બસ, મને એનાથી નિઃશંક કરો.

બંધુઓ ! શિષ્ય જ્યારે આટલા સમર્પિત ભાવે, જિજ્ઞાસુવૃત્તિથી ગુરુનાં ચરણમાં શંકા રજુ કરી રહ્યો છે ત્યારે ગુરુદેવનો આત્મા પણ ઉલ્લસિત થઈ ગયો છે. આ પણ યોગાનુયોગ હોય છે. યોગ્યપાત્ર જ્યારે આવા સંતોની સન્મુખ આવે ત્યારે આપોઆપ તેમનું અંતઃકરણ ખૂલી જાય છે. ઉલ્લસિત થઈ જાય છે.

મને યાદ છે. ૧૯૭૧ માં અમે જબલપુર (એમ. પી.)માં હતાં ત્યારે ત્યાંના એક વૃદ્ધ શ્રાવક લાલચંદજી તેમનું નામ. મંદિરમાર્ગી પણ તત્ત્વ જિજ્ઞાસુ. તેઓ ચાર–આઠ દિવસે ઉપાશ્રય દર્શન કરવા આવે ત્યારે પૂ. મોટા મહાસતીજી પાસે વિનયપૂર્વક કાંઇ ને કાંઇ પ્રશ્ન રાખે. તેઓની યોગ્યતા જ કંઈક એવી કે એ પ્રશ્નનો જવાબ પૂ. બાપજી આપે તો એ અદ્‌ભૂત હોય. અમે તો સાંભળીને તાજજુબ થઇ જઇએ. એ જાય પછી

અમે એકવાર પૂ. બાપજીને પૂછ્યું-"બાપજી! આ જ પ્રશ્ન અમે પણ પહેલાં પૂછ્યો હતો, પણ આપે અમને આવું સમાધાન નો'તું આપ્યું." પૂ. બાપજીએ ફરમાવ્યું કે " આ શ્રાવકની કોઈ ભવિતવ્યતા એવી છે. પાત્રતા ઉંચી કોટીની છે કે મારા મુખમાંથી પણ અનાયાસે જ આવા શબ્દો નીકળે છે." અને પછી તો જાણે અમારો ક્રમ થઇ ગયો કે જ્યારે લાલચંદજી દર્શન કરવા આવે કે અમે પૂ. બાપજીનાં ચરણોમાં હાજર થઈ જઇએ. અને અમને શાસ્ત્રનાં અદ્ભૂત રહસ્યો જાણવા મળે.

બંધુઓ ! અહીં પણ યોગ્ય શિષ્ય ગુરુદેવનાં ચરણોમાં, યોગ્ય શંકાઓ લઇ રજુ થયો છે. અને ગુરુદેવનું ઉલ્લસિત અંતર શાસ્ત્રનાં ઊંડા રહસ્યોને ઉકેલી રહ્યું છે. શિષ્યની શંકાનું સમાધાન કરવા ગુરુદેવ તત્પર થયાં છે.

મોક્ષનાં ઉપાય રૂપ છઠ્ઠું પદ તે જ સર્વ શ્રેષ્ઠ પદ છે. બાકીનાં પાંચ પદોને પણ યથાર્થ રીતે પ્રગટ કરવા અને અનુભવવા માટે આ પદ, તે ચાવીરૂપ છે. આ પદ તે જ સિદ્ધિરૂપ છે. શ્રદ્ધામાં, જ્ઞાનમાં અને આચરણમાં ઉતારવા જેવું આ પદ છે. સૌથી વધુ સમજીને આચરવા માટેનું પદ પણ આ જ છે. હવે ગુરુદેવ શિષ્યની શંકાનું સમાધાન કરવાની સાથે મોક્ષનાં ઉપાયો શું બતાવે છે તે અવસરે...

---

## ......મોક્ષ ભાવ નિજવાસ !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, અયોગીદશાની પ્રાપ્તિ અર્થે છે. યોગી, મન-વચન-કાયાનાં યોગને સાધી લે છે. તેના પર નિયંત્રણ કરી લે છે. પોતાની ઈચ્છા પ્રમાણે યોગોનું પ્રવર્તન કરાવી શકે છે. યોગો દ્વારા અદ્ભૂત અને અસંભવ લેખાતાં કાર્યો કરી શકે છે. પણ જૈન પરંપરા યોગીને મહત્ત્વ ન આપતાં અયોગી સાધનાની મૌલિકતા ધરાવે છે.

જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી સંપૂર્ણ મોક્ષ નથી. કેવળી પરમાત્મા પણ યોગ સહિત વિચરણ કરે ત્યાં સુધી તેઓ સિદ્ધ થઈ શકે નહીં. જે સમયે સર્વ યોગોનું રૂંધન કરી, અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે તે સમયે તરત જ તેઓનો મોક્ષ થઈ જાય.

આ મોક્ષ ઉપાય વિષે શિષ્યનાં મનમાં શંકા છે. એ કહી રહ્યો છે. હે ગુરો ! આપે આપેલાં પાંચેય પદનાં સમાધાન બુદ્ધિ દ્વારા સમજી મારી શ્રદ્ધામાં મેં ઉતાર્યાં. તેથી હવે મારા અંતરમાં તે વિષે કોઈ શંકા નથી. બંધુઓ ! બુદ્ધિથી સમજવું એક વાત અને તેને ચિંતન દ્વારા વાગોળી શ્રદ્ધામાં પચાવવું એ મહત્વપૂર્ણ વાત. શિષ્ય ચિંતક છે તેથી માત્ર બુદ્ધિથી અપનાવી કોરો તર્કવાદી નથી થયો. અને વિચાર્યા વગર માત્ર અંધ-શ્રદ્ધાથી પણ તત્ત્વને નથી અપનાવ્યું. બુદ્ધિ અને શ્રદ્ધા બંનેનો મેળ સાધી તત્ત્વને આત્મસાત્ કર્યું છે.

જે તત્ત્વ માત્ર ગતાનુગતિક શ્રદ્ધાથી સ્વીકારાયું હોય પણ સમજણ-પૂર્વક, વિચારપૂર્વક, યથાર્થતાની જાણપૂર્વક જો સ્વીકાર્ય ન બન્યું

હોય તો તેવી શ્રદ્ધા તૂટતા વાર નથી લાગતી. કોઈ વ્યક્તિમાં મૂકેલી શ્રદ્ધા પણ વિચારપૂર્વકની ન હોવાનાં કારણે તૂટી જતી હોય છે. તત્ત્વનું પણ એમ જ છે અહીં શિષ્યની શ્રદ્ધા વિચારણાથી નિષ્પન્ન થયેલી છે.

શિષ્ય છઠ્ઠા પદને યથાર્થ રૂપે સમજવાની તૈયારી વાળો થયો છે અને ગુરુદેવ સુપાત્ર શિષ્યની યોગ્યતા પર પ્રસન્ન થઈ તેને પોતાનાં અંતરમાં પડેલું સર્વ જ્ઞાન આપવા તત્પર થયાં છે. બંધુઓ ! યોગ્ય પાત્ર વિના અનુભવી ગુરુ જ્ઞાન આપે નહીં. આજે ભારતમાંથી અનેક ઉચ્ચકોટીની વિદ્યાઓ સમાપ્ત થઈ ગઈ, તેનું કારણ એ જ છે. પાત્રનાં અભાવે વિદ્યાધારી પુરુષો તે વિદ્યા પોતાની સાથે લઈ ગયા, પણ કોઈને આપી શક્યાં નહીં.

કેટલાંક વર્ષો પહેલાંની વાત કરૂં. અમારા દાદાગુરુ પૂજ્ય તપસ્વીજી શ્રી માણેકચંદજી મહારાજની જ્ઞાનપિપાસા અતિ તીવ્ર હતી. તેઓ જ્ઞાનપ્રાપ્તિ અર્થે એ જમાનામાં મારવાડ પધાર્યા કે જ્યારે વિહારની કઠિનતા ઘણી હતી. યુવાન વયે પૂજ્ય ફકીરચંદજી મહારાજ સાહેબની સેવામાં રહ્યાં. પૂજ્ય તપસ્વીજી મહારાજમાં વિનય નમ્રતા–વિવેક વગેરે ગુણો એટલાં હતાં કે તેઓની યોગ્યતા જોઈ પૂજ્ય ફકીરચંદજી મહારાજ સાહેબ ફિદા–ફિદા થઈ ગયાં. તેઓએ કહ્યું હતું કે આ કાઠિયાવાડી સાધુની સુ–પાત્રતા જોઈ મારૂં હૃદય સંતોષ પામે છે. મારી પાસે રહેલા જ્ઞાનને આપવા માટે હું પાત્રની શોધમાં હતો. મને મળી ગયું. મારૂં બધું જ જ્ઞાન હું એને આપી દઈશ. અને બંધુઓ ! પૂ. ફકીરચંદજી મહારાજે હૃદયના ઉલ્લસિત ભાવે પૂ. તપસ્વીજી મહારાજ સાહેબને સર્વ જ્ઞાન આપી દીધું. પૂ. તપસ્વીજી મહારાજ અથાગ જ્ઞાન લઈ મારવાડથી પાછાં પધાર્યા.

આ કાળમાં પણ એવાં મહાપુરુષો હશે કે જેઓની પાસે આગમ જ્ઞાનનાં ઊંડા મર્મો ભર્યાં હશે. આપણે પાત્ર બનીએ તો એ મર્મો અને સાધનાનાં સૂત્રો પામી શકીએ. પાત્ર ન બની શકવામાં મોટામાં મોટું વિઘ્ન કોઈ હોય તો તે છે આપણો અહંભાવ. હું કંઈક છું, કંઈક વિશિષ્ટ છું, બીજામાં નથી તે મારામાં છે, આવી જાતનો અહંકાર આપણને યોગ્ય બનવા દેતો નથી. અધૂરા ના અધૂરા જ રહીએ છીએ અને પરિણામે ગુરુગમ

કે સંતસમાગમ મળ્યા પછી પણ તેઓનાં સાનિધ્યે જે પ્રાપ્ત કરવાનું છે તે નથી કરી શકતાં. બે કાંઠે વહેતી નદીનાં તીરે માત્ર તાડ જેવા થઈ ઉભા રહીએ તો અંજલીભર પાણી પણ ન પામીએ કે તૃષા ન છીપે. પણ વાંકા વળીને પાણીની અંજલી ભરીએ તો જરૂર મીઠા પાણીનાં આસ્વાદ સાથે એ પ્યાસ બુઝાવવાનું કામ કરે. પણ વાંકો વળે તો ને ? નમે તો ને ? અહંકાર જાય અને નમ્રતા પ્રગટે તો જ કંઈક પામી શકાય

સુયોગ્ય શિષ્ય અતિ નમ્ર બની ગુરુદેવ સમક્ષ શંકા મૂકે છે. હવે તીવ્ર તાલાવેલી જાગી છે. માત્ર સમજવાની જ નહીં પણ યથાર્થ સમજુ તો યથાર્થ આચરી શકું એવા ભાવ લઈને ગુરુદેવ સમીપે હાજર થયો છે. ગુરુદેવ પણ શિષ્યની યોગ્ય ભાવનાનો એવો જ યોગ્ય પ્રતિસાદ આપતાં કહે છે.

**પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;**
**થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત....૯૭....**

હે શિષ્ય ! મારૂં અંતઃકરણ પ્રસન્નતા અનુભવે છે. મારો શ્રમ સાર્થક થતો નિહાળું છું. તને તત્ત્વ આત્મસાત્ થયું છે, તે વિચારી, ચિંતન કરી શ્રદ્ધામાં ઉતાર્યું છે. બંધુઓ ! શ્રીમદ્જીએ કેવો સાર્થક શબ્દ પ્રયોગ કર્યો છે ! 'આત્મા વિષે પ્રતીત' શિષ્યે માત્ર બુદ્ધિથી નથી સ્વીકાર્યું પણ વિચારીને આત્મા સુધી પહોંચાડયું છે. આપણે બુદ્ધિ દ્વારા ઘણી વાતો સ્વીકારી લીધી હોય છે પણ તેને શ્રદ્ધા સુધી પહોંચાડતા નથી તેથી તે આચરણમાં ઉતરતી નથી. અને તેથી જ આપણું જ્ઞાન માત્ર બુદ્ધિએ ભેગી કરેલી માહિતી રૂપ જ રહે છે પણ "**ज्ञानस्य फलम् विरतिः**" નાં ન્યાયે આચારરૂપમાં આવતું નથી. શ્રદ્ધામાં બેસે તો જ આચારરૂપે સાકાર થાય.

ગુરુદેવે શિષ્યમાં જ્ઞાન આત્મસાત્ થતું જોયું તેથી જ તેઓ શિષ્ય પર વધુ કૃપા વરસાવી રહ્યાં છે. તેઓ કહે છે પાંચે ઉત્તરો મેં આપ્યા તેની પ્રતીતિ તને થઈ છે તે જ તારી યોગ્યતાને સાબિત કરે છે, તેથી જ મારૂં હૃદય બોલે છે કે એ જ રીતે મોક્ષોપાયની પ્રતીતિ પણ તને સહજ

રૂપે જ થશે. તેમાં સમય કે શ્રમ નહીં લાગે. મોક્ષ ઉપાયને સમજવો એ તારા જેવા સુ-મતિ ધારક શિષ્ય માટે રમત વાત છે. ડાબા હાથ નો ખેલ છે.

બંધુઓ ! ભૌતિક જીવનવ્યવહારમાં આવું ઘણી વાર બોલતા હો છો કે અમુક કામ કરવું, કોઈને ઠગવો, કોઈને ફસાવવો, શીશામાં ઉતારવો, એ તો મારા ડાબા હાથનો ખેલ છે. પણ એ બધાં જ ખેલો પરિણામે પાપકારી અને દુઃખદાયી છે. હું તો તમને કહીશ કે મોક્ષનો ઉપાય સમજવો જેમ શિષ્યને સહજ છે તેમ સહુને સહજ થાય તેવું કંઈક કરો ને ! અંતરમાં પડેલી શ્રદ્ધાની શક્તિને જાગૃત કરી લો, તત્ત્વને પામવાની પાત્રતા પેદા કરી લો તો આપણા માટે પણ મોક્ષોપાય સમજવો અને આચરવો સહજ થઈ જશે.

એ માટે જોઈએ પુરુષાર્થ. મોહનીય અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ વધારતાં જઈએ તો પહેલાં સમજાશે અને પછી આચરણમાં આવશે, ગૃહસ્થી માટે પણ તે શક્ય છે. ઈતિહાસમાં અનેક મહાપુરુષોની વાતો આવે છે કે તેમને મન કેવળજ્ઞાન પામવું એ પણ સહજ હતું. ભરત ચક્રવર્તીએ ચપટી વગાડતામાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. વિચારો બંધુઓ ! જે ભરત અરિસા-ભુવનમાં રૂપનાં અહંનું પોષણ કરવા માટે પ્રવેશ્યાં હતાં તેઓ સર્વથા અહંને તોડી કેવળ લઈ બહાર પધાર્યા. કેટલો સમય લાગ્યો ! અને કેવો શોખીન હશે એ જીવ ! તમે રોજ અરિસામાં મુખ જુઓ છો. જોઈને અભિમાન પણ કરતાં હશો. સુંદરતા પ્રત્યે સજાગ પણ હશો. છતાં તમારે ત્યાં કેટલા અરિસા ? દરેક રૂમમાં એક, અરે! બબ્બે! પણ નહીં, ભરતે તો અરિસા-ભુવન બનાવ્યું હતું. ઉપર-નીચે, આગળ-પાછળ ચારે બાજુ, છયે બાજુ અરિસા જ અરિસા. અને ત્યાં જઈ સૌંદર્યના અભિમાનનું પોષણ. પણ બંધુઓ! એ ભાવોને ખંખેરતા વાર ન લાગી. બહુ જ સહજરૂપે છૂટી ગયું. હું તમને પૂછું છું કે જ્યારે તમે અરિસામાં મુખ જુઓ છો તો કયારેય ભરત યાદ આવે છે ? એમ થાય છે કે મને પણ અરિસા-માં રૂપ નિહાળતાં કેવળજ્ઞાન કેમ ન થાય ? ભોગમાં પણ જો ત્યાગ

યાદ આવતો હોય તો સમજી લેજો કે મોક્ષોપાય આપણા માટે પણ સહજ જ હોઇ શકે.

અહીં ગુરુદેવે પાત્ર ને પીછાણ્યું છે અને જ્ઞાન આપી રહ્યાં છે તેથી જ કહે છે તારા માટે મોક્ષોપાય સમજવો બહુ જ સહેલો છે. ગુરુદેવનાં મુખમાંથી નીકળેલા ઉપકારી વચનો શિષ્યને પણ ગદ્‌-ગદ્‌ કરી મૂકે છે. બંધુઓ! ગુરુદેવની અસીમ કૃપા-ધારા શિષ્ય પર વરસી રહી છે. આ ક્યારે વરસે? ક્યારે આવા સુંદર ઉદ્‌ગારો ગુરુદેવનાં મુખમાંથી નીકળે? શિષ્યની એવી ભવિતવ્યતા હોય ત્યારે જ. આપણે પણ ઇચ્છીએ કે આપણાં ગુરુજનોનાં મુખમાંથી હંમેશા આપણા માટે આશિષ વચનો જ નીકળે. પણ ભાઇ! ગુરુદેવનાં હૃદયને સંતોષ્યું ન હોય તો એ કેમ બને! ગુરુદેવનું અંતઃકરણ ગમે તેટલું ઇચ્છે તો પણ આપણી અપાત્રતા તેમનાં હૃદયને કોળવા જ ન દે. વચનો નીકળે જ નહીં માટે આપણે પાત્ર બનવાની અત્યંત જરૂર છે.

પોતાનાં અંતઃકરણના ભાવો પ્રદર્શિત કર્યા પછી હવે મોક્ષોપાય શું છે તેનું સુ-વિસ્તૃત વિવેચન ગુરુદેવ આપી રહ્યાં છે. જીવની ક્યાં ભૂલ છે તે સમજાવતા ગુરુદેવ કહે છે—

**કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;**
**અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ...૯૮....**

વત્સ! મોક્ષમાર્ગને પામવા સર્વ પ્રથમ અજ્ઞાનને સમજીને ટાળવું આવશ્યક છે. અજ્ઞાન શું છે? ગાથામાં કહ્યું : કર્મભાવ અજ્ઞાન છે. કર્મના ઉદયે કરીને મળેલ સ્થિતિને પોતાની સ્થિતિ માનવી, પોતાનું સ્વરૂપ માનવું તે કર્મભાવ છે. આપણને કોઈ પૂછે : તમે કોણ છો? આપણે કહીએ અમે મનુષ્ય છીએ. ઠીક છે. અન્ય ભેદોને વિસરી જઈ, માનવતાવાદી દૃષ્ટિકોણથી એમ કહો તે બરાબર છે. પણ આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરીએ તો હું મનુષ્ય છું એમ માનવું તે અજ્ઞાન છે. કારણ મનુષ્યપણું પામવું તે ઔદાયિક ભાવ છે. કર્મોનાં ઉદયે કરી મનુષ્ય થવાય :

જીવ જ્યારે મનુષ્યગતિ નામ કર્મ બાંધે, મનુષ્યનું આયુષ્ય બાંધે, ત્યારે તેના પરિણામ સ્વરૂપ મનુષ્ય થાય. તેની સાથે જે-જે ઇન્દ્રિયો

મળી, પંચેન્દ્રિય થયો એ પણ નામકર્મનો ઉદય, ઉચ્ચગોત્ર મળ્યું તે ગોત્ર કર્મનો ઉદય. શારીરિક સુખાકારી પ્રાપ્ત થઇ એ શાતાવેદનીયનો ઉદય. આમ અત્યારે આપણું જે સ્વરૂપ છે તે કર્મનાં કારણે જ છે. માટે તે વૈભાવિક સ્વરૂપ છે. જીવનાં પોતાનાં સ્વરૂપમાં મનુષ્યગતિ, પંચેન્દ્રિય-પણું, ઊંચકૂળ શારીરિક, માનસિક અનુકૂળતાઓ આદિ–આદિ નથી, તેથી એ બધું જ જીવની વિકૃત પર્યાયો થઈ. પર્યાયોને પોતાનું સ્વરૂપ માની લેવું તે ઘોર અજ્ઞાનતા છે. પર્યાય નાશવાન છે. સદા રહેનાર નથી. જ્યારે આત્મા તો સદા અસ્તિત્વવાન્ શુદ્ધ દ્રવ્ય છે.

પ્રાપ્ત થયેલી પર્યાયોમાં પ્રીતિ કરવી, તેમાં આસક્ત રહેવું તે અજ્ઞાન છે. કર્મનાં ઉદયે પ્રાપ્ત થયેલી સ્થિતિમાં પ્રીતિ રાખવી તેને જ પોતાની માનવી અને પોતાનું મૂળ સ્વરૂપ શુદ્ધ, બુદ્ધ, ત્રિકાળી ચિન્મય સ્વભાવ છે તે ભૂલી જવું તેનાં જેવું કોઇ અજ્ઞાન નથી. પોતાનું સ્વરૂપ તો મોક્ષ છે. સદા–સર્વદા નિજાત્મમાં વાસ કરવો તે જ છે મોક્ષ. સ્વમાં વાસ કરવાનો છે. પુદ્ગલની પર્યાયોને સ્વ માની તેમાં જ આજ સુધી વાસ કર્યો છે ત્યાંથી હટી જઈ સ્વ આત્મામાં સ્થિર થવું તે જ છે મોક્ષ-ભાવ. એવો મોક્ષભાવ પ્રગટ કરવા માટે અંધકાર સમ અજ્ઞાનનો નાશ કરવો પડશે અને તે જ્ઞાનપ્રકાશ આવતાં જ નાશ પામે અન્યથા નહીં.

અંધકારને દૂર કરવા માટે એક નાનો દીવો જ બસ છે. પણ એ પ્રગટવો જોઇએ. કવિવર રવીન્દ્રનાથે એક કાવ્યમાં સુંદર કલ્પના રજુ કરી છે. સંધ્યાના ઓળા ઉતરી રહ્યાં છે. સૂર્ય અસ્તાચલ પર જઈ રહ્યો છે. સૂર્યનાં મુખ પર ઉદાસી છે. ચિંતાથી ફિક્કો પડી ગયો છે. માનવ જગત, પ્રાણી જગત, વનસ્પતિ જગત, સર્વ તેની સામે હાજર છે. કોઇકે પૂછયું : "સૂર્યદેવ ! જતાં–જતાં અપના મુખ પર ચિંતા કેમ દેખાય છે ?" સૂર્ય જવાબ આપે છે : "હું તો જઈ રહ્યો છું. આખું યે જગત અંધ-કરમાં ડૂબી જશે. મને તો પાછા ફરતા સમય લાગશે. ત્યાં સુધી જગતને અજવાળવાનું કામ કોણ કરશે ?"

સહુ સ્તબ્ધ થઈ ગયા. સૂર્યદેવનું વિરાટ કાર્ય કોનાથી થઈ શકે ? કોઈ જવાબ આપી શકતું નથી. એટલામાં એક ખૂણે પડેલું નાનું એવું કોડિયું સળવળ્યું :

"મહારાજ ! ક્ષમા કરજો ! બહુ જ અલ્પબળ ધરાવું છું. નાનકડી કાયા છે. પણ આપની ઉદાસી મારાથી નથી સહેવાતી તેથી મારાથી બનશે એટલું કાર્ય આપના બદલે હું કરીશ !"
અને સૂર્ય સંતોષનાં સ્મિત સાથે ક્ષિતિજમાં ઉતરી ગયો.

બંધુઓ ! જ્યાં સૂર્યપ્રકાશ નથી ત્યાં નાનકડું કોડિયું કંઇક પ્રકાશ જરૂર પાથરી શકે ! આપણાં અંતઃકરણમાં પડેલા અજ્ઞાન અંધકારને દૂર કરવા જ્ઞાનનું એક તેજ કિરણ પણ બસ થઇ પડશે. માટે પ્રથમ દેહ-આત્માની ભિન્નતાનું ભેદ-વિજ્ઞાન પ્રગટાવી લઇએ. શ્રીમદ્જીએ એ જ કહ્યું : **"અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ"** જ્ઞાનનો પ્રકાશ થશે તો અંધકાર ઊભો નહીં રહી શકે.

એકવાર, અંધકાર રડતો-રડતો બ્રહ્મા પાસે ગયો. ચોધાર આંસુએ રડી રહ્યો છે. બ્રહ્માએ પૂછયું :

"ભાઇ ! તું કોણ છે ? શા માટે રડી રહ્યો છે ?"

"પ્રભો ! હું અંધકાર ! મોટી ફરિયાદ !"

"ફરિયાદ ? તારે વળી શાની ફરિયાદ ?"

"પ્રભો ! પ્રકાશ મારી પાછળ પડચો છે. જ્યાં જાઉં ત્યાં આવે ને મને ટકવા જ દેતો નથી. મેં એનું શું બગાડયું છે ! શા માટે મારી પાછળ પડચો છે ?"

"એમ ! બોલાવો પ્રકાશને ! એ શું સમજે છે તેના મનમાં ! આ જગતમાં રહેવાનો સહુને અધિકાર છે !" બોલાવ્યો પ્રકાશને. આવ્યો, હસી રહ્યો છે. બ્રહ્મા સામે રજુ થયો છે. પણ તેને કાંઇ ચિંતા નથી. રડવાનું કોઇ કારણ નથી. હાથ જોડી પ્રણામ કરી કહે છે :

"પ્રભો ! મને યાદ કર્યો ?"

"હા ! આવ ! તારો અપરાધ થયો છે. તારે સજા ભોગવવી પડશે !"

"પ્રભુ ! અપરાધ ? મારો શું અપરાધ ? એ તો કહો !"

"તું અંધકારની પાછળ કેમ પડયો છે ? એ જ્યાં હોય ત્યાં જઇ તેને ભગાડી મૂકે છે ! કયાંય રહેવા જ દેતો નથી ! શું તારો જ અધિકાર છે આ જગતમાં રહેવાનો !"

"પણ પ્રભુ ! આ કહ્યું કોણે આપને ?"

"અરે ખુદ અંધકાર જ રડતો-રડતો આવ્યો હતો મારી પાસે !"

"પ્રભુ, પ્રભુ ! માફ કરો મને ! મારા અનંતકાળનાં અનવરત ભ્રમણમાં મેં ક્યાંય અંધકારને જોયો જ નથી ! એ કેવો હોય એની જ મને ખબર નથી !"

બંધુઓ ! ખરેખર ! જ્યાં પ્રકાશ આવે ત્યાં અંધકાર ટકી જ ના શકે. તો તેણે અંધકારને ક્યાંથી જોયો હોય ? બસ આમ આપણે પણ જ્ઞાનનું કિરણ પ્રગટાવીએ તો અજ્ઞાન રૂપ અંધકાર ઊભો રહી શકશે નહીં. આપણી દેહાત્મબુદ્ધિ, મન, પ્રાણ, કે ઇન્દ્રિયોને આત્મા માનવાની ભૂલ એજ આપણું અજ્ઞાન છે. આ અજ્ઞાનને ટાળવા ભેદ-વિજ્ઞાનને પ્રગટ કરીએ.

પ્રથમ-જડ-ચેતન ભેદ વિજ્ઞાન. દેહ અને આત્મા ભિન્ન છે. દેહ જડ છે. આત્મા ચેતન છે.

બીજું - સ્વભાવ - વિભાવ ભેદ વિજ્ઞાન - જ્ઞાનાદિ તે આત્માનાં સ્વભાવ છે અને ક્રોધાદિ તે વિભાવ છે.

ત્રીજું-સ્વભાવ પર્યાય અને સ્વભાવ ગુણ ભેદ વિજ્ઞાન-ગુણ ત્રૈકાલિક છે અને નિત્ય છે. પર્યાય ક્ષણિક છે.

ચોથું-ગુણ-દ્રવ્ય ભેદ વિજ્ઞાન-જેમાં ગુણ રહે તે દ્રવ્ય. હું આત્મા દ્રવ્ય છુ. અને જ્ઞાનાદિ મારા ગુણો છે.

આમ અનેક પ્રકારે ભેદ વિજ્ઞાન કરવા તે જ્ઞાન છે અને આ થતાં જ અજ્ઞાન નાશ પામશે. રાગદશા એ જીવની ભ્રમણા છે. અજ્ઞાન છે. જીવનાં શુદ્ધ સ્વરુપમાં ક્યાંય રાગાદિ નથી. આવી દૃઢ શ્રદ્ધા એ જ જ્ઞાન છે.

જ્ઞાન પ્રકાશ છે. પ્રકાશ વિના માર્ગ સૂઝે નહીં માર્ગે ચાલી શકાય નહીં, આગળ વધાય નહીં. પ્રકાશ હોય તો જ પથ પર ડગ ભરી શકાય.

અહીં ગુરુદેવ, શિષ્યને મોક્ષનો માર્ગ બતાવી રહ્યાં છે. તેમાં સર્વ પ્રથમ જ્ઞાનપ્રકાશની આવશ્યકતા છે. તો જ પગ ઉપડશે માટે પ્રથમ અજ્ઞાનને દૂર કરી જ્ઞાન પ્રગટાવવું તે કર્તવ્ય છે એમ કહે છે.

આ પદને સમજાવવા અહીં લગભગ ૨૨ ગાથાઓમાં વિસ્તૃત વિવેચન કર્યું છે જેથી શિષ્ય મોક્ષોપાય યથાર્થ રીતે સમજે.

આગળ અવસરે....

---

# તે કારણ છેદક દશા...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, મોક્ષભાવ જાગૃત થયા પછી જ થાય છે.

અનાદિકાળથી જીવ બંધભાવમાં જ પડયો છે. આજ સુધીની જીવની સર્વ પરિણતિ બંધ અર્થે જ થઈ. વૈભાવિક પરિણમનોએ કાં તો જીવને શુભ કર્મનો બંધ કરાવ્યો કાં અશુભ કર્મનો. આ બંધ દશા એ જ છે અજ્ઞાનભાવ, એ જ છે કર્મભાવ.

શુભ અને અશુભ બંને ભાવોને કર્મભાવ કહ્યાં અને કર્મભાવને અજ્ઞાન કહ્યું. અર્થાત્ પાપભાવ પણ અજ્ઞાન અને પુણ્યભાવ પણ અજ્ઞાન, આમ શા માટે? મિથ્યાત્વી જીવ પાપ અને પુણ્ય બંને પ્રકારનાં કર્મોનો બંધ કરે છે. મિથ્યાત્વી છે, માટે માત્ર પાપ જ બાંધે એમ નથી. એ જીવને પણ કષાયની મંદતા હોય, મન-વચન-કાયાનાં શુભ યોગ પ્રવર્તતા હોય તેથી પુણ્યબંધ થાય. અને સમ્યક્ત્વ થયા પછી પણ જીવ શુભ-અશુભ બંને પ્રકારનાં ભાવો વડે પુણ્ય-પાપ બંનેનો બંધ કરે. જો બંને પ્રકારનાં જીવોનાં પાપભાવ અને પુણ્યભાવને અજ્ઞાન કહ્યાં તો બન્ને જીવોમાં અંતર શું રહ્યું? બંને અજ્ઞાની જ કહેવાયા!

પણ, ના, એમ નથી. પ્રથમ તો એ સમજીએ કે પુણ્ય-પાપનાં બંધને અજ્ઞાન નથી કહ્યું પણ એ ભાવોને અજ્ઞાન કહ્યાં અર્થાત્ કર્મભાવની રૂચિને, પ્રીતિને અજ્ઞાન કહ્યું. મિથ્યાત્વી જીવને તો કર્મભાવમાં આસક્તિ હોય જ, પ્રીતિ હોય જ તેથી તેનો તે ભાવ અજ્ઞાનરૂપ છે. પણ સમકિતી જીવનાં મતિ-શ્રુત પણ અજ્ઞાનરૂપ ન રહેતાં જ્ઞાનરૂપ પરિણત થઈ ગયાં હોય, તેથી તેની સ્વ-સ્વરૂપની દૃષ્ટિ ખૂલી ગઈ હોય. પોતે આત્મા

છે, સર્વથી ભિન્ન છે, અસંગ છે, આવી પ્રતીતિ તેને વર્તતી હોય તેથી કર્મભાવ તે મારો ભાવ નથી પણ વિકાર છે. તેની દૃઢ શ્રદ્ધા તેનાં અંતરમાં રમતી હોય, તેથી કર્મભાવ પ્રત્યેની આસક્તિ તૂટી ગઈ હોય. આ છે મિથ્યાત્વી અને સમકિતી જીવનાં કર્મભાવમાં અંતર. કર્મબંધ અજ્ઞાન નથી પણ કર્મભાવ અજ્ઞાન છે. સમકિતીને કર્મભાવ છૂટી ગયો હોય અને મોક્ષભાવ પ્રગટ થઈ ચૂકયો હોય.

હવે કર્મબંધના કારણ અને તેનાં પંથ વિષે શ્રીમદ્‌જી ફરમાવે છે.

**જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવ અંત...૯૯....**

રાગ અને દ્વેષ આ બે મુખ્ય કારણો છે કર્મબંધનાં, થોડો વિસ્તાર કરીએ તો મિથ્યાત્વ,–અવ્રત, પ્રમાદ, કષાય, અને યોગ આ પાંચ કારણો કર્મબંધનાં છે. આ કારણોનું સેવન અને તેનાં પ્રત્યેની આસક્તિ જ જીવને એ માર્ગમાં રોકી રાખે છે.

સામાન્ય રીતે એમ થાય કે કોઈ પદાર્થ કે વ્યક્તિનો રાગ, માણસને હોય તે તો સમજ્યા ! પણ રાગનો રાગ કઈ રીતે હોય ? એ તો કોઈ આંખે દેખાતો સ્થૂલ પદાર્થ નથી કે તેને જોઈ, તેના પર રાગ જાગે ! પણ આપણાં જ અંતઃકરણને તપાસીએ કે જેનાં પ્રત્યે આપણને રાગ છે તે રાગને ટકાવી રાખવા માટે, એ વ્યક્તિનું આપણે કેટલું કરીએ છીએ ! તેનો કેટલો ખ્યાલ રાખીએ છીએ ? તન–મન, ધનથી કેટલો ભોગ આપીએ છીએ ? અમુક પ્રકારની શક્તિ ન હોવા છતાં પણ શક્તિનો વિચાર ન કરતાં રાગીનાં રાગને સંભાળવા કેટલો શ્રમ વેઠીએ છીએ ! વાસ્તવમાં તે વ્યક્તિ માટે આ બધું નથી કરતાં પણ આપણાં અંતરમાં પડેલા રાગ-ભાવને પોષણ જોઈએ છે. આલંબન વગર તેનું પોષણ થાય નહીં. તેથી એ વ્યક્તિને આધાર બનાવી, આપણાં પોતામાં રહેલા રાગભાવને પંપાળ્યા કરીએ છીએ.

એ વ્યક્તિને આપણા પ્રત્યેનાં રાગમાં જરાય ઉણપ ન આવે તે માટે પણ એટલો જ પરિશ્રમ ! આ છે રાગનો રાગ !

આવું જ દ્વેષનું છે. જે વ્યક્તિ સાથે દ્વેષભાવ છે. તેનું પોષણ કરવા માટે પણ બધાં જ પ્રયત્નો! તેનું ખરાબ જોઈને, સાંભળીને ખુશ થઇએ! આપણે તેનું બગાડી ન શકતા હોઇએ પણ બીજો કોઈ બગાડે તો, બગાડનાર પર આપણને રાગ થાય. આમ અંતરમાં પડેલી દ્વેષ ભાવનાનું પણ પોષણ કરીએ છીએ.

જ્યાં સુધી રાગ–દ્વેષનાં પોષણનો ભાવ પડયો છે ત્યાં સુધી આત્માની અબંધ અવસ્થા પ્રગટ થાય નહીં. બંધદશા પરની પ્રીતિ બંધદશાને જ સબળ બનાવે, જેને બંધદશા પર પ્રીતિ છે તેને અબંધદશા પર પ્રીતિ કયાંથી સંભવે! તેથી જ મોક્ષભાવ જાગે નહીં. અને રાગ–દ્વેષનો આ માર્ગ એટલે બંધનો પંથ.

આ કારણોને છેદી નાંખે એવી દશા અંતરમાં પ્રગટે તો જ મોક્ષનો બંધ હાથ લાગે. દશા સહજ હોય. એકવાર અંતરમાં પ્રગટ થઇ ચૂકી પછી તેને દિશા મળી જશે. રાહ ચિંધવો નહીં પડે.

આ દશા શું છે? બંધુઓ! આપણે રાગ તથા દ્વેષની દશાનો અનુભવ કર્યો છે. પ્રિય વ્યક્તિ કે પદાર્થને જોતાં જ, અરે! જોઇએ પણ નહીં માત્ર તેનું નામ સાંભળીએ! અને નામ પણ ન સાંભળતાં માત્ર સ્મૃતિ જ થાય તો ય આપણા રોમે રોમ ઉલ્લસિત થઈ જાય, પ્રસન્નતા છવાઈ જાય. સુખદ સ્મૃતિઓને વાગોળવા માંડીએ. માણેલી અનુભૂતિઓમાં ફરીને આળોટવા માંડીએ. કેટલો સમય આમાં ચાલ્યો જાય તે ખ્યાલ પણ ન રહે. આ છે જીવની સહજ રાગ દશા કે જેને જાગૃત કરવા માટે કશો જ પ્રયત્ન કરવો પડતો નથી.

દ્વેષ દશા પણ જીવને આવી જ સહજ હોય છે. એટલે જ કોઇ સાથેનાં વેરાનુબંધ ભવો–ભવ સુધી ચાલે છે. પ્રત્યક્ષ યોગ ન મળે તો મનોમન શત્રુનું કેટલું અહિત કરી નાંખતાં હોઇએ છીએ. એ માટે કેટલાં ઇર્ષ્યા દ્વેષનાં ભાવોને સેવતા હોઇએ છીએ. આ બધાં જ ભાવો સહજ રીતે આત્મામાં જાગૃત થઇ જાય છે.

રાગ–દશા તથા દ્વેષ-દશા જેટલી સહજ આપણાં માટે છે એથી પણ વિશેષ સહજતા રાગ–દ્વેષ રહિતની દશામાં પ્રગટે તો જ બંધનાં પંથનો

અંત આવે. રાગાદિની પરંપરા અનાદિથી ચાલી આવે છે તેનું છેદકબળ હજુ સુધી આત્માએ જાગૃત કર્યું નથી. એ જ્યારે જાગૃત થશે ત્યારે રાગાદિમાં મંદતા આવશે અન્યથા રાગાદિનું જોર કંઇ ઓછું નથી. તે આત્મવીર્ય ને જાગૃત થવા જ નથી દેતાં. તેથી જ જીવે પ્રયત્નપૂર્વક આત્મવીર્યનું ઉત્થાન કરવું પડશે.

તેમાં સર્વ પ્રથમ દશા એટલે સમકિત દશા. મિથ્યાત્વ આશ્રવને રોકી જીવ, સમકિત સંવર નીપજાવે તો જ અનાદિ પરંપરાની એક કડી વચમાંથી તૂટે ! ક્રોધાદિને વશ કરવા માટેનાં પ્રયત્નો તો જીવ અનેક કરી ચૂક્યો. પણ તેમાં સફળ થયો નથી. થાય પણ નહીં. પ્રથમ પ્રયત્ન કરવાનો છે, મિથ્યાત્વને દૂર કરવાનો. જો મિથ્યાત્વ દૂર થાય તો અનંતાનુબંધી કષાયો દૂર થવાનાં જ. બાકીનાં રહેલાં અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન કષાયોનું બહુ જોર પછી ચાલે નહીં. એ જરૂર પોતાનું પોત પ્રકાશે, આડા આવે, પણ પછી જીવને હાથમાં એક ચાવી આવી ગઈ હોય એટલે પુરુષાર્થ વડે આગળ વધે. તે કષાયોને લડત આપવા જેટલી શક્તિ આત્માએ પ્રગટ કરી લીધી હોય. લડતાં કયારેક હારે તો પણ ફરી ઉભો થઈ, શૌર્ય બતાવે અને આખરે કષાયોએ હાર સ્વીકારવી જ પડે. તેને દૂર થયે જ છૂટકો. પણ એક વાર જો મિથ્યાત્વને મારી ને ભગાડયું તો જ આ બધું કરવા માટેની સહજદશા આત્મામાં જાગૃત થઇ જાય.

જેમ વિભાવે પરિણમતા આત્મામાં રાગાદિની દશા સહજ રૂપે દેખાય છે તેમ જ્યારે જીવ સ્વભાવે પરિણમવા માંડે એટલે મોક્ષદશા પણ એટલી જ સહજ થઈ જાય.

રાગાદિ ભાવો જ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ અનેક પ્રકારનાં છે. તેમાં જિનેશ્વર અને જિનેશ્વરના માર્ગની અડોલ, અચલ, નિષ્કંપ શ્રદ્ધા ન થવી તે પણ મિથ્યાત્વ છે. જ્યાં સુધી જિનવચનોમાં શ્રદ્ધા નથી, જિનનાં પ્રરુપેલા માર્ગ પ્રત્યે સમર્પણતા નથી, જિનેશ્વર પ્રતિ અનન્ય ભક્તિભાવ નથી. ત્યાં સુધી જીવ આત્મસાક્ષાત્કાર સુધી ન પહોંચી શકે. મિથ્યાત્વ ભાવો હટી સમ્યગ્દર્શન ની પ્રાપ્તિ ન થઈ શકે.

જીનેશ્વર પ્રતિ એવી નિષ્પ્રકંપ શ્રદ્ધા હોય કે ગમે તે થાય, લૌતિક દૃષ્ટિએ, શારીરિક, માનસિક દૃષ્ટિએ ગમે તેટલું નુકશાન વેઠે છતાં જિનેશ્વર પ્રતિની શ્રદ્ધામાં ફરક ન પડે. અન્ય સ્થાને લોભાય નહીં.

દેવ અરિહંત, ગુરુ નિગ્રંથ અને કેવળી પ્રરૂપિત દયામય ધર્મ, આ ત્રણ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા અંતરમાં રમવા માંડે. પોતે દેવ તો તેને જ માને, કે જે સર્વથા વીતરાગ હોય. વીતરાગતાથી જરા પણ ઓછું ન જ ચાલે. રાગાદિનાં પરિણામો સહિત ગમે તેવો પુરુષ હોય પણ તે દેવની કોટીમાં તો ન જ આવે. આવી અનન્ય શ્રદ્ધા ત્યાં સમકિત.

ભગવાન મહાવીરનાં સમયની વાત, પ્રભુ ચંપાપુરીમાં પધાર્યા છે. સમોસરણ લાગ્યું છે. સંખ્યાબંધ માનવો અને દેવો પ્રભુની દેશના સાંભળવા ઉપસ્થિત થયા છે દેશના પૂર્ણ થતાં એક સંન્યાસી, અંબડ જેનું નામ, જે પ્રભુનો ઉપાસક હતો તે પ્રભુનાં ચરણોમાં હાજર થયો, અને કહ્યું :

પ્રભુ રાજગૃહી જાવ છું. કાંઈ સંદેશો ?"

"હા અંબડ ! રાજગૃહીના રાજા શ્રેણિકનાં રથનો સારથી બહુ ભાવિક છે તેની પત્ની સુલસાને ધર્મ-સંદેશ કહેજે !"

મસ્તક ઝૂકાવી, અંબડ ચાલ્યો, પણ મનમાં સળવળાટ થવા માંડયો ! મહાવીર જેવી મહાન વિભૂતિ, ત્રિલોકીનાથ, દેવ-દાનવનાં પૂજ્ય પ્રભુ, એક નાચીજ નારીને ધર્મ-સંદેશ મોકલે છે ! કેમ ? શું હશે ! સંશય પેદા થયો !

બંધુઓ ! માનવમન કેટલું અળવિતરૂં છે ? વીતરાગ પ્રત્યે પણ શંકા જન્માવે તો સામાન્ય સંતોનું તો શું ગજું ? સંતોનાં સાનિધ્યમાં કોઇ ભાવિક ભક્ત વધુ સમય ગાળે તો તમારા સહુનાં મનમાં સંશયો જાગે જ છે ને ! શું હશે ! કેમ આ ભાઇ કે બ્હેન વધારે જાય છે, સંતો પાસે ! શું હોય ? સંતો પાસે ધર્મદલાલી સિવાય બીજું શું હોય ? પણ માનવમન સમજે તો ને ?

અંબડ રાજગૃહી પહોંચ્યો, પણ મનમાંથી સંશય ખસતો નથી. કેવી છે સુલસા ? પરીક્ષા કરૂં ! રાજગૃહીનાં સીમા પ્રદેશમાં જઇ બ્રહ્માનું રૂપ લીધું. જનતા તો ઉમટી પડી. સાક્ષાત્ બ્રહ્માજી પધાર્યાં છે. સહુ દર્શને

દોડયાં. સુલસાને કોઇએ બોલાવી, ન ગઇ, વળી વિષ્ણુનું રૂપ લીધું, ફરી શિવજીનું રૂપ લીધું. હજારો માનવોનાં ટોળે-ટોળા જઇ રહ્યાં છે. પણ સુલસા શાંત ભાવે જ બેઠી છે. સુલસા કયાંય ન દેખાણી, અંબડને આશ્ચર્ય છે. પણ મનમાં નિર્ણય કર્યો કે હવે તો સુલસા આવે જ, અને તેણે સાક્ષાત્ મહાવીરનું રૂપ ધારણ કર્યું.

પહેલા જનારાઓએ સુલસાને કહ્યું. સુલસા હવે તો ચાલ, તારા પ્રભુ આવ્યા છે. પણ સુલસાએ જે જવાબ આપ્યો તે અત્યંત માર્મિક હતો. હૈયાને વીંધનારો હતો. એ કહે છે.

"ના, બ્હેન ના, મારા પ્રભુ અહીં પધારે તો મારૂં અંતર સાક્ષી આપે જ ! પ્રભુ નગરમાં તો શું ? પણ નગરથી દૂર-દૂર પધાર્યા હોય તો પણ મારા હૈયે આનંદના ઓઘ ઉછળવા માંડે. અહીં તો મારા પ્રાણમાં કોઇ સ્પંદન નથી થતું. તેથી એ મારા મહાવીર નહીં પણ બીજું કોઇ હશે. જાવ તમે !"

એ ન ગઇ! બંધુઓ! વિચારો ! સુલસાનાં આત્મ-પ્રદેશે તેનાં આરાધ્ય દેવ પ્રત્યેની શ્રધ્ધા કેટલી વણાયેલી હશે ? કે પ્રભુ પધારે એનો સંદેશો એનાં પોતાનાં અંતરમાંથી જ આવે ! કોઇએ સંદેશ આપવો ન પડે ! કેવી અનન્ય ભકિત ! કેવી અડોલ નિષ્ઠા ! કેવી સમર્પિત શ્રધ્ધા !

એ ન ગઇ તે ન જ ગઇ ! અંબડ દૂર-દૂર સુધી આંખો ખેંચીને જોઇ રહ્યો છે. પણ સુલસા નથી દેખાતી. એ વિચારે છે કેવી હશે આ નારી ? કેમ નહીં આવતી હોય? પણ ના, હજુ એક પરીક્ષા કરૂં ! તેણે રૂપ સમેટી લીધું. જૈન સાધુનું રૂપ લઇ ઓઘો-પાત્રા લઇ, ધર્મલાભ કહી સુલસાનાં આંગણામાં ઉભા રહ્યાં. સુલસા અંદરથી ભકિતભાવે દોડી આવી. હાથ જોડી સ્વાગત કર્યું. પોતાના અહોભાગ્યને બિરદાવવા માંડી. આજ સુપાત્રદાનનો અવસર આવ્યો.

ત્યાં તો સાધુરૂપ અંબડે, સુલસા પાસે સચેત પદાર્થની માગણી કરી, અને સુલસા થંભી ગઇ ! 'માફ કરજો મહારાજ, કાં તો આપ કોઇ બહુ-રૂપી છો, કાં જિનેશ્વરનાં ધર્મને વિસરી ગયા છો, સાધુ અકલ્પનીય પદાર્થ

ન માગે. મને માફ કરો ! હું જિનેશ્વરની ઉપાસિકા છું. મારાથી સચેત પદાર્થ તમને નહીં અપાય. પધારો મહારાજ.

હવે સ્તબ્ધ થવાનો વારો અંબડનો હતો. તે હૃદયથી ગદ્‌ગદ્ થઈ ગયો. જિનેશ્વર અને તેનાં માર્ગ પ્રત્યેની અનન્ય નિષ્ઠા જોઈ, આવો લબ્ધિધારી સાધક પણ સુલસાનાં ચરણમાં નમી પડયો. પોતાનું મૂળ રૂપ પ્રગટ કરી કહેવા લાગ્યો. સુલસા ! પ્રભુએ કહી તેવી જ તું છે. તારી પરીક્ષા કરવા જ મેં આટલા રૂપો ધારણ કરી તને લલચાવવા પ્રયાસ કર્યો પણ તું ન લોભાણી. ધન્ય છે તારી નિષ્ઠાને ! તારી નિશ્ચલતાને ! સુલસા ! પ્રભુએ માત્ર તારા માટે જ ધર્મ-સંદેશ મોકલ્યો છે. આવડી મોટી રાજગૃહી નગરીમાં તું એકજ ભાગ્યશાળી છે કે પ્રભુ તને ધર્મ-સંદેશ પાઠવે છે.

સુલસા એ ધર્મ-સંદેશ માથે ચડાવી કહે છે. મને માફ કરજો. પણ મારી શ્રદ્ધા માત્ર મારાં નાથનાં ચરણોમાં જ સમર્પિત છે. તે સિવાય ક્યાંય શ્રદ્ધા નમે નહીં. આપ કે અન્ય દેવતાઓ આદરણીય ભલે હોય. પણ મારા માટે નમસ્કરણીય તો માત્ર મારા આરાધ્ય દેવતા એક જ. એ સિવાય મારૂં મન ક્યાંય ન માને !

બંધુઓ ! કૃષ્ણ ગોકુળથી મથુરા ગયા. પછી ગોપીઓને યાદ કરે છે. ત્યારે ઉદ્ધવ નામનો તેમનો મિત્ર પણ ગોકુળમાં આવે છે કે એ ગોપીઓમાં એવું શું છે કે કૃષ્ણ આટલાં યાદ કરે છે. ગોકુળ આવી, ઉદ્ધવ ગોપીઓને સમજાવે છે કે કૃષ્ણ તો તમને ભૂલી ગયો છે. તમે એને છોડી દો અને નિરાકાર બ્રહ્મની આરાધના કરો. ત્યારે ગોપીઓએ પણ ખૂબ જ માર્મિક ઉત્તર આપ્યો છે—

**ઉધો ! મન નાંહીં દસ-બીસ**
**એક હુતો જો ગયો સ્યામ સંગ**
**કો આરાધે ઈશ....**
**ઉધો મન નાંહીં દસ-બીસ........**

હે ઉદ્ધવ ! અમારે દસ-વીશ મન નથી. એક જ હતું અને તે શ્યામની સંગે ચાલ્યું ગયું તો હવે તારા નિરાકાર ઈશ ને કોણ આરાધે ? અર્થાત્ સર્વસ્વ સમર્પિત ભાવે ગોપીઓ કૃષ્ણને આરાધે છે. સુલસાની ભક્તિ પણ એવી જ છે. માત્ર મહાવીર સિવાય કયાંય તેનું હૃદય ઝૂકતું નથી. અનન્ય શ્રદ્ધા તેનાં રોમ-રોમમાં ભરી છે. અને એવા જ ભક્તિ ભાવથી એ પ્રભુ પ્રત્યે પોતાનાં ભાવો પ્રગટ કરે છે કે જે શ્રી માનતુંગ-સૂરિજીએ ભગવાન ઋષભદેવની સ્તુતિ કરતાં ગાયા છે—

**मन्ये वरं हरिहरादय एव दृष्टा**
**दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।**
**किं विक्षितेन भवता भुवि येन नान्यः**
**कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि** ॥ २१...

હે પ્રભુ ! મેં અન્ય દેવોને પણ જોયા તે ઠીક જ થયું કારણ કે તેઓને જોયા પછી આપની સાચી ઓળખાણ મને પડી ને તેથી જ હવે મારૂં મન આપ સિવાય બીજે કયાંય ઠરતું નથી.

આમ અરિહંત દેવ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા એ સમક્તિનું મૂળ છે. જેથી જીવની ભ્રાન્તિ ટળી જાય છે. જીવ એ જાણે છે કે જેવું જિનનું રૂપ છે તેવું જ મારૂં રૂપ છે. હું આત્મા છું, પરમાત્મા છું. મારા પરમાત્મભાવને પ્રગટ કરી શકું છું

આ સિવાય પરમાં પોતાનાં સુખની કલ્પના એ પણ મિથ્યાત્વ છે. પરલક્ષ્યે જીવ ભ્રાંતિમાં ભમ્યા કરે છે. જીવને મોક્ષપંથને પ્રશસ્ત કરવો હોય તો પરમાં અર્થાત્ દેહાદિમાં, પુદ્‌ગલાનંદમાં સુખની માન્યતા છે તે તોડવી પડશે. મારૂં સુખ મારામાં જ છે. હું અનંત સુખ સ્વભાવી, શુદ્ધ ચિદ્રુપ ત્રિકાળી નિત્ય આત્મા છું. પૂર્ણ જ્ઞાનાનંદ એ મારૂં સ્વરૂપ છે. હું નિર્મળ છું, અસંગી છું આદિ જીવનાં નિજ સ્વરૂપની પ્રતીતિ વર્ત્યા કરે તે જ છે અબંધદશા. આવી અબંધદશા પ્રગટ થતાં જ મિથ્યાત્વ-

રૂપ બંધનો માર્ગ પણ છેદાઈ જશે, અને એ છેદાતા જ મોક્ષમાર્ગ પ્રશસ્ત થશે.

શ્રીમદ્‌જી ગાથામાં એ જ ફરમાવે છે કે બંધના કારણોમાં ઓતઃ-પ્રોત જીવ બંધનાં માર્ગમાં ગતિ કરે છે. પણ એ કારણોને છેદી શકે એવી દશા આત્મામાં પ્રગટ થતાં જ મોક્ષનો પંથ લાધે છે, અને પરિણામે ભવનો અંત થાય છે.

આ મોક્ષ માર્ગને પામવાનાં વધુ ઉપાયો અવસરે.

---

## ...મુખ્ય કર્મની ગ્રંથ !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના અનાદિની ગાંઠો ને છેદી નાંખે છે. જીવ ગ્રંથિરહિત બને છે.

એ ગાંઠ શેની છે? શું કરે છે? એ વિચારાધિન છે. સૂતર પોતાના મૂળ રૂપમાં ગાંઠરહિત હોય, સરળ હોય. સોયનાં બારીક નાકામાં પણ પરોવાઈ જાય. સોય–દોરાથી કપડું સીવતા હો, સીધો દોરો કપડામાંથી પાસ થઈ જતો હોય પણ જો દોરામાં ગાંઠ પડી તો અટકી જાય આગળ ન વધે. ગાંઠ ખોલવાનાં પ્રયાસમાં સફળ થાવ તો સારૂં, નહીં તો દોરો કાપવો જ પડે. એટલે જ્યાં ગાંઠ છે ત્યાં અટકાયત છે. બ્રેક લાગી જાય. આગળ વધાતું નથી.

વ્યવહારિક જગતની વાત કરીએ તો જે જે વ્યક્તિઓ સાથે સંબંધો હોય તે, ત્યાં સુધી જ સરળતાથી નભતા હોય કે જ્યાં સુધી એક-બીજા વચ્ચે કોઈ ગેર–સમજણની ગાંઠ ન પડી હોય. એકવાર જો આવી ગાંઠ પડી જાય તો પછી બધું જ અવળું પરિણમે. પછી તો ' આડે લાકડે આડો વેર ' જ્યાં સુધી સંબંધોમાં મિઠાશ હોય ત્યાં સુધી મજાકમાં કદાચ એક-બીજાને ગાળો આપો તો પણ એ મીઠી લાગે. અને જો સંબંધ બગડયા તો પછી સીધી અને સારી વાત પણ ઊંધી જ લાગે. ગાંઠ પડી એટલે સંબંધો અટકી જાય.

પણ જે ગાંઠની જરૂર છે તે છે દોરામાં છેડાની ગાંઠ. સોયમાં દોરો પરોવી તેને છેડે ગાંઠ ન મારો તો સીવતા કપડામાં દોરો રહે નહીં,

નીકળી જાય, તેથી તે ગાંઠ ઉપયોગી છે. તેમ વ્યવહારમાં પણ સંબંધ એ સ્નેહની ગાંઠ છે. એ ગાંઠ ન હોય તો સંબંધ બંધાય જ નહીં. સંબંધ ટકે જ નહીં. સ્નેહની ગાંઠ જ સંબંધોને ટકાવી રાખે છે.

આધ્યાત્મિક ક્ષેત્રે પણ બંને પ્રકારની ગાંઠો સમજવી જરૂરી છે. કઈ ગાંઠ અટકાવનાર છે અને કંઇ ગાંઠ ઉપયોગી છે? અહીં શ્રીમદ્જી મોક્ષનો ઉપાય બતાવી રહ્યાં છે. તેમાં સર્વ પ્રથમ શું કરવું આવશ્યક છે તે સમજાવે છે.

પહેલા વ્રત-ક્રિયા- અનુષ્ઠાનોની વાત ન કરતાં જીવનું અજ્ઞાન જે કર્મભાવનાં કારણે ઉત્પન્ન થયું છે તેનો નાશ કરવો અને મોક્ષભાવ જે સ્વમાં નિવાસ કરવારૂપ છે તેને જાગૃત કરવો, એ કહ્યું. એકવાર જીવમાં મોક્ષભાવ જાગૃત થઈ ગયો તો વ્રતો-અનુષ્ઠાનો આપ મેળે, સહજરૂપે આચરણમાં ઊતરી જશે. પ્રયત્ન નહીં કરવો પડે.

વળી બંધનાં કારણોનું સેવન કરવાથી બંધના પંથે આગળ વધાશે અને મોક્ષનાં કારણોથી મોક્ષનાં પંથે આગળ વધાય એ બતાવ્યા પછી, કર્મબંધનાં મુખ્ય કારણો અને તેથી પડતી ગાંઠો, જીવમાં કંઇ-કંઈ છે તે બતાવતાં શ્રીમદ્જી ફરમાવે છે—

**રાગ-દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃતિ જેહથી, તે જ મોક્ષ નો પંથ...૧૦૦...**

મુખ્યરૂપે રાગ-દ્વેષ અને અજ્ઞાન એ ત્રણ કર્મબંધનની ગાંઠો છે. જીવનાં આત્મિક વિકાસમાં આ ગાંઠો જ આડી આવે છે. રાગ-દ્વેષની ચર્ચા તો આપણે અનેકવાર કરી, વળી રોજ રાગ-દ્વેષને સેવીએ છીએ. તેથી તેને ઓળખીએ છીએ. તે બે તો મહાબંધન છે. શ્રમણસૂત્રમાં કહ્યું છે-'**दोहि बंधणेहिं, राग बंधणेणं, दोस्स बंधणेणं**.' રાગબંધન અને દ્વેષબંધન આ બંને કર્મબંધનના કારણો છે અને ત્રીજું છે અજ્ઞાન.

અજ્ઞાન બે પ્રકારનાં, એક જ્ઞાનાવરણીય કર્મનાં ઉદયથી અને બીજું મોહનીયનાં ઉદયથી, બંને અજ્ઞાનમાં અંતર છે. જ્ઞાનાવરણીય કર્મનાં ઉદયનાં

કારણે અજ્ઞાન હોય તે એટલું જ કે જાણપણું ઓછું હોય અથવા ન હોય. બહુ સમજણ ન હોય. બુદ્ધિ ન હોય. પણ એથી બહુ મોટું નુકશાન ન થાય. પણ મોહનીય કર્મનાં ઉદયનાં પરિણામ સ્વરૂપ અજ્ઞાન એ વિકૃતિ-રૂપ હોય. જે પદાર્થ જેવો છે તેવો તેને જાણવો તે સમ્યગ્જ્ઞાન. અને જેવો છે તેવો પદાર્થને ન જાણવો બલ્કે નથી તેવો જાણવો. પોતાની મિથ્યા માન્યતાનો તે પદાર્થમાં આરોપ કરવો તે મોટું અજ્ઞાન જેને બીજા શબ્દોમાં મિથ્યાત્વ કહીએ. સત્ય સમજણ પ્રગટ ન થવા દે. અવળી માન્યતાથી જીવને મુંઝવ્યા કરે અને તેથી ભયંકર નુકશાન.

જ્યાં જે નથી ત્યાં તેનો આભાસ ઉભો કરાવે. કુદેવને સુદેવ, કુગુરુ ને સુગુરુ, અને કુધર્મ ને સુધર્મ માનવા પ્રેરે. એમ જીવને અજીવ તથા અજીવને જીવ માને. વિતરાગનાં માર્ગની સત્ય પ્રતીતિ થવા ન દે. આમ મોહનીયનું અજ્ઞાન જીવને ભમાવનાર છે. આજ સુધી જીવનો મોક્ષ ન થયો હોય તો કારણભૂત આ અજ્ઞાન જ છે. જ્યારે જ્ઞાનાવરણીયનું અજ્ઞાન જીવને બહુ મોટું નુકશાન ન કરે. ભણી ન શકે, કંઈ યાદ ન રહે. મહેનત કરવા પછી પણ એક અક્ષર કંઠસ્થ ન કરી શકે પણ એથી મોક્ષ ન અટકે.

માષતુષ મુનિની વાત આપણાં ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. તેઓને જ્ઞાના-વરણીય કર્મનો ગાઢ ઉદય હતો. અથાગ પ્રયત્ન પછી પણ શાસ્ત્રની એક ગાથા યાદ ન રાખી શકે. તેઓને ખેદ વર્તે છે. અન્ય મુનિઓ શાસ્ત્રમાં પારંગત છે, પોતે કશું જ શિખી નથી શકતા. તેઓ પોતાનાં ગુરુદેવ પાસે જઈ ખેદ વ્યક્ત કરે છે. ગુરુદેવ અનુભવી મહાપુરુષ છે. તેઓ જાણે છે કે આ સાધુને જ્ઞાનાવરણીયનો ગાઢ ઉદય છે. પણ તેમનાંમાં મિથ્યાત્વનાં ભાવો નથી. રાગ–દ્વેષ મંદ પ્રવર્તી રહ્યા છે, આત્મા હળુકર્મી છે, મંદકષાયી છે, ગુરુદેવે મુનિને આશ્વાસન રહે માટે એક સુંદર સારગર્ભિત સૂત્ર આપ્યું **મા રુષ મા તુષ** અને કહ્યું: દેવાનુપ્રિય ! તમને વધુ યાદ ન રહે તો માત્ર આટલું જ ગોખો. બસ એથી તમારો બેડો પાર થઈ જશે ને મુનિએ ઉલ્લસિત ભાવે એ સૂત્ર ને ગોખવાનું

શરૂ કર્યું. એ જ ધૂન લાગી છે. આખો દિવસ માત્ર આ એક જ સૂત્રનું ઉચ્ચારણ અને તેમ કરતાં વચમાંથી રુષ નો રુ નીકળી ગયો અને મા તુષ નો મા નીકળી ગયો. રહી ગયું 'માષતુષ' નિરંતર સૂત્રનું રટણ ચાલુ છે. અને તેઓનું તો નામ જ ઠરી ગયું માષતુષ મુનિ.

સૂત્રનો અર્થ છે પ્રતિકૂળ પરિસ્થિતિમાં રોષ એટલે દ્વેષ ન કરવો તથા અનુકૂળ પરિસ્થિતિમાં તુષ એટલે રાગ ન કરવો. ખરેખર આ સૂત્રનાં ઉચ્ચારણની સાથે-સાથે રોષ અને તોષ બંને ગળવા માંડયા અને મુનિને પણ ખબર ન રહી કે એ બંનેનો સર્વથા નાશ કયારે થઈ ગયો! અને મુનિ કેવળજ્ઞાન પામી ગયા! બંધુઓ! જ્ઞાનાવરણીયનાં ગાઢ આવરણો મુનિની સમતા અને સરળતા સામે ટકી ન શકયા તેને હટી જવું પડયું અને કેવળજ્ઞાનનો દીપક પ્રગટી ગયો. શાસ્ત્રો ભણ્યાં નહીં ગાથાઓ ગોખી નહીં. ચર્ચાઓ કરી નહીં. પ્રવચનો આપ્યા નહીં છતાં રાગ-દ્વેષ નિર્મૂળ થઈ ગયા. અને મોક્ષની મંઝિલે પહોંચી શકયાં. આમ જ્ઞાનાવરણીય નું અજ્ઞાન,જીવને ભમાવનારૂં નથી, અટકાવનારૂં નથી પણ રાગ-દ્વેષ ની ગાંઠ રૂપ જે અજ્ઞાન છે એ જ જીવને અટકાવે છે. રાગ-દ્વેષ અને અજ્ઞાન એ દોરાની વચલી ગાંઠ જેવા છે જે જીવને વિકાસ ક્રમમાં આગળ વધવા દેતાં નથી. તે ગાંઠ છેદાય તો જ જીવ મિથ્યાત્વનાં ભાવોથી મુક્ત થઈ સમ્યક્ત્વ પામી શકે છે.

જીવ શુકલપક્ષી બની આત્માનાં શુદ્ધ ભાવોમાં વૃદ્ધિ કરતો આગળ વધે છે. ત્યારે જ દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ અને અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃતિ એમ કુલ સાત પ્રકૃતિને ખપાવી સમકિત પ્રાપ્ત કરે છે. જીવ પ્રથમ યથાપ્રવૃત્તિકરણ કરે છે. એટલે કે મોહનીય કર્મની ૭૦ ક્રોડાક્રોડ સાગરની સ્થિતિમાંથી ૬૯ ક્રોડાક્રોડ સાગર જેટલી સ્થિતિનાં કર્મોને ખપાવી નાખે. માત્ર એક ક્રોડાક્રોડ સાગરની સ્થિતિ જેટલું જ મોહનીય કર્મ શેષ રહે તેને યથાપ્રવૃતિકરણ કહે છે. આટલે સુધી પહોંચવામાં જીવને વિશેષ પુરુષાર્થ કરવો પડતો નથી. અહીં સુધી તો અભવ્ય જીવ પણ અનેકવાર પહોંચી જાય છે. પણ રાગ-દ્વેષની દુર્ભેદ્ય

ગાંઠને તે છેદી શકતા નથી. કારણ અભવ્ય જીવને ગાંઠને છેદવા માટે જોઈતા અતિ શુદ્ધ પરિણામો આવતા જ નથી. તેથી આટલું કર્યા પછી પણ તે પાછો ફરી જાય છે અને ફરી મોહનીય કર્મને વધારી દે છે.

પણ ભવ્ય જીવ જ્યારે આટલે સુધી પહોંચ્યા પછી વધુ વિશુદ્ધ પરિણામ ધારાને પામે તો રાગ–દ્વેષની ગાંઠને છિન્ન–ભિન્ન કરી નાખે. જેને શાસ્ત્રોમાં અપૂર્વકરણ કહ્યું છે. આવા પરિણામો જીવને વારંવાર આવતા નથી. ક્યારેક જ આવે છે માટે જ તે પરિણામોને 'અપૂર્વ કરણ' કહે છે.

રાગ–દ્વેષની ગાંઠ તૂટાવથી જીવનાં પરિણામોમાં વિશેષ શુદ્ધિ થાય છે. આ શુદ્ધિ ને 'અનિવૃત્તિ કરણ' કહેવામાં આવે છે. એટલે કે સમ્યક્ત્વ ની પ્રાપ્તિ વિના જીવ રહેવાનો જ નથી. ભેદ–વિજ્ઞાન પ્રગટ કરે જ છે માટે તેને અનિવૃત્તિ કરણ કહ્યું છે.

આમ વિશુદ્ધ ભાવધારાથી આગળ વધતો જીવ રાગ–દ્વેષની ગાંઠને છેદી સમ્યક્ત્વ પામે છે.

આ ગાંઠ છેદાય એટલે પહેલા કહ્યું તેમ દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ તથા અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃતિ ક્રોધ, માન, માયા અને લોભ આ સાત પ્રકૃતિનો ઉપશમ કરે, અથવા ક્ષયોપશમ કરે. અથવા ક્ષય કરે. ઉપશમ થાય તો જીવને ઔપશમિક સમ્યક્ત્વ થાય, ક્ષયોપશમ થાય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ થાય અને ક્ષય થાય તો ક્ષાયિક સમકિત થાય.

અહીં એક વાત વિચારીએ. 'સમ્યક્ત્વ' પ્રાપ્તિ માટે દર્શન–મોહનીયનો ક્ષય તો અનિવાર્ય છે. પણ ચારિત્ર મોહનીયની પ્રકૃતિ રૂપ અનંતાનુબંધીનાં ક્ષય–ઉપશમની શી જરૂર ?

અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વની સાથે રહી કર્મોનો અનંત અનુબંધ કરાવે છે. જેની પરંપરા અનંતકાળ સુધી ચાલે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો સંબંધ અવિનાભાવી છે તે એક બીજા વગર હોય જ નહીં. મિથ્યાત્વ હોય ત્યાં અનંતાનુબંધી હોય અને અનંતાનુબંધી હોય ત્યાં મિથ્યાત્વ હોય. બંનેનો ઉદયકાળ સાથે જ હોય. વળી બંને એક

બીજાનાં સહાયક છે. માટે જ સમકિતની પ્રાપ્તિ માટે બંને સાથે યુદ્ધ કરવું જ પડે. બંનેને હરાવાય તો જ સમ્યક્ત્વ થઈ શકે.

સમ્યક્ત્વ એકવાર થાય એટલે જીવનો મોક્ષ નિશ્ચિત. જો સમ્યક્ત્વ ટકી રહી શકે. આત્માનાં વિશુદ્ધ પરિણામો તીવ્ર થી તીવ્રતર, તીવ્રતમ બનતા જાય તો જીવ તે જ ભવે પણ મોક્ષ લઈ શકે. નહીં તો ત્રણ ભવે, પંદર ભવે કે એથી પણ વધુ ભવો થાય. પણ મોક્ષ થવાનો તે નિશ્ચિત હવે અનંતકાળ કાઢવાનો નથી. અનંત અનુબંધ કરાવનાર અનંતાનુબંધીને એક વાર નિર્માલ્ય કર્યા પછી તે જોર કરે તો પણ બહુ જોર તેનું ચાલે નહી તેથી જીવ મોક્ષમાર્ગમાં આગળ ડગ ભરતો જાય.

ગાથામાં એ જ કહ્યું: "થાય નિવૃત્તિ જેહથી, એ જ મોક્ષનો પંથ". રાગ-દ્વેષ અને અજ્ઞાનથી જેના દ્વારા નિવૃત્ત થવાય તે મોક્ષનો પંથ છે. અહીં સમ્યક્ત્વ પ્રાપ્તિનો પુરુષાર્થ એ જ મોક્ષનો પંથ છે. જીવ એક વાર આવો પુરુષાર્થ કરે, સમકિતનો સ્વાદ ચાખી લે તો પછી એ સ્વાદને છોડવાનું મન નહીં થાય. કદાચ એકવાર સમકિત થયા પછી ચાલ્યું ગયું હશે. તો પણ જીવને એ સ્વાદ ભૂલાય નહીં તેથી ફરી ફરીને સમકિત દશાની પ્રાપ્તિની ઝંખના જાગે અને પામે. અને આમ જ એ આગળ વધી જાય. આ જ છે મોક્ષનો પંથ.

આવો પુરુષાર્થ કરવાની ઈચ્છા જીવને ત્યારે જ જાગે કે જ્યારે રાગ-દ્વેષની ગાંઠો ખૂંચવા માંડે. બંધુઓ ! કોઈ સાથેનાં સ્નેહ સંબંધમાં જો ગેરસમજણની ગાંઠ પડી ગઈ હોય તો એ ગાંઠ જન્મભર ખટકે છે. એ છુટી જાય તો સારૂં એમ જીવ ઈચ્છે તે માટે પ્રયત્ન થાય. તેમ જ્યારે રાગ-દ્વેષની ગાંઠો ખટકશે, નડશે, ખૂંચશે ત્યારે જ જીવ મિથ્યાત્વ દશામાંથી નીકળી સમકિતને પામવાનો પુરુષાર્થ આદરી શકશે.

ગુરુદેવ શિષ્યને એ જ સમજાવે છે કે મોક્ષનો માર્ગ શોધવા ક્યાંય ચોકમાં જવાની જરૂર નથી. એ અંદરમાં જ છે. અંદરમાં ઉતરી જા તો માર્ગ સામે જ દેખાશે. સરળ અને સીધો માર્ગ મળી જશે. બસ રાગ-દ્વેષ અજ્ઞાનની ગાંઠોને ગાળવા માંડ એટલે માર્ગ સાફ.

આ માર્ગને વધુ પ્રશસ્ત ગુરુદેવ હવે કરશે.

## ...સર્વાભાસ રહિત !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, જીવનાં મૌલિક સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. જીવનું વર્તમાન સ્વરૂપ તે મૌલિક નથી, કર્મનાં કારણે મળેલું હોવાથી આભાસી છે.

શ્રીમદ્જી આત્માનાં શુદ્ધ સ્વરૂપને બતાવવાની સાથે જ અશુદ્ધ સ્વરૂપને પણ બતાવે છે. અશુદ્ધ સ્વરૂપનો ત્યાગ અને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિની આવશ્યકતા પણ બતાવે છે. તથા એ જ મોક્ષપંથને પામવાની રીત છે, એમ કહે છે—

**આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;**
**જેથી કેવળ પામીયે, મોક્ષપંથ તે રીત....૧૦૧....**

અહીં આત્માનાં લક્ષણો બતાવ્યા. સત્ અને ચૈતન્ય આ બે લક્ષણો એ આત્માની શુદ્ધ દશા છે. આભાસ એ જીવનું અશુદ્ધ સ્વરૂપ છે, આભાસ રહિતની દશા તે આત્માની શુદ્ધ દશા છે.

સત્ અર્થાત્ અસ્તિત્વ. જેનું સદા-સર્વદા માટે અસ્તિત્વ છે, જેનો કદી નાશ થવાનો નથી તે સત્. અસત્‌ની ઉત્પત્તિ નહીં અને સત્‌નો નાશ નહીં. ગીતાકારે પણ કહ્યું છે—

**'नासतो विद्यते भावो नाभावो विद्यते सतः'**

જગતમાં જે પદાર્થનું અસ્તિત્વ નથી, તે પદાર્થ ક્યારેય નવો ઉત્પન્ન થાય નહીં અને જે પદાર્થ સત્ છે, અસ્તિત્વવાન છે તેનો કદી નાશ થાય નહીં. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આગળ જ આત્માની નિત્યતાની સિદ્ધિ કરતાં

આ જ ભાવો શ્રીમદ્જીએ બતાવ્યા છે. ચેતન એવો આત્મા અને જડ એવા પરમાણુ બંને મૂળભુત સ્વરૂપમાં નિત્ય છે. તેનામાં રહેલો અનિ-ત્યતાનો અંશ તે તેઓની પર્યાયો છે. પર્યાયોની ઉત્પત્તિ અને નાશ બંને થયા કરે છે, પણ પદાર્થ પોતે તો ધ્રુવ–નિત્ય જ રહે છે.

આત્મા પણ ગતિ, જાતિ આદિ અનેક પર્યાયો ધારણ કરે છે. તેનો નાશ થાય છે અને એ બધામાં આત્મા એનો એ જ રહે. ભવનું ભ્રમણ ગમે તેટલું થાય પણ આત્મા–આત્મા મટી જતો નથી. ત્રણેય કાળે આત્માનું અસ્તિત્વ એક સરખું જ જળવાઈ રહે છે. એ ત્રિકાળી સત્ પદાર્થ છે. સર્વ કર્મોથી મુક્ત થઈ સિદ્ધ દશાની પ્રાપ્તિ થતાં સર્વ બાહ્ય ભાવોનો નાશ થઈ જશે પણ આત્માના અસ્તિત્વનો નાશ નહીં થાય. માટે તે સત્ છે.

આત્મા ચૈતન્યમય છે. અન્ય સર્વ દ્રવ્યોથી આત્માને અલગ પાડનારો આત્માનો અસાધારણ ગુણ એટલે જ ચૈતન્ય. આ ગુણ આત્મા સિવાય અન્ય દ્રવ્યોમાં નથી. જડ દ્રવ્ય સત્ છે પણ ચૈતન્યવાન નથી. જડમાં બીજી અનેક શક્તિ છે. તેની શકિતઓનો ઉપયોગ સંસાર કરી શકે છે. પણ અંતે તે જડ છે. આત્મા ચૈતન્ય છે માટે જ જીવંત છે. જીવનું જીવત્વ એ જ છે તેનું ચૈતન્યત્વ.

વળી આત્મા ચૈતન્યવાન છે માટે જ જ્ઞાનવાન છે. જ્ઞાન એ પણ આત્માનો અસાધારણ ગુણ છે. અન્ય દ્રવ્યોમાં એ નથી. જ્ઞાન આત્માનો ગુણ હોવાનાં કારણે જ આત્મા સ્વ–પર પ્રકાશક છે. આત્મા સ્વયંને જાણે છે તથા પર પદાર્થોને પણ જાણે છે. જીવની આ વિશિષ્ટતાઓ જ તેને જડથી જુદો પાડે છે. આ વિશિષ્ટતાઓને લઇને જ આખો સંસાર વ્યવહાર ચાલ્યો છે ષડ્ દ્રવ્યોમાં જીવ પણ જડ જેવો જ ચૈતન્ય અને જ્ઞાનવિહૂણો જ હોત તો આ સંસારનું સ્વરૂપ જ કંઇક જુદું હોત.

તેમજ આત્મા સત્ છે, ચૈતન્યવાન છે માટે જ મોક્ષ પામી શકે છે. જો તે સત્ ન હોત તો તેનો જ નાશ થઇ જાત તો મોક્ષ કોણ પામત ? વળી આત્માનો ત્રિકાળી શુધ્ધ ચૈતન્યાનંદનો નિરંતર અનુભવ એ જ મોક્ષ.

આત્મામાં ચૈતન્યત્વ ન હોય તો મોક્ષ પણ શું હોત? તેથી જ આત્માના આ વિશિષ્ટ લક્ષણો જ તેનો મોક્ષ હોવાની સાબિતિરૂપ છે.

હવે ત્રીજુ લક્ષણ કહ્યું 'સર્વાભાસ રહિત' જ્યાં આભાસ છે ત્યાં યથાર્થતા નથી હોતી. બન્ને એક-બીજાનાં વિરોધી છે. આભાસ તે આભાસ જ હોય યથાર્થ ન હોય અને યથાર્થ તે યથાર્થ જ હોય, આભાસ ન હોય.

આત્મા સદા ચૈતન્ય તથા જ્ઞાન સહિત છે. આ બન્ને લક્ષણો જેમાં નથી તેને આત્મા માનીને તેમાં જ રાચીએ તો સર્વથી મોટો આભાસ. આજ સુધી જીવે દેહને જ આત્મા માન્યો છે. દેહમાં મારાપણાની બુદ્ધિ કરી, દેહ પ્રત્યેનું મમત્વ વધાર્યું છે. દેહ જડ છે તથા જ્ઞાનરહિત છે તો તે મારૂં સ્વરૂપ ક્યાંથી હોય? કર્મ સંયોગે દેહનો સંયોગ થયો છે. એકવાર નહીં, અનેકવાર આવા સંયોગો થયા અને વિયોગ પણ થયાં છતાં દેહમાં મારાપણાની બુદ્ધિ ગઈ નહીં. જીવે જ્યાં-જ્યાં દેહ ધારણ કર્યાં ત્યાં તરત જ તેમાં હુંપણાની બુદ્ધિ ઉત્પન્ન થઈ અને તે માન્યતાનું પોષણ પણ એ કરતો રહ્યો.

દેહ મળવાની સાથે-સાથે કર્મનાં કારણે બીજું પણ ઘણું-ઘણું મેળવ્યું અને એ બધું દેહને જ મળ્યું, આત્માને નહીં. નામકર્મનાં ઉદયે શરીર સુંદર હોય તો કહે હું સુંદર છું. ગોત્રકર્મનાં ઉદયે શરીર ઊંચા કૂળમાં જન્મ્યું તો કહે હું કૂળવાન છું. શાતા વેદનીયનાં ઉદયે શરીરે શાતા હોય તો કહે હું સુખી છું, ભાગ્યશાળી છું, પુણ્યવાન છું. આમ દરેક આભાસો ને યથાર્થ સાબિત કરવાનો પ્રયાસ કરતો રહ્યો અને અહં સાથે મમ ને જોડતો રહ્યો.

જ્ઞાની પુરુષો કહે છે આ બધાં જ આભાસો છે. આત્મા મનુષ્ય નથી, સુંદર શરીરધારી નથી, ઊંચા-નીચા કૂળનો નથી, પુણ્યવાન નથી. આ બધાં જ આત્માની વિકારી અવસ્થાનાં પ્રતિકો છે. તેને પોતાનાં કેમ મનાય ?

આભાસ છે ત્યાં યથાર્થતા નથી માટે જ તે જોઈતું ફળ પણ ન આપી શકે. જંગલમાં દેખાતાં ઝાંઝવાનાં જળ તે યથાર્થ નહીં પણ આભાસ છે, તે કદી તૃષા છીપાવે નહીં. એ જ રીતે આત્માને વિભાવનાં પરિણામે

મળેલા સ્વરૂપને પોતાનું સ્વરૂપ માની લેવાય તો આત્માનંદની પ્રાપ્તિ થઈ શકે નહીં.

શ્રીમદ્જી કહે છે કે અહીં આત્માનું જે સ્વરૂપ બતાવ્યું છે તે સ્વરૂપને માત્ર પામી લેવું એ જ મોક્ષનો પંથ છે. બીજુ કશું કરવાનું રહેતું નથી. આત્માને એ દૃઢ પ્રતીતિ થઈ જાય કે હું સદા અસ્તિત્વવાન, અવિનાશી, ત્રિકાળી નિત્ય આત્મદ્રવ્ય છું. મારૂ સ્વરૂપ ચૈતન્ય છે. અનંતજ્ઞાન ગુણ એ મારો શુદ્ધ સ્વભાવ છે. તથા સર્વ આભાસોથી રહિત હું માત્ર આત્મા ! આત્મા જ છું ! આટલી પ્રતીતિ જીવને આવી જાય તો તે મોક્ષનાં પંથે જ છે.

મોક્ષનો માર્ગ નથી મળ્યો તેનું કારણ પણ એ જ છે કે આજ સુધી સર્વ-સંસારી ભાવોને પોતાનાં માનીને તેમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો જ નથી. તેથી જીવની ગતિ માત્ર સંસારમાર્ગે જ થઈ પણ તેનાથી ઉપર ઉઠી પરમગતિને પામી શકવાનો પુરુષાર્થ એ કરી શકયો નહીં.

આ પુરુષાર્થ કરવામાં આત્માની જે પરિણામધારા પ્રવર્તે છે એ જ છે જીવનો મોક્ષભાવ. અને એ ભાવે થતો પુરુષાર્થ એ જ છે મોક્ષનો પંથ.

મોક્ષપંથની પ્રવૃત્તિ માટે જીવને કરવા યોગ્ય પુરુષાર્થના ભાવો અવસરે........

---

## આત્મ-ચિંતન....

"હું.... આત્મા.... છું... હું.... આત્મા ..છું"
અકર્તાપણું.... એ મારો સ્વભાવ....

મારામાં.... કર્તૃત્વ નથી... આ આત્મા.... નિજ સ્વરૂપ દશામાં.... અકર્તા છે.... પોતે... પોતામાં સમાઈ જઈ...., આત્મા.... નિજ સ્વરૂપ દશામાં લીન...બને તો એ અકર્તા છે સ્વરૂપ બહાર થઈ....વિભાવદશાને... પોતાની માની તેની સાથે પરિણમે.... ત્યારે એ કર્તા થાય છે... રાગ હું કરૂં છું... દ્વેષ હું કરૂં છું....એવો કરવાપણાનો ભાવ.... એ જીવનું કર્તાપણું છે.... શુભ-અશુભ ભાવમાં પરિણમી જઇ....એ પુન્ય-પાપનો કર્તા બને છે... શુભ-અશુભ ભાવ.... એ મારા નથી.. પુણ્ય અને પાપ પણ... મારા નથી... એ બધાથી પર હું છું....

આત્માની શુદ્ધ દશાની પરિણતિમાં.... રાગ નથી... અને દ્વેષ પણ નથી.... પુણ્ય પણ નથી...., પાપ પણ નથી... એ સર્વથી હું.... ચૈતન્ય-ઘન આત્મા છું..., જ્ઞાન-દર્શનમય આત્મા છું.... જગતમાં ફરતી વૃત્તિ-ઓને...., વિભાવમાં વર્તતી વૃત્તિઓને...ત્યાંથી પાછી વાળી.... જેટલી ક્ષણો માટે... હું મારામાં સ્થિર થાઉં....એટલી ક્ષણ હું.... અકર્તા છું.... મારે... મારા અખંડ અકર્તાપણાને.... પ્રગટ કરવું છે.... એ માટે કર્તૃત્વ-ભાવને છોડું...., પરમાં રહેલી મમત્વ ભાવનાને છોડું...., જ્ઞાન-દર્શનની ઉપયોગમય દશામાં ઝુલું... તો મારી સ્વરૂપ દશાને.... પ્રગટ કરી શકું છું....

એ માટે મને જાણું..., મને ઓળખું...., મને અનુભવું... મારામાં ઠરી જાઉં.... મારામાં સમાઈ જાઉં...., મારામાં સ્થિર થઈ જાઉં...., તો મારા સદ્‌ચિદાનંદ સ્વરૂપને....પામી શકું.... છું... થોડી ક્ષણો માટે... વધુ... શાંત થઇ .. વધુ... એકાગ્ર થઈ... માત્ર આત્માનું ચિંતન...

"હું.... આત્મા... છું" "હું.... આત્મા... છું"...
ૐ........"શાંતિ".... "શાંતિ"..."શાંતિ".

# કર્મ અનંત પ્રકારના...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની–અનંતદર્શની પ્રભુ વીર જગતનાં ભવ્યજીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, *સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.*

આ ત્રિ–રત્નની આરાધના, આત્મા પર રહેલા કર્મનાં અનાદિ બંધનને તોડી નાખે છે. આ બંધન અનાદિ હોવા છતાં અંતવાળું છે.

ભવ્યઆત્મા આ બંધનનો અંત કરી શકે છે પણ અભવ્ય આત્માનાં બંધનો કયારેય તૂટતા નથી. તેના બંધનો અનાદિ-અનંત છે. ભવ્યત્વ અને અભવ્યત્વ આ જીવનાં પારિણામિક ભાવો છે. અમુક જીવમાં ભવ્યત્વ અને અમુકમાં અભવ્યત્વ આમ શાથી ? તેનો કોઈ ઉત્તર નથી. તેમાં કોઈ કારણ–કાર્ય ભાવ નથી. એ અહેતુક છે કારણ તે જીવનાં પારિણામિક ભાવો છે.

જીવના અન્ય ભાવો કર્મ–સાપેક્ષ હોય છે. જેમકે ઔદયિક ભાવ, ઔપશમિક ભાવ, ક્ષાયોપશમિક ભાવ અને ક્ષાયિકભાવ. આઠ કર્મોમાંથી કોઈપણ કર્મનાં ઉદયનાં કારણે જીવની જે આત્મિકદશા થાય તે ઔદયિક ભાવો. જ્ઞાનાવરણીયનાં ઉદયથી જીવમાં અજ્ઞાનદશા હોય તે ઔદયિક ભાવ છે. એ જ રીતે અન્ય–અન્ય કર્મોનાં ઉદયનાં કારણે થતાં જીવનાં ભાવ તે ઔદયિક ભાવ.

મોહનીય કર્મનાં ઉપશમનાં કારણે થતું ઔપશમિક સમ્યક્ત્વ તથા રાગ–દ્વેષની મંદતા તે જીવનો ઔપશમિક ભાવ.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયનાં ક્ષયોપશમથી થતું જ્ઞાન-દર્શન, મોહનીયનાં ક્ષયોપશમથી થતું સમ્યક્ત્વ અને રાગ–દ્વેષની મંદતા તથા અંતરાયનાં ક્ષયોપશમથી થતું વીર્યાદિ શક્તિનું જાગરણ તે સર્વ ક્ષાયોપશમિક ભાવ.

ચાર ઘાતિ કર્મોનાં ક્ષયથી પ્રગટતી વીતરાગતા કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત, યથાખ્યાત ચારિત્ર તથા અનંતવીર્ય શકિત એ છે જીવનો ક્ષાયિક ભાવ. સાથે-સાથે ચારેય અઘાતિ કર્મોનાં ક્ષયથી અર્થાત્ આઠે કર્મોનાં સંપૂર્ણ ક્ષયથી પ્રાપ્ત થતી સિદ્ધ દશા તે છે ક્ષાયિક ભાવ.

આમ ચારેય ભાવો, કર્મ સાપેક્ષ છે. કર્મ સાથે તેનો સંબંધ છે. પણ આત્માનાં પારિણામિક ભાવોમાં શેનીય અપેક્ષા નથી. તે નિરપેક્ષ છે. જીવનું જીવત્વ પણ પારિણામિક છે. કોઈ પ્રશ્ન કરે કે જીવ, તે જીવ કેમ છે ? તેનામાં જીવત્વ કોણે મૂકયું ? તથા અજીવ, તે અજીવ કેમ ? તેનામાં અજીવત્વ કોણે મૂકયું ? તો તેનો કોઇ ઉત્તર નથી. મૂકવાની કે બનાવવાની આ ચીજ નથી. એ છે એટલે છે. એવું જ છે ભવ્યત્વ અભવ્યત્વનું.

કેટલાક ભોળા લોકો આ પ્રશ્ન કરતાં હોય છે કે ભગવાને આવો પક્ષપાત કેમ કર્યો ? શા માટે અમુક જીવને ભવ્ય બનાવ્યા અને અમુકને અભવ્ય ? અભવ્ય જીવનું સંસાર પરિભ્રમણ કદી મટવાનું જ નહીં. એ બિચારો વ્રત-નિયમો કરી લે. સ્તુતિ-ભકિત કરી લે. પૂજા-પાઠ કરી લે. અરે ! સાધુપણું સ્વીકારી ઉત્તમ રીતે મહાવ્રતોનું પાલન કરી લે. પણ તેનો મોક્ષ નહીં. શા માટે ? તેને આ બધું ઉપરથી જ હોય, અંતર-સ્પર્શી ન હોય. તે અંદરથી કોરોધાકોર જ રહે. તેનું ભીતર ભિંજાય જ નહીં અને તે સંસારનાં ફેરા ટાળે નહીં, તો ભગવાને શા માટે એ જીવને અભવ્ય બનાવ્યો !

ભોળા જીવનો પ્રશ્ન તો ઉચિત છે. પણ ઉત્તર એટલો જ કે ભગવાન કોઇને યે બનાવતો નથી. કશું બનાવી શકતો નથી. તેણે કોઇનામાં ય ભવ્યત્વ કે અભવ્યત્વ મૂકયું નથી. આ બંને જીવનાં પારિણામિક ભાવો છે.

અનુભવી પુરુષોએ આ પ્રશ્નનો ઉત્તર મગનાં કોયડુંનાં દૃષ્ટાંતે આપ્યો છે. એક વાટકો બાફવા મૂકેલા મગમાં બે-ચાર દાણા બફાતા નથી. તે એવા ને એવા જ રહે. તેને ફરી-ફરીને બાફવાનો પ્રયત્ન કરે છતાં, પોચા ય ન પડે. આમ કેમ ? એવું શું છે એનામાં? ખેડૂતને પૂછો! જેના ખેત-રમાં એ પાકયા છે ? એ પણ કહેશે મારા આખા ખેતરમાં અનેક મણ

મગ પાક્યા. બધાંને એક સરખા જ વાતાવરણમાં રાખ્યા. એ જ જમીન, ખાતર, પાણી, પ્રકાશ, માવજત એ જ મળ્યાં. તેની સાથે એક જ શીંગમાં થયેલાં અન્ય દાણાઓ બરાબર થયાં અને આ ચાર દાણા જ આવા થયાં. કેમ ? તે હું પણ જાણતો નથી. એ એવા થવાનાં હશે તેથી થયાં.

બંધુઓ! વૈજ્ઞાનિકોને પૂછો, લેબોરેટરીમાં મોકલો આ દાણાને ! ઉકેલ મળશે ખરો ? ન જ મળે. બસ, એવું જ છે આ ભવ્યત્વ અને અભવ્યત્વનું. આ છે જીવનો પારિણામિક ભાવ. નિર્હેતુક.

ભવ્ય જીવ કર્મનાં બંધનો તોડી શકે છે. તેથી હવે શ્રીમદ્જી કર્મબંધન કેટલાં અને ક્યાં-ક્યાં છે તે બતાવે છે.

**કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;**
**તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહુ પાઠ...૧૦૨...**

સામાન્ય રીતે કર્મો આઠ પ્રકારનાં છે તેમ આપણે સાંભળતા આવીએ છીએ. પણ અહીં અનંત પ્રકારનાં કહ્યાં.

પ્રત્યેક જીવ સમયે-સમયે કર્મબંધ કરતો હોય છે. કર્મબંધના કારણો વિષે આપણે આગળ વિચારી ગયા છીએ. રાગાત્મક તથા દ્વેષાત્મક પરિણામોનાં કારણે જીવમાં કર્મબંધ થાય છે. આપણાં સહુનો અનુભવ છે કે આ પરિણામો હંમેશા એક સરખા જ નથી હોતા. તીવ્ર-મંદ ભાવોની ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ થયા કરે છે અને તે એક-એકમાં પણ કેટલા પ્રકાર ? એક જીવને એકવાર મંદ રાગ થયો, બીજી ક્ષણે એથી જુદી જાતનો મંદ થશે. ત્રીજી ક્ષણે વળી જુદી જાતનો. એમ મંદ રાગ અનેક પ્રકારનાં. એ જ રીતે મંદતર કે મંદતમ પણ અનેક પ્રકારનાં, તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ પણ અનેક પ્રકારના.

આ અપેક્ષાએ એક જ જીવનાં માત્ર એક જીવનમાં અનંત પ્રકારનાં રાગાદિનાં પરિણામો થાય. જ્યારે જેવા પરિણામો થાય, ત્યારે તેવા જ પ્રકારનાં કર્મો બંધાય. પરિણામોનાં પ્રકાર અનંત તો કર્મનાં પ્રકાર પણ અનંત. પરમ-શુદ્ધ જીવમાં અનંત ગુણો છે. આ અનંત ગુણો કર્મનાં કારણે વિકૃત થાય છે ત્યારે જ તેમાં રાગ-દ્વેષનાં અનંત પરિણામો પેદા

થાય છે. જે અનંતકર્મોને બાંધે છે. અને તે કર્મોથી અનંતગુણો વધુ ને વધુ દબાતાં જ જાય છે. આમ અનંતની પરંપરા ચાલે જ છે. માટે જ કર્મ અનંત પ્રકારનાં કહ્યાં છે. જ્ઞાનીઓએ પોતાનાં જ્ઞાનમાં જીવનાં આવા વિવિધ પરિણામો જોયા અને તેનાથી બંધાતા વિવિધ કર્મો પણ જોયાં. છદ્મસ્થ જીવ આ વસ્તુને બુદ્ધિ દ્વારા સમજી ન શકે તેથી અનંત પરિણામો ને વિભાજીત કરી આઠ પ્રકારમાં સમાવી દીધાં. જે–જે પરિણામો એક સરખાં લાગ્યા તેનો એક પ્રકાર બનાવ્યો. તેને જ્ઞાનાવરણીય કહ્યાં. જ્ઞાનનું આવરણ કરનાર બધાં જ પર્દા. કોઇ જાડો, કોઈ જીણો, કોઈ હલ્કો, કોઇ ભારે, કોઈ મજબૂત, કોઇ જીર્ણ, એ બધા પર્દા જ છે. એમ માની એક પ્રકારમાં સમાવેશ કરી દીધો અને જ્ઞાનાવરણીય નામ આપી દીધું. એવી જ રીતે અન્ય–અન્ય કર્મોને પણ સમજાવ્યા. વળી આ અનંત કર્મોને, આઠ ભાગમાં સમાવવાનું કારણ પણ એ છે કે સર્વથા શુદ્ધ–બુદ્ધ તેવા સિદ્ધ પરમાત્મામાં આઠ ગુણો પ્રગટયા છે તે અનંત ગુણોમાં મૌલિક ગુણો છે. એક–એક કર્મનાં ક્ષયથી આ એક–એક ગુણો પ્રગટે છે. તેથી આઠ ગુણોને દાબી દેનાર આઠ પ્રકારનાં કર્મો કહ્યાં. તેથી જ અનંત પ્રકારને આઠમાં સમાવી દીધા. તે ૧, જ્ઞાનાવરણીય, ૨, દર્શનાવરણીય, ૩, વેદનીય, ૪, મોહનીય, ૫, આયુષ્ય, ૬, નામ ૭, ગોત્ર ૮, અંતરાય.

આ આઠ કર્મોમાં ચાર ઘાતી અને ચાર અઘાતી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અને અંતરાય આ ચાર ઘાતી કર્મ છે અને બાકીનાં ચાર અઘાતી.

ઘાતી કર્મને બે રીતે સમજીએ. એક અર્થ તો એ થાય છે કે આત્માનાં મૌલિક ગુણોને જે દબાવી દે છે. તેને પ્રગટ નથી થવા દેતાં, તે કર્મોને ઘાતી કર્મો કહ્યાં. અનંતજ્ઞાન ગુણને દબાવનાર જ્ઞાનાવરણીય, અનંતદર્શન ગુણને દબાવનાર દર્શનાવરણીય. અનંત–સુખ ગુણને દબાવનાર મોહનીય અને અનંતવીર્ય ગુણને દબાવનાર અંતરાય. જ્યાં સુધી આ ચારેય કર્મો-જોરાવર છે ત્યાં સુધી આત્માનાં શુદ્ધ સ્વભાવરૂપ આ ગુણો પ્રગટ થતાં નથી. ગુણોને પ્રગટ ન થવા દેવા તે જ તેની ઘાત કરવા બરાબર છે. અન્યથા

કર્મોમાં એ નથી કે આત્માનાં ગુણોનો સર્વથા નાશ કરી નાંખે. માત્ર ગુણોને પ્રગટ થવા ન દે.

બીજી રીતે વિચારીએ તો જીવનો જયારે પ્રચંડ પુરુષાર્થ ઉપડે ત્યારે આ ચારેય કર્મોનો એક સાથે ક્ષય કરી નાંખે છે. આજ સુધી જે-જે જીવોએ સાધના કરી તે માત્ર આ ચાર કર્મોનાં ક્ષય માટે જ. સર્વ પ્રથમ મોહનીય સાથે લડયા. અને મોહનીય જતાં બીજા ત્રણ ઘાતી કર્મો પણ ગયાં. વળી ચારે ય કર્મોનો ક્ષયોપશમ પણ જીવ કરી શકે છે. અને પુરુષાર્થ વડે સર્વથા ક્ષય પણ કરી નાંખે છે. અર્થાત્ જીવમાં એ તાકાત છે કે આ ચાર કર્મો ગમે તેટલાં પ્રબળ હોય પણ પુરુષાર્થ દ્વારા તેનો નાશ કરી નાંખે છે. જીવને કરવાનું પણ એ જ છે. અઘાતી માટે કંઈ કરવાનું નથી. અઘાતી કર્મો જીવને હેરાન પણ નથી કરતાં. એ તો બિચારા એનાં સમયે ઉદયમાં જરૂર આવે પણ તેથી જીવની સ્વભાવગત સ્થિરતામાં આડા ન આવે. ચાર ઘાતી કર્મ ક્ષય કરી જેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે, તેની પાસે ચાર અઘાતીકર્મો તો છે જ, પણ એ તો બળેલી સીંદરી જેવા નિર્માલ્ય છે. કંઈ કરી શકતા નથી. એનું અસ્તિત્વ તો માત્ર ઘાતીકર્મો છે ત્યાં સુધી જ છે. જે ભવમાં ઘાતીનો ક્ષય થયો એ જ ભવમાં અઘાતીનો પણ ક્ષય થાય જ. પછી એ રહી શકે નહીં. હા, એટલું જરૂર છે કે કેવળજ્ઞાન થયા પછી, કેવળી પરમાત્માને આ ચાર અઘાતી કર્મો ભલે કશી પીડા નથી આપતાં! વિકૃતિ પેદા નથી કરતાં! પણ મોક્ષ જવામાં વિલંબ કરાવે છે. જયાં સુધી આ ચાર કર્મો છે ત્યાં સુધી કેવળીને પણ સદેહે રહેવું પડે છે. પણ, સાથે એ પણ સમજી લઇએ કે કેવળી પરમાત્માની આત્મિક દશામાં તથા સિદ્ધપ્રભુની આત્મિકદશામાં કંઈ જ અંતર નથી હોતું તેથી કેવળી શરીર સહિત હોવા પછી પણ જીવન-મુકત જ છે તેથી તેમને અઘાતી કર્મો નડતર રૂપ નથી.

*તાત્પર્ય એ છે કે અઘાતી કર્મોનો નાશ કરવા માટે જીવ પુરુષાર્થ* કરી શકતો નથી. એ કર્મો પુરુષાર્થથી નાશ થાય તેવા નથી, એનો સમય પૂરો થાય ત્યારે જ જાય. એ પહેલાં પ્રયત્ન વડે તેનો નાશ થઈ શકે

નહીં. જ્યારે જીવનો પુરુષાર્થ ઘાતી કર્મનાં નાશમાં મહાન ઉપયોગી છે. ગમે તેટલી લાંબી સ્થિતિ હોય તો પણ પુરુષાર્થ દ્વારા ઉદીરણા કરી એ કર્મોને ખેંચીને ભોગવી લે અને જીવ તેનાથી નિવૃત્ત થઈ જાય.

આમ ચાર ઘાતી કર્મો જીવનાં અનંતગુણોની, લગભગ સંપૂર્ણ ઘાત કરવાની એટલે કે તેને દાબી દેવાની શક્તિ ધરાવે છે તો જીવ પણ ઘાતી કર્મોની ઘાત કરવાની જ નહીં, તેને દાબી દેવાની જ નહીં પરંતુ તેનો સમૂળગો નાશ કરવાની શક્તિ ધરાવે છે. કર્મોનું નામ–નિશાન પણ રહેવા ન દે, એવી અમાપ શક્તિ છે જીવમાં.

આ ઘાતી કર્મોમાં પણ મુખ્ય છે મોહનીય. કારણ મોહનીય આત્માનાં અનંત ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર, ક્ષાયિક સુખને દબાવવાની સાથે-સાથે, મિથ્યાત્વ, રાગ–દ્વેષ, દુઃખ આદિ વિકૃતિઓ પેદા કરે છે. વિકૃતિ બહુ જ ભયંકર ચીજ છે. એક વિકૃત ચીજ અન્ય સર્વને વિકૃત કરી દે. વિકૃતિ તો સર્વ રોગનું મૂળ છે. આયુર્વેદ કહે છે કે માનવનાં શરીરમાં વાત, પિત્ત અને કફ આ ત્રણ શક્તિરૂપે છે, શરીર માટે ઉપયોગી છે પણ ત્રણમાંથી એકમાં વિકૃતિ આવી કે શરીરમાં રોગ થાય છે. તે નુકશાનકારક છે.

એલોપથી એમ કહે કે શરીરમાં બધાં જ રોગનાં કિટાણુઓ છે. જ્યાં સુધી તેનું સંતુલન રહે ત્યાં સુધી શરીર માટે સુખકર્તા છે પણ તેનું સંતુલન બગડયું, વિકૃતિ આવી કે મહારોગથી શરીર ઘેરાઈ જાય. દુઃખકર્તા બની જાય.

એ જ રીતે આત્માનાં મૌલિક ગુણો તો આત્માને સર્વથા સુખકારી જ છે પણ મોહનીયરૂપ વિકૃતિ જ્યારે તેમાં આવી અને તે વકરવા માંડે ત્યારે રાગ–દ્વેષ–અજ્ઞાન આદિ ભાવોની વૃદ્ધિ થવા માંડે છે. વ્યવહારિક જીવનમાં તથા આધ્યાત્મિક જીવનમાં, જીવને દુઃખી કરનાર કોઈ હોય તો આ રાગ–દ્વેષ જ છે. પણ મોહનીયે જીવને એવો મૂર્છિત કરી દીધો હોય કે જીવને ભાન જ ન રહે કે પોતે શું કરી રહ્યો છે. પોતાની પ્રવૃત્તિ

યોગ્ય છે કે અયોગ્ય એની પણ ખબર ન રહે. જ્યાં મોહનીયનું જોર છે ત્યાં બીજા કર્મો પણ એને સાથ આપે, તેથી તેનું જોર વધતું ચાલે માટે જ મોહનીયને કર્મોનો રાજા કહ્યો છે. સાધનાકાળમાં જીવ મોહનીય સામે જ લડે છે જો મોહનીય જીતાય તો પછી બીજા તો જીતાય જ. શ્રીમદ્‌જીએ પણ કહ્યું—

**એક વિષયને જીતતાં જીત્યો સૌ સંસાર;**
**નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર....**

વિષય એ મોહનીયે જન્માવેલો વિકાર જ છે તેને જીતી લેતાં સર્વ જીતી શકાય.

હવે મોહનીયનાં ભેદ–પ્રભેદ સાથે તેને જીતવાનાં ઉપાય શું તે અવસરે..

# હણો બોધ વીતરાગતા...!

વીતરાગ પરમાત્મા—અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, મોક્ષના અવરોધક કારણોનો નાશ કરે છે. કર્મબંધના જેટલાં કારણો છે તે બધાં જ મોક્ષ થવામાં બાધા રૂપ છે. માટે પ્રથમ તેને સમજવા જરૂરી છે.

મુખ્યરૂપે મોહનીય વિષે વિચારશું. શ્રીમદ્જીએ અનંત પ્રકારનાં કર્મોમાં, આઠની મુખ્યતાની સાથે, મોહનીયની પ્રધાનતા બતાવી. મોહનીયનાં બંધના કારણ શું? મોહનીયનાં ઉદયે પ્રવર્તતા ભાવ કેવા? અને મોહનીયને છેદવાનો ઉપાય શો? આ ત્રણે વિષયો વિચારવા આવશ્યક છે.

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં મોહનીય કર્મનાં બંધ હેતુ આ પ્રમાણે બતાવ્યા છે છે—

'केवलिश्रुतसंघ धर्मदेवोवर्णवादो दर्शन मोहस्य'-૬-૧૪

કેવળી પરમાત્મા, જ્ઞાન, સંઘ, ધર્મ અને દેવનાં અવર્ણવાદ, એ દર્શનમોહનીય કર્મનાં બંધ હેતુ છે. અવર્ણવાદ એટલે નિન્દા. કેવળી આદિની નિન્દા કરવાથી, ન હોય તેવા દોષોનું તેમનામાં આરોપણ કરવાથી, તેમજ અનેક પ્રકારે તેઓને ખોટા સાબિત કરવાનો પ્રયત્ન કરવાથી દર્શનમોહનીય કર્મ બંધાય છે. તથા—

कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ૬-૧૫

કષાયનાં ઉદયથી થતો તીવ્ર આત્મપરિણામ ચારિત્ર મોહનીય કર્મનો બંધહેતુ છે. તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ કરવાથી ચારિત્ર મોહનીય કર્મ બંધાય છે. જે પ્રકૃતિનો ઉદય હોય, તેનો જ બંધ થાય છે. ક્રોધનાં

ઉદયમાં ક્રોધ મોહનીયનો બંધ તથા માનનાં ઉદયમાં માન મોહનીય નો બંધ એમ દરેક પ્રકૃતિનાં ઉદયમાં તેનો જ બંધ થાય છે. વળી તીવ્ર કષાયનો ઉદય આવે અને તેમાં ભળી જવાય તો એવો જ તીવ્ર બંધ થાય. પણ તીવ્ર કષાયનાં ઉદયમાં પણ જીવ સમતા રાખી શકે, મન, વચન કે કાયા એક પણ યોગમાં કષાય પ્રગટ ન થાય તો જીવ કષાયનાં ઉદયને આધીન ન થવાથી કર્મ બાંધતો નથી. એ જ રીતે કષાયોનો ઉદય મંદ હોય તો બંધ પણ મંદ થાય છે અને તે ઉદયમાં ન ભળે તો બંધ થતો નથી.

આમ મોહનીય કર્મનાં બંધનું કારણ મોહનીયનો ઉદય જ છે. દર્શનમોહનીયનાં બંધનાં કારણોમાં કેવલી આદિનાં અવર્ણવાદને માન્યા. તે પણ દ્વેષનાં કારણે જ અવર્ણવાદ–નિંદા કરવાનું મન થાય છે. જેના પર દ્વેષ નથી તેની નિન્દા આપણે કરતાં નથી. દ્વેષ થવો તે મોહનીયનો જ ઉદય છે. તેથી દર્શન મોહનીયનાં બંધનું કારણ પણ મોહનીયનો જ ઉદય.

રાગ–દ્વેષ અને મિથ્યાત્વ, મુખ્યરૂપે મોહનીયનાં ઉદયથી પ્રવર્તતા ભાવ છે. તેને વિસ્તારથી વિચારીએ તો દર્શન મોહનીયનાં ત્રણ ભેદ. ૧, મિથ્યાત્વ મોહનીય–જે સત્ય શ્રદ્ધા જાગૃત થવા જ ન દે. ૨, મિશ્ર મોહનીય–જિન માર્ગ અને અન્ય માર્ગનાં વાસ્તવિક ભેદનો વિવેક ન કરવા દે. ૩, સમ્યક્ત્વ મોહનીય-ક્ષાયિક સમકિત તથા ઉપશમ સમકિતરૂપ શુદ્ધ પ્રતીતિ થવા ન દે.

ચારિત્ર મોહનીયના ૨૫ પ્રકાર. જેમાં ૧૬ કષાય. તરતમ ભાવોનાં કારણે તેનાં ચાર વિભાજન કર્યા છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ–અતિતીવ્ર. જે અનંત અનુબંધ કરાવે, સમ્યક્ત્વનો સ્પર્શ પણ ન થવા દે, વિપરીત માન્યતાઓમાં જીવને મુંઝવ્યા કરે.

અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા લોભ–તીવ્ર, સમ્યક્ત્વ થયા પછી પણ વ્રતાદિની શ્રદ્ધા અને આચરણ ન થવા દે.

પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ–મંદ. કંઈક અંશે વ્રતાદિ થાય પણ સર્વ વિરતિનાં ભાવો ન જાગવા દે.

સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ–મંદતર, સંપૂર્ણ વીતરાગ દશાને પ્રગટ ન થવા દે.

૯નો કષાય. જે કષાય તો નહીં પણ કષાયોને ઉત્તેજિત કરવાનાં કારણભૂત હર્ષ, શોક, રતિ,–અરતિ, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ. આ નવેય નામથી જ સ્પષ્ટ છે.

આમ મોહનીય કર્મનાં ઉદયે જીવમાં આવા ભાવ હંમેશા પ્રવર્તતા હોય છે. જેનો અનુભવ આપણે નિશદિન કરતાં હોઈએ છીએ.

હવે શ્રીમદ્‌જી મોહનીય કર્મનાં નાશ માટેનો ઉપાય કહે છે.

**કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;**
**હણે બોધ વીતરાગતા અચૂક ઉપાય આમ...૧૦૩....**

આગળ કહ્યું તેમ મોહનીય કર્મનાં બે ભેદ, દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. આત્માનાં શ્રદ્ધા ગુણનો વિકારી ભાવ એટલે મિથ્યાત્વ એ જ દર્શન મોહનીય તથા ચારિત્રગુણનો વિકારી ભાવ એટલે રાગ-દ્વેષ એ જ ચારિત્ર મોહનીય.

આપણાં જીવનની પ્રત્યેક પ્રવૃત્તિનો વિચાર કરીએ તો આપણે વિકૃતિનાં પોષણ અર્થે જ જીવતાં હોઈએ તેમ લાગે છે. આપણી પ્રત્યેક ક્રિયા પાછળ રાગ–દ્વેષ અને મિથ્યાત્વ પડયા જ હોય છે. વળી એ ભાવો-નાં સેવનમાં આપણે આનંદ માનતા હોઈએ છીએ એટલું જ નહીં પણ જે કરીએ છીએ તે યોગ્ય જ થઈ રહ્યું છે એવો આગ્રહ પણ ધરાવી-એ છીએ.

ભલા ! વિકૃતિ તે કંઈ સારી ચીજ છે ? નથી. તેથી જ તેને હણવાની વાત છે. એ કેવી રીતે ? શાનાથી હણાય તે ઉપાય શાસ્ત્રમાં બતાવ્યા છે. જ્ઞાનીઓ ફરમાવે છે કે આત્મામાં વિકૃતિઓ તો પાર વિનાની છે. તેને એક પછી એક દૂર કરવા પ્રયત્ન કરશો તો પણ એ તો વધતી જશે. માટે તેને છંછેડવી રહેવા દે. પણ તારી સ્વાભાવિકદશાને પ્રગટ કરી લે. જેટલા અંશે સ્વભાવ પ્રગટ થશે એટલા અંશે વિકાર દૂર થતાં જશે. દૂર

કરવા પ્રયત્ન નહીં કરવો પડે. મોરનો ટહૂકાર સાંભળી ચંદનવૃક્ષ પર રહેલાં સર્પો નાશી છૂટે તેમ સ્વભાવ જાગતા વિકારો આપોઆપ ચાલ્યા જશે.

દર્શન મોહનીયને દૂર કરવા 'બોધ' પ્રગટ કરવાનો છે. બોધનો અર્થ સમજવા જેવો છે. સૂચક છે.

આપણને સર્વ પ્રથમ કોઈ પદાર્થનું જ્ઞાન થાય છે ત્યારે તે કયાં ક્રમથી થાય છે તે જોઇએ.

ઈન્દ્રિય અને પદાર્થનો સંયોગ થવાથી સર્વ પ્રથમ માત્ર સામાન્ય અવબોધ થાય છે. કંઈક છે એટલું જ થાય છે તે છે 'દર્શન' કંઈક છે એ થયા પછી શું હશે ? શું હશે ? આવી જાતની વિચારણા તે 'અવગ્રહ.' તે પછી આ હશે કે પેલું હશે ? જેમાં નિર્ણય નથી થતો તે છે 'ઈહા'. તે પછી લક્ષણો પરથી જાણી લેવું કે આ જ છે. તેવું નિર્ણાયાત્મક જ્ઞાન તે 'અવાય' અને નિર્ણય થયા પછી લાંબો સમય સુધી સ્મૃતિમાં ટકી રહે તે 'ધારણા'. બહુ જ અલ્પકાળમાં આટલી પ્રોસિજરમાંથી પાસ થઈ જઈએ તેથી ખબર નથી રહેતી કે આટલો લાંબો ક્રમ ચાલ્યા પછી જ્ઞાન થયું. આપણે માનીએ છીએ કે પદાર્થને જોયો કે તરત એ પદાર્થનું જ્ઞાન થઈ ગયું.

પદાર્થનું જ્ઞાન થાય તે વસ્તુનો 'બોધ' થયો કહેવાય. એ જ રીતે સદ્ગુરુનાં ઉપદેશથી સાંભળીને, વિચારીને, ચિંતન કરીને આત્માનાં શુદ્ધ, નિર્મળ, અવિકારી, જ્યોતિસ્વરૂપને પ્રગટરુપે જાણવું તે 'બોધ' છે. જેને બોધિબીજ કહીએ, ભેદવિજ્ઞાન કહીએ, આત્મસાક્ષાત્કાર કહીએ. આવો બોધ જાગૃત થતાં અનાદિકાળની વિપરીત માન્યતાઓ છૂટી જાય છે. કર્તાપણાની તથા ભોકતાપણાની બુદ્ધિ છૂટી જઈ, પોતે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપી આત્મા છે. એવી શુદ્ધ પ્રતીતિ વર્તે છે. આવો 'બોધ' જ દર્શનમોહનીય ને હણવા સમર્થ છે. પછી એ ઉપશમભાવે હણે, ક્ષયોપશમભાવે હણે કે ક્ષાયિક ભાવે હણે પણ દર્શન મોહનીયને ટકવા ન દે.

ચારિત્ર મોહનીયનો નાશ ' વીતરાગતા 'થી થાય છે. વીતરાગતા અર્થાત રાગ–દ્વેષ રહિતની દશા. જેમાં સંપૂર્ણ આત્મસ્થિરતા છે. આત્માની અસ્થિરતા

નું કારણ ચારિત્ર મોહનીય છે. જેટલી-જેટલી આત્મસ્થિરતા વધતી જશે. એટલે અંશે ચારિત્ર મોહનીય ક્ષીણ થતું જશે. ચારિત્ર મોહનીય કર્મ એવું છે કે તે ક્રમે-ક્રમે ક્ષીણ થાય છે. એક સાથે એક જ સમયમાં કોઇપિણ જીવથી સર્વથા ક્ષીણ નથી થતું. ભલે કોઈ હળુકર્મી જીવ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યા પછી માત્ર એક અંતર્મુહૂર્તમાં ચારિત્ર મોહનીયનો સર્વથા નાશ કરી નાંખે. પણ એટલો સમય તો લાગે જ. જેમ-જેમ રાગ-દ્વેષની મંદતા વધતી જાય, તેમ-તેમ ચારિત્ર મોહનીય ક્ષીણ થતું જાય. અને સંપૂર્ણ રાગ-દ્વેષનો ક્ષય એજ વીતરાગતા અને ત્યારે ચારિત્ર મોહનીયનો એક અંશ પણ રહેવા ન પામે. જીવ પોતાના સત્-ચિત્-આનંદમય, અવિકારી, અકષાયી સ્વરૂપને પ્રાપ્ત કરી લે. આ ક્રમે-ક્રમે વિકસિત થતી દશાને જ બીજા શબ્દોમાં ગુણસ્થાનની વિકાસદશા કહેવાય છે.

ચોથા ગુણસ્થાને જીવે વીતરાગતાનો આંશિક આસ્વાદ જ પ્રાપ્ત કર્યો હોય જેનાં પરિણામે અનંતાનુબંધી કષાયરૂપ ચારિત્ર મોહનીય ક્ષીણ થઈ જાય. તેનાથી આગળ વધી. પાંચમે ગુણસ્થાને આવે એટલે અપ્રત્યાખ્યાની અને છઠ્ઠે ગુણસ્થાને આવે એટલે પ્રત્યાખ્યાની કષાયોનો નાશ કરે તે પછી સાત, આઠ, નવ ગુણસ્થાન સુધીમાં સંજ્વલન કષાયનાં ક્રોધ, માન, માયા અને નવ કષાયોને ક્ષીણ કરી નાંખે. હવે બચે માત્ર સૂક્ષ્મ લોભ તે દસમા ગુણસ્થાને ક્ષય કરે અને બારમા ગુણસ્થાનમાં સંપૂર્ણ વીતરાગતા પ્રગટી ચૂકે.

આ વીતરાગતા પ્રગટ કરવા માટે પ્રયોગાત્મક રૂપે આત્માનાં શુદ્ધ સ્વરૂપનું નિરંતર ચિંતન કરવું. 'હું આત્મા છું' દેહ નથી. દેહાદિ સર્વ મારાથી ભિન્ન છે. કર્મો મારાથી ભિન્ન છે. વિભાવો ભિન્ન છે. હું રાગાદિ રૂપ નથી. પણ જ્ઞાયક સ્વભાવી છું. માત્ર સાક્ષીરૂપ છું. આવું ચિંતન ક્યારેક ઉલ્લસિત પરિણામોને જાગૃત કરે છે અને તે પરિણામો વડે આત્માનો સ્પર્શ થતાં વીતરાગતાના અંશરૂપ પ્રથમ સમ્યગ્દર્શન, વીતરાગ દર્શન પ્રગટ થાય છે. અને તે જ ક્રમે આગળ વધતાં સંપૂર્ણ અકષાયી સ્વરૂપની પ્રાપ્તિ, તેનો જ અનુભવ, તેની જ રમણતા એ છે સંપૂર્ણ વીતરાગતા.

આમ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય બંનેનો ક્ષય કરવા માટે બોધિબીજ તથા વીતરાગતા એ અચૂક ઉપાય છે. અહીં કૃપાળુ ગુરુદેવે મોહનીયનાં વિકારને દૂર કરવા 'અચૂક' ઉપાય બતાવ્યો છે, જેને આચરવાથી વિકાર દૂર થાય જ. તેમાં શંકા નહીં. અહીં Experiment નથી. કે આ ઉપાય કરી જો. ફાયદો થાય તો ભલે નહીં તો આવજે મારી પાસે, બીજો ઉપાય બતાવીશ. બંધુઓ ! આજના ડૉકટરો તમારા શરીર પર experiment કરતાં હોય છે ને ? ત્રણ દિવસની દવા લઈ જાવ. સારૂં થઈ જશે. ન થાય તો બીજી દવા. અને એમ જ થાય ફરી જાવ ત્યારે દવા બદલીને આપે એમ ત્રણવાર દવા બદલે લાગુ ન પડે અને શરીર દરદથી ઘેરાઈ જાય ને પછી મૃત્યુની નોબત આવે.

પણ અહીં ગુરુદેવ એમ ન કહેતાં તેઓએ તો સચોટ ઉપાય બતાવ્યો છે. જેવું ભયંકર દર્દ છે એવી જ પાવરફુલ દવા છે. દર્દને ભાગવું જ પડે. ચાલે જ નહીં. એમાં કોઈ ફરક નહીં. વળી આ ઉપાય તો એવો છે કે એકવાર વીતરાગતા પ્રગટ થઈ તો ફરી કદી રાગાદિની બિમારી શરીરમાં પ્રવેશ પામી શકે જ નહીં. તે ખાત્રીપૂર્વકનો જ ઉપાય છે.

જે કારણથી બંધ, તેનાથી વિપરીત કારણે મુક્તિ. રાગ એ કર્મબંધનો અચૂક ઉપાય છે. તેથી જ વીતરાગતા એ મુક્તિનો અચૂક ઉપાય છે.

આજ વિષયને વધુ સ્પષ્ટ કરવા ગુરુદેવ રોજનાં જીવન ક્રમમાં અનુભવમાં આવતાં ભાવોને રજુ કરે છે-જે અવસરે.

# હણે ક્ષમાદિક તેહ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનાનું ફળ છે સંપૂર્ણ વીતરાગતા. વીતરાગદશા, જીવની સહજદશા છે. તે દશાની પ્રાપ્તિનો પુરુષાર્થ યથાર્થરૂપે થાય તો જીવ નિજદશાને પામી જાય છે.

અનંતકાળથી જીવને ભમાવનાર રાગ-દ્વેષને દૂર કરવાનું અમોઘ સાધન એટલે જ વીતરાગતા. જે આગળની ગાથામાં શ્રીમદ્જી બતાવી ગયા. વીતરાગતાની પ્રાપ્તિનો પ્રાથમિક પુરુષાર્થ હવે બતાવે છે—

**કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;**
**પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ....૧૦૪....**

ક્રોધ, માન, માયા અને લોભનાં ભાવો કર્મબંધ કરાવે છે.વ્યવહારમાં પણ નુકશાન કરે છે અને તેનાથી વિરોધીભાવો ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ, ક્રોધાદિને હણે છે તે સહુનો પ્રત્યક્ષ અનુભવ છે. ક્રોધ આવવાથી આપણને શારીરિક, માનસિક અને આત્મિક અશાંતિ થાય જ છે. પ્રસન્નતા અને આનંદ નષ્ટ થઈ જાય છે. વળી જેના નિમિત્તે ક્રોધ કરીએ તેને પણ અશાંતિ ઉભી થાય. પણ આવેલા નિમિત્તમાં શાંત રહી, ક્ષમા ધારણ કરીએ તો સહુને શાંતિ રહે છે. પાપકર્મનાં બંધ થતા નથી.

થોડી સમજદારી અને સમતા હોય તો જીવ પોતાનાં આ આવેગો પર નિયંત્રણ કરી શકે છે. પ્રારંભમાં પ્રયત્નપૂર્વક, માત્ર જેને શુભ ભાવો જ કહીએ, એ રીતે ક્ષમાદિ ધારણ કરી શકે અને પછી આત્મલક્ષ જાગૃત થતાં ક્ષમાદિ તે મારો સ્વભાવ છે, સ્વભાવમાં રહેવું તે મારો ધર્મ છે

આવુ લક્ષ્ય થતાં આત્માનાં સહજ સ્વાભાવિક ક્ષમાગુણને જીવ પ્રગટ કરી શકે છે. જરૂર છે માત્ર પુરૂષાર્થની.

મોહનીય કર્મ પ્રબળ હોવા છતાં પણ તેને શાંત કરવા, ક્ષીણ કરવા માટે જીવ પાસે સાધનો પણ વધારે છે. ચાર અઘાતિને દૂર કરવા માત્ર એક ક્ષયરૂપ સાધન. ચાર ઘાતિ માટે ક્ષય અને ક્ષયોપશમરૂપ બે સાધનો જ્યારે મોહનીય માટે ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમરૂપ ત્રણ સાધનો છે. તેથી જો જીવ પુરુષાર્થ ઉપાડે તો મોહનીયનો નાશ જલ્દી કરી શકે છે.

શિષ્યે આગળ એક પ્રશ્ન કર્યો હતો : **કર્મો કાળ અનંતનાં શાથી છેદ્યાં જાય ?** એ ખૂબ વિચારણીય છે.

પ્રથમ તો એ કે આત્મા અને કર્મનો સંયોગ અનંતકાળથી ચાલ્યો આવે છે. છતાં એક પણ કર્મની સ્થિતિ અનંતકાળની નથી અને એક પણ જીવ કર્મરહિત રહ્યો નથી. અનાદિથી આજ સુધી જીવ સાથે આઠે-આઠ કર્મો અનંત-અનંત કાર્મણ પુદ્ગલ વર્ગણા સાથે રહ્યાં છે. આજે પણ અનંત-અનંત કર્મો જીવ સાથે છે. કર્મનો આ અખંડ પ્રવાહ સમજીએ.

જે ક્ષણે જીવ કર્મ બાંધે, તે ક્ષણે જ તે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ નિશ્ચિત થઈ જાય છે. જે આપણે અગાઉ કહી ગયાં છીએ. તેમાં અહીં સ્થિતિની વાત કરીએ. આઠે કર્મની સ્થિતિ ભિન્ન-ભિન્ન છે. એટલું જ નહીં એક મોહનીય કર્મ લઈએ તો પ્રત્યેક ક્ષણે બંધાતા મોહનીય કર્મની સ્થિતિ હંમેશા એક સરખી નથી હોતી. જઘન્ય અંતર્મુહૂર્તથી લઈ ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડ સાગર સુધીની ગમે તે સ્થિતિ નિશ્ચિત થાય.

જેમ-જેમ સમય પાકે તેમ-તેમ એક-એક કર્મ પરમાણુ ઉદયમાં આવતાં જાય અને ફળ આપીને ખરી જાય. તેની નિશ્ચિત થયેલી સ્થિતિ પછી એક સમય પણ વધારે એ આત્મા સાથે રહી શકે નહીં. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડ સાગરની તેથી વધુમાં વધુ આત્મા સાથે તે આટલો કાળ જ રહી શકે તે પછી તેને આત્માથી અલગ થવું જ પડે. તેથી એ સાબિત થાય છે કે ઉત્કૃષ્ટ સ્થિતિનું બંધાયેલ મોહનીય પણ અનંતકાળનું તો ન હોય. છતાં અનંતકાળમાં કદી મોહનીયનો

સર્વથા ક્ષય થયો નથી તેનું કારણ એ કે દરેક કર્મની કડી જોડાતી રહે છે. પ્રત્યેક સમયે જીવ કર્મ તો બાંધે જ છે. તેથી તેનો પ્રવાહ રોકાતો નથી.

પણ અહીં આપણા માટે positive point એ છે કે અનંતકાળની સ્થિતિવાળું એક પણ કર્મ નથી તેથી આપણે તેનો અંત કરી શકીએ છીએ. અરે! કર્મોથી નિષ્પન્ન મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ ભાવો અનંતકાળનાં હોવા છતાં તેને પણ છેદી શકીએ છીએ તો મર્યાદિત સ્થિતિવાળા કર્મોને તો જરૂર નષ્ટ કરી નાખી શકીએ.

બીજી વાત શિષ્યનાં મનમાં એક શંકા એ પણ હતી કે કર્મપ્રવાહ અનંતકાળનો અને આપણું આયુષ્ય અત્યલ્પ, તેમાં આટલા કર્મોને કેમ છેદાય? પણ બહુ જ સાદી સમજણની વાત છે કે કોઈ પણ વસ્તુને બનાવતાં કે બનતાં જેટલો સમય લાગે તેટલો સમય તેનાં નાશમાં ન લાગે. એક મોટું મકાન બનાવતા ૬-૧૨ મહિના લાગે પણ એ જ મકાનને તોડી પાડવું હોય તો કદાચ એટલા દિવસો જ બસ થઈ પડે. એક બીજમાંથી વિશાળ વૃક્ષને વધતાં કેટલાય વર્ષો લાગ્યા હોય પણ તેને નષ્ટ કરવા માટે થોડાં કલાકોની જ જરૂર રહે.

એ જ રીતે અનંતકાળનાં કર્મોને નષ્ટ કરવામાં અનંતકાળ નથી લાગતો, બહુ જ થોડા સમયમાં, કે જે અનંતકાળની અપેક્ષાએ નગણ્ય કાળ છે. કર્મો સર્વથા નાશ થઈ શકે છે. આપણી સામે ભગવાન મહાવીરનો ભૂતકાળ મોજુદ છે. પ્રભુનાં સત્તાવીશ ભવોની ગણતરી થાય છે. તેમાં પ્રભુએ આત્મા માટે પુરુષાર્થ કર્યો તેવા ભવ કેટલા? માત્ર આઠજ ભવ ૧-૩-૧૬-૧૮-૨૨-૨૩-૨૫ અને અંતિમ અર્થાત્ ૨૭ મો ભવ. જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપની આરાધના આ ભવોમાં જ કરી. આ આઠ ભવોનાં સમયનું માપ કાઢીએ તો કેટલું અલ્પ થાય? આત્મામાં મહાવીરત્વ જાગ્યા પછી કાયર કર્મોનો નાશ કરતા વાર લાગતી નથી.

વળી એક વાત એ સમજી લઈએ કે જીવ અનંત સંસારનાં ભ્રમણમાં અનંત પુદ્ગલ પરાવર્તન કરે છે. તેમાંથી જ્યારે અંતિમ પુદ્ગલ પરાવર્તન બાકી રહે ત્યારે જ તેને સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન થયા

પછી કેટલાક ભવો ભલે થાય પણ તેને મોક્ષે જવાનો સમય નિશ્ચિત થઇ ગયો. કાળ–મર્યાદા બંધાઈ ગઇ. જેમ કોઇ માણસ પર એક લાખ રૂપિયાનું દેણું હોય અને તે ૯૯૯૯૯ રૂા. ચૂકવી દે પછી માત્ર એક રૂા. જ રહે, તેનું કદાચ વ્યાજ પણ થાય, તો પણ ચૂકવતાં વાર કેટલી ?

જીવનું પણ એમ જ છે. જીવ સર્વ પ્રકારે પાત્ર થઇ ગયો હોય. ઉપાદાન તૈયાર હોય નિમિત્ત મળવાની જ વાર ! ઉત્તમ નિમિત્ત મળે તો જીવનાં વિભાવને તૂટતાં વાર નથી લાગતી. ગાથામાં કહ્યું: 'હણે ક્ષમાદિક તેહ.'

ચંડકૌશિક સર્પ જેવો કાળઝાળ જંતુ જેની દૃષ્ટિમાં જ નહીં, પણ અંતરમાંય વિષ જ હતું. પોતાની માની લીધેલી માલિકીના સ્થાનમાં કોઈ માનવ કે પશુ કે વૃક્ષ તો ન રહી શકે પણ અકાશમાં પક્ષી પણ ન ઉડી શકે. જો કોઇ આવે તો તેને કૌશિકનાં વિષનો ભોગ બનવું પડે. આટલી ભયંકર વિષવૃત્તિ પણ હોવા પછી પણ ભ. મહાવીર જેવું અત્યુત્તમ નિમિત્ત મળતા તેનો ક્રોધ શાંત થઈ ગયો. રોમે–રોમે ક્ષમા જાગૃત થઈ ગઈ. બદલાઇ ગયો સર્પ.

ઇન્દ્રભૂતિ ગૌતમ અભિમાન થી ચૂર બની, સર્વજ્ઞ પરમાત્મા પ્રભુ મહાવીરનો ગર્વ ઉતારવા ગયા. ને પોતે જ પ્રભુનાં ચરણમાં સર્વસ્વ સોંપી નમ્રાતિનમ્ર બની ગયા. માન ગયું અને વિનય પ્રગટ થઈ ચૂક્યો.

એથી પણ થોડા નજીકનાં ભૂતકાળની વાત કરીએ. જૈન શ્વેતામ્બર ઇતિહાસનાં સમર્થ વિદ્વાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ, જન્મે બ્રાહ્મણ, વેદ, પુરાણ, ઉપનિષદ, વ્યાકરણ, ન્યાય વગેરેનાં અદ્દભુત વિદ્વાન. તેઓની વિદ્વતા સામે કોઈ ટક્કર ન ઝીલી શકે. એવું પ્રચંડ તેમનું જ્ઞાન. તેઓ પોતે પણ એ માનતા કે આ જગતમાં મારા જેવી વિદ્વતા ધરાવનાર કોઈ પુરુષ જન્મ્યો જ નથી. તે છતાં અંદરમાં યોગ્યતા પડી છે. તેથી મનોમન નિર્ણય કર્યો છે કે એવી કોઈપણ વ્યક્તિ મને મળશે કે જેનું કહેલું તત્ત્વ હું સમજી નહીં શકું તેમનો શિષ્ય બની જઈશ.

એક સમયે એક મકાન પાસેથી પસાર થઈ રહ્યાં છે. જે મકાનમાં કેટલાંક સાધ્વીજીઓ બિરાજે છે. તેમાંના એક વૃદ્ધ સાધ્વીજી શાસ્ત્રની સ્વાધ્યાય કરી રહ્યાં છે. શબ્દો હરિભદ્રજીનાં કાને પડયાં, તેઓ ત્યાં ઉભા રહી ગયાં. વારંવાર એકજ ગાથા અને તેમાં આવતાં એક સરખા શબ્દોનું પર્યટન ચાલે છે. સમજવા પ્રયત્ન કરે છે પણ સમજી શકતા નથી.

તેઓ આજ્ઞા લઇ અંદર ગયા, જોયું. વૃદ્ધ સાધ્વીજી ગાથાઓનો સ્વાધ્યાય કરે છે. પૂછયું: આપ શું બોલો છો ? ફરી બોલશો ? સાધ્વીજીએ એ જ ગાથા કહી બતાવી—

चक्कि दुगं हरिपणगं, पणगं—चक्कीण केशवो चक्की
केशव चक्की केशव दुचक्की, के सी अ चक्की अ.

આ ચક્કી–ચક્કી એમને ન સમજાયું. ઘણો વિચાર કર્યો છતાં સમજાતું નથી. તેમણે કહ્યું : આર્યાજી ! આ ગાથાનો અર્થ બતાવશો ?

સાધ્વીજી અર્થ કહે છેઃ– દરેક છ આરામાં ૬૩ શલાકા પુરુષ થાય છે. શલાકા અર્થાત્ શ્લાઘનીય, પ્રશંસનીય. તેમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બળદેવ. આ ગાથામાં ચક્રવર્તી અને વાસુદેવ કયાં ક્રમથી થયા તે બતાવ્યું છે.

પ્રથમ બે ચક્રવર્તી પછી પાંચ વાસુદેવ.
પછી પાંચ ચક્રવર્તી પછી એક વાસુદેવ.
પછી એક ચક્રવર્તી પછી એક વાસુદેવ.
પછી એક ચક્રવર્તી પછી એક વાસુદેવ.
પછી બે ચક્રવર્તી પછી એક વાસુદેવ.
પછી એક ચક્રવર્તી

આ ક્રમથી ૧૨ ચક્રવર્તી અને ૯ વાસુદેવ થયા. ચક્કીનો અર્થ ચક્રવર્તી અને હરિનો અર્થ વાસુદેવ.

હરીભદ્રસૂરિ સંસ્કૃતનાં વિદ્વાન હતાં અને આ ગાથા હતી પ્રાકૃતમાં તેથી તેઓ સમજી ન શકયાં. પણ સમજ્યા એટલે તેમનાં અંતરમાં કરેલો નિર્ણય, જે કો નથી જાણતું. પણ તે અનુસાર તેઓને આ સાધ્વીજીનાં શિષ્ય થવું જ જોઇએ. તેઓ સાધ્વીજીનાં ચરણમાં પડી ગયા.

અને કહ્યું : 'આર્યાજી ! મને શિષ્ય તરીકે સ્વીકારો. મારી પ્રતિજ્ઞા હતી કે જેનું કહેલું તત્ત્વ ન સમજું તેમનો શિષ્ય થઇ જઇશ !'' સાધ્વીજીએ કહ્યું : ''ભદ્ર પુરૂષ ! હું સાધ્વી છું. કોઇ પુરૂષને શિષ્યરૂપે ન સ્વીકારી શકું. આપ અમારા ગુરુદેવ આચાર્ય ભગવંત અહીં જ બિરાજે છે તેમની પાસે જઈ શકો છો. અને હરિભદ્રજી આચાર્ય ભગવંત પાસે જઇ તેમનાં શિષ્ય થઈ ગયા. જૈન સાધુનાં વ્રતો સ્વીકારી લીધાં પણ તેમનું પ્રથમ સમર્પણ જે સાધ્વીજીનાં ચરણોમાં થયું હતું તેમનો ઉપકાર કદી ભૂલ્યા નહીં. એટલું જ નહીં. એ સાધ્વીજીનું નામ હતું 'યાકિની'. એ સમયે સાધ્વીજીને મહત્તરા કહેતાં. હરિભદ્રસૂરિજી એ દીક્ષા લીધા પછી જ્યાં જ્યાં પોતાનું નામ આવે ત્યાં–ત્યાં યાકિની મહત્તરા સુનૂ જ લખ્યું સુનૂ અર્થાત્ પુત્ર. આપણાં ઇતિહાસનાં મહાન સમર્થ આચાર્ય, પણ ઉપકારને ન ભૂલ્યાં. પોતાનો ગર્વ જેણે ગાળ્યો તેને ન વિસર્યા. તેઓએ ૧૪૪૪ ગ્રન્થો લખ્યાં. બધે જ યાકિની મહત્તારા સુનૂ નું નામ તો ખરૂં જ

બંધુઓ ! ચંડકૌશિક સર્પ હોય ! ઇન્દ્રભૂતિ ગૌતમ હોય કે હરિભદ્ર હોય ! પણ ઉપાદાન તૈયાર હતાં ને ઉત્તમ નિમિત્તો મળતાં ક્રોધાદિ ને હણી નાંખ્યા. અનંતકાળથી સતાવતા વિભાવોને દૂર કરી દીધાં. તેથી આપણાં વ્યવહારમાં જે બોલાય છે કે–'પ્રાણને પ્રકૃતિ સાથે જ જાય' તે અતિ ભૂલ–ભરેલી માન્યતા છે. અનેક અધમ અને પાપી જીવોએ પણ પોનાની પ્રકૃતિને બદલી નાંખી છે. ક્રોધી હતા તે ક્ષમાધર થઈ ગયા. અહંકારી હતાં તે નમ્રાતિનમ્ર બની ગયા. ઘોર હિંસક હતાં તે અહિંસાના પૂજારી બની ગયા. પ્રપંચી હતાં તે સરળતાની મૂર્તિ બની ગયા. આ સહુએ પ્રકૃતિને જ બદલી. તેથી જ તે સહુ પાર પામી ગયા જો પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જતાં હોય તો કોઈ જીવ કદી મોક્ષ પામી શકે નહીં ભવોભવ ક્રોધાદિ વિભાવો સાથે જ ચાલે. તો છૂટવાનો આરો જ નહીં. પણ એમ નથી.

તેથી જ શ્રીમદ્જી એ પણ કહ્યું કે ક્ષમાદિભાવો ને જાગૃત કરવાથી, ક્રોધાદિ કષાયોનો નાશ થઈ જાય છે. મોક્ષનાં સચોટ ઉપાય રૂપ, પ્રયોગાત્મક ધોરણે જીવે શું કરવું જોઈએ તે આટલી ગાથાઓમાં શ્રીમદ્જી કહી ગયાં.

હવે શિષ્યની શંકાઓના સમાધાન અવસરે—

# તે પદની સર્વાંગતા...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એ જ જીવ કરી શકે છે કે જેનું ચિત્ત ઉદાત્ત ભાવોથી ભરાયેલું છે. સંકુચિત માનસ આરાધનાને યોગ્ય નથી હોતું. ઉદારતા તેમજ ઉદાત્તતા અંતરનાં દ્વારોને ખોલી નાખે છે.

સંકુચિત વિચાર-શ્રેણીવાળા, ક્રિયા-અનુષ્ઠાનોની માન્યતાથી મોક્ષ માનનારા, અનેક ધર્મ-મત-પંથનાં વિચારોને સાંભળી-સાંભળી શિષ્યની મતિ મુંઝાઈ જાય છે. તેથી જ મોક્ષોપાયની સત્યતાનો નિર્ણય કરી શકતો નથી. ગુરુદેવ પાસે તેણે પોતાની શંકા રાખી હતી. 'અથવા મત દર્શન ઘણાં....' ગુરુદેવ એ શંકાનું સમાધાન આપતા ફરમાવે છે....

**છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;**
**કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ....૧૦૫....**

અમુક મત કે દર્શનને માનવાથી જ મોક્ષ મળે એવો આગ્રહ તથા વિકલ્પ બંને છોડવાના છે. આગ્રહ છે ત્યાં અજ્ઞાન છે. જ્ઞાની કદી આગ્રહી ન હોય. અજ્ઞાનમાંથી જ કદાગ્રહ જન્મે છે. પછી તે મત, પંથ વિષે હોય. ધર્મનાં ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે કે પારિવારિક ક્ષેત્રે હોય. પણ અજ્ઞાનતા જ તેમાં ભાગ ભજવે છે. વળી પોતાની માન્યતાનાં ચોગઠામાં ફસાયેલો, સંકુચિત માનસનો માનવ જ કદાગ્રહી હોય તે સત્યનો ચાહક ન હોય. જ્યારે જ્ઞાની, માત્ર સત્યને ઇચ્છે. સાચું તે મારૂં તે સિદ્ધાંત જ્ઞાનીનો, અને મારૂં તે સાચું એ સિદ્ધાંત અજ્ઞાનીનો.

જ્ઞાની એક જ વિષયને, વસ્તુને, પ્રસંગને અનેક રીતે મૂલવી શકે. અનેક પાસાઓથી તેનું માપ કાઢી શકે. તેથી જ જૈન પરંપરાનાં પ્રબુદ્ધ વિચારક, મહામનિષિઓએ સ્યાદ્વાદનો સિદ્ધાંત આપ્યો. સ્યાદ્વાદ એ શું છે? કદાગ્રહથી સંપૂર્ણ દૂર, સાપેક્ષ દષ્ટિ, એ જ છે સ્યાદ્વાદ. આમ પણ હોય અને તેમ પણ હોય. બંને વાત પોતપોતાની અપેક્ષાએ સત્ય હોય. એ જ વાતને નિરપેક્ષ દષ્ટિથી વિચારતાં અસત્ય ઠરાવી શકાય, પણ જ્યાં સમન્વયવાદી દષ્ટિકોણ હોય ત્યાં આગ્રહ કે અસત્યને અવકાશ જ નથી. તેથી જ ગુરુદેવ શિષ્યને કહી રહ્યાં છે કે અનેક મત-દર્શનોનાં સિદ્ધાંતો તે સાંભળ્યા પણ તેને સ્યાદ્વાદનાં સિદ્ધાંતથી કસી લે. તો તેની શુદ્ધતા-સત્યતા પકડમાં આવશે.

બીજી વાત કહી વિકલ્પને ટાળવાની. રાગ-દ્વેષ જ વિકલ્પ જન્માવે છે. જ્યાં જીવનાં રાગ-દ્વેષ મંદ પડતા જાય ત્યાં નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે. વિકલ્પો જ એક મત-પંથ-સંપ્રદાય પ્રત્યે રાગ જન્માવે અને અન્ય પ્રત્યે દ્વેષ જન્માવે. અને તેમાંથી જ માન્યતા ઊભી થાય કે આ મત સાચો અને ખોટો. બહારનાં ક્રિયા-અનુષ્ઠાનો પરથી જ તે માપ કાઢતો થઈ જાય. અને પોતે જેની માન્યતામાં વર્તતો હોય, તે સંપ્રદાયને માન્ય ક્રિયા આચાર જ સાચા, બીજા ખોટા એવી માન્યતાનો શિકાર થઈ જાય.

દાખલા તરીકે સ્થાનકવાસી સંપ્રદાયની માન્યતાવાળા શ્રાવક સામાયિક કરે તો, મુખે મુહપત્તી બાંધીને કરે. એક દેરાવાસી શ્રાવક કરશે તો હાથમાં મુહપત્તિ રાખશે અને દિગમ્બર પરંપરાવાળા શ્રાવક મુહપત્તિ રાખશે જ નહીં. આ ત્રણેયને એક સ્થાનમાં ભેગા કરીને પૂછો કે તમારા ત્રણમાંથી કોની રીત સાચી? કલ્પના કરો શું ઉત્તર મળશે? ત્રણેય પોતાની રીતને સાચી કહી, બીજા બે ને ભાંડશે. સ્થાનકવાસી કહેશે ઉઘાડે મુખે સામાયિક કરે તે તો મહાપાપી, તેથી હું કરૂં છું તે સાચું. આ બંને ખોટા. દેરાવાસી કહેશે સામાયિકમાં મુહપત્તિનું પડિલેહણ તો કરવું જ જોઈએ, જો ન થાય તો સામાયિક ખોટી અને દિગમ્બર કહેશે મુહપત્તિ તો પરિગ્રહ છે, તેથી તે બંને ખોટા, હું અપરિગ્રહી છું તેથી હું સાચો!

કહો બંધુઓ ! કોણ સાચો અને કોણ ખોટો ? વાસ્તવમાં સામાયિક શું છે ? સામાયિકમાં અમુક ઉપકરણો હોવા જોઈએ એવી જે પરંપરા છે તે સંપ્રદાયનાં પૂર્વાચાર્યોએ ચલાવેલી પરંપરા છે. તેનો પણ કંઈક અર્થ હોય, મહત્ત્વ હોય, પણ એનો અર્થ એ નથી કે એમ જ, એ ઉપકરણો સહિત થાય તો જ સામાયિક સાચી અન્યથા ખોટી. સામાયિક એટલે સમતા. સામાયિક કરીને જે સમતા સાધી શકે તેની સામાયિક સાચી. અનુકૂળતા એને ફૂલાવે નહીં અને પ્રતિકૂળતા કરમાવે નહીં. કોઈ પણ પરિસ્થિતિમાં મન વ્યાકૂળ ન થતાં સમત્વ સાધી શકે તો ખરી સામાયિક. પછી ગમે તે પંથને માન્ય ઉપકરણો હોય, તેથી કંઈ જ ફરક પડતો નથી.

મારું કહેવાનું એ નથી કે સ્થાનકવાસી મુહપત્તિ બાંધવી છોડી દે કે દેરાવાસી મુહપત્તિ બાંધવા માંડે. પણ વ્રતાદિનાં રહસ્યોને સમજી, શા માટે કરવા છે ? કેવી રીતે કરવા ? કર્યા પછી જીવનમાં પરિવર્તન કેટલું ? આ વિચાર અતિ આવશ્યક છે. આવું સમજનારો મત-પંથનો આગ્રહી નહીં રહે.

શ્રીમદ્જી કહે છે આગ્રહ અને વિકલ્પ તજી જે મોક્ષનો માર્ગ બતાવ્યો તેને સાધે તો અલ્પ કાળમાં મોક્ષ થાય. આગળ પણ કહી ગયા કે મોહનીયને જીતો તો મોક્ષ મુઠ્ઠીમાં. અહીં પણ એ જ કહ્યું. દર્શનમોહનીય જીવમાં આગ્રહ જન્માવે છે. અને ચારિત્ર મોહનીય વિકલ્પ ઉભા કરે છે. એ બંનેને બોધ અને વીતરાગતાથી જીતી લેવાય તો પછી જીવને વધુ ભવ કરવાના ન રહે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી કોઈ જીવ તે જ ભવે મોક્ષે જઈ શકે, કોઈ ત્રીજે તો કોઈ પંદરમે. તેનાં જન્મો બહુ જ ઓછા રહે. માટે બતાવેલા માર્ગે ચાલવાનું છે. મત-દર્શન-સંપ્રદાયનાં સંકુચિત કુંડાળામાં ન રહેતા, જેનાથી રાગ-દ્વેષની મંદતા થાય તે આચારને સેવવો. પછી તે ગમે તેણે બતાવ્યો. ગમે ત્યારે બતાવ્યો. કોઈ મત-પંથવાદીઓનો ઠેકો નથી કે તેમનાં માર્ગે જ રાગ-દ્વેષ મંદ થઈ શકે. બસ, કરવાનું માત્ર એટલું જ છે.

વળી શિષ્યને ગુરુદેવ સમજાવતાં કહે છે—

**ષટ્ પદનાં ષટ્ પ્રશ્ન તેં, પૂછ્યા કરી વિચાર**
**તે પદની સર્વાંગતા, મોક્ષ માર્ગ નિર્ધાર...૧૦૬....**

ગુરુદેવ શિષ્યની ચિંતનશીલતાથી પ્રસન્નતા અનુભવે છે. હે શિષ્ય! છ પદનાં છ પ્રશ્નો તે ઘણાં ઊંડા ચિંતન પછી મને પૂછ્યાં. અને મેં તેનાં સમાધાન આપવાનો પ્રયત્ન કર્યો. તારામાં રહેલી આત્મિક યોગ્યતાનાં કારણે એ સર્વ પદોને તું સમજયો. એ છ યે પદ એક–બીજા સાથે અતૂટ સંબંધ ધરાવે છે. તેમાંથી એક પણ પદ ને ઓછું આંકવાથી મોક્ષમાર્ગમાં ક્ષતિ પહોંચે. છ યે છ પદ ને સર્વ રીતે, સર્વથા સમજીને, વિવેક કરીને આદરવા યોગ્ય આદરવું તે જ છે વાસ્તવિક મોક્ષમાર્ગ.

પ્રથમ પદ: 'આત્મા છે.' આત્માનાં અસ્તિત્વનો સ્વીકાર ન થાય તો મોક્ષ કોનો ? મોક્ષ ઉપાય કરે કોણ ? આત્માને ન માનવાથી મોક્ષનો પણ અભાવ થશે.

બીજુ પદ : 'આત્મા નિત્ય છે.' આત્માને બૌદ્ધોની જેમ ક્ષણિક માનવાથી, મોક્ષ કોણ પામે ? મોક્ષની આરાધના કરનાર તો ક્ષણિક હોવાથી નાશ પામી જાય. તેથી મોક્ષ ન સંભવે. સાંખ્યોની જેમ આત્માને એકાંતે નિર્લેપ માનવાથી સંસાર કોનો ? સંસાર છે તો મોક્ષ છે. આત્માને સંસાર ન હોય તો મોક્ષ પણ ન સંભવે. નૈયાયિકોની જેમ આત્માને કૂટસ્થ નિત્ય માનવાથી તેની પર્યાયોમાં પરિવર્તન થાય નહીં. અત્યારે મનુષ્ય છે તો હંમેશા મનુષ્ય જ રહે, અથવા શુદ્ધ છે તો શુદ્ધ જ રહે. તો પણ મોક્ષ ન સંભવે. મનુષ્ય મટીને સિદ્ધ દશા ન પામે. તથા શુદ્ધ જ છે તેને શુદ્ધ થવાનું હોય નહીં. તેથી મોક્ષનો ઉપાય શું કરવાનો ?

આત્માને એકાંતે અકર્તા અને અભોકતા મનાય તો કર્મનો બંધ પણ નહીં થાય. કર્મબંધ નથી તો સંસાર નથી. સંસાર નથી તો મોક્ષ નથી. તેથી મોક્ષપદની સિદ્ધિ થશે નહીં.

'મોક્ષ છે'. આ પદને ન માનતાં મોક્ષનાં હોવાપણાંનો જ નિષેધ કરવામાં આવે અને જીવ કર્મ બાંધ્યા કરે અને ભોગવ્યા કરે. આવું ચક્ર ચાલતું રહે એમ માનીએ તો પણ મોક્ષ પદની સિદ્ધિ ન થાય.

છેલ્લું પદ મોક્ષનો ઉપાય, તે નથી તેમ માનતાં પણ મોક્ષપદની સિદ્ધિ ન થાય.

પણ સ્યાદવાદ શૈલીથી સર્વ પદને અપનાવતાં જૈન દર્શનની દૃષ્ટિથી વિચાર કરતાં આત્માનાં અસ્તિત્વને સ્વીકારી, તેને કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય જાણીએ. આત્મા નિશ્ચય નયે કર્મનો કર્તા અને ભોક્તા ન હોવા છતાં પણ વ્યવહાર નયે કર્તા ભોક્તા છે. અને તો જ આત્માને મુક્ત કરવાનાં પ્રયત્નો અને મોક્ષનું મૂલ્ય છે. આત્મા બંધાયો છે તેમ મુક્ત પણ થઈ શકે છે. તે જ તેનો મોક્ષ છે. અને એ મોક્ષ પામવા માટે નો માર્ગ પણ છે.

આમ છ યે પદોને આપણી શ્રદ્ધામાં સ્યાદ્વાદનાં સૂત્રથી સાંકળતા મોક્ષમાર્ગ પ્રશસ્ત બને છે. તેથી જ ગુરુદેવ કહે છે કે હે શિષ્ય ! છ યે પદોની સર્વાંગ સંપૂર્ણતા એ જ મોક્ષમાર્ગ છે તેમ તું અંતરથી નિર્ણય કર. અને આત્મા એ જ મોક્ષમાર્ગને આરાધવાનું અનુપમ સામર્થ્ય ધરાવે છે એ પણ લક્ષ્યમાં લે.

હવે અન્ય શંકાનું સમાધાન અવસરે....

## જાતિ વેષનો ભેદ નહિ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની–અનંતદર્શની, પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના એક, અનન્ય અને અવ્યાબાધ સ્થિતિની પ્રાપ્તિ અર્થે થાય છે. કર્મ સહિત જીવ, અનેક પરિસ્થિતિઓમાં અટવાયા કરે છે. છ ખંડની સાહ્યબી ભોગવતો ચક્રવર્તી ગઈ કાલ સુધી ખમ્મા–ખમ્મા થતો હોય અને આજે નરકમાં ઉત્પન્ન થાય તો અનંત વેદનાઓથી પીડાતો હોય. કર્મે સ્થિતિ બદલી નાખી.

આ જ રીતે પ્રત્યેક જીવ, અનેકવાર અનેક પરિસ્થિતિઓમાંથી પસાર થતો રહ્યો. એક, અખંડ સ્થિતિને પામ્યો નથી. પણ જે ક્ષણથી મોક્ષમાર્ગે ડગ ભરવા માંડે છે, આત્મામાં સ્થિરતા વધતી જાય છે. તે ક્ષણથી જ અવ્યાબાધ સ્થિતનું પ્રાગટ્ય વધતું ચાલે છે. અને અંતે સર્વ કર્મોથી રહિત થઈ ચિરકાળ સનાતન શાશ્વત સ્થિતિને પ્રાપ્ત કરી લે છે.

શાશ્વત સ્થિતિની પ્રાપ્તિનાં ઉપાયો એ જ મોક્ષમાર્ગ. શિષ્ય પણ આવી સ્થિતિ પામવા તલસી રહ્યો છે. તેથી જ મનની સર્વ આશંકાઓ ગુરુદેવ સમક્ષ મૂકી દીધી. ગુરુદેવ અત્યન્ત સ્નેહભાવે સરળતા ભર્યું સમાધાન આપી રહ્યાં છે. છેલ્લી શંકા હતી ‘કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ ?’ તેનાં ઉત્તરમાં ગુરુદેવ ફરમાવે છે—

**જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;**
**સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય....૧૦૭....**

મોક્ષ પામવા માટે જાતિ કે વેષ આવશ્યક નથી. અમુક જાતિનો હોય, ઊંચા કૂળમાં જન્મ્યો હોય, તો જ મોક્ષ થાય તેમ નથી. મોક્ષ

અર્થે જે સાધના કરવાની છે તે કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. આત્માએ આત્માનો ધર્મ જાગૃત કરવાનો છે. જે આત્મા છે. તે સાધના કરી શકે. જડ ને સાધના નથી. વળી વ્યાવહારિક ભાષામાં કહીએ તો **"પાળે એનો ધર્મ ને બાંધે એની તલવાર."**

કેટલાક અજૈન લોકો પૂછતા હોય છે કે અમારે જૈન ધર્મ સ્વીકારવો હોય તો સ્વીકારી શકાય કે નહીં ? ઉત્તર એ જ કે જૈન ધર્મ વિશ્વવ્યાપી ધર્મ છે. એ ગુણપૂજક છે, વ્યકિતપૂજક **નથી.** કારણ એ આત્માનો ધર્મ છે. આત્માનો ધર્મ આત્મા સ્વીકારે તો તેમાં કોઈનેય વાંધો શું હોઈ શકે ? વળી એ પણ જાણી લેવું જોઇએ કે જૈન એ કોઈ જાતિ નથી, કૂળ નથી પણ ધર્મ છે. આજે જૈન ધર્મને માનનારા મોટે ભાગે વૈશ્યો છે. જ્યારે તીર્થંકરના જમાનામાં ક્ષત્રિયો પણ જૈન ધર્મના અનુયાયીઓ હતાં. જો કે આ કાળમાં પણ અન્ય વર્ણવાળા પણ જૈન ધર્મી છે. તો કોઇ વર્ણ કે જાતિ કે કૂળ સાથે કોઇ પણ ધર્મને સીધો સંબંધ હોઈ શકે નહિં.

ભગવાન મહાવીર નાં ચરણોમાં સર્વ વર્ણનાં જીવો દીક્ષિત થઇ, મોક્ષ પામ્યા છે. એક કવિએ સુંદર રીતે એ ભાવો ગાયા છે.

**કોઇ ન ઊંચુ કોઇ ન નીચું, મહાવીરના શાસનમાં**
**એક જ સરખું સ્થાન સહુનું, ધર્મતણાં આંગણમાં...**
**પાળે એનો ધર્મ અહીં છે, જાત-પાતના ભેદ નહી છે**
**દૃષ્ટિ ભેદ નથી જ્ઞાની ને, હરિજન કે બ્રાહ્મણ માં...**
**ગૌતમ જન્મ્યા બ્રાહ્મણ કૂળમાં, અભયકુમાર તો ક્ષત્રિયકૂળમાં**
**જંબુ સ્વામી વૈશ્ય થયા તો, હરિકેષી હરિજન માં...**
**માણસ મોટો ધર્મ થકી છે, કૂળ નહીં પણ કર્મ થકી છે.**
**માન્યો છે અધિકાર જવાનો, સહુને મુકિત નગર માં...**

રાગ-દ્વેષ વિજેતા, વીતરાગ, સર્વજ્ઞ પ્રરૂપિત આ માર્ગમાં કંઈ જ ભેદ નથી, ઉંચ-નીચનાં ભેદ નથી, જાતિ, વર્ણ કે લિંગના ભેદ નથી. જેણે ભેદ-વિજ્ઞાન પ્રગટાવી જ્ઞાન અને આત્માનાં અભેદ સ્વરૂપને અનુભવી લીધું

તે મોક્ષનો અધિકારી. પછી એ ગૌતમ જેવો બ્રાહ્મણ હોય, અભયકુમાર જેવો ક્ષત્રિય હોય, જંબુ જેવો વૈશ્ય હોય, કે હરિકેશી જેવો ચાંડાલ હોય!

મળેલી જાતિ તો શરીરની છે. આત્મા કોઈ જાતિનો નથી. માનવરૂપે જન્મ લેનાર વ્યક્તિને આખર કોઇ ને કોઈ કૂળમાં તો આવવું જ પડે. જાતિ–કૂળની વ્યવસ્થા એ સામાજિક વ્યવસ્થા છે. સમાજને સુગઠિત તથા વ્યવસ્થિત રાખવા માટે એ અનિવાર્ય પણ હોય. છતાં આત્મઆરાધના કરવામાં કયાંય આ વ્યવસ્થા બાધારૂપ નથી બનતી. જેનાં અંતરનાં પડળ ઉઘડી જાય છે એ પછી સામાજિક દૃષ્ટિએ, હલકી ગણાતી જાતમાંથી ભલે ને આવ્યા હોય, પણ આત્માને સાધી લે છે.

પૂર્વ જન્મનાં ઉત્તમ સંસ્કારો લઇને આવનાર મહાપુરુષો કોઈપણ પ્રદેશ કે જાતિમાં જન્મ્યા હોય, પણ તેમનાં સંસ્કારો ઝળકયા વગર રહેતા નથી. અને તેઓ આત્માને સાધી લે છે.

શાસ્ત્રીય દૃષ્ટિથી વિચાર કરીએ તો પ્રભુએ પંદરભેદે સિદ્ધ કહ્યાં. ૧, તીર્થસિદ્ધા,–તીર્થંકર તીર્થની સ્થાપના કરે તે પછી જે મોક્ષે ગયા તે ગણધર આદિ. ૨, અતીર્થસિદ્ધા–તીર્થની સ્થાપના થયાં પહેલાં મોક્ષે ગયા તે મારૂદેવી માતા આદિ. ૩, તીર્થંકર સિદ્ધા–તીર્થંકર પદવી પામીને મોક્ષે ગયા તે ઋષભદેવ આદિ તીર્થંકરો. ૪, અતીર્થંકર સિદ્ધા–તીર્થંકરની પદવી પામ્યા વિના, સામાન્ય કેવળીરૂપ મોક્ષે ગયા તે. ૫, પ્રત્યેકબુદ્ધ સિદ્ધા–કોઈ પદાર્થને જોઈ, પ્રતિબોધ પામી પોતાની મેળે જ ચારિત્ર લઈ મોક્ષે ગયા તે કરકંડુ આદિ. ૬, સ્વયંબુદ્ધ સિદ્ધા–ગુરુનાં ઉપદેશ વિના, જાતિ–સ્મરણ જ્ઞાન આદિ પામીને મોક્ષે ગયા તે, કપિલ આદિ. ૭, બુદ્ધ બોધિ સિદ્ધા– ગુરુનો ઉપદેશ સાંભળી, વૈરાગ્ય પામી મોક્ષે ગયા તે. ૮, એક સિદ્ધા,-એક સમયમાં એક જ જીવ મોક્ષે ગયા તે, મહાવીર સ્વામી. ૯, અનેક સિદ્ધા–એક સમયમાં ઘણાં જીવ મોક્ષે ગયા તે, ઋષભદેવ આદિ ૧૦, સ્ત્રીલિંગ સિદ્ધા–સ્ત્રીલિંગે મોક્ષે ગયા તે ચંદનબાળા આદિ. ૧૧, પુરુષ-લિંગ સિદ્ધા–પુરુષ લિંગે મોક્ષે ગયા તે ૧૨, નપુંસકલિંગ સિદ્ધા–નપુંસક લિંગે મોક્ષે ગયા તે, ગાંગેય આદિ. ૧૩, ગૃહસ્થ લિંગ સિદ્ધા–ગૃહસ્થનાં

વેષે મોક્ષે ગયા તે મારૂદેવી માતા આદિ, ૧૪, સ્વલિંગ સિદ્ધા–સાધુનાં વેષે મોક્ષે ગયા તે, જંબુસ્વામી આદિ અનેક મુનિરાજો. ૧૫, અન્યલિંગ સિદ્ધા–યોગી, સંન્યાસી આદિ તાપસનાં વેષે મોક્ષે ગયા તે વલ્કલચિરી આદિ.

આ પંદર પ્રકારમાં અંતમાં બતાવેલ અન્યલિંગ સિદ્ધા. તે અન્ય જાતિ, વેષમાં રહેલ સાધક પણ મોક્ષને પામી શકે છે તે બતાવ્યું. અર્થાત્ વેષનો ભેદ નથી. વેષ એ તો બાહ્ય આચાર છે, વ્યવસ્થા માટે છે. સાંપ્રદાયિક ઓળખાણ માટે છે. પણ એ વેષથી માણસનાં અંદરમાં કોઇ પરિવર્તન થઈ જતું નથી. એ તો એનો એ જ રહે છે. વળી સમાજમાં અન્ય વ્યવહારોમાં પણ વ્યવસ્થા માટે અમુક વેષની જરૂર હોય છે.

જેમકે : નગરની પોલીસ, એને જે કાર્ય કરવાનું છે તે માટે અમુક યુનિફોર્મ આપવામાં આવે છે. હવે આ યુનિફોર્મથી તેનામાં કોઈ શારીરિક, માનસિક શક્તિ આવી જાય છે તેમ નથી. પણ પોલીસનાં ડ્રેસમાં હોય અને તે નાગરિક વ્યવસ્થા માટે નગરજનોને કહે તો જનતા તેનું કહેવું માને, પણ એ જ માણસ સાદા વેષમાં હોય તો કોઇ જાણી પણ ન શકે કે આ નગરનો સંરક્ષક છે. તો વેષ એક વ્યવસ્થા માટે, સભ્યતા માટે ઓળખાણ માટે છે.

તેમ શરીર પર ગમે તેવા વસ્ત્રો ધારણ કર્યાં હોય, બાહ્ય આચારો જુદાં હોય પણ અંતરથી આત્માની વિશુદ્ધિ થઈ ગઇ હોય તો વીતરાગતાની પ્રાપ્તિ થાય જ છે. તેથી જ શ્રીમદ્જીએ ગાથામાં કહ્યું કે 'સાધે તે મુક્તિ લહે' જે સાધના કરે તે સિદ્ધિ પામે. કોઈ પણ જાતિ, વેષ, મત, પંથ કે સંપ્રદાય હોય, કયાંય કશોય ભેદ ન રહે.

શિષ્યનાં મનને મુંઝવી રહેલ સંશય, કે અમુક જ જાતિ–વેષનાં જીવો જ મોક્ષે જાય, અન્ય નહીં તેનું સુખદ સમાધાન ગુરુદેવે અહીં આપ્યું છે. અહીં સુધી તો શંકાઓનાં સમાધાન થયાં હવે ગુરુદેવ એ બતાવવા માગે છે કે જે જીવને મોક્ષ સાધવો છે તેની અંતરદશા કેવી હોવી જોઇએ? પ્રધાનતા અંતરદશાની છે. બાહ્ય આચાર–વિચાર, વેષભૂષા જાતિ–કૂળ એ બધું તો નગણ્ય છે. તેથી હવે મોક્ષ પ્રાપ્તિની ઇચ્છાવાળા જીવની પ્રાથમિક

દશા કેવી હોવી જોઇએ. ખરેખર આત્માની જિજ્ઞાસાવાળો જીવ કેવા ભાવો ધરાવતો હોય તે બતાવતાં શ્રીમદ્જી ફરમાવે છે.

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ....૧૦૮...**

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં થોડા ફેરફાર સાથે આ જ ગાથા બીજીવાર આવી છે. જે સૂચવે છે કે મોક્ષનાં અભિલાષી જીવને આ ગુણોની કેટલી જબરદસ્ત આવશ્યકતા હશે ? ફરીને એ જ કહ્યું. મોક્ષમાર્ગનો અધિકારી કેવો હોય ? પૂર્વપદનું વિવેચન તો આગળ કરી આવ્યા છીએ. ક્રોધાદિ કષાયો જેનાં શાંત થયા છે. અર્થાત્ રાગ-દ્વેષની મંદતા પ્રવર્તે છે. સર્વ આશા-અભિલાષાઓથી પર થઇ નિરંતર મોક્ષની ભાવના અંતરતમમાં રમ્યા કરે છે. સંસારના પરિભ્રમણનો થાક લાગ્યો છે. સંસારનાં સુખો તે વ્યર્થ છે. સુખાભાસ છે. દુઃખના અદૃશ્ય પર્દા પાછળથી આવતા સુખ છે. તે જીવે અનંતવાર ભોગવ્યા પછી પણ કંઈજ પામ્યો નથી. આવી અનેક પ્રકારે વિચારણા જેને સતત ચાલતી હોય. તેવા જિજ્ઞાસુ જીવનું એક વિશિષ્ટ લક્ષણ આ ગાથામાં બતાવ્યું.

'અંતર દયા' છકાય જીવોની દયાનું ફરમાન શ્રી પ્રભુએ કર્યું છે. એ છકાયમાં પોતે પ્રથમ છે. પોતે અર્થાત્ આત્મા. જે આત્માની દયા કરી શકે તે જ છકાયની દયા કરી શકે. જેને બીજા શબ્દોમાં સ્વદયા કહીએ. જયાં સુધી જીવ પાત્રતા કેળવવાની દશામાં હતો ત્યાં સુધી પ્રાણીદયા સુધી જ સીમિત હતો. પણ હવે તો મોક્ષનાં માર્ગે પ્રયાણ આદર્યું છે તેથી સ્વદયા, અંતરદયા પ્રગટ થઈ જ હોય એવા જીવને સમય-સમયની અત્યંત જાગૃતિ વર્તતી હોય. આત્મા કયાંય વિષય-કષાયથી રંજિત ન થાય. રાગાદિથી મલિન ન થાય, વિભાવોથી ન ખરડાય. તેની તકેદારી પલ-પલ પ્રવર્તતી હોય. આવો જાગૃત જીવ, સ્વભાવની પરિણતિમાં જ પરિણમવાનાં પુરુષાર્થમાં હોય તેથી હિંસાદિનાં ભાવો તેનાં આત્મપરિણામમાંથી ઉતરતાં જતાં હોય. ક્રમે-ક્રમે તે સારાયે વિશ્વમાં આત્માનાં દર્શન કરતો થઈ જાય. પછી ન તો અંતરથી વૃત્તિઓની મલિનતા રહે અને ન તો બાહ્ય વ્યવહારોમાં પાપ-પ્રપંચોની ભાવના રહે.

તે કોઈ જીવને હણે નહીં, એટલું જ નહીં, તેનું દીલ પણ ન દુભાવે. પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે કોઈનું પણ અહિત તેનાં હાથે ન થાય. જાણ્યે-અજાણ્યે તેમનાં ભાવમાં સ્વ-પર હિતની કામના જ વર્તતી હોય. માર માર કરતો કોઈ દુશ્મન આવે તો પણ પોતે એટલી શાંતિ અને સ્થિરતા ધારણા કરી હોય કે એક રુંવાડામાં પણ ઉગ્રતા ન જાગે. આવેલો શત્રુ પાણી-પાણી થઈ જાય, અનેક સંતોનાં જીવનના એવા પ્રસંગો આપણે સાંભળ્યા છે કે ગમે તેવા પ્રસંગોમાં પણ તેમને દુર્ભાવ જાગે જ નહીં.

ગુરુ નાનક પોતાનાં શિષ્યો સાથે જઇ રહ્યાં હતાં. એટલામાં તેઓનો કોઇ વિરોધી આવી ગાળો બોલવા માંડયો. ગુરુ નાનક સ્થિર છે, શાંત છે. કશોય પ્રતિરોધ કરતાં નથી. પ્રતિક્રિયાની કોઇ ભાવના ચિત્તમાં ઉઠતી નથી. સાથે રહેલા શિષ્યો હેરાન થઈ ગયા! ગુરુદેવ કાંઈક તો બોલો! આને રોકો! ઉત્તર આપો! પણ ગુરુ નાનક જેમનું નામ એ તો પ્રસન્ન મુદ્રામાં, અંતરનાં ઉશ્કેરાટ વિના પેલા આવનારને આશીર્વાદ આપે છે. આ છે સ્વદયા, અંતરદયા, ભાવદયા. જેના અંતરમાં સ્વદયા વણાઈ ગઇ છે. તેના વ્યવહારમાં અન્ય જીવો પ્રત્યે અનુકંપાના ધોધ વહેતા હોય. અને ત્યારે જ એ જીવ મોક્ષમાર્ગમાં પ્રગતિ કરી શકે છે.

બસ, તો ગાથામાં બતાવેલા ગુણો, મોક્ષમાર્ગનાં અધિકારી જીવનાં ગુણો છે. આપણે એ જાણવું હોય કે મોક્ષની આરાધનાને યોગ્ય બન્યા છીએ કે નહીં ? તો આ મીટર છે. તેનાથી માપી લેવું ઘટે. સ્વયંનું પૃથક્કરણ આ ગાથાથી કરી લઈએ. તો સ્વનો ખ્યાલ આવી જશે. આવી યોગ્યતા ધરાવનાર સાધક બહુ શીઘ્ર આત્મ વિકાસ સાધી શકે છે. કઈ રીતે તે અવસરે —

## ...વર્તે અંતર શોધ !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની–અનંતદર્શની, પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિરત્નની આરાધના, યોગ્ય ઉપાદાનની અપેક્ષા રાખે છે. જ્યાં સુધી ઉપાદાન તૈયાર ન હોય, ત્યાં સુધી આરાધના થઇ શકે જ નહીં. વળી ઉપાદાન તૈયાર થતાં યોગ્ય નિમિત્ત પણ મળ્યા વગર રહે નહીં. જીવનો પુરુષાર્થ ઉપાદાનની તૈયારી માટે જ હોય, નિમિત્ત પ્રાપ્તિ માટે નહીં.

ઉપાદાનની તૈયારી સતત પુરુષાર્થ માગી લે છે. અંતરનો યથાર્થ પુરુષાર્થ જાગે, નિરંતર થતો રહે તો જ ઉપાદાન તૈયાર થાય છે. વ્યાવહારિક ક્ષેત્રે, કોઇપણ પ્રકારની વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત કરવી હોય તો કેટલા વર્ષોનો પરિશ્રમ ? ડોકટર, વકીલ કે એન્જિનિયર બનવા માટે ૧૭–૧૮ વર્ષ સુધી નિરંતર પરિશ્રમ ! કોઈ બાળક S. S. C. પાસ થયા પછી એમ કહે કે દસ વર્ષથી ભણી રહ્યો છું. મારે વિશેષ યોગ્યતા તો પ્રાપ્ત કરવી છે પણ હવે બે–ચાર વર્ષ વિસામો લઇ લઉં પછી આગળ અભ્યાસ કરીશ ! એ બાળક આગળ વધી ન શકે. તેને એક વર્ષનો પણ વિશ્રામ ન અપાય.

બંધુઓ ! જીવનું ઉપાદાન તૈયાર કરવા માટે પણ એક–બે વર્ષ નહીં પણ એક–બે ભવ સુધી પ્રબળ પુરુષાર્થ થવો અનિવાર્ય છે. ઉપાદાન અર્થાત્ જીવની વિશિષ્ટ યોગ્યતા. મોક્ષ સાધક જીવની યોગ્યતા કેવી હોવી જોઈએ. તે શ્રીમદ્જીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં બતાવ્યું.

જેના કષાયો શાંત થયા છે, મોક્ષ સિવાય અન્ય સ્પૃહા જેને રહી નથી, સંસાર દુઃખરૂપ ભાસ્યો છે, ભાવદયાથી ભરપૂર અંતર, કરુણામય

બન્યું છે. આટલા ગુણોથી રંગાયેલ આત્મા, ઉપાદાનની પૂર્ણ તૈયારી કરી ચૂક્યો છે. હવે તેને માત્ર ઉત્તમ–નિમિત્તની અપેક્ષા છે. અને ઉત્તમ નિમિત્તનો યોગ થતાં, જિજ્ઞાસુ જીવનાં આત્મપ્રદેશમાં જે ઘટિત થાય છે તે શું ? શ્રીમદ્જી ફરમાવે છે—

**તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ;**
**તો પામે સમકિતને, વર્તે અંતર શોધ....૧૦૯**

યોગ્ય જીવની યોગ્યતા જ, સદ્‌ગુરુનાં યોગને ખેંચી લાવે છે. આવો જીવ નગરમાં હોય કે વનમાં, પણ તેને માર્ગદર્શક મળી રહે છે. જ્યાં ત્યાં ભટકવાનું બંધ થાય છે. સત્–રાહે ચાલવાનાં પુરુષાર્થરૂપ તત્ત્વનો બોધ સદ્‌ગુરુ તેને કરે છે.

સર્વ પ્રથમ તો પોતે આત્મા છે. અને જગત જડ છે. આત્મા ચૈતન્ય સ્વરુપી અને તે સિવાયનાં અન્ય પાંચ દ્રવ્યો જડ. ચેતન તથા જડ બંને નિજ–નિજ પરિણમનથી જ પરિણમે. એક દ્રવ્ય બીજા દ્રવ્ય-રૂપ પરિણત થઈ શકે નહીં. ચેતનનું પરિણમન ચેતનમાં જ ચેતનરૂપે થાય, પોતાનાં જ્ઞાનાદિ ગુણરૂપે થાય. જડનું પરિણમન જડમાં જ થાય, વર્ણાદિ ગુણરૂપે થાય. બંને દ્રવ્યો સર્વતઃ સ્વતંત્ર, બંનેના અસાધારણ ગુણો સ્વતંત્ર. જડમાં થતા પરિવર્તનમાં ચેતન કશું જ કરી શકે નહીં, ચેતનમાં થતી અવસ્થાઓમાં જડ કશું કરી શકે નહીં. આમ બન્ને દ્રવ્યો એક ક્ષેત્રાવગાહી રહેતાં હોવા છતાં પણ, સંપૂર્ણરૂપે સ્વતંત્ર હોવાનાં કારણે, એક–બીજામાં કંઈ કરી શકે નહીં.

સદ્‌ગુરુનો આવો બોધ પામ્યા પછી, જિજ્ઞાસુ સાધક અંતર્વિચારણામાં ઉતરે. નિજ અંતરમાં કેવા ભાવો પ્રવર્તી રહ્યાં છે. તે ઊંડાણમાં જઈ તપાસે. સ્વદ્રવ્ય આત્મા, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન છે. જડમાં થતી પર્યાયો તે મારી પર્યાયો નથી. તે સર્વ પર્યાયોથી હું ભિન્ન છું. દ્રવ્યકર્મ, ભાવ-કર્મ કે નોકર્મરૂપ હું નથી. એ ત્રણેયથી જુદો ત્રિકાળી ચૈતન્ય, મારૂં સ્વરૂપ. દેહાદિરૂપ હું નથી, માટે દેહમાં થતાં આધિ–વ્યાધિ–ઉપાધિ

પણ મારા નથી. હું તો પૂર્ણ આનંદઘન જ્ઞાન સ્વરૂપી, શુદ્ધ, નિર્મળ આત્મતત્ત્વ છું.

આમ આત્મતત્ત્વ પર થતી ઊંડી વિચારણાનાં કારણે પોતાનાં સ્વરૂપની પ્રતીતિની સાથે-સાથે, મહાન ઉપકારી ગુરુદેવ, જેમનાં નિમિત્તે સાધકમાં આવી વિચારણા પ્રગટાવી, તેમનાં પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ જાગૃત થાય છે. તેમનાં વચનોમાં રુચિ પેદા થાય છે. આજ સુધી સંસારના ભાવે સંસાર-રૂપ પરિણુતિમાં સ્વની પરિણુતિ માની, પરમાં રાચતાં જીવને સદ્ગુરુ-નાં ઉપદેશની રુચિ પ્રગટ થઈ ન હતી તેવી અપૂર્વ રુચિ જાગે છે. આપ્ત પુરુષમાં અનન્ય શ્રદ્ધા ભક્તિ જાગે છે. શ્રદ્ધાનાં ભાવોથી આત્મા ઓતઃ-પ્રોત થઈ જાય છે. અર્થાત્ વ્યવહાર સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

આવો શ્રદ્ધાથી સભર જીવ એક બાજુ તો સદ્ગુરુનાં ચરણની ભક્તિ-થી આત્માને હળુકર્મી બનાવતો જાય છે. ત્યારે બીજી બાજુ પોતાનાં અંતરમાં ઉતરી જાય છે. બાહ્યદષ્ટિને બંધ કરી અંતરનાં ચક્ષુને ખોલી, નિજનું સંશોધન કરે છે. જીવ હંમેશા બહારનાં જગત સાથે જ સંક-ળાયેલો રહ્યો છે. બહાર શું-શું થઈ રહ્યું છે તે જાણવા-જોવાની જેટલી જિજ્ઞાસા જીવે આજ સુધી સેવી હતી. તેવી નિજ અંતરને જાણવા માટે સેવી નો'તી.. પણ ગુરુદેવનાં પરમ શાંત રસમય, બોધવચનો શ્રદ્ધામાં સમાતા, સાધક નિજ અંતરની શોધ કરવા માંડે !

પ્રથમ દોષ તો એ જ જણાય કે આજ સુધી પરમાં જ સ્વબુદ્ધિ રહી. સ્વને સમજ્યા વગર, પરનાં પોષણઅર્થે જ સર્વ પ્રવૃત્તિ થતી રહી. જીવ ત્યાં જ ભૂલ્યો ! તેથી જ ભટક્યો ! પરમાં પોતાપણાની માન્યતાના કારણે જ પરમાંથી પલ માત્ર પણ દૂર ખસી શક્યો નહીં. અને પરિણામે સ્વની સન્મુખ થયો નહીં. હવે સદ્ગુરુ જેવું મહાન આલંબન મળ્યું છે. તો સ્વની શોધ કરી. સ્વમાં સ્થિર થઈ, સ્વાનુભૂતિ કરવી છે. સાધક-ને આવી અદમ્ય ઉત્કૃષ્ટ ભાવના જાગૃત થાય છે. અને તે સ્વાનુભૂતિને પામવા સ્વાનુભૂતિનો આસ્વાદ લેવા પ્રયત્નશીલ બને છે.

બસ ! હવે સાધક, માર્ગે ચડી ગયો છે. આગેકૂચ થઈ રહી છે. પીછેહઠ કરવાની નથી. માર્ગ મૂકવાનો નથી. રસ્તે થાકવાનું નથી. અદમ્ય ઉત્સાહ અને પરમ પ્રસન્નતાપૂર્વક થયેલ પ્રસ્થાનને પ્રગતિનાં રાહે અતિ વેગે આગળ ધપાવવાનું છે. તેનાં પથને પ્રશસ્ત કરનાર સદ્‌ગુરુ તેની સાથે જ છે. તેથી હવે ભૂલાવો નથી, ભ્રમણા નથી, સત્‌ની કેડીએ સાધક ચાલ્યો જાય છે.

આવો સાધક, સદ્‌ગુરુનાં ચરણને સેવતો જિજ્ઞાસુ સાધક, આત્મભાવોનાં પ્રકાશમાં કેવા અદ્‌ભુત રત્નોને પામે છે તે અવસરે....

# લહે શુદ્ધ સમકિત તે……!

**વી**તરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્યજીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એ જ જીવ કરી શકે છે કે જેનાં અંતરમાં આપ્ત પુરુષની શ્રદ્ધા, આજ્ઞા, રૂચિ અને તેઓ પ્રત્યે ભકિત જાગૃત થઈ છે.

પ્રથમ શ્રદ્ધા જાગે, તો જ તેઓનાં ઉપદેશની રુચિ જાગે, તે ઉપદેશને અનુસરવાનાં ભાવ જાગે. પણ જો શ્રદ્ધા જ ન હોય તો આજ્ઞાનું પાલન થઈ શકે નહીં. જેટલી કચાશ શ્રદ્ધામાં એટલી જ કચાશ આજ્ઞા-પાલનમાં, સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર દેવ પ્રત્યે હૃદયપૂર્વક શ્રદ્ધા હોય, તેમનાં કહેલ વચનો સર્વથા સત્ય જ હોય, આવો દૃઢ વિશ્વાસ હોય તો, પ્રભુએ ફરમાવેલ આજ્ઞાનું આરાધન સહેજ બની જાય. એ જ રીતે ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા પણ અટલ હોય, અચલ હોય તો તેઓની આજ્ઞા આરાધવામાં પણ વિલંબ ન થાય.

બંધુઓ ! આપણે આપણી શ્રદ્ધાને તપાસવાની જરૂર છે. જો શ્રદ્ધામાં કચાશ હશે તો નિશ્ચય સમ્યક્ત્વ તો દૂર રહ્યું, વ્યવહાર સમ્યક્ત્વ પણ નહીં થાય. જ્યારે અંતઃકરણનું ઊંડાણ દેવ-ગુરુ પ્રત્યે એ બોલશે કે **'ત્વમેવ સચ્ચં-ત્વમેવ સચ્ચં'** ત્યારે જ અંતરના પટ ખૂલશે, અંધકાર ઉલેચાશે, સમ્યક્ત્વજ્યોત ઝળહળી ઉઠશે !

અહીં યોગ્ય-સુપાત્ર-જિજ્ઞાસુ સાધક આવી અટલ શ્રદ્ધા ધરાવી રહ્યો છે. અંતરનાં એક-એક તારમાંથી શરીરનાં રોમે-રોમમાંથી શ્રદ્ધા ટપકી રહી છે. આપ્તપુરુષની શ્રદ્ધા ભકિતરૂપે વ્યવહાર સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ ચૂકી છે. તેથી હવે ગુરુદેવ, આવા યોગ્ય આત્માને નિશ્ચય સમ્યક્ત્વનાં

પુરૂષાર્થ તરફ લઈ જાય છે. ગુરુદેવ નાં અંતઃકરણમાં શિષ્ય પ્રત્યે ભારોભાર હિત ભર્યું છે તેથી તેઓ ચાહે છે કે શિષ્ય શુદ્ધ સમકિતને પામે, આરાધક બને, રત્નત્રયની ઉત્કૃષ્ટ આરાધના કરી લે. તેથી જ નિશ્ચય સમ્યક્ત્વનાં કારણરૂપ વ્યવહાર સમ્યક્ત્વની ચર્ચા પ્રથમ કર્યા પછી, હવે નિશ્ચય સમ્યક્ત્વ સમજાવે છે. નિશ્ચય સમ્યક્ત્વ એટલે શું ?

અરિહંત પરમાત્મા, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખ માં નિશદીન ઝૂલી રહ્યાં છે. તેઓ આ ગુણોની સંપુર્ણતાને અનુભવી રહ્યાં છે. એ ગુણોનું અંશે અનુભવવું તે છે નિશ્ચય સમ્યક્ત્વ. અંશે એટલા માટે કે સાધકનાં મૌલિક ગુણો સંપૂર્ણતઃ પ્રગટ થયાં નથી. જ્યારે મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય તેની સાથે ત્રણ ઘાતિકર્મો નો પણ ક્ષય થાય, ત્યારે જ અનંત ચતુષ્ટય પૂર્ણરૂપે પ્રગટ થાય છે. ત્યારે જ એ ગુણોનાં સંપૂર્ણ આનંદની અનુભૂતિ થાય છે. પરંતુ આ જ ગુણોનું અંશે પ્રગટ થવું એ જ છે નિશ્ચય સમ્યક્ત્વ. તેથી નિશ્ચય સમ્યક્ત્વની દશામાં ગુણોની અનુભૂતિ પણ આંશિક જ હોય છે. જીનેશ્વર પ્રભુ જે અનુભૂતિમાં રાચી રહ્યાં છે, જેમાં તેઓની નિરંતર રમણતા છે તેવા ઉત્કૃષ્ટ અનુભવનો અંશ મળી જવો તે જ નિશ્ચય સમ્યક્ત્વ !

બંધુઓ ! અનુભવી મહાપુરુષો સમ્યક્ત્વી જીવને જિનેશ્વરનાં લઘુ નંદન કહે છે ! કેવું સુંદર સંબોધન !

ભેદ વિજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ
સીતલ ચિત્ત ભયૌ જિમ ચંદન
કેલિ કરૈ સિવ મારગમૈં
જગ માંહિ જિનેસરકે લઘુનંદન
સત્ય સરૂપ સદા જિન્હકૈ
પ્રગટયૌ અવદાત મિથ્યાત નિકંદન
સાંતદસા તિન્હકી પહિચાનિ
કરૈ કર જોરિ બનારસી વંદન.........

કવિવર બનારસીદાસે, આવા સમકિતી જીવને વંદન કર્યા છે. તેઓ કહે છે. જેના અંતર-ઘટને વિષે ભેદ-વિજ્ઞાન જાગૃત થયું છે. ચિત્ત જેનું ચંદન જેવું શીતલીભૂત થઈ ગયું છે. એવા જીનેશ્વરનાં લઘુનંદન, શિવમાર્ગમાં ક્રીડા કરી રહ્યાં છે. મિથ્યાત્વને મૂળમાંથી જ ઉખેડી નાખી, નિજ સત્યસ્વરૂપને પ્રગટ કર્યું છે. તેઓની શાંતદશાને જાણી, બે હાથ જોડી બનારસી વંદન કરે છે.

સમ્યક્ત્વી જીવ પણ સામાન્ય જીવો માટે વંદનને યોગ્ય બને છે. કારણ તે જીનેશ્વરનાં લઘુનંદન છે. ઝાડના નામે ફળ વેચાય તેમ જીનેશ્વરનાં મહિમાને જાણતાં જીવો, સમ્યક્ત્વીનાં મહિમાને પણ સમજી જ શકે. શ્રીમંત કે આબરૂદાર બાપનાં દીકરા તરીકે ઓળખાવવામાં પણ માણસ ગૌરવ અનુભવે છે તો જિનેશ્વરનાં નંદનરૂપે ઓળખાવવામાં કેટલું ગૌરવ?

બંધુઓ! આવું ગૌરવ પામવાનું સૌભાગ્ય આપણને ક્યારે મળશે? અંતરમાં એક નિશ્ચય કરીએ, પ્રબળ જિજ્ઞાસા જાગૃત કરીએ કે સંપૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ અર્થેનો પ્રચંડ પુરુષાર્થ તો નથી કરી શકતો, પણ જિનેશ્વરનાં લઘુનંદન કહેવડાવું એવી સમ્યક્ત્વદશાની પ્રાપ્તિ તો જરુર થઇ શકે! આ ભવમાં જ એવો પુરુષાર્થ કરી લઉં કે જેથી સમ્યક્ત્વ પામ્યા વિના તો ભવ પૂર્ણ ન જ થાય.

ઉપકારી ગુરુદેવ શુદ્ધ સમ્યક્ત્વદશા પ્રગટ શી રીતે થાય તે બતાવતા કહે છે—

**મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ;**
**લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ....૧૧૦...**

અમુક મત, પંથ કે સંપ્રદાયની માન્યતાથી મોક્ષ છે એવો કદાગ્રહ જેને નથી. જે સત્યનો ગ્રાહક છે તેવો જીવ સદ્‌ગુરુની આજ્ઞાનો આરાધક બની શકે છે. મત-પંથનો આગ્રહ ધરાવનાર જીવ કદાગ્રહી હોય છે. જેનું વિવેચન આગળ એકથી વધારે વાર થયું છે. મત-પંથમાં ધર્મ નથી. ધર્મ આત્માનો સ્વભાવ છે અને તે આત્મામાંથી જ પ્રગટ કરવાનો છે. માટે સત્યનો ઇચ્છુક જીવ મંત-પંથની માન્યતાને વળગી ન રહે, તેમાં કદાગ્રહ

ન સેવે. મત-પંથને ગૌણ કરી સદ્ગુરુની આજ્ઞાની આરાધના માટે જ ઉત્સાહી રહે એ તો કહે—

**અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ.**

આરાધના કરવા હું ઉપસ્થિત થયો છું, તત્પર થયો છું. તેથી એ જીવ સદ્ગુરુનાં ચરણમાં, નિર્મળભાવે સમર્પિત થાય છે. મન-વચન-કાયા ત્રણે યોગથી આજ્ઞાને આરાધે છે. સદ્ગુરુનાં માહાત્મ્યને એ જાણે છે. સદ્ગુરુ પોતે નિશદીન આત્મામાં ઝૂલી રહ્યાં હોય. પરભાવોની પ્રીતિ તો ક્યારનીય છૂટી ગઈ હોય, સ્વાનુભવની અનુપમ મસ્તી તેઓ માણતાં હોય, જે ખુદ માણી શકે તે જ અન્યને પણ આપી શકે. જિજ્ઞાસુ સાધકનાં અંતરમાં સત્પુરૂષનું ચિત્ર સ્પષ્ટ હોય. તે જાણતો હોય કે-

**સત્પુરુષ તે જ કે જેહનો આત્મોપયોગ જ અટલ છે,**
**અનુભવ પ્રધાન જ વચન જેનું, શાસ્ત્ર-શ્રુતિએ પટલ છે;**
**અંતરંગ ઇચ્છા રહિત જેની ગુપ્ત આચરણા સદા,**
**નિન્દા-સ્તુતિ શાતા-અશાતાથી ન મન સુખ-દુઃખ કદા....**

આત્માનો સ્વભાવ છે ઉપયોગ. સત્પુરુષનો ઉપયોગ આત્મામાં જ હોય. બાહ્યપ્રવૃત્તિ બીજી કરવી પડતી હોય તે કરે છતાં 'આત્મા છું' ની પ્રતીતિ તેઓની અટલ હોય. પરભાવોથી ભિન્નતાની પ્રતીતિ ક્ષણિક જ નહીં, સતત વર્તતી હોય. નિજાનુભૂતિનો આનંદ માણતા હોય તેથી તેઓનાં મુખમાંથી નીકળતા વચનો અનુભવથી રસાયેલા હોય. માત્ર ગ્રન્થનાં શબ્દોનું રટણ કરી લીધું હોય તેવું ન બને. વળી આવા સંત વ્યવહારિક દૃષ્ટિએ કદાચ ઘણાં શાસ્ત્રો ન ભણ્યા હોય, પણ એમનાં મુખમાંથી નીકળતા વચનો એટલા પ્રામાણિક હોય કે શાસ્ત્રમાં એથી જુદું કશું યે ન હોય. એટલું જ નહીં આત્માનુભૂતિની કેટલીક વાતો તો શાસ્ત્રોમાં પણ જોવા ન મળે તેવી તેમનાં પાસેથી મળે અથવા તેમનાં પ્રત્યક્ષ જીવનમાં જોવા મળે.

વળી સર્વ સ્પૃહા-કામનાઓથી પર, માત્ર નિષ્કામ ભાવે જીવનની ચર્યા-કશાય દંભ કે દેખાવ વિના અંતરંગનાં નિર્મળભાવો સહિતની વર્તતી હોય. આવા સંતો એટલા સરળ અને નિખાલસ હોય કે, સમાજ

માન્ય આચારોનો દેખાડો કરવામાં તેઓ ન માનતા હોય. પણ અંતરની નિર્મળતા જેમાં જળવાઈ રહે, વધતી ચાલે, તેવી ચર્યા સહજ તેમની બની ગઈ હોય. અને તેથી જ પોતાનાં જીવનઆચારથી સમાજ તેની નિન્દા કરશે કે પ્રશંસા એવો વિકલ્પ પણ તેમને ના ઉઠે!

આજે આ યુગમાં પણ ભારતભૂમિમાં આવા સત્પુરુષો કયાંય દૂર–સુદૂર પ્રદેશમાં, ઉરનાં એકાંતે, નિર્જન વનમાં ગુપ્ત સાધના કરી રહ્યાં હશે, જેની જગતને જાણ પણ નથી. સંતોને એવી સ્પૃહા પણ નથી કે કોઈ તેમને જાણે.

હમણાં જ ત્રણ–ચાર વર્ષ પહેલાં જ જેમણે દેહત્યાગ કર્યો એવા એક સંત મહારાષ્ટ્રમાં થઈ ગયા. ખરેખર જેઓએ બહારથી સન્યસ્ત સ્વીકાર્યું ન હતું. ગૃહસ્થાશ્રમી હતાં. જીવનની ફરજો પુરી થતાં ઘરથી દૂર એક નદીનાં કિનારે આવ્યા, ત્યાં તેમને Water Supply માટે બનાવેલ એક નાની, અવાવરૂ રૂમ જોવામાં આવી. તે રૂમનો વપરાશ ન હતો. કોઇકની પરવાનગી લઈ તે રૂમમાં એ બેસી ગયા. બહાર નીકળ્યા જ નહીં. શરીર પર માત્ર એક વસ્ત્ર. ઘણાં સમય પછી એક વ્યક્તિને જાણ થતાં તે ત્યાં આવવા માંડયો. પેલા સંતને રોજ એકવાર દૂધ લેવા મહાપ્રયત્ને સમજાવી શકયો, અને રોજ દૂધ લાવી દેવા માંડયો. રૂમ બહારથી બંધ રહે. આ માણસ દૂધ આપવા જાય ત્યારે ખોલે, દૂધ અંદર મૂકી બંધ કરી દે. ચોવીશ કલાકે ફરી ખૂલે. કયારેક દૂધ પીધા વગર પડયું જ રહે. કલાકો અને દિવસો સુધી આત્મધ્યાનમાં લીન હોય. કેટલો સમય ગયો તેની ખબર ન હોય, ભૂખ કે દુઃખની પરવાહ ન હોય.

થોડો વખત રૂમમાં મચ્છરોનો ઉપદ્રવ રહ્યો. મચ્છર એટલાં કે તેમનાં આખા શરીર પર પથરાઈ ગયા. શરીર દેખાય નહીં, જાણે માખીઓને રહેવાનો મધપૂડો. પણ અવિચલ ભાવ. તેઓને જાણ પણ ન હોય. એ ઉપદ્રવ દૂર થતાં ઉંદરોનો ઉપદ્રવ વધ્યો.આખો દિવસ નાની એવી રૂમમાં સંતની સાથે ૨૫–૩૦ ઉંદરો સંતના શરીર પર ચડે–ઉતરે પણ નિશ્ચલભાવે બેઠેલા સંત જાણે પત્થરની પ્રતિમા, અરે! દૂધ તો ઉંદરો જ પી જાય. છતાં સંતને ભાન નહીં. ઉપસર્ગો–પરિષહો સામે પ્રતિકારની કોઈ ભાવના નહીં.

આવા સંત મહારાષ્ટ્રમાં હમણાં જ થઈ ગયા. પણ ચાર–છ વ્યક્તિ સિવાય કોઈએ તેમને જાણ્યા નહીં. પરવાહ પણ નો'તી તેમને કે કોઈ જાણે–વંદે કે પૂજે. બંધુઓ ! આ છે ગુપ્ત આચરણા–ગુપ્ત સાધના. પોતે સાધક છે. એવી પણ કોઇને જણાવવાની ઇચ્છા તેમને ન હોય. વળી કેટલાક ગૃહસ્થાશ્રમમાં રહી કે ત્યાગી જીવનમાં રહી, ઉત્તમ સાધના કરતાં હોય છે, જેની કોઈનેય ખબર નથી હોતી. જેની ભાવના અતિ ઉત્તમ હોય. શરીરસેવામાં અને આત્માઆરાધનામાં લોકોની નજરે તો માત્ર તેઓનું સેવાકાર્ય જ દેખાય પણ એ સંત ખરેખર આત્મામાં કેટલા ઊંડા ઉતર્યા છે, આત્માનાં અતલ ઊંડાણને માપી આવ્યા છે, એની જાણ કોઇને ન હોય. બહારથી વ્યવહારમાં હોય. અંતરથી આત્મામાં હોય.

બંધુઓ ! મારા અનુભવની વાત કહું. જેમના માટે હું અત્યંત ગૌરવ અનુભવું છું એવા મારા પરમ ઉપકારી ગુરુણીજી પૂજ્ય બાપજી પણ આવા જ અંતરંગ સાધક છે. બહારથી જોતાં સમાજ સાથેનાં વ્યવહારમાં, શિષ્યા–પરિવારની ફરજોમાં, વ્યાખ્યાન આદિ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત દેખાય. પણ એ બધાં જ વ્યવહારોમાં એમનું ચિત્ત સદા આત્મભાવમાં રમતું હોય. સમતા અને સહિષ્ણુતા તો અમાપ. આજ લગભગ ૩૨–૩૩ વર્ષથી અશાતા વેદનીયનો ઉદય હંમેશા વત્તો–ઓછે અંશે તેઓનાં દેહમાં વર્ત્યા જ કરે છે. છતાં કદી આર્ત્તધ્યાન નહીં. વિષમતા નહીં. ન તો દેહની મૂર્છા. ન શિષ્યા પરિવારની મૂર્છા ! બસ નિજ મસ્તીમાં મસ્ત–સર્વથી નિસ્પૃહ.

પઠન-પાઠનનાં બહુ જ ઓછા યોગો મળ્યા; છતાં પણ તેમનાં મુખમાંથી ઝરતી અમીધારા જ્યારે વ્યાખ્યાન રૂપે આપણે ઝીલીએ ત્યારે જરૂર આપણાં અંતરને એ સ્પર્શી જાય, કારણ તેઓનાં આત્મ અનુભવમાંથી નીકળતા એક–એક ભાવો એટલા ગૂઢ છતાં સ્પષ્ટ અને સરળ હોય કે સીધા આત્માને જ Touch કરે. બંધુઓ ! આ અનુભવ તો તમને પણ થયો હશે કે તેમનાં પ્રવચનમાં ફૂટતા ભાવો કેટલાં અંતરસ્પર્શી હોય છે ! તેઓનો આત્મ અનુભવ ઊંચો છે. પણ આચરણા

ગુપ્ત છે. સામાન્ય જન જેને સમજી ન શકે. તો સત્પુરુષની આચરણા આવી જ હોય, અને તેથી જ માનસિક સુખ-દુઃખ કે શાતા-અશાતાથી તેઓ પર થઈ ગયા હોય.

આવા સદ્ગુરુની આજ્ઞાનાં અતૂટ વિશ્વાસે જિજ્ઞાસુ શિષ્ય વર્ત્યો જાય તો તે શુદ્ધ સમકિત દશાને પ્રાપ્ત કરે જ કરે. જેમાં શંકાને સ્થાન નથી.

સદ્ગુરુનાં ઉપદેશ પર, આજ્ઞા પર યથાર્થ શ્રદ્ધા ભાવે ચિંતન થાય તેથી પરદ્રવ્ય પ્રત્યેની આસક્તિ તૂટતી જાય. જેમ-જેમ સ્વનું ચિંતન વધે તેમ-તેમ પરનું ચિંતન ઘટે. અંતે જ્યારે આત્મા દેહનું ભેદ વિજ્ઞાન પ્રગટ થઈ જાય ત્યારે, બહાર ભટકતી વૃત્તિ અંતરમાં સ્થિર થઈ જાય. પછી તેને ક્યાંય બહાર જવાની જરૂર જ ન રહે. પોતામાં પડેલી અચિંત્ય-ગુપ્ત શક્તિઓનો ખજાનો, તે વૃત્તિઓને પોતામાં જ રોકી રાખે. જ્યાં સ્વસંવેદન થાય. તેના આસ્વાદમાં જ આત્મા લીન બની જાય. બસ આ જ છે નિશ્ચય સમ્યક્ત્વ.

આવું સમ્યક્ત્વ એક અને અખંડ છે. તેમાં ન તો કોઇ ભેદ કે ન તો કોઇ પક્ષ. સમ્યક્ત્વનાં જેટલાં ભેદો બતાવ્યા તે બધાં જ વ્યવહાર દૃષ્ટિએ. શાસ્ત્રોમાં રુચિરૂપ સમ્યક્ત્વનાં ભેદો બતાવ્યા છે. તે ૧, આજ્ઞા સમ્યક્ત્વ. ૨, માર્ગ સમ્યક્ત્વ. ૩, ઉપદેશ સમ્યક્ત્વ. ૪, સૂત્ર સમ્યક્ત્વ ૫, બીજ સમ્યક્ત્વ. ૬, સંક્ષેપ સમ્યક્ત્વ. ૭, વિસ્તાર સમ્યક્ત્વ. ૮, અર્થ સમ્યક્ત્વ. આ આઠ સમ્યક્ત્વ તેની ઉત્પત્તિની દૃષ્ટિથી બતાવ્યા. ગમે તે કારણે સમ્યક્ત્વની ઉત્પત્તિ થઈ શકે છે. પણ આ બધાં જ વ્યવહારની દૃષ્ટિએ ભેદ છે.

બીજા બે ભેદો કહ્યાં તે ૧, અવગાઢ સમ્યક્ત્વ ૨, પરમાવગાઢ સમ્યક્ત્વ. અવગાઢ સમ્યક્ત્વ અર્થાત્ ક્ષાયિક સમ્યક્ત્વ. સાત પ્રકૃતિનાં સંપૂર્ણ ક્ષયરૂપ ચોથા ગુણસ્થાને થયેલું તે ક્ષાયિક સમ્યક્ત્વ. જે ચોથાથી બારમા ગુણસ્થાન સુધી હોય છે. અને પરમાવગાઢ તે પણ ક્ષાયિક સમ્યક્ત્વ જ છે. પણ તે તેરમા ગુણસ્થાનવર્તી જીવને છે. ત્યાં જ્ઞાન, દર્શન અને વીર્ય પણ અનંતરૂપ પ્રગટ થઇ ચૂકયા છે. પણ ચોથાથી બારમા સુધીનાં ક્ષાયિક

સમકિતનો તથા તેરમા ગુણસ્થાનનાં ક્ષાયિક સમકિતનો અનુભવ એક સરખો જ છે. તેમાં કંઇ જ ભેદ નથી. માટે જ શ્રીમદ્જી ગાથામાં ફરમાવે છે 'જેમાં ભેદ ન પક્ષ.'

સુયોગ્ય સાધક સદ્‌ગુરુની આજ્ઞાની સંપૂર્ણ આરાધના સાથે આવા શુદ્ધ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. જેમાં અનંત ચતુષ્ટયનો આંશિક અનુભવ જીવ કરે છે. આત્મા સ્વરૂપની રમણતાનો આનંદ લૂંટે છે. સ્વાનુભવની મસ્તીમાં મગ્ન બની જાય છે. સ્વસંવેદનની અનુભૂતિ દશામાં રમમાણ રહે છે.

જીવ વિકાસનાં માર્ગ પર આગળ વધી રહ્યો છે એક પછી એક સોપાન પાર કરી રહ્યો છે. હવે પછીનું સોપાન કયું તે અવસરે.

## આત્મ-ચિંતન....

"હું....આત્મા....છું....હું....આત્મા....છું"

અનાહારકપણું....એ મારો સ્વભાવ....

હું....ચૈતન્ય આત્મા....આત્માને આહાર જોઇએ નહીં...આત્મા.... નિજ-ગુણોમાં પરિપૂર્ણ છે...જ્ઞાનાદિ સ્વભાવનો ધારક છે....પોતાના જ્ઞાનાદિ ગુણોને ....એ અનુભવે છે....આત્માને....જ્ઞાનાદિમાંથી જ રસ મળે છે....નિજની અનુભૂતિના રસે... જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિની સાથે આત્માનું પોષણ થાય છે....

આહાર....જડ પુદ્ગલો છે...પુદ્ગલ....ચૈતન્ય આત્માને....સંતોષી શકે નહીં....ચૈતન્યને....ચેતનાની અનુભૂતિમાં...સંતોષ છે....શરીર જડ છે.... જડના પોષણ માટે...જડની આવશ્યકતા હોય....જડ શરીરને પોષવા...., જડ શરીરને સંભાળવા.., જડ શરીરની વૃદ્ધિ માટે....આહારની આવશ્યકતા છે....આ ચૈતન્ય આત્મા....જડ શરીરથી નિરાળો થઇ જાય...., જડથી ભિન્ન-તાને અનુભવે...., આહારની આવશ્યકતા ન રહે....

શરીરને....આહારની જરૂર છે....પણ તેમાં વૃત્તિઓને ભેળવવાની જરૂર નથી....રસવૃત્તિને છોડી....અનાસક્તભાવે....આહારને ગ્રહણ કરવું...આત્મા ....અનાહારક પદને પામી શકે છે....

હું ચૈતન્ય....હું....અનાહારક આત્મા....મારે....મારા સ્વરૂપને પામવું છે ....અનાહારક પદની પ્રાપ્તિ માટે....તપશ્ચર્યા....અણમોલ સાધન છે....જેમ -જેમ તપશ્ચર્યામાં દઢતા...., તપશ્ચર્યામાં ઉગ્રતા આવે છે...., કઠિનતા આવે છે...., તેમ તેમ અનાહારક પદને પ્રાપ્ત કરે છે....મારે...મારા અનાહારક પદને... પ્રાપ્ત કરવું છે.. શરીરની આસક્તિથી....દૂર થવું છે....માટે વધુ.... એકાગ્ર થઇ....વધુ ઊંડાણમાં જઇ....સ્થિરતા સાથે....આત્માનું ચિંતન....

"હું....આત્મા...છું....હું...આત્મા...છું."

ૐ.... "શાંતિ".... "શાંતિ"... "શાંતિ"

## ...અનુભવ, લક્ષ પ્રતીત !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની–અનંતદર્શની, પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના, આત્મ અનુભવનાં ઊંડાણમાં લઇ જાય છે. આત્મામાં જેટલી સ્થિરતા વધારે, અનુભવ એટલો જ ઊંડો, અને અનુભવનું ઊંડાણ વધતું જાય. તેમ આત્મ સ્થિરતા વધતી જાય. બંને અન્યોન્ય છે.

માનસિક ધરાતલ પર થયેલા, સુખ–દુઃખનાં અનુભવોનું પણ એમ જ છે. જે અનુભવ હૃદયને વધુ સ્પર્શી ગયો હોય, તે સુખનો હોય કે દુઃખનો પણ લાંબા સમય સુધી સ્મૃતિમાં જળવાઇ રહે છે. અરે ! કેટલાંક અનુભવો તો જીંદગી પર્યંત યાદ રહી જાય છે. માનસ પરથી ભૂંસાતા નથી. પણ જો કોઈ અનુભવ માત્ર ઉપરછલ્લો હોય, અંતર સુધી ન પહોંચ્યો હોય તો આજે અનુભવાયેલું કાલે ભૂલી જવાય છે.

આત્માનાં અનુભવની વાત પણ એવી જ છે. ક્ષાયિક સમકિતરૂપ ઊંડો અનુભવ, કદી ભૂંસાતો નથી. એ તો જીવ સાથે હંમેશા રહે છે. મોક્ષે જાય તો પણ જીવ સાથે લઇ જાય છે. પણ માત્ર દર્શન મોહનીયની પ્રકૃતિઓને દબાવી દીધી હોય એટલે કે ઉપશમ જ કર્યો હોય તો તે માત્ર એક અંતમુહુર્ત જેટલો કાળ માંડ ટકીને રહે, પછી આત્માની એ અનુભવદશા વિસરાય જાય છે. ઉપશમ સમકિત આત્માનો અનુભવ કરાવે જરૂર પણ તેમાં ક્ષાયિક સમકિત જેટલું ઊંડાણ અને સ્થિરતા નથી હોતા.

અરે ! બુદ્ધિગમ્ય તત્ત્વોને સમજવા માટે પણ બુદ્ધિનાં ઊંડાણ અને સ્થિરતાની આવશ્યકતા હોય છે. જડ જગતનાં રહસ્યો પણ બુદ્ધિમાન માણસો જ સમજી શકે. બધાનું એ ગજુ નહીં. ગમે તેટલી મહેનત કર્યા પછી પણ

અલ્પ બુદ્ધિવાળો માનવ જડ તત્વોને પણ ન સમજી શકે. વળી સ્થિરતા પણ કેટલી જોઇએ ? આજે વૈજ્ઞાનિકોએ જડ-જગતનાં રહસ્યો ને ઉકેલી જગતના સામે ધરી દીધા. તેમાં તેની સ્થિરતા કેટલી ! આખાયે વિશ્વને વિસરી જઈ, માત્ર પોતાનાં પ્રયોગમાં જ લીન થઈ જાય. ત્યારે જ આવા બુદ્ધિમાન માણસો પણ એ રહસ્યને પામી શકે ! તો બંધુઓ ! આધ્યાત્મિક જગતનાં રહસ્યોનાં અનુભવ માટે પણ ઊંડાણ અને સ્થિરતા આવશ્યક છે.

અહીં વ્યવહાર સમ્યક્ત્વથી નિશ્ચય સમ્યક્ત્વની યાત્રા શિષ્યને કરાવ્યા પછી, ઊંડી અનુભૂતિનો એકવાર આસ્વાદ માણી લીધો છે એવા સાધકની દશા કેવી હોય તે હવે કહે છે.

**વર્તે નિજ સ્વભાવનો, અનુભવ, લક્ષ, પ્રતીત;**
**વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકીત....૧૧૧....**

સાધકને ભેદ વિજ્ઞાન થયું. દેહ અને આત્માની ભિન્નતા, વસ્ત્ર અને શરીરની ભિન્નતાની જેમ પ્રત્યક્ષ અનુભવી. સ્વનો સાક્ષાત્કાર થયો. સ્વરૂપ દશાનું પ્રાગટ્ય તો એક સમયમાં થયું અને પછી તેનો નિરંતર પ્રવાહ પણ રહ્યો. છતાં સમ્યગ્દર્શની જીવ પણ સંસારી છે. સર્વ કર્મથી રહિત નથી થયો. તેથી કર્મજન્ય ઉપાધિઓ તો તેને હોય જ. વળી તેની ચિત્ત-દશા સ્વ-સંવેદનથી રંગાયેલી હોવા છતાં, ચિત્તને અન્ય કાર્યોમાં પ્રવૃત થવું પડતું હોય.

અહીં આવા જીવની વ્યાવહારિક ભિન્ન-ભિન્ન અવસ્થાઓમાં ચિત્તની દશા, અર્થાત્ આત્મદશા કેવી વર્તતી હોય તે બહુ જ સરલ અને સચોટ રીતે બતાવવામાં આવ્યું છે. આત્મસિદ્ધિ શાસ્ત્રની સર્વ ગાથાઓ અનુપમ છે; છતાં સમ્યક્ત્વી જીવની દશાનો અદ્ભૂત ચિતાર આ ગાથામાં આપવામાં આવ્યો છે. આ ગાથાને યથાર્થ રીતે સમજનારને સ્વયંની દશા કેવી છે. તે કોઇને પૂછવા ન જવું પડે !

પ્રથમ બતાવ્યું કે નિજ સ્વભાવનો અનુભવ વર્તતો હોય ! ક્યારે ? સમ્યક્ત્વી જીવ નિવૃત્તિની ક્ષણોમાં હોય. કોઈ પણ કાર્ય રહિત માત્ર નિવૃત્તિ હોય તે સમયે તેનું સમગ્ર લક્ષ આત્મ સ્વભાવનો અનુભવ કરવામાં જ હોય.

તે સ્વાત્મામાં ઊંડો ઉતરી જાય, ચિત્ત બીજે કયાંય ન હોય. પોતે પોતાનામાંથી જ આનંદ લૂંટવા માંડે. નિજના અનુભવ સિવાય અન્ય દશા તેની ન હોય.

સામાન્ય રીતે માનવ નિવૃત્તિનાં સમયે, મનોરંજનનાં સાધનો શોધતો હોય. સમય પસાર કરવાનાં આલંબનો શોધતો હોય. કોઇપણ પ્રકારનાં સાધન કે આલંબન સિવાય આનંદ મેળવતાં માનવ શીખ્યો નથી હોતો. કંઇ જ ના મળે તો ભૂતકાળની સ્મૃતિ અને ભવિષ્યની કલ્પનાનાં વિચારોમાં ગરકાવ થઇ જાય. એવા વિચારોમાં કલાકોનાં કલાકો પાસ કરી નાંખે. પણ એક ક્ષણ માટે પણ તે પોતામાં જઇ ન શકે. પોતામાંથી આત્માનો અનુભવ માણી ન શકે. જેણે કદી આત્માનંદને માણ્યો નથી તે નિવૃત્તિમાં પણ કયાંથી માણી શકે ?

અહીં તો નિજાનંદની અનુભૂતિ કરી ચૂકેલ સમકિતી સાધકની વાત છે કે નિવૃત્તિમાં તેની સમગ્ર ચિત્તદશા આખાયે સંસારથી વિરક્ત થઈ માત્ર નિજ આત્મામાં જ રમતી હોય. એકવાર જે નિજાત્માની ઊંડી અનુભૂતિ માણી ચૂકયો છે તેનો આસ્વાદ ફરી–ફરી લેવા માટે તેની અદમ્ય તાલાવેલી હોય. તેથી તે જીવ સંસારથી પર થવાની નિવૃત્તિની ક્ષણો મેળવવા ઝંખતો હોય. નિવૃત્તિ મળે કે તેની ઉપયોગ ધારા નિજ સ્વભાવનાં અનુભવમાં વર્તવા માંડે. આમ આવા સાધકનાં ચિત્તમાં **નિવૃત્તિ દશામાં અનુભવ ધારા** વર્તતી હોય.

સંસારમાં રહેલા જીવને નિવૃત્તિની ક્ષણો તો ઓછી મળે. દેહાદિ ઉપાધિઓ છે તેથી તેની પ્રવૃત્તિમાં પણ તેને પ્રવૃત્ત થવું પડે. જ્યારે સમકિતી જીવ દેહાદિની ક્રિયારૂપ પ્રવૃત્તિ કરતો હોય ત્યારે તેનું લક્ષ નિજ સ્વભાવમાં વર્તતું હોય. તે ચોક્કસપણે જાણતો હોય કે દેહાદિની ક્રિયાઓ તે મારી ક્રિયા નથી. મારૂં કર્ત્તવ્ય પણ નથી. હું તો અશરીરિ આત્મા છું. ઈન્દ્રિયાતીત, તત્ત્વ છું. આત્માનાં નિજ સ્વરૂપમાં આવી ક્રિયાઓને સ્થાન નથી. પણ આ આત્મા દેહધારી છે. તેથી દેહની ક્રિયા કરવી પડે છે. પણ મારૂં લક્ષ એ નથી. મારૂં લક્ષ તો માત્ર મારો આત્મા, એ સિવાય બીજું કશું નહીં. આવી દશા દેહાદિ પ્રત્યેની આસક્તિને

ક્રમશઃ મંદ કરી નાખે. રાગ–દ્વેષને મંદ કરી નાખે. તેથી જ જ્ઞાની અર્થાત્ સમકિતી જીવ પાંચ ઇન્દ્રિયોનાં વિષયો ભોગવતો, જગતની આંખે દેખાતો હોય, છતાં તેનાથી અલિપ્ત હોય, તેનું લક્ષ નિજ આત્મા હોય, તેથી ભોગો ભોગવતા પણ તેને કર્મબંધ ન થાય.

એટલું જ નહીં! સમ્યક્ત્વી હોય છતાં રાજા હોય, ચક્રવર્તી હોય, રાજ્યની ધૂરા વહન કરવાની હોય, પ્રજા પ્રત્યેની સર્વ ફરજો બજાવવાની હોય. અને તેમાં કોઈ રાજા તરફથી યુદ્ધની નોબત આવી પડે, તો રાજાને લડવા પણ જવું પડે. યુદ્ધ કરે પણ અંતરથી રાજ્યલિપ્સા ન હોય. આત્મામાં પૂર્ણ જાગૃત હોય. યુદ્ધ તે મારૂં કાર્ય નથી. જો પ્રતિપક્ષી યુદ્ધ કરવા ન ચાહે તો પોતે ન કરે. એટલી તૈયારીવાળો હોય. યુદ્ધ કરવામાં રસ ન હોય. માત્ર રાજા તરીકેની ફરજનાં ભાને જ યુદ્ધ કરવા જાય. અંતરથી એ ન્યારો હોય. તેથી જ **પ્રવૃત્તિ દશામાં લક્ષ ધારા** વર્તતી હોય.

ત્રીજી ધારા તે પ્રતીતિ ધારા. સમકિતી હોય, તેને આઠેય કર્મોનાં ઉદય તો વર્તતા જ હોય. દર્શનાવરણીયનાં ઉદયે નિદ્રા આવે. ઉંઘ લેવી પડે. સમકિતી ઉંઘ પણ લે. છતાં તે અઘોરીની જેમ ન ઉંઘતો હોય. કુંભકર્ણની નિદ્રા ન લે. પણ ઉંઘમાં પણ તે સજાગ હોય. જાગી જાય તેમ નહીં પણ સુષુપ્તિમાં પણ તેને નિજ સ્વભાવની પ્રતીતિ વર્તતી હોય. હું આત્મા છું એવી સ્પષ્ટ જાણ તેને ત્યારે પણ હોય. ભર ઉંઘમાંથી ઉઠાડીને પૂછો 'તું કોણ છે?' તો એ કહેશે 'હું આત્મા છું.'

જેમ આપણને આપણાં નામની સતત પ્રતીતિ રહ્યાં જ કરે છે. ઉંઘમાં કોઈ અવાજ દે તો પણ ઉઠીને જવાબ આપીએ છીએ. આપણું નામ આપણને એટલું પ્રિય છે તથા નામની સ્થિતિ બહુ લાંબી ન હોવા છતાં પણ તેની પ્રતીતિ તો સ્પષ્ટ જ છે. જેટલી આપણી ઉંમર થઈ, નામની ઉંમર પણ એટલી જ, તેનાથી વધારે નહીં. છતાં જન્મો–જન્મથી સાંભળતા આવ્યા હોઇએ તેમ નામનો પરિચય વધારે છે.

સમકિતી જીવને શરીરનાં નામથી પણ વધારે નિજ આત્માની પ્રતીતિ છે. કારણ આત્મા એ કોઈ નામ નથી. તેની કોઈ ઉંમર નથી. તે પોતે

જ છે. પોતાની પ્રતીતિ પોતાને હોય જ, હોવી જ જોઈએ. જીવ ભ્રમણામાં ભૂલ્યો છે તેથી તેને ખબર નથી કે 'હું આત્મા છું.' પણ સમકિતી તો ભ્રમણામાંથી બહાર નીકળી ગયો છે. આત્માની ઊંડી અનુભૂતિ કરી લીધી છે. નિજ ને વેદી લીધો છે. તેથી સુષુપ્ત દશામાં પણ આત્મ–સ્વભાવની પ્રતીતિ તેને રહે છે. આત્મા ભૂલાતો જ નથી. તેથી જ **સુષુપ્ત દશામાં પ્રતીતિ ધારા** વર્તતી હોય.

આમ સમકિતી આત્મા જીવનવ્યવહારમાં કોઈ પણ દશામાં હોય. આત્મ–વિસ્મરણ તેને થતું નથી. અનુભવ, લક્ષ અને પ્રતીતિ રહ્યાં જ કરે છે. જ્ઞાનીઓએ કહ્યું છે—

**નિવૃત્તિ દશામાં અનુભવધારા !**
**પ્રવૃત્તિ દશામાં લક્ષધારા !**
**સુષુપ્ત દશામાં પ્રતીતિધારા !**

આવા જીવની વૃત્તિ બહિરંગમાં હોય નહીં તેથીજ ગાથામાં કહ્યું: વૃત્તિ વહે નિજભાવમાં પરમાર્થે સમકિત. આ જીવની વૃત્તિ આત્મભાવમાં, નિજ અંતરંગમાં જ વહ્યાં કરે છે. અને તે દશા જ પરમાર્થથી સમકિત દશા છે. કવિવર બનારસી દાસે પણ આજ ભાવો વ્યક્ત કર્યાં છે—

**સ્વારથ કે સાચે પરમાર્થ કે સાચે ચિત્ત,**
**સાચે સાચે બૈન કહૈં સાચે જૈનમતી હૈં;**
**કાહૂ કે વિરુદ્ધિ નાહિ પરજાય બુદ્ધિ નાહિ,**
**આતમ ગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં;**
**સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ ઘટમેં પ્રગટ સદા,**
**અંતર કી લચ્છિસૌં અજાચી લચ્છયતી હૈં;**
**દાસ ભગવન્ત કે ઉદાસ રહૈં જગત સૌં;**
**સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં...**

જેને આત્માર્થની લગની લાગી છે, જેમનું ચિત્ત પરમાર્થ સાધવામાં જ લીન છે. સત્યનાં ઉપાસક તથા જિનેશ્વરનાં સાચા અનુયાયી છે. બધા સાથે અવિરોધી ભાવથી વર્તે છે. પર્યાય બુદ્ધિ નથી. દેશવિરતિ શ્રાવક કે સર્વવિરતિ સાધુ ન હોવા છતાં નિત્ય આત્મગવેષણામાં જ રહે છે.

આત્મરિદ્ધિની વૃદ્ધિ થઈ રહી છે. આત્મલક્ષ્મીથી શ્રીમંત છે. જગત થી ઉદાસી અને જિનેશ્વર ચરણનાં ઉપાસી એવા સમકિતી જીવ જ સદા સુખી છે.

આવા સમક્તિી જીવ પરમાર્થને સાધે છે. વળી તેમની દશા ઉત્તરોત્તર વિકસિત થતી જાય છે. સવિકલ્પક દશાને ટાળી નિર્વિકલ્પ દશાને સાધે છે. તેમાં જ સ્થિર રહે છે.

આ ગાથામાં શ્રીમદ્જીએ સમકિતી જીવની ઉચ્ચદશાનું આલેખન કર્યું છે. મોક્ષમાર્ગમાં આ દશાનું જ માહાત્મ્ય છે. આવી દશા જેની પ્રગટે તેની દિશા સવળી જ હોય. પછી એ કદી અવળી દિશાએ જાય જ નહીં. દશાને પ્રગટાવી તેથી દિશા લાધી ગઈ.

આ દશાનું વિકસિત પગલું ક્યાં જઈ વિરામ પામશે તે અવસરે...

## ઉદય થાય ચારિત્રનો...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્મઅનુભવદશાને સતત ટકાવી રાખે છે. એક વાર આત્માનો અનુભવ થયા પછી જીવ આરાધક ભાવોમાં જ રહ્યાં કરતો હોય, તો એ અનુભવદશાની નિરંતરતા રહે છે.

જીવનની વિભિન્ન અવસ્થાઓમાં, સમકિતી જીવને નિજ સ્વભાવનો રહેતો અનુભવ, લક્ષ અને પ્રતીતિ. સમકિતની વિશુદ્ધિની સાથે-આત્મ વિકાસની પ્રગતિનાં પ્રબળ કારણો છે.

આવા જીવનો વિકાસ કેટલો શીઘ્ર થાય છે. તે બતાવતા શ્રીમદ્જી ફરમાવે છે—

**વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;**
**ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ....૧૧૨....**

સમકિતની વધતી જતી દશા અર્થાત્ આત્માનુભવની વધતી નિર્મળતા. સમકિત દશામાં રહેલા જીવને સમયે-સમયે અનંતાનંત કર્મોની નિર્જરા થતી રહે છે. અશુદ્ધિ ઘટતી જાય છે અને વિશુદ્ધિ વધતી જાય છે. ચારિત્ર-મોહનીય કર્મની નિર્જરા પણ થતી રહે છે. તેથી રાગ-દ્વેષની મંદતા થાય છે. આ મંદતા જીવમાં રહેલ મિથ્યાભાસોને ટાળે છે.

અહીં પ્રશ્ન થાય કે મિથ્યાત્વ ગયું અને સમકિત પ્રકાશ્યું તે પછીની દશાની તો વાત થઈ રહી છે. તો પછી મિથ્યાભાસ શાનો ? મોહનીયનાં જેટલા ભાવો છે તે બધાં જ મિથ્યાભાવો જ છે. સમકિત થયું એટલે મોહનીયની ૨૮ પ્રકૃતિઓમાંથી માત્ર સાત પ્રકૃતિ જ ગઇ, હજુ ૨૧ બાકી છે. ક્રોધાદિ તથા નવ નોકષાય.

તેમાં સમ્યક્ત્વની નિર્મળતા વધતાં પ્રથમ અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની કષાય ચતુષ્કને ક્ષીણ કરે. જે પ્રકૃતિઓ દેશવિરતિ તથા સર્વવિરતિ રૂપ ચારિત્રની ઘાતક છે. આ પ્રકૃતિઓ ક્ષીણ થતાં ચારિત્રનો ઉદય થાય છે.

અહીં ચારિત્રનાં ઉદયને પણ સમજવો જરૂરી છે. સામાન્ય રીતે ઉદય તો કર્મોનો થાય છે. ચારિત્ર કોઈ કર્મ નથી. તો તેનો ઉદય કેમ થાય? ઉદયનો અર્થ છે પ્રગટ થવું. જેમ પ્રભાતે પૂર્વાકાશમાં સૂર્યોદય થાય છે. આપણે રોજ કહીએ છીએ કે સૂર્યનો ઉદય થયો. એટલે શું થયું? કોઇ કારણે સૂર્ય નવો બન્યો એમ નથી. પણ તે આપણી દૃષ્ટિ મર્યાદાથી દૂર હતો. નીચે હતો તે ઉપર આવ્યો. આપણી નજરે ચડે એમ આકાશમાં ઉપર આવ્યો. કેવી રીતે આવ્યો? તેની ગતિ નિરંતર ચાલુ જ છે. તેથી ઉપર આવ્યો. એવી જ રીતે અસ્ત પણ થઈ જાય. ચંદ્ર, તારાઓ વગેરે સર્વનો એમ જ ઉદય અને અસ્ત થયા જ કરે છે. અર્થાત્ અપ્રગટ હોય તેનું પ્રગટ થવું તે ઉદય અને પ્રગટનું અપ્રગટ થઈ જવું તે અસ્ત.

ચારિત્ર તે કોઈ કર્મનાં ઉદયનું ફળ નથી. તેથી આપણો આ શબ્દ પ્રયોગ કે ચારિત્રનો ઉદય થાય તે સૂર્યોદયની જેમ જ સમજવાનું છે કે જે ચારિત્રનાં ભાવો અપ્રગટ હતાં તે પ્રગટ થાય. પણ જેમ સૂર્યને પ્રગટ થવામાં તેની ગતિ કારણભૂત છે તેમ ચારિત્રને પ્રગટ થવામાં આત્મદશાની નિર્મળતા કારણભૂત છે. વધતી જતી આત્મસ્વરૂપની વિશુદ્ધિ ચારિત્રને પ્રગટ કરે છે. સર્વ મિથ્યાભાસો ટળી જાય છે.

નોકષાયરૂપ મિથ્યાભાસ રતિ–અરતિ, હર્ષ–શોક, ભય, જુગુપ્સાનાં ભાવો પણ મંદ પડતા જાય છે. એક સંસાર આસક્ત જીવને, ઇન્દ્રિયોનાં વિષયોમાં જેટલા ગમા–અણગમાનાં ભાવો હોય તેવા સમકિતીને ન હોય. ચારિત્રવાનને ન હોય. હા, તેના આ નો–કષાયોનો સર્વથા ક્ષય નથી થયો *તેથી તેના જીવનમાં પણ પસંદગીનાં ધોરણો જરૂર હોય. અમુક ગમે અને* અમુક ન ગમે તેમ પણ હોય છતાં તેના માટે વ્યાકૂળતા ન હોય. આર્તધ્યાન ન હોય. ક્ષણિક ભાવો આવી પણ જાય. છતાં તરત ત્યાંથી પાછો વળી જાય, તેમાં જ પડયો ન રહે. એવું જ હર્ષ–શોકનાં ભાવોનું, એવું જ

ભય-જુગુપ્સાનાં ભાવોનું, નિમિત્ત મળતાં ક્ષણિક અસર થાય, પણ લાંબો સમય ટકે નહીં.

જિનેશ્વરની ઉપાસિકા પેલી શાણી સુમતિ-વીતરાગનાં ચરણમાં જેની અનન્ય શ્રદ્ધા છે. સમ્યક્‌ત્વ ભાવની આરાધિકા છે. આત્મ-નિર્મળતામાં ચિત્ત રમી રહ્યું છે. પ્રભુનાં વચનોની પૂર્ણ શ્રદ્ધા છે. શ્રદ્ધા સાથે આચારનો સમન્વય થયેલો છે. એવી એ શ્રાવિકાનો પતિ બહાર ગયો છે અને આંખનાં રત્ન સમા, બે યુવાન પુત્રોનું અકસ્માતે એક સાથે મૃત્યુ થાય છે. ક્ષણભર તો સુમતિ સ્તબ્ધ થઈ જાય છે. આખાયે જીવનનો ચહેરો વિકૃત થઈ ગયો હોય એવું પ્રતિભાસવા માંડે છે. પણ વીતરાગનાં ચરણો જેણે પૂજ્યા છે એવી અનન્ય શ્રદ્ધાવાન નારી થોડી જ ક્ષણોમાં સ્વસ્થ થઈ જાય છે.

પુત્રોને અન્ય ઓરડામાં સફેદ ચાદર ઓઢાડી જાણે સુવરાવી દીધા છે અને ઉંબરમાં પતિની રાહ જોતી ઉભી છે. કેટલા સમય પછી પતિ આવે છે. રોજની હસતી નારીનું મુખ ઉદાસ જુએ છે. પતિનાં મનમાં પ્રશ્ન ઉઠે છે શું થયું હશે? પત્નીનું મુખ કેમ ઉદાસ? અને એ પૂછે છે.

"સુમતિ! શું થયું? કેમ ઉદાસ છે?"

"કંઈ નહીં, દેવ! પાડોશી સાથે જરા ઝઘડો થઈ ગયો!"

"અરે! સુમતિ તું આ બોલે છે? ઊંચે અવાજે બોલતા પણ તને કદી કોઇએ સાંભળી નથી. તું ઝઘડો કરી શકે કઈ રીતે?"

"નાથ! થોડા સમય પહેલાં, પ્રસંગે પહેરવા પાડોશીને ત્યાંથી બે રત્નકંકણ લઈ આવી હતી. મને બહુ ગમ્યા. મેં રાખી લીધા. આજે પાડોશી માગવા આવ્યા, પણ મારે નો'તા આપવા. તેથી ઝઘડો થયો."

"અરે! પાગલ. એમાં તે ઝઘડો હોય? જેનું હોય તે માગવા આવે તો આપી જ દેવું જોઈએ ને? પારકું કેટલા દિવસ રખાય? આપી દે!"

"ના, પણ, મને આપવા નહીં ગમે, મારે તો એ રત્નકંકણ રાખવા છે. બહુ ગમે છે મને! ન આપું તો!"

"અરે! આજે તને થયું છે શું? ક્યારેય નહીં ને આજે કેમ આવી વાતો કરે છે!"

"સ્વામી! ખરેખર! પારકી વસ્તુ આપણાથી ન રખાય? જેની હોય તેને આપી દેવી પડે?"

"હા, હા, તેમાં પૂછવાનું શું?"

"પણ શું આપને દુઃખ નહીં થાય? હું પાછા આપી દઈશ તો આપને દુઃખ નહીં થાય?"

"ના, ના, તેમાં દુઃખ થવા જેવું શું છે? આપણું કામ પતી ગયું. સમય થઈ ગયો. દઇ જ દેવા પડે!"

"એમ! તો ચાલો હું આપણાં રત્નકંકણ બતાવું!

અને સુમતિ તેના પતિને હાથ ઝાલી અંદરનાં ઓરડામાં દોરી ગઈ. જ્યાં બબ્બે યુવાન પુત્રો ચિરનિદ્રામાં પોઢી ગયા હતાં, મુખ પરથી સહેજ કપડું દૂર કરી સુમતિએ ધીરેથી પતિને કહ્યું :

"જુઓ નાથ! આ આપણાં રત્નકંકણ! તેનો સમય પૂરો થઇ ગયો. અને તે રવાના થઈ ગયા!"

પતિ તો અવાક્ રહી ગયો. પુત્રોનાં મૃત્યુને આ સ્ત્રી આ રીતે મૂલવી શકે. એક માતૃહૃદય આટલી સમતા દાખવી શકે! કઈ હશે એ શક્તિ? અને સુમતિનો પતિ ત્યાંજ તેની પત્નીનાં ચરણમાં ઢળી પડયો કહ્યું :

"સુમતિ! તેં ખરેખર વીતરાગનાં ચરણ–શરણની ઉપાસના કરી છે. આટલા મોટા આઘાતને જીરવવાની શક્તિ વીતરાગની વીતરાગતા પ્રત્યેની તારી અનન્ય ભક્તિએ જ તને આપી છે!"

બંધુઓ! આ છે હર્ષ–શોકથી પર દશા. સમકિતી જીવને રોમે–રોમે વીતરાગતાની શ્રદ્ધા ભરી હોય. તેથી જ આવા મહાભયંકર પ્રસંગમાં પણ સમતા ટકાવી રાખી શકે. માટે જ અહીં કહ્યું કે સર્વ મિથ્યાભાસો ને ટાળી નાખે અને જ્યારે મિથ્યાભાસ ટળવા માંડે એટલે ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓ એક–એક કરીને ખરવા માંડે. જેમ–જેમ ચારિત્ર

મોહનીય પાતળું પડતું જાય. તેમ આત્મ-સ્થિરતા વધતી ચાલે, આત્મ સ્વરૂપની રમણતામાં રહ્યાં કરવું એ જ છે, ભાવચારિત્ર. જ્યાં ભાવ ચારિત્ર પ્રગટે ત્યાં દ્રવ્ય ચારિત્ર આપોઆપ આવી જ જાય, વૃત્તિમાંથી અવ્રતનાં ભાવો ઉતરી જાય, પ્રમાદનાં ભાવો ઉતરી જાય એટલે આત્મસ્થિરતાની અપૂર્વદશારૂપ, અપ્રમત્તદશારૂપ, ચારિત્ર પ્રગટે. આ છે જીવનાં સાતમાં ગુણસ્થાનની સ્થિતિ.

હવે રહે માત્ર સંજ્વલન કષાયો. પણ એ તો અતિ મંદ છે. તેથી જીવને વિકાસમાં બહુ આડે આવતાં નથી. સાતમા ગુણસ્થાન પછી ચડતી દશામાં જીવ, તેનો પણ ક્ષય કરી શકે છે. પણ તે પહેલાંની જે દશા છે તેનું વર્ણન શ્રીમદ્‌જીએ કર્યું છે....

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવજો,
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવજોઅપૂર્વ...

સાતમા અપ્રમત્ત ગુણસ્થાનની સ્થિતિ માત્ર અંતર્મુહૂર્તની છે. પણ બહુધા જીવ આખા અંતર્મુહૂર્ત સુધી ત્યાં ટકી શકતો નથી. પ્રમાદ આવે છે ને છઠ્ઠે ગુણસ્થાને ચાલ્યો જાય. ત્યાં વધુ વાર રહે. ફરી ભાવોમાં ભરતી આવે અને સાતમા ગુણસ્થાનની સ્થિતિ પ્રાપ્ત થઈ જાય. થોડી સેકન્ડો કે થોડી મિનિટો પૂરતો જ ત્યાં રહે. પણ જ્યારે જીવની પરિણામ-ધારા અતિ વિશુદ્ધ થવા માંડે. એ વિશુદ્ધિ વધતી ચાલે તો નિર્વિકલ્પ દશાની સાથે આગળ વધે. અને આ દશા માત્ર બે ઘડી જ જો ટકી રહે અર્થાત્‌ પુરૂં અંતર્મુહૂર્ત સુધી રહે તો અંતર્મુહૂર્તનાં છેલ્લા સમયે તો કેવળજ્ઞાન લઈ લે. અર્થાત એટલા સમયમાં તો જબરદસ્ત પુરુષાર્થ કરી લે. જેથી વીતરાગતા પ્રગટે. અહીં શ્રીમદ્‌જી પણ એ જ કહે છે કે જો ચારિત્ર મોહનીયને એકવાર પરાજિત કરી, આત્મસ્વરૂપની રમણતા રૂપ સ્થિરતામાં બે ઘડી ટકી ગયો તો, આઠમા ગુણસ્થાનનો સ્પર્શ પામી જાય. જ્યાં આજ સુધી ચારિત્રને પ્રગટાવવાનાં જે ભાવો નથી જાગ્યા તેવા ભાવો આવે. જેને અપૂર્વકરણ કહે છે.

અહીંથી જીવ કર્મોનો રસઘાત અને સ્થિતિઘાત શરૂ કરે છે. અર્થાત્ પૂર્વે બાંધેલા કર્મોમાં જે તીવ્રતા હોય તેને મંદ કરતો જાય છે. કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને ઓછી કરતો જાય છે. આ ગુણસ્થાને જીવનો વધુમાં વધુ પુરુષાર્થ થાય છે. જેમ પ્લેનને ઉપર ચડવા માટે ટેઈક ઓફ લેવામાં જ વધુ શક્તિ લગાવવી પડે છે, ઉપર ચડી ગયા પછી સીધું ચલાવવામાં એટલી શક્તિની જરૂર પડતી નથી. તેમ જીવ એકવાર ક્ષપક શ્રેણીએ ચડી ગયો તો પછી કેટલીક મિનિટોમાં વીતરાગદશા સુધી પહોંચી જાય. જે શાશ્વત દશા છે.

આ ગુણસ્થાનની પરિણામ ધારા અનન્ય તથા તેની વિશુદ્ધિ પણ અતિશય. બસ પછી તો થોડો જ પ્રવાસ બાકી રહે. નવમા–દસમાં ગુણસ્થાને આવે. નવમા ગુણસ્થાને નોકષાયરૂપ ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓને તથા સંજ્વલન કષાયનાં ક્રોધ, માન, માયાને ક્ષીણ કરી નાંખે. દસમા ગુણસ્થાનની સ્થિતિ અતિ અલ્પ જ્યાં માત્ર એક સંજ્વલન લોભનો ક્ષય કરી સીધો બારમે પહોંચી જાય. એટલે વીતરાગપદ વાસ.

આવી વીતરાગતાને પામવા લડવાનું છે, માત્ર મોહનીય સાથે. મોહનીય પ્રબળ છે. તેમ જીવમાં રહેલ શક્તિ પણ પ્રબળ છે. પણ જ્યાં સુધી આત્માની શક્તિઓને જાગૃત ન કરીએ ત્યાં સુધી મોહનીય પાતળું પડે નહીં. જેની સાથે લડવું છે તેનાં કરતાં આપણી શક્તિ વધારે હોય તો જ લડી શકાય, અન્યથા ચૂપચાપ સહન કરી લેવું પડે. પણ જીવમાં અનંત શક્તિ છે તે જો જાગૃત કરી લઇએ તો મોહનીયનું ગમે તેટલું જોર હશે તે ઢીલું ઢફ થઈ જશે ને ચૂપચાપ ચાલ્યું જશે.

એક યુવાન એક મકાન નીચેથી પસાર થઈ રહ્યો હતો. ત્યાં અચાનક ઉપરથી એક ઈંટ પડી ને જરા પગમાં વાગ્યું. યુવાનીનું જોમ હતું તરત ગુસ્સો આવ્યો ! કોણે નાંખી ઈંટ. જઇને તેના જ માથામાં મારૂં. અને તે ઈંટ હાથમાં લઈ, ધડાધડ દાદરો ચડી ગયો. જઈને છૂટી ફેંકે એટલી જ વાર. ત્યાં તો એણે જોયું એક પહેલવાન અગાશીમાં દંડ–બેઠક કરી રહ્યો છે. તેનાં હાથનાં ધક્કાથી ઇંટ નીચે પડી હતી. પેલો યુવાન તો ઢીલો

ગાર થઈ ગયો. પહેલવાનને કહે છે. "ઓહો ! આપ છો ! આપની ઈંટ નીચે પડી ગઈ હતી માટે આપવા આવ્યો છું. મારા જેવું કંઇ કામ–કાજ હોય તો કહેજો. અહીં બાજુમાં જ રહુ છું." અને ચૂપચાપ ચાલ્યો ગયો.

બંધુઓ ! જોયું ને ! પહેલવાનને જોઈ કેવો ઢીલો થઈ ગયો ! આવ્યો હતો મારવા પણ ચાપલૂસી કરીને ચાલ્યો ગયો ! બસ, આપણે પણ આત્માના અનંત વીર્યને જાગૃત કરી લઈએ. પહેલવાન બની જઇએ, તો પ્રબળ એવા મોહનીયની પણ તાકાત નથી કે આપણી સામે ચૂં–ચાં કરી શકે ! એને પલાયન થવું પડે. અને આપણી વીતરાગતા જાગી ઉઠે !

આમ સમ્યગ્દર્શનની સાધના આગળ વધતાં વીતરાગતા સુધી જીવને પહોંચાડે જે જીવનું ચરમ અને પરમ પ્રાપ્તવ્ય છે.

*એ વીતરાગ દશામાં આત્મા કેવા ભાવોમાં રમણ કરતો હોય તે* અવસરે–

# કેવળ નિજ સ્વભાવનું...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનાનું ચરમ બિન્દુ વીતરાગતા. વીતરાગતાનાં પ્રાગટય સાથે જીવ કૃતકૃત્ય થઇ જાય છે. કશું જ કર્તવ્ય રહેતું નથી.

ભવ સમુદ્રમાં ગોથા ખાતો જીવ વીતરાગતાની દીવાદાંડીનાં સહારે કાંઠે પહોંચ્યો બસ બેડો પાર, અને તેને કેવળ નિધાન લાધી ગયો. શ્રીમદ્જી કહે છે-

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો...અપૂર્વ...

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજ તણો આંત્યાંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો...અપૂર્વ...

મોહનીયને સર્વથી મોટા એવા સ્વયંભૂરમણ સમુદ્રની ઉપમા આપી. વિશાળ મહાસાગર છે મોહ. છતાં સાધન વડે તરી શકવાની શકયતાવાળો છે. એ જ છે જીવનું સૌભાગ્ય. જેમ વિશાળ સમુદ્રમાં માઇલોનાં માઇલો યાત્રા કરી દૂર-સુદૂરનાં પ્રદેશમાં જહાજ દ્વારા જઈ શકાય છે.તેમ મોહરૂપ સમુદ્ર ગમે તેવો વિશાળ હોવા પછી પણ, માનવ જન્મરૂપ મહાન સાધન વડે એ તરી શકાય છે. જ્યારે જીવ આ સમુદ્રને પાર કરી કાંઠે ઉતરે છે. ત્યારે ત્યાંની જે દશા છે તે અલૌકિક અને અદ્ભુત હોય છે. અનાદિનાં

ભવ-ભ્રમણમાં કયારેય નથી લાધી એ દશા ત્યાં લાધે છે. જીવની આ દશાનું નામ આપ્યું ક્ષીણમોહ ગુણસ્થાન.

મોહનીયનો સંપૂર્ણ, સમૂળ ક્ષય કરી જીવ અહીં પહોંચી ગયો. બસ, વિજય! હવે પાછું ફરવું નથી. ભવ કરવા નથી જેવો બારમા ગુણસ્થાનને સ્પર્શે કે સંપૂર્ણ વીતરાગ દશામાં જીવ સ્થિર થઈ જાય અને એ સ્થિરતા એક સમય માત્રમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય, આ ત્રણ કર્મોનો એક સાથે ક્ષય કરી નાંખે અને આત્મામાં પડેલ અનંત નિધાનરૂપ કેવળજ્ઞાન પ્રગટે, કેવળદર્શન પ્રગટે, અનંતવીર્ય પ્રગટે.

આ દશાને પામવામાં આડે આવતાં ચાર ઘાતિ કર્મોની સર્વથા ઘાત થઇ. આ પહેલાં તો કયારેક ઉપશમ કે ક્ષયોપશમ થતો હોય. વળી ઉદયમાં આવતા હોય. અજ્ઞાન આદિ દેખા દઈ જતાં હોય પણ હવે એ ન રહ્યું.

*સંસારનાં અનંત પરિભ્રમણનાં બીજરૂપ રાગ તથા દ્વેષ પણ સર્વથા* નષ્ટ થઇ ગયા. જેથી હવે જન્મ ધારણ કરવાનો ન રહ્યો. જીવનો શુદ્ધ સ્વાભાવિક જ્ઞાતા–દૃષ્ટા ગુણ સર્વાંશે ખીલી ઉઠયો. અને આત્મપ્રભુ કૃતકૃત્ય થઇ ગયો. બસ હવે અનંત સુખની લહેરમાં સર્વકાળ ઝૂલવાનું.

આ દશામાં ચાર ઘાતિ કર્મોનો તો સર્વથા ક્ષય થઈ ગયો. અઘાતિ કર્મો છે પણ તેનું કંઈ જ જોર નથી. એ તો **બળી સિંદરી વત્ આકૃતિ માત્ર જો**. બળેલી સિંદરી જેવા નિર્માલ્ય. વળ દેખાય પણ કર્તૃત્વ કશું ય નહીં. તેમ જીવ સાથે અઘાતી કર્મો છે પણ જીવને નિજાનંદની મસ્તીમાં કયાંય આડા ન આવે.

હવે પ્રગટેલા કેવળજ્ઞાનને સમજીએ. એ શું છે? સામાન્ય જનસમૂહ કેવળજ્ઞાનનો અર્થ કરે છે સંપૂર્ણજ્ઞાન અર્થાત્ જે જ્ઞાન વડે ત્રણે લોક અને ત્રણે કાળના સર્વ ભાવો ઝળકે તે કેવળજ્ઞાન.

ઠીક છે, આ અર્થ પણ થઈ શકે છે, પણ માત્ર આટલી સીમામાં કેવળજ્ઞાન જેવી શક્તિને બાંધી દેવાની નથી. આ અર્થ તો સામાન્ય માનવ, ઊંડા ભાવોને ન સમજી શકે માટે બતાવ્યો છે. જો કે જ્ઞાનનો સ્વભાવ જ

જ્ઞેય પદાર્થોને જાણવાનો છે. તેથી કેવળજ્ઞાની મહાત્મા આખાયે લોકને જાણે છે. પણ તેઓને જાણવાની સ્પૃહા નથી. કેવળજ્ઞાન આયના જેવું છે. આયનાને ઈચ્છા નથી પણ તેની સામે જે પદાર્થો આવે તે, આયનામાં પ્રતિબિંબિત થાય છે, તેની તેને કંઈ જ અસર ન હોય. પદાર્થને પ્રતિબિંબિત કરવાનો તેનો સ્વભાવ છે. તેથી થાય. એ જ રીતે કેવળજ્ઞાનમાં જગતનાં સર્વ દ્રવ્ય–પર્યાયો ઝળકે પણ આત્માને કાંઇ નહીં. તેને જોવા નથી. આત્મા તો માત્ર સ્વપ્રકાશમાં જ લીન છે.

જેમ ઓરડામાંથી એક ચીજને લેવા માટે પ્રકાશ કર્યો. પણ ત્યાં રહેલી બીજી સેંકડો ચીજો દેખાઈ જાય છે. તેમ આત્માનો પુરુષાર્થ માત્ર નિજ સ્વરૂપની સંપૂર્ણ અનુભૂતિ માટે જ હોય અને એ લક્ષ્યે જ કેવળજ્ઞાન–ની પ્રાપ્તિ થાય. પણ કેવળજ્ઞાનમાં આત્મા ઝળકે તેમ, સર્વ પદાર્થો પણ ઝળકે. તેમાં કેવળી પરમાત્માને કંઇ જ નહીં.

કેવળજ્ઞાનનો બીજો અર્થ થાય છે એક જ જ્ઞાન. જ્યાં માત્ર એક જ્ઞાન છે તે કેવળજ્ઞાન. આમ તો શાસ્ત્રોમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ પાંચ જ્ઞાન કહ્યાં. પણ કેવળજ્ઞાનમાં બાકીનાં ચાર જ્ઞાનનો સમાવેશ થઇ જાય. પછી એ જુદાં ન રહે. કેવળજ્ઞાન એ સર્વોપરિ અને સંપૂર્ણ છે. બીજા તો અપૂર્ણ છે તેથી તે ચારે ય કેવળજ્ઞાનથી જુદાં ન હોય.

જેમ તમારો દીકરો M. sc. થયો હોય તો તમે એમ ન કહો કે મારો દીકરો મેટ્રીક થઇ ગયો છે. B. sc. થયો છે. અને M. sc. થયો છે. કારણ સમજો છો કે M. sc. માં બધું જ આવી ગયું. એટલું કહેવાથી જ સહુ સમજી જાય કે આટલું કર્યા પછી જ એ M. sc. સુધી પહોંચ્યો હોય. અન્યથા પહોંચી ન શકે. એ જ રીતે કેવળજ્ઞાનમાં બાકીનાં ચાર જ્ઞાનનો સમાવેશ થઇ જાય.

પહેલો અર્થ તો વ્યાવહારિક દૃષ્ટિથી થયો. તેમાં કેવળી પરમાત્માને આત્મિક દષ્ટિએ શું લાભ ? જગતને જોવામાં તેમને કંઇ જ મળે નહીં. સામાન્ય જીવો તો કદાચ જગતને જોઇ–જાણી તેમાંથી માનસિક આનંદ પણ મેળવી શકે. કંઇક દુન્યવી લાભ પણ પ્રાપ્ત કરી શકે. પરન્તુ કેવળી પર-

આત્માને તો એમાનું કશું ય ખપતું નથી. તેથી જ શ્રીમદ્દજી હવે કેવળજ્ઞાનની વિશિષ્ટ વ્યાખ્યા આપે છે.

**કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ....૧૧૩....**

જે દશામાં આત્મા અને જ્ઞાન અભેદભાવે પરિણમે છે. જ્યાં આત્મા તે જ જ્ઞાન અને જ્ઞાન તેજ આત્મા. આત્મા એટલે માત્ર જ્ઞાનનો પિંડ. એ સિવાય કશું જ નહીં, Only knowledge બસ માત્ર જ્ઞાન. જીવનો સ્વભાવ જ્ઞાન, અને તે જ્ઞાનનાં જ્ઞાનની અખંડતા તે કેવળજ્ઞાન. માત્ર પોતાના સ્વભાવનું જ જ્ઞાન. અન્ય કોઇનું નહીં. આખાયે લોકમાં માત્ર નિજ સ્વભાવ સિવાય કશું છે જ નહીં. માત્ર સ્વભાવ ને સ્વભાવ જ, આખી દુનિયા ડૂબી ગઇ. તે સ્વભાવનું પણ જ્ઞાન જ. બીજું કશું નહીં. જ્ઞાન સિવાય કશું જ નહીં. વળી એ જ્ઞાન પણ અખંડ તેમાં ખંડ નહીં, ભેદ નહી, વ્યવધાન નહીં, સતત–સરલ અને સહજ જ્ઞાન.

આજ સુધીની પુરુષાર્થ દશામાં જીવે નિજ સ્વભાવને ઘણો યે વેદ્યો હોય. પણ તે સતત–નિરંતર–અખંડ નહીં. ગુણસ્થાનની બદલાતી દશામાં નિજાનુ–ભૂતિની તારતમ્યતા પણ બદલાતી રહે તેથી અખંડ, એક સરખી સ્વભાવ દશાની અનુભૂતિ ન રહે. વળી બારમે ગુણસ્થાને જીવ ન પહોંચ્યો હોય ત્યાં સુધી તો દશાની ચડતી પડતી બંને થયા કરે, તેથી પણ અખંડ અનુ-ભૂતિ ન રહે. તેમજ આ પહેલાનાં ગુણસ્થાનોમાં, એક ગુણસ્થાનનાં અલ્પ-કાળમાં પણ ચડતી દશાનાં અનેક પરિણામો, અને પડતી દશાના પણ અનેક પરિણામો તથા વિભિન્ન ગુણસ્થાનોનાં અનેક પરિણામો. જ્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિરૂપ તેરમા ગુણસ્થાનની, અયોગી અવસ્થારૂપ ચૌદમા ગુણસ્થાનની તથા સિદ્ધ અવસ્થાની પરિણામધારા એક સરખી જ, તેથી કેવળજ્ઞાનનાં અનુભવમાં કશું જ અંતર નહીં. કેવળ સ્વભાવનો અનુભવ સરખો જ તેથી કેવળજ્ઞાનની અનુભૂતિ તે અખંડ અનુભૂતિ.

આમ જ્યાં જીવની એક માત્ર અખંડ જ્ઞાનદશા જ વર્તી રહી છે તે કેવળજ્ઞાન.

આવો કેવળજ્ઞાની આત્મા શરીર સહિત હોય. મન–વચન–કાયાનાં યોગ હોય છતાં નિર્વાણ પદને પામેલા, સર્વથા જીવન મુક્ત સિદ્ધની આંતરદશા અને કેવળી પરમાત્માની આંતરદશામાં કશું જ અંતર નહીં તેથી કેવળી પરમાત્મા દેહ હોવા પછી પણ દેહાતીત દશાનો અનુભવ કરતાં હોય. દેહાધ્યાસ તો કયારનો ય છૂટી ગયો હોય. તેથી નિજાનુભૂતિનાં અખંડ જ્ઞાનમાં દેહ કયાંય આડે આવે નહીં.

જીવને મોક્ષોપાયની આરાધના કરી કેવળજ્ઞાન પામવું છે. ગુરુદેવે શિષ્યને માર્ગ બતાવી દીધો. આદિથી અંત સુધીની આરાધનાનાં સોપાનો બતાવ્યા, અને ચરમ શુદ્ધ પરિણતિએ આત્મા કેમ પરિણત થાય છે તે પણ બતાવ્યું.

અનુપમ ગાથા અને ગાથાનો અનુપમ ભાવાર્થ શ્રીમદ્‌જીએ અહીં રજુ કર્યો. આ ગાથા પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. જેમાં અદ્‌ભૂત રહસ્ય ભર્યું છે. આપણી અલ્પમતિ આ રહસ્યોને શું ઉકેલી શકે ? જ્ઞાનીઓનાં જ્ઞાનમાં જ એ રહસ્યો ઝળકતાં હોય છતાં

अल्प श्रुतं श्रुतवतां परिहासधाम
त्वद्‌भक्तिरेव मुखरीकुरुते बलान्माम्
यत्कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चारु चाम्र कलिका निकरैक हेतुः

જેમ માનતુંગાચાર્ય પ્રભુ આદીનાથની સ્તુતિ કરતાં કહે છે. હે પ્રભુ ! વિદ્વાનોની સમક્ષ તો મારૂં શ્રુત હાંસીપાત્ર ઠરે એટલું જ છે. છતાં આપનાં પ્રત્યેની ભક્તિ મને હઠાત્ મુખર કરે છે. જાણે મને આપના ગુણોનું ગુંજન કરવાની ફરજ પાડે છે. તેથી હું બોલ્યા વિના રહી શકતો નથી. જેમ ગ્રીષ્મઋતુમાં આંબાનું વૃક્ષ જ્યારે આમ્ર કલિકાઓથી લચી પડે ત્યારે નાની એવી શ્યામ કોકિલા ટહુકાઓથી આમ્રવનને ભરી દે છે. તેનાથી રહેવાતું નથી. કોઇ સાંભળી ને શું કહેશે તેની પરવાહ નથી. બસ, હૃદય પ્રફુલ્લિત થયું છે તેથી ટહૂકી ઉઠે છે.

બસ, આ જ રીતે શ્રીમદ્‌જીએ કહેલ આ ગાથાનાં અદ્‌ભુત ભાવોને ન્યાય આપવાનું સામર્થ્ય આ લેખનીમાં ન હોવા છતાં પણ સર્વજ્ઞની સર્વજ્ઞતા પ્રત્યેનો અહોભાવ ચૂપ બેસવા દેતો નથી. આખર આ જીવનું લક્ષ્ય પણ તે જ છે ને ! તેથી કેવળજ્ઞાન જેવી અમોલ નિધિનું મૂલ્ય, કેટલાંક શબ્દો દ્વારા માપવાનો મેં પ્રયાસ કર્યો છે. ભાવો તો કેવળી ગમ્ય જ છે ! અલ્પજ્ઞની અલ્પ વાણી તેને શું કહી શકે ? વધુ અવસરે....

# કોટિ વર્ષનું સ્વપ્ન પણ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ–રત્નની આરાધના જીવની વૈભાવિક ગતિને રોકે છે. જીવ ગતિ તો કરી રહ્યો છે, એક દૃષ્ટિએ પ્રગતિ પણ કરી રહ્યો છે. પરન્તુ એ ગતિ અને પ્રગતિ વૈભાવિક રાહે જ થઈ રહી છે.

એવી, જુઠી માન્યતામાં જીવ રાચે છે કે, જન્મ લેવો, જીવવું અને મરવું આ તો ક્રમ છે અને એ એમ જ ચાલે. તેમાં બીજું કશું થઈ જ ન શકે ! પણ તારક મહાપુરુષો કહી ગયા છે કે, ભલે આ ભ્રમણ અનાદિનું છે પણ તેને રોકી શકાય, બંધ કરી શકાય એવું સામર્થ્ય જીવમાં પડ્યું છે.

બંધુઓ ! તમે જાણો છો કે કેટલીક ફેકટરીઓ રાત અને દિવસ ચાલુ જ હોય. એક વાર ચાલુ કર્યા પછી એ મહિનાઓ સુધી ચાલતી જ રહે, પણ જ્યારે તમને એમ થાય કે બે–ચાર કલાક કે દિવસો માટે મશીન બંધ કરવું જરૂરી છે. તો તમારા હાથની વાત. બસ, સ્વીચ Off કરો અને મશીન બંધ. વળી આ કામ તો તમારો નાનો બાળક કે ફેકટરીનો કામદાર પણ કરી શકે. માત્ર એને જાણ હોવી જોઈએ કે કઇ સ્વીચ Off કરવાની છે. આમ જડ જગતનાં યંત્રો આપણા હાથમાં છે.

જમીન પર કામ કરતાં યંત્રો ગમે તેવા મોટા હોય છતાં તેનો સર્વ કમાન્ડ માણસનાં જ હાથમાં, પછી એ મોટામાં મોટી મશીનરીઓ કેમ ન હોય ! એટલું જ નહીં ! અબજો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલું અવકાશ–યાન, અવકાશમાં જઇને ખોટકાય, તો પણ તેને ઠીક કરવાનું કામ, અહીં બેઠેલા માનવનાં હાથમાં. આમ જડ–જગતનાં આવા સર્વ યંત્રો

ક્યારે ચાલુ કરવા કે બંધ કરવા તે સર્વ સત્તા માણસનાં હાથમાં, હા, માણસ જાણકાર હોવો જોઈએ !

બસ, બંધુઓ ચેતન તંત્રનું પણ આમ જ છે. એ પણ રાત ને દિવસ ચાલ્યા જ કરે છે. જાગૃતિમાં હો કે સુષુપ્તિમાં એ અટકતું નથી. કદાચ શરીરને એનેસ્થેસિયા આપીને સુવાડી દેવાય, ચેતન બાહ્ય સંવેદનોને, એટલે કે શરીરનાં સંવેદનોને ન ઝીલી શકે. પણ તેનાં અંદરનું કર્મનાં બંધ અને ઉદયનું તંત્ર તો ચાલુ જ હોય છે.

આ તંત્ર અનાદિથી ચાલુ છે. એક ક્ષણ માટે પણ કદી અનંતકાળમાં એ અટક્યું નથી. છતાં જીવ જો જાણે, સમજે, ચેતન ને કંટ્રોલમાં કરવાની સ્વીચ તેનાં હાથમાં આવી જાય તો, એ તંત્રને બંધ કરવાની શક્તિ પણ જીવમાં જ છે. અંતર એટલું છે કે જડ યંત્રોને બંધ કરવા માટે કોઈને પણ તમે મોકલી શકો. તમે ફેક્ટરીએ ન જવાના હો તો તમારો ભાઈ, દીકરો કે અન્ય કોઈ વ્યક્તિને પણ તમે મશીનને ચાલુ કરવાનું કે બંધ કરવાનું કહી શકો. પરંતુ આ ચેતનતંત્રનું એમ નથી. એનો કંટ્રોલિંગ પાવર અન્ય કોઈનાં હાથમાં નથી. વ્યક્તિ પોતે જ પોતાનાં ચેતનતંત્ર ને બંધ કરી શકે, અર્થાત્ કર્મનાં બંધભાવ અને ઉદયભાવ પર કંટ્રોલ કરી શકે.

બંધુઓ ! જડયંત્ર અને ચેતનતંત્ર આ બંનેમાં બીજો એક મોટો ફરક એ છે કે જે મશીન, જે વસ્તુનાં ઉત્પાદનમાં કાર્ય કરી શકતું હોય તે જ કરી શકે, અન્ય વસ્તુનું ઉત્પાદન ન કરી શકે. તમારી ફેક્ટરીનાં મશીન લોઢાનાં સ્પેર પાટર્સ બનાવતું હોય, તેમાં સૂતરનાં રીલ મૂકી કાપડ બનાવવાનો વિચાર કરો તો ન થઈ શકે. એમ કોઈ પણ મશીન એકનાં બદલે બીજી ચીજો બનાવી ન આપે. તેનું કાર્ય મર્યાદિત છે. જ્યારે ચેતનતંત્ર આજે તો વિભાવ પરિણતિ એ પરિણત થઈ ક્રોધ, માન આદિ કષાયોનું ઉત્પાદન કરતું હોય, પણ જીવ સમજીને સવળો પુરુષાર્થ કરવા માંડે તો ક્રોધાદિથી વિપરીત ભાવો ક્ષમા, નમ્રતા આદિ ભાવોનું ઉત્પાદન થવા માંડે. અનાદિથી અજ્ઞાનરૂપ પરિણમતો જીવ ક્ષણમાત્રમાં કેવળ-

જ્ઞાન લઈ લે જે મોહનીય કર્મ ચેતનને સંસારમાં ભમાવી રહ્યું હતું. ચેતન તેને જ જડમૂળમાંથી ઉખેડી દઈ ફેંકી દે. અને જન્મ-મરણનાં ગતિમાન ચક્રો સદા-સર્વદા માટે સ્તંભિત થઈ જાય. આ છે ચેતનનો ચમત્કાર ! ચેતનનું અલૌકિક સામર્થ્ય ! ચેતનની સર્વતંત્ર સ્વતંત્રતા !

શ્રીમદ્‌જીએ સમ્યગ્‌દર્શનની સાધના અંતિમ સિદ્ધિમાં કઈ રીતે પરિણમે તેનો પૂરો ક્રમ બતાવ્યો. હવે ચેતન અનાદિનાં વિભાવને દૂર કરવા ધારે તો કરવામાં કેટલો સમય ? માત્ર થોડો જ ! એ વાતની પુષ્ટિ એક લૌકિક દૃષ્ટાંત દ્વારા કરે છે.

**કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં સમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય....૧૧૪....**

સુષુપ્ત માનવની નિદ્રા જ્યારે ગાઢ ન હોય અને તંદ્રામાં એ પડયો હોય ત્યારે બહુધા તેનું અવચેતન મન જાગૃત થાય છે. અને અંદર પડેલા વિભિન્ન સંસ્કારો, ચિત્રપટની જેમ માનસ પરથી પસાર થવા માંડે છે. કયારેક લાંબો સમય ચાલે, કયારેક થોડો સમય. જેને આપણે સ્વપ્ન કહીએ છીએ. આ સ્વપ્નો સાર્થક પણ હોય, નિરર્થક પણ હોય. ક્યારેક સૂચક પણ હોય. પરન્તુ આવું ઓછું બને. સાર્થક કે સૂચક સ્વપ્નો કયારેક જ આવે. બાકી નિરર્થક, જેનો કોઈ અર્થ નહીં, ઠેકાણું નહીં એવા જોનાર પણ સમજી ન શકે કે તે શું જોઈ રહ્યો છે. હા, સ્વપ્ન જોતો હોય એટલી વાર તો એમ લાગે કે ખરેખર આ ઘટના ઘટી રહી છે. પોતે તેમાં સામેલ છે.

પણ ઊંઘનો સમય પૂરો થઈ ગયો, સુષુપ્તિ સમાપ્ત થઈ અને માનવ જાગૃત થયો કે સ્વપ્ન ગાયબ. પછી ભલે એ સ્વપ્ન ગમે તેટલા લાંબા સમયનું હોય. કોઈ-કોઈ વાર આખી રાત સ્વપ્ન ચાલે. અરે ! કેટલાંક ને એનું એ સ્વપ્ન મહિનાઓ સુધી દેખાય ! કુંભકર્ણ છ મહિના ઊંઘે તો એને છ મહિનાનું લાંબુ સ્વપ્ન પણ ચાલે. અને શ્રીમદ્‌જી કહે છે કે કોઈ કરોડ વર્ષ ઊંઘી રહ્યો અને એ આખી યે ઊંઘમાં સ્વપ્ન જ સ્વપ્ન તેને દેખાયા. સ્વપ્નનો સમય કેટલો ટૂંકો કે લાંબો છે એ મહત્વ-

પૂર્ણ નથી. પણ એ સ્વપ્નને દૂર થતાં, સમાપ્ત થતાં વાર કેટલી ? એ મહત્ત્વનું છે.

આપણાં સહુનો અનુભવ છે કે ઊંઘ ઉડી કે સ્વપ્ન પણ ઉડી જાય છે. આંખ ખુલી કે ન ખુલી, પણ આંખમાંથી નિંદ્રા ચાલી જાય કે તેની સાથે સ્વપ્ન પણ વિરામ પામી જાય.

એ જ રીતે આ જીવ અનાદિથી વિભાવમાં જ પડયો છે. એનું ચેતનતંત્ર વિભાવનું જ ઉત્પાદન કરે છે. પણ જ્ઞાન થાય, ભ્રમ ભાંગે તો વિભાવને ભગાડતા એક ક્ષણ પણ ન લાગે. હું ચેતન આત્મા છું અને આ જડ જગત તે મારૂં નથી. આવો અભિપ્રાય જીવને વિષે આવી જાય તો, વિભાવ કયાં ટકે ?

ભ્રમ છે તે મિથ્યાત્વ છે. જે વસ્તુ જેવી નથી તેવી તેને માની લેવી તે ભ્રમ. અંધારામાં દોરીનો ટૂકડો જોઈ સાપ હોવાનો ભ્રમ થાય. ગભરાઈને ચીસ પાડી ઉઠીએ. પણ કોઈ હાથમાં લઈને બતાવે કે ભાઈ! જો આ દોરી છે, સાપ નથી. એ જ ક્ષણે ભ્રમ ભાંગી જાય. ઊભો રહે નહીં.

જીવને પણ બે પ્રકારનાં ભ્રમ છે. એક તો જે પદાર્થ, વ્યકિત પોતાનાં નથી તેમાં મારાપણાની બુદ્ધિ, આ પદાર્થ મારો છે. આ વ્યકિત મારી છે. મમત્વનાં કારણે રાગ-અને દ્વેષ, અને પરિણામે દુઃખ જ, પણ જીવ થોડી સમજણ સાથે વિચારે કે જગતનાં કોઇપણ પદાર્થ કદી કોઈનાં થયાં નથી અને થાય નહીં. થાય શી રીતે? તું ચેતન, પદાર્થ જડ. ચેતન અને જડ ને શો સંબંધ? તે બંને મળી શકે જ નહીં. અરે ! મળવા પણું છે ત્યાં પણ તે તેના થઈ ન જાય. જેમકે એક પરમાણુ સાથે બીજો પરમાણુ મળી સ્કંધ બનાવે. કેટલોક સમય સ્કંધરૂપે રહે. પછી એ બંને પરમાણુઓ છૂટા પડી જાય. પછી એક બીજામાં ફરી મળે અને ન પણ મળે તો જે પરમાણુઓ મળીને એકમેક થઈ ગયેલા દેખાતા હોય તે પણ એક બીજાનાં ન થઇ શકતા હોય. તો સર્વથા સ્વતંત્ર ચેતન અને સર્વથા સ્વતંત્ર જડ. તે એક બીજાના કેવી રીતે થઈ શકે?

કોઈ વસ્તુ કે વ્યકિત કોઈનાં હોઈ શકે જ નહીં ! મારૂં–મારૂં કહીએ છીએ તે માત્ર ભ્રમ છે. ભ્રમનું પોષણ છે. ચેતનનાં પોતાનાં મૌલિક ભાવો એટલું જ ચેતનનું છે બાકી કશું જ નથી. કારણ આપણે જોઈએ છીએ કે ચેતન આત્મા જ્યારે દેહમાંથી ચાલ્યો જાય છે ત્યારે અહીં રહેલ હજારો પદાર્થ કે સેંકડો વ્યક્તિ કોઈ સાથે જતાં નથી, અહીં જ પડ્યા રહે છે.

એક વાર મુંબઈમાં એક શ્રીમંત કુટુંબનાં બ્હેન કહેતાં હતાં કે "હું જ્યારે મારા રૂમનાં પલંગમાં સુતી હોઉં ડેકોરેટ કરેલા આખા રૂમનાં અનેક પદાર્થો, ધન, ઘરેણાં વગેરેને જોઇને મને એમ થાય કે આ બધું મારૂં–મારૂં કહું છું,' આમાં મને ખૂબ મમત્વ છે. પણ આ બધું અહીં જ મૂકીને મરી જવાનું ? આ તો સહન નથી થતું !"

પણ આમ જ છે. બધાં જ મૂકીને ગયા અને આપણે જશું. વ્યવહારમાં કહીએ છીએ કે પુણ્ય–પાપ સાથે જાય છે પણ એ ય ક્યાં કાયમ સાથે રહે છે ? તેનો સમય થતાં એ પણ છૂટી જાય ! તો બંધુઓ! આખાયે વિશ્વમાં કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ આપણી છે નહીં, થશે નહીં. ભ્રમને ભાંગવા માટે આ સમજવું બહુ જરૂરી છે.

બીજો ભ્રમ છે. પદાર્થ અને વ્યકિતમાં પોતાનાં સુખની કલ્પના. અગાઉ પણ આપણે કહી ગયા છીએ કે કોઈ પદાર્થ કે વ્યકિત કોઇને સુખ–દુઃખ દેવા સમર્થ નથી. આપણું સુખ કે દુઃખ આપણી માન્યતામાં, સમજણમાં છે. પદાર્થો જીવન જરૂરિયાતમાં ઉપયોગી છે, સગવડતા માટે છે. પણ જીવન સર્વસ્વ નથી. તેમ વ્યકિતઓ પણ આ જીવનનાં માત્ર સહયોગી જ છે. એથી વિશેષ કશું જ નહીં. સુખ કે દુઃખ દેવા તે સમર્થ નથી.

આ બન્ને ભ્રમ ભાંગી જાય તો જીવની જ્ઞાનદૃષ્ટિ ખુલે. ભ્રમ તો સ્વપ્ન સમાન જ છે. આંખ ઉઘડે અને સ્વપ્ન દૂર થાય. તેમ જ્ઞાન થાય. તો અનાદિનો વિભાવ પણ દૂર થાય.

જ્ઞાન એ ચેતનનો ગુણ છે. જ્ઞાનગુણનો આજ સુધી અવળી દિશાએ પરિણમાવી રૂંધી નાખ્યો છે. ચેતનતંત્રનો કંટ્રોલ હાથમાં લઈ લઇએ તો વિભાવે પરિણમતો, અજ્ઞાને પરિણમતો આત્મા, જ્ઞાન પરિણતિમાં પરિણત થવા માંડે અને પછી વિભાવ દૂર થઇ જશે.

વ્યવહારમાં તો દસ લાખ રૂ. નું દેણું હોય તો દસ લાખ ચૂકવવા જ પડે. દસ હજારથી ન ચૂકવી શકો ! હા, નાદારી નોંધાવો કે ભાઈ! મારી પાસે શક્તિ નથી હું તો એક ટકો જ ચૂકવીશ. તો કદાચ ચાલે પણ નામોશી સહન કરવી પડે. પણ અહીં તો એવું નથી. જીવ સાથે રહેલ અનંત-અનંત કર્મોને ભોગવવા ન હોય. બદલો ચૂકવવો ન હોય તો ઉત્કૃષ્ટ આત્મપરિણામો વડે સર્વ કર્મોની ઉદીરણા કરી એક સાથે નિર્જરા કરી નાખો, તો અલ્પ સમયમાં જ છૂટકારો. વગર ભોગવ્યે તેનાથી મુક્ત !

આમ જીવની જ્ઞાનદષ્ટિ ખૂલે, જ્ઞાનપ્રકાશ ફેલાય તો વિભાવરૂપ અંધકાર ક્ષણમાં દૂર થઈ જાય. જીવ સ્વભાવે પરિણત થવા માંડે. જીવને પ્રાપ્તવ્ય પણ તે જ છે.

વિભાવ છૂટતાં તેનાં પરિણામ સ્વરૂપ આ જીવ કેવા ધર્મને પામે તે અવસરે....

---

## ...અવ્યાબાધ સ્વરૂપ !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, ધર્મનાં યથાર્થ સ્વરૂપને સમજ્યા પછી જ થાય છે.

મોટા ભાગનાં માણસોને ધર્મ એટલે શું ? તેની ખબર જ નથી હોતી, અધર્મમાં ધર્મ બુદ્ધિએ અધર્મનું સેવન કર્યે જાય છે. તેથી જીવનું ભવ-ભ્રમણ ટળતું નથી. ધર્મની વ્યાખ્યા અનેક પ્રકારે થતી હોય છે. કેટલાક ફરજ ને ધર્મ કહે છે. કેટલાક પુણ્યભાવ ને ધર્મ કહે છે. પણ એ ધર્મ નથી.

ફરજરૂપ ધર્મ, માત્ર વ્યાવહારિક જ છે. વ્યવસ્થારૂપ છે, વ્યવહારોને યોગ્યરૂપે ચલાવવા માટે, વ્યક્તિ જ્યાં છે ત્યાં તેની બધી જ ફરજો તેણે બજાવવી જોઇએ. પણ આવી ફરજોને આત્મધર્મ ન મનાય. વળી પુણ્યભાવ તો કોઈ રીતે ધર્મ નથી. પુણ્યભાવથી કર્મબંધ છે. તે આશ્રવ છે. આશ્રવ હોય ત્યાં ધર્મ ન હોય. ધર્મ શું છે ? તે શ્રીમદ્જીનાં શબ્દોમાં---

**સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર એ રત્નત્રયીને શ્રી તીર્થંકરદેવ ધર્મ કહે છે, અને ત્યાં બંધનો અભાવ છે. આત્માને સ્વભાવમાં ધારે તે ધર્મ. આત્માનો સ્વભાવ તે ધર્મ. આત્માને સ્વભાવ માંથી પરભાવમાં ન જવા દે તે ધર્મ. પરભાવ વડે કરીને આત્માને દુર્ગતિએ જવું પડે, તે ન જવા દેતાં સ્વભાવમાં ધરી રાખે તે ધર્મ. જે સંસાર પરિભ્રમણથી છોડાવી ઉત્તમ, અનંત, અવ્યાબાધ સુખમાં ધરી રાખે તે ધર્મ.**

આત્મામાં આવો ધર્મ ક્યારે પ્રગટે ? મોક્ષોપાય રૂપ અંતિમ પદ ગુરુદેવ શિષ્યને સમજાવી રહ્યાં છે. શિષ્યનાં અંતઃકરણમાં મોક્ષના ઉપાય

રૂપ જે-જે આરાધના બતાવી તેની, અડોલ શ્રદ્ધા જાગી છે. અને તે આચરવા ઉદ્યત થયો છે. ત્યારે ગુરુદેવ તેને ધર્મનું સ્વરૂપ, સરળ અને સચોટ શૈલીમાં સમજાવે છે. શિષ્યનાં આત્મામાં ધર્મ પ્રગટ થાય તે માટે પ્રાયોગિક રૂપ બતાવે છે.

**છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોકતા તું તેહનો એજ ધર્મનો મર્મ...૧૧૫...**

જ્યાં બંધનો અભાવ છે ત્યાં ધર્મ છે. અનાદિથી કર્મબંધ કરતાં આત્મામાં અબંધ દશા ક્યારે પ્રગટ થાય ? દેહાધ્યાસ છૂટે તો ! દેહથી ભિન્ન હું ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય આત્મા છું. આવી પ્રતીતિ થાય તો દેહાત્મ બુદ્ધિ ટળે અને દેહમાં હું માનવાપણાની ભૂલ સુધરે. એક દેહમાંથી મમત્વ ઉપાડી લે તો જીવને કોઈ પણ પરભાવોમાં મમત્વ રહે નહીં. સહુથી નીકટનાં સાથીરૂપ દેહમાં જેટલું મમત્વ છે એટલું બીજા શેમા ય નથી. તેથી દેહનું મમત્વ ટળતાં, દેહાત્મ બુદ્ધિ ટળતાં, જડ-ચેતનનાં ભેદનો વિવેક થતાં, સર્વ પર દ્રવ્યો પરની અહં-મમ બુદ્ધિ છૂટી જાય. સાથે જ હું કરૂં છું એવી બુદ્ધિ પણ ટળી જાય અર્થાત્ કર્તાપણાનો ભાવ ન રહે. જીવ અકર્તા થઈ જાય. અકર્તાપણું એટલે જ બંધનો અભાવ. જીવને સર્વથા બંધનો અભાવ તો ચૌદમા ગુણસ્થાને થાય, પણ કર્તાપણાનો અભાવ તો ચોથા ગુણસ્થાનમાં આવે ત્યારથી જ શરૂ થઈ જાય.

કર્તૃત્વ બુદ્ધિ જ મિથ્યાત્વ છે. મારા શુદ્ધ સ્વભાવમાં કર્તાપણાનો ભાવ નથી. નિશ્ચયથી હું અકર્તા છું. જો હું મારા સ્વભાવનો પણ કર્તા નથી, મારા જ્ઞાનનો પણ કર્તા નથી, જે મારૂં છે તેનો પણ કર્તા નથી, તો પરભાવોનો કર્તા તો કયાંથી હોઈ શકું ? આવી વિચારણા જેમ-જેમ અંતરને વિષે દૃઢ થતી જાય તેમ તેમ કર્તાભાવ છૂટતો જાય. કર્તાભાવ છૂટે એટલે સાથે ભોક્તાભાવ પણ છૂટી જાય.

આ જરા સમજીએ. કર્તાભાવ છૂટે, એ તો જીવની સમજણની વાત છે. તે સમજે. વિવેક આવે તો કર્તૃત્વ ભાવને છોડી દે. પણ ભોક્તૃત્વ તો સત્તામાં પડેલા કર્મોનું છે. કર્મો કર્યા છે, સત્તામાં પડયા છે. એટલે ઉદયમાં તો આવે જ. તો પછી તેનાં ભોગમાંથી કેમ છૂટે જીવ ?

અહીં અભોક્તા અર્થાત્ કર્મનાં ઉદયને જ રોકી દે તેમ નહીં પણ પ્રદેશોદયમાં આવેલા કર્મોનો વિપાકોદય થવા ન દે. એટલે કે જીવમાં એવી પરિણામધારા વર્તતી હોય કે પ્રદેશોદયમાં આવેલા કર્મોનો ક્ષયોપશમ કરતો રહે. તેથી ઉદયમાં આવેલા કર્મો તેને વેદનરૂપ ફળ ન આપે. શરીરમાં ઉદય દેખાડતું વેદનીય કર્મ, મોહનીયનાં વિપાકોદયનું નિમિત્ત છે. પણ જીવ મોહનીયનો પ્રદેશોદય થાય તેને રોકી ન શકે પણ તેનો વિપાકોદય ન થવા દે એટલે તેને વેદે નહીં.

ભૂતકાળમાં જે–જે મહાપુરુષો પોતાનાં સાધનાકાળમાં ભયંકર ઉપસર્ગ–પરીષહોમાંથી સાંગોપાંગ બચીને બહાર નીકળી ગયા. તેની પાછળ આ જ કારણ. મહાવીરનાં પગમાં ખીર રંધાય કે બાહુબલીનાં શરીરે અસંખ્ય વીંછીઓ ડંખ દે. બંને મોહનીયનાં ભોકતૃત્વનાં નિમિત્તો પણ આત્માની પરિણામધારા પરભાવને છોડી, સ્વભાવમાં વર્તતી હતી તેથી મોહનીય ભોગવવુંના પડયું. પ્રદેશોદયમાં આવી, ખરી ગયું. નિર્જરા થઈ ગઈ.

બંધુઓ ! એટલે જ એ જીવો વીતરાગતાને પામી ગયા. ધર્મ સિવાય વીતરાગતા પ્રાપ્ત ન થાય. તેઓએ યથાર્થ ધર્મ કરી લીધો.

ગાથામાં પણ એ જ કહ્યું કે હે શિષ્ય ! તારો કર્તાભાવ અને ભોક્તાભાવ ટળી જાય તો તારા આત્મામાં ધર્મ ઉગે. એ ધર્મે શું થાય ? તો કહે છે.

**એ જ ધર્મથી મોક્ષ છે. તું છો મોક્ષ સ્વરૂપ;**
**અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ....૧૧૬....**

જ્યારે જીવનો કર્તાભાવ તથા ભોક્તાભાવ દૂર થાય છે ત્યારે અત્યાર સુધી પરભાવમાં અને પરદ્રવ્યમાં એકત્વ બુદ્ધિરૂપ પરિણમન થતું હતું તે બદલાઈ જાય છે. નિજ આત્મામાં અભેદ ભાવે વર્તવા માંડે છે. પોતે-પોતામાં સ્થિર થવું. પરભાવથી ખસી સ્વભાવમાં વસવું તે જ ધર્મ છે. આવો ધર્મ આત્મામાં જાગે એટલે મોક્ષ થાય જ. કારણ મોક્ષ એ કોઈ બહારની પ્રાપ્ત થતી પદવી નથી, પદાર્થ નથી. પણ જીવનાં સ્વભાવનું સર્વથા પ્રગટ થઈ જવું. સ્વભાવ પ્રગટ થતાં જીવની જે દશા છે તે મોક્ષ છે.

આજ સુધી જીવ અશુદ્ધ દશામાં જ રહ્યો છે ! બંધુઓ ! વિચારો, આપણાં અંતરમાં પ્રગટતા ભાવો મંદ અથવા તીવ્ર રાગાદિનાં જ ભાવો હોય છે. એ અશુદ્ધ દશા છે. જીવનું વિકૃત સ્વરૂપ છે. અને તે સ્વરૂપને જ આપણે પોતાનું સ્વરૂપ માનતા આવ્યા છીએ. ત્યાં જ ભયંકર ભૂલ આપણે કરી છે. સર્વથા શુદ્ધ આત્માને, અશુદ્ધ ભાવો પોતાનાં કયાંથી હોય ? પણ જીવને એ ભાન થયું જ નથી. તેથી એ અવસ્થા જ મારી અવસ્થા, એમ માન્યા કર્યું. પરિણામે નિજ સ્વરૂપને પ્રગટ કરવાનો પુરુષાર્થ ન કરી શકયો. પણ જીવને જ્યારે સમજાય કે રાગાદિ દશા એ અશુદ્ધ અવસ્થા છે. મારી શુદ્ધ દશા તો જુદી જ છે. ત્યારે તે રાગાદિથી વિરામ પામે અને એ જ ક્ષણે કર્તા–ભોક્તા ભાવ છૂટવા રૂપ ધર્મ, એટલે કે જીવના શુદ્ધ સ્વભાવ રૂપ અકર્તાભાવ–અભોકતાભાવ જાગૃત થાય.

આ ધર્મભાવની પરાકાષ્ઠા એ જ મોક્ષ. તેથી જ જ્ઞાની કહે છે. તું પોતે જ મોક્ષ સ્વરૂપ છો. તારો મોક્ષ થાય છે એટલે તું તારામાં સંપૂર્ણ મોક્ષ સ્વભાવનું પ્રાગટય કરી શકે છે. અને આત્માનાં ગુણરૂપ અનંતજ્ઞાન અને અનંતદર્શન તે પણ નિશ્ચય દૃષ્ટિથી તારાથી ભિન્ન નથી. આત્મા પોતે જ જ્ઞાનરૂપ પરિણમે, પોતે જ દર્શનરૂપ પરિણમે. અનંતજ્ઞાનની કક્ષામાં મૂકાતા જીવને, જ્ઞાન અને પોતે ભિન્ન નથી રહેતા, બંને અભેદભાવે પરિણમે છે. કારણ અનંતજ્ઞાન એ જ જીવનો સ્વાભાવિક ગુણ છે. ગુણ દ્રવ્યથી ભિન્ન હોય ન શકે. માટે હે આત્મન્ ! તું જ અનંતજ્ઞાન છે. તું જ અનંતદર્શન છે.

વળી તારૂં સ્વરૂપ પણ અવ્યાબાધ છે. કોઈ તેમાં બાધા પહોંચાડી શકે નહીં. આત્મા ચૈતન્ય અરૂપી દ્રવ્ય છે. તેનામાં બાધ્ય–બાધક ભાવ હોય નહીં. જે પોતે બાધા પામે અને બીજાને પમાડે તે બાધ્ય–બાધક ભાવ. જેમ પાણી, પ્રવાહી અને સાકર–સ્થૂલ દ્રવ્ય. સાકર ને પાણીમાં નાંખતાં તે પાણીને બાધા પહોંચાડી, પાણીને મીઠું બનાવી નાખે અને પાણી સાકરને બાધા પહોંચાડી તેને ગાળી નાંખે. બંનેએ એક બીજાને બાધા પહોંચાડી.

એ જ રીતે જીવ જ્યાં સુધી પરભાવમાં વર્તતો હોય. પરના આશ્રયે પોતામાં રાગાદિ રૂપ પરિણમતો હોય ત્યાં સુધી તેનામાં અવ્યાબાધ દિશા

ઉત્પન્ન થતી નથી પણ બાધ્ય–બાધક ભાવ હોય છે. જેમકે મોહનીય કર્મ જડ, એ જડનાં ઉદયે જીવ રાગાદિ રૂપ પરિણમે અને કર્મવર્ગણાનાં પુદ્ગલોને આશ્રવ દ્વારા ખેંચી તેનો જુના કર્મો સાથે બંધ કરે. કર્મોમાં જ્ઞાનાવરણ આદિ પ્રકૃતિ ઊભી થાય અને તે જ્ઞાનનું આવરણ કરે. અહીં જીવનાં નિમિત્તે કર્મવર્ગણાનાં પુદ્ગલો બાધ્ય થયા એટલે કે જીવે કર્મવર્ગણાનાં પુદ્ગલોને બાધા પહોંચાડી, એ પોતાનાં મૂળ સ્વરૂપમાં વિકૃત નથી, કર્મરૂપ નથી. જીવનાં ગુણોનું આવરણ કરવા શક્તિમાન નથી. પણ તે પોતાનાં જડ ભાવમાં જ પરિણત થયા કરવાનાં સ્વભાવવાળા છે. તેને જીવે રાગાદિએ કરી બાધા પહોંચાડી અને વિકૃત કરી, કર્મરૂપ પરિણમાવ્યા.

વળી જીવ પણ પોતાનાં શુદ્ધ સ્વરૂપમાં અનંતજ્ઞાન રૂપ છે. જીવમાં અજ્ઞાન પણ નથી અને અલ્પજ્ઞાન પણ નથી. એ તો સર્વજ્ઞ છે, અનંતજ્ઞાની છે. પણ કર્મોએ આવીને જીવનાં એ અનંતજ્ઞાન પર આવરણ નાંખ્યુ જેથી જીવના અનંતજ્ઞાનનાં પરિણમનની શક્તિમાં બાધા પહોંચાડી અને જીવમાં અજ્ઞાન રૂપ વિકાર ઉત્પન્ન કર્યો તેથી જીવ અજ્ઞાન રૂપ પરિણમવા માંડયો.

આમ જ્યાં સુધી જીવ કર્મ સંગે છે. ત્યાં સુધી તેનામાં બાધ્ય-બાધક ભાવ પડયો છે. તે જડને બાધા પહોંચાડે અને જડ તેને બાધા પહોંચાડે. પણ જીવમાં રહેલ મોક્ષ સ્વભાવ પ્રગટ થયો. પોતાના અનંતજ્ઞાન અનંતદર્શન અનાવરિત થઈ ગયા કે તેનું અવ્યાબાધ સ્વરૂપ પણ પ્રગટ થઈ ચુકયું. હવે કોઈપણ શક્તિ જીવને બાધા પહોંચાડી શકે નહીં. જીવ પણ કોઈને બાધા પહોંચાડે નહીં.

આવા સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ નિજધર્મથી થાય છે. એમ શ્રી ગુરુએ ફરમાવ્યું. તારૂં જ અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ સ્વરૂપ, તારા સ્વભાવ રૂપે છે તે પ્રગટ થઈ જાય છે. હવે જીવનાં શુદ્ધ સ્વરૂપની વધુ પ્રતીતિ કરાવવા માટે આત્માનાં અલૌકિક ગુણો તરફ સંકેત કરી ગુરુદેવ છેલ્લી શિખ શું આપશે એ અવસરે—

## કર વિચાર તો પામ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના ગુણ અને ગુણીનું અભેદ દર્શન કરાવે છે. સામાન્ય દૃષ્ટિએ, ગુણ જેનામાં રહે તે ગુણી, એમ કહીએ ત્યારે ગુણ અને ગુણીની ભિન્નતા જણાય છે. પણ વાસ્તવમાં બંને અભિન્ન છે તેથી જ આગળની ગાથામાં શ્રીમદ્જીએ કહ્યું કે તું જ મોક્ષ છો, અનંતજ્ઞાન, અનંતદર્શન પણ તું છો અને અવ્યાબાધ સ્વરૂપ પણ તું જ છો. તારાથી જુદું કંઈ નથી.

આવા ચૈતન્ય પ્રભુનું અલૌકિક અને અદ્ભુત સ્વરૂપ હવે કહેવા માગે છે. આ સ્વરૂપ એવું અનુપમ છે કે સંસારનાં કોઈ પણ પદાર્થ અથવા કોઈપણ વિશેષ ઉપલબ્ધિઓ સાથે એની તુલના થઈ શકે નહીં. વળી શબ્દોની શક્તિ સીમિત અને આત્માનું સ્વરૂપ અસીમ, તેથી જ તે અવકતવ્ય કહ્યું. એક કવિએ સુંદર કહ્યું છે—

શબ્દમાં સમાય નહીં એવો તું મહાન
કેમ કરી ગાઉં પ્રભુ તારા ગુણ ગાન...
ગજું નથી મારૂં એવું કહે આ જુબાન
કેમ કરી ગાઉં પ્રભુ તારા ગુણગાન ..
હો...પુરૂં તો પુરાય નહીં કલ્પનાના રંગો
હારી જાય બધા મારા તર્કના તરંગો
અટકીને ઊભું રહે મારૂં અનુમાન...કેમ કરી

પ્રભુ અર્થાત્ આપણો જ આત્મપ્રભુ ! તેનું સ્વરૂપ શબ્દો દ્વારા કથી શકાય નહી. કલ્પનાના રંગો, તર્કના તરંગો કે કોઇ અનુમાનો ત્યાં કામ ન આવે, એવો અનંત છે મહિમા તેનો. આવા અનંત મહિમાવાન સ્વરૂપને શ્રી ગુરુ યથાશક્તિ વર્ણવે છે કારણ તેઓએ આ સ્વરૂપનો આંશિક અનુભવ કર્યો છે, વળી તેઓનાં અંતરમાં શિષ્યનું હિત વસ્યું છે. શિષ્ય નિજ આત્માના મહાત્મ્યને ઓળખી, આત્માને પામવાનો પુરુષાર્થ કરે, નિજાનુભૂતિને પામે એ ધ્યેયથી ગુરુદેવ ફરમાવે છે.

**શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;**
**બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ...૧૧૭....**

હે વત્સ ! એક અપૂર્ણ વ્યક્તિ, પૂર્ણ આત્મદેવને જે રીતે વર્ણવી શકે, તેના સ્વરૂપને વાણી દ્વારા જેટલું પ્રગટ કરી શકે તેટલું કરવા મેં પ્રયાસ કર્યો. મારી વાણીની મર્યાદા અહીં પૂરી થાય છે. આથી વિશેષ કહેવાનું સામર્થ્ય છદ્મસ્થ જીવમાં ક્યાંથી હોય? આત્માનાં અલૌકિક સ્વરૂપને માત્ર આટલાં શબ્દોથી કહીને અટકું છું. તે શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન સ્વરૂપ, સ્વયંપ્રકાશક અને અનંતસુખનાં ધામરૂપ છે.

આત્મા 'શુદ્ધ' છે. આત્માનાં મૂળ સ્વરૂપમાં અશુદ્ધિ નથી. પર્યાય દૃષ્ટિએ વિચારતા, કર્મનાં અનાદિ સંબંધનાં કારણે, પુદ્ગલનાં સ્પર્શવાળો, તેનાં નિમિત્તે થતી દેવ, નારક, મનુષ્યાદિ ગતિરૂપ છે, એ ગતિનાં આશ્રયે જાતિ, ઇન્દ્રિય, સ્થિતિ આદિ રૂપ છે. અર્થાત્ શરીરાદિની પર્યાયો તે આત્માની સ્વ–પર્યાય નથી. તેથી એ પર્યાયમાં અશુદ્ધિ છે. વળી જીવ કર્મનાં નિમિત્તે થતાં રાગાદિનાં પરિણામવાળો છે. રાગાદિ છે ત્યાં મલિનતા છે. મલિનતા એ જીવનો સ્વભાવ નથી વળી તે નાશ થવાનાં સ્વભાવવાળી છે. પર્યાયો કદી સ્થિર રહે નહીં, એ નાશવાન જ હોય. તેમાંય વૈભાવિક પર્યાયો તો આત્માથી અત્યંત ભિન્ન છે. એ પર્યાયો જેનાં કારણે છે તે કર્મ પણ આત્માથી ભિન્ન છે. તો પર્યાયો આત્માની ક્યાંથી હોઈ શકે ? આમ સમગ્ર રીતે જોતાં આત્માનું વૈભાવિક પર્યાયોનું રૂપ તે અશુદ્ધ છે,

જે પદાર્થ સ્વભાવથી અત્યંત શુદ્ધ હોય તે અન્ય પદાર્થ સાથે લાંબા સમય સુધી રહે તો પણ તેનાં પોતાનાં મૂળભૂત સ્વરૂપમાં ફેરફાર થાય નહીં.

બાહ્ય દષ્ટિએ જોતાં પદાર્થ બદલાઈ ગયેલો લાગે, પણ તેનાં મૌલિક સ્વરૂપમાં અંતર આવે નહીં. જેમકે–જળ. જળ પોતાનાં મૂળ સ્વરૂપમાં નિર્મળ જ હોય. તેમાં અન્ય પદાર્થો ભળીને કદાચ જળને મલિન બનાવે પણ મલિન થયેલા જળને પ્રયોગ દ્વારા વળી શુદ્ધ બનાવી શકાય. તેની નિર્મળતા ફરી જોવા મળે.

એ જ રીતે શુદ્ધ આત્મદ્રવ્ય, અનંતકાળથી પુદ્‌ગલ સાથે એક પ્રદેશાવગાહી છે. અર્થાત્ આત્મા જેટલા અને જે આકાશ–પ્રદેશને અવગાહીને રહ્યો છે એટલા અને એ જ આકાશ પ્રદેશોને અવગાહી દેહ તથા કર્માદિ પુદ્‌ગલો રહ્યાં છે. અનાદિનો આ સંબંધ હોવા છતાં પણ આત્મા, આત્મા મટીને પુદ્‌ગલરૂપ બન્યો નથી અને પુદ્‌ગલ પણ પુદ્‌ગલ મટીને આત્મારૂપ બન્યા નથી. દ્રવ્યનો આ સ્વભાવ છે. આત્મ દ્રવ્યનાં પોતાનાં સ્વરૂપમાં અત્યંત નિર્મળતા છે.તેથી જ રાગાદિનાં પરિણામે ગમે તેટલો મલિન દેખાતો આત્મા પણ પ્રયોગથી અત્યંત નિર્મળ બની શકે છે.

ગુરુદેવ કહે છે હે શિષ્ય ! તું ચેતન દ્રવ્ય છે. માટે તું અત્યન્ત શુદ્ધ છે, એમ શ્રદ્ધા કર.

આત્મા 'બુદ્ધ' છે. બોધ સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ છે, સર્વજ્ઞતા એ જીવનો સ્વભાવ છે. જગતનાં સમસ્ત જ્ઞેયોને અક્રમથી એક સાથે જાણે એવી યોગ્યતાવાળો છે. આ જ્ઞાન સ્વાધીન છે. પરાધીન નથી. જીવને જ્ઞાન થવામાં શેનીય અપેક્ષા નથી. પોતે જ્ઞાનરૂપ છે અને જ્ઞાનરૂપ પરિણમે છે. વાસ્તવમાં તો જીવ માત્ર જ્ઞાન સ્વભાવમાં જ હોય. જ્ઞેયો આવીને તેમાં ઝળકે. જ્ઞાનને જ્ઞેય પાસે જવું ન પડે. પણ કર્માધીન જીવ સ્વાધીન રહ્યો નહીં તેથી સંપૂર્ણ જ્ઞાની હોવા છતાં, એક સાથે અનંત પદાર્થોનાં દ્રવ્ય, ગુણ–પર્યાયને જાણવાની યોગ્યતાવાળો હોવા છતાં, જ્ઞાન કરવા માટે ઇન્દ્રિયો અને મનનો સહારો લેવો પડે છે. સીમિત શક્તિ વડે, જ્ઞાન કરવું પડે છે. તેથી તેનાં જ્ઞાનની સીમા બંધાઇ ગઈ હોય તેવું પ્રતિભાસે છે. પણ વાસ્તવમાં અનંતજ્ઞાનનો ધારક છે. આત્માનું જ્ઞાન પૂર્ણ અને પવિત્ર છે.

આ અનંતજ્ઞાન કદી ઓછું થાય નહીં આત્માના અસંખ્ય પ્રદેશ અને એક–એક પ્રદેશે અનંતજ્ઞાન. આ અનંતનો સરવાળો પણ અનંત. એવા અનંતમાંથી અનંતને બાદ કરો તો પણ અનંત. એવા અનંત જ્ઞાનનો ધણી આત્મા બુદ્ધ છે.

આત્મા 'ચૈતન્ય ઘન' છે. ચૈતન્ય એ આત્માનો અસાધારણ ગુણ છે. આ ગુણથી જ આત્મા સર્વ જડથી જુદો પ્રતિભાસે છે. જીવ સિવાય ચૈતન્ય કયાંય નથી. આત્માના એકે–એક પ્રદેશમાં ચૈતન્ય છે માટે તે ઘન સ્વરૂપી છે. ચૈતન્યનો પીંડ છે.

તે શરીર વ્યાપી છે. સમસ્ત શરીરમાં વ્યાપીને રહે છે. આત્માનો સ્વભાવ સંકોચ–વિસ્તારવાળો છે. જેવડું શરીર ધારણ કરે એવડા શરીરમાં એ સમાઈ જાય. હાથી જેવડું વિશાળ શરીર હોય તો તેમાં વ્યાપીને રહે અને કીડી જેવડું લઘુ શરીર હોય તો તેમાં વ્યાપીને રહે. એટલું જ નહીં આત્માનાં ચૈતન્ય એવા અસંખ્ય પ્રદેશ કદી છૂટા પડે નહીં. એક–બીજાથી અલગ થઇ ક્યાંય ચાલ્યા જાય નહીં. કોઇ કારણે ફેલાયા હોય તો પણ તેની લિંક તો બની જ રહે.

ગરોળીની કપાયેલી પૂંછડીને તરફડતા જોઇ હશે. કોઈ કારણે પૂંછડી કપાઈ ગઈ. ગરોળી આગળ ચાલીને જરા દૂર તરફડે છે. અહીં પૂંછડી તરફડે છે. તેમાં પણ આત્માનાં પ્રદેશ છે તે પ્રદેશોની લીંક ગરોળીનાં શરીરમાં રહેલ આત્મ–પ્રદેશ સાથે જોડાયેલી છે. તેથી પૂંછડીમાં રહેલા આત્મપ્રદેશ ખેંચાઇને શરીરમાં પ્રવેશી જાય પછી પૂંછડી નિર્જીવ બની જાય, શાંત થઇ જાય. આમ કપાયેલા અંગમાં રહેલ આત્મપ્રદેશો શરીરમાં પ્રવેશી જાય. પણ જુદાં ન રહે, તેનાં ટૂકડા ન થાય. તેનો નાશ ન થાય.

કોઈ માણસને પક્ષઘાત થાય. ત્યારે પણ એટલા ભાગમાંથી આત્મ–પ્રદેશો સંકોચાઇને શરીરનાં અન્ય ભાગમાં સમાઇ જાય પણ જેટલા ભાગમાં પક્ષઘાત થયો હોય એટલા ભાગનાં આત્મ–પ્રદેશ નાશ ન પામે.

શાસ્ત્રોમાં સમુદ્દ્ઘાતની વાત આવે છે. કેવળી પરમાત્મા આયુષ્યનાં અંતે અન્ય અઘાતિ કર્મોને ખપાવવા માટે સમુદ્દ્ઘાત કરે ત્યારે શરીરમાં રહેલ

અસંખ્ય આત્મ-પ્રદેશને આખા લોકમાં ફેલાવી દે. લોકનાં એક-એક આકાશ -પ્રદેશ પર એક-એક આત્મપ્રદેશને સ્થાપી દે. આખા લોકમાં ફેલાયેલા આત્મપ્રદેશોને સમેટી લઈ ફરી શરીર પ્રમાણ બનાવી દે. આમ કરવામાં એક પણ આત્મપ્રદેશ ખંડિત ન થાય, ઓછો ન થાય. અલગ પડી ન જાય. પણ હંમેશા સાથે જ રહે. એ સર્વ આત્મ-પ્રદેશ ચૈતન્યરૂપ છે. ક્યાંય અચેતનતાનો અંશ નથી, એટલું જ નહીં. આત્મા જ્યારે મુક્ત થઇ જાય છે ત્યારે પણ એ ચૈતન્યઘન છે. અંતિમ દેહમાંથી નીકળે ત્યારે આત્મ-પ્રદેશને સંકોચી લઈને એ દેહનાં પ્રમાણનાં ૧/૩ ભાગને છોડી દઈ ૨/૩ ભાગમાં સમાઈ જાય. સર્વ આમ-પ્રદેશો સઘન અવસ્થામાં એટલા પ્રમાણમાં રહી જાય. આદિ-અનંત કાળ સુધી એ જ દશામાં રહે. માટે જ આત્મા 'ચૈતન્ય ઘન' છે.

આત્મા 'સ્વયં જ્યોતિ' છે. જે સ્વ-પ્રકાશિત છે. જેને પ્રકાશવા માટે અન્ય પ્રકાશનાં આધારની જરૂર નથી તે સ્વયં જ્યોતિ ! આત્મા અનંત જ્ઞાનવાન છે તેથી તે પોતે પોતામાં, પોતાથી, પોતા માટે, પોતાને પ્રકાશે છે. આત્માને જાણવા માટે, બહારનાં કોઇ પ્રકાશની આવશ્યકતા નથી. તે સ્વયં પ્રકાશિત છે અને અન્ય પદાર્થોને જાણવાનાં સામર્થ્યવાળો છે. જેમકે સૂર્ય. સૂર્યોદય થયો છે કે નહીં એ જાણવા માટે દીવો લઈને જોવું પડતું નથી. પણ સૂર્ય પોતે જ પ્રકાશી ઉઠે છે. તેની જાણકારી ઘરનાં ખૂણે બેઠાં પણ થઇ જાય છે. સૂર્ય આખાયે વિશ્વને પ્રકાશિત કરે છે. સૂર્ય ઉગ્યા પછી ગમે તેટલી મોટી ફ્લેશ-લાઇટો પણ નકામી. વળી સૂર્યમાં પ્રકાશ ભરવા માટે તેને પ્રકાશિત કરવા માટે પણ કોઇ દીવેલ કે વાટની જરૂર નથી. કોઈ બેટરી કે ઇલેક્ટ્રીકસિટીની જરૂર નથી. તે સ્વયં પ્રકાશિત છે. આત્મા પણ અનંતજ્ઞાન વડે પોતે પોતાને પ્રકાશિત કરે છે. અને લોકાલોકને પણ જાણે છે. આત્માની જ્ઞાન જ્યોતિ સ્વયં પ્રગટ છે. તેને પ્રગટાવવી પડતી નથી. માટે તે સ્વયં-જ્યોતિ છે.

આત્મા 'સુખધામ' છે. આત્મા પોતે જ અવ્યાબાધ, અનંત સુખનો સ્વામી છે. સુખ એ આત્માનો સ્વભાવ છે કારણ વીતરાગતા એ પણ

આત્માનો સ્વભાવ છે. વીતરાગતા હોય ત્યાં જ સુખ હોય. દુઃખનાં જેટલા વિકલ્પો છે તે સર્વ રાગાદિમાંથી ઉત્પન્ન થાય છે. જ્યાં રાગાદિ છે ત્યાં વ્યાકૂળતા છે અને વ્યાકૂળતા છે ત્યાં દુઃખ છે માટે જ રાગ રહિત દશામાં જ સુખ છે.

તેમજ ઇન્દ્રિયજનિત સુખ ને આજ સુધી સુખ માન્યાં પણ ખરેખર તેમાં સુખ હોય નહીં. વિષયોને મોહભાવે ગ્રહણ કરનાર રાગાદિની જ વૃત્તિ છે. જેની સાથે રાગ–દ્વેષ જોડાયેલા છે. તે સમસ્ત સુખો, સુખ નહીં પણ પરિણામે દુઃખ જ છે. માટે જ અતીન્દ્રિય સુખ જ સુખ છે. જેમાં કોઈ પ્રકારનાં બાહ્ય નિમિત્તોની અપેક્ષા નથી. તે અત્યંત સ્વાધીન સુખ છે. આત્માનાં નિજ શુદ્ધ સ્વભાવમાંથી જ પ્રગટ થયેલ આત્માની શુદ્ધ પરિણામ ધારારૂપ છે. તેથી જ આત્મિક સુખને નિજાનંદ કહ્યો. જેણે સ્વાનુભૂતિ કરી છે તેવા મહાત્માઓને જ આ સુખનો અનુભવ થાય છે. ત્યારે જ એ જાણે છે કે આત્માનાં એકે–એક પ્રદેશે અનંત સુખ પડયું છે. અસંખ્ય પ્રદેશે અનંત સુખ પડયું છે. આખો યે આત્મા સર્વ પ્રકારે સુખ–સુખથી જ ભર્યો છે. તેથી જ આત્મા સુખધામ છે.

આમ આત્માનાં એકે–એક પ્રદેશે એક સાથે અનંત શુદ્ધતા, અનંત જ્ઞાન, અનંત ચૈતન્ય, અનંત પ્રકાશકતા તથા અનંત સુખ એક સાથે, એક સમયે પ્રગટરૂપ છે.

ગુરુદેવ ફરમાવે છે, હે શિષ્ય ! આવો અચિંત્ય મહિમા છે આત્મદેવનો! મારી શક્તિની સીમા આવી જાય છે. એ અસીમનું વર્ણન કરવામાં ! વધુ તને શું કહું ? જે કંઇ, જેટલું કથી શકાય તે સર્વ કહ્યું. બસ હવે તો **'કર વિચાર તો પામ'** તારી આત્મિક શુદ્ધ પરિણામધારાને જાગૃત કરી લે. તને જેવું આત્માનું સ્વરૂપ બતાવ્યું તેમાં ચિંતન સાથે ઊંડો ઉતર. તારા અંતરંગમાં દિવ્ય વિચારોને જગાવ.

ચિંતન શકિત એક–અલૌકિક શકિત છે. એ શકિત વડે આત્માનાં ગહન તલ સુધી પ્રવેશ પામી શકાય છે. આત્માની અનંતજ્ઞાન શકિતને Touch કરી, તેને જગાડી શકાય છે. અને પોતે પોતાનાં જ્ઞાનમાં પોતાને

અનુભવી શકાય છે. તારામાં રહેલ સિદ્ધત્વને પ્રગટાવવાનો પણ એ જ ઉપાય છે. માટે જ ચિત્તને નિર્મળ કરી, શુદ્ધ પરિણામધારા ને જગાડી દે.

હે દેવાનુપ્રિય! મેં તો માત્ર તને કહ્યું. મારૂં કાર્ય માત્ર અંગુલી-નિર્દેશ કરવાનું છે. ચિત્તથી ચિંતન કરી, આત્માના આનંદને પામવાનો પુરુષાર્થ તારે કરવાનો છે. તારા પુરુષાર્થને હું કરી આપું તે બની શકે નહી. અનંત તીર્થંકરો પણ કેવળમાર્ગ પ્રરૂપી ગયા. એ માર્ગે પ્રયાણ કરવા પગ તારે જ ઉપાડવાનો છે.

બસ, મારૂં અંતઃકરણ ઊંડે ઊંડેથી તારા પ્રતિ આશિષ વરસાવી રહ્યું છે તારા ઉપાદાન ને તૈયાર કરી લે. તો સર્વ નિમિત્તો સહાયક થઈ તારા આત્મદેવ ને રીઝવી લેશે. સાદિ–અનંત એવા સુખને પ્રાપ્ત કર.....

વધુ અવસરે—

## ...સહજ સમાધિ માંય!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના 'અનંત સુખ ધામ' એવા પરમ શુદ્ધ આત્માનાં સુખસ્વભાવની પ્રાપ્તિ કરાવે છે. પૂર્ણ સુખની પ્રાપ્તિની ઝંખના સેવતો વિભુ આત્મા, સંપૂર્ણતાને પામી જાય છે. પોતે પણ સંપૂર્ણ, જ્ઞાન પણ સંપૂર્ણ, સુખ પણ સંપૂર્ણ. જ્યાં કોઈ પણ પ્રકારની અપૂર્ણતાને અવકાશ નથી એવા સ્વાધીન સુખને આત્મ પ્રાપ્ત કરે છે—

આત્માથી આત્મામાં વેદાતુ સુખ તે સ્વાધીન સુખ છે, તેને અન્ય આલંબનોની આવશ્યકતા નથી. જ્યારે ઇન્દ્રિયજન્ય કે મનોજન્ય સુખને વિષયોની આવશ્યકતા છે. જે વિષયોનો ભોગ કરી લીધો તેની સ્મૃતિથી, વર્તમાને જે વિષયોનો ભોગ કરી રહ્યો છે તેનાં અનુભવથી અને જે ભોગ કરવાના છે તેની કલ્પનાથી જીવ સુખ માનતો હોય, અર્થાત્ સુખ સાપેક્ષ થયું. પણ આત્મામાં પડેલા પોતાનાં અનંત આનંદને વેદવો. તે નિરપેક્ષ, નિરાલંબન સુખ છે.

અંતે તો જીવનું પ્રાપ્તવ્ય આ જ છે. સંપૂર્ણ સુખની શાશ્વત પ્રાપ્તિ માટે જ જીવનો પુરુષાર્થ થતો હોય છે. અહીં 'આત્મા છે.' આદિ છ પદોની આટલી વિશદ ચર્ચા જિજ્ઞાસુ શિષ્યની શંકા અને અનુભવી ગુરુએ આપેલ સમાધાન, એ બધાંનો સાર છે જીવનાં ચરમ અને પરમ ધ્યેયની ઉપલબ્ધિ.

સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર પરમાત્માએ આગમોમાં પ્રરૂપેલા ભાવોને, જેમ ચાર અનુયોગોમાં ગૌતમાદિ ગણધરોએ વિભાજીત કર્યાં છે, તેમ

શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ચારેય અનુયોગોને આવરી લીધા છે.

૧ **દ્રવ્યાનુયોગ** :- 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' આ નામ જ દ્રવ્યાનુયોગનું દ્યોતક છે. નામ પરથી જ પ્રતીતિ થાય છે કે આત્માના વિષયમાં અહીં ચર્ચા કરવામાં આવી છે. જ્યાં ચેતનની ચર્ચા હોય, ત્યાં જડ તો હોય જ. જે પદાર્થની મુખ્યતાએ કરી વર્ણન થતું હોય, તેની સામે ગૌણતાએ તેનાથી વિરોધી બીજો પદાર્થ હોય જ. ચેતન અને જડ આ બે પદાર્થોમાં લોકનાં બધાં જ પદાર્થો સમાઈ જાય. શાસ્ત્રનો પ્રારંભ થાય છે **'જે સ્વરૂપ સમજ્યા વિના....'**..જે અર્થાત્ આત્મા, પ્રથમ ચેતન દ્રવ્યની ચર્ચાથી શરૂઆત કરી.

**'આત્મા છે તે નિત્ય છે...'** આદિ કહી આત્મા અને જડ કર્મોનો સંબંધ તેનું પરિણમન, વ્યવહારનય તથા નિશ્ચયનયની પરસ્પર સાપેક્ષતા જડથી છૂટવાપણું અને સંપૂર્ણ, શુદ્ધ, અવિનાશી ચૈતન્યનો આવિર્ભાવ. આદિ છ પદની સિદ્ધિ, તે શુદ્ધ દ્રવ્યાનુયોગનું કથન થયું.

૨. **ધર્મકથાનુયોગ** : પ્રથમ દૃષ્ટિએ જોતાં, આ શાસ્ત્રમાં કોઈ કથા કહેવામાં આવી હોય તેમ લાગતું નથી. પણ શ્રીમદ્જી એ **'ગુરૂ શિષ્ય સંવાદથી ભાંખુ ષટ્પદ આંહી'** એમ કહી અનુભવી ગુરુ અને જિજ્ઞાસુ શિષ્યનો સંવાદ કરાવી, શાસ્ત્રમાં રોચકતા ઊભી કરી છે. શિષ્યની પ્રથમ શંકા અને ગુરુદેવે આપેલ પ્રથમ સમાધાન સાંભળતાની સાથે ગુરુ અને શિષ્ય બંને પ્રત્યે શ્રોતાને અહોભાવ જાગે છે સાથે હવે પછીની શંકા શું હશે અને તેનું સમાધાન કેવું હશે તે જાણવાની પ્રબળ જિજ્ઞાસા જાગે છે.

સાથે જ સુપાત્ર શિષ્યની જિજ્ઞાસા, તાલાવેલી, વિનય, સમર્પણતા, જિનવચનોની શ્રદ્ધા, આપ્ત ભક્તિ આદિ ભાવો અને આત્મભાવમાં રમતા ગુરુદેવની કરૂણા, વાત્સલ્ય, હિતભાવના આદિ ભાવો દ્વારા ગુરુ-શિષ્યનો મીઠો સંબંધ એક સ-રસ કથાનું તત્ત્વ પુરૂ પાડે છે.

૩. *ગણિતાનુયોગ—ચંચળ મનને સ્થિર* કરવારૂપ ગણિતનો પ્રયોગ પણ શ્રીમદ્જી શાસ્ત્રમાં ચૂકયા નથી. તેઓએ કહ્યું-

**'કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;**
**તેમાં મુખ્યે મોહનીય........'**
**'કર્મ મોહનીય ભેદ બે દર્શન-ચરિત્ર નામ.......'**

**'ષટ પદનાં ષટ પ્રશ્ન તે........'** અનંતનાં આંકથી શરૂ કરી, અલ્પ સંખ્યા સુધી તત્ત્વોની ગણતરી કરાવી, અત્યંત કુશળતાપૂર્વક ગણિતાનુયોગ દર્શાવી દીધો.

**૪. ચરણકરણાનુયોગ** : આચરણ એ જીવનો સ્વપુરુષાર્થ છે. તેનાં પર જ મોક્ષ પ્રાપ્તિ અવલંબે છે. તેથી આચરણ એ બહુ જ મહત્ત્વપૂર્ણ પાસુ છે. આત્મસિદ્ધિ શાસ્ત્રની ભૂમિકામાં તથા મોક્ષઉપાયરૂપ અંતિમ પદની સિદ્ધિ કરતાં શ્રીમદ્જીએ જીવને વિષે કર્તવ્ય શું છે તે અનેક પ્રકારે બતાવ્યું છે. મોક્ષ સાધક પુરુષાર્થનો પ્રારંભ વૈરાગ્યથી થાય તેથી કહ્યું : **'ત્યાગ વિરાગ ન ચિત્તમાં........'** સદ્ગુરુનાં ચરણ-શરણનો સ્વીકાર સાધક જીવ માટે અનિવાર્ય આવશ્યકતા........ **'પ્રત્યક્ષ સદ્ગુરૂ સમ નહીં........' 'ગુરુ રહ્યાં છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.......' 'ત્રણે યોગ એકત્વ થી વર્તે આજ્ઞા ધાર........' '........સદ્ગુરુ વૈદ્ય સુજાણ....'** આત્મિક દશા અને તેની પ્રાપ્તિ માટેનાં ઉપાય.... **"કષાયની ઉપશાંતતા....' 'છૂટે** દેહાધ્**યાસતો....'વર્તે નિજ સ્વભાવનો અનુભવ લક્ષ, પ્રતીત........'સર્વ જીવ છે સિધ્ધ સમ........'** અને અંતે દેહાતીત અવસ્થાવાન જ્ઞાનીનાં ચરણોમાં વંદન.... **'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત........"** આદિ અનેક પ્રકારે ચરણકરણાનુયોગનું વર્ણન કર્યું.

આમ શ્રીમદ્જીએ ચારે અનુયોગોનું સુંદર સંકલન આ શાસ્ત્રમાં આપી, તે-તે યોગ્યતાવાળા જીવોને, યોગ્ય માર્ગ પ્રશસ્ત કર્યો. શિષ્યની શંકાઓનું અદ્ભુત સમાધાન આપ્યા પછી ગુરુદેવ અંતિમ હિત-વચનો કહી સમાધિ ભાવમાં સ્થિર થાય છે.

**નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;**
**ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિ માંય....૧૧૮....**

હે વત્સ! અત્યાર સુધી મેં જે કંઇ કહ્યું તે મારૂં પોતાનું કંઈ નથી કહ્યું. ભૂતકાળમાં થયેલા અનંતજ્ઞાની મહાપુરુષો જે કહી ગયા વર્તમાનમાં જ્ઞાનીઓ જે કહે છે અને ભવિષ્યમાં થનાર અનંત સર્વજ્ઞ પરમાત્માઓ જે કહેશે, તે જ મેં પણ કહ્યું. સર્વે જ્ઞાનીઓ આત્માને પામવા માટે આ જ રાહ બતાવે છે. અન્ય નહીં. આનાથી ઓછું પણ નહીં અધિક પણ નહીં. વિપરીત પણ નહીં. કારણ **'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.'** દ્રવ્ય, ક્ષેત્ર કે કાળનાં પરિવર્તનથી, પરમારથના પંથમાં કોઇ પરિવર્તન આવતું નથી. એ તો જે છે તે જ છે. એ જ રહેશે. તેથી જ ગાથામાં ગુરુદેવ કહે છે. અનંતજ્ઞાનીનો નિશ્ચય આ જ છે. તેમાં કદી ફરક પડતો નથી.

વ્યવહારમાં પણ એમ કહીએ છીએ કે **'સો જ્ઞાનીનો એક મત અને એક અજ્ઞાનીનાં સો મત'** કોઈ પણ ક્ષેત્રે, કોઈ પણ કાળે જેટલા ડાહ્યાં પુરુષો થયાં તે સર્વ નો જીવન વિષે કે વ્યવહાર વિષે કે જીવનનાં મૂલ્યો વિષે, નીતિ કે સદાચાર નાં ધોરણો વિષે અથવા તો સર્વ જન સામાન્ય ને લાગુ પડતાં કોઈ પણ વિષયમાં એક જ મત હોય, અર્થાત્ વ્યષ્ટિ ધર્મો કે સમદૃષ્ટિ ધર્મો વિષે મત–ભેદ ન હોય. પરન્તુ એક અજ્ઞાની માણસનાં એક જ વિષયમાં અનેક અભિપ્રાયો વર્તતા હોય. અત્યારે આમ કહ્યું તો થોડા સમય પછી એ જ વાતને તદ્દન જુદા અર્થમાં કહે. પરંતુ જ્ઞાનીઓનાં મત કદી બદલાય નહીં.

અજ્ઞાની, સ્વાર્થપરાયણ હોય તેથી જેવો સમય તેવી વાત. બંધુઓ ! જેમ તમારા વ્યાપારનાં Field માં જેવો ગ્રાહક એવો વ્યાપાર તમે કરી લો છો, કારણ સ્વાર્થ છે. ત્યાં તમારી જીભને ફરતાં જરા પણ તકલીફ નહીં.

એક વખતની વાત છે. એક ભાઇને ત્યાં તેમનાંકોઈ સંબંધી ઘણા વર્ષ પછી મળવા આવ્યા. બંને બેઠા છે, વાતો ચાલી રહી છે, ત્યાં યજમાનનો નાનો બાબો ત્યાં આવી ચડયો. મહેમાને પ્રેમથી તેને બોલાવ્યો અને પૂછયું : 'બેટા ! તારી ઉંમર કેટલી ?'

બાળક ચાલાક હતો પણ સાથે વાચાળ હતો તેથી કહે—
'અંકલ ! મારી કઈ ઉંમર તમને કહું ?'

મહેમાન વિચારમાં પડયા. આ બાળક શું બોલે છે તે તેઓ સમજ્યા નહીં. એમણે તો આશ્ચર્યથી કહ્યું :

'બેટા ! ઉંમર એટલે ઉંમર! તેમાં વળી કઈ એટલે શું ?'

'જુઓ અંકલ ! મારી ઉંમર ત્રણ જાતની !'

'ત્રણ જાતની ? એ વળી કઇ કઈ?'

'મારા પપ્પાએ કહ્યું છે કે જયારે ટ્રેઇનમાં મુસાફરી કરવાની હોય ત્યારે ઓછી ઉંમર કહેવાની ! સ્કૂલમાં ભણવા બેસાડવાનો હોય ત્યારે વધારે ઉંમર કહેવાની !! અને નહીં તો જેટલી હોય એટલી જ ઉંમર કહેવાની !!! અંકલ ! તમારે કઈ જાણવી છે? કઈ કહું ?''

બંધુઓ! આ છે સ્વાર્થથી ઘેરાયેલા માનવોનાં અનેક મત. તેમાં એકરૂપતા, એકવાકયતા ન સંભવે ! અહીં તો જ્ઞાની પુરુષોની વાત છે. જેઓ તદ્દન નિર્લેપ–નિસ્વાર્થ છે. એવા જ્ઞાની પુરુષો પરમાર્થનો માર્ગ એક સરખો જ બતાવે. હે શિષ્ય ! સર્વ જ્ઞાનીનાં કથેલા સત્ય–તત્ત્વો તારી સામે મેં પ્રસ્તુત કર્યાં !

આટલું કહી ગુરુદેવે મૌન ધારણ કર્યું ! સહજ સમાધિદશામાં મગ્ન થઈ ગયા. બસ! શિષ્ય પ્રત્યે ગુરુને જેટલા ભાવો પ્રગટ કરવાનાં હતાં, નિમિત્તરૂપ બનવાનું હતું તે કાર્ય તેમનું પૂર્ણ થઈ ગયું. તેથી વિરામ લઈ લીધો. અહીં ગુરુદેવ આત્માનુભવી સત્પુરુષ છે. આત્માનાં સ્વરૂપમાં નિમગ્ન થવાની સહજ યોગ્યતા તેઓમાં પ્રગટ છે. તેથી જ્યાં વાણીએ વિરામ લીધો કે તેમનો દેહ પણ સ્થિર થઇ, ત્રણે યોગ આત્મભાવમાં એકાકાર થઈ ગયા. સહજ ભાવે સમાધિમાં લીન થઇ ગયા. કબીરે કહ્યું છે—

**સાધો ! સહજ સમાધિ ભલી.......!**

જીવ એવી દશાને પ્રાપ્ત કરે કે વ્યવહાર દશામાં બેઠો છે. તેથી વ્યાવહારિક કર્તવ્યો બજાવતો હોય પણ એ કાર્યથી નિવૃત્ત થતાં ક્ષણેકમાં સમાધિદશા વર્તતી હોય. એવી દશા તે જીવનું પોતાનું સ્વરૂપ છે. એ દશાને પામી જવું તે જ સાધકની સાધનાની વિકાસદશા છે. ગુરુદેવ આવી સમાધિદશામાં સ્થિર થઇ ગયા.

બંધુઓ ! આ દશા બધાંને જલ્દી પ્રાપ્ત થતી નથી. મને યાદ છે. ગયે વર્ષે અમે તીરૂપુર ચાતુર્માસ હતાં. બહુ જ શાંત એકાંત-સુરમ્ય સ્થાન હતું. સાધના માટે સુયોગ્ય વાતાવરણ હતું. ત્યાં હંમેશા પ્રવચન પછી જેમ અહીં કરાવીએ છીએ તેમ 'હું આત્મા છું' નું ચિંતન કરાવાતું હતું. પ્રવચન પછી મેં ચિંતન કરાવવું ચાલુ કર્યું. વ્યાખ્યાન-ની પાટ પર મારા પરમ શ્રદ્ધેય અધ્યાત્મ યોગિની પૂજ્યા બાપજી બિરાજીત હતાં. તેઓ ધ્યાનમાં સ્થિર થયા. ચિંતન ૧૦ મિનિટ ચાલ્યું. પુરૂં કર્યું પણ પૂજ્યા બાપજી તો સ્થિર જ હતાં. મેં તથા શ્રાવક-શ્રાવિકાઓએ ૧૫ મિનિટ રાહ જોઇ. પૂજ્યા બાપજીનું ધ્યાન પુરૂં થાય પછી પચ્ચક્ખાણ-માંગલિક દઉં. પણ પુરૂં ન થયું તેથી વિધી પૂરી કરી. શ્રાવકો ચાલ્યા ગયા. તે દિવસે કોલ્હાપુરનાં ભાઇઓ દર્શનાર્થે આવ્યા હતાં. સહું શાંતિથી ચૂપ-ચાપ બેસી રહ્યાં. ગામનાં ભાઇઓ ફરી આવ્યા. પૂજ્યા બાપજીનાં દર્શન ર્ક્યા, અને ગયા. પછી લગભગ એક કલાકે ધ્યાન પુરૂં કર્યું. તેઓને ખબર પણ ન હતી કે માંગલિક વગેરે થઇ ગયું અને લોકો ગયા. ધ્યાનની પૂર્ણાહુતિએ મુખારવિંદ પર પૂર્ણ પ્રસન્નતા ફેલાઇ રહી હતી.

આવું જ બીજી બે વાર સાંજના પ્રતિક્રમણ પછી થયું ત્યારે પણ એક-દોઢ કલાક સુધી સહજ સમાધિની દશામાં પૂજ્યા બાપજી હતાં. આવી સમાધિદશા તેઓને સહજ પ્રાપ્ત છે. ઘણીયેવાર ધ્યાનમાં સહજ ચાલ્યા જાય. બંધુઓ ! આવી સમાધિ એ બહારની ચીજ નથી.

આત્માની વધતી જતી વિશુદ્ધદશાની નિશાની છે. અંતરંગ સાધના કરનાર સાધકને આ સ્થિતિની પ્રાપ્તિ થાય છે.

અહીં શ્રીમદ્જી એ જ ફરમાવે છે કે શિષ્યનાં મનનાં સર્વ સંશયોને છેદી ગુરુદેવ પ્રસન્ન મુદ્રા સાથે આત્માનાં અપૂર્વ ભાવોલ્લાસ સાથે નિજમાં સ્થિર થઈ ગયા.

શિષ્યનાં અંતરમાં રહેલી અંતિમ શંકા પણ શાંત થઈ ગઈ. યથાર્થ સમાધાન મળતાં તેનું અંતર ભાવોથી ભરાઈ ગયું છે. સૌથી મહત્ત્વપૂર્ણ સંદેશ ગુરુદેવ પાસેથી પામવાનો હતો તે પામી ગયો. તેથી તેનાં મુખમાંથી ઉદ્ગાર સરી પડે છે—

છઠ્ઠું પદ તે મોક્ષ ઉપાય છે.
સહુનો છે સરખો અધિકાર... (૨)
રાગ–દ્વેષ અજ્ઞાન બંધન તોડતાં
ઉઘડે છે મોક્ષનાં દ્વાર...મારી...
આરાધક ભાવ એ આત્માનો ભાવ છે
ગુરૂ કૃપાએ પમાય... (૨)
'લલિત' ગુરૂની અસીમ આશિષથી
સંસાર સાગર તરાય... મારી

શિષ્યનું અંતઃકરણ પરમસંતોષ અનુભવી રહ્યું છે. એ હવે નિઃશંક બન્યો છે. ગુરુદેવનાં ઉપકારનું સ્મરણ કરી રહ્યો છે. અને સહસા તેની દૃષ્ટિ ગુરુદેવ પર પડે છે. અને તેનું અંતર આહ્લાદ અનુભવે છે. ગુરુદેવની મુખમુદ્રા પરથી સૌમ્યતા ટપકી રહી છે. પરમ શાંત રસ ભર્યા નેત્રો નાસાગ્રે સ્થિત છે. અનુપમ શાંતિ ચારે બાજુ પ્રસરી રહી છે. મુખારવિંદ–ની ચારે બાજુ દિવ્ય આભા ફેલાઈ રહી છે. વીતરાગભાવની પારસ પ્રતિમા હોય તેવા ભાવો ગુરુદેવનાં મુખ મંડળ પર ઝળકી રહ્યાં છે. અને શિષ્ય-નાં અંતઃકરણમાં ભક્તિભાવ ઉછળવા માંડયો. આવા ઉલ્લસિત ભાવો

શિષ્યનાં અંતઃકરણના દ્વારો ખોલી નાખે છે. તે અનન્ય શ્રદ્ધા ભાવે ગુરુદેવનાં ચરણકમળમાં ઢળી પડે છે. અંતરનો અંધકાર ઉલેચાવા માંડે છે. આત્મા અને દેહની ભિન્નતાનો પ્રતિભાસ શિષ્ય અનુભવે છે. પરમ શાંત રસધારામાં શિષ્ય પ્લાવિત થઈ રહ્યો છે. તેને બોધિબીજની પ્રાપ્તિ થઈ ચૂકી. થોડો સમય તો સ્તબ્ધ થઈ ગયો. વાચા ફૂટતી નથી. અવાક્ થઈ રહ્યો છે.

ગુરુદેવ સમાધિભાવમાં ધ્યાનસ્થ મુદ્રામાં વિરાજે છે. શિષ્ય અવાક્ થઈ નિજાનુભૂતિનો આનંદ માણી રહ્યો છે. ગુરુદેવની સમાધિ પૂર્ણ થતાં શિષ્ય પોતાનાં અંતરંગમાં અનુભવેલ દશાને ગુરુદેવ સમક્ષ કેવા ઉલ્લસિત ભાવે વર્ણવશે તે અવસરે—

## આત્મ-ચિંતન....

"હું.... આત્મા.... છું.... હું.... આત્મા છું"

સત્.... ચિત્.... આનંદ.... એ મારૂં સ્વરૂપ....

સત્.... એટલે અસ્તિત્વ.... મારૂં... સદાકાળ અસ્તિત્વ છે.... હું.... કદી નાશ પામતો નથી.... નિત્ય..., શાશ્વત, ધ્રુવ...., ચૈતન્ય તત્ત્વ.... હું.... આત્મા.... હું.... શાશ્વત છું...., અવિનાશી છું.... મારો કદી નાશ થાય નહીં...., ત્રણે કાળ....સદા શાશ્વત રહેનાર... શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય... આત્મા..., ભૂતકાળમાં હતો..., વર્તમાનમાં છું...., ભવિષ્યમાં હોઇશ...

હું.... અવિનાશી...., દેહ....વિનાશી....હું ચૈતન્ય...., દેહ જડ...મારો જન્મ નથી..., મારૂં મૃત્યુ નથી.... જન્મે છે... તે શરીર છે..., મરે છે...., તે પણ શરીર છે... દેહથી જુદો હું.... જન્મું નહીં... મરૂં નહીં.... દેહ મારો નથી..., હું દેહનો નથી...., હું... કોઈનો નથી..., કોઈ મારૂં નથી... જગતનો એક પણ પરમાણુ.... મારો થઇ શકે નહીં.... સર્વથી જુદો.... એક..., અખંડ, અવિનાશી...., ચૈતન્ય દ્રવ્ય હું....

ચિત્... યાને ચૈતન્ય.... ચિત્.... યાને જ્ઞાન.... જ્ઞાન.... એ મારો ગુણ.... મારો જ્ઞાનગુણ... ઇંદ્રિય અને મનના સહારે વિશ્વના સમસ્ત પદાર્થને.... જાણે છે...., જુવે છે... એ જ્ઞાનગુણને.... મારામાં સ્થિર કરી... મને ઓળખવો છે...., મને જાણવો છે... જ્ઞાન... એ મારો વિશિષ્ટ ગુણ છે. આત્મા સિવાય...બીજામાં એ ગુણ હોઇ શકે નહીં.... મારી જ્ઞાનશક્તિ મને જાણી શકે....,માણી શકે....,મને ઓળખી શકે....

સત્.... ચિત્... આનંદ....

આનંદ.... એ મારો સ્વભાવ.... આ આત્મામાં એકે-એક પ્રદેશે.... અનંત સુખ.... વિદ્યમાન છે.... મારે મારા.... અનંત સુખનો.... અનુભવ કરવો છે.... મને કોઈ દુઃખી કરી શકે નહીં...., કોઈ વ્યક્તિ....,પદાર્થ....,

કોઈ દુઃખી કરી શકે નહીં... હું દુઃખી થાઉં... તે મારી ભ્રમણા છે..., મારી મિથ્યા માન્યતા છે.... તેમાંથી દૂર નીકળી...., ભ્રમને તોડી...., મારા અનંત સુખને....પામવું છે....,તે માટે... મારામાં ઠરી જાઉં..., મારામાં સ્થિર થઈ જાઉં...., તો મને પામી શકું છું.... થોડી ક્ષણો.... વધુ... એકાગ્ર... થઈ.... વધુ ઊંડાણમાં... જઈ.... નિજનું ચિંતન....

"હું.... આત્મા... છું" "હું.... આત્મા... છું"....

ૐ........."શાંતિ".... "શાંતિ"..."શાંતિ".

# અંતર આરાધના

છ–છ પદોથી મારી અંતર આરાધના
શાશ્વત સિદ્ધિને પમા....ય
એવી અંતર આરાધના...

પહેલું પદ તે મારો આત્મદેવ સત્ છે
સત્ ચિત્ આનંદ સ્વરૂપ....(૨)
ચેતનનાં ચમકારે ચોમેર વ્યાપતો...(૨)
જડમાં મળે ન એનું રૂપ....મારી

બીજું પદ તે મારો આત્મા અવિનાશી છે
ધ્રુવ ને શાશ્વત સ્વરૂપ....(૨)
દેહ દેહીની અભેદ ભિન્નતા (૨)
મ્યાનમાં સમશેર રૂપ....મારી

ત્રીજું પદ તે મારો આત્મા જ કર્તા
વ્યવહાર નયને આધીન....(૨)
વ્યવહારે કર્તા કર્મનો જણાય પણ (૨)
નિશ્ચયે સ્વરૂપાધીન....મારી

ચોથું પદ તે મારો આત્મા જ ભોકતા
કીધેલા કર્મોનો ભોગ....(૨)
પોતે કરી ને પોતે જ ભોગવે (૨)
ઈશ્વરનો માને ના યોગ...મારી

પાંચમું પદ તે સહુથી સોહામણું
મોક્ષની પ્રાપ્તિ પમાય....(૨)
પર સંયોગે સંસારે આથડયો (૨)
સ્વભાવે સ્વમાં સમાય...મારી

છઠ્ઠું પદ તે મોક્ષ ઉપાય છે
સહુનો છે સરખો અધિકાર....(૨)
રાગ–દ્વેષ અજ્ઞાન બંધન તોડતા (૨)
ઉઘડે છે મોક્ષનાં દ્વાર...મારી

આરાધક ભાવ એ આત્માનો ભાવ છે
ગુરૂકૃપાએ પમાય....(૨)
'લલિત' ગુની અસીમ આશિષથી (૨)
સંસાર સાગર તરાય....મારી

## ધૂન

સહજે સહજે સહજાનંદ   આતમદૃષ્ટિ પરમાનંદ
છૂટે જો આ વિષયાનંદ   પામે સહેજે પરમાનંદ
પામે જ્યારે પરમાનંદ   છૂટે સહેજે વિષયાનંદ
સહજે સહજે સહજાનંદ   અંતર દૃષ્ટિ પરમાનંદ.